ૐ

नमः श्रीसिद्धेभ्यः

# અધ્યાત્મ સુધા

(ભાગ–૭)

('બહેનશ્રીનાં વચનામૃત' ઉપર પૂજ્ય 'ભાઈશ્રી શશીભાઈ'ના પ્રવચનો)

સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યગ્દર્શન પ્રગટ થાય છે. વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે' એમ દૃઢતા કરી બસ 'દ્રવ્ય તે જ હું' એવા ભાવે પરિણમી જાય છે, બાકી બધું કાઢી નાખે છે.

દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યગ્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી. એને —દ્રવ્યદૃષ્ટિવાળા જીવને —ખબર છે કે અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંતી વિભૂતિ પ્રગટ કરી છે. દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ; છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી. તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી, બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે. કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિસ્પૃહ ભાવે જ દૃષ્ટિ પ્રગટ થાય છે. ૨૧૬.

## તા. ૧૩-૧૧-૧૯૮૭, વચનામૃત-૨૧૬
## પ્રવચન નં. ૧૭૪

'બહેનશ્રીના વચનામૃત'. પાનું ૭૪. ૨૧૬. ૨૧૬ જ છે ને ? દ્રવ્યદૃષ્ટિનો એટલે સમ્યક્દર્શનનો વિષય છે. પ્રથમ જ કોને શું થાય છે ? ત્યાંથી શરૂ કર્યું છે. કે **'સંસારથી ખરેખરા થાકેલાને જ સમ્યક્દર્શન પ્રગટ થાય છે.'** સંસારથી થાકેલો એટલે પ્રતિકૂળતાથી થાકેલો એમ નહિ. સંસારથી થકેલો એટલે જન્મ-મરણથી થાકેલો. જેને જન્મ-મરણનો ત્રાસ થયો છે. સંસારમાં પ્રતિકૂળતાથી તો સર્વ જીવો કાયર છે. બધા જ જીવો પ્રતિકૂળતાને ઇચ્છતા નથી. પણ એ કાંઈ સંસારને, સંસારથી થાકેલા ન કહેવાય. પરિભ્રમણનો જેને થાક હોય, જેને શાશ્વત સ્વરૂપ, જે સ્વભાવે ને જે સ્વરૂપે છે એમ જ રહી જવું છે, અને જન્મ-મરણ જોઈતા નથી એને જ સમ્યક્દર્શન પ્રગટ થાય છે. એ સિવાય સમ્યક્દર્શન પ્રગટ થતું નથી. આ સમ્યક્દર્શન પ્રાપ્ત કરનારની પૂર્વ શરત છે. જે કાંઈ આ વિષયમાં તપાસવા જેવું છે, તપાસવામાં વિચાર આવી જાય છે. વિચારમાં કદાચ તપાસવું નથી આવતું. એટલે તપાસવા જેવું એ છે કે જન્મ-મરણનો ત્રાસ વર્તે છે કે નથી વર્તતો ?

મુમુક્ષુ :– તપાસમાં વિચાર આવે છે, વિચારમાં તપાસ નથી આવતી.

પૂજ્ય ભાઈશ્રી :– વિચારમાં આવે છે તપાસ ? નથી આવતી ને ? તપાસમાં તો વિચાર આવી જ જાય. એટલે વિચારવા યોગ્ય છે એમ નહિ, પણ તપાસ કરવા યોગ્ય છે કે જન્મ-મરણનો ત્રાસ વર્તે છે કે નહિ ? જો જન્મ-મરણનો ત્રાસ ન વર્તતો હોય તો સમ્યક્દર્શનને યોગ્ય ભૂમિકા નથી. (જ્યાં) ભૂમિકા જ નથી ત્યાં સમ્યક્દર્શન પ્રાપ્ત થાય એ પ્રશ્ન રહેતો નથી. એ તો આપોઆપ જ સમાપ્ત થાય છે. જે જીવો

સંસારમાં સંયોગ પાછળની દોડમાં છે એને તો જન્મ-મરણનો વિષય વિચારમાં પણ નથી આવતો કે, આ જન્મ-મરણ મટાડવા જોઈએ. એને તો ચાલતા સંયોગોની પ્રતિકૂળતાઓ મટાડવી જોઈએ, અનુકૂળતાઓ થવી જોઈએ, હોય તો વૃદ્ધિગત થવી જોઈએ, આટલું જ એનું કાર્ય છે, અથવા આટલું જ એનું ધ્યેય છે. આ ધ્યેય પાછળ એનું કાર્યક્ષેત્ર ગમે તે પ્રકારનું હોય.

પણ જે જીવો તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં વિચાર કરતા થયા છે એને પણ વાંચે, સ્વાધ્યાય કરે ત્યારે વિચાર આવે, બીજા ઉદયના કાર્યોમાં જોડાય ત્યારે એ વિષય વિસ્મૃત થઈ જાય છે, તો એને હજી જન્મ-મરણનો ત્રાસ લાગ્યો છે એ ભૂમિકાની વાત ત્યાં ઉપસ્થિત થઈ છે, ભૂમિકા ઉપસ્થિત થઈ છે એ વાત રહેતી નથી. પણ આ નિયમબદ્ધ વાત છે. 'જ' શબ્દ વાપર્યો છે અહીંયાં. 'થાકેલાને જ', 'જ' શબ્દ વાપર્યો છે. એટલે નિયમબદ્ધ વાત છે કે જો જન્મ-મરણનો ત્રાસ, પરિભ્રમણનો ત્રાસ ન લાગ્યો હોય અને એ જન્મ-મરણ નાશ કર્યે જ છૂટકો છે, કરવું જ જોઈએ પાછળ પડવાની વૃત્તિ ઊભી ન થઈ હોય તો સમ્યક્દર્શન થવાનો પ્રશ્ન રહેતો નથી. એ નિયમબદ્ધ વાત છે. હવે આ જ ભૂમિકાની એક બીજી વાત લ્યે છે. આ તો એકલી નાસ્તિથી વાત લીધી. હવે એમાં અસ્તિ શું છે ?

કે **'વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે'...'** આ સમ્યક્ સન્મુખ જીવની વાત લીધી છે કે, જેને વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં એટલે જ્ઞાનમાં આવ્યો છે, ભાવભાસનમાં આવ્યો છે, વસ્તુ જેવી મહાન છે, સર્વોત્કૃષ્ટ મહાન છે એવી જ જ્ઞાનમાં, ખ્યાલમાં અથવા ભાવમાં ભાસી છે અને બરાબર મહિમા આવ્યો છે. એવી સ્થિતિમાં તો તે જીવ અવશ્ય સંસારથી થાકે થાકે ને થાકે જ. એ સંસારથી એટલો બધો થાકી જાય છે. આમ તો પૂર્વ ભૂમિકામાં કેટલોક વિષય તો એવો છે કે, જેને ભલે હજી ખ્યાલમાં વસ્તુ આવીને મહિમા ન આવ્યો હોય પણ આત્મકાર્ય કરવું છે એવું જોર આવે, કે મારે મારું હીત કરી લેવું છે એવું જોર આવે, એને પણ ઉદયના કાર્યો બોજા સમાન લાગે. એક બોજો ઉપાડવા જેવું લાગે છે. એવી સ્થિતિ તો આત્માર્થીની ભૂમિકામાં પણ આવી જ જાય છે. જે જગતના કાર્યોમાં જગતના જીવોને હોંશ વર્તે છે, ઉત્સાહ આવે છે, રસ પડે છે અને હોંશે હોંશે જે

કાર્યો કરે છે એ તો (મુમુક્ષુની) ભૂમિકામાં જ એને બોજો લાગે છે. સન્મુખ થયો હોય એ તો એટલો બધો થાકી જાય છે એને માટે તો જરા વિશેષણ વાપર્યું છે. પેલાને તો થાક લાગે છે, બોજો લાગે છે; પણ આને તો એટલો બધો થાક લાગે છે, એટલો બધો બોજો લાગે છે કે, જેને અસહ્ય કહેવામાં આવે છે. મારાથી તો સહન નહિ થાય. આટલો કામનો, ઉદયના કાર્યોનો બોજો મારાથી સહન નહિ થાય. એને એ સ્થિતિ આવે છે. એટલે, કેમકે વસ્તુ છે જેનો મહિમા આવ્યો છે એ તો નિરુપાધિક વસ્તુ છે. સંપૂર્ણ નિરુપાધિક વસ્તુ છે, પરિપૂર્ણ નિરુપાધિક વસ્તુ છે. એક વિકલ્પ પણ એના ઉપર બોજો છે, જેમ રૂનો પોલ હોય એના ઉપર કાંકરો નાખો તોપણ નીચે બેસી જાય, એવો આત્મા નિરુપાધિક સ્વરૂપ છે. કોઈપણ બાહ્ય કાર્ય કરવું, જ્ઞાતા-દૃષ્ટા એવા આત્માને કોઈપણ બાહ્ય કાર્ય કરવું એ એના ઉપર બોજો છે. એનો એને થાક છે. એ બોજાનો એને થાક છે.

અહીંયાં તો જેને સમ્યક્દર્શન થાય છે, જે સમ્યક્દર્શનમાં પરિણમી જાય છે, જેનું પરિણમન સમ્યક્દર્શનરૂપ પરિણમી જાય છે એવા જીવનું વર્ણન ચાલે છે. પણ એવા જીવનું વર્ણન ચાલે છે અને આપણે એ હદે પહોંચ્યા નથી તો આપણને લાગુ પડતું નથી એમ વિચારવા યોગ્ય નથી. એ હદે ન પહોંચ્યા હોય એને પણ એની ભૂમિકા અનુસાર તો બોજો લાગવો જોઈએ, આ તો એટલો બધો થાકી જાય છે. પણ તું એટલો બધો ન થાકે તોપણ થાક તો લાગે છે કે નહિ ઉદયના કાર્યોમાં કે થાક નથી લાગતો ? પછી નાનામાં નાનું કાર્ય હોય કે મોટામાં મોટું કાર્ય હોય, જે કાંઈ છે તે ઉદય સાથેનું જોડાણ છે અને એનો થાક લાગે, એનો બોજો લાગે તો ત્યાંથી ખસવું સહજ થઈ શકે, સહજપણે ખસી શકાય પણ રસથી વળગેલો જીવ હોય, જેના પરિણામ રસથી ચોંટેલા હોય એને તો ત્યાંથી ખસવું મુસીબત છે, એ તો બહુ મોટી મુસીબત છે એને ત્યાંથી ખસવું. એટલે એ રીતે પણ નીચેની ભૂમિકાએ વિચારવા યોગ્ય છે. અથવા જે સ્થિતિ આગળની છે એ સ્થિતિને અનુસરીને નીચેની સ્થિતિ મેળવાળી હોવી જોઈએ તો ઉપરની ભૂમિકાને પ્રાપ્ત થઈ શકાય. વિરુદ્ધ હોય તો કાંઈ એ ભૂમિકાને પ્રાપ્ત થઈ શકાય નહિ.

જેમકે વસ્તુનો મહિમા જેને આવ્યો છે એ તો સંસારથી ખૂબ થાકી ગયો છે, એટલો બધો થાકી ગયો છે કે જે પરિણમી જવાનો છે એને તો તત્ત્વના વિચારનો

વિકલ્પ પણ બોજો લાગે છે. બીજાને તો તત્ત્વના વિચાર હજી ઉદય આડે આવતા નથી, ઉદયના કાર્યોના વિચાર આડે, પણ એને તો તત્ત્વનો વિચાર એ બોજો લાગે છે, ત્યારે એ પરિણમી જાય છે, એમ ને એમ કાંઈ પરિણમતો નથી. તો એ તો એટલો બધો થાકી ગયો છે કે હવે એ વિકલ્પનો બોજો સહન નહિ કરી શકે, વિકલ્પથી ખસી જશે. પણ એટલી હદે ન પહોંચ્યા હોય એને શું ? એમ પ્રશ્ન થાય. કે એને પણ જે ભૂમિકામાં એ પ્રવર્તી રહ્યો છે એ ભૂમિકામાં એને ઓછાવત્તા અંશે સાંસારિક કાર્યોનો, ઉદયના કાર્યોનો એને બોજો લાગવો જોઈએ.

જ્ઞાનીને તો આહાર કરવાનો વિકલ્પ પણ બોજો છે. બોજો છે એમ. બીજાને રસ આવે છે કે, આ દાળ બહુ સારી બની છે, આજે આ શાક બહુ સારું બન્યું છે, ફલાણી એક ચીજ વધારે બનાવી છે એ ખાસ બધાને ગમે છે એટલે સારી બનાવવામાં આવી છે. રસ લેવાનો તો પ્રશ્ન નથી (પરંતુ) બોજો લાગે છે એને, એ પણ ઉદયનું કાર્ય છે. ગમે તે નાનું કામ હોય મોટું કામ હોય (એને બોજો લાગે છે.)

મુમુક્ષુ :– મુનિરાજને અઠ્ઠ્યાવીસ મૂળગુણ બોજો લાગે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એમને તો બોજાની વાત નથી. એ તો એકદમ તળેટીમાં છે કેવળજ્ઞાનની. એમને પંચમહાવ્રતના પરિણામ કરવા છે એ ક્યાં પરિસ્થિતિ છે જ તે. ભરત ચક્રવર્તી વ્યવહારમાં આવ્યા જ નહિ. જો કરવા હોત તો આવ્યા વિના રહેત નહિ. પણ એ તો આત્મામાં ઠરી ગયા તે ઠરી ગયા ! બહાર નીકળ્યા નહિ. એમણે મુનિદશા ગ્રહણ કરી, દીક્ષા અંગીકાર કરી તો એમનું કર્તવ્ય ને ફરજ ખરી કે નહિ વ્યવહાર ચારિત્ર પાળવાનું ? કે જે નિશ્ચયમાં લીન થાય એને વ્યવહારથી મુક્તિ મળે છે. 'બનારસીદાસ'નું પદ હતું કે નહિ ? 'ગુરુદેવ'ના ટેપ પ્રવચનમાં, રાતના પ્રવચનમાં હતું. રાત્રીનું પ્રવચન હતું, પરમદિવસે રાત્રીના પ્રવચનમાં હતું. નિશ્ચય સો લીન વ્યવહાર સો મુકટ હૈ. એ વ્યવહારથી એની મુક્તિ છે. જો કે વ્યવહારના પરિણામના કાળે એને યથાયોગ્ય વ્યવહાર હોય જ છે. પણ એનું એને બંધન નથી. કેમકે એ શુદ્ધિમાં આવ્યો છે. વ્યવહારના પરિણામ અશુદ્ધિના છે. અશુદ્ધિનું બંધન નથી, અશુદ્ધિની મર્યાદા છે. વ્યવહારના પરિણામ એ તો એમ સૂચવે છે કે જે ભૂમિકામાં જે વ્યવહાર હોવો ઘટે તેનાથી વિશેષ અશુદ્ધ પરિણામ થઈને તે ભૂમિકાનો ત્યાગ કરીને વ્યવહારના

પરિણામ જે તે ગુણસ્થાનમાં સાધક ધર્માત્માને થતા નથી, હોઈ શકતા નથી. પણ એનું બંધન છે એમ નથી. મુક્ત છે એનાથી. એટલે ભરત ચક્રવર્તી મુક્ત હતા. પંચમહાવ્રત, સમિતિ, ગુપ્તિ વગેરે કેમ પાળ્યા નહિ ? એ મુક્ત છે એનાથી. અહીંયાં શું કહે છે ?

**'વસ્તુનો મહિમા બરાબર ખ્યાલમાં આવ્યા પછી તે સંસારથી એટલો બધો થાકી જાય છે કે 'મારે કાંઈ જોઈતું જ નથી, એક નિજ આત્મદ્રવ્ય જ જોઈએ છે'...'** અને તે પણ અત્યારે જ જોઈએ છે, એમ. એ વાત એમાં ગર્ભિત છે. એક મારે મારું પરમાત્મ તત્ત્વ જ જોઈએ, એ સિવાય મારે કાંઈ જોઈએ નહિ અને તે પણ અત્યારે ને અત્યારે જ. એમ જ્યાં દઢતા આવે, એટલી દઢતા આવે કે ત્યાં દ્રવ્ય તે જ હું, મારું પરમાત્મ દ્રવ્ય તે જ હું એવું પરિણમન આવે છે. પછી જોઈએ છે એ વાત નીકળી ગઈ. એવો વિકલ્પ તો જ્યાં સુધી પ્રત્યક્ષ અનુભવ નથી ત્યાં સુધી છે. પણ **'તે જ હું એવા ભાવે પરિણમી જાય છે, બાકી બધું કાઢી નાખે છે.'** એટલે બીજું કાંઈ પરિણમનમાં ઉપસ્થિત થતું નથી. નિર્વિકલ્પ સ્વભાવનું નિર્વિકલ્પ વેદન નિર્વિકલ્પ દ્રવ્યનું નિર્વિકલ્પ અનુભવન એ રહી જાય છે, થઈ જાય છે અને એ રહી જાય છે. બસ ! એને સમ્યક્દર્શનની પ્રાપ્ત થઈ એમ કહેવામાં આવે છે. ત્યાં સમ્યક્દર્શનની પ્રાપ્તિ થઈ. પાંચ-છ લીટીમાં સમ્યક્દર્શન થાય છે એની પૂર્વ ભૂમિકા કેવી હોય છે અને થાય છે ? પાંચ-છ લીટીમાં એટલી વાત લઈ લીધી છે.

પ્રશ્ન :–આત્મામાં સુખ રહેલું છે એવો વિશ્વાસ આવે પછી થાક લાગે ને ?

સમાધાન :– હા, પછી તો બધે થાક લાગે, એટલે દુઃખ લાગે છે એટલે થાક લાગે છે. જે કાંઈ વિકલ્પો છે એમાં દુઃખ છે અને દુઃખથી તો થાકે જ જીવ. સીધી વાત છે. સુખ તો, આત્માનો મહિમા પણ સુખ જોવે તો આવે નહિતર ક્યાંથી આવે ? સુખ વગર જીવને કોઈનો મહિમા નથી. જીવને જે કાંઈ મહિમા છે એ સુખ સંબંધિત છે. પછી સ્વદ્રવ્યને વિશે હોય કે પરદ્રવ્યને વિશે હોય. પરિણામ ન લગાવવા હોય તોપણ લાગે જ એનું કારણ પણ કાં સુખ છે ત્યાં અને કાં સુખનો આભાસ છે. આભાસ તો જ્ઞાનીઓ કહે છે પણ એને તો સુખ જ છે. જેના પરિણામ લાગે છે એને તો સુખ જ છે. જ્ઞાની એના બે વિભાગ પાડે છે કે સ્વ સ્વરૂપમાં સુખ છે અને સ્વને છોડતા બીજે ક્યાંય સુખ નથી પણ જીવને સુખનો આભાસ માત્ર છે,

ખોટો ખ્યાલ છે, મિથ્યા કલ્પના છે. એ દ્રવ્યદૃષ્ટિ પ્રાપ્ત થવાની વિધિ પણ એમાં આવી ગઈ.

કેવી રીતે દ્રવ્યદૃષ્ટિનું પરિણમન આવે છે ? કે છેલ્લે કોઈ વિકલ્પ જોઈતો નથી એ પરિસ્થિતિમાં આવે છે. વિકલ્પ છે એ સાધક નથી, પણ અભેદ પરિણમનમાં ભેદ વિકલ્પ છે એ બાધક છે ત્યાં, સાધક નથી. ભૂલથી કોઈ તત્ત્વજ્ઞાનના વિચારમાં વિશેષ મંદ કષાયમાં આવે છે ત્યારે એને એવી ભૂલ થાય છે કે આજ મને બહુ સારા વિચારો આવ્યા, બહુ સારા ભાવ આવ્યા અને આમ કરતાં કરતાં હું પામી જઈશ. તો એ વિકલ્પની મંદતા કરતાં કરતાં વિકલ્પનો અભાવ થશે એવી ખોટી કલ્પનામાં છે અથવા ખોટો નિશ્ચય છે ત્યાં, નિર્ણયની પણ ભૂલ છે એમાં તો, અભિપ્રાયની પણ એમાં ભૂલ થાય છે. વિકલ્પમાત્ર બાધક છે અને જરાપણ સાધક નથી. આ વિકલ્પ સંબંધીનો નિર્ણય અને અભિપ્રાય સ્પષ્ટ હોવો જોઈએ.

જે જીવો વિકલ્પની ભૂમિકામાં આગળ વધે છે એ પણ વિકલ્પના સાધનને લઈને આગળ વધે છે એમ ત્યાં પણ નથી. આગળ વધવામાં પણ જ્ઞાન જ સાધન છે. કાલની ચર્ચામાં એ વાત હતી. જ્ઞાન જ સાધન છે, બીજું કોઈ સાધન નથી. ત્યાં પણ જ્ઞાન સાધન છે, સમજણમાં પણ જ્ઞાન સાધન છે, સમ્યક્ સન્મુખ થાય ત્યાં પણ જ્ઞાનમાં નિશ્ચય થઈને જ્ઞાન બળ પ્રગટ્યું છે ત્યાં જ્ઞાન સાધન છે. જ્ઞાન જ સાધન થાય છે. ત્યાં સુધી કે દર્શનમોહને ગાળતું ગાળતું, આખા દર્શનમોહને નાશ કરે, ગાળીને સાવ એનો નાશ કરી નાખે ત્યાં સુધી જ્ઞાન કામ કરે છે. પછી જેવી દૃષ્ટિ પરિણમી કે એનું જોર બીજી જાતનું ઊભું થાય છે. પછી દૃષ્ટિ તો જબરદસ્ત બળવાન સાધન છે. જ્ઞાનને પણ એકવાર પાછળ રાખી દે એવું બળવાન સાધન છે. જ્ઞાન તો બીજો વિષય પણ લે છે પાછો. જ્ઞાને સ્વરૂપને જાણ્યું, ઓળખ્યું, સ્વસંવેદનમાં અનુભવ્યું. પહેલા જ્ઞાને સ્વરૂપને ઓળખ્યું, સ્વરૂપનો નિર્ણય કર્યો, બળ–જ્ઞાનબળ પ્રગટ કરીને સ્વસંવેદન પ્રાપ્ત કર્યું તોપણ પાછું જ્ઞાન અન્ય વિષય પ્રત્યે જાય છે; જ્યારે દૃષ્ટિ બીજો વિષય લેતી નથી. પૂરી શક્તિથી, પૂરી તાકાતથી એક જ વિષયને વળગીને રહેલી દૃષ્ટિ જાણે કે અનંત ગુણને વિકસાવવાનું એક મૂળભૂત સાધન ઊભું થયું. મોક્ષમાર્ગ શરૂ થયો કે અનંત ગુણને વિકાસ પામવાનું એક મૂળભૂત સાધન જાણે મોક્ષમાર્ગીને હાથમાં આવી ગયું, એવી સ્થિતિ ઊભી થઈ અને નવું જોમ પ્રગટ્યું.

નવું જોર પ્રગટ્યું જાણે. ચૈતન્યનું, સાક્ષાત ચૈતન્યનું નવું જોર પ્રગટ્યું.

મુમુક્ષુ :– ગઈ કાલે બપોરે ચર્ચામાં શું વિષય હતો ? જાત્યાંતરનો વિષય...

પૂજ્ય ભાઈશ્રી :– જાત્યાંતરનો વિષય નહોતો પણ કોઈ પ્રશ્ન એમ ચાલ્યો હતો કે, જ્ઞાન જ સાધન છે ને ? પ્રશ્ન એમ હતો કે જ્ઞાન જ સાધન છે ને ? હા, જ્ઞાન જ સાધન છે, બીજું કાંઈ સાધન નથી. કેમકે મુમુક્ષુની ભૂમિકામાં શ્રદ્ધા વિપરીત છે. અને રાગ છે એ વિકલ્પ છે, રાગ છે એ વિકલ્પરૂપ છે એ કોઈ સાધક નથી. બન્નેના શ્રદ્ધાગુણના અને ચારિત્રગુણના વિપરીત ભાવો તો કાંઈ સાધક થઈ શકે નહિ. જ્ઞાનમાં સ્વભાવ અંશ ખુલ્લો છે. જ્ઞાન છે એ મધ્યસ્થ થઈને; ભલે મિથ્યાજ્ઞાન છે તોપણ કાંઈક મધ્યસ્થતા ધારણ કરીને પોતાના હિત–અહિતનો વિવેક કરવાને સમર્થ છે. મિથ્યાત્વની ભૂમિકામાં પણ હિત-અહિતનો વિવેક કરવા એ સમર્થ છે. એટલો અવકાશ જ્ઞાનમાં છે તેથી જ્ઞાન સાધન છે. નહિતર તો કોઈ સાધી જ ન શકે. નહિતર તો કોઈ બાધકદશાને તોડીને સાધકદશામાં આવે કેવી રીતે ? કેમકે એને તો બધું બાધકપણું જ છે. પણ એક જ્ઞાનના પરિણમનમાં ફરક છે. જ્ઞાન લક્ષણ છે, જ્ઞાનમાં સ્વભાવ અંશ વ્યક્ત છે, ખુલ્લો છે અને જ્ઞાન વિવેક કરે છે. નીચે પણ વિવેક કરે છે કે મારે મારું હિત કરવું છે, મારે મારું અહિત હવે કરવું નથી. તેથી હું મારા હિતનો રસ્તો હવે શોધું છું. શોધ પણ જ્ઞાન જ ચલાવે છે. લ્યો. ભલે મિથ્યાજ્ઞાન છે પણ સ્વરૂપની શોધ કોણ ચલાવે છે ? જ્ઞાન જ ચલાવે છે.

એ તો લીધું ૨૧૫ (નંબરના બોલમાં). કે **‘મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય — પોતાના સત્સ્વરૂપની શોધ ચાલુ રહે’** નિરંતર ચાલુ રહે અને જોડાય **‘એવી રીતે જોડાય.’** બીજી રીતે ન જોડાય પણ આ રીતે જોડાય. એ વાત માર્ગદર્શનની છે. બધામાં પણ આટલી જગ્યા છે. બધું પરિણમન ઊંધું ચાલે છે પણ હજી સત્‌સ્વરૂપની શોધ કરી શકાય એવો જ્ઞાનને અવકાશ છે. માટે તું જ્ઞાનને સાધન બનાવ, જ્ઞાનની મુખ્યતા લાવ અને એમાંથી તને સ્વભાવ જડશે, સ્વભાવ મળશે. જો સ્વભાવનો નિર્ણય થશે તો એનો મહિમા આવશે. વસ્તુનો જો બરાબર મહિમા આવ્યો તો તને સંસારનો એટલો બધો થાક લાગશે કે એક વિકલ્પ કરવો (તને બોજારૂપ લાગશે.) કેમકે જેનો, જે સ્વરૂપનો ખ્યાલ આવ્યો એ સર્વથા નિર્વિકલ્પ છે. અનાદિ અનંત પરિપૂર્ણ બેહદ નિર્વિકલ્પ છે એવો હું, એને એક

વિકલ્પ એની સાથે જોડવો એ વાત એને સુસંગત લાગતી નથી. તદ્દન વિસંગત લાગે છે.

એકદમ સ્વચ્છ કપડાં પહેર્યાં હોય, એમાં આછો ડાઘ પણ ગમે છે ? છે થોડો ડાઘ છે ભલે રહ્યો. કે નહિ, સાફ કરી નાખો, ખંખેરી નાખો. ક્યાંક ધૂડ ચોંટી હોય ઊડીને તો જરાક એને ખંખેરી નાખો. એમ પૂર્ણ શુદ્ધ દ્રવ્ય છે, એને દ્રવ્ય સંબંધીનો વિકલ્પ, એના સંબંધીનો વિકલ્પ પણ એને ડાઘ છે, એની સાથે મેળ ખાતો નથી. એટલો થાકી જાય છે. એટલો થાકી જાય છે ત્યારે એને પરિણમન આવે છે, નહિતર પરિણમન આવતું નથી. એ નાસ્તિ અપેક્ષાએ થાકવાનો વિષય લીધો છે. બોજો લીધો છે એ નાસ્તિ અપેક્ષા છે. અસ્તિમાં એટલો બધો સ્વરૂપનો રસ છે, નિર્વિકલ્પ સ્વરૂપનો નિર્વિકલ્પ રસ ઘોળાતો... ઘોળાતો... ઘોળાતો... પરિણમી જાય છે. એ એનો અસ્તિનો વિષય છે, અસ્તિથી વિચારીએ તો. નિર્વિકલ્પ સ્વરૂપ જ્ઞાનમાં આવ્યું છે, ભાવમાં ભાસ્યું છે, જ્ઞાનભાવમાં ભાસ્યું છે તો એનો મહિમા અને એનો રસ એટલો ઊપજે છે કે એ ઘૂટાંતો... ઘૂંટાતો... ઘૂટાંતો... એટલો બધો ઘૂંટાય છે કે રગડી રગડીને એકાકાર પરિણનમાં પરિણમિત થઈ જાય છે. ત્યારે એણે પરિણમી જાય છે અને બાકીનું બધું એણે કાઢી નાખ્યું. એક સ્વરૂપ રહી ગયું, બસ ! દ્રવ્ય તે જ હું ! એવો વિકલ્પ પણ નહિ. દ્રવ્ય તે જ હું એવો નિર્વિકલ્પભાવ. આ હું ! દ્રવ્ય એટલે આ. આ અને હું એવું બે પણું, એમાં દ્વંદ્વ માત્ર નથી. કહેવામાં વિકલ્પપૂર્વક કથન થાય છે એટલે એટલો ભેદ આવે છે. પણ એનું વાચ્ય છે, એ કથનનું વાચકનું વાચ્ય છે એમાં એવો ભેદ નથી. એમ સમજવા યોગ્ય છે.

પ્રશ્ન :– આત્માનો આશ્રય કરવો, આત્માને ગ્રહણ કરવો એમાં આ ભાવ...

સમાધાન :– બધું આવી ગયું. દ્રવ્ય તે જ હું, એમાં આત્માનું ગ્રહણ કહો, આત્માનો આશ્રર્ય કહો, આત્માને પકડ્યો એમ કહો, આત્મામાં લીનતા કરી એમ કહો, આત્મામાં એકાગ્રતા કરી એમ કહો (બધું આવી ગયું.) ...

આમ તો વિષય ભાવોનો એવો છે કે શબ્દોની સંખ્યા ઓછી પડે છે. ભાષામાં રહેલા જે શબ્દો એની સંખ્યા ઓછી પડે છે. તોપણ એટલી સુવિધા છે કે એક જ ભાવને પ્રદર્શિત કરવા માટે અનેક શબ્દો પણ છે. તોપણ આટલી સુંદર વ્યવસ્થા પણ છે ભાષામાં અંદર. કે, એક જ ભાવને વ્યક્ત કરવા માટે ભિન્ન ભિન્ન કાળમાં,

ભિન્ન ભિન્ન ધર્માત્માઓએ, ભિન્ન ભિન્ન શૈલીથી એક જ વાતને કરી છે. અનેક પ્રકારે કથન કરીને એક જ વાતને કરી છે. એટલી ભાષાની સગવડતા છે. આમ અગવડતા પણ છે અને આમ સગવડતા પણ છે કે શબ્દો પૂરા પડતા નથી, શબ્દોમાં પૂરું વાચ્ય આવતું નથી, તોપણ જેટલું આવે છે એને કહેવા માટે અનેક શબ્દો પણ છે. એ તો એટલા માટે તો આ શબ્દકોષની અંદર અધરવર્ડ છે. આ એક શબ્દ, તો એના કેટલા અર્થ ? કે કોઈના બે તો કોઈના પાંચ તો કોઈના પંદર વીસ શબ્દાર્થો મળે છે. એનો અર્થ આમ પણ થાય, આમ પણ થાય, આમ પણ થાય, આમ પણ થાય, તો એટલી ભાષામાં વ્યવસ્થા છે. એ ભાષાની વિશિષ્ટતા છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી' (કહે) આસન જમા દો.

પૂજ્ય ભાઈશ્રી :– એ જમાવી દેવું, રમણતા કરવી એ બધું એક જ છે. જામી જવું. પરિણમી જવું એટલે જામી જવું ત્યાં. એટલે તો ત્યાં સમ્યક્દર્શન થાય છે, ત્યાં સમ્યક્ ચારિત્ર છે એમ કહેવામાં આવે છે. સમ્યક્દૃષ્ટિને અવિરત એવું વિશેષણ લાગેલું છે. ચોથા ગુણસ્થાનું વિશેષણ અવિરત સમ્યક્દૃષ્ટિ એમ લાગેલું છે. પણ એ અવિરત સમ્યક્દૃષ્ટિ એટલે સર્વથા ચારિત્રનો અભાવ કે બિલકુલ ચારિત્ર નહિ, એમ નહિ. પાંચમાં ગુણસ્થાન અને છઠ્ઠા ગુણસ્થાનમાં જે એ ચારિત્ર હોય છે એવું નહિ. એટલો જ એનો અર્થ છે. 'ગોમટસાર'માં એનો અર્થ કર્યો છે. 'ટોડરમલજી'એ સમાધાનચંદ્રિકા નામની ટીકા લખી છે એમાં એનો અર્થ કર્યો છે કે, અવિરત સમ્યક્દૃષ્ટિ એટલે ચારિત્રનો અભાવ ન સમજવો, પણ ચોથા ગુણસ્થાનને યોગ્ય અને પાંચમાં ગુણસ્થાનને યોગ્ય સ્વરૂપ સ્થિરતાનું ચારિત્ર નથી અને કેટલાક વિકલ્પોનો નાશ થયો નથી, એ પ્રકાર નથી એટલું સૂચવવા માટે ત્યાં અવિરત શબ્દ વાપર્યો છે. ચારિત્રનો અભાવ સૂચવવા માટે અવિરત શબ્દનો પ્રયોગ નથી, એવું એમણે સ્પષ્ટીકરણ આપ્યું છે. અને એમને 'મોક્ષમાર્ગ પ્રકાશક'માં પણ એ વાત એક જગ્યાએ લીધેલી છે કે સમ્યક્દૃષ્ટિને ચારિત્ર છે. સ્વરૂપાચરણ ચારિત્ર છે ત્યાં એવો શબ્દ વાપર્યો છે. સમ્યક્દૃષ્ટિને સ્વરૂપાચરણ નામનું ચારિત્ર છે. ઘણા વિદ્વાનો પણ એ ભાવને નથી સમજતા. કે, ખાલી શ્રદ્ધા-જ્ઞાન છે, ને ચારિત્ર નથી.

સંપ્રદાયમાં, તમારે દિગંબર સંપ્રદાયમાં એમ ચાલે છે કે, ત્યાં ચારિત્ર નથી. સંપ્રદાયમાં શું ? ખંડવા ગયા હતા, આપણા વિદ્વાન છે ત્યાં તો. ખંડવામાં વાંચનકાર

છે આપણા વિદ્વાન છે, એમનો એવો ખ્યાલ હતો. પછી કાઢીને દીધું. એને તો 'મોક્ષમાર્ગપ્રકાશક'નો એટલો બધો અભ્યાસ હતો કે, ત્યાંના મુમુક્ષુ એમ કહેતા કે અમારા વાંચનકારને 'મોક્ષમાર્ગપ્રકાશક'નો એટલો અભ્યાસ છે કે, ક્યાં અલ્પવિરામ છે અને ક્યાં પૂર્ણવિરામ છે ? એની એને ખબર છે. પણ ભાવ સમજવો બીજી વાત છે. સ્વરૂપાચરણની વાત કાઢીને દેખાડી, (પણ) વિચારેલું, નિર્ણય એ રીતે કરેલોને એટલે બેસે નહિ. પછી ચારિત્રની પ્રકૃતિથી એ વાત લીધી. કે અનંતાનુબંધીને નાશ ખરો કે નહિ ? એ ચારિત્રની પ્રકૃતિ છે. જો અનંતાનુબંધીનો નાશ થતો હોય તો ચારિત્રની પ્રકૃતિનો નાશ થયો તો સામે ભાવ છે. તો નાશ થયો નહિતર ચારિત્રની પ્રકૃતિનો કેમ નાશ કરે ? બહુ ચર્ચા ચાલતી હતી. આગળ લઈએ.

**'દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી.'** હવે જે દૃષ્ટિ પરિણમી ગઈ, દૃષ્ટિ ઉત્પન્ન થઈ, જેને સમ્યક્‌દર્શન કહે છે, જેને દ્રવ્યદૃષ્ટિ કહે છે એને અહીંયાં ટૂંકામાં દૃષ્ટિ કીધી. દૃષ્ટિ એટલે આત્મદૃષ્ટિ, સમ્યક્‌દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ બધું એકાર્થ છે. જુદાં જુદાં (શબ્દો છે.) સમ્યક્‌દર્શન, સમકિત એ બધું એકાર્થ જ છે. શબ્દ જુદાં જુદાં છે. સમકિત કહો તો તે, સમ્યક્‌દર્શન કહો તો તે, અહીંયાં દૃષ્ટિ કહો તો તે. દૃષ્ટિ એટલે ચક્ષુ ઇંદ્રિયનો ઉપયોગ નહિ. એ નજરની વાત નથી અહીંયાં. દૃષ્ટિ એટલે આત્મશ્રદ્ધાન, સ્વરૂપ દૃષ્ટિ. એકેય ભેદને સ્વીકારતી નથી. કહે છે કે દ્રવ્ય સ્વભાવ છે એમાં જ્ઞાન-દર્શન-ચારિત્ર, આનંદ, અસ્તિત્વ આદિ ગુણભેદ છે એનો પણ દૃષ્ટિને સ્વીકાર નથી. જે દ્રવ્યને એ વિષય કરે છે એ દ્રવ્યમાં રહેલા જે ગુણભેદો છે, શક્તિના ભેદો છે એને પણ દૃષ્ટિ સ્વીકારતી નથી, કબૂલતી નથી. જ્ઞાન જાણે છે પણ દૃષ્ટિ સ્વીકારતી નથી, ને દૃષ્ટિ કબૂલતી નથી. આ દૃષ્ટિની વિશેષતા છે.

જો પોતાના સ્વ વિષયમાં રહેલા ભેદોને ન સ્વીકારે તો પછી પર્યાય જોડે રહી છે એને કેમ સ્વીકારે ? ગુણભેદને જો દૃષ્ટિ ન સ્વીકારે, તો પર્યાયભેદને દૃષ્ટિ કેમ સ્વીકારે ? એ તો એથી આઘેની વાત છે. એ તો એમાં છે જ નહિ. ગુણભેદ તો દ્રવ્યમાં છે, પર્યાય ભેદ તો ત્રિકાળી દ્રવ્યમાં છે નહિ. એ તો એનાથી બાહ્ય છે. તો એને તો સ્વીકારવાનો પ્રશ્ન રહેતો નથી. તો પછી એ પર્યાયમાં રહેલી અશુદ્ધતાને સ્વીકારવી એ તો વિજાતીય તત્ત્વ છે. એને તો સ્વીકારવાનો અમસ્તોય પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એમ દૃષ્ટિ માટે તો એ બધું જેમ આગળ જાવ એમ દૂર ને દૂર થતું

જાય છે.

સમ્યક્દૃષ્ટિ દેવ-ગુરુ-શાસ્ત્રને સ્વીકારે કે નહિ ? હવે આ પ્રશ્ન છે. સંપ્રદાયમાં તો એમ કહે કે જે વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રને સ્વીકારે એની શ્રદ્ધા સાચી. એમાં તો એમ લેવું છે કે જે કુદેવ આદિને સ્વીકારે એની તો શ્રદ્ધાનો વિચાર કરવા જેવો નથી. પણ એ સમ્યક્દર્શનનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર નથી. અથવા તો કોઈ એમ કહે કે નવ તત્ત્વનું શ્રદ્ધાન તે સમ્યક્દર્શન છે. તો કે નવ તત્ત્વના ભેદ સમ્યક્દૃષ્ટિ, દૃષ્ટિમાં આવ્યા હોય શકે નહિ. નવ તત્ત્વમાં તો પરદ્રવ્ય (પણ) છે. પરદ્રવ્યમાં તો દેવ-ગુરુ-શાસ્ત્ર આવી ગયા. પરદ્રવ્યમાં તો છ દ્રવ્ય આવી ગયા. અને નવ તત્ત્વમાં તો આસ્રવ અને પુણ્ય-પાપ ને બધું આવી ગયું. પાપ પણ આવી ગયું. નવ તત્ત્વમાં તો, સાતમાં પાપ નથી પણ નવમાં તો પાપ છે. પુણ્ય ને પાપ બે ભેદ કરીને નવ થાય છે. એ સમ્યક્દર્શનનો વિષય નથી. નવ તત્ત્વનું શ્રદ્ધાન સમ્યક્દર્શનનો (વિષય નથી), પણ 'સમયસાર'માં તેરમી ગાથા છે. પુણ્ય, પાપ, આસ્રવ, સંવર, નિર્જરા, બંધ ને મોક્ષ તે સમ્યક્ છે. પણ ત્યાં એક શરત મૂકી છે. ભૂતાર્થને આશ્રિત. જે જ્ઞાન ભૂતાર્થને આશ્રય કરે છે એને નવ તત્ત્વના, એના નવ તત્ત્વના જ્ઞાનને સમ્યક્દર્શન એવું નામ આપ્યું છે. જ્ઞાન પ્રધાનતાથી, સમ્યક્દર્શનની પરિભાષા છે એ જ્ઞાનપ્રધાનતાથી. પણ એ ખરેખર સમ્યક્દર્શનનો વિષય નથી. એ સમ્યક્દર્શનનો વિષય નથી.

સમ્યક્દર્શનનો વિષય તો અભેદ એક ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ છે. એ જ, એટલો જ સમ્યક્દર્શનનો વિષય છે, એ સિવાય સમ્યક્દર્શનનો વિષય બીજો કોઈ નથી. વળી સમ્યક્દર્શનમાં સ્વીકાર ભાવ છે. સ્વપણે સ્વીકૃત થવું તે, સ્વપણે પ્રતીત થવી, સ્વીકારીને પ્રતીત થવી, સ્વપણે પોતાની પ્રતીત થવી એવો સ્વીકાર થવો તો ગુણભેદનો અસ્વીકાર છે ત્યાં. પર્યાયભેદનો તો અસ્વીકાર છે પણ ગુણભેદનો ત્યાં અસ્વીકાર છે. તો કે જ્ઞાન તો સ્વીકારે છે. જ્ઞાન ગુણભેદને સ્વીકારે છે અને દૃષ્ટિ ગુણભેદને સ્વીકારતી નથી. તો અહીં તો શ્રદ્ધા-જ્ઞાન વિરુદ્ધ થયા. શું કરવું હવે ? જ્ઞાન પણ ગુણભેદને જાણે છે, સ્વીકારવું નામ આશ્રય કરવામાં તો ગુણભેદનો આશ્રય જ્ઞાન કરે, તો જ્ઞાનને વિકલ્પનું કારણ થાય છે. એ જ્ઞાન વિકલ્પનું કારણ થાય છે, એ જ્ઞાન નિર્વિકલ્પપણે પોતાને સ્વસંવેદનમાં રહી શકતું નથી. એટલે એવો જે ગુણભેદનો ચારિત્ર અપેક્ષાનો આશ્રય એનો પણ નકાર છે.

આમ તો આત્માનો મહિમા કરવો હોય ત્યારે એના ગુણોના મહિમાથી આત્માનો મહિમા કરાય છે કે, જુઓ ! આત્મામાં કેવું કેવળજ્ઞાન છે કે લોકાલોકને જાણે. એક સમયમાં લોકાલોકને જાણે એવી જેની જ્ઞાનશક્તિ છે. અને એવી એ જ્ઞાનશક્તિ છે કે એક સમયમાં અનંતા લોકાલોક હોય તો એને પણ જાણે. એક લોકાલોક નહિ પણ એવા અનંતા લોકાલોક હોય તો એને પણ જાણે, અરે ! એને જાણે એટલી નહિ પણ એનાથી અનંતી છે. અનંતા લોકાલોક હોય તો એનાથી પણ અનંતી છે. એમ ગુણભેદથી આત્માનો મહિમા કરવામાં આવે છે.

એકવાર પૂજ્ય 'બહેનશ્રી'ને પ્રશ્ન પૂછ્યો હતો. એવો બોલ છે આમાં કે, એક જગ્યાએ એક જ બોલમાં ગુણભેદનો મહિમા કર્યો છે. ગુણભેદથી આત્માનો મહિમા કર્યો છે અને ત્યાં ને ત્યાં પોતે એમ કહે છે કે, અહીંયાં ભેદમાં અટકવાનું નથી. બોલ નંબર યાદ નથી. તો પ્રશ્ન એ કર્યો કે, ગુણથી મહિમા કરવામાં આવે છે. ગુણથી ઉઠાવીને, આત્માને ઉપાડીને મહિમા કરાય છે અને એ જ ગુણભેદને નિરસ્ત કરવામાં આવે છે. આ કઈ જાતની કાર્યપદ્ધતિ છે ? આત્માનો અભેદભાવે મહિમા જેને નથી આવતો એ ગુણોનો ભેદ પાડી પાડીને મહિમા કરે છે. અને એવો મહિમા કરતાં... કરતાં... કરતાં... અભેદ થઈ જાય છે, અને ગુણભેદનો મહિમા અસ્ત થઈ જાય છે. આ કઈ જાતની કાર્યપદ્ધતિ છે ? અને આ જે એકસાથે બે વાત એક બોલમાં આવે છે તો આનું રહસ્ય શું છે ? આ પ્રશ્ન આ હતો. તો કે ભેદમાં અટકવા માટે ભેદ નથી. અભેદમાં સીધું ન જવાય એને ભેદ વચમાં આવે, પણ અટકવા માટે આવે તો એ કાર્યપદ્ધતિ અયોગ્ય છે, અયથાર્થ છે. ભેદ છૂટીને અભેદમાં જવાય એ પ્રકારની કાર્યની, કામ કરવાની રીત એવી હોવી જોઈએ, એવી રીત હોવી જોઈએ. તો એને પહેલા ગુણભેદ એના પરિણમનમાં દેખાય છે, પછી એ ભેદ નિરસ થઈને અભેદભાવે પરિણમી જાય છે. પણ ભેદને સાધન માને તો અટક્યા વિના રહે નહિ. એટલે માન્યતામાં તો એ પ્રશ્ન રહેવો જ ન જોઈએ, એ તો સ્થૂળ ભૂલ છે. સૂક્ષ્મ ભૂલ પણ જ્યાં સુધી અટકે ત્યાં સુધી સૂક્ષ્મ ભૂલ છે અને અટકવું છોડીને અભેદ થઈ જાય ત્યારે એની ભૂલ ટળે છે.

આ તો ભેદનો વિષય ચાલ્યો ને ? '**દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી.**' એક તો જાણે ૨૩૭. (બોલ છે.) બીજી લીટીથી, '**ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર.**

**દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી.'** જે ચાલુ વિષય છે એ જ વાત ૨૩૭માં છે. જે બોલ લેવો છે તે બીજો છે, પણ એ જ જગ્યાએ છે.

મુમુક્ષુ :– ૩૨૨

પૂજ્ય ભાઈશ્રી :– ૩૨૨. દૃષ્ટિ અખંડ ચૈતન્યમાં ભેદ પાડતી નથી. આ તો ગુણની વાત લીધી છે. જે બોલ લેવો છે ને એ તો ગુણના મહિમાવાળો બોલ છે. પ્રશ્ન ચર્ચા ચાલી હતી એ બોલ ઉપર. એમ છે કદાચ એ બોલ આવી ગયો છે. બોલ આવી ગયો છે આપણે, પાછળ નથી પણ આગળ આવી ગયો છે. જમણા હાથ બાજુ જ છે, નથી મળતો.

'દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી.' જે સ્વીકાર છે એ હુંપણે, ભેદ સ્વરૂપે હું ! એવું દૃષ્ટિનું કાર્ય નથી. જો કે ગુણ જ એવો છે એ તો. પરમાં પણ ભેદ કરતી નથી, સ્વમાં પણ ભેદ પાડતી નથી. દૃષ્ટિમાં ભેદ પાડવાનો એના પરિણમનમાં સ્વભાવ નથી, પરિણમનમાં ગુણ નથી દૃષ્ટિનો. એટલે ભેદ છે એ જ્ઞાનનો વિષય રહી જાય છે. જ્ઞાનમાં પણ માત્ર જાણવાનો વિષય રહી જાય છે. આશ્રય કરવાનો વિષય જ્ઞાનને પણ અભેદ જ છે. ભેદ એ આશ્રયનો વિષય નથી.

**'શાશ્વત દ્રવ્ય...'** આ તો દૃષ્ટિના પરિણમનનું હવે ચિત્ર છે આ. કે **'શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યક્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી.'** દૃષ્ટિ પરિણમે છે, તો એ પરિણમે છે ત્યારે નથી... નથી... નથી... લ્યે છે, નાસ્તિથી લ્યે છે. અસ્તિમાં તો નિર્વિકલ્પ પરિણમન છે. દ્રવ્યની સાથે અભેદભાવે નિર્વિકલ્પ પરિણમન છે. નાસ્તિથી સમજાવે છે. કે ગુણભેદને તો સ્વીકારતી નથી પણ જે શાશ્વત દ્રવ્ય ઉપર, ધ્રુવદ્રવ્ય ઉપર દૃષ્ટિ ટકેલી છે, સ્થિર થયેલી દૃષ્ટિ છે, ચોંટી ગયેલી દૃષ્ટિ છે તે સમ્યક્દર્શન થયું એમ જોવાની ફુરસદ નથી. એ દૃષ્ટિને સમ્યક્દર્શન થયું કે નહિ ? એ જોવાની ફુરસદ નથી. હવે એ ટકેલી ને ટકેલી રહે છે. ક્યાં સુધી ટકેલી રહે છે ? કે જ્યારથી સમ્યક્દર્શન થયું ત્યારથી કેવળજ્ઞાન થાય ત્યાં અથવા અનંતકાળ પર્યંત એ ટકેલી રહે છે. તો સમ્યક્દર્શન થયું ત્યારે તો એણે ન જોયું કે સમ્યક્દર્શન થયું કે નહિ, પણ કેવળજ્ઞાન થયું તોપણ સામું ન જોયું કે કેવળજ્ઞાન થયું કે નહિ ? કોઈપણ પર્યાય આવો, એ પોતાના પરમાત્મ તત્ત્વને છોડીને કોઈપણ પર્યાયને એ

વિષય કરતી નથી. આવો જેનો પરિણમવાનો ગુણ છે એને દૃષ્ટિનું પરિણમન કહેવામાં આવે છે.

જો દૃષ્ટિ પર્યાય ઉપર જાય; દૃષ્ટિ પર્યાય ઉપર જાય, તો ન અવસ્થામાં સમ્યક્દર્શન રહે, (તો) બીજી કોઈ દશા રહેવાનો તો પ્રશ્ન જ નથી. પછી કેવળજ્ઞાનાદિની ચર્ચા કરવાનો જ પ્રશ્ન નથી. પણ સમ્યક્દર્શન પણ ન રહે, મિથ્યાદર્શન થઈ જાય આપોઆપ. દૃષ્ટિ નિજાત્મ દ્રવ્યને છોડે, નિજ પરમાત્મ દ્રવ્યને છોડે એટલે એ દૃષ્ટિ થઈ ઊંધી. એ દૃષ્ટિ થઈ મિથ્યાદૃષ્ટિ, એ દૃષ્ટિ સંસાર દૃષ્ટિ થઈ, સંસરણ થઈ ગયું. પૂરો સંસાર ત્યાં ચાલુ થઈ ગયો અને એને તો શુદ્ધતા રહેતી નથી. અવસ્થામાંથી શુદ્ધતાનો નાશ થાય છે.

**'શાશ્વત દ્રવ્ય ઉપર ટકેલી દૃષ્ટિ 'મને સમ્યક્દર્શન કે કેવળજ્ઞાન થયું કે નહિ' એમ જોવા નથી બેસતી.'** આ સમ્યક્દર્શનનો વિષય 'ગુરુદેવશ્રી'એ સ્પષ્ટ કર્યો. નહિતર સમ્યક્દર્શનનો વિષય આ રીતે સ્પષ્ટ હતો નહિ. સમ્યક્દર્શન સમ્યક્દર્શનને ન સ્વીકારે ? પણ ભાઈ ! સમ્યક્દર્શન તો પર્યાય છે, એ દ્રવ્યને સ્વીકારનારી પર્યાય છે. એ પોતાને સ્વીકારનારી પર્યાય ક્યાં છે ? એ તો દ્રવ્યને સ્વીકારનારી, ખુદ સ્વીકાર કરવાનું કામ, એનું દ્રવ્યને સ્વીકાર કરવાનું એનું કામ છે. એને પોતાનો સમ્યક્દર્શનને સ્વીકાર કરવો એ કયાં એનું કામ છે ? દ્રવ્યને સ્વીકાર કરવો એવું એનું કામ છે. કોઈ પર્યાયનો સ્વીકાર કરવાનું એને કામ નથી.

અમારે એકવાર સત્તર-અઢાર ગાથામાં ચર્ચા ચાલી. ત્યાં 'જયચંદજી'એ 'સમયસાર'ની સત્તર-અઢારની ગાથાની ટીકામાં શ્રદ્ધાનની વ્યાખ્યા એવી કરી છે કે, જેમ રાજાની સેવા કરીશ તો એ મને ધન આપશે, એમ આ દ્રવ્યનું અનુસરણ કરીશ તો મને સુખની પ્રાપ્તિ થશે, તો મને મોક્ષની પ્રાપ્તિ થશે. સુખની એટલે મોક્ષની. ત્યાં મોક્ષ શબ્દ વાપર્યો છે કેમકે મોક્ષાર્થી લીધો છે ને ? તો મને મોક્ષની પ્રાપ્તિ થશે એમ સમ્યક્દૃષ્ટિ જીવ દ્રવ્યનું શ્રદ્ધાન કરે છે. તો દ્રવ્યમાં સુખ છે, ને દ્રવ્યમાંથી સુખ પ્રાપ્ત થશે, ને એ તો ઘણો ભેદ થઈ ગયો. દ્રવ્યમાં સુખગુણ છે એ ગુણનો ભેદ થયો, અને મોક્ષની પ્રાપ્તિ થશે (એ) મોક્ષની પર્યાયનો ભેદ થયો, તો એ ક્યાં શ્રદ્ધાનનો વિષય છે ? એક મુમુક્ષુ ભાઈએ પ્રશ્ન કર્યો. અમારે ચર્ચા ચાલેલી કે દૃષ્ટિના વિષયમાં તો ગુણભેદ ને પર્યાયભેદ છે નહિ. તો કે અહીં તો શ્રદ્ધાની વાત ચાલી છે, અને

આચાર્ય મહારાજે ગુણભેદ ને પર્યાયભેદ બન્ને લીધું છે.

તો મેં કીધું આચાર્ય મહારાજે લીધું છે તો લાવો જરા જોઈએ. ટીકા લીધી તો ટીકામાં નથી. 'જયચંદજી'એ આનો અર્થ કર્યો છે. 'જયચંદજી'એ જે આચાર્ય મહારાજે લખ્યું છે એને ખોલીને અર્થ કર્યો છે, સમજાય એટલે. એટલે હેતુવાદથી કથન છે. આચાર્ય મહારાજનું કથન અભેદ છે. 'જયચંદજી'નો અર્થ હેતુવાદથી છે કે, એનો હેતુ શું ? કે મોક્ષની પ્રાપ્તિ થવી તે. હેતુવાદથી કથન કરવો દોષ નથી, પણ Literal Translationમાં શબ્દના અનુવાદમાં તો એવું નથી બનતું. એવું લખવું હોય... પહેલા એ પદ્ધતિ નહોતી. કૌંસમાં કે ફૂટનોટમાં લખવું જોઈએ. નહિતર આચાર્યે કહ્યું છે એમ નક્કી થઈ જાય. ત્યાં તો ટીકા વાંચી, સંસ્કૃત ટીકા વાંચી. તો ત્યાં તો ખાલી એની શ્રદ્ધા કરવી એટલી જ વાત છે. આત્માની, દ્રવ્યની શ્રદ્ધા કરવી એટલી જ વાત છે ત્યાં. ત્યાં મોક્ષ મળશે એવી કોઈ વાત સંસ્કૃતની અંદર લખેલી નથી. પછી પંડિતજીને પૂછ્યું કે આમ કેમ અનુવાદ નથી ? અનુવાદમાં આમ કેમ ફેર છે ? તો કહે, 'જયચંદજી'એ એ પ્રમાણે કર્યો છે એ જ પ્રમાણે 'ગુરુદેવ'ની રાખવાની આજ્ઞા હતી. અર્થની અંદર આપણે કોઈ ફેરફાર કરવાનો નથી. એટલે ઘણી જગ્યાએ એવું છે.

આ જ આત્મા છે. તેનું જ શ્રદ્ધાન કરવું કે આ જ આત્મા છે. તેનું આચરણ કરવાથી અવશ્ય કર્મોથી છૂટી શકાશે. લ્યો.. કર્મોએ વિષય લઈ લીધો. આ જ આત્મા છે એ શ્રદ્ધાનનો વિષય થયો. એનું અનુચરણ કરવાથી, એનું આચરણ કરવાથી, આચરણ કરવું પર્યાયનો વિષય આવ્યો. ને કર્મોથી છૂટવું એ તો નિમિત્ત આવ્યું. તો પર્યાય અને પર્યાયનું નિમિત્ત બન્ને શ્રદ્ધાનનો વિષય થયા. અરે, ગુણભેદ પણ શ્રદ્ધાનનો વિષય નથી. એમાં શું છે ? કે ત્યાં તો જ્ઞાનમાં પણ એટલું અભેદ લીધું છે. 'પ્રથમ તમેવ આત્મા જ્ઞાતવ્ય, તતઃ સ્વએવ શ્રદ્ધા તવ્ય' તેનું જ શ્રદ્ધાન કરવું. 'સ્વએવ શ્રદ્ધા તવ્ય' આ જ હું છું. આ જ હું, દ્રવ્ય તે જ હું, આ જ હું, એમ શ્રદ્ધા કરવી. આચરણ કરવું ને છૂટી શકાશે એ વાત નથી લખી શ્રદ્ધા અપેક્ષા. વાંચ્યું તો ચોંક્યા. આચાર્યદેવની તો બહુ સાવધાની છે લખવામાં. શ્રદ્ધાનો વિષય તો શ્રદ્ધાના વિષયને ઢંગથી લખ્યો છે. આમણે ખોલીને લખ્યું હેતુવાદથી, એમણે મૂળમાં એવી રીતે વાત લીધી નથી. શ્રદ્ધાનો ટોન જાળવી રાખ્યો છે, પરિણમનો ટોન છે એ અસલ રાખ્યો છે. શેનું શ્રદ્ધાન કરવું એટલું જ. આ જ હું. સ્વએવ.. શ્રધ્ધા...

મુમુક્ષુ :– હેતુવાદથી લખ્યું તોપણ 'જયચંદજી'નો અભિપ્રાય બદલાઈ ગયો એવું થોડું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, લખનારને તો બધી ખબર છે, પણ વાંચનારને સહેલાઈથી સમજાય એટલા માટે. કેમકે એને હેતુવાદથી, એને મોક્ષ ન થાય તો દૃષ્ટિ કરવાનું શું કામ છે ? શ્રદ્ધા કરવાનું શું કામ છે ? જો શ્રદ્ધાનું ફળ મોક્ષ આવતું હોય તો શ્રદ્ધા કરીએ. ને શ્રદ્ધાનું ફળ મોક્ષ ન મળતું હોય તો શું કરવા એવી શ્રદ્ધા કરવી ? એમ છે. પહેલા તો બાળકને એમ કહેવું પડે કે દેરાસર આવ પેંડો આપશે તને ત્યાં. તું દેરાસર આવીશ તો ત્યાં પેંડો મળશે.

મુમુક્ષુ :– પેંડો તો રાગનું કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવી રીતે છે. જુદી જુદી ભૂમિકામાં વાત કરવાની પદ્ધતિ હોય છે. વિશેષ...

**'दंसण मूलो धम्मो' - આ શ્રીમદ્ ભગવાન કુંદકુંદાચાર્યનું ગંભીર વચનામૃત - સૂત્ર સિદ્ધાંતરૂપ છે. દર્શન અર્થાત્ શ્રદ્ધાન. આત્માના સર્વ અનંત ગુણોમાં - આ ગુણની વિશિષ્ટતા દર્શક આ સૂત્ર છે. તેમાં ઘણી ગંભીરતા છે. વાસ્તવિકપણે 'દર્શન' પ્રાપ્ત - અનુભવી મહાત્મા તેનો યથાતથ્ય અનુભવ કરે છે. કારણ વચન અગોચર તેમાં ઘણું છે. જે દર્શન શક્તિથી મોક્ષમાર્ગનો અંકુર ફૂટે છે, સર્વ ગુણાંશ સ્વયં સમ્યક્ થાય છે, જે એવા પ્રકારે મૂળ અંગરૂપે પરિણમતાં - વર્તતા, મોક્ષમાર્ગ વૃદ્ધિગત થઈ, સંપૂર્ણ શુદ્ધતારૂપ મોક્ષ અનિવાર્યપણે થાય જ થાય છે. જેને લઈને સિદ્ધ ભગવંતો સિદ્ધ પર્યાયમાં અનંતકાળ ટકે છે. તે दंसण - મૂળ ધર્મ / કલ્યાણમૂર્તિ સમ્યક્ પ્રકારે સેવવા યોગ્ય છે. આ એક ગુણ એવો છે કે જે શરૂથી સદા પોતાની પૂરી - અનંત શક્તિથી પરિણમે છે અને અન્ય સમસ્ત ગુણોની નિર્મળતા થવામાં/ વધવામાં નિમિત્ત થાય છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૦૫)**

## તા. ૧૪-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૧૬
## પ્રવચન નં. ૧૭૫

વચનામૃત ૨૧૬. બીજા Paragraphથી. દ્રવ્યદૃષ્ટિનું પરિણમન કેવા પ્રકારનું હોય છે એનો ચિતાર છે આ Paragraphમાં. પહેલાં Paragraphમાં એ લીધું સમ્યગ્દર્શન થવાથી દ્રવ્યદૃષ્ટિ થાય. સ્વરૂપના મહિમા વિના દૃષ્ટિ પ્રગટતી નથી. અથવા જગતના પદાર્થોનો મહિમા ઉતર્યા વિના, મટ્યા વિના પણ દૃષ્ટિ પલટતી નથી. બન્ને અસ્તિ–નાસ્તિથી એક જ વાત છે. અહીંયાં કહે છે કે જે દૃષ્ટિ પરિણમે છે એ દૃષ્ટિ એકેય ભેદને સ્વીકારતી નથી. અર્થાત્ દૃષ્ટિમાં જે સ્વસ્વરૂપનો સ્વીકાર કરવાનો ભાવ છે, તેમાં વસ્તુના ગુણભેદ અને વિષયભેદ દૃષ્ટિગોચર થતાં નથી. દૃષ્ટિને દૃષ્ટિગોચર થતા નથી.

અભેદ દ્રવ્ય જે છે, ભેદનું પડખું છોડીને અભેદ દ્રવ્ય છે એ માત્ર અભેદપણું, દ્રવ્યની અભેદતા એ દૃષ્ટિનો વિષય છે. દ્રવ્યમાં રહેલા ભેદો એ દૃષ્ટિનો વિષય નથી. હું પણે શ્રદ્ધાન થાય છે એમાં શક્તિના ભેદો, ગુણના ભેદો એ પણ સ્વીકારાતા નથી. જ્ઞાન ભલે ભેદને જાણે છે તોપણ અભેદતા સાધનારું જ્ઞાન, અભેદ સ્વભાવમાં અભેદતા સાધનારું જ્ઞાન એ પણ ભેદને જોતું નથી. જેનો ભેદ પાડવાનો પરિણામમાં ગુણ છે, એ પણ અભેદને સ્વીકારતા ભેદને જોતું નથી એવું જ્ઞાન છે. તો જેનો ભેદ પાડવાનો ગુણ જ નથી, ધર્મ જ નથી એવી દૃષ્ટિ ભેદને ક્યાંથી સ્વીકારે ? તેને તો ભેદને સ્વીકારવાનો પ્રશ્ન રહેતો નથી. એ ગુણભેદની વાત છે.

પર્યાયભેદમાં સમ્યગ્દર્શન પોતે સમ્યગ્દર્શનને જોતું નથી. કે સમ્યગ્દર્શન કેવળજ્ઞાનને પણ જોતું નથી. એ એનો વિષય જ નથી. મુખ્ય-ગૌણ તો જ્ઞાનમાં થાય

છે. પ્રત્યક્ષ-પરોક્ષ પણ જ્ઞાનનો ધર્મ છે. મુખ્ય-ગૌણ પણ જ્ઞાનનું પરિણામ છે. દૃષ્ટિમાં તો એ પ્રકાર નથી. દૃષ્ટિ તો હયાતીને સ્વીકારે છે. પરમપદની હયાતી, પરમાત્મપદની હયાતી એનો અભેદભાવે સ્વીકાર, બસ એટલું જ માત્ર જેનું પરિણમન છે. પછી જોડે પર્યાય છે કે નહિ ? કેવળજ્ઞાન છે કે નહિ ? ચારિત્રની સ્થિરતા કેટલી છે અને કેટલી નથી ? એ વિષય દૃષ્ટિને રહેતો નથી. એ નથી કે છે એ એકપણ પ્રશ્ન નથી એને.

'સમયસાર'ની અગિયારમી ગાથામાં એ વાત લીધી છે. **'भूदत्थमस्सिदो खलु सम्मादिट्ठी हवदि जीवो।' 'ભૂતાર્થને આશ્રિત જીવ સુદૃષ્ટિ નિશ્ચય હોય છે.'** કે ત્યાં અભૂતાર્થ સ્વરૂપ જે વ્યવહાર છે. વ્યવહાર સઘળોય અભૂતાર્થ છે એમ કહીને વ્યવહારનો નિષેધ કર્યો છે. પણ એ નિષેધ પણ જ્ઞાન અપેક્ષાએ છે. દૃષ્ટિને તો છે કે નથી એ તો પ્રશ્ન જ નથી. છે એને નથી ગણવું, છે કે નથી ને નથી ગણવું બેમાંથી એકપણ પ્રશ્ન નથી. વિષય જ કરવાનું નથી પછી ક્યાં પ્રશ્ન જ છે. એવું દ્રવ્યદૃષ્ટિનું પરિણમન હોય છે. એટલે કેવળજ્ઞાનની પર્યાય સુદ્ધાં એની સામું દૃષ્ટિ જોતી નથી. એને ખબર છે, એને એટલે દ્રવ્યદૃષ્ટિવાળા જીવને ખબર છે કે અનંતકાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંતી વિભૂતિ પ્રગટ કરી છે. દ્રવ્યદૃષ્ટિથી દ્રવ્યમાં રહેલી અનંતગુણની પર્યાય, અનંતગુણનો વૈભવ, અનંત આશ્ચર્યકારી શક્તિઓ પ્રગટ થાય છે. એ દ્રવ્યદૃષ્ટિવાન જીવને, સમ્યગ્દૃષ્ટિને ખબર છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપ્યા વિના કોઈ જીવને આત્મામાં રહેલા વૈભવ અથવા વિભૂતિ પ્રગટ થાય, રિદ્ધિ–સિદ્ધિ, આત્માની રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થાય એવું બનતું નથી. 'સ્થાપીને' એમ લીધું છે.

**'દ્રવ્યદૃષ્ટિવાળા જીવને—ખબર છે કે અનંત કાળમાં અનંત જીવોએ...'** એમ. લ્યો કેવળજ્ઞાન પ્રગટ્યા પહેલા મતિ-શ્રુતજ્ઞાનમાં અનંતકાળ આવી ગયો. કેવળજ્ઞાનમાં તો અનંતકાળ જણાય, પણ શ્રુતજ્ઞાનમાં અનંતકાળ આવી ગયો અને અનંતજીવો આવી ગયા. જે સાધકજીવો દ્રવ્યદૃષ્ટિએ પરિણમ્યા એ કેટલા પરિણમ્યા ? કે અત્યાર સુધીમાં અનંતા પરિણમ્યા. હું પરિણમ્યો છું, તો હું કાંઈ પહેલો વહેલો નવો પરિણમ્યો છું. એમ દ્રવ્યદૃષ્ટિવાળા જાણતા નથી. એમ જાણે છે કે મારા પહેલા અનંતા આવા થઈ ગયા અને હવે મારા પછી પણ અનંતા આવા થશે. ભૂતકાળના અનંતજીવોનું અને ભવિષ્યના અનંતજીવોનું જ્ઞાન થાય છે. અનંતકાળનું પણ જ્ઞાન થાય છે.

અધ્યાત્મનો વિષય ચારે અનુયોગમાં ભરેલો છે. ચારે અનુયોગમાંથી અધ્યાત્મનો વિષય કેવી રીતે કાઢવો ? એ એક વિશિષ્ટ વિષય છે. બધી જ વાતના શાસ્ત્ર આધાર મળે નહિ. કેમકે આગળ ૨૧નંબરનો ભાવનાનો બોલ લીધો છે. જો ભાવના ન ફળે તો ચૌદ બ્રહ્માંડને ફરવું પડે. એ ચૌદ બ્રહ્માંડને ફરવું પડે એમ હું કહું છું એમ નહિ, અનંતા તીર્થંકરોએ કહેલી આ વાત છે. કોઈ પ્રશ્ન પૂછે કે આપે અનંતા તીર્થંકરોએ કહ્યું છે એ કઈ રીતે કહ્યું ? એક તીર્થંકરનો પણ અત્યારે તો યોગ નથી. અનંતા તીર્થંકરોએ કહ્યું છે એવું કઈ રીતે કહ્યું ? તમારી પાસે શાસ્ત્ર આધાર છે કાંઈ ? શાસ્ત્રનો આધાર તો નથી પણ આત્માનો આધાર તો જરૂર છે. આત્માનો પણ અનુભવથી આધાર છે. એમનેમ લુખ્ખે લુખ્ખો અદ્ધરથી આધાર નથી. અને એવો જે આધાર એ આધાર પાસે બધા આધાર ઓછા બળવાન છે. શાસ્ત્રનો આધાર, તર્કનો આધાર, ન્યાયનો આધાર ગમે તે પ્રમાણ હોય એ બધા પ્રમાણ અનુભવ પ્રમાણ કરતા ઓછા બળવાન છે. સૌથી બળવાન અનુભવ પ્રમાણ છે. બધા પ્રમાણોમાં, પાંચે પ્રમાણોમાં બળવાન પ્રમાણ અનુભવ પ્રમાણ છે. અહીંયાં પણ અનંતની વાત લીધી છે, અનંતા તીર્થંકરોની વાત લીધી.

તો અહીંયાં કહે છે કે **'અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ...'** ભૂતકાળમાં સ્થાપી છે. કેવી રીતે ખબર પડી આ ? એ અમારા શ્રુતજ્ઞાનથી અમને ખબર પડી. અમારું શ્રુતજ્ઞાન ભૂતકાળના અનંતકાળને માપી લે છે, ભવિષ્યના અનંતકાળને માપી લે છે. એમાં થયેલા અનંત સાધકોને પણ એ જાણી લે છે. એને પ્રમાણ કરી લે છે. માપી લે છે એટલે પ્રમાણ કરી લે છે. વિશેષે કરીને માપવું એ પ્રમાણ. એવું શ્રુતજ્ઞાન પ્રમાણ છે. ભલે શ્રુતજ્ઞાન પૂરું જ્ઞાન નથી. અથવા અલ્પજ્ઞાનમાં એની ગણતરી છે તોપણ પ્રમાણજ્ઞાનમાં એની ગણતરી છે. માન્ય કરેલું જ્ઞાન છે, અમાન્ય કરેલું જ્ઞાન નથી. એમ કહે છે ને કે આ Recognized વાત છે. એમ પ્રમાણિત થયેલી વાત છે. ખરેખર તો એ જ શાસ્ત્ર છે. દ્રવ્યશ્રુત તો ભાવશ્રુતના નિમિત્તે ઉત્પન્ન થયેલી વાત છે. દ્રવ્યશ્રુત તો ભાવશ્રુતમાંથી નીકળેલી વાત છે. પણ દ્રવ્યશ્રુત છે એ દ્રવ્ય આગમ છે અને ભાવશ્રુત છે એ ભાવાગમ છે ખરેખર તો. આગમ અધ્યાત્મમાં મુખ્ય વાત તો ભાવ આગમ અને ભાવ અધ્યાત્મની છે. પછી એના વચનોને દ્રવ્ય આગમ અને આગમના સિદ્ધાંતો અને અધ્યાત્મના સિદ્ધાંતો એ વચન વ્યવહારને

કહેવાય છે.

**'અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને...'** કેવી રીતે ? મને જેવી રીતે પ્રગટ થઈ છે એવી રીતે. આવી રીતેનો અર્થ એ છે. જેવી રીતે પોતાને દૃષ્ટિ પ્રગટ થઈને કામ કરી રહ્યું છે, બસ ! આવી જ રીતે અનંતજીવોને ભૂતકાળમાં થઈ છે. ભવિષ્યમાં અનંત જીવોને આવી જ રીતે થશે. કોઈને રીતનો ભેદ નહિ હોય, કોઈને પરિણમનનો ભેદ નહિ હોય, કોઈ પ્રકાર ભેદ એમાં ઉત્પન્ન થવાનો નથી. પછી અવસ્થા ગમે તે હોય. તિર્યંચની અવસ્થા હોય, મનુષ્યની અવસ્થા હોય, નારકીની અવસ્થા હોય, જીવની... અવસ્થા હોય. તે અવસ્થાભેદ ગમે તે હોય પણ એ બધામાં એક જ રીતે પરિણમન થવાનું છે. બીજી કોઈ રીતે કોઈને પરિણમન થવાનું નથી. શું કહે છે ?

**'અનંત કાળમાં અનંત જીવોએ આવી રીતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ સ્થાપીને અનંતી વિભૂતિ પ્રગટ કરી છે.'** આત્મામાં રહેલી અનંતગુણની વિભૂતિ, અનંત આત્મિક રિદ્ધિ અને આત્મિક સિદ્ધિ; પુદ્‌ગલની રિદ્ધિ-સિદ્ધિ નહિ, નવ નિધિ નહિ. અનંતી નિધિ પ્રગટ કરી છે. એ આ પ્રકારે જ પ્રગટ કરી છે. બીજો કોઈ પ્રકાર નથી. અને દૃષ્ટિ સ્થાપીને પ્રગટ કરી છે એનો અર્થ કે દૃષ્ટિ સ્થાપ્યા વિના કોઈને આત્માની રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થઈ છે એમ પણ બન્યું નથી. એટલે દૃષ્ટિ વિહીન હોય કોઈ, દ્રવ્યની દૃષ્ટિ ન હોય, આત્મદૃષ્ટિ ન હોય અને એમ કહે કે આત્માની ઘણી શક્તિ પ્રગટ કરી છે એ વાત પણ માનવા જેવી નથી. બાકી તો રિદ્ધિ-સિદ્ધ પુણ્યથી મિથ્યાદૃષ્ટિ જીવોને પણ પ્રગટ થાય છે. આ વિદ્યાધરોનું તો કામ જ એ હોય છે. જે મનુષ્ય વિદ્યાધર તરીકે હોય છે એ તો તપશ્ચર્યા કરીને વિદ્યા સાધવી. વિદ્યા તો વિદ્યા સાધવી... (કે) પુદ્‌ગલીક રિદ્ધિ-સિદ્ધિ કહો બે એક જ વાત છે.

**'દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ;...'** દ્રવ્યદૃષ્ટિ હોય તો પછી દ્રવ્યમાં જે જે હોય તે પ્રગટ થાય જ; **'છતાં 'મને સમ્યગ્દર્શન થયું, મને અનુભૂતિ થઈ' એમ દૃષ્ટિ પર્યાયમાં ચોંટી નથી જતી.'** અહીંયાં શું લેવું છે ? એક સ્પષ્ટીકરણ તો એ કરવું છે કે, દ્રવ્યદૃષ્ટિ હોય એને દ્રવ્યમાં જે જે હોય, કેવળજ્ઞાન છે, અનંતસુખ છે, અનંતવીર્ય, અનંત પુરુષાર્થ છે. એ બધું જે જે છે એ બધું પ્રગટ થાય છે. દ્રવ્યદૃષ્ટિ હોય એને પ્રગટ થાય, થાય અને થાય જ. થયા વિના રહે નહિ.

અવશ્ય થાય જ. એ તો જાણવા માટે કહ્યું છે. એના ઉપર દૃષ્ટિ મૂકવા માટે કહ્યું નથી. એમ કહેવું છે. જાણવા માટે કહ્યું. જે દ્રવ્યમાં અનંતુ ભર્યું છે. દ્રવ્યદૃષ્ટિવાળાને પ્રગટ થવાનું જ. થવાનું, થવાનું અને થવાનું. એ તો થાય જ. થાય જ છતાં એનું સ્થાન શું ? કે દૃષ્ટિ એના ઉપર મૂકવી નહિ. દૃષ્ટિને એનું સ્થાન બનાવવું નહિ એમ કહેવું છે. એટલે છતાં એમ કરીને વાત લીધી છે. **'છતાં 'મને સમ્યગ્દર્શન થયું,...'** મને અનુભવ થઈ ગયો, એમ દૃષ્ટિ પર્યાય ઉપર જતી નથી. ચોંટી જતી નથી. કેમકે એનો તો ચોંટવાનો સ્વભાવ છે. એ દૃષ્ટિ પર્યાય ઉપર જતી નથી. પર્યાય ઉપર દૃષ્ટિ ચોંટતી નથી. બધું પ્રગટ થાય છે ખરું, પણ થાય છે એ તો જણાવવા માટે કહ્યું છે. દૃષ્ટિ બદલવા માટે કે દૃષ્ટિ એના ઉપર રાખવા માટે શું શું થાય છે એમ કાંઈ કહેવું નથી.

સમ્યગ્દર્શન ને અનુભવની સામું ન જોવું !? એમ કહે છે. દૃષ્ટિએ કરીને જોવાનો પ્રશ્ન નથી. જ્ઞાનમાં ગૌણપણે જાણવાનો પ્રશ્ન છે. જ્ઞાનમાં પણ ગૌણપણે જાણવાનો પ્રશ્ન છે, મુખ્યપણે જાણવાનો એ પ્રશ્ન નથી. ગૌણ મુખ્યમાં મુખ્ય છે. દ્રવ્ય જે દૃષ્ટિનો વિષય છે તે જ મુખ્ય છે અને જ્ઞાનની મુખ્યતાને દૃષ્ટિના વિષય સાથે અવિનાભાવી સંબંધ છે. જેની દૃષ્ટિ હોય એની જ સહજપણે જ્ઞાનમાં મુખ્યતા રહે. રાગની દૃષ્ટિ છે તો રાગની મુખ્યતા રહે, પરની દૃષ્ટિ છે તો પરની જ મુખ્યતા રહે, જેની દૃષ્ટિ એની મુખ્યતા સહજપણે (રહે).

જ્યાં જ્ઞાનથી કામ થાય છે ત્યાં પણ પદ્ધતિ એ છે કે જેને મુખ્ય કરી રહ્યો છે એને ગૌણ કરે છે. એ સમજીને પુરુષાર્થ થઈ શકે છે. અને ત્યાં મિથ્યાત્વ ગળતું જાય છે. મિથ્યાત્વની શક્તિ છે એ હીન થતી જાય છે, કપાતી જાય છે. એમ શ્રદ્ધાગુણ છે એમાં નાસ્તિથી એ રીતે આગળ વધે છે. પણ મુખ્યતા છે એ બદલે છે. દ્રવ્યને ઓળખતા દ્રવ્યની મુખ્યતા આવે છે અને દ્રવ્યની મુખ્યતા આવતા દૃષ્ટિ પલટાય છે. દ્રવ્યને ઓળખતા એની મહાનતા સમજાય છે, મહાનતા જ્ઞાનમાં આવે છે અને મહાનતા જ્ઞાનમાં આવતા એની મુખ્યતા આવી જાય છે, અને એની મુખ્યતા આવતા દૃષ્ટિ પલટો મારે છે. એ પ્રકાર થયો.

પણ એ બધો પર્યાયનો વિષય મેળવવા માટે છે, જાણવા માટે છે, તપાસવા માટે છે, મેળવવા માટે છે પણ આધાર લેવા માટે નથી. આધાર લેવો, મુખ્યતા કરવી

એ તો એક ત્રિકાળી દ્રવ્યસ્વભાવની જ મુખ્યતા કરવાની આજ્ઞા છે. પર્યાયને તો મેળવવાનો કે તપાસવા પૂરતો જ વિષય રાખવાનો છે. એથી આગળ ત્યાં જવાનું નથી. એ મર્યાદા છે.

સમ્યગ્દર્શન અને અનુભવ થયો એ તો પ્રારંભ છે. **'તે તો પ્રારંભથી પૂર્ણતા સુધી,...'** એટલે કેવળજ્ઞાનપર્યંત. અનંતઆનંદ પરમાનંદ પ્રગટે ત્યાં સુધી. **'બધાંને કાઢી નાખી,...'** એમ. ગૌણ કરીને એમ અહીંયાં વાત નથી લીધી. બધાને નય વિષય કરીને, **'કાઢી નાખીને, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે.'** કોઈને વિષય કરે નહિ. સમ્યગ્દર્શન થતાં અનંતકાળમાં કદીપણ ન અનુભવમાં આવેલો આત્માનો આનંદ ઉત્પન્ન થાય. મુનિદશામાં આનંદની છોળો ઊડે. ફુવારા ફાટે અને અરિહંતદશામાં પરમાનંદ પરમઉત્કૃષ્ટ ચરમસીમાનો આનંદ પ્રગટ થાય તોપણ દૃષ્ટિ સામે જોતી નથી. આનંદની સામે જોતી નથી. પણ આનંદ તો એક સમયની પર્યાય છે. આનંદનું ધામ આખું દૃષ્ટિના કબજામાં છે. જેને આખો ખજાનો કબજામાં છે, તે થોડુંક બહાર છલકાય છે, એને પકડવા જાતું નથી. જેની પાસે આખો ઘડો ભર્યો છે એને થોડું બહાર છલકાય જાય તો એને પકડવા જતો નથી, ઘડાને સાચવે છે. છલકાયેલું લેવા જાય તો ઘડો ખોઈ બેસે. એમ છે. દ્રવ્ય તો કુંભ છે. અમૃતનો કુંભ છે.

મુમુક્ષુ :- ગૌણ એટલે કાઢી નાખે ને.

પૂજ્ય ભાઈશ્રી :- એ દૃષ્ટિનું કાર્ય ગૌણ-મુખ્ય કરવાનું નથી. આ દૃષ્ટિની વાત ચાલે છે. જ્ઞાનની વાત નથી ચાલતી. જ્ઞાન મુખ્ય-ગૌણ કરે છે. દૃષ્ટિમાં મુખ્ય-ગૌણ કરવાનો ધર્મ નથી, દૃષ્ટિનો જેને વિષય કરે તેને પૂરેપૂરું એકધારું એને જ વિષય કરે. બીજાને વિષય ન કરે. કાઢી જ નાખે બધાને. બાદ એટલે કાઢી નાખે. આ હું નહિ. એક સમયનું કેવળજ્ઞાન તે હું નહિ એમ કહે છે. એટલે પ્રયોજનભૂત વિષયમાં સમ્યગ્દર્શન પણ નથી અને કેવળજ્ઞાન પણ નથી.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં 'સોગાનીજી'ની શૈલી આવેલી છે. કે મોક્ષ પર્યાય સે મુજે પ્રયોજન નહિ. એવી જ દૃષ્ટિ પ્રધાન શૈલી છે. એ દૃષ્ટિ પ્રધાન શૈલીથી એ વિષય ન સાંભળ્યો હોય તો ભડકે છે. શું કહે છે સમ્યગ્દર્શન..., અહીંયાં તો સમ્યગ્દર્શન માટે હજી અમે માથાકૂટ કરી રહ્યા છે. સમ્યગ્દર્શન પામવા માટે અમે તો હજી વર્ષોથી મહેનત કરીએ છીએ અહીંયાં. આ કહે છે કે મોક્ષપર્યાયથી પ્રયોજન નથી. આ કઈ

જાતનો ધડાકો છે ? ભાઈ ! પ્રયોજનનો વિષય એટલે કે આધારભૂત વિષય, આધાર લેવાનું સ્થાન એ સ્વદ્રવ્ય છે અને કોઈપણ પર્યાય નથી. પ્રારંભથી માંડીને પૂર્ણતા સુધી. બધાને દૃષ્ટિ કાઢી નાખે છે. કોઈને પણ સ્વીકારતી નથી. **'બધાંને કાઢી નાખી, દ્રવ્ય ઉપર જ સ્થપાયેલી રહે છે.'** બધાને ગૌણ રાખીને એમ નથી કહેતા (પરંતુ) કાઢી નાખીને દ્રવ્ય ઉપર જ દ્રવ્યદૃષ્ટિ સ્થપાયેલી રહે છે. એમાંથી આ બહુ સારો ભાવ કાઢ્યો છે.

કે **'કોઈ પણ જાતની આશા વગર તદ્દન નિઃસ્પૃહ ભાવે જ દૃષ્ટિ પ્રગટ થાય છે.'** દૃષ્ટિમાં એમ નથી કે મને આનંદ પ્રગટે, મને સુખ પ્રગટે, અને શાંતિ રહે એટલે બસ. એમ દૃષ્ટિમાં નથી. પ્રગટ કરવાની વાત દૃષ્ટિમાં નથી. દૃષ્ટિને તો એનો ભગવાન, એનો પરમાત્મા પ્રગટ જ છે. નવો પ્રગટ કરવાનો પ્રશ્ન રહેતો નથી. એ એમ જુએ છે કે પહેલા... પોતે વિમુખ છે. વિમુખપણે આ નિત્ય પ્રગટ, અનાદિ પ્રગટ પરમાત્માને મેં જોયા નહિ. હવે એની સન્મુખ થતાં તે પરમાત્મતત્ત્વને ભૂતાર્થ સ્વરૂપે મેં જોયા, વાત પૂરી થઈ ગઈ. હવે પ્રગટ કરવું, નહિ પ્રગટ કરવું એ પ્રશ્ન મારા માટે રહેતો નથી. મારે એ પ્રશ્ન જ નથી.

મુમુક્ષુ :– એ પોતાના અભિપ્રાયથી ખ્યાલ આવી જાય ને ?

પૂજ્ય ભાઈશ્રી :— એ અભિપ્રાય જ્ઞાનનો પર્યાય છે, દૃષ્ટિનો નથી. અહીંયાં દૃષ્ટિનું પરિણમન સમજાવું છે. દૃષ્ટિનું પરિણમન કેવું હોય છે, એનો ધર્મ કેવો, એનો ગુણ કેવો, પ્રકાર કેવો, પરિણમનનો પ્રકાર કેવો ? દૃષ્ટિ એટલે શું ? એ વાત સમજાવી છે. એ વિષયને સ્પષ્ટ કરવો છે. અભિપ્રાય જ્ઞાનમાં રહે છે (એ) બરાબર છે. દૃષ્ટિ એનો નિષેધ કરે છે એમ કહેવાય, ખરેખર એને વિષય કરતી નથી. દૃષ્ટિ એને વિષય કરતી નથી. બધું સાથે સાથે જ્ઞાનમાં ચાલે છે. જ્ઞાનમાં, શ્રદ્ધાનમાં પરિણમન સાથે-સાથે ચાલે છે. પણ જ્ઞાન જ્ઞાનનું કામ કરે છે, અને દૃષ્ટિ દૃષ્ટિનું કામ કરે છે. દૃષ્ટિ જ્ઞાનનું કામ કરે નહિ અને જ્ઞાન દૃષ્ટિનું કામ કરે નહિ. એમ લેવું.

જ્ઞાનના અભિપ્રાયમાં એમ છે કે મને સુખ હો, મને શાંતિ હો. મને અશાંતિનો અને દુઃખનો ઉપદ્રવ ન હો. એવું ભલે જ્ઞાનમાં, સમજણમાં અભિપ્રાય હોય, તોપણ જ્ઞાનમાં એ અભિપ્રાય સમ્યક્ ક્યારે ? સાચો ક્યારે ? કે એની ગૌણતા રહે ત્યારે. એની મુખ્યતામાં એ વાત સાચી નથી. એમ છે. જ્ઞાનમાં પણ એમ છે. મુખ્યપણે

તો જ્ઞાન દૃષ્ટિને સાથ આપે છે. જેને દૃષ્ટિ વિષય નથી કરતી એને જ્ઞાન સાથ નથી આપતું. ભલે અભિપ્રાય છે તોપણ મુખ્યપણે તો એને દ્રવ્યની જ જ્ઞાનમાં મુખ્યતા છે. સુખ-શાંતિ પ્રગટ કરવાની જ્ઞાનમાં મુખ્યતા નથી, જ્ઞાનની ગૌણતા છે. એમ કહેવાય.

આનંદ આવ્યા પછી જો પર્યાયમાં ઉત્પન્ન થવાવાળી શાંતિ અને સુખની મુખ્યતા રહે અને મુખ્યતા થાય, સમ્યગ્દર્શનમાં આનંદ આવે અને એ આનંદની જો મુખ્યતા થઈ જાય તો સમ્યગ્દૃષ્ટિ સમ્યગ્દર્શનથી ચ્યુત થઈ જાય. એનું સમ્યગ્દર્શન નાશને પામે. સમ્યગ્દર્શનનો વિનાશ થાય. એટલે તો અન્યમતમાં આ વાત કાંઈ સમજાતી નથી, જરા અટપટી વાત લાગે છે. વિજ્ઞાન એનું આવું છે. પરિણામનું પણ આવું વિજ્ઞાન છે, ભવના પરિણમનનું આવું વિજ્ઞાન છે. નહિતર એ પ્રશ્ન તો થવાયોગ્ય છે કે, જે જીવ સમ્યગ્દૃષ્ટિ થયો, એને સમ્યગ્દર્શન પહેલા સ્વરૂપનું અત્યંત સ્વરૂપરસવાળું ઘોલન હોય છે. અને એને નિર્વિકલ્પદશા ઉત્પન્ન થતી હોય છે. સમ્યગ્દર્શન, સ્વસંવેદનજ્ઞાન અને સ્વરૂપનો આનંદ ઉત્પન્ન થયો. પછી થોડી સેકન્ડોમાં જે ચ્યુત થાય છે, જે સેકન્ડોમાં ચ્યુતિ થાય છે, તો જઘન્ય અંતર્મુહૂર્તમાં એ દશા પૂરી થઈ જાય છે. સવિકલ્પદશામાં આવતાવેત ક્ષણમાત્રની અંદર, થોડી સેકન્ડોમાં ચ્યુત થાય છે. જ્યારે જે સેકન્ડોમાં, જે પળોની અંદર એની ચ્યુતિ થાય છે એ પળોની અંદર કોઈ દુનિયાદારીનો વિષય નથી ઊભો થતો કાંઈ. જગતના કોઈ પદાર્થનો વિષય નથી. વિષયકષાયમાં એ જીવ આવ્યો નથી. ત્યાં પણ હજી સ્વરૂપરસવાળુ ઘોલન જ ચાલે છે. એમ જે કામ કરવું હોય એ કામ શરૂ કર્યા પહેલા એ કામનો વિચાર, અને તીવ્રરસથી એ કામ થયું હોય તો પૂરું થયા પછી પણ એનો જ વિચાર, એમ લંબાય છે કે નહિ ? વાંચન તીવ્ર રસથી કરે તો એને ત્યાર પછી એ જ વિચારો ચાલતા હોય, પહેલા પણ એ વિચારો આવે. એમ સમ્યગ્દર્શન તો કોઈ અભૂતપૂર્વ પર્યાય છે. અપૂર્વ વસ્તુ ઉત્પન્ન થઈ. તો કેટલા રસથી ઉત્પન્ન થઈ હશે ? કોઈ કાળે જેટલો રસ ઉત્પન્ન નથી થયો એટલો રસ આત્માનો પર્યાયમાં ઉત્પન્ન થયો છે અને એનો સ્વાદ લીધો. અપરોક્ષપણે પ્રત્યક્ષ થઈને એનો સ્વાદ લીધો, અનુભવ લીધો. પછી થોડી જ પળોમાં ચ્યુતિ થાય છે. તો કાંઈ વિષય કષાયના કારણે તો ત્યાં થયું નથી. હજી તો એના ઘોલનમાંથી બહાર નીકળી શકે એમ નથી. સ્વરૂપના ઘોલનમાંથી તાત્કાલિક તો બહાર નીકળી શકે એમ છે નહિ. એટલો તો રસ ત્યાં

આવ્યો છે. તો ચ્યુતિ થવાનું શું કારણ હશે ? પર્યાયની મુખ્યતા થઈ ગઈ. શું થયું ? ત્યાં જે આનંદ આવ્યો એ આનંદની મુખ્યતા થઈ ગઈ. ત્યાંને ત્યાં તો બીજું કાંઈ છે નહિ. હજી તો થોડી પળો જ છે. સેકન્ડો ચાલે છે. એ સેકન્ડની અંદર કેમ દૃષ્ટિ છૂટી ગઈ ? દૃષ્ટિ વિપરીત થઈ ગઈ. છૂટી ગઈ એટલે વિપરીત થઈ ગઈ. કેમ વિપરીત થઈ ? કે પર્યાય ઉપર ગઈ માટે વિપરીત થઈ. એમ.

'ગુરુદેવશ્રી'એ બધું બહુ સ્પષ્ટ કરેલું છે. ત્યાં નહિતર શું કારણ છે ? મિથ્યાદૃષ્ટિ થવાનું શું કારણ ? 'પર્યાય મૂઢાઃ પરસમયાઃ' પર્યાયમાં મૂઢપણું થયું. જેટલી પર્યાયની ગૌણતા હોય એ વિષયનો અંદાજ બાંધવો (જોઈએ). એ અંદાજ બાંધવા માટે અનેકવિધ પ્રકારે જેને દૃષ્ટિ પ્રગટ થઈ છે એવા દ્રવ્યદૃષ્ટિવંત ધર્માત્માઓએ શૈલીથી વાત કરી છે. ક્ષાયિક પર્યાય કે 'परदव्वं परभावं हेयं इति' શૈલીથી વાત કરે છે. પરદ્રવ્ય છે, પરભાવ છે, એની દૃષ્ટિ નથી કરવાની, આશ્રય નથી લેવાનો એનો, એની મુખ્યતા નથી કરવાની. દ્રવ્યાનુયોગથી તો ક્ષાયિક પર્યાય કાંઈ પરદ્રવ્ય છે ? દ્રવ્ય તો છે જ નહિ. પર્યાય જ છે. ક્ષાયિક પર્યાય તો પર્યાય છે, દ્રવ્ય નથી. તો કહે 'परदव्वं' 'નિયમસાર'ની ૫૦મી ગાથાની ટીકામાં પહેલો બોલ એ છે.

ભગવાન 'પદ્મપ્રભમલધારીદેવે' જબરદસ્ત ટીકા કરી છે. 'परदव्वं' પણ એ તો પર્યાય છે ને પ્રભુ ! તો કહે જેમ પરદ્રવ્ય છે એ સ્થાને એ છે. એટલે અમે એને પરદ્રવ્ય કહીએ છીએ. એને અમે પરદ્રવ્યના સ્થાનમાં મૂકતા હોવાથી, જેમ પરદ્રવ્ય આશ્રય કરવા યોગ્ય નથી, ઉપાદેય નથી, ક્ષાયિક પર્યાય કેવળજ્ઞાનની હોય (તોપણ) ઉપાદેય નથી, એટલે એને પરદ્રવ્ય કહીએ છીએ. સંપૂર્ણ સ્વભાવભાવે પ્રકાશિત હોવા છતાં એને પરભાવ કહીએ છીએ. અને દૃષ્ટિનો વિષય નહિ હોવાથી એને હેય કહીએ છીએ. એક સાથે ત્રણ બોલ લીધા છે. 'परदव्वं परभावं हेयं इति' આ પ્રમાણે છે. આ એનો ખુલાસો છે.

એ પર્યાયનું દૃષ્ટિમાં શું સ્થાન છે ? એ બધી શૈલીથી એ વિષય સ્પષ્ટ થાય છે. અહીંયાં એક વિશેષ ભાવ કાઢ્યો છે કે દૃષ્ટિને આશા નથી, દૃષ્ટિને સ્પૃહા નથી, કોઈની આશા નથી. આનંદની આશા નથી, આનંદની સ્પૃહા નથી, સુખની સ્પૃહા નથી. લ્યો ઠીક. દૃષ્ટિને સુખની સ્પૃહા નથી. એ તો સુખનું ધામ છે એવું જે પોતાનું સ્વરૂપ છે. પાછું સુખનું ધામ છે એ કોઈ અન્ય નથી. પોતાનું જ જે સ્વરૂપ સુખનું

ધામ છે, એને એવી રીતે લપેટ થઈને, વળગીને રહી છે, ચોંટીને રહી છે કે એને એ સ્વદ્રવ્યની સ્પૃહા એટલી બધી છે, પરિપૂર્ણ છે. પૂરેપૂરી સ્વદ્રવ્યની સ્પૃહા છે કે, જેથી એને પ્રગટ થતી પર્યાયની પણ સ્પૃહા નથી, આશા નથી. આવી પર્યાય પ્રગટ થાવ એવી આશા દૃષ્ટિ ધારતી નથી. આને પરમ નિઃસ્પૃહપણું કહેવામાં આવે છે. નિઃસ્પૃહતાની આ ચરમસીમા છે. એક સમયના પરમાનંદની જેને સ્પૃહા નથી, એવી દૃષ્ટિ સ્વચ્છંદે પ્રવર્તે છે. ઠીક ! એ એક સ્વચ્છંદ છે એનો, પણ ગુણ છે. આ દોષ નથી પણ ગુણ છે આ. સ્વચ્છંદ જ છે એટલે કોઈનો એમાં હસ્તક્ષેપ કામમાં આવે એવું નથી. બહુ સરસ ભાવ કાઢ્યો છે. કોઈપણ જાતની આશા વગર એમ. કોઈપણ જાતમાં બધું આવી ગયું. આત્માની રિદ્ધિ-સિદ્ધિ પ્રગટ થાવ, કાંઈ નહિ. આત્માની અનંત શક્તિઓ પ્રગટ થાવ, થાશે જ. દૃષ્ટિવાનને તો થાશે જ, પણ એની સ્પૃહા જેને નથી એવું જેનું પરિણમન છે એને દ્રવ્યદૃષ્ટિ કહીએ. એની સ્પૃહા હોય એને દ્રવ્યદૃષ્ટિ હોય નહિ.

શા માટે ? કેમ કરીને જ્ઞાનીને, ધર્મીને અભિમાન હોતું નથી એનો આ સીધો જવાબ છે. કે પર્યાયમાં અહંપણું છૂટી ગયું છે એને અભિમાન થવાનો પ્રશ્ન રહેતો નથી. કોઈ સમ્યગ્દૃષ્ટિ હોય તો ઘણું જ્ઞાન, ચૌદ પૂર્વનું જ્ઞાન થાય અને કોઈ મુનિ હોય એને એક પૂર્વનું અલ્પ પણ જ્ઞાન ન હોય શાસ્ત્રનો. આમ તો ચૌદેપૂર્વનો સાર એની પાસે છે પણ એક પૂર્વનું શાસ્ત્રનું, પદ્ધતિસરનું અલ્પ પણ જ્ઞાન ન હોય. અલ્પ હોય એમ નહિ, અલ્પ પણ ન હોય. અને કોઈ ચોથા ગુણસ્થાનવાળા સમ્યગ્દૃષ્ટિ બારઅંગધારી હોય. અગિયાર અંગ અને ચૌદપૂર્વ બારે-બાર અંગધારી હોય તો એને અહંપણું ન થાય. કે આ મુનિ છે એને કાંઈ ખબર પડતી નથી, આપણને–સમ્યગ્દૃષ્ટિને બાર અંગ છે. લબ્ધિ પ્રગટી હોય છે. આમ તો ભણ્યાં ભણાતા નથી (પણ) લબ્ધિ પ્રગટી હોય છે. દ્રવ્યલિંગી સાધુ હોય, દેવદૃષ્ટિ હોય, એટલો આચાર હોય બાર અંગની લબ્ધિ પ્રગટે. મિથ્યાદૃષ્ટિને અગિયાર અંગ અને નવ પૂર્વની લબ્ધિ પ્રગટે છે. સમ્યગ્દૃષ્ટિને બાર અંગ અને ચૌદપૂર્વની લબ્ધિ પ્રગટે છે. મુનિ કરતા વિશેષ થઈ ગયું એવું અભિમાન એને થતું નથી. એ તો સમજે છે કે આ તો ક્ષયોપશમ છે. કેવળજ્ઞાન પાસે તો અનંતમાં ભાગે છે, અને કેવળજ્ઞાનથી અનંતગુણ સંપન્ન મારું જે જ્ઞાનગુણ છે એ તો મારું સ્વરૂપ છે. તો હું જ્ઞાનનો સમુદ્ર થઈને એ ખાબોચિયામાં

કેવી રીતે આવું ? ચૌદપૂર્વની લબ્ધિ પણ અનંત જ્ઞાનગુણની શક્તિ પાસે તો એ ખાબોચિયા જેવડી છે. નાનું ખોબાચિયું હોય એનો સમુદ્ર પાસે શું હિસાબ છે ? કાંઈ હિસાબ નથી. એવું એના જ્ઞાનમાં બરાબર માપ છે. પોતાના સ્વરૂપનું અને વર્તમાન પર્યાયનું એને માપ છે. જો ચૌદપૂર્વની લબ્ધિમાં પણ અહંપણું થતું નથી, તો બીજા ઓછાવત્તા ક્ષયોપશમધારી સમ્યગ્દષ્ટિને ક્યાંય પણ શ્રુતજ્ઞાનના વિકાસનું અહંપણું થાય એ પ્રશ્ન રહેતો નથી.

**'કોઈ પણ જાતની આશા વગર...'** એટલે કોઈપણ ગુણના પરિણમનમાં, કોઈપણ પર્યાયની આશા વગર, કોઈપણ સંયોગની આશા વગર. અહીં તો મિથ્યાદષ્ટિ હોય, અત્યારે આપણને (સમ્યક્)દર્શન નથી થતું તો કાંઈ નહિ. હવે આપણે ભાવ સારા કરીએ, પુણ્ય બાંધીએ, સારા ભાવ રાખીએ, દેવ-ગુરુ-શાસ્ત્રમાં અર્પણતા કરીએ, વળી પાછા આપણને ભવિષ્યમાં દેવ-ગુરુ-શાસ્ત્ર મળે. કાંઈ નહિ તો મહાવિદેહ આદિ ક્ષેત્ર મળે ત્યાં તો દેવ-ગુરુ-શાસ્ત્રની ઉપલબ્ધિ સારી છે, વિપુલ પ્રમાણમાં છે. તો ત્યાં પાછું પામીશું. અહીંયાં નહિ પામીએ તો ત્યાં પામીશું. એને કહે છે કે, અહીંયાં તો તારે ઉપેક્ષા કરવી છે, અને ત્યાં તારે આશા રાખવી છે. અહીંયાં તું કામ કરી શકે છો એ પરિસ્થિતિમાં તારે ઉપેક્ષા કરવી છે, અહીંયાં આત્માનો પુરુષાર્થ કરવાને બદલે પુણ્ય બાંધવું છે અને પછી ભવિષ્યના પુણ્યના ફળમાં તારે પુરુષાર્થ કરવો છે. તારી વિચારણાનું કોઈ ઠેકાણું નથી. એ વાત તારા સ્વરૂપની અરુચિમાંથી ઉત્પન્ન થયેલી છે. પછી કરીશ એ વાત ક્યાંથી ઉત્પન્ન થઈ ? કે અત્યારે કરવું નથી ત્યાંથી ઉત્પન્ન થઈ.

કોઈ દેણદાર પાસે કોઈ લેણદાર જાય અને જેણે દેણું છે એની પાસે પૂરતા પૈસા હોવા છતાં એક પૈસો ન આપે અને એમ કહે કે હું તમને ભવિષ્યમાં દઈશ, અત્યારે નહિ. શું કહે ? કે તમારી પાસે તો પાંચ-પચ્ચીસ લાખની મૂડી છે. મારા તો પચ્ચીસ હજાર જ બાકી છે અને મારે જરૂર છે. મને મારા પૈસા પાછા આપો. તો કહે અત્યારે ન આપું. પણ છે ને ? તો કહે છે તો ખરા, પણ અત્યારે નહિ. એનો અર્થ શું થાય ? કે આને દેવાની દાનત નથી. સીધી વાત છે કે નહિ ? એમ અત્યારે પુરુષાર્થ કરી શકું એમ છું. તો કહે અત્યારે તો પુણ્ય બાંધવું. મહાવિદેહમાં જઈને પછી પુરુષાર્થ કરીશ. તું કદી પુરુષાર્થ કરવાનો નથી એ વાત નક્કી છે. અત્યારે

કરવો નથી, ભવિષ્યમાં પણ તારે કરવો છે એ વાત અમે માનતા નથી.

અહીંયાં કેટલી સ્પૃહા ઉડાડી છે એમ કહેવું છે. જેને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કરવી છે એને આ વાત સમજવી જોઈએ, સમજવી પડશે. એ વગર દ્રવ્યદૃષ્ટિ થાશે નહિ. એટલે દ્રવ્યદૃષ્ટિની સ્પૃહા નથી, તો કોઈપણ જાતની સ્પૃહા રાખીને દ્રવ્યદૃષ્ટિ પ્રગટ થાશે નહિ. એમ. કોઈપણ જાતની આશા અને સ્પૃહા વિના દ્રવ્યદૃષ્ટિ એવા ભાવે પ્રગટ થાય છે કે જેને કોઈ સ્પૃહા હોતી નથી. અને એ બહુ વાસ્તવિક છે. દૃષ્ટિને સ્પૃહા નહિ હોવાનું વાસ્તવિક એટલા માટે છે કે, દૃષ્ટિની જે અનંત ગુણની ખાણ મળી ગઈ છે. જે ખજાનો અને જે ભંડાર એના હાથમાં આવ્યો છે, એના કબજામાં આવ્યો છે એની પાસે કોઈ ઉત્કૃષ્ટ નથી. એક સમયની પૂર્ણ પર્યાય પણ એની પાસે ઉત્કૃષ્ટ નથી. અધૂરી પર્યાયનો તો ક્યાં હિસાબ કરવો ? પૂર્ણ પર્યાય પણ ઉત્કૃષ્ટ નથી. તો વાસ્તવિકતા એ છે કે, જે એક સમયની પૂર્ણ પર્યાયથી અનંતગુણ છે એને ગૌણ કરીને એક સમયની પર્યાયને કેવી રીતે વળગે ? એના પ્રત્યે જવાનો, એની આશા રાખવાનો પ્રશ્ન રહેતો નથી.

ઉકરડા ઉઠાવવાવાળા, આ ઉકરડા હોય છે ને ? ઉકરડામાંથી ગોતતા હોય, કાંઈ રહી ગયું, ઉકરડામાંથી કાંઈ ગોતે. તો શ્રીમંત માણસ એમ કદી વિચાર કરે છે ? આ કેટલાક તો ઉકરડા ભર્યા જ કરે છે. આપણે તો કોઈ દિવસ નથી જતા. એકાદ દિવસ તો જવું જોઈએ કે ન જવું જોઈએ. કોઈ દિવસ કોઈ ચીજ રહી ગઈ હોય. કાંઈ લાલચને બહાને. કાંઈ આશા રાખે છે ઉકરડામાં ? ઉકરડાની આશા રાખવાની હોતી નથી. કેવી રીતે રાખે ? જેની પાસે સંપત્તિ છે. તો કહે છે કે રોજ વાસીદું કાઢીને ઉકરડે નાખી આવવાનું હોય. ઘરમાંથી રોજ વાળી-ચોળીને ઉકરડે નાખી આવવાનું હોય. ત્યાંથી પછી કાંઈ આશા રાખવાનો પ્રશ્ન ઉત્પન્ન થતો નથી. એમ 'સમયસાર'ની અંદર અજીવ અધિકારમાં એ વિષય લીધો છે. ૪૫૫ ગાથામાં, છ ગાથા સાથે છે. ૨૯ બોલનો ઉકરડો કહેતા હતા. ૨૯ બોલ લીધા છે. અ-અ બે અ આવે છે. ઓગણત્રીસ અને ઉકરડો. અને આમાં કાંઈ નથી. બધી પર્યાયોની વાત લીધી છે. એકપણ પર્યાયની આશા રાખવાનો પ્રશ્ન નથી.

એટલું તો નહિ પણ એ બધી જીવની પર્યાયને અજીવમાં ખતવી છે. પુદ્ગલના પરિણામ હોવાને લીધે આત્માથી બાહ્ય છે. આત્માની અનુભૂતિથી એ બાહ્ય છે. એટલે

અનુભૂતિ એને વિષય જ કરતી નથી, આમ લીધું છે, સીધેસીધું. એમાં ગુણસ્થાન લઈ લીધા છે. ગુણસ્થાન, માર્ગણાસ્થાન અને જીવસ્થાન ત્રણ બોલ એ છે. એના પેટા ભેદ કરો તો ૧૪-૧૪-૧૪ (તરી) ૪૨ થાય. બધા લઈ લીધા. આના ઉપરથી કેવી દ્રવ્યદૃષ્ટિ હોય છે એ સ્પષ્ટ છે. અને જો દ્રવ્યદૃષ્ટિ આવી છે તો એના વિષયભૂત દ્રવ્ય કેવું છે ? એ પણ એમાંથી નીકળે છે. બે વાત સાથે-સાથે એમાંથી સ્પષ્ટ છે.

મુમુક્ષુ :– કોઈપણ પ્રકારના કષાય હોય તો ...

પૂજ્ય ભાઈશ્રી :– કોઈપણ પ્રકારના ?

મુમુક્ષુ :– કષાયના દોષરૂપ ભાવ હોય તો...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો પ્રશ્ન જ નથી. કષાય તો મલિન ભાવ (છે.) અહીં તો શુદ્ધભાવનો પણ પ્રમુખપણું ના પાડી છે. પ્રમુખ એટલે મુખ્યપણું.

મુમુક્ષુ :– એ તો નક્કી થયું ને કે અમારે માટે વાત છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો બરાબર. વાત બરાબર છે, Practically એ રીતે છે. પણ સમજણમાં બધી વાત લઈ લેવી પડે, છેક સુધીની. સમજણમાં કષાય છોડવા યોગ્ય છે અને પેલી લાલચ રાખે, તો ? એમ કહે સીધું પ્રયોજન પર્યાયને સુધારવાનું છે. કષાય ટાળવો, નિષ્કષાયદશા કરવી. દૃષ્ટિ ? તો કહે દૃષ્ટિ નહિ. દૃષ્ટિનો તો ઉપાય નથી. એ વાત નથી. કષાય ટાળવાની એ વાત નથી અને અકષાયભાવ ઉત્પન્ન કરવાની પણ વાત નથી, આ એક જૈનદર્શનનું સૂક્ષ્મપણું છે. પેલો જે જ્ઞાનમાં વિવેકનો વિષય છે. એ છે જ્ઞાનના વિવેકનો વિષય છે. વિવેક વગર દૃષ્ટિ પ્રગટ થતી નથી એ પણ એક પાયાનું સ્થાન છે. એ રાખીને વાત છે. પણ અહીંયાં પ્રકરણ એ વિવેકનું નથી. પ્રકરણ એટલું છે કે દૃષ્ટિ કામ કરે તો કેવી રીતે કરે છે ? એ વાત સમજમાં આવી જોઈએ. તો એને વિવેકના નિમિત્તે, વિવેકના કારણે પણ પર્યાય દૃષ્ટિપણું અને પર્યાયદૃષ્ટિપણા લીધે રહેતું જે પર્યાય મૂઢપણું એ ન રહે. નહિતર પર્યાય સુધારવાના હેતુથી પણ પર્યાય મૂઢપણું જો ચાલુ રહે તો પર્યાય સુધરે નહિ. પર્યાય સુધારવાની ઇચ્છા હોવા છતાં એ માર્ગથી અજાણ હોવાને લીધે, એની વિધિથી અજાણ હોવાને લીધે પર્યાય સુધરતી નથી. એમ છે.

પર્યાય સુધારવી છે એને પર્યાયનું મૂળ, પ્રભવસ્થાન, ઉદ્ભવસ્થાન, જે સ્વદ્રવ્ય છે ત્યાં એને સીંચન કરવું પડે છે. પર્યાય સુધારવા માટે પર્યાયમાં સીંચન કરવાનો

પ્રશ્ન નથી. મૂળમાં પાણી આપવાની વાત છે. ફૂલને મહોર આવ્યા છે. એ એક વિશિષ્ટ વાત છે. પર્યાય સુધારવાની વાત દરેક ધર્મની અંદર છે. ક્રોધ ન કરવો, ક્ષમા રાખવી, અસત્ય ન બોલવું અને સત્ય પાળવું એ વાત તો બધા ધર્મમાં છે. પણ એની સિદ્ધિ કેવી રીતે થાય ? એનું વિજ્ઞાન બીજા પ્રકારનું છે. એટલે ત્યાં એ વાત હોવા છતાં એ વાતની સિદ્ધિ થતી નથી. એનું કારણ આ છે. એ બધી વાતો આવા અધ્યાત્મ શાસ્ત્રોની અંદર સ્પષ્ટ થઈ ગઈ છે.

મુમુક્ષુ :– દૃષ્ટિ ....

પૂજ્ય ભાઈશ્રી :– દૃષ્ટિ પોતે શ્રદ્ધાગુણની પરિણતિ પણ છે. પણ જેટલી પરિણતિ એટલી બધી દૃષ્ટિ નથી. જ્ઞાનની ચાલુ પરિણામની ક્રિયાને પરિણતિ કહેવાય. કોઈપણ દ્રવ્યના પરિણામની ક્રિયાને પરિણતિ કહેવાય છે. પરિણામની ચાલુ ક્રિયા તે પરિણતિ. એમ. અનુભવની ચાલુ ક્રિયા તે અનુભૂતિ. એમ પરિણામની ચાલુ ક્રિયા તે પરિણતિ. દરેક ગુણને, દરેક દ્રવ્યને લાગુ પડે. દૃષ્ટિ તો એકલા શ્રદ્ધાગુણના પરિણામને જ કહી શકાય, બધાને ન કહી શકાય, એમ. એના ઉપર વિશેષ વિચાર કરીને ૨૧૭મો બોલ છે એ પણ દ્રવ્યદૃષ્ટિનો છે.

**દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ નાની જ છે. દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય, પણ દૃષ્ટિ અનુભૂતિમાં–પર્યાયમાં–ચોંટી નથી જતી. 'અહો ! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો !' એમ જ્ઞાન જાણે, પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—દ્રવ્યસ્વભાવ ઉપર — જામેલી તે જામેલી જ રહે છે. ૨૧૭.**

'**દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન કોટિનાં નથી;...**' ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્યના ત્રણ બોલ છે. એના બે વિભાગ કરવામાં આવે

તો ઉત્પાદ-વ્યય છે એ પર્યાયના વિભાગમાં જાય છે અને ધ્રૌવ્ય છે એ દ્રવ્યના વિભાગમાં જાય છે. તો દ્રવ્ય એટલે અહીંયાં પ્રમાણના વિષયભૂત પદાર્થ. એને અહીંયાં દ્રવ્ય કહ્યું છે. દ્રવ્ય શબ્દ બે જગ્યાએ વાપર્યા છે. દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય અને દ્રવ્ય ને પર્યાય. તો જ્યાં દ્રવ્યને પર્યાય લેવું છે ત્યાં ત્રિકાળી દ્રવ્ય, ધ્રૌવ્ય દ્રવ્ય અને પર્યાય લેવી. ઉપર જ્યાં દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય લેવું છે, ત્યાં આખા પદાર્થમાં ત્રણે આવી જાય છે. દ્રવ્ય અને પર્યાય બંને આવી ગયા એમ દ્રવ્ય લેવું છે. બે જગ્યાએ દ્રવ્યનો અર્થ જુદો-જુદો છે. બીજો દ્રવ્ય શબ્દ છે એમાં ધ્રુવના અર્થમાં દ્રવ્ય છે અથવા ત્રિકાળી સ્વભાવના અર્થમાં દ્રવ્ય છે. અને પહેલો જે દ્રવ્ય શબ્દ છે એમાં આખો એ પ્રમાણનો વિષય પદાર્થ લેવો છે.

**'દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં...'** એટલે આત્મપદાર્થમાં ઉત્પાદ-વ્યય અને ધ્રૌવ્ય **'બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય...'** એટલે ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ. દ્રવ્ય એટલે દ્રવ્યસ્વભાવ અને પર્યાય. એક સમયની પર્યાય શુદ્ધ હો, અશુદ્ધ હો એ કાંઈ વિષય અહીંયાં નથી. શુદ્ધ હો તોપણ બરાબર છે અને અશુદ્ધ હો તોપણ બરાબર છે. બંને સમાન કોટીના નથી. અશુભ તો સમાન કોટીનું નથી જ. પણ શુદ્ધપર્યાય પણ સમાન કોટીની નથી. કેવળજ્ઞાનની પર્યાય પણ આખા દ્રવ્ય પાસે એની સમાન કોટીની નથી. એક કક્ષા નથી. કોટી એટલે કક્ષા. બંનેનો એક દરજ્જો નથી. કેવળજ્ઞાન તો જ્ઞાનગુણની એક સમયની પર્યાય છે એના કરતા જ્ઞાનશક્તિ અનંતગુણી છે. અને દ્રવ્ય સ્વભાવમાં તો જ્ઞાનશક્તિ ઉપરાંત બીજી અનંતી શક્તિઓ સાથે અભેદ છે. એનું નામ દ્રવ્ય સ્વભાવ છે. તો ક્યાંથી એકસરખી કોટી બની શકે ? બંનેની એક સરખી કક્ષા હોઈ શકે નહિ.

બીજું પર્યાયનું આયુષ્ય એક સમયનું છે. ચાહે કેવળજ્ઞાનની હો. સમયે-સમયે નવી-નવી થાય છે. એકની એક પર્યાય રહેતી નથી. બધી કેવળજ્ઞાનની હોય તોપણ પહેલા સમયની કેવળજ્ઞાનની પર્યાય પછી બીજા સમયની કેવળજ્ઞાનની પર્યાય કે ત્યારપછીના સમયની બધી નવી નવી હોય છે. એકથી બીજી જુદી છે. એને પર્યાય વ્યતિરેકભાવે છે એમ કહેવામાં આવે છે. વ્યતિરેક એટલે જુદી જુદી. માળાના મણકા જેવી. એક મણકો પછી બીજો મણકો નથી. બીજા બધા સરખા હોય તોપણ.

**'દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય બધું હોવા છતાં કાંઈ દ્રવ્ય ને પર્યાય બંને સમાન**

**કોટિનાં નથી; દ્રવ્યની કોટિ ઊંચી જ છે, પર્યાયની કોટિ...**' નીચી નથી વાપરી. '**નાની જ છે.**' કેમકે પર્યાયમાં તો ક્ષાયિક પર્યાયો બધી લેવી છે. નીચ કોટીની પર્યાય છે એમ ન કહેવાય. મલિન પર્યાયને નીચ કોટીની કહો. શુદ્ધ પર્યાયને ઊચ્ચ કોટીની પર્યાય કહો. અહીંયાં નીચ કોટી એવો શબ્દ નથી વાપર્યો. પણ '**પર્યાયની કોટિ નાની જ છે.**' એક એક શબ્દ તોળી તોળીને (મૂકેલો છે). અર્થનો અનર્થ કોઈ કરી બેસે નહિ. આ તો શા માટે કહેવું પડે છે કે, જીવને પર્યાયની મુખ્યતા એટલી બધી વર્તે છે. ધર્મ કરવાને બહાને પણ એ દ્રવ્યને ભૂલી જાય છે.

જોકે સત્‌શાસ્ત્રોમાં અને ધર્માત્માઓના શ્રીમુખેથી અધ્યાત્મ પર્યાયોનો મહિમા ઘણો કરવામાં આવ્યો છે. સમ્યગ્દર્શનનો એવો મહિમા કર્યો છે, મુનિદશાનો એવો મહિમા કર્યો છે, અરિહંતદશા અને સિદ્ધદશાનો પણ મહિમા ખૂબ કરવામાં આવ્યો છે. તોપણ જેણે એ મહિમા કર્યો છે એણે તો દ્રવ્યદૃષ્ટિ રાખીને કર્યો છે. એને દ્રવ્યની મુખ્યતા રાખીને કર્યો છે. અથવા દ્રવ્ય સાથે પર્યાયનું એકત્વ છોડીને કર્યો છે. અને જેણે એકત્વ છોડ્યું નથી એ મહિમા કરવા જાય અને એકત્વને દૃઢ કરી જાય તો મિથ્યાત્વને દૃઢ કરે. વિષય ચાલે અધ્યાત્મ પર્યાયોની પ્રશંસાનો. આત્માને ગુણ પ્રગટ્યા હોય એની પ્રશંસાનો અને એની સ્તુતિનો વિષય ચાલે અને મિથ્યાત્વ દૃઢ થાય. આ સાવધાનીનો વિષય છે.

જેમ તપશ્ચર્યા કરવા જતાં પરદ્રવ્યની ક્રિયાનું કર્તૃત્વ ઊભું થવાનો મિથ્યાત્વનો મોટો દોષ લાગી જાય–મેં આહાર ન લીધો, મેં આહારનો ત્યાગ કર્યો. એમ અહીંયાં કહે છે કે તું અધ્યાત્મ પર્યાયના વખાણ કર ત્યારે ધ્યાન રાખજે. પર્યાયનું એકત્વ છોડવાનું જે મૂળ કાર્ય છે એ કાર્ય તારે કરવાનું હજુ બાકી છે. તો એ કાર્ય ઉપર તારું લક્ષ હોવું જોઈએ. લક્ષમાંથી એ વાત છૂટવી ન જોઈએ. અને અધ્યાત્મ પર્યાયોનો મહિમા થાય તો યથાર્થ છે. અને અધ્યાત્મ પર્યાયોનો મહિમા કરતા પર્યાયનું એકત્વ દૃઢ થતું હોય તો તે મહિમા યથાર્થ નથી. ભલે અધ્યાત્મ પર્યાયના વખાણ થતા હોય તોપણ તે યથાર્થ નથી. યથાર્થતા-અયથાર્થતાના પ્રકરણમાં આ વિશેષ વાત છે. આ એક બહુ વિશાળ વિષય છે. યથાર્થતાનો અને અયથાર્થતાનો. ક્યાં ક્યાં કેમ લાગુ પડી જાય છે ખ્યાલ રહેતો નથી. વાત કરે કે આ.હા..! શું સમ્યગ્દર્શન ! શું દ્રવ્યદૃષ્ટિ ! ભાઈ ! એ દૃષ્ટિનો મહિમા દ્રવ્યનો મહિમા કરવા માટે છે, પર્યાયનો મહિમા

કરવા માટે નથી.

જેમ કોઈ કંપનીના મેનેજરને એમ કહેવાય કે ભાઈ ! આ મેનેજર પાસે લાખો થઈ ગયા, કરોડો થઈ ગયા. કંપની તો બહુ રળે છે. શેઠિયાઓ પાસે તો કેટલા પૈસા છે એનો હિસાબ નથી. દેશ-પરદેશની અંદર એના ધંધાઓ ચાલે છે. પણ એના મેનેજરો કરોડપતિ થઈ ગયા છે. એનો અર્થ શું ? મેનેજરના વખાણ કરવા છે ? તું અંદાજ બાંધ કે એના શેઠિયા પાસે શું હશે ? એમ કહેવા માટે વાત છે. એમ સમ્યગ્દર્શનની શાંતિ કે કેવળજ્ઞાનની શાંતિ એ પર્યાયની શાંતિ બતાવવા માટે નથી, પણ તને ત્યાંથી બીજેથી શાંતિ સમજાતી નથી એટલે દ્રવ્યની શાંતિ સમજાવવા માટે પર્યાયની શાંતિની વાત (કરે) છે. પર્યાયનો વૈભવ દ્રવ્યના વૈભવને સમજાવવા માટે છે. એના બદલે દ્રવ્યનો વૈભવ લક્ષમાં જ ન રહે અને એકલો પર્યાયનો વૈભવ લક્ષગત રહ્યા કરે તોપણ એમાં યથાર્થતા છૂટી જાય છે અને અયથાર્થતા ઉત્પન્ન થઈ જાય છે. ગુણ પ્રાપ્ત થવાને બદલે અવગુણની પ્રાપ્તિ થવાને રસ્તે આગળ વધી જાય (છે). શરૂઆતમાં ખબર ન પડે. આગળ જતાં એ પરિસ્થિતિ ઊભી થાય કે અવગુણ વધે. ગુણ ન પ્રગટે અને અવગુણ વધે.

વચ્ચે તો આપણે ત્યાં એ પ્રશ્ન ચાલતો કે તત્ત્વનો પ્રચાર કરવો કે નહીં ? પ્રશ્ન ચાલે છે ને ? તત્ત્વનો પ્રચાર કરવો. પણ હજી તત્ત્વનો પ્રચાર ક્યા ? તારી પર્યાયનો પ્રચાર કરવાની ના છે. શુદ્ધ પર્યાયનો... પ્રચાર એટલે એની મુખ્યતા. એની મુખ્યતા કરવાનો પ્રશ્ન નથી. જે પર્યાય અને દ્રવ્યનું એકત્વ થઈ રહ્યું છે એ જ મિથ્યાત્વની ગાંઠ છે અને જન્મ-મરણની ગાંઠ છે, અનંતા જન્મ-મરણની ફાંસી એ છે. એને ભૂલી જા !! પતી ગયું. પછી તો એને છોડવાનો, એ ગાંઠને છોડવાનો પ્રશ્ન રહેતો નથી. એટલે પર્યાયની કોટી નાની છે એમ કહેવા પાછળ જીવને પર્યાયની મુખ્યતા ઘણી વર્તે છે અને એ મુખ્યતાને આડે એને દ્રવ્યની મુખ્યતા અથવા દ્રવ્યની મહાનતા લક્ષમાં આવતી નથી, સમજાતી નથી અને સાચું હિત કરવાનું એનું કારણ ઉત્પન્ન થતું નથી. એ વાત અહીંયાં સ્પષ્ટ કરવી છે.

## તા. ૧૫-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૧૭,૨૧૮
## પ્રવચન નં. ૧૭૬

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૧૭ બોલ, પાનું ૭૫. દ્રવ્યદૃષ્ટિનું પરિણમન કેવું હોય છે એ વિષય ચાલે છે. દ્રવ્યદૃષ્ટિ કહો, કે સમ્યક્દૃષ્ટિ કહો, સમ્યક્દર્શનની પર્યાય કહો, બધું એકાર્થ છે. પદાર્થની અંદર ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય ત્રણ પ્રકારના વિભિન્ન ક્રિયાવાળા અથવા વિભિન્ન અવસ્થાવાળા ત્રણ અંગ છે. એના બે વિભાગ પાડ્યા. ઉત્પાદ-વ્યય-ધ્રૌવ્ય એ ત્રણ અંગ છે. ત્રણની અવસ્થા ભિન્ન ભિન્ન છે, એકબીજા સાથે મળતી નથી, જુદી જુદી જાતની છે.

એમાં ધ્રુવ છે એ ત્રિકાળ દ્રવ્યસ્વભાવનું અંગ છે. ઉત્પાદ અને વ્યય એ પર્યાયના બન્ને અંગ છે. પર્યાય ગમે તેવી શુદ્ધ હો, તેમાં આત્મવૈભવ ગમે તેટલો પ્રગટ્યો હો, પરિપૂર્ણ શુદ્ધિ હોય, એની ચરમસીમા સિદ્ધપદ છે, સિદ્ધ પર્યાય જેને કહે છે. તોપણ દ્રવ્ય મહાન છે, પર્યાય તેટલી મહાન નથી. જેટલો દ્રવ્ય સ્વભાવ મહાન છે, તેટલી પર્યાય મહાન નથી. બન્નેની મહાનતા જોતા બહુ મોટો ફરક છે. ત્રિકાળી સ્વભાવ સાથે એક સમયની સિદ્ધ પર્યાય છે એ અનંતમાં ભાગે છે. એવી અનંત અનંત સિદ્ધ પર્યાયોનો દાતાર ત્રિકાળી દ્રવ્ય સ્વભાવ છે. અનંત સિદ્ધ પર્યાયોનો પ્રવાહ તેમાંથી આવ્યા પછી પણ સિદ્ધપદ–સિદ્ધ પર્યાય પ્રગટાવવાનું સામર્થ્ય એટલું ને એટલું, પૂરેપૂરું, પરિપૂર્ણ એમ ને એમ રહે છે. એટલે એનો અંત જ નથી. પર્યાયનો એક સમયમાં અંત છે, સ્વભાવ અનંત છે.

એટલે '**દ્રવ્યની કોટિ ઊંચી જ છે,...**' ઊંચી એટલે અહીંયાં મહાન છે. દ્રવ્ય મહાન કોટિમાં જાય છે. '**પર્યાયની કોટિ** એનાથી **નાની છે.**' એટલે દ્રવ્ય જેટલી મહાનતા

નથી, ઓછી મહાનતા છે. એ પણ શુદ્ધ પર્યાય હોય તો. અશુદ્ધ પર્યાયની તો મહાનતા છે જ નહિ, પણ શુદ્ધ પર્યાયની મહાનતા પણ ઓછી છે. એમ શા માટે કહ્યું ? એ વાત કેમ સ્થાપી છે ? કે, **'દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે.'** ત્રીજી લીટીથી.

**'દ્રવ્યદૃષ્ટિવાળાને અંદરમાં એટલા બધા રસકસવાળું તત્ત્વ દેખાય છે કે તેની દૃષ્ટિ પર્યાયમાં ચોંટતી નથી.'** મહાનતામાં શું છે ? કે એટલો સ્વભાવનો રસ છે, એટલો સ્વભાવનો કસ છે કે ત્યાંથી દૃષ્ટિ ઊખડે અને પર્યાય ઉપર દૃષ્ટિ આવે એવું બનતું નથી. આવું દ્રવ્યદૃષ્ટિનું કાર્ય દ્રવ્યને જ વળગવાનું, કોઈપણ જાતની પર્યાયની આશા ને સ્પૃહા વિના, પરમ નિષ્પૃહભાવે, પરમ નિરપેક્ષ પરિણામે, માત્ર દ્રવ્યને જ વિષય કરવાનું કાર્ય દૃષ્ટિ કરે છે. એની દૃષ્ટિ પર્યાય ઉપર આવતી નથી. એ પદાર્થની મહાનતાની એવી વાસ્તવિકતા છે. એટલું રસકસવાળું દ્રવ્ય છે.

મિથ્યાદૃષ્ટિમાં અને સમ્યક્દૃષ્ટિમાં જે પરસ્પર વિરુદ્ધ તફાવત છે એ આ જાતનો છે કે, મિથ્યાદૃષ્ટિને દ્રવ્ય જેવું કાંઈ ભાસતું જ નથી, એને તો જાણે દ્રવ્ય છે જ નહિ. દ્રવ્ય જેવું જ કાંઈ નથી, દ્રવ્ય જ નથી. કેમકે એની દૃષ્ટિ જ પર્યાય ઉપર છે. એટલે એને દ્રવ્ય વિષયગત થતું નથી, હોવા છતાં. સમ્યક્દૃષ્ટિને દ્રવ્ય એટલું રસકસવાળું જણાય છે, દેખાય છે કે એની દૃષ્ટિ ત્યાંથી ફરતી નથી. ત્યાં ને ત્યાં દૃષ્ટિ ચોંટી જાય છે, પર્યાય ઉપર દૃષ્ટિ આવતી નથી. દૃષ્ટિનું કાર્ય ચોંટવાનું છે, એટલે પર્યાય ઉપર ચોંટતી નથી એમ કહે છે. પણ વિષય બદલે તો ને ?! દૃષ્ટિ વિષય જ બદલતી નથી. દૃષ્ટિ વિષય બદલતી નથી એનું કારણ દ્રવ્ય એવું રસકસવાળું છે, એમ લેવું છે. જો કે સિદ્ધદશામાં તો બધા જ જીવોની એવી જ અવસ્થા થાય છે કે એક સમય માટે પણ અને એક અંશ પૂરતી પણ કોઈ પર્યાય પોતાના સ્વદ્રવ્યથી વિષય બદલીને, સ્વદ્રવ્યની સેવા છોડીને, સ્વદ્રવ્યનું અવલંબન છોડીને, બીજી રીતે પ્રવર્તતી નથી, બહાર આવતી નથી. એવું પહેલું કાર્ય સમ્યક્દર્શન થતાં શ્રદ્ધાનમાં થાય છે, દૃષ્ટિમાં થાય છે. ભલે બીજા ગુણોમાં આંશિક એવું કાર્ય થાય છે ને પૂર્ણ દૃષ્ટિ જેવું નથી થતું, પણ દૃષ્ટિમાં તો એકધારું કામ થાય છે.

મુમુક્ષુ :- શ્રદ્ધાગુણમાં થઈ તે થઈ.

પૂજ્ય ભાઈશ્રી :- એ સિદ્ધદશામાં પણ એવી જ, એમનેમ જ જામેલી રહે છે.

ચોથા ગુણસ્થાનથી ઉપરના બધા ગુણસ્થાનોમાં અને સિદ્ધ અવસ્થામાં પણ એવીને એવી જામેલી દૃષ્ટિ રહે છે. ચોથા ગુણસ્થાનમાં ઓછી જામેલી રહે છે, સિદ્ધ અવસ્થામાં વધારે જામેલી રહે છે, એવો અનુભવ થતો નથી. એક સરખી જ રહે છે. એટલે 'ગુરુદેવશ્રી' એમ કહેતા કે સમકિતની અપેક્ષાએ તિર્યંચનું સમકિત અને સિદ્ધ પરમાત્માનું સમકિત એક સરખું છે. અથવા સમકિત અપેક્ષાએ બન્ને એકસરખા છે એમ કહેતા. સમ્યક્દર્શનની અપેક્ષા લ્યો તો ચોથા ગુણસ્થાનવર્તી તિર્યંચ અને સિદ્ધાલયમાં બિરાજમાન પરમાત્મા–બન્ને એકસરખા છે. એમ સરખામણી તપાસવી (જોઈએ).

સમ્યક્દર્શન પ્રગટ થાય છે ત્યારે, આવી દૃષ્ટિ પ્રગટ થાય છે ત્યારે **'ભલે અનુભૂતિ થાય,...'** જ્ઞાનમાં સ્વસંવેદન અને શુદ્ધાત્માના લક્ષ ઉપરથી એમાં હુંપણાનું વેદન એવી અનુભૂતિ થાય. પણ તે દૃષ્ટિ, આનંદની અનુભૂતિ પણ થાય. અનંતગુણોની અનુભૂતિ થાય એમાં આનંદની અનુભૂતિ પણ થાય. **'પણ દૃષ્ટિ અનુભૂતિમાં - પર્યાયમાં ચોંટી નથી જતી.'** જે અનુભૂતિ પ્રગટ થઈ, એનાથી અનંતગુણ વિશિષ્ટ, અનંતગુણ વધારે મહાન, પોતાનું સ્વદ્રવ્ય હોવાને લીધે, એવું મહાન વિષય છોડીને ઓછા, નાના મહાન વિષયની અંદર દૃષ્ટિ આવતી નથી. એ કામ નથી થતું. કેમકે ત્યાં તો વિપરીતતા ને અવિપરીતાનો સવાલ છે.

કોઈ એમ કહે કે એમાં શું ? સિદ્ધ સમાન આત્મા છે અને સિદ્ધ પર્યાય પ્રગટ છે. દૃષ્ટિ ક્યારેક આત્મા ઉપરથી પર્યાય ઉપર આવે તો ક્યાં એમાં બીજી ખામી તો છે નહિ ? ખોડખાપણ તો છે નહિ. પર્યાય તો પૂર્ણ શુદ્ધ છે, કોઈપણ જાતની એમાં ક્ષતિ નથી. કહે છે કે એ વિરુદ્ધ દૃષ્ટિ છે. પર્યાય ઉપરની દૃષ્ટિ એ અસમ્યક્ છે. રાગનું ઉત્પન્ન થવાનું ઉત્પાદક નિમિત્ત છે. રાગ નિમિત્તક દૃષ્ટિ થઈ જાય છે. અને એ વિપરીત દૃષ્ટિ છે, પૂરેપૂરી વિપરીત દૃષ્ટિ છે. પર્યાય ઉપર દૃષ્ટિ આવે એટલે પૂરેપૂરી વિપરીત દૃષ્ટિ છે. એને મિથ્યાદૃષ્ટિ કહે છે. એટલે અનુભૂતિ થાય પણ દૃષ્ટિ અનુભૂતિમાં, અનુભૂતિમાં એટલે અનુભૂતિની પર્યાયમાં ચોંટી જતી નથી. ચોંટતી નથી. પછી એ રાગ ઉપર તો દૃષ્ટિ આવવાનો પ્રશ્ન નથી. સમ્યક્દૃષ્ટિને રાગાંશ છે અને ઉચ્ચમાં ઉચ્ચકોટિનો એને રાગ હોય જે મિથ્યાદૃષ્ટિને ન ઉત્પન્ન થાય હોય એવો શુભભાવ એને ઉત્પન્ન થાય. જેમકે તીર્થંકર નામકર્મની પ્રકૃતિ બંધાય. મિથ્યાદૃષ્ટિને

ન બંધાય. સર્વાર્થસિદ્ધના દેવનું આયુષ્ય જે પરિણામે બંધાય, એવા પરિણામ મિથ્યાદૃષ્ટિને ન હોય. કેમકે કેટલાક સ્થાનો સમ્યક્દૃષ્ટિ માટે Reserve છે. એમાં મિથ્યાદૃષ્ટિને પ્રવેશ મળતો નથી.

મુમુક્ષુ :– ઇન્દ્ર બધા સમ્યક્દૃષ્ટિ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇંદ્રો બધા સમ્યક્દૃષ્ટિ થાય છે. સૌધર્મ ઇંદ્ર છે એકભવતારી. સર્વાર્થસિદ્ધિના દેવો પણ એકભવતારી. આ 'શ્રીમદ્જી' વગેરે, 'કુંદકુંદાચાર્ય' વગેરે, 'સોગાનીજી' વૈમાનિક દેવમાં ગયા છે. અત્યારે બધા સમ્યક્દૃષ્ટિ વૈમાનિક દેવમાં જાય છે, બહુ ઉપર નથી જતા. પણ એમાં એકભવતારી હોય છે. ઘણાં જીવો એકભવતારી હોય છે. એ પરિણામ, એવું આયુષ્ય બંધાય એવા પરિણામ એના ઉપર પણ સમ્યક્દૃષ્ટિની દૃષ્ટિ હોતી નથી કે દૃષ્ટિ આવતી નથી. એને બીજી ભાષામાં હેયપણું કહે છે. કેમકે દૃષ્ટિનું બીજું અર્થઘટન એ છે કે સર્વસ્વપણે ઉપાદેય, એ દૃષ્ટિનું બીજું અર્થઘટન છે. હેય ઉપાદેયની વિવિક્ષાએ જો દૃષ્ટિના ભાવને વિચારવામાં આવે, તો એક સર્વસ્વપણે ઉપાદેય પોતાને પોતાનું સ્વદ્રવ્ય છે, એક સમયની પર્યાય નહિ. એમ એમાં આવી જાય છે. કહે છે કે જે દૃષ્ટિ છે એ પર્યાય ઉપર ચોંટી જતી નથી. ચોંટતી નથી. ભલે અનુભૂતિ થાય.

એવો અનુભવ થાય ત્યારે **'અહો ! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો !' એમ જ્ઞાન જાણે,...'** એટલું લાંબું લાંબું જાણવાનું કાર્ય જ્ઞાનનું છે. અથવા એવું વિસ્તારવાળું, એવું વિશેષપણે જાણવાનું કાર્ય જ્ઞાનનું છે, દૃષ્ટિનું નથી. એટલે જ્ઞાન જાણે. અનુભવ થાય ત્યારે જ્ઞાન શું જાણે ? કે અહો ! અદ્ભુતથી અદ્ભૂત ! આવો આશ્ચર્યકારી ! દ્રવ્યસ્વભાવ, એ મને અવસ્થામાં અનુભવગોચર થયો, મને પ્રગટ થયો એમ જ્ઞાન જાણે. એટલે જ્ઞાન અવસ્થાને જાણે. શું ? **'પણ દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર - દ્રવ્યસ્વભાવ ઉપર–જામેલી તે જામેલી જ રહે છે.'**

મુમુક્ષુ :– એ જ્ઞાનનું કામ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ જ્ઞાનનું કાર્ય છે. અનુભવ કેવો થયો ? દ્રવ્ય સ્વભાવનો અનુભવ કેવો થયો ? એ જ્ઞાનના જાણવામાં આવ્યું. દૃષ્ટિનું કાર્ય જાણવાનું નથી. દૃષ્ટિનું તો અભેદપણે વળગી રહેવાનું કાર્ય છે. ચોંટી જવાનું કાર્ય છે એ સિવાય દૃષ્ટિનું બીજું કાર્ય નથી. એમ લેવું છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની ઉપસ્થિતિમાં એક ચર્ચા

ચાલતી હતી. કે, નિર્વિકલ્પદશામાં સ્વદ્રવ્ય સ્વભાવ અનુભવમાં આવે છે. દ્રવ્યનો અનુભવ થયો એમ ત્યાં કહેવાય છે. તો ત્યાં પર્યાય દ્રવ્યને જાણે છે કે પર્યાયને જાણે છે ? 'ગુરુદેવ' ઉત્તર આપતા કે, પર્યાયને વેદે છે. પ્રશ્ન તો સીધો એ હતો કે પર્યાયને જાણે છે કે નહિ ? કહેવાય છે એમ કે દ્રવ્ય અનુભવમાં આવ્યું. તો દ્રવ્ય તો અનાદિથી નહોતું જાણ્યું એ ત્યાં જાણ્યું. એટલે દ્રવ્ય જણાયું કે ન જણાયું એ ત્યાં પ્રશ્ન નથી. પણ એ જાણનારી પર્યાય ત્યાં પોતાની પર્યાયને જાણે છે કે નથી જાણતી ? આવો એક પ્રશ્ન ચાલ્યો હતો. ઠીક ઠીક પ્રમાણમાં આ પ્રશ્ન ચર્ચાયો હતો. 'ગુરુદેવશ્રી' એનો ઉત્તર આપે, કે પર્યાયને વેદે છે. તો ફરીને પ્રશ્ન (કર્યો). સાહેબ ! પર્યાયને જાણે છે કે નહિ ? તો કે પર્યાયને વેદે છે. એ તો જવાબ હોય એ જ આવે ને ? કાંઈ જવાબ ફરી જાય ? પ્રશ્ન બીજી વાર પૂછે એટલે જવાબ બદલાઈ જાય કાંઈ ? એવું તો બને નહિ.

હવે પ્રશ્નકાર શું કરવા બીજીવાર પ્રશ્ન પૂછે છે ? કે એને સંતોષ થતો નથી. પહેલો જવાબથી એને સંતોષ થતો નથી કે સમજાતું નથી કે આ ઉત્તરમાં 'ગુરુદેવશ્રી' શું કહેવા માગે છે. એટલે એ ફરીને પૂછે છે. વળી એનો પ્રશ્ન પૂછવાનો હેતુ એક એ છે કે પર્યાયને જાણે છે કે નથી જાણતી ? તો પર્યાયને જાણે છે એમ પણ જવાબ નથી મળતો, ને પર્યાયને નથી જાણતા એમ પણ જવાબ નથી મળતો. જવાબ કોઈ બીજો મળે છે. એટલે એને સમજાતું નથી કે સંતોષ નથી થતો એનું કારણ એ છે કે પ્રશ્ન કરનારે કોઈ જવાબની અપેક્ષા રાખી છે. શું? કે આવો કાંઈક (જવાબ આપશે કે,) કાં તો જવાબ એમ આપે 'ગુરુદેવ' કે, એ નથી જાણતો. અને કાં તો પર્યાય નથી જણાતી અને કાં તો પર્યાય જાણે છે બેમાંથી એક જવાબ આપે. અને એવી અપેક્ષા હોવાથી બન્નેમાંથી એકપણ જવાબ નથી મળતો ત્યારે એને ફરીને પ્રશ્ન પૂછવાનો પ્રસંગ ઊભો થાય છે કે, પર્યાયને જાણે છે નહિ ? તો કહે પર્યાયને વેદે છે. એમ શું કરવા કહે છે ? જવાબની અંદર ગંભીરતા ઘણી છે. પર્યાયને વેદે ત્યારે પર્યાય જણાયા વિના વેદે, પર્યાય જણાય નહિ ને પર્યાય વેદાય એ તો કેવી રીતે બને ? કે એ તો એમાં આવી ગયું. જ્યારે પર્યાય પોતે પર્યાયને-પોતાને વેદે છે ત્યારે પર્યાય એમાં જણાય જાય છે, વેદાતી પર્યાય જણાય જાય છે. વેદન કેવું છે ? એ જણાઈ જાય છે. એ તો પ્રશ્ન પૂછવાનો ત્યાં જગ્યા જ, અવકાશ જ નથી. ત્યાં એ પ્રશ્ન પૂછવાનો

અવકાશ નથી, છતાં પણ એ ઉત્તરમાંથી એ વિષય નહિ સમજાતો હોવાથી ફરીને પ્રશ્ન પૂછે છે કે, જાણે કે ન જાણે ? પર્યાય પોતાને જાણે કે ન જાણે ? એ પણ સવાલ થાય એવો છે કે, 'ગુરુદેવ' સીધે સીધું એમ કહી દે પર્યાય પોતાને જાણે છે, એમ શા માટે નથી કહેતા ? જો વેદાતી પર્યાય જણાય જાય છે, તો પર્યાય પોતાને જાણે છે એમ શા માટે ઉત્તર નથી આપતા અને વેદે છે એમ ઉત્તર આપે છે ? આમાં રહસ્ય છે. ઉત્તર આપવામાં બહુ વિચક્ષણતા છે.

કે જે રીતે તું પર્યાયને જાણવાનું કાર્ય કરી રહ્યો છે. પર્યાયને લક્ષે તને જે પર્યાય જણાય છે, એવી રીતે સ્વાનુભવના કાળમાં પર્યાયને લક્ષે પર્યાય જણાતી નથી, પણ દ્રવ્યને લક્ષે પર્યાય વેદાય છે ત્યારે જણાય છે. ફરીથી. જો સીધું એમ કહે કે, હા ! પર્યાય જણાય છે, તો એ કેવી રીતે પકડે ? કે જેવી રીતે અત્યારે પર્યાયને લક્ષે પર્યાય જણાય છે એમ સમજી લે. પણ એમ તો બનતું નથી. એ પ્રકારે પર્યાયનું ત્યાં જાણવું થતું નથી. પર્યાયનું જાણવું ત્યાં બીજી રીતે થાય છે. તો એ સમજાવવું છે કે, પર્યાય વેદાતી જણાય છે ત્યારે પર્યાય ઉપર લક્ષ નથી. દ્રવ્ય ઉપર લક્ષ છે. દ્રવ્ય વેદાતું નથી, પણ દ્રવ્ય જણાય છે એટલે દ્રવ્ય જ્ઞાનમાં આવે છે. દ્રવ્ય જ્ઞાનમાં આવે છે એટલું જ નહીં પણ દ્રવ્ય પોતાસ્વરૂપે જ્ઞાનમાં આવે છે. પોતાસ્વરૂપે જ્ઞાનમાં આવતું હોવાથી પરદ્રવ્ય જણાય છે એમ નથી જણાતું, પણ પોતે એ સ્વરૂપે છે એમ જણાય છે. તેથી એને પોતાનું જ્ઞાન થયું. પોતે અનુભવમાં આવ્યો. દ્રવ્યનો અનુભવ થયો એમ કહેવામાં આવે છે. પણ છતાં દ્રવ્ય વેદાતું નથી, વેદાય છે પર્યાય. દ્રવ્યના લક્ષે પર્યાયનું વેદન ચાલે છે. ત્યાં દ્રવ્યનું અને પર્યાયનું યુગપદ જ્ઞાન થઈને પ્રમાણજ્ઞાન પહેલું વહેલું ત્યાં પ્રગટ્યું એમ કહેવામાં આવે છે. જો ત્યાં જ્ઞાન પ્રમાણપણાને પામ્યું હોય તો ત્યાં દ્રવ્ય પર્યાયનું યુગપદજ્ઞાન વર્તે છે તો એમાં પર્યાય જણાય છે કે નહિ એ પ્રશ્નનો ક્યાં અવકાશ રહે છે ?

એ પ્રમાણની વિવિક્ષાથી વિચારવામાં આવે તોપણ ત્યાં પર્યાય નથી જણાતી એ શંકા કરવા જેવી નથી. કેમકે પ્રશ્ન કરનાર તો એમ સ્થાપતા કે, પર્યાય નથી જણાતી, દ્રવ્ય એકલું જ જણાય છે. અને ક્યાંક એવું કથન પણ આવે કે એવી પર્યાય દ્રવ્યમાં લીન થઈ ગઈ, એવી પર્યાય દ્રવ્યમાં લીન થઈ ગઈ, એવી તન્મય થઈ ગઈ, એવી એકાકાર થઈ ગઈ, એવી અભેદ થઈ ગઈ એવા બધા શબ્દો આવે. કે બસ !

દ્રવ્ય જ એકલું જણાય છે, પર્યાય જાણે જણાતી જ નથી. એવું કથન આવે. શાસ્ત્રમાં કથન આવે, જ્ઞાનીનું એવું વચન આવે. એવું વચન આવી શકે. છતાં જેમ છે એમ વસ્તુસ્થિતિ જાણવી જોઈએ. અને ક્યાંક સ્વસંવેદનની મુખ્યતાથી વાત આવે, વેદનની મુખ્યતાથી વાત આવે, તો એમ કહે કે તું વેદનને ગૌણ કરીશ એ નહિ ચાલે, લક્ષની અપેક્ષાએ ત્રિકાળીને મુખ્ય કીધું હતું. વેદનની અપેક્ષાએ ત્રિકાળીને મુખ્ય નથી કહેતા, ત્યાં સ્વસંવેદનની પર્યાયને મુખ્ય કહીએ છીએ. એમ પણ વાત આવે. શું કરશે પછી ત્યાં ? વિરોધ ઊભો થશે. 'પરમાગમસાર'માં એ બોલ છે. એવી રીતે સ્વસંવેદનને ગૌણ કરે તો નહિ ચાલે. એમ શબ્દ લીધો છે. ત્યાં અપેક્ષા એ ખોલી છે.

('પરમાગમસાર'માં) ૫૪૪ છે. કે **'સમયસારની ૧૧મી ગાથામાં પર્યાયને ગૌણ કરીને અભૂતાર્થ કહી હતી, ત્યાં તો પર્યાયનો આશ્રય છોડાવવા ગૌણ કહી હતી. પણ અહીં ૧૫મી ગાથામાં તો...'** જિનશાસન કહ્યું છે ને ? ૧૫મી ગાથામાં સ્વાનુભવની પર્યાયને સમસ્ત જિનશાસન કહ્યું છે. ૧૫મી ગાથાની વિવિક્ષા ચાલે છે કે, **'જેમાં અબદ્ધસ્વરૂપ આત્મા અનુભવમાં આવ્યો તે પર્યાય મુખ્ય જ છે, તે પર્યાય જૈનશાસન છે.'** હવે પર્યાયની મુખ્યતાથી વિવિક્ષા ચાલે છે. **'આહાહા ! મારું જે દ્રવ્ય વિકાર વિનાનું વીતરાગી તત્ત્વ છે એનું લક્ષ કરું છું...'** એ લક્ષનો વિષય છે. વેદનનો વિષય નથી, પણ લક્ષનો વિષય છે. પૂજ્ય 'બહેનશ્રી'એ વચનામૃતમાં સ્પષ્ટ કર્યો છે. કે, જે લક્ષનો વિષય છે તે વેદનનો વિષય નથી અને જે વેદનનો વિષય છે તે લક્ષનો વિષય નથી. **'ત્યાં પર્યાયમાં વીતરાગતા આવે છે. એ વેદનની પર્યાય મુખ્ય જ છે. દ્રવ્ય વેદનમાં આવતું નથી, પર્યાય વેદનમાં આવે છે એ વેદનની પર્યાય મારે મુખ્ય છે.'** શું કહે છે ? દૃષ્ટિ નથી થતી. અહીંયાં દૃષ્ટિપૂર્વકની મુખ્યતાની વાત નથી. **'તેને તું ગૌણ કરી નાખે એ નહિ ચાલે નાથ !'** એને એમ ગૌણ કરી નાખે એમ ન ચાલે એમ કહે છે. **'પૂર્ણાનંદનો નાથ જ્યાં જાણ્યો અને અનુભવમાં આવ્યો એને ગૌણ નહીં થાય હો ! એ તો તને દ્રવ્યનું લક્ષ અને આશ્રય કરાવવા પર્યાયને ગૌણ કરી હતી પણ વેદન તો પર્યાયમાં મુખ્ય છે હો !'** વેદનની અપેક્ષાએ તો પર્યાયમાં પર્યાયનું વેદન મુખ્ય છે. **'ભલે દ્રવ્યનો આશ્રય કરાવવા પરિણામને ગૌણ કર્યા પણ એ પરિણામ ક્યાં જતાં રહે ? એ પરિણામ અસ્તિરૂપ વેદાય તે ક્યાં જાય ! આહાહા ! આ તો આત્મા પોકાર કરે છે કે વીતરાગસ્વરૂપ જે મારું દ્રવ્ય છે તેનું લક્ષ કરતાં મને વીતરાગતા**

**વેદનમાં આવે છે એ વેદન મને મુખ્ય છે.**' આમ બધી વાત આવે. પરસ્પર વિરુદ્ધ વાત આવે. કે વેદન મુખ્ય છે. હવે આપણને કહે કે સિદ્ધ અવસ્થામાં એક સમયમા પરમાનંદ ઉત્પન્ન થાય તે મુખ્ય નથી. દ્રવ્યની જ મુખ્યતા છે, દૃષ્ટિ ત્યાં ચોંટી રહે છે. દ્રવ્ય દૃષ્ટિનો વિષય એમ ચાલે. બન્ને વાત સામે સામે આવે. તો એને ક્યાં કેટલું વજન છે ? અને કેટલું વજન દેતા સમતોલપણું રહે છે ? એ વાત બરાબર સમજમાં આવવી જોઈએ.

એવો જ બોલ ૫૧૪મો છે. આ ૫૪૪ અને આ ૫૧૪. ચાલીસ બોલનો ફરક છે. '**ત્રિકાળી નાથની સત્તાનો સ્વીકાર વીતરાગ ભાવે થયો...**' એમ નયપક્ષથી થયો એમ નહિ '**વીતરાગ ભાવે થયો એ ભાવ ક્યાયં ચાલ્યો જતો નથી.**' વેદનનો ભાવ છે. '**અનુભવ તો અનુભવના વેદનમાં જ રહે છે. પરિણામને ગૌણ કહ્યું. એ તો લક્ષની અપેક્ષાએ ગૌણ કહ્યું,...**' એનું લક્ષ નથી કરવાનું, એ અપેક્ષા છે. '**અનુભવની અપેક્ષાએ** પરિણામને **ગૌણ** કહ્યું **નથી. અનુભવની અપેક્ષાએ એ જ મુખ્ય છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી.**' અહીંયાં સ્પષ્ટ છે. કારણ કે દ્રવ્યનો અનુભવ થતો નથી. પણ દ્રવ્ય સ્વભાવ અનુભવમાં આવ્યો ને ? અહીં તો એમ કીધું. મારો દ્રવ્ય સ્વભાવ મને અનુભવમાં આવ્યો. તો કે લક્ષ એના ઉપર છે એમ કહેવું છે. આવી વાત છે. ભાષા કાંઈક આવે, ભાવ કાંઈક હોય. '**મારું વીતરાગી તત્ત્વ છે તેનું જ્યાં હું લક્ષ કરું છું. ત્યાં તો વીતરાગી** સ્વસંવેદનની **દશા પ્રગટ થાય છે** - અને **એ જ મારે મુખ્ય છે. વેદનમાં આવે એ જ મારે મુખ્ય છે. લક્ષની અપેક્ષાએ ભલે ગૌણ કર્યું. પણ જે આ વેદન છે તેને ગૌણ કરીશ એ નહીં ચાલે.**' અહીંયાં નહિ ચાલે શબ્દ વાપર્યો છે. '**પૂર્ણાનંદના નાથને તે જાણ્યો ને વેદનમાં આવ્યો એ વેદનને તું ગૌણ ન કરીશ હોં ! એ તો લક્ષ કરાવવાની અપેક્ષાએ તને ગૌણ કહ્યું પણ મુખ્ય તો એ જ છે. જે આનંદ પોતાને પ્રત્યક્ષ વેદાય એ મુખ્ય છે.**' અહીંયાં આનંદની વાત સાથે લીધી છે. આમ બધી વાતનો વિવેક કરતાં આવડવો જોઈએ.

વ્યવહારમાં એક બીજી રીતે વિચારીએ તો દ્રવ્ય છે એ મૂડી છે. કે દ્રવ્ય છે (એ) આત્માના ગુણની સંપત્તિ છે, મૂડી છે. હવે કોઈ એકદમ લોભી જીવ હોય, એ જરાય મૂડી ન વાપરે અને ભીખ માગ્યા કરે તો ?! કે જે કાંઈ છે એ બહારથી જ લેવું, મૂડીને વાપરવી નહિ. મૂડી એના માટે નથી. મૂડી કોઈકના માટે છે. એને તો મૂડીનો

ઉપભોગ નથી, એને તો જરૂર પડે એ બીજા પાસે માગે છે ! કે બટકું રોટલો મને આપો, મને કપડાં આપો, મને રહેવાનું ઘર આપો, મને આશરો આપો, મને સહાય કરો, મને મદદ કરો, હું લાચાર છું, હું ગરીબ છું. એને મૂડી શું કામની ? તો એને કહે છે કે એ એટલો બધો કંજૂસ છે, એટલો બધો કંજૂસ છે કે એને મૂડી છે એમ કહેવાય જ નહિ. જે મૂડી પોતાને માટે પોતે ન વાપરી શકે એને મૂડી કહેવાય જ નહિ. તો ત્યાં વાપરવાની કેટલી મુખ્યતા ? કે બધી મૂડી ગૌણ થઈ જાય એટલી મુખ્યતા. એની અપેક્ષા છે કે નહિ ? એમ અહીંયાં પણ જે સ્વાનુભવ છે એ મૂડીનો વપરાશ છે, મૂડીનો ઉપયોગ છે. જો ઉપયોગ જ ન હોય તો એ મૂડી નથી. મૂડી તે મૂડી નથી. એમ થઈ જાય છે, એટલી અપેક્ષા છે.

શું કહે છે ? કે **'અહો ! આવો આશ્ચર્યકારી દ્રવ્યસ્વભાવ પ્રગટ્યો એટલે કે અનુભવમાં આવ્યો !' એમ જ્ઞાન જાણે, પણ દ્રષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર - દ્રવ્યસ્વભાવ ઉપર - જામેલી તે જામેલી જ રહે છે.'** જ્ઞાનમાં, એ અનુભવમાં જ્ઞાનનું સ્વસંવેદન અને આનંદનું વેદન, શાંતિ એ બધું (આવે છે.) સ્થિરતા એ બધું જ્ઞાનમાં આવે છે. દૃષ્ટિ એ જોવા રોકાતી નથી. કેવો આનંદ આવ્યો ?! કેવો આનંદ પ્રગટ્યો ?! કેવી સ્થિરતા થઈ ?! કેટલો રાગ ભાવ બુદ્ધિપૂર્વક રહી ગયો ? (એમ ને એમ રહી જાય, એમ દ્રવ્ય એમ ને એમ રહી ગયું. **'દૃષ્ટિ તો શાશ્વત સ્તંભ ઉપર—જામેલી તે જામેલી જ રહે છે.'** જામેલી રહે છે એટલે પરિણમનશીલ તો છે; સમય સમયનું ઉત્પાદ-વ્યય છે પણ છતાં એક જ જગ્યાએ. એ ધ્રુવ ખીલાને છોડીને દૃષ્ટિ ક્યાંય આઘી પાછી થતી નથી. એવું દ્રવ્યદૃષ્ટિનું કાર્ય છે. એ હંમેશા પ્રગટે ત્યારથી એકસરખું, એકધારું સ્વદ્રવ્યની સાથે અભેદ થઈને રહેવાનું છે.

પ્રશ્ન :– મિથ્યાદૃષ્ટિની દૃષ્ટિ પર્યાય ઉપર જ છે ને ?

સમાધાન :– એની દૃષ્ટિ પર્યાય ઉપર છે અને પર્યાય ઉપર દૃષ્ટિ હોવાથી પર્યાયમાં રાગ છે એના ઉપર દૃષ્ટિ છે. અથવા કર્મજનિત પર્યાય છે. જ્ઞાનનો ક્ષયોપશમ પણ કર્મજનિત છે. રાગ પણ કર્મજનિત છે. એટલે કર્મ બન્નેમાં નિમિત્ત છે. એના ઉપર દૃષ્ટિ છે. એટલે એટલો ને એવડો હું એમ જ એને અનુભવ આવે છે. પછી ત્યાંથી એનું મમત્વ વધુ લંબાઈ જાય છે. એની દૃષ્ટિ તો ત્યાં જ છે. પણ પછી એનું મમત્વ લંબાઈ જાય છે એટલે એ પર્યાયના વિષયભૂત કેટલાક પદાર્થો, અન્ય પદાર્થો થાય

છે એમાં પણ એમાં ક્યાંક ક્યાંક એ મમત્વ કરે છે. કે આ દેહ મારો છે, આ કુટુંબ મારું છે, આ ઘર મારું છે, એવી રીતે અન્ય પદાર્થો ઉપર પણ એનું મમત્વ ચાલ્યું જાય છે. પણ દૃષ્ટિ તળ ઉપર છે, દૃષ્ટિ ભેદ નથી પાડતી કે, આ પર્યાય, આ એમાં રાગ અને આ રાગના નિમિત્તરૂપ પરદ્રવ્ય. એમ દૃષ્ટિ ભેદ પાડતી નથી. કાં દૃષ્ટિ સ્વ ઉપર છે, કાં દૃષ્ટિ પર ઉપર છે. પરમાં પછી બધું પર. એક પરમાં બધું આવી ગયું.

જેમ વિપરીત દૃષ્ટિ, મિથ્યાદૃષ્ટિ આવું મહાન દ્રવ્ય હયાત હોવા છતાં આવા મહાન દ્રવ્યની હયાતી સામું જોતી નથી, વિષય જ કરતી નથી. છે કે નહિ એનો પત્તો લેતી નથી. નથી એમ નહિ છે કે નહિ એનો કાંઈ એનો હિસાબ કરતી નથી. એવી પર ઉપરની દૃષ્ટિ જેમ પરિણમી રહી છે, એમ સમ્યક્દર્શન થતાં સ્વ ઉપરની દૃષ્ટિ એકલા આત્માને જ આત્માની જ સત્તાને વિષય કરતી એને જ પોતા સ્વરૂપ હયાતીને પકડતી, ગ્રહતી અન્ય કાંઈ છે કે નહિ એ જોતી નથી. જ્ઞાન આ બધું જાણે છે. દૃષ્ટિ તો જોતી જ નથી.

કેવળજ્ઞાનની પર્યાયની સામું દૃષ્ટિ ન જોવે, પરમાનંદની સામું દૃષ્ટિ ન જોવે, એવું દૃષ્ટિનું કાર્ય છે. એને માટે તો એ નહિ હોવા બરાબર છે. હોવું કે નહિ હોવું બધું એના માટે સરખું છે. કેમકે એ એને વિષય કરતી નથી. એવું જે દૃષ્ટિના પરિણમનનું કાર્ય છે, એ બતાવવા માટે દિવ્યધ્વનિમાં ગમે તે પ્રકાર આવ્યો હોય પણ જે 'બ્રહ્મ સત્ય જગત મિથ્યા' આવ્યું છે એ એમાંથી આવ્યું છે. બ્રહ્મ એટલે ત્રિકાળી દ્રવ્યસ્વભાવ એને બ્રહ્મ કહેવામાં આવે છે. આત્મા પ્રજ્ઞા બ્રહ્મ સ્વરૂપ છે 'ગુરુદેવશ્રી' આ શબ્દ બોલતા જ્ઞાનનું બ્રહ્મ એટલે ત્રિકાળી ધ્રુવ. જ્ઞાન બ્રહ્મ આત્મા છે. પ્રજ્ઞા બ્રહ્મ આત્મા છે એમ કહેતા. એ ત્રિકાળી જ્ઞાનનું દ્રવ્ય છે. તો એ જ સત્ય છે, દૃષ્ટિને તો (એ જ) સત્ય છે. એ સત્તા, પોતાની સત્તા એણે ત્યાં જ જોઈ એ સિવાય પોતાની સત્તા એક સમયની પર્યાયમાં ન જોઈ, એટલે એટલું જ એને માટે સત્ય છે. બાકીનું? તો કે બાકીનું બધું મિથ્યા છે કેમકે એના ઉપર દૃષ્ટિ જાય તો મિથ્યાદૃષ્ટિ થાય છે. એક સમયની પર્યાય ઉપર જાય તોપણ દૃષ્ટિ મિથ્યા થાય છે અને આખા જગત ઉપર જાય તોપણ દૃષ્ટિ મિથ્યા થાય છે. તો કે બ્રહ્મ સત્ય જગત મિથ્યા. જગત મિથ્યા. ત નો ન થઈ જાય છે. 'જગન મિથ્યા' એ અહીંથી સૂત્ર નીકળ્યું છે. દ્રવ્યદૃષ્ટિના તીખા વચનોમાંથી એ સૂત્ર નીકળ્યું છે, અને એ પછી લોકો ન સમજ્યા એટલે એમાંથી

વેદાંતનો આખો મત જુદો ઊભો થઈ ગયો. પછી સાંખ્યમત છે એ પર્યાયને સ્વીકારતો નથી. પર્યાયથી માંડીને આખા જગતને સાંખ્યમત નથી સ્વીકારતો. ઈ તો કહે એક જ સત્તા છે.

પરબ્રહ્મની એક જ સત્તા છે. જડને જીવ એવી બે સત્તા નથી પછી તો એમ કહે છે. આખા વિશ્વની અંદર એક જ પરબ્રહ્મ છે. ઇ આમાંથી નીકળ્યું. કે તમે એમાં જગતને ભેદ પાડ્યો ને? કે આખું જગત છે તો કે ઇ તારી દૃષ્ટિ મિથ્યા છે એટલે તને જગત દેખાય છે. અને તને જ્યારે જગત દેખાશે ત્યારે તું તારું મારું કર્યા વિના રહીશ નહીં. એટલે એમ કહીશ કે આટલું મારું, આ કુટુંબ મારું, આ દુકાન મારી, આ દેહ મારો, આ સંયોગો મારા, બાકીના મારા નહિ. મારા પ્રત્યે તને રાગ થશે, મારા નથી એના પ્રત્યે તને આપોઆપ દ્વેષ થશે, અને આ બધી ઝંઝટ પરબ્રહ્મને નહિ માનવાથી છે. શું કહે ? .. પકડ્યું છે ! માટે એક પરબ્રહ્મને માનો તો રાગ-દ્વેષ થાય નહિ.

અહીંયાં તર્કની બહુ મોટી જગ્યા છે કે કોને રાગ-દ્વેષ થાય છે ? પરબ્રહ્મને થાય છે કે બીજા કોઈને થાય છે ? અને થાય છે તો એની અવસ્થામાં થાય છે કે ક્યાંક અદ્ધર બીજે થાય છે ?

મુમુક્ષુ :– અવસ્થા સાબિત થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– અવસ્થા સાબિત થઈ ગઈ. અને તું એમ કહે છે કે રાગ-દ્વેષ થાય છે, તો જગતમાં તો પરબ્રહ્મ સિવાય બીજું કાંઈ છે નહિ તો પછી રાગ-દ્વેષ ક્યાં થયા તો પછી? કેમકે બધું જ બ્રહ્મ છે. આ બ્રહ્મ ને તે બ્રહ્મ. 'શ્રીમદ્જી'એ લીધું છે આ બ્રહ્મ ને તે બ્રહ્મ. જડ જીવને, જીવ બ્રહ્મ ને જડ બ્રહ્મ. બધું લીધું છે એમણે. અર્થ તો કરવો હોય એ કરે, સમજવો હોય એ સમજે. શબ્દો તો બધા આવ્યા જ છે. એ દૃષ્ટિનો વિષય સમજાવવા માટે વચનો આવે તોપણ દૃષ્ટિનો વિષય શું છે કેવા પ્રકારે છે? એ ત્યાં સમજવું રહે છે. અને તે સમ્યક્ પ્રકારે, યથાર્થ પ્રકારે સમજાય તો સમ્યક્દૃષ્ટિપણું શું, સમ્યક્દર્શન શું? એનો ખ્યાલ આવે છે નહિતર શબ્દ તો મળે છે, પણ એનું વાચ્ય સમજાતું નથી. વાચ્ય એટલે શું ? એ ભાવ સમજાવો જોઈએ. ૨૧૭ થયો.

**કોઈ એકાંતમાં વસનાર– એકાંતપ્રેમી–માણસ હોય, એને પરાણે બાહ્ય કાર્યમાં જોડાવું પડે તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો, પણ કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ !! અથવા કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે ? એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારનાં કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે. ૨૧૮.**

૨૧૮મો બોલ. એવા દૃષ્ટિવંત જ્ઞાનીની, ધર્માત્માની દશા કેવી હોય છે. એનું એક પડખું આમાં લીધું છે. વિવિધ પડખેથી એ વિષય આ ગ્રંથમાં ચાલ્યો છે. દરેકના જુદાં-જુદાં પડખા હોય છે. અહીંયાં એ વિષયનું એક પડખું છે. '**કોઈ એકાંતમાં વસનાર—**' પહેલા દૃષ્ટાંત છે. જેમ '**કોઈ એકાંતમાં વસનાર–એકાંતપ્રેમી–માણસ હોય,..**' ઘણા એવા એકાંતપ્રેમી માણસ હોય છે. એને જાજો સહવાસ ન ગમે. બહુ વાતો કરવી ન ગમે. બહુ બીજાની સાથે હરવું-ફરવું એમ ન ગમે. બીજાની સાથે રહેવું ન ગમે. એકાંતપ્રેમી હોય, એકાંતમાં જ રહે. એને એકાંતની રુચિ હોય છે. અને અનેક જણ, અનેક વ્યક્તિઓના સહવાસની એને અરુચિ હોય છે.

'**કોઈ એકાંતમાં વસનાર–એકાંતપ્રેમી–માણસ હોય,...**' અત્યારે તો એવા માણસ ઓછા હોય છે એટલે ઘણાને ખ્યાલ નથી આવતો. પણ એવા માણસો ઘણા હોય છે. એકાંતપ્રેમી, શાંત હોય છે, ગુણવાન હોય છે, એકાંતપ્રેમી હોય છે. એને કોઈની સાથે લપ્પન-છપ્પન ગમે નહિ. પોતાના અંદરનું કામ સંભાળે અને એકાંતમાં શાંતિથી રહે બસ. એવા કોઈ '**માણસ હોય, એને પરાણે બાહ્ય કાર્યમાં જોડાવું પડે...**' એને એમ કહે કે તમે, મારા ઘરે જાન આવવાની છે અને દીકરીના લગ્ન છે અને તમે કામ કરવા આવજો. માણસો ઘણું ભેગું થઈ ગયું છે. માંડવે ઘણું છે અને જાનમાં પણ ઘણું માણસ આવવાનું છે. તો એ કોલાહલમાં એને ફાવતું નથી. આ કામ કરો અને તે કામ કરો અને બધા સાથે જાવ અને બધા સાથે આવો એ કામ એને ફાવતું નથી. તો એને પરાણે બાહ્યકાર્યમાં જોડાવું પડે. પોતાનું એકાંત છોડીને બધાની વચમાં

આવવું પડે છે એ પરાણે આવે છે.

**'તો તે ઉપલકપણે જોડાતો દેખાય ખરો,...'** એ ટોળાની વચ્ચે એ માણસ દેખાય છે. કાર્ય કરતો પણ દેખાય છે. પણ એણે એની એકાંતપ્રિયતા છોડી દીધી છે, એકાંતની રુચિ છૂટી ગઈ છે અને સહવાસમાં આવ્યો છે એમ છે નહિ. **'ઉપલકપણે જોડાતો દેખાય...'** એટલે એના પરિણામ રસથી અને રુચિથી લાગતા નથી. બાહ્યકાર્યમાં, બધાની સાથેના કાર્યમાં રસથી અને રુચિથી એના પરિણામ લાગતા નથી. અને તે કેટલા પ્રકારે ? એણે એક બહુ સારું વચન લીધું છે.

**'પણ કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ !!'** એને તો એનું એકાંત જ ઘુંટાય છે. એમાં એને જાણે એ બહારમાં આવ્યો છે કે નહિ, એવું એને મુખ્યપણે અનુભવમાં આવતું નથી. આ સમ્યગ્દૃષ્ટિની અંતરવૃત્તિ અને બાહ્યવૃત્તિનું થોડું અહીં વર્ણન છે. થોડું વર્ણન છે. પૂરેપૂરું થવું તો મુશ્કેલ છે. પણ થોડું વર્ણન છે. સમ્યગ્દૃષ્ટિ બહારના કાર્ય કરતો દેખાય છે. અહીં એમ લેવું છે. સમ્યગ્દૃષ્ટિ પણ ઉદયના કાર્યો કરતો દેખાય છે. પછી તિર્યંચમાં તિર્યંચનો ઉદય હોય, નારકીમાં નારકીનો ઉદય હોય, મનુષ્યમાં મનુષ્યનો ઉદય હોય, એમાં કોઈ રાજા હોય, કોઈ રંક હોય, કોઈ વિદ્વાન હોય, કોઈ સામાન્ય પ્રજાજન હોય. બધા કાંઈ એક સરખા હોતા નથી. તો એ બધાને પોતપોતાના પૂર્વકર્મના ઉદય અનુસાર કાર્યની પ્રવૃત્તિ જોવામાં આવે છે.

અહીંયાં એમ કહે છે કે એ અંદરમાં એકલો છે. કે **'કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ !!'** એટલે કે બહારમાં આવતો નથી એવી રીતે બહારમાં આવે છે. કે એનું ચિત્ત ક્યાંય ચોંટતું નથી. એનું મન ક્યાંય લાગતું નથી. 'ગુરુદેવ' તો એના ઘણા દૃષ્ટાંતો આપતા. એમ કે કોઈ ૨૫ વર્ષનો યુવાન પુત્ર છે, એનું નિધન થઈ ગયું હોય, મરણ થઈ ગયું હોય અને પછી બારમું–તેરમું કરે છે ને ? ચૂરમાના લાડવા બનાવે. લાડવો ખાતો દેખાય. આંખમાંથી દડદડ આંસુ જતા હોય અને મોઢામાં આમ લાડવાનું બટકું ચવાતું હોય. ઠીક ! તો એને પૂછે કે લાડવો કેવો મીઠો લાગે છે ? તો કોને ખબર છે, બાપુ ! લાડવો કેવો છે એની ખબર જ કોને છે ? શું કહે એ ? લાડવો કેવો ગળ્યો છે એની કોને ખબર છે ? કોણ જાણે છે કે લાડવો કેવો છે ? એને લાડવાની ખબર નથી. કેમકે એનું મન લાડવા ઉપર લાગતું નથી. એનું મન છે એ બીજે લાગેલું છે. એ તો સાધારણ પ્રસંગ છે.

આત્મામાં જે પરિણામ લાગેલા રહે છે, એની પાસે બાહ્ય પ્રસંગ તો સાધારણ જણાય છે. એટલો બધો ફેર છે. અંદરની અંતરવૃત્તિ અને બાહ્યવૃત્તિમાં તો ઘણો ફેર છે. એ ૨૫ વર્ષના દીકરાના બારમાં વખતે ભલે ન ભાન હોય. બાર જ દિવસ થયા હોય અને મિષ્ટાન્ન ખાય ત્યારે ભલે ન ભૂલાણો હોય, પણ કાળે કરીને એને એ ભૂલી જ જવાનો છે. એટલે કોઈ શોકમાંથી બહાર ન નીકળતો હોય તો એને માટે ઉપાય શું? તો એમ લોકોમાં એક કહેવત પડી ગઈ કે દુઃખનું ઓસડ દહાડા. દિવસો જાશે (તો દુઃખ ભૂલાશે.) કેમકે દિવસો જ એની દવા છે. કાળ નિર્ગમન થવો, એ એને ભૂલવાનું કારણ છે. અહીંયાં આત્મા ભૂલાતો નથી. ગમે તેટલો કાળ જાય, અનંતકાળ જાય પણ આત્મા ભૂલાતો નથી. બે વચ્ચે આ ફેર છે. બહુ મોટો ફેર છે.

આત્મકાર્યમાં મોક્ષમાર્ગમાં તો જેમ જેમ કાળ જાય છે તેમ બીજા ગુણોનું પરિણમન આત્માને વધારે ને વધારે વળગતું જાય છે. સ્થિરતા ઓછી હતી તે વધી ગઈ, સ્વસંવેદન ઓછું હતું તે વધી ગયું. આનંદ ઓછો હતો તે વધી ગયો, શાંતિ વધી ગઈ. ત્યાં કાળ જાય છે એમ આત્મા ભૂલાતો નથી, પણ આત્મા વધારે નજીક આવે છે. પરિણમન ગાઢ થતું જાય છે. એટલે સંસારના કાર્યો, સંસારના ગમે તેવા મોટા પ્રસંગો હોય, અંદરથી હલાવી નાખે એવો પ્રસંગ હોય, તોપણ કાળે કરીને એ ભૂલી જાય. કેમકે એનું મૂળ એટલું ઊંડું નથી. એ સંયોગ-વિયોગના પરિણામના રસનું મૂળ એટલું ઊંડું નથી. જેટલું ઊંડું મૂળ દ્રવ્ય સુધી જાય છે, તે દર્શન-જ્ઞાન-ચારિત્રના પરિણામના રસનું મૂળ ઘણું ઊંડું છે. એટલે એ મૂળ છે એ પાંગરતું જાય છે. પછી એ ઝાડ સુકાવાનો પ્રશ્ન રહેતો નથી.

અહીંયાં દૃષ્ટાંત આપ્યો છે એના ઉપરથી એટલું માપ લેવાનું છે. દૃષ્ટાંત જેટલું માપ નથી. ત્યાં ઉપયોગપણે જોડાતો દેખાય અને એની વૃત્તિ ન લાગતી હોય, તો **'કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ !!'** બે પડખા લીધા છે હોં! એક તો આ પડખું લીધું છે કે, બહારમાં જે બાહ્યકાર્યમાં ઉપયોગનું જોડાણ છે, ચારિત્રની અસ્થિરતાને લઈને રાગાદિભાવથી જે જોડાણ છે તે બહુ મર્યાદિત છે. જ્ઞાનદશામાં તે બહુ મર્યાદિત છે. તે એટલું મર્યાદિત છે કે જાણે કે એની ખબર નથી. અંદર અજાગૃત અવસ્થા છે. અસાવધાનીની અવસ્થા છે. જાગૃતિ અંદર આત્મામાં છે. સાવધાની એની આત્મામાં છે એમ લેવું છે.

એક બીજું દૃષ્ટાંત વિચારવા જેવું છે, કે એક માણસને એવી ભૂખ લાગી છે. ભૂખનો ભડકો અંદર સળગતો હોય એવી ભૂખ લાગી છે. બેચેન થઈ જાય એવી (ભૂખ લાગી છે.) અને એમાં એને ભાવતું હોય એવું જ મિષ્ટાન્ન અને ભોજન મળે. તો એટલી બધી લીનતાથી ખાય છે. એને એકદમ ખાવા મંડી જ પડે. ત્યારે એટલી બધી તીવ્રતાથી એ સ્વાદ અને ભૂખને સંતુષ્ટ કરવામાં ઉપયોગના પરિણામ રોકાય છે, કે એ વખતે એના ભાણા ઉપર માખી ઉડતી હોય, એને ઉડાડવા હાથ આમ થઈ જાય. એને વાસ આવે એટલે માખી આવે. માખી આવે તો એના ખાતા-ખાતા હાથ આમ થઈ જાય. ઉડાડી દે. તો એને કહે કે કેમ ભાઈ તમે હાથ શું કરવા આમ કર્યા કરો છો ? તમે ખાઈ લ્યોને. હવે તમને ભૂખ બરાબર લાગી છે, તમને ભાવતું ભોજન મળ્યું છે તો તમે બરાબર ખાઈ લ્યો. વચમાં બીજું શું કરવા કાર્ય કરો છો ? તો કહે મને ખબર જ નથી કે આમ હાથ થઈ ગયો એ. શું કહે એ ?

ઉપરછલ્લા ઉપયોગથી એને હાથ આમ કરીને માખી ઉડાડી, એને ખ્યાલ પણ નથી રહ્યો. સહેજે.. સહેજે.. એમ થઈ ગયું. એટલો ઉપરછલ્લો ઉપયોગ છે. તો કોણ જાણે કે મેં આમ હાથ કર્યો છે કે નહિ ? મને ખબર નથી એમ કહે. એમ કહે કે ન કહે ? એવો ઉપરછલ્લો ઉપયોગ લીધો છે. **'કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ !'** એમ. એક પડખું એ લીધું છે. કે જ્ઞાની અંદરમાં ઊંડે-ઊંડે એટલા જાય છે કે, કેટલા ઊંડે જાય છે અને ક્યાં રમે છે ? એને બાહ્યદૃષ્ટિથી, બાહ્યદૃષ્ટિમાન જીવોને, જગતના જીવોને એનો પત્તો લાગતો નથી. પણ બાહ્યકાર્યમાં જોવે છે, તો કહે **'કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ !!'** બીજા જ્ઞાનીઓ એમ જાણે છે કે **'કોણ જાણે તે બહારમાં આવ્યો છે કે નહિ !!'** અમે તો એમ જાણીએ છીએ કે જાણે એ બહાર આવતા જ નથી. પણ કાર્ય કરતા દેખાય છે ને ? કે એ કાર્ય બધા જડના કાર્યો જડ કરે છે, એનો આત્મા અંદરમાં બીજું કાંઈક કામ કરે છે. એવી રીતે અંદરમાં કામ ચાલે છે. એ દૃષ્ટાંત લીધું છે. એનો સિદ્ધાંત ત્યાં નથી લીધો. દૃષ્ટાંત જ લીધું છે. પછી બીજાનું દૃષ્ટાંત અને સિદ્ધાંત લીધો છે.

**'અથવા કોઈ ઘણો નબળો માણસ હોય ને એના માથે કોઈ કામનો બોજો મૂકે તો તેને કેટલું આકરું લાગે ?'** અશક્ત હોય, ન કરી શકે એવો હોય. અસહ્ય. લ્યો! આ માથે બોજો નાખે. આ ભાર ઉપાડવાનું કહે, આ ભાઈ ! જરાક ત્રણ-ચાર મણનું

પોટકું છે, માથે ઉપાડીને તમારી માથે મૂકી દઈએ. જરાક થોડું પાડોશના ઘરે પહોંચાડી દ્યો. ભાઈ ! મારાથી (ન) ઊપડે, મારું ગજું નથી. પણ નહિ, કરવું જ પડશે. આટલું તો કરવું જ પડશે. તો એને એ આકરું લાગે છે.

**'એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી...'** અહીંયાં એક જ લીટીમાં જ્ઞાનદશાનો સિદ્ધાંત સમજાવ્યો છે. જ્ઞાનદશાની સ્થિતિ સમજાવી છે કે, **'એવી રીતે જ્ઞાનીને જ્ઞાનધારા વર્તતી હોવાથી બહારનાં કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે છે.'** એને એ બોજો લાગે છે. કે બાહ્યના કાર્યમાં એને અકર્તાસ્વભાવી જ્ઞાન, એ ધારાપણે વર્તી રહ્યું છે, ત્યારે એમાં એને એ જ્ઞાનનું નિમિત્ત બનીને બહારના રાગાદિના કાર્યો ઉત્પન્ન થાય અને ભાવ થાય. એ અકર્તા સ્વભાવી જ્ઞાન ઉપર બોજો નાખવાનું કાર્ય લાગે છે. કેવો બોજો છે ? કે જેવો પેલા અશક્ત માણસને, નબળા માણસને અસહ્ય બોજો છે એવો આ એક અસહ્ય બોજો છે. અહીં અસહ્ય બોજો લીધો છે. આવી જ્ઞાનદશાની સ્થિતિ અહીં સમજાવી છે.

જે તીવ્ર કર્તૃત્વમાં જે જીવો પડ્યા છે એને આ વાત સમજવી થોડી કઠણ પડે એવી છે. અથવા જેવો જોઈએ એવો ભાવ એને કદાચ ન ભાસે. એવો વિષય છે. કેમકે પોતે તીવ્ર કર્તૃત્વમાં પડ્યો છે અને આ વિરુદ્ધ વિષય ચાલે છે. પણ જેમ કોઈ આંખની પાંપણ પાસે, આખો ઉકરડો ઉલેચવાનું કામ કરે કે આખો ઉકરડો તમે ફેરવી દો. આ જગ્યાએ ઢગલો નથી કરવો, આ જગ્યાએ ઢગલો કરવો છે. પણ ઘરનું વાસીદું વાળ્યું નથી, આ આંખની પાંપણ તો ઘરનું વાસીદું વાળે એવું નથી, એ ગામનો ઉકરડો ક્યાંથી ઉઠાવે ?

જ્ઞાન તો નેત્રમાત્ર જાણે. જ્ઞાનના અવયવો નેત્ર તો માત્ર જાણે. જ્ઞાનનું કાર્ય જાણવાનું છે. જગતના કાર્યો કરવા એ જ્ઞાનીનું કાર્ય નથી. એવી જેની જ્ઞાનદશા છે. જ્ઞાનધારા વર્તે છે એમ લેવું છે. એને બહારના કાર્યમાં જોડાવું બોજારૂપ લાગે. એવા જ્ઞાનીને બાહ્ય કાર્યો પૂર્વકર્મના કારણે પરવશપણે આવી પડ્યા છે. પરવશપણે આવી પડે છે. એક વખત એક ચર્ચા ચાલી હતી. 'પૂજ્ય બહેનશ્રી'ને એક ભાઈએ પૂછ્યું, કે ચક્રવર્તી છ ખંડ જીતે છે. તો અમને ક્યારેક લડાઈ કરવાનું મન થઈ જાય, ભાવ થઈ જાય. કેમકે ચક્રવર્તી છ ખંડ જીતે છે તો ક્યાંક ન્યાયની વાત હોય તો અમને પણ જરાક લડાઈ કરવાનું મન થઈ જાય. તો એમાં વાંધો નહિ ને ? બહુ સરસ

જવાબ આપ્યો હતો. કે ચક્રવર્તીને તો પૂર્વકર્મોથી આવી પડેલી વાત છે. એને હોંશ નથી અને તું હોંશથી જોડાય છો. બે વચ્ચે મોટો ફેર છે. એને બોજો લાગે છે, તને બોજો લાગતો નથી. તને એમાંથી રોકે તો તને તકલીફ પડે એવું છે. તારો રસ એટલો છે કે એમાંથી તને કોઈ રોકે કે એમ નથી કરવાનું તો તને તકલીફ પડે. ચક્રવર્તીને તો આવી પડેલી વાત છે. આવી પડેલી વાત કેવી રીતે હોય ? એનો બોજો કેવી રીતે હોય ? એ વાત આ દૃષ્ટાંતથી સમજાવી છે. એને આવી પડેલી વાત છે. અને તું હોંશથી કરે છો. બહુ મોટો ફેર છે. ઉત્તર-દક્ષિણનો ફેર છે.

જેને ઉદયના કાર્યમાં હોંશ આવે, જેને ઉદયના કાર્યની અંદર રસ આવે, એને આવી પડેલી વાત રહેતી નથી. એને એ બોજો લાગતો નથી. એ તન્મય થઈને જોડાય છે. ત્યાં એની દૃષ્ટિ આત્મા ઉપર હોય એ વાત બની શકતી નથી, એનું જ્ઞાન સમ્યક્ હોય એ વાત પણ બની શકતી નથી. એ તો સંસારમાં ડૂબે છે. આ તો જ્ઞાનદશા સમજાવવા માટે જ્ઞાનીની વાત લીધી છે. પણ આત્માર્થીની (પણ) એવી લાઇન થઈ જાય છે. આત્માર્થીની ભૂમિકામાં જીવ આવે છે, સમ્યગ્દર્શન પામ્યા પહેલાની વાત છે. તોપણ એને પોતાના ઉદયના કાર્યો કરવા બોજો જેવા લાગ્યા કરે, બોજો લાગે. ઉપાધિ લાગે, બોજો લાગે. આ આવી પડ્યું છે પણ એક બોજો છે. એવું એને લાગ્યા કરે. તો એની લાઇન ક્યાંક, ભૂમિકાની લાઇન સવળી છે. નહિતર તો આ વાંચીને એમ કાઢે કે આ તો જ્ઞાનીને બોજો લાગે ને. અમે તો ક્યાં જ્ઞાની થયા છીએ ? અમારે તો બધું સંસારમાં જે કાર્ય તો કરવું હોય તો એ કાર્ય કરવું જ પડે ને. જ્ઞાની થયા પછી બીજી વાત છે. તારે તો જ્ઞાની થવાનો વારો આવે એવું નથી. તને તારી ભૂમિકામાં બોજો લાગે છે ? ભલે એટલા પ્રમાણમાં નહિ પણ ઓછા-વત્તા પ્રમાણમાં પણ બોજો લાગે છે ? કે તને હોંશ વર્તે છે ? આ વાત તપાસવી, વિચારવી, અવલોકનમાં લેવી, એ તારું કાર્ય છે. અને એ કાર્યને તારે તારી ભૂમિકા અનુસાર સંભાળવું રહ્યું. તો જ્ઞાનદશા આવશે, એમાંથી જ્ઞાનદશા આવશે. બીજી રીતે અદ્ધરથી કાંઈ જ્ઞાનદશા આવે છે એવું બનતું નથી. એ તો ખરેખર એની Practice છે.

જે બોજો લાગે છે અને નિરસપણું આવ્યું છે, એ આત્મામાં સુખબુદ્ધિ અને પરમાં સુખબુદ્ધિનો અભાવ, બે વાત સાથે ઊભી થાય ત્યારે એને બોજો લાગ્યા વિના રહે નહિ. વ્યર્થકાર્યનો બોજો લાગ્યા વિના રહે નહિ. કેમકે એ તો વ્યર્થ છે. ગમે એટલું

મળે તોપણ વ્યર્થ છે. સંયોગો એકઠા થાય તોપણ વ્યર્થ છે અને ન મળે તોપણ એ વ્યર્થ છે તે તો વ્યર્થ જ છે. વ્યર્થતાનો બોજો લાગ્યા વિના રહે નહિ. એટલે ભલે જ્ઞાનીના દૃષ્ટાંતો અથવા જ્ઞાનીના સિદ્ધાંતો, જ્ઞાનદશાનું બહુમાન આવે, જે બહુમાન દર્શનમોહનું ગળવાનું કારણ થાય, અને જ્ઞાનીની અંતરવૃત્તિ અને જ્ઞાનીનું સ્વરૂપ સમજાય, એ હેતુથી પણ જ્ઞાનદશાની વાત આવે છે. અને એના ઉપરથી એને અનુસરતી આત્માર્થી અને મુમુક્ષુની ભૂમિકા કેવી હોય છે એ વાત પણ પોતે જ એમાંથી ઉપદેશપણે ગ્રહણ કરવાની હોય છે. એના ઉપરથી ઉતરી આવતી શું છે ? કે એને અનુસરતી દશા અહીંયાં શરૂ થઈ છે કે નહિ ? શરૂ થાય છે કે નહિ ? એ વાત એને તપાસવી પડે છે.

પણ એમનેમ માત્ર ઉપલક-ઉપલકપણે વિચાર-વાંચન કરે, તો એથી કાંઈ આત્માને કદી લાભ થતો નથી. ઉપલક-ઉપલક વાંચન-વિચારથી કોઈ એની શ્રદ્ધા બદલાઈ જાય એવું કદી બનતું નથી. સીધે સીધી વાત એ છે કે, આત્માના અંતરસ્વભાવના ઊંડાણમાં જાવું છે. જે પરિણામોને આત્માના ઊંડાણમાં જાવું છે, તેને બહારમાં જે સંયોગ–વિયોગમાં અને જડના પર્યાયોમાં / પરિણામો સલવાણા છે, ત્યાંથી તો કાઢવા જ રહ્યા. બે જગ્યાએ તો એ કામ કરવાના જ નથી. ત્યાં સલવાણો છે એ અહીં ક્યાંથી આવવાનો છે ? એ તો કોઈ રીતે આવી શકવાનો નથી. માટે આત્માના હિતની, હિતના લક્ષે આ બધી વિચારણા આવવી જોઈએ અને એ રીતે આ વિષયને સમજવો જોઈએ. તો યથાર્થપણે સમજાય અને યથાર્થપણે સમજાય તો એમાંથી સ્વરૂપની ભાવના, આત્મભાવના ઉત્પન્ન થાય, હિતની ભાવના ઉત્પન્ન થાય અને તો હિતની દશામાં આગળ વધી શકાય.

**વર્તમાન પર્યાયમાં વિકારભાવ વર્તતો હોવા છતાં, 'હું વર્તમાનમાં જ પરિપૂર્ણ શુદ્ધ છું'. એવી અપૂર્વ દૃષ્ટિ મૂળ સ્વરૂપ સત્તાને ગ્રહે - તે સ્વરૂપ દૃષ્ટિનું કાર્ય છે. ('અનુભવસંજીવની' બોલ નં.૧૦૧A)**

**ગમે તેવી કટોકટીમાંથી પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો. આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે. તેને વ્યર્થ જવા ન દેવું. ૨૧૯.**

તા. ૧૭-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૧૯-૨૨૦
પ્રવચન નં. ૧૭૭

આ કાળમાં મનુષ્યજીવ પ્રાયઃ વ્યસ્ત જેવું છે. ઉદયના કાર્યો, આજીવિકા સંબંધી (કાર્યો), એમ અનેક પ્રકારે સમય ઘણો રોકાય એવી કાર્યપદ્ધતિ (છે.) રોજિંદા જીવનમાં તો જ્ઞાન-ધ્યાનનો સમય રાખવો જોઈએ. પણ પરિસ્થિતિ ઘણી એવી વ્યસ્ત કાર્યોની હોય, જેને સમયનો અભાવ કહી શકાય એવી કટોકટીવાળો સમય હોય તોપણ '**ગમે તેવી કટોકટી,...**' સાધારણ નહિ પણ ગમે તેવી કટોકટી હોય તોપણ પોતાના હિતનું કાર્ય કરવા સંબંધીનો સમય, જ્ઞાન-ધ્યાનનો એટલે, જે જ્ઞાનથી પોતાનું વેદન થાય એવો પ્રયત્ન થાય અને જે પ્રયત્નથી સ્વરૂપમાં એકાગ્રતા થાય, એવા પ્રકારનો '**સમય ખેંચીને કાઢી લેવો.**' કાઢી લેવો એમ નહિ પણ ખેંચીને કાઢી લેવો.

વાચક શબ્દોમાંથી એવો ભાવ નીકળે છે, કે પોતાના પ્રયોજનભૂત કાર્યની કેવી તીક્ષ્ણ દૃષ્ટિ હોય. પ્રયોજન સંબંધીની પરિણમનમાં જે તીક્ષ્ણતા છે, એ તીક્ષ્ણતાને સૂચવે છે. '**ખેંચીને કાઢી લેવો.**' જેમ ઘણી ચીજમાંથી કોઈ ચીજ પોતાના કામની હોય, એ જુદી પાડી દે એમ ગમે તેવી વ્યસ્ત પરિસ્થિતિમાંથી પણ, ઘણા કામના રોકાણવાળી પરિસ્થિતિમાંથી પણ, નિવૃત્તિ ન મળતી હોય તેવી પરિસ્થિતિમાંથી પણ, આત્માના જ્ઞાન-ધ્યાન માટે નિયમિત રીતે નિવૃત્તિ લેવી જોઈએ. નિયમિત રીતે. બે મહિને, મહિને, બે મહિને, છ મહિને એમ નહિ. નિયમિત રીતે, રોજ કલાક, બે કલાક, ત્રણ કલાક, ચાર કલાક જેટલી લઈ શકાય.

જુદી નિવૃત્તિ લઈને સમયને ખેંચીને પોતાના જ્ઞાન-ધ્યાનમાં સમય વ્યતીત કરવો જોઈએ. એનું કારણ પણ પોતે આપે છે. કે '**આ અમૂલ્ય જીવન ચાલ્યું જાય છે.**

**તેને વ્યર્થ જવા ન દેવું.**' જો એમ કરવામાં ન આવે તો એ સિવાયનું, આત્મકાર્ય સિવાયનો જેટલો કોઈ સમય અન્યકાર્યોમાં જાય છે. અન્યકાર્યો સંબંધી જે આત્માના પરિણામ થાય છે. એમ ને એમ તો કાંઈ કાર્યો થતાં નથી. પણ જીવ એમાં પોતાના ઉપયોગથી અને પરિણામથી જોડાય છે, તેથી વધારે કહીએ તો સાવધાની રાખીને જોડાય છે, ત્યારે એ સમય આત્મહિતમાં નથી જતો, પણ આત્માના અહિતમાં જાય છે.

અથવા કોઈ એમ માને કે, કેટલાક લાભ માટે, અમુક લાભની પ્રાપ્તિ, જગતના પદાર્થો મેળવવા સંબંધીની જે કાંઈ જરૂરિયાત હતી. જેટલો લાભ થયો છે, એટલો લાભ લેવા માટે એ સમય જાય છે. એને કહે છે કે એ તો તારો સમય વ્યર્થ ગયો છે. બંને પડખા લાગુ પડે છે. એક તો આત્માને નુકસાન થયું છે, અશાંતિ ઊભી કરી છે. જે કાંઈ પરિણામો થયા એને લઈને નવું કર્મબંધન ઊભું કર્યું છે. અને આત્મલાભ કાંઈ નથી થયો, તેથી સમય ચાલ્યો ગયો એ વ્યર્થ જ ગયો છે. બંને પડખા લાગુ પડે છે. નકામો ગયો છે અને નુકસાન પણ થયું છે. બે વાત છે.

સમય કેવો છે ? કે મનુષ્યપણાનો સમય તો જેનો એક સમય રત્નચિંતામણિથી અધિક મૂલ્યવાન છે. એની બરાબર નથી લીધું. જ્ઞાનીઓએ એનું મૂલ્ય આંક્યું છે. કે જેનો એક સમય પણ, જે મનુષ્યપણાનો એક સમય રત્નચિંતામણીથી એવું જે રત્ન બધા રત્નમાં કીમતી ગણાય છે. જેનાથી ચિંતવે તે મળે. એનાથી અધિક મૂલ્યવાન ગણ્યો. કોઈ અતિશયોક્તિ કરી છે તેમ વિચારવા યોગ્ય નથી. પણ જે સમયને વેડફી નાખે છે, એને એ ખ્યાલ નથી હોતો કે શું વેડફાય છે. આવું ધ્યાન પહેલું વહેલું મુમુક્ષુજીવને પાત્રતા પ્રગટે ત્યારે જાય છે.

પોતાના કીમતી સમયને વ્યર્થ ન ગુમાવવો, એવું એક લક્ષ બંધાય છે. વ્યર્થ સમય વ્યતીત થાય તો એને અંદરમાં ખટકે છે. એવા પ્રસંગમાં એની ખટક ઊભી થાય છે. એ એનું પાત્રતાનું ચિહ્ન છે, લક્ષણ છે. પાત્રતાના અનેક લક્ષણ છે એમાં આ પણ એક લક્ષણ છે કે, એને વ્યર્થ સમય ગુમાવવો પડે, અથવા દેહાર્થની કલ્પનામાં સમય ગુમાવવો પડે એ એને વ્યર્થ સમય ગુમાવવા જેવો લાગે છે અને એની ખટક રહે છે.

જગતના સાધારણજીવોને, સાધારણ મનુષ્યોને તો ઉત્સાહ અને મોજ વર્તે છે. કે મારા સંયોગો હું વૃદ્ધિગત કરું અને એમાં હું મારી પૂરેપૂરી શક્તિનો ઉપયોગ કરીને

સંયોગમાં, સમાજમાં, કુટુંબમાં, પરિવારમાં, દુનિયામાં બધાથી આગળ નીકળી જાવ. જે ક્ષેત્રમાં એને પોતાની બરાબરી લાગતી હોય, ત્યાંથી એને આગળ જવાનું મન થયા કરે છે, અભિપ્રાય રહે છે. (એની) પાછળ જીવન ગુમાવે છે.

એને તો ચાર ગતિનું પરિભ્રમણ ઘણું લાંબું છે. એમ એ પરિણામો અગાઉથી સૂચિત કરે છે. પણ જેને આત્મહિત થવાનું નજીક છે. જેનું ભવિતવ્ય, આસન્નભવ્ય છે. નજીકમાં ભવિતવ્ય જેનું પાક્યું છે, એને પોતાનો સમય ગુમાવવો એ પોસાતું નથી. સમય ગુમાવવો પડે તો એને એ પોતાના અભિપ્રાય વિરુદ્ધ લાગે છે. પોતાની ભાવનાથી વિરુદ્ધ લાગે છે. ક્યાંય ગુમાવવું પડે તે પણ એને પોતાને અનુકૂળ લાગતું નથી. વિષય જેટલો ગંભીર છે, એટલી ગંભીરતાથી આ વિષયમાં પ્રવેશ કરવામાં ન આવે, તોપણ આ વિષય ઉપર લક્ષ ગયું છે, એ કાર્યસિદ્ધિનું કારણ થતું નથી. અથવા ખરેખર લક્ષ ગયું નથી. એમ કહીએ તોપણ ખોટું નથી.

ગંભીર રોગ અને માંદગી આવે, કે જેના પરિણામે મૃત્યુ નજીક દેખાય, તોપણ એની ગંભીરતા ભાસે છે. મૃત્યુના પ્રસંગે તો અવશ્ય ગંભીરતા ભાસે જ છે. અને એ પ્રસંગની એ વાસ્તવિકતા છે. તો અનંત મૃત્યુનો પ્રસંગ જેના મૂળમાં પડેલો છે એવું જે મિથ્યાત્વ, એની હયાતી અને એનું ટાળવું, એ કેટલું પ્રયોજનભૂત અને કેટલું વાસ્તવિક પ્રયોજનભૂત છે. એ વિષયની કેટલી ગંભીરતા હોય, કેટલી ગંભીરતાથી એ વિષયમાં પ્રવેશ કરવો જોઈએ. એ સંબંધીની ગણતરી હોવી ઘટે છે. એમ સમજીને કહે છે કે આ અમૂલ્ય જીવન છે, જીવનનો સમય ઘણો અમૂલ્ય છે. પાણીના પૂરની જેમ જે ચાલ્યો જાય છે. કોઈ એને રોકી શકતું નથી. Time and tide waits for none. કોઈના માટે રોકી શકાતું નથી. જો કીમત આંકી શકાય તો, એનો સદુપયોગ થાય એ જ એની કીમત છે.

એટલે કહે છે કે '**ગમે તેવી કટોકટીમાં...**' સાચા મુમુક્ષુનું એ લક્ષ રહે છે કે, મારો જ્ઞાન-ધ્યાનનો સમય ક્યારે જુદો રાખવો ? ખાસ એના માટે એનો special સમય. બીજા કાર્ય કરતા-કરતા તો એનું લક્ષ રહે જ. એમ નહિ કે સમય જુદો કાઢે છે એટલે બીજા કાર્યમાં આવે ત્યારે વિસ્મૃત થઈને ચાલી જશે એમ પણ નહિ. એવી આ બોલની અંદર એક મહત્ત્વની પ્રેરણા છે.

મુમુક્ષુ :– નિરંતર ચાલુ રહેવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો બીજા કાર્યો વખતે પણ એનું, એમ જે લક્ષ રહે કે આ કરવું પડે છે, માથે આવી પડેલું છે, પણ મારું હિતરૂપ કાર્ય છે એ મુખ્ય છે. આ તો એક સમય વેડફવાની પરિસ્થિતિ ઊભી થઈ છે, તે મારી ભાવના અને મારા અભિપ્રાય સાથે અનુકૂળ નથી. પણ દરેક જીવને પૂર્વકર્મનો, સંચિતકર્મનો ઉદય હોય છે. તે ઉદય અનુસારના સંયોગ-વિયોગના પ્રકારો ઊભા થાય છે. અને એ અનિવાર્ય હોય છે. પોતાની પણ પૂર્ણ વીતરાગ સ્થિતિ નહિ હોવાને લીધે, પોતાની અશક્તિને લઈને પોતાને પણ પરિણામમાં એ સંબંધીના આઘાત-પ્રત્યાઘાતો છદ્મસ્થજીવને ઊભા થાય છે. તોપણ જેને પોતાના હિતનો વિવેક પ્રગટ્યો છે, એ એની માટે આ વાત છે. કે એણે તો ગમે તેવી પરિસ્થિતિમાંથી, કટોકટીવાળી પરિસ્થિતિમાંથી, મૂંઝવણ ઊભી થાય એવા પ્રસંગો હોય, એવી પરિસ્થિતિમાંથી પણ, સામાન્ય રીતે બીજાને પણ મૂંઝવણ થાય, સામાન્યજીવને પણ મૂંઝવણ થાય અથવા એકસાથે ચારેબાજુથી અનેક પ્રકારના ઉદયનો ઘેરાવો હોય ત્યારે કટોકટી કહેવામાં આવે છે ત્યારે પણ (ચાલુ રહેવું જોઈએ).

એનો અર્થ આપોઆપ એ રીતે તો આવી જ જાય છે કે સામાન્ય રોજિંદા જીવનમાં તો એને જ્ઞાન-ધ્યાનનો સમય કાઢવો જ જોઈએ. પણ કટોકટીવાળા દિવસો હોય ત્યારે પણ એણે પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો જોઈએ. કેમકે એવા કાર્યો હોય કે બહુ વહેલા શરૂ કરવા પડે. પાંચ વાગ્યે ઊઠીને શરૂ કરવા પડે. ત્યારે અડધી કલાક-કલાક વહેલા ઊઠીને શરૂ કરવું. તો જ્ઞાન-ધ્યાન પછી ક્યારે કરવું ? તો કહે એથી વહેલા ઊઠીને કરવું.

જો બાહ્ય કાર્ય માટે અથવા જેનું મૂલ્ય આત્મહિતથી ઓછું છે, એવા કોઈ સાંસારિક કે વ્યવસાયિક કે જગતના કાર્યો માટે તો, આ ટ્રેનનો સમય વહેલો હોય, પ્લેનનો સમય વહેલો હોય, તૈયાર થવું પડે છે કે નહિ ? તો ત્યારે ઊંઘ કાપવાની રહે ? ઊંઘ કાપીને તૈયાર થવું પડે છે કે નહિ ? તો અહીંયાં મુસાફરી કરવી હોય તો ઊંઘ કાપવાની હોય છે. મોક્ષનું અંતર પડ્યું છે એ અંતર કાપવા માટે એણે ઊંઘ કાપવાની નહિ ? એ રીતે એણે પલાખું ગણવું જોઈએ. એ તો સામાન્ય કાર્ય છે. ત્યાં એને ટ્રેનની અંદર કે બીજી રીતે વ્યવસ્થા ન થઈ હોય તો ઉજાગરો વેઠીને પણ મુસાફરી કરે છે કે નહિ ? બેઠાબેઠા જાવું પડે છે. મુસાફરી મોટરમાં કરતા હોય તો મોટરમાં

કાંઈ પલંગમાં સૂતા હોય એવી રીતે તો ઊંઘ આવે નહિ. તો એવા બાહ્યકાર્ય માટે એને ઊંઘ જેવું કાર્ય disturb થાય છે, હરકત પહોંચે છે અને એ પોસાય છે. આત્મકાર્ય માટે એનો વિચાર નથી આવતો.

મારા જરૂરિયાતના કાર્યો ઉપર કાપ મૂકીને પણ જ્ઞાન-ધ્યાનનો સમય મારે ખેંચી કાઢવો જોઈએ. 'ગુરુદેવશ્રી'ના જીવનમાંથી એક દાખલો લઈએ. વિહારનો પ્રસંગ હોય ત્યારે બહુ સવારમાં વહેલો વિહાર કરે. પણ એમનું ઊઠવાનું એથી વહેલું હોય. ઊઠવાનું તો એમનું હંમેશા વહેલું જ રહેતું. પણ આવા કાર્યોમાં તો એથી પણ અડધી કલાક-કલાક વહેલા ઊઠે. ચાર વાગે ઊઠતા હોય તો સાડા ત્રણ વાગે ઊઠે. સાડા ત્રણે ઊઠવા જેવું હોય તો ત્રણ વાગે પણ ઊઠેલા આપણે નજરોનજર જોયેલા છે. એ તો આપણે પ્રત્યક્ષ અનુભવની વાત છે. તે શું સૂચવે છે ? એમ સૂચવે છે કે પોતાના પ્રયોજનભૂત કાર્ય માટે, એ બાહ્ય કાર્ય માટે વધારે તૈયારી રાખે છે. અને એ તૈયારી એ સૂચવે છે કે એણે એ વિષયનું મૂલ્ય આંક્યું છે. પછી ગમે તેવી એટલે ચાહે તે પરિસ્થિતિ હો એમ.

પોતાના સ્વકાર્યનો સમય ખેંચીને કાઢી લેવો, જુદો કાઢી લેવો, એનો અર્થ એ કે પોતાના પ્રયોજનભૂત કાર્ય ઉપર કેટલી દરકાર અને કાળજી છે ! પ્રયોજનસંબંધીની કેટલી કાળજી છે એ એમાંથી નીકળે છે. અને એમ નથી થતું તો પોતાના પ્રયોજનની કેટલી કાળજી નથી, એમ પણ એમાંથી આપોઆપ સૂચિત થાય છે. તો જો પોતાને પોતાના કાર્યની કાળજી નથી એવું સહજ પરિણમન હોય તો એ કાર્ય સંપન્ન થાય, પ્રાપ્ત થાય એ ક્યાંથી બનવાનું છે ? એ આપોઆપ જ બનવાનું નથી. પોતાના હિતની કાળજી નથી અને આશા ધરે કે મારું હિત કેમ થાય ? જ્યારે કોઈ આશા ધારણ કરવામાં આવે કે મારું હિત થઈ જાય તો સારું, મારું કલ્યાણ થઈ જાય તો સારું, પણ પોતાનું કલ્યાણ થાય એની જીવને કાળજી કેટલી છે ? એ વિચારવા જેવો વિષય છે. એના માટેના આ વચનામૃત છે.

વાત થોડી ઊંડી છે. સાદા શબ્દો દેખાય એટલી સાદી વાત નથી, પણ વાત જરા ઊંડી છે. એ બધું પોતાના જીવનમાંથી, પરિણમનમાંથી કાઢેલી ચીજો છે. જે કોઈ ધર્માત્માઓ પોતાની હિતરૂપ દશાને પામ્યા એ બધા આ પરિસ્થિતિમાં આવેલા હોય છે. એને પોતાના પ્રયોજનભૂત કાર્યની એટલી તીક્ષ્ણ દૃષ્ટિ વર્તે છે કે પર્યાયે-

પર્યાયે અને પ્રસંગે-પ્રસંગે એની દૃષ્ટિ છે એ બાજુથી દૂર જતી નથી, ખસતી નથી. એ રીતે પ્રયોજન સિદ્ધ થાય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– વજન હોય છે. એટલી દરકાર હોય છે. અને નહિતર પોતાના હિતની ઉપેક્ષા વર્તે છે એમ નક્કી થાય છે પોતાના હિતની ઉપેક્ષા વર્તે છે એમ નક્કી થાય છે. પોતાના હિતની ઉપેક્ષા વર્તે છે, તો એની અંદર સંસારની અપેક્ષા વર્તે છે. અપેક્ષા-ઉપેક્ષા હંમેશા સાથે હોય છે. બે પરસ્પર વિરુદ્ધ જાતિના કાર્યો છે, તો એક બાજુની અપેક્ષા બીજી બાજુની ઉપેક્ષાને ઊભી કર્યા વિના રહેતી નથી. જો પોતાના હિતની અપેક્ષા છે તો તેને સંસારની ઉપેક્ષા થઈ છે એ ખરેખર છે. જો પોતાના હિતની ઉપેક્ષા વર્તે છે તો ભલે ગમે તેટલો મંદકષાય દેખાતો હોય, ભલે બહારમાં સાંસારિક કાર્યોની પ્રવૃત્તિ ન દેખાતી હોય અને નિવૃત્તિ દેખાતી હોય. ભાઈ દુકાને જાય છે ? નથી જતા. શું કરે છે ? તો એ નિવૃત્તિ લઈને બેસી ગયા છે, પણ જો પોતાના હિતની અપેક્ષા અને દરકાર નથી, પ્રયોજનની તીક્ષ્ણ દૃષ્ટિ ઊભી નથી થઈ, તો એને જરૂરની સંસારની અપેક્ષા વર્તે છે. સ્થૂળપણે કે સૂક્ષ્મપણે એની દિશા બદલવાની પરિસ્થિતિ ઊભી થઈ નથી.

અહીંયાં એટલો પ્રશ્ન થવા યોગ્ય છે કે આવી પ્રયોજનની તીક્ષ્ણ દૃષ્ટિ શેમાંથી ઊભી થાય છે ? આ પ્રશ્ન અહીંયાં થવા યોગ્ય છે. જેને આવી પોતાના પ્રયોજનની તીક્ષ્ણ દૃષ્ટિ થાય છે એને અવશ્ય કાર્ય સધાય છે. એને પછી કાર્ય ન સધાય એ પ્રશ્ન રહેતો નથી. કાર્યસિદ્ધિ એ આ પ્રયોજનભૂત દૃષ્ટિની વાસ્તવિકતા છે. તો એ પરિસ્થિતિ ક્યાંથી ઊભી થઈ ? મુમુક્ષુતામાં પણ એ પરિસ્થિતિ ક્યાંથી ઊભી થઈ ? કે એ પરિસ્થિતિ ઊભી થવાના બે કારણો છે. એક કારણ છે સ્વરૂપપ્રાપ્તિની તીવ્ર ભાવના અને એક કારણ છે પોતાને પૂર્ણ શુદ્ધતાનું જે ધ્યેય બંધાયેલું છે. આ બે વાત જો એને ઊભી થઈ હોય તો એમાંથી પ્રયોજનભૂત કાર્યની તીક્ષ્ણ દૃષ્ટિની નિષ્પત્તિ, ઉત્પત્તિ થાય છે, તો આટલી કાળજી આવે છે. નહિતર આટલી કાળજી એને આવે નહિ. ઉદયમાં એકાકાર થઈને જાય, વળી પાછું વાંચ્યું હોય અને સાંભળ્યું હોય એટલે વળી પાછો વિચાર આવે કે, નહિ ! મારું કરવાનું છે... મારું કરવાનું છે... પણ ક્યા ચાલ્યો ગયો હતો અને ક્યાં ખોવાઈ ગયો હતો એને પોતાને જ એનો પત્તો નહોતો.

એ પરિસ્થિતિ થાય છે.

મુમુક્ષુ :– સાતમી નારકીમાં પણ.......

પૂજ્ય ભાઈશ્રી :– એટલે એ તીક્ષ્ણ દૃષ્ટિ જે છે, એ વિષયની તીખી દૃષ્ટિ છે. સાધારણ નહિ. એ તીખી દૃષ્ટિ છે કે મારું પ્રયોજનભૂત કાર્ય મારે કરી જ લેવું છે.. મારે કરી જ લેવું છે. આયુષ્ય પૂરું થાય, વ્યતીત થાય એ પહેલા કાર્ય તો કરવું જ છે એ સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાંથી અને પોતે જો ધ્યેય બાંધ્યું હોય તો એમાંથી થાય છે. નહિતર ઉદય સંબંધીના પરિણામો જીવનો કેડો મૂકતા નથી અથવા તો જીવ ઉદયનો કેડો મૂકતો નથી એમ કહો, બે એક જ વાત છે. એ સહજ પરિસ્થિતિ છે. બહુ સહજ પરિસ્થિતિ છે. અને આ માર્ગ છે એ ઉદયથી છૂટો પડવાનો છે. જિનમાર્ગ કહો, વીતરાગમાર્ગ કહો કે અનઉદયમાર્ગ કહો, ઉદયથી ભિન્ન પડવું એમ કહો. માટે ઉદયમાં ઉપેક્ષા, અરસપણું એ સહજ હોવું ઘટે છે. અને તે પણ પોતાના સ્વકાર્યની અપેક્ષાવૃત્તિને લીધે, બીજા કારણે નહિ.

જો પોતાના સ્વકાર્યની અપેક્ષાની તીવ્રતા હોય તો એને લઈને જે નીરસપણું આવે, એ નીરસપણું સાર્થક છે અથવા યોગ્ય છે, યથાસ્થાને છે. અને નહિતર તો બીજી અન્ય પ્રકારે તો ઉદયમાંથી ઘણીવાર નીરસ થયો છે. કોઈ વખત મોહગર્ભિતપણે, તો કોઈ વખત દ્વેષ ગર્ભિતપણે અને કોઈને કોઈ પ્રકારે જે રીતે નીરસ થયો છે, કે આ સંસાર બરાબર નથી. એમ નહિ. ટૂંકા બોલમાં પણ બહુ મહત્વની વાત કરી છે.

હવે અસ્તિથી વાત કરે છે. ઉપરના બોલો પ્રેરણા આપનાર છે. એ ભાષા આદેશાત્મક છે અથવા ઉપદેશાત્મક છે.

**જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર. શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે. ૨૨૦.**

**'જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર.'** આ અસ્તિ થઈ. બીજા કાર્યોમાંથી સમય ખેંચી લેવો. બીજા કાર્યો નાસ્તિનો વિષય છે. અસ્તિથી ? કે નિરંતરપણે જ્ઞાયકપરિણતિનો એટલે હું જ્ઞાયક છું એવી પરિણતિ ઉત્પન્ન થાય એનો **'દૃઢ'** એટલે બળવાનપણે

**'અભ્યાસ'** એટલે પ્રયત્ન કર. બળવાનપણે, બળવાન પરિણામથી હું જ્ઞાયક છું. એવો પ્રયત્ન કર. વારંવાર પ્રયત્ન કરવો એને અભ્યાસ કહેવામાં આવે છે. અભ્યાસ એટલે અહીંયાં વાંચવાનો અભ્યાસ, સાંભળવાનો અભ્યાસ, વિકલ્પનો અભ્યાસ એ વાત નથી. એથી આગળ જઈને Practiceનો અભ્યાસ, પ્રયોગનો અભ્યાસ એ વાત લીધી.

કેમકે પ્રયત્ન ત્યારે ત્યાંથી શરૂ થાય છે. કોરાવિકલ્પમાં કે ઉપર-ઉપરના વાંચન-શ્રવણમાં પુરુષાર્થની હયાતી હોતી નથી. જે પરિણામમાં પુરુષાર્થ હયાત નથી એ પરિણામમાં કાર્ય કેવી રીતે થાય ? એ પરિણામથી કાર્ય કેવી રીતે થવાનું ? એ પરિણામથી કાર્ય થતું નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– બીજો ઊંધો પુરુષાર્થ તો આપોઆપ ચાલતો જ હોય છે. જેમ આત્માના કાર્યની અપેક્ષા નથી તો ઉપેક્ષા છે, તો સંસારની અપેક્ષા છે. એમ જ્ઞાયકપરિણતિનો પ્રયત્ન નથી, પુરુષાર્થ નથી, તો ઉદયભાવનો પુરુષાર્થ બરાબર છે. ઉદયમાં પહેલો ઉદય એ છે કે પોતે મનુષ્યપણે પર્યાયમાં ઉદયમાન છે તો હું માણસ છું. હું ફલાણો છું એ વાત આવ્યા વિના રહેશે નહિ.

અહીંયાં તો કહે છે કે જો તને અંદરમાં જ્ઞાયકની રઢ લાગી હોય તો. એક શબ્દ લીધો છે આમાં. એ કાઠિયાવાડી શબ્દ છે. રઢ લાગી હોય તો. જેમ કોઈ માણસને કોઈ કામની રઢ લાગે... તો રટણને રઢ કહે છે ને ? પણ આ જરા એથી વધારે છે. રટણ શબ્દ તો ગુજરાતીમાં છે. પણ રઢ લાગી હોય. ખાસ પ્રકારનો ભાવ સૂચવતો શબ્દ છે. ઉગ્રપણે, પાછળ પડી જાય. કહે છે ને, ભાઈ ! આ ખાઈ-પીને, હાથધોઈને પાછળ પડી ગયો છે. પૂરી શક્તિથી અને પૂરેપૂરા ઉદ્યમથી પાછળ પડી ગયો હોય, ત્યારે એને રઢ લાગી છે એમ કહેવાય. એવો ભાવ સૂચિત થાય છે.

એમ જ્ઞાયક પરિણતિ ઉત્પન્ન થાય, જ્ઞાયકની પરિણતિ ઉત્પન્ન થાય, પોતાની નિર્મળજ્ઞાનધારા ઊપજતી જાય. એનો દૃઢ પ્રયત્ન કર. વારંવાર એનો, ખાતા, પિતા, ઉઠતા, બેસતા, ચાલતા, હાલતા, સૂતા–ગમે ત્યારે એનો પ્રયત્ન કર. ઊંઘમાં પણ એને જાગે ત્યારે એમ લાગે કે ઊંઘમાં એ જ ચાલતું હતું. બીજું ચાલતું નહોતું. ઊંઘના કાળે ભલે ઊંઘ આવી જાય, પણ ઊંઘ આવ્યા પહેલા એ ચાલતું હતું અને ઉઠતાવેત જે ચાલુ થઈ જાય, એને એમ લાગે કે ઊંઘમાં પણ એ જ ચાલતું હતું. બરાબર

ચાલતું હતું. ભલે ઊંઘ આવી ગઈ હતી, પણ એ જ ચાલતું હતું. એવો એને અભ્યાસ વર્તે તો જ્ઞાયકપરિણતિ અવશ્ય ઉત્પન્ન થાય. એનો સ્વભાવ છે.

જ્ઞાયક પરિણતિ ઉત્પન્ન થવી એ તો જ્ઞાયક સ્વભાવી, જ્ઞાનસ્વભાવી આત્માનો સ્વભાવ છે, મૂળ સ્વભાવ છે અને એ સહજસ્વભાવ છે. મૂળસ્વભાવ છે અને સહજસ્વભાવ છે. નહિ થવાનો પ્રશ્ન નથી. અનંતાને થયું છે. પોતે પણ પુરુષાર્થ અને પ્રયત્ન કરે તો થાય એવું છે. ન થાય એવું નથી. અઘરું છે અને કઠણ છે એવી આડ મારવા જેવી નથી. અથવા એવી અરુચિ કરવા જેવી નથી. આડ મારે છે એટલું નહિ પણ અરુચિભાવે એવું એને પરિણામ થાય કે આ તો બહુ કઠણ છે. અરુચિને સૂચવનારા પરિણામ છે.

'દિપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં લીધું છે. કે કોઈ એમ કહે કે આ કાળમાં એમ કે (પાંચમો) આરો વર્તે છે ને ? ધર્મ બહુ ઓછો દેખાય છે. ધર્માત્માઓ ઓછા દેખાય છે, ધર્મ ઓછો દેખાય છે. આ કાળે સ્વરૂપપ્રાપ્તિ અતિ કઠણ છે એમ કોઈ કહે, તો તે સ્વરૂપની ચાહ મટાડનાર બહિર્આત્મા છે. સામાન્ય રીતે જગતના બધા પ્રાણીઓ બહિર્આત્મા છે, પણ આમ કહેનારો તો સ્વરૂપની ચાહ મટાડનારો બહિર્આત્મા છે. એને વિશેષણ લગાડી દીધું છે. આવી વાત ક્યાંથી લાવ્યો ? હોંશથી અને ઉત્સાહથી એમ લાવ કે અરે..! એકવાર અશક્ય હોય તો શક્ય કરી દઉં. આ તો અશક્ય નથી. જીવનો સહજસ્વભાવ છે. પણ તારું જોર એટલું અંદરથી આવવું જોઈએ કે એકવાર અશક્ય હોય તો શક્ય કરી દઉં. એવું એને જોર આવવું જોઈએ.

**'જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર.'** એનો અર્થ એ છે. બહુ વિકલ્પ કર, રટણ કર, વાંચન કર અને વિચાર કર એવું કાંઈ નથી કહેતા. એવો શબ્દ નથી વાપર્યો. પણ બળવાન પ્રયત્ન કર, જ્ઞાયકસંબંધીનો બળવાન પ્રયત્ન કર. જ્ઞાયકનો જ્ઞાયકપણે બળવાન પ્રયત્ન કર, જ્ઞાયકપણે એટલે જ્ઞાયક છું એમ જ્ઞાયકપણાનો, જ્ઞાયકપણાનો પ્રયત્ન કર કે હું જ્ઞાયક છું. બળવાન પ્રયત્ન કર. જો એવો પ્રયત્ન તું નહિ કર તો... હવે એમ લીધું. હવે તું ધર્મના ક્ષેત્રમાં આવ્યો છો. હવે તું તત્ત્વજ્ઞાનના ક્ષેત્રમાં આવેલો છો. તારી ઉપર-ઉપરની ભાવના પણ રહી છે કે આ ક્ષેત્રમાં તો હું એટલા માટે છું કે મારું કાંઈક કલ્યાણ થાય. પણ જો જ્ઞાયકનો અંતર પ્રયત્ન નહિ વર્તે તો શુભભાવ થયા વિના રહેશે નહિ, કેમકે અશુભમાં તો તારે જાવું નથી. એટલી સ્થૂળબુદ્ધિ નથી

કે અશુભમાં જઈને રાચવું છે, તો શુભમાં રહી જઈશ. અને શુભમાં આવ્યા પછી, શુભભાવ થયા પછી, તે શુભભાવના અકર્તૃત્વમાં કેવી રીતે રહીશ ?

જ્ઞાયકનો પ્રયત્ન વર્તતો હશે તો તું શુભભાવના અકર્તૃત્વમાં રહીશ. ઘણા પૂછે છે, દયા ન પાળવી, દાન ન દેવું, ઉપવાસ કે તપશ્ચર્યા ન કરવી, વ્રત ન લેવા, પૂજા-ભક્તિ ન કરવી, યાત્રામાં ન જાવું. શું ન કરવું ? ન કરવું અમારે ? ભાઈ ! એ કરવામાં અકર્તૃત્વભાવે કેમ થશે એનો વિચાર કર્યો છે ? નહિતર કર્તૃત્વમાં આવી જઈશ. એટલે ભાવ થાય અને એના કર્તાપણાનું અભિમાન થાય, એવું દૂષણ પણ થાય, એવું દૂષણનો નિવારણ કરવાનો કોઈ અગાઉથી તે વિચાર કર્યો છે ? કે એનો એક જ ઉપાય છે. અકર્તાપણું એવો જે જ્ઞાયકભાવ, માત્ર જ્ઞાતાદ્રષ્ટાભાવ, એના પ્રયત્નમાં વર્તતો હોય અને પ્રયત્નની કચાશને લઈને શુભભાવ થાય, પ્રયત્નની અલ્પતાને લઈને શુભભાવ થઈ જાય તો એમાં કર્તાપણું નહિ થાય. નહિતર કર્તાપણું થયા વિના રહેશે નહિ. જે કાંઈ શુભપરિણામ થશે એનું કર્તૃત્વ આવ્યા વિના રહેશે નહિ એટલે એનો મિથ્યાત્વનો મોટો દોષ સાથે ઊભો થયા વિના રહેશે નહિ. દર્શનમોહ વળગી જશે તને. દર્શનમોહનું ભૂત બહુ મોટું છે. જે અનંતકાળથી સંસારમાં જીવને અનેક પ્રકારના વેશ પરિધાન કરીને નચાવે છે. અનેક પ્રકારના વેશ પહેરાવે છે એ દર્શનમોહનું ભૂત છે. એમ કહે આનો વેશ પહેર, આવો વહેશ પહેર તું. તું આમ થા... તું આમ થા... તું આમ થા... તું આમ થા... એ દર્શનમોહનું ભૂત છે. એની પાસે કાર્ય કરાવે છે. આ ભૂત વળગ્યું હોય તો માથા ફોડે કે નહિ ? ભીંત સાથે માથું ફોડે. એ માથા ફોડાવે છે એ આ દર્શનમોહનું ભૂત માથા ફોડાવે છે.

મુમુક્ષુ :- જ્ઞાયકના આધારે કર્તાબુદ્ધિ ઓછી થાય છે...

પૂજ્ય ભાઈશ્રી :- મોટી વાત એ છે. અને એ શુભભાવ ભલે તને કષાયની મંદતા હોય, એટલે કે બાહ્યદૃષ્ટિથી શાંતિવાળો દેખાય, શાંતભાવ દેખાય, તોપણ અહીંયાં એક બહુ મોટી વાત કરી છે કે આખા લોકનું કર્તૃત્વ એમાં ભરેલું પડ્યું છે, સમાયેલું પડ્યું છે. માત્ર એક શુભ વિકલ્પનું કર્તૃત્વ નથી પણ આખા લોકનું કર્તૃત્વ એમાં પડેલું છે.

'ગુરુદેવશ્રી'તો બહુ કડકભાષામાં આ વાત કહેતા. કે જે કર્તાબુદ્ધિએ શુભભાવને કરે છે, એ આજે ભલે શુભકાર્ય કરતો દેખાય, કાલે એ કતલખાનું માંડશે. કેમકે

આખા લોકનું કર્તૃત્વ એમાં છે. આ કરવા જેવું છે અને આ કર્તવ્ય છે, એ માન્યું છે. અને જેને જ્ઞાયકના પુરુષાર્થની વિસ્મૃતિ રહે છે. વિસ્મૃત થઈ જાય છે. જ્ઞાયકનો પુરુષાર્થ કરવો એ વસ્તુ જાણે એને ચાલી જાય છે. એવી ભયંકર પરિસ્થિતિમાં ઊભો છે. ભયંકર રોગની હયાતીમાં ઊભો છે. દર્શનમોહનો રોગ બહુ ભયંકર મોટો છે. અને એની હયાતી છે એમાં આખા લોકનું મંડાણ છે. આખી સૃષ્ટિનું મંડાણ એમાં (રહેલું છે.)

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– આમાં તો છે. સ્ટેશનની અંદર જ્યાં જંક્શન હોય છે, ત્યાં ગાડીના પાટા જુદાં-જુદાં સ્ટેશનના સાંધો કરીને જુદાં પાડે છે. જ્યાં સાંધા દેખાય એ જુદાં પાડે છે ને ? ત્યાં કેટલી ડિગ્રીનો એંગલ હોય છે ? થોડુંક જ ફેર હોય. સ્ટેશન ક્યાંયનું ક્યાંય હોય. ત્યાં તો બાજુબાજુમાં જ પાટો હોય છે. એક થોડોક ખૂણો પડેલો હોય છે. કોઈવાર તો દસ-પંદર ડિગ્રીનો ખૂણો હોય. વળી એ પાટા ઉપરની ગાડી, બીજા પાટા ઉપરની ગાડીનું સ્ટેશન બીજું આવે છે. પછી તો કેટલા વળાંક આવે છે કોને ખબર ? એમ અહીંયાં લાઇન ચૂક્યો, શુદ્ધમાંથી શુભમાં કર્તૃત્વપણે આવ્યો. કેટલા વળાંક ઊભા થશે ? ક્યાંનો કયાં જઈને ઊભો રહેશે ? કહે છે કે આખા લોકનું કર્તાપણું એમાં સમાઈ ગયું છે. જગતના અનિષ્ટમાં અનિષ્ટ પરિણામ થતાં તું રોકી શકીશ નહિ અને રોકી શકાશે નહિ. એવી પરિસ્થિતિ ઉત્પન્ન થશે.

કેટલાક તો એવો વિચાર કરે છે કે અમારો તો દઢ નિર્ણય છે કે અશુભ તો કરવું જ નહિ, અને શુભ જ કરવું, પછી શું વાંધો ? નહિ બની શકે. જે શુભ કરવાની દઢતાથી તારા શુભપરિણામ થયા એના ફળ તો બહારના સંયોગમાં આવવાના છે. અસંગતત્ત્વની તને દૃષ્ટિ નથી થઈ. અંદરમાં નિરાળુ તત્ત્વ તેં જોયું નથી. અને સંયોગી દૃષ્ટિ તારી ટળી નથી. દેવલોકાદિમાં અવશ્યપણે જવું પડશે. ત્યાં જે સંયોગ છે એ સંયોગોમાં એવો લપટાઈશ કે, અશુભ કરવું જ નહિ અને એકલું શુભ કરવું એ તને વિસ્મૃત થઈ જશે. તારો જે અહીંયાં દઢ નિર્ણય તને લાગે છે એ તો ક્યાંય ચાલ્યો જશે, વિસ્મૃત થઈ જશે. અને એકેન્દ્રિયમાં જાય એવા પરિણામ થયા વિના રહશે નહિ. તું નહિ રોકી શકે. એ પરિણામને તું રોકી શકીશ નહિ.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– થયા વગર રહે જ નહિ.

મુમુક્ષુ :– કષાય તો તીવ્ર-મંદ થયા જ કરે.

પૂજ્ય ભાઈશ્રી :– 'સમયસાર'માં કષાયને તાવની ઉપમા આપી છે. તાવ જ્યારે માપો ત્યારે એકસરખો ન હોય. દોરાવો આઘો-પાછો આવ્યા વિના રહે નહિ. તાવનો એવો સ્વભાવ છે એ એકસરખી ઉષ્ણતામાં રહી શકે નહિ. એમ અહીંયાં એમ કહે છે કે કષાય કોઈ દિવસ એકધારો કોઈનો ન રહે. તીવ્રપણે એકધારો રાખવો હોય તો ન રહે. મંદપણે એકધારો રાખવો હોય તો ન રહે. તીવ્ર-મંદ... તીવ્ર-મંદ.. થયા જ કરે. આ પરિસ્થિતિ સહજ છે. એમાં જીવની ઇચ્છા કે અભિપ્રાય એમાં કામ આવતો નથી. આ તો પરિણામસંબંધીની વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. એટલે કોઈ એમ કહે કે હું આવા જ પરિણામ રાખું. એ સમજણ બહારની વાત છે. સમજ્યા વિનાની વાત છે. એવું બની શકવાનું નથી. હા ! એક વાત છે કે, ધ્રુવજ્ઞાયકના ખીલે જો પરિણામ આવ્યા, તો પરિણામમાં એક જુદી પરિસ્થિતિ... એ પણ વૈજ્ઞાનિક પરિસ્થિતિ છે. એ જુદી પરિસ્થિતિ ઊભી કરશે કે ધ્રુવને અનુસરીને, જ્ઞાયકને અનુસરીને જ્ઞાનધારામાં વર્તતા પરિણામ, સર્વપ્રકારના સાંસારિક પરિણામથી વિમુખ થઈને, મલિનતા છોડીને, નિર્મળતા ધારણ કરશે, પવિત્રતા ધારણ કરશે. પરિપૂર્ણ પવિત્ર થઈ જશે. એ ધ્રુવજ્ઞાયકને વળગવાનું પરમ ઇષ્ટ ફળ છે.

એટલે એ સંબંધીનો ઉપદેશ અહીંયાં દેવામાં આવે છે કે, '**જ્ઞાયકપરિણતિનો દૃઢ અભ્યાસ કર.**' જ્ઞાયકપણે રહેવાનો, થવાનો, પરિણમવાનો, બળવાન પ્રયત્ન કર. વિકલ્પ કર એમ નથી કહેતા, વિચાર કર એમ નથી કહેતા, પ્રયત્ન કર એમ કહે છે. વિચારમાત્ર છે એ ઉપલકપણે પણ ચાલે છે. એવા ઉપલકવિચારથી કાર્ય સિદ્ધ થતું નથી. '**શુભભાવના કર્તૃત્વમાં પણ આખા લોકનું કર્તાપણું સમાયેલું છે.**' શુભભાવ મેં કર્યો, મને આવો શુભભાવ આવ્યો તે મેં કર્યો, મારામાં આવ્યો, મારામાં થયો, મને થયો એવું થાય. એક જ સરખા પરિણામ છે. વિભક્તિ જુદી-જુદી લાગે છે. કર્તૃત્વ બધામાં સામાન્ય એકસરખું છે, અને એ એક કર્તૃત્વમાં આખા જગતના કાર્યોનું કર્તૃત્વ રહેલું છે. કર્તાપણું રહેલું છે. એ એક શુભભાવના ગર્ભમાં રહેલી ચીજ છે. કર્તૃત્વ નહિ તૂટે તો બધા ઊભા થયા વિના રહેશે નહિ.

જ્ઞાયક અકર્તા એવો જે જ્ઞાયકસ્વભાવ, એ સંબંધીનો, એ પ્રત્યેનો પ્રયત્ન વર્તતો

નથી. નહિતર ન તૂટે એવી ચીજ નથી કાંઈ. પણ અભ્યાસ ઘણો થઈ ગયો છે. કર્તૃત્વનો અભ્યાસ ઘણો થઈ ગયો છે. એટલે વિચાર નથી કર્યો, પ્રયત્ન વર્તે છે એને. કર્તૃત્વનો પણ પ્રયત્ન વર્તે છે અને એ પ્રયત્નની પણ ઘણી દઢતા વધતી ગઈ છે. એટલે પ્રાથમિક અવસ્થામાં જરાક કઠણ અને અઘરું લાગે તોપણ મૂંઝાયા વિના એને તોડવાનો ઉત્સાહ અને રસ બરાબર ચાલુ રાખવો અને પ્રયત્નવાન રહેવું. જીવમાં શક્તિ ઘણી છે. જીવમાં શક્તિ ઘણી છે કે, એક પલકમાં, એક પળમાં એ કેવા પરિણામ ફેરવીને ગજબના કરી નાખે, એ કહેવું મુશ્કેલ છે. એવી એનામાં શક્તિ છે. એટલે એ શક્તિને અનુલક્ષીને, શક્તિને લક્ષમાં રાખીને, એવું મૂંઝાવા જેવું નથી કે કેમ થતું હશે અને કેમ થાય ? એ રીતે કહેવા જેવું નથી.

અનેક જીવોએ એવા પરાક્રમ કર્યા છે કે ઘડીક પહેલા કાંઈક હોય અને ઘડીક પછી એના પરિણામ કાંઈક હોય. એવા પરાક્રમ કરેલા છે. આપણા ગુણસ્થાનની પરિપાટીમાં આ વિષયનો બહુ મોટો પુરાવો છે. મોક્ષમાર્ગમાં ચોથું, પાંચમું અને છઠ્ઠું ગુણસ્થાન નીચેના ગુણસ્થાન છે. આખા માર્ગ શરૂ થયા એમાં આ નીચેના ત્રણ પગથિયા છે. બાકીના ઉપરના છે. આ ત્રણ ગુણસ્થાનમાં ઘણો કાળ જઈ શકે છે અને જાય છે. પણ ઉપરના ગુણસ્થાનમાં ઘણો કાળ કદી કોઈને જતો નથી. આ એક શક્તિનો વિશ્વાસ આવે એનો એક જબરદસ્ત, અનાદિ-અનંત પુરાવો છે. કોઈ કાળે એમાં ફેર નથી થતો.

સાતમા ગુણસ્થાનની ઉપર ચાલ્યો અને શ્રેણી માંડી ત્યાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન, સાધકદશા એક કલાક પૂરી રહી શકે નહિ. ચોથાગુણસ્થાને ૩૩-૩૩ સાગરોપમનું આયુષ્ય કાઢે. કેટલું ? સર્વાર્થસિદ્ધિના દેવને ૩૩ સાગરોપમનું આયુષ્ય હોય. મુનિદશામાં પણ હજારો વર્ષ કાઢે. બાહુબલી ભગવાને ઘણા વર્ષ કાઢ્યા. પણ એ શ્રેણી નહોતી માંડી ત્યાં સુધી. ઘોર તપશ્ચર્યા કરેલી. બહારમાં આહાર-વિહારમાં ઓછા આવતા હતા. તપ ઘણું હતું. પણ નબળાઈ શુભભાવની હતી તે ઊભી રહી. છઠ્ઠા-સાતમા ગુણસ્થાને ઝુલતા હતા. શ્રેણી નહોતી આવી. શ્રેણી આવી ત્યાં અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન.

એ શું સૂચવે છે કે એને શુભાશુભ સાથે સંબંધ નથી. શ્રેણીને શુભાશુભ સાથે સંબંધ નથી. એમના જ સગાભાઈ ભરતમહારાજા. ભરતચક્રવર્તી મુનિદીક્ષા લીધા પછીના કોઈપણ જાતના વ્યવહારરત્નત્રયના પરિણામ આવ્યા વિના સીધા જ

અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પામ્યા. એ શું સૂચવે છે ? કે જીવની અંદર જે શક્તિ રહી છે એ કોઈ જબરદસ્ત અમાપ શક્તિ છે, બેહદશક્તિ છે. ફક્ત જીવ સંભાળે એટલી વાર છે. શક્તિના ખજાનાને સંભાળે એટલી વાર છે. એટલે અનંતકાળથી શુભાશુભનું કર્તૃત્વ રહ્યું છે અને અનંતકાળથી દર્શનમોહ છે અને અનંતકાળથી મિથ્યાત્વ છે અને અજ્ઞાન છે, કાંઈ સંભારવાની તારે જરૂર નથી. તને ખબર છે અનંતકાળમાં શું કર્યું ? તને તો યાદ પણ રહે એમ નથી. યાદ રહેવાની પરિસ્થિતિ નથી. પછી એ બાજુ કાંઈ ઉપયોગને લંબાવવાની જરૂર નથી.

ઉપયોગને તારે લંબાવવો હોય તો તારી શક્તિનો ખજાનો પડ્યો છે એ બાજુ લંબાવ. 'ગુરુદેવશ્રી'તો એક પુરુષાર્થપ્રેરક વાણીમાં કહેતા કે, તારી શક્તિ બાજુ ઉછાળ તારા પરિણામને. તારી શક્તિના પર્વત ઉપર તારા પરિણામના દરિયાને ઉછાળ. જેમ કોઈ દરિયાના-સમુદ્રને કાંઠે મેરુ હોય અને દરિયો ઉછળી-ઉછળીને મેરુના પગ ધોવે, એ તો એક લાખ યોજન ક્યાંથી જાય ? પણ નીચે એના પગ ધોવે. એમ તારા પરિણામને તારી શક્તિના પર્વત ઉપર ઉછાળ. એવો ઉછાળો ખા, શક્તિ પરિણમીને પરિણમનમાં આવે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઓલા તો ઘણા ગુણસ્થાન છે. આઠ, નવ, દસ, બાર. શ્રેણી માંડે છે ત્યારે ચાર ગુણસ્થાનને ટપીને પાંચમામાં આવે છે. અગિયારમું તો વચ્ચે ટપી જવાય છે. આવ્યા વગર જ ટપી જવાય છે. પણ આમ ગુણો તો પાંચને ટપે અને છઠ્ઠામાં આવે છે. પણ એક અંતર્મુહૂર્તમાં. અને એ તો ઉત્કૃષ્ટ મર્યાદા એની બૃહદ્અંતર્મૂહુર્ત છે. કેટલાક તો લઘુઅંતર્મુહૂર્તમાં આવે છે. એટલી બધી શક્તિ છે એની.

મુમુક્ષુ :– કર્તા-કર્મ અધિકાર અને સર્વવિશુદ્ધ અધિકાર...

પૂજ્ય ભાઈશ્રી :– એ જીવને મોક્ષમાર્ગનો પત્તો લાગ્યા વિના અથવા જ્ઞાયકસ્વભાવનો પત્તો લાગ્યા વિના, અશુભ છૂટીને બહુ બહુ તો શુભ થાય છે. શું બને છે ? અશુભ છૂટીને બહુ બહુ તો શુભ થાય છે. અને એ શુભ થાય છે એમાં એને કર્તૃત્વ થયા વિના રહેતું નથી. અહીંયાં કોઈ ચોંટ મારે એવી વાત એ છે, કે એ તારા શુભભાવના કર્તૃત્વમાં આખા લોકનું કર્તૃત્વ પડ્યું છે. એટલે એમાં તારે જરાય હરખાવા જેવું નથી કે અશુભ તો છોડ્યું ને ? શુભ તો કર્યું છે ને ?

અશુભ તો નથી કર્યું ને ? એ રીતે શુભના કર્તૃત્વમાં તું આવીશ, આજે શુભ કર્યું છે, કાલે કેવડું મોટું અશુભ કરીશ એની મર્યાદા રહેશે નહિ.

મુમુક્ષુ :– આમ તો જુઓ તો જીવ કર્તૃત્વમાં જાય જ.

પૂજ્ય ભાઈશ્રી :– જાય જ. જાય જ. પણ ન જાય તો બીજી પરિસ્થિતિ થાય શું ? કાં તો જીવ અકર્તા થાય અને કાં તો જીવ કર્તા થાય. કેમકે કાર્ય તો કરે જ છે. પરિણામે તો એ પરિણમ્યો છે એટલે કાર્ય એણે કર્યું છે એ વાત તો નિર્વિવાદ છે. જો એણે કાર્ય કર્યું જ છે અને કર્તા નથી થવું, તો એની પાસે સાધન શું છે ? કે અકર્તા જ્ઞાયકભાવમાં રહે તો જ એ એનો કર્તા ન થાય, નહિતર અનિવાર્યપણે કર્તા થાય. આ સિવાય બીજું કોઈ સાધન નથી. પરિસ્થિતિ બીજી નથી.

બોલ નાના-નાના છે. પણ અંદર બહુ કસવાળી વાત પડી છે. બે લીટીમાં એટલી મોટી વાત છે. એક તો અસ્તિની પ્રેરણા આપી છે. કે નિરંતર તું બળવાનપણે, જ્ઞાયકપણાનો અભ્યાસ કર. જબરદસ્ત પ્રેરણા આપી છે. નિરંતરપણે, વિસ્મૃત કર્યા વિના, તારા પ્રયોજનને વિસ્મરણમાં નહિ લાવતો. તું એનું વિસ્મરણ નહિ કરતો અને બળવાનપણે એનો અભ્યાસ કર. એમ કરતા જગતના કાર્યોની સાવધાની તારે છોડી દેવી પડશે એ અમારા ખ્યાલમાં છે એમ કહે છે પણ તારા નુકસાનથી મૂંઝાવાની કે ડરવાની જરૂર નથી.

કેટલાક વિચારમાં જરાક અચકાટ ખાય છે કે આના એકલા ઉપર, જ્ઞાયકના એકલા ઉપર ધ્યાન દેવા જતાં પછી બીજા કાર્યોની સાવધાની ન રહે, તો એને એમ થાય કે ત્યાં મારું બધું ઊંધું વળી જશે. આ વેપાર-ધંધાનો વિશેષભૂત છે, મોટો. કાંઈ થવાનું નથી. ગમે તેવી સાવધાની રાખ, તોપણ પૂર્વના પુણ્ય અનુસાર કે પાપ અનુસાર થયા વિના રહેશે નહિ. એમ છે. અને તારી સાવધાની નહિ હોય તોપણ એ જ પૂર્વકર્મ ઉદયમાં આવવાનું છે. ઊલટાનું કદાચ સંક્રમણ થઈને પાપ પ્રકૃતિ પલટાઈને પુણ્ય થશે. પણ એની અપેક્ષા રાખીશ તો તો નહિ થાય. એ તો એક જ્ઞાન કરવાની વાત છે. એ પણ તને લાલચ આપવાની વાત નથી. લાલચની જગ્યાએ નહિ ખતવતો. નહિતર પાછો મોટો દોષ આવી જશે.

પણ એકવાર તું એની સાવધાની જ ઉડાવી દે. એની કાળજી ઉડાવી દે, એની સાવધાની ઉડાવી દે. જેમ થાવું હોય એમ થવા દ્યો. માણસ નથી કહેતા ? બહુ ઓલો

દ્વેષ કરીને, ભાઈ ! ભલેને દરિયાની ખાડીમાં જઈને પડે કે ભલેને કૂવામાં નાખે. આપણે શું ? એમ મારું નથી એમ મમત્વ ઉડાવીને જેમ થાવું હોય એમ થાવ. પણ એકવાર મારે મારું સુધારી લેવું છે. એવું બળ એને અંદરથી આવવું જોઈએ. સંયોગની અને ઉદયની પણ સાવધાની રાખવી છે અને આત્માનો પણ અભ્યાસ કરવો છે. (નહિ કરી શકે). વિકલ્પનો અભ્યાસ થશે, સાવધાનીનો નહિ થાય. કેમકે બે વિરુદ્ધદિશામાં કદી સાવધાની કામ કરતી નથી.

આ તો જેને સંયોગની પ્રતિકૂળતા હોય અને અનુકૂળતા લાવવાવાળાની વાત છે. પણ જેને અનકૂળતા હોય એને પણ અનુકૂળતા થઈ ગઈ છે એ સાવધાનીમાં રહેવા જેવું નથી. એના પરિણામ એને એમ આવવા જોઈએ કે ગમે તેવી કપરી પરિસ્થિતિમાં હું તો આ એક જ પ્રયત્ન કરું. ગમે તેવી કપરીમાં કપરી પરિસ્થિતિ હોય તો હું તો એક જ કામ કરું. બીજું કામ કરું નહિ. આ અનુકૂળતા છે એ ઠીક કરું. અનુકૂળતા નથી તેથી હું ન કરી શકું. એ પ્રશ્ન મારા માટે રહેતો નથી. એટલી એની અભિપ્રાયની જો તૈયારી હોય તો એને અનુકૂળતા-પ્રતિકૂળતાની અપેક્ષા નહિ હોવાને લીધે એ સાવધાનીથી પોતાના કાર્યમાં આગળ વધી શકે છે અથવા પોતાના કાર્યમાં સાવધાન રહી શકે છે. અને નહિતર જે સાવધાની ઉદયની, સંયોગની અને પરપરિણામની છે, ભલે શુભપરિણામની હોય, એ સાવધાની દર્શનમોહને, એની હયાતીને, દર્શનમોહના પ્રાગટ્યને, દર્શનમોહના રસને, શક્તિને પ્રસિદ્ધ કરનારી એ સાવધાનીના પરિણામ છે અને એ દિશા છોડી દેવા જેવી છે.

સાવધાની પણ દર્શનમોહનું લક્ષણ છે. જેમ સંતોષ એક દર્શનમોહનું લક્ષણ છે. પરિણામ સંબંધીનો સંતોષ, પરિણામનો આધાર, પરિણામનું કર્તૃત્વ, એ જેમ દર્શનમોહના ચિહ્ન છે, એમ પરિણામની અને પરની ઉદયની સાવધાની એ પણ દર્શનમોહનું જ લક્ષણ છે. એ વાત અહીંયાં આ રીતે લીધી છે.

**સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ. અંતર્મુહૂર્ત નહિ પણ શાશ્વત અંદર રહી જવું તે જ નિજ સ્વભાવ છે, તે જ કર્તવ્ય છે. ૨૨૧.**

**તા. ૧૮-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૨૧,૨૨૨**
**પ્રવચન નં. ૧૭૮**

'બહેનશ્રીનાં વચનામૃત', પાનું-૭૭, ૨૨૧ બોલ. જીવનમાં શું કર્તવ્ય છે. એ વિષય લીધો છે. **'સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ.'** સર્વસ્વપણે ઉપાદેય પૂરી શક્તિથી, એકમાત્ર પોતાનું આ હિતરૂપ કાર્ય છે. સ્વપણે ઉપાદેય એટલે પોતાના સ્વના હિતપણે એકમાત્ર કાર્ય હોય અને સર્વાંગશુદ્ધ સાધન હોય, તે માત્ર એક શુદ્ધોપયોગ છે. શુદ્ધ ઉપયોગ સિવાયનો બીજો કાંઈપણ ઉપયોગ, એ અશુદ્ધ ઉપયોગ છે. શુદ્ધ ઉપયોગ સિવાયનો બીજો કાંઈ પણ ઉપયોગ તે અશુદ્ધ ઉપયોગ છે. શુદ્ધોપયોગ ત્યારે કહેવાય છે, કે પોતાનું શુદ્ધપરમપદ છે, નિર્ભેળ શુદ્ધાત્મપદ છે, એને ઉપયોગમાં સ્વપણે ગ્રહણ કરાય, અને જે ઉપયોગનો અનુભવ થાય નિર્મળ, મલિનતા રહિત, પવિત્ર જ્ઞાનનો સ્વાનુભવ થાય, તેને અહીંયાં શુદ્ધોપયોગ કહે છે. શુદ્ધ ઉપયોગ, શુદ્ધ ઉપયોગનું ઉપયોગની શુદ્ધતાનું વિશેષણ અહીંયાં એ પ્રકારે છે, કે સાથે કોઈ મલિનભાવથી એનું જોડાણ નથી. ઉપયોગને કોઈ મલિનભાવ સાથેનો સંબંધ રહ્યો નથી. અનાદિથી રાગાદિ મલિનભાવમાં તન્મયતા થતી હતી, તે તન્મયતા મટી ગઈ તન્મયતા હતી ત્યાં સુધી અશુદ્ધ ઉપયોગ હતો, તન્મયતા મટતા તે શુદ્ધોપયોગ થયો. અથવા શુદ્ધ સ્વરૂપની સ્થિરતા, શુદ્ધ સ્વરૂપમાં ઉપયોગની સ્થિરતા છે અને અસ્થિરતારૂપ જોડાણ પણ અશુદ્ધ ભાવ સાથે, શુભાશુભભાવ સાથે નથી, તેથી પણ એને શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. કેમકે પોતે શુદ્ધતાએ વર્તે છે, શુદ્ધપણે વર્તે છે.

એ ઉપયોગનું અવલંબનભૂત વિષય, એ પણ શુદ્ધાત્મપદ હોવાથી શુદ્ધ સ્વરૂપ આત્માનું નિજ શુદ્ધ સ્વરૂપ એના અવલંબનનો વિષય હોવાથી, એના ઉપયોગનો વિષય

હોવાથી, એનું નામ શુદ્ધોપયોગ કહેવામાં આવે છે. શુભાશુભભાવ રહિત, કેવળ શુદ્ધાત્મામાં લીનતાવાળો ઉપયોગ, તે શુદ્ધોપયોગ છે. તે એકમાત્ર કર્તવ્ય છે, તે એકમાત્ર ઉપાદેય છે અને સર્વસ્વપણે એટલે પૂર્ણપણે તે એક જ ઉપાદેય છે. બીજું કાંઈ ઉપાદેય નથી, એમ એમાં આવી જાય છે.

તર્ક થવા યોગ્ય છે, કે જે શુદ્ધોપયોગમાં પરિણમે છે એવા જ્ઞાનીઓ અને મુનિઓ પણ શુભોપયોગમાં પ્રવર્તતા જોવામાં આવે છે. જો સર્વસ્વપણે એકમાત્ર શુદ્ધોપયોગ ઉપાદેય હોય તો તેઓ શા માટે શુભોપયોગમાં આવે છે ? આ તર્ક થવા યોગ્ય છે. કે અનિવાર્યપણે શુભોપયોગમાં આવી જવાય છે. શુદ્ધોપયોગમાં ટકી શકતા નથી. એટલે તો નીચે એ વાત લીધી છે, કે અંતર્મુહૂર્ત શુદ્ધોપયોગ રહે એમ ભાવના નથી, એવી ઇચ્છા નથી, એવી ભાવના નથી. શાશ્વત અંદર રહી જવું તે જ નિજસ્વભાવ છે અને તે જ કર્તવ્ય છે. કર્તવ્યનો બોલ છે ને ? એટલે એ તર્કનો જવાબ નીચે આવી જાય છે કે, શુભોપયોગમાં આવવાનો અભિપ્રાય નથી પણ પોતાની નબળાઈ અને અશક્તિને લઈને શુભોપયોગમાં આવી જાય છે. તેથી તેનો નકાર વર્તે છે, એનો નિષેધ વર્તે છે, કે આ કર્તવ્ય નથી, આમાં આવવું નથી.

વ્યવહારનયના વિષયનો ઉપદેશ ચાલતો હોય તો શ્રીગુરુ એમ કહે, કે વ્યવહારના સ્થાનમાં વ્યવહાર ન્યાય સંગત છે અને જો વ્યવહારના સ્થાનમાં વ્યવહાર ન હોય, તો તે જીવને નિશ્ચયના સ્થાનમાં નિશ્ચય વર્તે છે, એ વાત સંભવી શકતી નથી. વ્યવહાર ઉપર જોર દેતા હોય એવું લાગે. વ્યવહારને સ્થાપતા હોય એવું લાગે. પણ વ્યવહારે વ્યવહારની સ્થાપના કરવામાં આવે છે, કેમકે નિશ્ચયની યથાયોગ્ય ભૂમિકામાં, પૂર્ણ દશા નહિ હોવાને લીધે એવો એક વ્યવહાર હોય. અને એથી નીચી કોટિના પરિણામ ન હોઈ શકે, એ વાતની ત્યાં મર્યાદા બાંધવી છે, તેથી એમ કહેવામાં આવે છે. અને જો એવી મર્યાદા ન હોય તો નિરર્ગળ પ્રવૃત્તિ પણ સંભવે છે, અને એ પ્રવૃતિ પવિત્ર મોક્ષમાર્ગની દશા સાથે બિલકુલ સુસંગત નહિ હોવાને લીધે એવું પણ સંભવી શકતું નથી, એવું બની શકતું નથી. એમ અનાદિ અનંત નિયમ અથવા નિયત સિદ્ધાંતરૂપે એ સ્થાપવામાં આવે છે. પણ એ વાત રાખીને, કે સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ છે. આ ઉત્સર્ગ છે, ઉત્સર્ગ છે એટલે આ સિદ્ધાંત છે. અને દેવ-ગુરુ-શાસ્ત્ર આદિના દયા-દાન-શીલ-સંયમ આદિના જે પરિણામ, વ્યવહારને યોગ્ય પરિણામ, એ અપવાદ

છે. તે ઉત્સર્ગ નથી પણ અપવાદ છે. અપવાદનું સ્થાન ઉત્સર્ગને નથી અને ઉત્સર્ગનું સ્થાન અપવાદને નથી. એ તો પોતપોતાના સ્થાનમાં એનું મૂલ્ય સમજવું જોઈએ.

પ્રશ્ન :- ઉત્સર્ગ એટલે શું ?

સમાધાન :- ઉત્સર્ગ એટલે સિદ્ધાંત. શુદ્ધોપયોગે પરિણમીને વીતરાગ થવું, વીતરાગ થઈ જવું, પૂર્ણ વીતરાગ થઈ જવું એ સિદ્ધાંત છે. સૈદ્ધાંતિક રીતે એ એક જ કર્તવ્ય છે. તો કહે પણ મોક્ષમાર્ગમાં આવેલા જીવોને પણ આ દયા-દાન જોઈએ છે એનું શું ? પૂજા-ભક્તિના પરિણામ, શુભના પરિણામ જોઈએ છીએ એનું શું ? પ્રત્યક્ષ જોવામાં આવે છે. તો કહે એ અપવાદ માર્ગની વાત છે. એ સિદ્ધાંત માર્ગની વાત નથી પણ અપવાદ માર્ગની વાત છે. એને અપવાદ કહેવામાં આવે છે.

અહીંયાં સિદ્ધાંતની વાત ચાલે છે. અહીંયાં શું સમજવું જોઈએ? જ્યાં જે વાત ચાલે છે, ત્યાં તે વાત સમજવા યોગ્ય છે. તો કહે છે અહીંયાં સિદ્ધાંતની વાત ચાલે છે. અનાદિ અનંત સર્વ સાધકજીવનો, તમામ ધર્માત્માનો અભિપ્રાય એક સિદ્ધાંત અનુસાર હોય છે. એમાં એ ગડબડ કરતા નથી. સિદ્ધાંત તોડવાની વાત ક્યાંય નથી. અપવાદ માર્ગમાં અનિવાર્યપણે આવી જવાય એ બીજી વાત છે, પણ સિદ્ધાંત તોડવાની વાત ક્યાંય છે નહિ. અને જો સિદ્ધાંત તૂટે, જ્યારે સિદ્ધાંત તૂટે, ત્યારે તે જીવ વ્યવહારે પણ મોક્ષમાર્ગમાં નથી. વ્યવહારાભાસમાં આવી જાય છે. સિદ્ધાંત તૂટ્યો એટલે તે વ્યવહારમાંથી પણ ગયો. નિશ્ચયમાંથી તો ગયો જ ગયો, પણ વ્યવહારથી પણ ગયો. કોઈ એમ કહે કે નિશ્ચય ભલે ન હોય પણ વ્યવહાર તો સાચો છે ને ? જિનોક્ત વ્યવહાર દેખાય, જિનેન્દ્ર ભગવાને કહ્યા હોય એ પ્રકારે એનું સાવધાનીથી, કાળજીથી, યત્નાથી પ્રતિપાલન દેખાય, તો વ્યવહાર છે કે નહિ ? એને વ્યવહાર નથી, આમ છે.

મુમુક્ષુ :- બન્ને સાથે જ રહેલા છે.

પૂજ્ય ભાઈશ્રી :- બન્ને સાથે રહે છે અને બન્ને સાથે હોય ત્યારે જે બન્ને પોતપોતાના સ્થાનમાં હોઈ શકે છે. નહિતર પોતાના સ્થાનમાં હોઈ શકે નહિ. ભલે નિશ્ચય છૂટી ગયો વ્યવહાર તો રહી ગયો કે નહિ ? અને વ્યવહાર રહી ગયો તો પાછો નિશ્ચયમાં આવી જશે, એ ઠગારી વાત છે. એમ બની શકતું નથી.

જો કે અત્યારે તો વ્યવહાર પણ ભૂલ વગરનો છે એ ગોતવું મુશ્કેલ છે. બાહ્યાચરણ પાળવાવાળાનું કે તત્ત્વજ્ઞાનમાં પ્રવેશ કરનારા વિદ્વાનોનો વ્યવહાર પણ... નિશ્ચય તો

નથી પણ વ્યવહાર પણ જિનોક્ત વ્યવહાર, નિર્ભેળ વ્યવહાર, એવો વ્યવહાર નથી.

મુમુક્ષુ :– તત્ત્વજ્ઞાન અને અધ્યાત્મનું જ્ઞાન જ નથી. સાચી વાત તો એ છે કે...

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુદેવે' જે ખુલાસા કર્યા તે ક્યાં છે? અને શાસ્ત્રમાં છે, દિગંબરના શાસ્ત્રમાં છે, સંપ્રદાયમાંથી ચાલ્યું ગયું છે. સંપ્રદાયમાં જેઓ ભૂલા પડ્યા, જ્ઞાની ધર્માત્માનું નેતૃત્વ સ્વીકારમાં પણ ભૂલા પડ્યા. વિમુખ વર્ત્યા તે બન્ને રીતે ભૂલ્યા છે. વ્યવહારે પણ ભૂલ્યા અને નિશ્ચયે પણ ભૂલ્યા છે. એમ છે.

મુમુક્ષુ :– જાણકારીનું પણ જ્ઞાન નથી.

પૂજ્ય ભાઈશ્રી :– જાણકારી પૂરી નથી. હજી તો ઘણાને જાણકારી પણ પૂરી નથી. કોઈને જાણકારી છે તો એનો અભિપ્રાય એ અનુસાર નથી.

મુમુક્ષુ :– ખરેખર જો સમજણ.. જાણકારી તો ખરેખર છે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– સાચી વાત છે. હજી તો જાણકારીમાં લોચા છે. ખરી વાત છે. પણ એ તો એવું જ થાય. વિષય એવો ચારેબાજુથી સમજવા યોગ્ય છે અને એને સમજણમાં ચોખ્ખો હોવા યોગ્ય છે. એ પણ અભિપ્રાય કાંઈક સવળો થાય, અથવા એકાંતે હિતબુદ્ધિમાં આવે, તો એ જાણકારી સવળી થાય. નહિતર મતિ વ્યવસ્થિત રહે એવી પરિસ્થિતિ નથી. ખરેખર તો એ વાત છે.

પ્રશ્ન :– જાણકારી હોવા છતાં લોચા મારવાનું અહીં..

સમાધાન :– જાણકારી હોવાની પહેલા તો શંકા છે, પણ માનો કે જાણકારી હોય, તોપણ જાણકારીમાં યથાર્થતા છે કે અયથાર્થતા છે? આ એક બહુ મોટો પ્રશ્ન છે. અયથાર્થતા હોય તો અભિપ્રાયમાં ઊલટું હોય. જાણવાનું, ક્ષયોપશમમાં શક્તિ હોય એટલે જાણવાનું બને. મિથ્યાદૃષ્ટિ જીવ પણ એના ક્ષયોપશમજ્ઞાનમાં પ્રયોજનભૂત વિષય અને અપ્રયોજનભૂત વિષય બન્નેને જાણવાની શક્તિ રહેલી છે એટલી ક્ષમતાવાળું એ જ્ઞાન છે, તોપણ તે અપ્રયોજનભૂત વિષય ઉપર એનું વજન ચાલ્યું જશે. પ્રયોજનભૂત વિષય ઉપર તે ઉપર-ઉપરથી ચાલ્યો જશે. જાણકારી કરીને ઉપર-ઉપરથી ચાલ્યો જશે. અપ્રયોજનભૂતમાં એ રોકાઈ જશે. અને તેથી એ આત્માને નહિ સાધે, એ સંસારને સાધશે. જાણકારી હોવા છતાં સંસારને સાધશે. સમ્યક્દૃષ્ટિનું જ્ઞાન પણ પ્રયોજનભૂત વિષય અને અપ્રયોજનભૂત વિષય બન્નેને જાણવાની શક્તિવાળું છે, તે પ્રયોજનભૂત વિષય ઉપર ચીટકી જાય છે, ચોંટી જાય છે અપ્રયોજનભૂત વિષયને

એ ગૌણ કરીને એકબાજુ મૂકી દે છે. આવો ફેર છે, બે વચ્ચે આ ફેર છે.

'ટોડરમલજી'એ સ્પષ્ટ કર્યું છે. 'ગુરુદેવશ્રી'એ એ 'મોક્ષમાર્ગપ્રકાશ'ના પ્રવચનોમાં એ વાત સ્પષ્ટ કરી છે, ઘણી સ્પષ્ટ કરી છે. આપણે 'પરમાગમસાર'માં પ્રયોજનભૂતના અને અપ્રયોજનભૂતના એ બોલ લીધેલા છે. જેનો દૃષ્ટિકોણ અથવા જેની શોધ, પોતાનું પ્રયોજન કેમ સિદ્ધ થાય? હિતરૂપ પ્રયોજન કેમ સિદ્ધ થાય ? એના ઉપર હોય એ તો બધામાંથી એક જ તારવે. બીજું બધું આપોઆપ જ એને ગૌણ થઈ જાય કે આ તો મારે કામનો વિષય નથી, જાણવાનો વિષય છે. મારે કામનો વિષય નથી, જાણવાનો વિષય છે.

એટલું બધું શુદ્ધોપયોગ ઉપર અને શુદ્ધાત્માના અભેદજ્ઞાન ઉપર અધ્યાત્મના પ્રકરણમાં પરમાગમોની અંદર એટલું બધું વજન છે, કે બસ તું એક શુદ્ધાત્માને જ જાણ. તું એક શુદ્ધાત્માને જ જાણ. કરણાનુયોગનું જ્ઞાન કરવું તે તને પ્રયોજન નથી. બંધ અધિકારમાં એ દૃષ્ટાંત લીધું છે કે, કર્મનો બંધ, કર્મનો ઉદય, કર્મની સત્તા અથવા એ બંધની ચિંતા, એ બંધ મુક્તિનું કારણ નથી. એમ લીધું છે. એ બધી બંધની ચિંતા છે. એ બંધની ચિંતા એ મુક્તિનું કારણ નથી. એ બંધની ચિંતા કહો કે કરણાનુયોગનો વિષય લ્યો. પણ સમ્યક્દર્શનની પર્યાયનું જ્ઞાન કરીને જાણકારી કરી હોય તો ? કે નહિ આત્માનું જ્ઞાન કરવાની વાત છે, શુદ્ધાત્માનું જ્ઞાન કરવાની વાત છે.

આ 'યોગસાર' શાસ્ત્ર 'યોગીન્દ્રદેવ'નું.. એમનું તો એકલું વજન એના ઉપર છે. એક શુદ્ધાત્માને જાણ, બસ ! એક નિશ્ચય આત્માને જાણ. તારા બધા પડખા સવળા થઈ જશે, તારા બાકીના પરિણામ પણ નિયમમાં આવી જશે, મર્યાદામાં આવી જશે. આપોઆપ જ આવી જશે. એના માટે કોઈ જુદો પ્રયત્ન નહિ કરવો પડે અને એક શુદ્ધાત્માને જાણ. ગમે તેમ કરીને એક શુદ્ધાત્માને જાણ. એ જ એક તારા માટે પ્રયોજનભૂત વિષય છે. એ જ લક્ષમાં રાખવા યોગ્ય પદાર્થ છે. એનું લક્ષ ક્યારેય છોડવા જેવું નથી.

૨૧૯માં લીધું ને કે, '**ગમે તેવી કટોકટીમાંથી પોતાનાં જ્ઞાન-ધ્યાનનો સમય ખેંચીને કાઢી લેવો.**' પણ કોના જ્ઞાન-ધ્યાનનો? કે શુદ્ધાત્માના જ્ઞાન-ધ્યાનનો. કેમ ? કે આ કાળમાં આયુષ્ય બહુ અલ્પ છે અને એની કિંમત ઘણી છે. જો કામ કરે તો એની કિંમત કોઈપણ રીતે ન થઈ શકે એટલી સમયની કિંમત છે, આયુષ્યની કિંમત છે.

અને જો પોતાનું પ્રયોજનભૂત કાર્ય ન સાધે તો ફૂટેલી કોડી જેટલી પણ એની કિંમત નથી. ભલે લાખો, કરોડો રૂપિયા હોય, ભલે આમ-દામ ને ઠામ હોય, અને ભલે બધા સંયોગો એના સવળા દેખાતા હોય, ગુરુ હોય એ તો એમ કહે કે તિર્યંચ જેવું એનું જીવન છે. કેવું એનું જીવન છે ? તિર્યંચની કોટિમાં મૂકે. મનુષ્યની કોટિમાં ન મૂકે, પણ આ બધા પૈસાવાળા છે ને બધા ખમ્મા ખમ્મા કરે છે અને બધા માખણ લગાડે છે. કે જ્ઞાનીની નજરમાં એ તિર્યંચ જેવો છે. તિર્યંચ ખાય છે, પીવે છે, એને યોગ્ય ઉદયને યોગ્ય, એના ઉદય પ્રમાણે ભોગ-ઉપભોગમાં રહે છે, કુટુંબ–પરિવારમાં રહે છે, એ પણ આત્મહિત કરતો નથી, આ પણ આત્મહિત કરતો નથી. ભલેને ઉંદર દરમાં રહે અને આ ભલે મોટા મહેલમાં રહે. બે વચ્ચે, બેના જીવનમાં કોઈ જ્ઞાનીની નજરમાં ફેર પડતો નથી. તિર્યંચની કોટિમાં નાખે.

એટલું વજન શુદ્ધોપયોગ ઉપર છે. એક ટુકડો છે. છે તો એક ચાર શબ્દોના વચનનો ટુકડો છે, પણ બાર અંગનો સાર છે ! ભગવાનની વાણીમાંથી જે ગણધરભગવાને બાર અંગ રચ્યા એનો આ સાર છે. શુદ્ધોપયોગ એનો સાર છે. બાર અંગનો સાર શું ? કે સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ. આટલો ટુકડો છે એ બાર અંગનો સાર છે. જેટલી કિંમત આંકવી હોય તેટલી આંકે. આ બધા બે-ત્રણ બોલ નાના છે પણ કસ ઘણો છે.

એટલે બીજું ઉપાદેય નહિ હોવાને લીધે, બીજા ઉપયોગમાં, અન્ય થતા ઉપયોગમાં છદ્મસ્થ અવસ્થામાં જે અશુદ્ધ ઉપયોગ થાય, એમાં ઉપાદેયપણું નહિ હોવાને લીધે, જ્ઞાનીને, ધર્મીને એમાં રસ પડતો નથી. એમાં એને રસ નથી. ખરી વાત એ છે. અથવા હેય બુદ્ધિએ પ્રવર્તે છે. અશુભ ઉપયોગમાં ધર્મી હેયબુદ્ધિએ પ્રવર્તે છે. ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ હોવાથી બીજામાં એને ઉપાદેયબુદ્ધિ થતી નથી. સ્થાપે તોપણ નહિ. આ તોડીને સ્થાપવાની વાત ક્યાંય છે નહિ. મોક્ષમાર્ગમાં જો વ્યવહાર અનિવાર્યપણે કરવાનો જ હોય, કરવો જ પડે એવું કોઈ બંધન હોય, તો 'ભરતમહારાજા' અઠ્ઠ્યાવીસ મૂળગુણની પંચમહાવ્રતની પ્રવૃત્તિમાં આવ્યા હોત. અને નહિતર મુક્તિ થઈ હોત નહિ. પણ એ ન થયું. જેવી દીક્ષા અંગીકાર કરી અને પ્રથમ ધ્યાનમાં બેઠા એ ભેગી શ્રેણી માંડી. અંદર લીન થયા તે થયા બહાર જ આવ્યા નહિ. અશુભ ઉપયોગમાં વ્યવહારનયના વિષયમાં આવ્યા જ નહિ ને. એમને વ્યવહાર ન પાળ્યો માટે મુક્તિ

એને ન થવી જોઈએ, અટકવી જોઈએ એવું કાંઈ ત્યાં બંધન છે નહિ, અટક નથી.

મુમુક્ષુ :– વ્યવહારથી મુક્તિ થતી હોય તો તો પહેલા જ થઈ જાત.

પૂજ્ય ભાઈશ્રી :– તો તો અનંતકાળ પહેલા જ થઈ ગઈ હોત. આ જીવે જિનોક્ત વ્યવહાર દ્રવ્યલિંગીનો અનંતકાળ પહેલા અનંતવાર પાળ્યો છે. તો તો થઈ ગયું હોત. તો તો ક્યારનું પણ થઈ ગયું હોત. પણ એ સાધન ખરેખર નથી એમ છે. મૂળ સાધન શુદ્ધોપયોગ છે. અને એ સાધન હોય ત્યારે વ્યવહારના પરિણામ ઉપર સાધનનો ઉપચાર આવે છે. પણ એ ખરેખર સાધન નથી. એ તો એને નિમિત્ત ગણીને ઉપચાર કહ્યો છે. નિમિત્ત એટલે અકિંચિતકર. જોડે રહેલી ચીજ કે જે કાંઈ કરતી નથી. એનું નામ નિમિત્ત છે.

હવે એમ કે સમ્યક્દર્શન અને શુદ્ધોપયોગ થઈ જાય તો બસ. એમ વાત નથી. અભિપ્રાય એ પ્રકારે નથી. એકવાર શુદ્ધોપયોગ થઈ જાય ને, કેમકે એક ક્ષણના શુદ્ધોપયોગનો મહિમા એટલો બધો છે વાસ્તવિકપણે હોં! અતિશયોક્તિ નથી. કે એક ક્ષણનો શુદ્ધોપયોગ થાય. પ્રથમ અનંતકાળમાં ન થયો હોય અને પહેલો વહેલો, એક ક્ષણનો શુદ્ધોપયોગ થાય એના જન્મ-મરણની અનંતતા તૂટી ગઈ. અનંતતાનો નાશ. અનંત જન્મ–મરણ એ જીવને હોઈ નહિ. ચ્યુત થાય તોપણ ન હોય. અચ્યુત રહે એનો તો પ્રશ્ન જ નથી. પણ કદાચ ચ્યુત થાય તોપણ એને અનંત જન્મ-મરણ હોઈ નહિ, અર્ધપુદ્ગલ પરાવર્તનમાં વળી પાછો એ ગમે ત્યારે શુદ્ધોપયોગને સાંધી લેશે, સાધી લેશે અને પૂર્ણતાને પ્રાપ્ત થઈ જશે. એના જન્મ-મરણ નહિ રહે. કેટલો ઊંડો રસ લઈને એનો શુદ્ધોપયોગ આવ્યો હશે? જે અતીન્દ્રિય ઉપયોગ, અતીન્દ્રિય આત્મ સ્વરૂપને લક્ષે ને આશ્રયે અને અવલંબને પ્રગટ થયો, એ કેટલો શુદ્ધાત્માનો અતીન્દ્રિય પદાર્થનો રસ લઈને આવ્યો હશે? કે જેના મૂળિયા એટલા ઊંડા ગયા, કે જન્મ-મરણની અનંતતાને તોડી અને એનું દ્રવ્ય જાણે બદલાઈ ગયું. એનું દ્રવ્ય જ જાણે બદલાઈ ગયું. એવું સામાન્ય રીતે મનુષ્ય પર્યાયમાં એમ કહેવામાં આવે છે, કે તું પ્રથમ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કર. સત્શાસ્ત્રનો પરિચય રાખ, સત્શાસ્ત્રનું ઊંડું અવગાહન કર. અને એ મુનિઓ પણ કરે છે, તારે પણ કરવા યોગ્ય છે. મુનિઓ પણ આગમનો અભ્યાસ રાખે છે. સત્સંગ–સત્સમાગમ અને સત્શાસ્ત્ર બે મુખ્ય સાધન કહ્યાં છે.

'રાજમલજી'એ તેરમાં કળશમાં 'કળશટીકા'ના તેરમાં કળશમાં એ કહ્યું કે, જેને

શુદ્ધોપયોગ છે એને શાસ્ત્ર ભણવાની અટક નથી. જુઓ ! ત્યાં વ્યવહારનું બંધન એને ન રાખ્યું. નહિતર એ તો વ્યવહાર છે. શાસ્ત્રનું અધ્યયન એ એક વ્યવહાર છે, પણ એની અટક એટલે એનું બંધન એને નથી. એમ લઈ લીધું. કેમ ? કે જે શાસ્ત્રનું અધ્યયન કરવાનું કહ્યું છે, એમાં પણ એ વાત લખી છે, કે સર્વસ્વપણે ઉપાદેય માત્ર શુદ્ધોપયોગ. એમાં પણ એ વાત લખી છે. એમાં કાંઈ બીજી વાત લખી નથી. એ જ વાત એમાં લખેલી છે.

એટલે એમ કહે છે, ત્યાં વળી વિશેષ ચર્ચા કરી છે પાછી કે, બાર અંગનું જ્ઞાન એ કોઈ અપૂર્વ લબ્ધિ નથી. અગિયાર અંગ અને નવ પૂર્વ નથી લીધા હોં ! બારેબાર અંગનું જ્ઞાન લબ્ધિથી પ્રગટ થાય, તો કાંઈ એ અપૂર્વ લબ્ધિ નથી. પણ બાર અંગનું જ્ઞાન તો સમ્યક્‌દૃષ્ટિને જ થાય, એ અપૂર્વ લબ્ધિ કેમ ન કહેવાય? તો કહે એ જ્ઞાન અપૂર્વ લબ્ધિ નથી, જે આત્માનું જ્ઞાન થયું તે અપૂર્વ લબ્ધિ છે. એમ કહેવું છે. જ્ઞાનમાં અને જ્ઞાનમાં ભેદ પાડ્યો. કે જે શુદ્ધોપયોગથી શુદ્ધાત્માનું જ્ઞાન થયું તે અપૂર્વ લબ્ધિ, બાર અંગના વિસ્તારવાળું જ્ઞાન થયું તે અપૂર્વ લબ્ધિ નહિ. એમ.

મુમુક્ષુ :– આધાર...

પૂજ્ય ભાઈશ્રી :– એનો આધાર શાસ્ત્ર છે. બાર અંગ છે. આનો આધાર પરમાત્મા–શુદ્ધાત્મા છે. બે વચ્ચે મોટો ફેર છે. વળી એ બાર અંગમાં શુદ્ધાત્માની અનુભૂતિ કહેવાનું જ વિધાન છે. બાર અંગમાં શું વિધાન છે ? કે, શુદ્ધાત્માનુભૂતિ કર. એની અંદર આ એક જ વિધાન છે. બાર અંગમાં તો ઘણી વાતો આવે છે, તો કહે એ બધી વાત આ અનુભૂતિ માટે આવે છે. એની અનુભૂતિ કર એ જ વિધાન છે ખરેખર. એવો બધો અધ્યાત્મશાસ્ત્રનો સરવાળો માર્યો છે.

મુમુક્ષુ :– જે પ્રયોજન છે એ તો સિદ્ધ કરી લીધું.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રયોજન સિદ્ધ કરી લીધું, (એટલું) નહિ એનું વજન ક્યાં જાય છે? સરવાળો ક્યાં, Total ક્યાં મારે છે ? એ જોવાનો વિષય છે. વાતને ખેંચીને ક્યાં કેન્દ્રિત કરે છે ?

કળશટીકા. કળશ તો છે કે જ્ઞાનાનુભૂતિ તે આત્માનુભૂતિ છે અને આત્માનુભૂતિ તે જ્ઞાનાનુભૂતિ છે અને તે જ જ્ઞાનાનુભૂતિને અહીંયાં શુદ્ધ નયાત્મિકા કહી છે. શુદ્ધ આત્માનું જેને અવલંબન છે, એને શુદ્ધાત્માનુભૂતિ–આત્માનુભૂતિ કહી છે, એને જ

જ્ઞાનાનુભૂતિ કહી છે. બાર અંગના જ્ઞાનને જ્ઞાનાનુભૂતિ કહી નથી એમ કહેવું છે. શુદ્ધનયાત્મિકામાંથી કાઢ્યું છે. પોતે જે કાઢયું છે એ શુદ્ધનયાત્મિકામાંથી.

આ જે આત્મા અનુભૂતિ અર્થાત્ આત્મદ્રવ્યનો પ્રત્યક્ષપણે આસ્વાદ છે, જે શુદ્ધોપયોગમાં આવે છે. કેવી છે તે અનુભૂતિ ? કે શુદ્ધનય અર્થાત્ શુદ્ધ વસ્તુ. તે જ છે આત્મા અર્થાત્ સ્વભાવ જેનો એવો છે. શુદ્ધ વસ્તુ, તે જ છે. આત્મા એટલે શુદ્ધ સ્વભાવ એને શુદ્ધનય કહે છે, એને અનુભૂતિ કહે છે. તેનો ભાવાર્થ એમ છે કે નિરુપાધીપણે જીવદ્રવ્ય જેવું છે ...

એને શુદ્ધાત્માનો અનુભવ કહીએ. નિશ્ચયથી આ જે આત્માનુભૂતિ થઈ છે તે જ જ્ઞાનાનુભૂતિ છે. તે જ જ્ઞાનની અનુભૂતિ છે. એટલી માત્ર જાણીને. એ રીતે અનુભૂતિને એટલી માત્ર જાણીને. હવે આમાંથી કાઢ્યું છે. આના ઉપર ટીકા કરી, આટલી વાત તો ખંડાન્વય સહિત અર્થની છે. આચાર્ય મહારાજના શબ્દો ઉપર શબ્દાર્થ છે. હવે એના ઉપર પોતે ટીકા કરે છે. ભાવાર્થ આમ છે કે એ પોતાની ટીકા છે. કે જીવ વસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ તેને નામથી એટલે શબ્દથી આત્માનુભવન કહેવાય. જોયું ! સ્વાદ એ સ્વાદ છે એમ કહે છે. શબ્દ એ શબ્દ છે. સાકરમાં મીઠાશ છે, સાકર શબ્દમાં મીઠાશ નથી. કેવું જુદું પાડે છે ? એમની શૈલી છે. ફરીને.

જીવ વસ્તુનો જે પ્રત્યક્ષપણે આસ્વાદ તેને નામથી આત્માનુભવ એમ કહેવાય. અથવા નામથી એને જ્ઞાનાનુભવ એમ પણ કહેવાય. એ તો બન્ને નામ છે. જે વસ્તુ તો જે છે તે છે. એક જ વસ્તુ છે. બે વાત નથી. નામભેદ છે વસ્તુભેદ નથી. એમ જાણવું. વસ્તુભેદ નથી, નામભેદ છે અને વસ્તુભેદ નથી. એમ જાણવું કે આ આત્માનુભવ છે અથવા આ જ્ઞાનાનુભવ છે તે મોક્ષમાર્ગ છે, આ એક જ મોક્ષમાર્ગ છે, અને આ જ સર્વસ્વપણે ઉપાદેય છે. આપણે જે ચાલતો બોલ છે એમાં એ વાત છે.

એમ જાણવું કે આત્માનુભવ મોક્ષમાર્ગ છે એનો અર્થ એમ કર્યો, કે આ એક જ ઉપાદેય છે. શુદ્ધોપયોગ જ ઉપાદેય છે. આ પ્રસંગે બીજો પણ સંશય થાય છે, તર્ક થાય છે, આશંકા થવા યોગ્ય છે, કે કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ છે. આ શું કરવા કીધું છે કે ક્ષયોપશમમાં અહંપણું થઈ જાય છે. ભૂલભૂલમાં ક્ષયોપશમ પણ અનેક જીવોમાં કોઈ કોઈ જીવોને વિશેષ હોય છે, બાકી સાધારણ ક્ષયોપશમવાળો જીવો હોય છે. તો અહીંયાં તો ક્ષયોપશમની ટોચ લીધી. બાર અંગનું

જ્ઞાન, દ્વાદશાંગનું જ્ઞાન એટલે ક્ષયોપશમની ટોચ. છેલ્લી હદ લીધી જે ગણધરદેવને હોય છે.

મુમુક્ષુ :– જ્ઞાનીને જ બાર અંગ હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. બાર અંગ જ્ઞાનીને જ હોય છે. પણ છતાં ચીજ જુદી છે એમ કહેવું છે. તીર્થંકર પ્રકૃતિ જ્ઞાનીને જ હોય છે અને તીર્થંકર દ્રવ્યને જ હોય છે. તીર્થંકર પ્રકૃતિ બંધાવા યોગ્ય પરિણામ કોને હોય ? જ્ઞાનીને જ હોય અને તીર્થંકર દ્રવ્યને જ હોય. પાછા તીર્થંકર (પ્રકૃતિ) પણ અજ્ઞાનદશામાં હોય ત્યારે ન હોય. એ તીર્થંકર દ્રવ્ય તો ક્યારથી છે ? અનાદિથી છે. એ દ્રવ્ય તીર્થંકર દ્રવ્ય તરીકે ક્યારથી છે ? અનાદિથી છે. કોઈપણ કેવળીને પૂછો, અનંતકાળ પહેલાના કેવળીને પૂછો તો અનંત ભાવિ તીર્થંકર દ્રવ્યો એના જ્ઞાનમાં છે. પણ કોઈ નિગોદમાં હોય છે. કોઈ નિગોદમાં હોય છે. કોઈ ચાર ગતિના પરિભ્રમણમાં હોય છે. અજ્ઞાનપણે અનેક પ્રકારે હોય છે ત્યાં સુધી એને તીર્થંકર પ્રકૃતિ બંધાય નહિ. જ્ઞાનદશામાં પણ અમુક ટાઇમે બંધાય છે. જેમકે 'ગુરુદેવ' તીર્થંકર દ્રવ્ય છે પણ અહીંયાં તીર્થંકર પ્રકૃતિ નથી બાંધી. હજી આગળ બાંધશે, હવે પછીના ભવોમાં બાંધશે. એ કોઈ એની મર્યાદા છે. તો એ જ્ઞાનીને હોય. પણ એ જ્ઞાનીને હોય છતાં પણ એનાથી મુક્તિ નથી.

તીર્થંકર પ્રકૃતિ છે અને તીર્થંકર પ્રકૃતિનો બંધ થાય એને તો મુક્તિ થાય જ. તો કહે પણ એને લઈને નહિ. આ વિચારવા જેવો વિષય છે. વજન ક્યાં જાય છે ? કે શુદ્ધોપયોગ એકમાત્ર ઉપાદેય છે. એના ઉપર વજન છે. એ પ્રકૃતિની વાત લીધી, રાગના અને ચારિત્રના પરિણામની અહીંયાં જ્ઞાનના પરિણામની વાત છે કે, દ્વાદશાંગજ્ઞાન જ્ઞાનીને જ હોય અને બીજાને ન હોય, પણ એ મુક્તિનું કારણ નથી એમ વાત છે.

મુમુક્ષુ :– બાર અંગના જ્ઞાનવાળાને પણ તેના જ્ઞાન ઉપર વજન જાય, પણ એ કામ તો એને શુદ્ધોપયોગ.. એના આત્માને...

પૂજ્ય ભાઈશ્રી :– બાર અંગવાળાને વજન ન જાય. પણ આ તો બીજાને એમ કહે છે. કોને ? જેને બાર અંગ નથી, પણ ક્ષયોપશમમાં જે પકડાણો છે, ફસાણો છે એને એમ કહે છે કે દ્વાદશાંગજ્ઞાન અપૂર્વ લબ્ધિ નથી. તારું જ્ઞાન તો કાંઈ નથી એમ કહે છે. કેટલું ? તારું જ્ઞાન તો એની પાસે કાંઈ નથી. પણ દ્વાદશાંગજ્ઞાન એ

અપૂર્વ લબ્ધિ નથી, બોલ !

મુમુક્ષુ :– એ પોતાના આશ્રયભૂત...

પૂજ્ય ભાઈશ્રી :– બાર અંગમાં ઉપયોગ આમ જાય, એ પામે ? કે શુદ્ધોપયોગમાં લીન થઈને શ્રેણીમાં ચડી ગયો હોય એ પામે ? ભલે એને બાર અંગનું જ્ઞાન ન હોય. પણ શુદ્ધોપયોગથી અંદર લીન થઈ ગયો, અંતર્મુહૂર્તમાં પામી જાય. મુનિદશા બન્નેની હોય અને ઉપયોગ બાર અંગમાં જાતો હોય, એ બાર અંગના ઉપયોગ ધારીને ત્યાં સાધના નથી, એ આરાધનાના પરિણામ નથી એમ કહે છે.

સ્થૂળપણે એમ કહેવાય, કે અંગપૂર્વાદિ પરમાગમના, શાસ્ત્ર અધ્યયનમાં ઉપયોગ લાગે તો જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ થાય. જ્ઞાનાવરણી એને બંધાય છે એમ પ્રમુખપણે ન કહેવાય. પ્રમુખપણે ન કહેવાય, મુખ્યપણે ન કહેવાય. પણ હવે એક તુલના કરવા જેવો વિષય છે કે, જેનો ઉપયોગ આત્મામાં જાય, શુદ્ધાત્મામાં જાય એ ઉપયોગ નિરાવરણ થાય ? કે શાસ્ત્રમાં જાય તે નિરાવરણ થાય ? જો શુદ્ધોપયોગથી નિરાવરણપણું થતું હોય, તો અશુદ્ધ ઉપયોગથી આવરણપણું થાય છે એ સમજાવવાની કે સાબિત કરવાની જરૂર રહેતી નથી. તો શાસ્ત્રમાં ઉપયોગ જાય છે એ સૂક્ષ્મપણે આવરણનું કારણ છે. સૂક્ષ્મપણે એ આવરણનું કારણ છે. સ્થૂળપણે ભલે એ નિરાવરણનું, ક્ષયોપશમનું કારણ ગણાતું હોય તોપણ સૂક્ષ્મપણે એ આવરણનું કારણ છે, એમ લેવું.

મુમુક્ષુ :– પેલાની બધી શક્તિ શુદ્ધોપયોગમાં લાગી..

પૂજ્ય ભાઈશ્રી :– એ તો ગુણશ્રેણી નિર્જરા કરે છે. જ્ઞાનાવરણીય આદિ બધા કર્મોની ગુણશ્રેણી નિર્જરા કરે છે. શુદ્ધોપયોગમાં લાગેલા છે. ઉપયોગ બહાર ગયો, બહાર ગયેલો ઉપયોગ જ્ઞાનાવરણીય પહેલું, જ્ઞાનાવરણીય આવશે એમ કહે છે. પછી બીજા આવશે. જ્ઞાનાવરણીય પહેલું આવશે. આઠ કર્મ છે ને ? એમાં જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય, અંતરાય બધા આવે છે.

મુમુક્ષુ :– આની શક્તિ આમાં લાગેલી છે. ક્ષયોપશમમાં શક્તિ લાગેલી છે.

પૂજ્ય ભાઈશ્રી :– બહાર ગયો પણ. પરમાત્માને છોડીને, પરમાત્મપદ છોડીને બહાર ગયો. બહાર બીજું શું છે ? પરમાત્મપદથી અધિક તે એવું બીજું શું છે કે બહાર ગયો ? એમ ત્યાં એને સવાલ પૂછે છે. બાર અંગ એ કોઈ પરમાત્મપદથી અધિક છે ? કે નહિ. પરમાત્મપદમાં જે સર્વજ્ઞપણું પડ્યું છે, એના નિમિત્તે જે દિવ્યધ્વનિ

નીકળે, એ સર્વજ્ઞના જ્ઞાનની એક પર્યાયથી અનંતમે ભાગે છે. ફરીથી લઈએ. કે સર્વજ્ઞ શક્તિ પાસે, સર્વજ્ઞની એક સમયની પર્યાય અનંતમાં ભાગે. એ સર્વજ્ઞ પર્યાય એના જ્ઞાનની પાસે દિવ્યધ્વનિનું જ્ઞાન અનંતમાં ભાગે. અને એ દિવ્યધ્વનિથી બાર અંગ અનંતમાં ભાગે. ઠીક ! હવે કહો સર્વજ્ઞપદને છોડીને બહાર ગયો, શું અધિક હતું ? કે એ વિવેક નથી. એ વિવેક નથી.

મુમુક્ષુ :– આજે બારઅંગનું જ્ઞાન થાય તે ...

પૂજ્ય ભાઈશ્રી :– જો શુદ્ધાત્મામાં લીન રહેવાતું હોય, એ તો અહીંયાં ચોખ્ખી વાત કરે છે, ૨૨૧માં તો એ વાત છે. કે અંતર્મુહૂર્ત અંદર રહીને પછી બહાર શાસ્ત્ર વાંચવા છે એમ નથી. અંતર્મુહૂર્ત રહીને પછી બહારમાં ઉપદેશ આપવો છે એમ નથી. **'શાશ્વત અંદર રહી જવું તે જ નિજ સ્વભાવ છે,...'** પરિણામનો સ્વભાવ તો આત્માની સાથે રહેવાનો છે. અને એ એકમાત્ર કર્તવ્ય છે અને બીજું કોઈ કર્તવ્ય નથી. એ તો સાથોસાથ આવી જાય છે. એકમાત્ર શુદ્ધોપયોગ છે એમ કહીને જેની પાછળ અભિપ્રાય શું છે એ વાત ચોખ્ખી કરેલી છે. બન્ને વાતને એટલો સંબંધ છે. એક પછી બીજી વાત અદ્ધરથી આવે છે એમ નથી. એ તો એ Lineનો અભ્યાસ હોય એને સમજણ પડે એવું છે કે, આ કેમ બીજી વાત આવી અને કેવી રીતે આવી ? શું કરવા આવી છે ? શું એનું સ્થાન છે ? એવી બધી વાતો છે આ.

કોઈ જાણશે કે દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ નથી. તેનું સમાધાન આમ છે, કે હવે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે હવે. એને તો એક વિકલ્પમાં મૂકી દીધું. દ્વાદશાંગના જ્ઞાનને એક વિકલ્પની કોટીમાં મૂકી દીધો. એ તો એક વિકલ્પ છે. વિકલ્પનું જેટલું મૂલ્ય, એટલું દ્વાદશાંગજ્ઞાનનું મૂલ્ય છે. શુદ્ધોપયોગ પાસે એનું કાંઈ મૂલ્ય નથી. દ્વાદશાંગજ્ઞાન કોઈ અપૂર્વ લબ્ધિ નથી એનું કારણ અને એનું સમાધાન આમ છે કે દ્વાદશાંગજ્ઞાન પણ વિકલ્પ છે. તેમાં પણ એમ કહ્યું છે, એ વિકલ્પ પણ એમ કહે છે, એ વિકલ્પ પણ એમ અનુમોદે છે, કે શુદ્ધાત્માની અનુભૂતિ મોક્ષમાર્ગ છે. વિકલ્પ મોક્ષમાર્ગ નથી. શુદ્ધાત્માનુભૂતિ નિર્વિકલ્પ શુદ્ધાત્માનુભૂતિ એ જ મોક્ષમાર્ગ છે. તેથી અહીંથી સરવાળો મારી દીધો હવે. આના ઉપરથી વાત શું સાબિત કરી ? સિદ્ધ શું કર્યું ? કે તેથી શુદ્ધાત્માનુભૂતિ થતાં, તે શુદ્ધાત્માનુભૂતિ થનારને, શાસ્ત્ર ભણવાની કાંઈ અટક એટલે કે બંધન નથી.

શુદ્ધાત્માનુભૂતિ થઈ ગઈ છે એને કોઈ પૂછે કે તમે રોજ કેટલા કલાક શાસ્ત્ર અધ્યયન કરો છો ? તો કે એ બંધન એને લાગુ નહિ પડે. શું ? એ બંધન એને લાગુ પડતું નથી. કેમકે એ શું કરે છે ? કે શાસ્ત્ર નથી વાંચતો ત્યારે પણ શુદ્ધાત્મામાં લીન થવાના પ્રયત્નમાં પડ્યો છે એ. જે શાસ્ત્ર વાંચીને તારે શુદ્ધાત્મામાં લીન થવાનું, શુદ્ધાત્મામાં જવાનો પ્રયત્ન કરવાનો છે. એ વગર વાંચે પ્રયત્ન કરે છે. તો એ તો આગળનું કાર્ય તો પહેલા કરે છે. એટલે એના માટે એને એની પહેલાના કાર્યનું બંધન લાગુ પડતું નથી.

મુમુક્ષુ :– 'સોગાનીજી' કહે છે ને કે શાસ્ત્ર ભણવાની આદત નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમને આદત નહોતી. આદત નહોતી તો એમને બંધન પણ નહોતું. એક ભવતારી છે. એક ભવમાં જાશે. certified by 'ગુરુદેવ' છે પાછા. 'શ્રીમદ્જી'એ તો પોતાનું સર્ટિફિકેટ પોતે પ્રસિદ્ધ કરી નાખ્યું. નિર્મળ સમ્યક્જ્ઞાનથી. આ તો 'ગુરુદેવે' સર્ટિફિકેટ આપી દીધું.

બીજાને અપેક્ષા થઈ જાય કે આપણને સર્ટિફિકેટ મળે તો સારું. પણ 'સોગાનીજી'ની પરિસ્થિતિ સમજવા જેવી હતી. એકવાર ('પૂજ્ય સોગાનીજી'ને) વાત કરી, કે 'ગુરુદેવશ્રી'ને જાણ થાય, બહુ પ્રમોદ થશે. અમારા વિષયમાં 'ગુરુદેવશ્રી'ને જાણ થાય કે આવો આત્મા કોઈ પાક્યો, મારા આટલા શિષ્યમાંથી એક આવો પણ પાક્યો, તો 'ગુરુદેવ'ને પ્રમોદ થશે. તો એ રીતે થોડી વાત મૂકીએ. અમારી વચ્ચેની ચર્ચા હતી. શું જવાબ આપ્યો ? જુઓ ! આ સર્ટિફિકેટની લાલચ થાય એની સામે આ જવાબ છે.

અગર 'ગુરુદેવ'ને જાણ લિયા તો આત્મા કો ક્યા ફાયદા હોગા ? શું કીધું ? પ્રશ્ન કર્યો. કે 'ગુરુદેવે' જાણ્યું માનો, કે બહુ સારું, બહુ સારી સ્થિતિ છે, ઘણી આત્મસ્થિતિ બહુ સારી છે, એકભવમાં જશે. તો કહે એમાં મારા આત્માને શું ફાયદો થવાનો ? મારા આત્મા માટે એ વાત નિષ્પ્રયોજન છે. આમ કહેવું છે એમનું. ઠીક ! મારા આત્મા માટે તો મારા આત્માનું અવલંબન એ જ પ્રયોજનભૂત છે. બીજી વાત મારા આત્મા માટે પ્રયોજનભૂત નથી. આ એને સર્ટિફિકેટ મળે છે. સર્ટિફિકેટની અપેક્ષાવાળાને સર્ટિફિકેટ મળતું નથી. એની એ સ્થિતિ હતી. આ તો બધો પ્રત્યક્ષ પરિચયનો વિષય છે. એ બહુ મુદ્દાનો વિષય લીધો છે, કે જાણે–અજાણે જીવનું વજન

અન્ય સ્થાનમાં, અન્ય કાર્યમાં રહી જાય, એને ચોંટ મારે એવી વાત છે. ચોંટ મારે એવી વાત છે એટલા માટે કહેવા યોગ્ય છે, કે ઉપર ઉપરથી વાંચીને અર્થઘટન સમજાય જાય એટલે બરાબર છે, આપણે સંમત કરીએ છીએ એમ લેવા જેવું નથી.

'સોગાનીજી'ના કથનમાં એ વાત એમણે અનેક જગ્યાએ ઉપસાવી છે, કે આ બધો વિષય કોઈ એવો અપૂર્વ અને અસાધારણ છે, કે જીવને એ વાત સાંભળતા એને એની ચોંટ લાગવી જોઈએ. જો એ વાતની અંદરમાં ચોંટ ખાય નહિ, તો જે રીતે એ વાતને અનુસરવાને એના પછીના પરિણામ ચાલવા જોઈએ એ અનુસરીને ચાલે નહિ. ખંખેરીને ઊભો થઈ જાય. ઠીક છે ! બરાબર છે. શુદ્ધોપયોગ જ ઉપાદેય છે સાચી વાત છે એમાં ક્યાં ના પાડીએ છીએ ? એમ અદ્ધરથી, ઉપર ઉપરથી લેવાનો વિષય નથી. ચોંટ ખાય તો પ્રયત્ન ચાલુ થાય. સામાન્ય, સાધારણ કરીને સમજી લે પ્રયત્ન ન ચાલે. ખોટા સંતોષમાં આવે, કે ના ના સમજાઈ ગયું આપણને ખ્યાલ આવી ગયો. એ રીતે એ વાત લેવાની નથી. ૨૨૧ બોલ થયો.

**મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે. તેમની દશા નિરાળી, પરના પ્રતિબંધ વિનાની, કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ, માત્ર નિજગુણોમાં જ રમણશીલ, નિરાલંબી હોય છે. મુનિરાજ મોક્ષપંથે પ્રયાણ ચાલુ કર્યાં તે પૂરાં કરે છે. ૨૨૨.**

૨૨૨. **'મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.'** મુનિદશાનું વર્ણન છે. ધન્ય મુનિદશા ! નીચેના સર્વ સાધકોને ચોથા ગુણસ્થાનવર્તી હોય કે પાંચમાં ગુણસ્થાનવર્તી હોય સર્વ સાધકોને મુનિદશાની ભાવના વિશેષે કરીને રહે છે. કેમકે આ દશા એક એવા તબક્કે ઉત્પન્ન થાય છે કે જે નીચેના ગુણસ્થાનથી બહુ સારી રીતે જુદું અંતર પડી જાય એવી છે.

જેમ કોઈ બે વિદ્યાર્થી નિશાળની અંદર હોંશિયાર હોય, સ્કોલર હોય. એક પહેલા નંબરે પાસ થાય, એક બીજા નંબરે પાસ થાય. પણ પહેલા નંબરના નેવું ટકાથી વધારે માર્ક આવે અને બીજા નંબરના સિત્તેર ટકા માર્ક આવે. સિત્તેર ટકા એ

distinction માર્ક છે. પેલા પણ distinction માર્ક કહેવાય. કેટલો ફેર છે ? સોમાં વીસ ટકાનો ફેર છે. સોએ વીસ ટકાનો પહેલા બીજા વચ્ચે અંતર છે. કાનસરીનું અંતર નથી કે બે પાંચ માર્ક માટે એને બીજો નંબર આવ્યો છે, તો બરાબરીમાં કહેવાય. એમ નથી. જેમ ઘણું અંતર છે એમ પાંચમું ગુણસ્થાન, છઠ્ઠું ગુણસ્થાન નજીક છે, તોપણ મુનિદશા એ મુનિદશા અને પાંચમું ગુણસ્થાન એ પાંચમું ગુણસ્થાન. એમ છે. ક્ષુલ્લક ઇલ્લકમાં થોડીક વિશેષતા થઈ જાય છે, પણ છતાંય તે ક્ષણે ક્ષણે શુદ્ધોપયોગમાં આવવું, એવી જે મુનિદશા એને અહીંયાં એમ કહે છે કે ઉપયોગની આત્મામાં વારંવાર, ક્ષણે ક્ષણે પ્રતિષ્ઠા કરે છે. વારંવાર આવે છે એવો શબ્દ નથી વાપર્યો. મહિમા આપી છે. મુનિદશાના ઉપયોગની અહીંયાં મહિમાથી વાત કરી છે. ઉપયોગની પ્રતિષ્ઠા કરે છે. સારી રીતે બહુમાનથી સ્થાપવું, એને પ્રતિષ્ઠા કહેવામાં આવે છે. પણ એ શબ્દાર્થ છે. પ્રતિષ્ઠાનો ભાવ અહીંયાં જરા ઉત્કૃષ્ટ લીધો છે. શુદ્ધાત્મામાં ઉપયોગની પ્રતિષ્ઠા જમાવે છે. પ્રતિષ્ઠા કરે છે એટલે અહીંયાં ઉપયોગને જમાવે છે. કેવી રીતે જમાવે છે ? વારંવાર જમાવવામાં શું જમાવે છે ? કે એવું જમાવવું છે કે પછી બહાર આવવું નથી. એનો પ્રયોગ ચાલે છે.

એમ નથી કે ચાલો ઉપયોગ વારંવાર તો જાય છે, ઉપયોગ વારંવાર તો જાય છે, આનું નામ મુનિદશા. એમ નથી. વારંવાર જાય છે એમ નહિ, વારંવાર જઈને બહાર ન નીકળે એ વાત છે. એનો પ્રયોગ ચાલે છે. એનો પ્રયત્ન ચાલે છે, એનો પુરુષાર્થ ચાલે છે. વારંવારનો પુરુષાર્થ ચાલતો નથી પણ અંદર(માંથી) બહાર નહિ નીકળવાનો પુરુષાર્થ ચાલે છે, તેથી વારંવાર જવાનું થાય છે એમ કહે છે. ફરીને. બહાર નથી નીકળવું એવા પુરુષાર્થને કારણે વારંવાર જવાનું થાય છે. વારંવાર જવા માટે વારંવાર જવાનું થતું નથી. એનું નામ મુનિદશા છે.

મુમુક્ષુ :– વારંવાર જવાને માટે ...

પૂજ્ય ભાઈશ્રી :– તો એ તો પ્રશ્ન જ નથી. એ તો જાય જ નહિ. પણ આ તો નીચેથી કોઈને એમ દેખાય, કે ચોથા ગુણસ્થાનવાળાને ક્યારેક શુદ્ધોપયોગ થાય. પાંચમાંવાળાને વળી અંતરાળ ઓછો થઈ જાય, બે શુદ્ધોપયોગ વચ્ચેનો અંતરાળકાળ ઘટી જાય. પણ મુનિદશામાં તો વારંવાર થાય. એનું અહીંયાં બીજું પડખું પ્રસિદ્ધ કરે છે. આમાં એ વાત કરવી છે. જે છેલ્લી લીટી લીધીને કે, **'મુનિરાજ મોક્ષપંથે**

**પ્રયાણ ચાલુ કર્યાં તે પૂરાં કરે છે.'** આ પૂરા કરવાની વાત છે. જે મોક્ષપંથે પ્રયાણ આદર્યા છે, એ અહીંયાં પૂરા કરવા માટે વારંવાર જાય છે. વારંવાર જવા માટે વારંવાર છે નહિ. એ એનું બીજું પડખું છે આખું. એવી મુનિદશાની ભાવના છે. માત્ર વારંવારની ભાવનાની વાત નથી, પણ પૂરું કરવા માટેની એ વાત છે અને એને કારણે વારંવાર જવાનું થાય છે એનું નામ મુનિદશા છે. અત્યારે તો એ ગંધ ક્યાંય દેખાતી નથી. એ મુનિદશાની ક્યાંય ગંધ નથી. દિગંબરમાં નથી શ્વેતાંબરમાં તો હોય ક્યાંથી ? કપડાં છોડીને જે એક વખત ઊભા ઊભા આહાર, એક વખત આહાર-પાણીથી બીજી વખત ન લે. ભલે... પણ છતાંય કેટલીક પરિસ્થિતિ તો એવી જ છે. પણ આમ જે શરીરના રક્ષણ માટે કપડા વગેરે એ તો આખી જુદી વસ્તુ થઈ ગઈ છે. પણ આ દશા કોઈ અભૂતપૂર્વ અને અલૌકિક છે.

**'મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.'** અને એ ઉપયોગની એવી રમઝટ ચાલે છે, વારંવાર ક્ષણે ક્ષણે, કે દેહનું વિસ્મરણ થવું, એ સહજ અને સાધારણ વાત છે. કપડાનું તો સ્મરણ કરવાનો પ્રશ્ન જ રહેતો નથી. દેહનું વિસ્મરણ કરવું, બધું વિસ્મરણ થઈ જવું એ સાધારણ વાત છે.

મુમુક્ષુ :– આહારમાં...

પૂજ્ય ભાઈશ્રી :– આહારમાં એટલે ? ઋષભદેવ ભગવાનને છ મહિને વિકલ્પ આવ્યો, એ વિકલ્પમાં આવ્યા અને આહારનો યોગ ન થયો, છૂટી ગયો તો બીજા છ મહિને આવ્યો. બીજે દિવસે નથી આવ્યો પાછો કે બાર વાગે એટલે વિકલ્પ આવ્યો. બીજા છ મહિને આવ્યો તો એ છ મહિના થયું શું ? એ વિચારવા જેવો વિષય છે. કે એવા સ્વરૂપના પૂરા મોક્ષનો પંથ પૂરો કાપવાના એવા જોરદાર પુરુષાર્થની પાછળ પડી ગયા, કે છ મહિના સુધી પાછો આહારનો વિકલ્પ નથી આવ્યો. મુનિને એવા છ છ મહિના નીકળી જાય. દેહને તો ભૂલી જાય, આહારને પણ ભૂલી જાય છે.

હવે ભૂખ તો... એક સાધારણ પ્રસંગ બને, આ કોઈ મરણ થાય બીજું ત્રીજું થાય છે ને ? ઘણા નથી કહેતા, કે ભાઈ આજે ભૂખ જ નથી લાગી, ભૂખ જ મરી ગઈ છે, હવે આજ કાંઈ ખાવાપીવાનું મન થાય એવું નથી. એક બાહ્ય પ્રસંગનો વૈરાગ્ય હોય તોપણ માણસ ભૂલી જાય, તો આ તો વીતરાગ સ્વભાવનો, અનંત વીતરાગ સ્વભાવનો પિંડ, અનંત શાંતિનો પિંડ અને અનંત શાંતિની, આનંદની તૃપ્તિ

અંદરથી લેતો હોય અને એનો આહર કરતો હોય, એને પુદ્ગલ આહારનું વિસ્મરણ થાય તો એમાં શું મોટી વાત છે ? એમાં કોઈ મોટી વાત નથી. એ તો જે લોકો નથી સમજતા એને સમજાવવા માટે એવી બધી વાતો કરી છે. પણ એ વાત કાંઈ એમને માટે મોટી નથી.

**'મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.'** એટલે કે વારંવાર એ આત્માના ઉપયોગની આત્મામાં જમાવટ કરે છે. બહાર આવે તોપણ પરિણતિની જમાવટ કાંઈક આગળ વધેલી હોય છે. ભલે હજી ગુણસ્થાન બદલ્યું ન હોય તોપણ એ ત્યાં ને ત્યાં રહેતા નથી. આગળ એક બોલ આવે છે, કે તે ને તે ગુણસ્થાનમાં હોવા છતાં ત્યાંને ત્યાં રહેતા નથી. પરિણતિ તગડી થતી જાય છે, મજબૂત થતી જાય છે અને એ જ પરિણતિ ઉપયોગને ખેંચે છે. પરિણતિ છે એ ઉપયોગને ખેંચે છે. નીચેના ગુણસ્થાનમાં-ચોથા ગુણસ્થાનમાં, પાંચમાં ગુણસ્થાનમાં એવું છે.

પૂજ્ય 'બહેનશ્રી' સમક્ષ એક વખત ચર્ચા ચાલી હતી, કોઈ સમ્યક્દૃષ્ટિને શુદ્ધોપયોગ આવવામાં ઘણો અંતરાળ હોય, કોઈને ઓછો અંતરાળ હોય. ગુણસ્થાન બન્નેનું એકસરખું હોય, ચોથું તો ચોથું, પાંચમું હોય તો પાંચમું, તો જલદી-જલદી શુદ્ધોપયોગ થવાનું કારણ શું છે ? એવો એક પ્રશ્ન ચાલ્યો હતો. તો કે જેની પરિણતિ ઉગ્ર છે, એ પરિણતિ ઉપયોગને ખેંચીને અંદર લઈ આવે છે. જાણે કે પરિણતિ ઉપયોગને ખેંચીને અંદરમાં લાવે છે. શુદ્ધોપયોગને અંદરમાં આવવાનો એવો પ્રકાર છે. એટલે કે પરિણતિની મજબૂતાઈ, પરિણતિની જમાવટ, અંતર પરિણતિની જમાવટ એ વારંવાર શુદ્ધોપયોગને, ઓછા અંતરાળમાં શુદ્ધોપયોગને ઉત્પન્ન થવાનું કારણ થાય છે. સંપ્રદાયમાં તો અધ્યાત્મની આ ચર્ચા પણ નથી. વિષય, બીજું પરિણમન તો લાવવું ક્યાંથી કોઈને ? અધ્યાત્મની આ ચર્ચાઓ અહીંયાં 'સોનગઢ'માં ચાલે છે, એ ચર્ચા બીજે ક્યાંય નથી. સંપ્રદાયમાં શું એ 'સોનગઢ' છોડીને આપણા ને આપણા સમાજમાં બીજે ક્યાંય ગોતવા જાવ તો મળે એમ નથી. એટલો ફરક છે એ ફરક છે.

મુમુક્ષુ :- વાત કરે પણ લૂખી લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- હં. એ લૂખી વાત અને ભીંજાયેલી વાતમાં બહુ મોટો ફરે છે. એમાં પણ જેને પરિણમન હોય, ધર્માત્મા સાક્ષાત્ હોય, એ વિષય તો આખો અમૃત છે. અહીંયાં મુનિદશાની વિશેષ વાત કરવી છે. વિશેષ લેશે.

## તા. ૨૦-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૨૨,૨૨૩
## પ્રવચન નં. ૧૭૯

પંચપરમેષ્ઠીના સ્થાનમાં મુનિ ભગવંતોની દશા કેવી હોય છે ? એની ભક્તિસહિતનો બોલ છે. બહુમાનથી ભક્તિ કરી છે. ફરીથી પહેલેથી.. **'મુનિઓ વારંવાર આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.'** વારંવાર ઉપયોગ આત્મામાં જાય છે, મુનિરાજનો ઉપયોગ વારંવાર આત્મામાં જાય છે, એમ કહેવાને બદલે ઉપયોગની આત્મામાં પ્રતિષ્ઠા કરે છે. સારી રીતે જમાવટ કરે છે. માત્ર એમનું ધ્યેય ક્ષણિક લીનતાનું નથી. ઉપર કહ્યું ને, અંતર્મુહૂર્ત નહિ, પણ શાશ્વત અંદર રહી જવું, એવું જે નિજ સ્વરૂપ છે, નિજ સ્વભાવ છે, એ સ્વભાવના લક્ષે એવું જ પરિણમન થયા કરે, રહ્યા કરે. એ પ્રકારનો અને એ કોટીનો અહીંયાં પ્રયત્ન છે. એવો પુરુષાર્થ એ પ્રકારે છે.

મુનિઓ વારંવાર ક્ષણે અને પળે, **'આત્માના ઉપયોગની આત્મામાં જ પ્રતિષ્ઠા કરે છે.'** જેમ ભગવાનની પ્રતિષ્ઠા કરતાં, પછી એ પ્રતિષ્ઠિત ભગવાન એમ ને એમ રહી જાય છે, એમ કહે છે કે પૂર્ણ થવું છે એ પૂર્ણતાનો પુરુષાર્થ જેમણે માંડ્યો છે, છે એ વખતે મુનિદશાનો પુરુષાર્થ પણ મુનિદશામાં રહેવા માટે નહિ, પૂર્ણ થવા માટેનો પુરુષાર્થ છે. એટલે એમાં ઉપયોગની પ્રતિષ્ઠા કરે છે, એમની દશા નિરાળી છે. જગતના કોઈ પ્રાણીની એવી દશા જોવામાં આવતી નથી.

એવી મુનિરાજની દશા છે એ સંસારના તમામ જીવોથી નિરાળી દશા છે. એનો કોઈ વર્ગ જુદો છે, એનો ક્લાસ જુદો છે. એ નિરાળી દશા છે, તદ્દ્ન નિરાળી દશા છે. **'પરના પ્રતિબંધ વિનાની,...'** નિરાળી છે એટલે કોઈપણ જાતના પ્રતિબંધ વિનાની એ દશા છે. જેને કોઈ પ્રતિબંધ નથી હોતો, અટકવાનું કોઈ જેને કારણ નથી. બાકી

તો બધા જીવ ક્યાંયને ક્યાંય અટકેલા છે. જેને જેવો ઉદય એ ઉદયભાવની અંદર જીવ અટકેલો છે. અથવા તો છેવટે હવા વિના ન ચાલે, પાણી વિના ન ચાલે, ખોરાક વિના ન ચાલે, બીજી અનુકૂળતાઓ વિના મને ન ચાલે. એ બધો જ જીવને પ્રતિબંધ છે. એ જીવને બંધન છે. આના વગર ન ચાલે એ જીવને બંધન છે. વસ્તુનું સ્વરૂપ એવું નથી, એ તો શાશ્વત... નિગોદમાં કોઈ સગવડ નથી. અરે..! એક જુદાં શરીરની સગવડ નથી. અહીંનું બધું જુદું જુદું છે. અહીં બધું મારું આ જુદું, મારું આ જુદું, મારા માટે આ જુદું, મારા માટે આ જુદું, બેસવાનું સ્થાન જુદું, સૂવાનું સ્થાન જુદું, જમવાનું સ્થાન જુદું. બધું જુદું જુદું, ત્યાં તો જુદું શરીર નથી મળતું.

મુમુક્ષુ :– એક શરીરમાં અનંત..

પૂજ્ય ભાઈશ્રી :– એક શરીરમાં અનંત. એને સાધારણ શરીર એને કહેવામાં આવે છે. અસાધારણ નથી. સાધારણ શરીર એક શરીરમાં અનંત જીવ. એકને પીડા થાય, શરીરની અશાતા બીજાને થાય, ત્રીજાને, અનંતને થાય. દરેકને ઉદય તો પોતાનો છે, પણ એવું જ કર્મ બંધન કરીને આવ્યો છે, એ પ્રતિબંધ લઈને આવ્યો છે. આના વિના ન ચાલે... આના વિના ન ચાલે... આના વિના ન ચાલે... એમ લઈને આવ્યો છે. મોક્ષમાર્ગમાં પહેલો અભિપ્રાય બાંધ્યો છે, સમ્યક્દર્શન થવાના કાળે કે કોઈના વિના મારે ન ચાલે એવું મારું સ્વરૂપ નથી. પછી અશક્તિને કારણે રાગદ્વેષ થાય એ બીજા વાત છે પણ અભિપ્રાયમાં એ વાત પાયામાં સ્પષ્ટ છે કે 'બિના કિસી કે અભી હી પૂર્ણ હૂં.' કોઈના વિના જ હું અત્યારે પૂર્ણ છું, પરિપૂર્ણ છું અને કોઈની જરૂર મને નથી. એટલે કોઈનો મને પ્રતિબંધ નથી. એ દશા એ અભિપ્રાય અનુસાર દશાને કેળવી છે. એ અભિપ્રાય અનુસાર દશાને કેળવતા... કેળવતા... કેળવતા... મુનિદશામાં પ્રવેશ કરે છે. ત્યારે નીચેના તમામ પ્રકારના જીવોથી એમની દશા કોઈ જુદાં તબક્કામાં પ્રવેશે છે અને એ જુદાં તબક્કામાં પ્રવેશતા એ પુરુષાર્થ પાછો ત્યાંથી નવો ઉછાળો ખાય છે, હવે પૂર્ણ થાવું છે. હવે અધૂરું રહેવાની વાત નથી.

જેમ કોઈ માણસ ઘણી ગરીબાઈમાંથી લાખોપતિ થાય, તો કહે હવે કરોડોપતિ અને અબજોપતિ થઈ જવું છે. એમ જેમ બહારમાં મહત્વકાંક્ષા વધારે છે ને ? કેમકે સ્વભાવે પૂર્ણ છે એટલે બહારમાં કાંઈ અધૂરું પોસાતું નથી. બહારની સંપત્તિમાં પણ પોતાપણું માન્યું છે પોતાનું સ્વરૂપ માન્યું છે એટલે ત્યાં પણ અધૂરું પોસાતું નથી.

અહીંયાં મુનિદશામાં આવે છે, તો હવે મુનિદશા આવી ગઈ એટલે બસ હોં ! એ વાત નથી.

ભગવાન 'કુંદકુંદાચાર્યે' 'સમયસાર'માં છઠ્ઠી ગાથામાં એ વાત લખી છે, કે પ્રમત્ત–અપ્રમત્ત હું નથી. એ દશામાં અટકવાનો પ્રતિબંધ મને નથી. હું પ્રમત્ત–અપ્રમત્ત દશામાં ઝૂલ્યા કરું એ વાત નથી. પૂર્ણ થાવું એ વાત છે પણ પંચમકાળ છે ને કે, પંચમકાળ ભુલાઈ ગયો છે. અમારા પુરુષાર્થ અને ભાવનાના બળથી પંચમકાળ ભૂલી ગયા છીએ અમે. એમ કહે છે. ખ્યાલમાં છે તોપણ એમ વાત છે. ખ્યાલ બહાર જાય છે એમ નથી, પણ ખરેખર ભાવનાનું બળ એવું છે. પુરુષાર્થનું બળ એવું છે.

**'તેમની દશા નિરાળી, પરના પ્રતિબંધ વિનાની,...'** કોઈપણ જાતનો પ્રતિબંધ નહિ. સંપ્રદાયમાં તો એટલી પણ વાત નથી (કારણ) કે અત્યારે તો એવી દશા નથી એને મુનિ તરીકે સ્વીકારીને માનવામાં આવે છે. પછી એ વાત ક્યાંથી રહે ? આ તો અંદરમાંથી કાઢેલી વાત છે. પોતાને તો જાતિસ્મરણ વર્તે છે. એટલે મુનિઓ કેવા હોય એ ખબર છે, એ યાદદાસ્તમાં પણ ખબર છે. જોયેલા છે ને. મુનિદશા નજરોનજર તરવરે છે. નહિતર પણ કોઈપણ સાધક, પોતાને અંતર રમણતામાંથી એ વાત મુનિદશાની સમજી શકે છે, જાણી શકે છે, એનું જ્ઞાન થઈ શકે છે.

જે સમ્યક્જ્ઞાનની દશામાં કેવળજ્ઞાનનું જ્ઞાન, કેવળીનું જ્ઞાન થઈ શકે, એ સમ્યક્જ્ઞાનને મુનિદશાનું જ્ઞાન ન થઈ શકે એ વાત કાંઈ રહેતી નથી. બરાબર જેવા મુનિ હોય, જેવી મુનિદશાની પરિણતિ હોય, જેવી એમની યોગ્યતા હોય, બરાબર એવું જ ચિત્ર એમના જ્ઞાનમાં આવે છે. જાણે સામે મુનિરાજ ઊભા હોય અને એની વાત કરતા હોય, એવી રીતે બરાબર કહી શકે. જ્ઞાનમાં તો સામે જ છે. આમ પ્રત્યક્ષ નથી, દ્રવ્યે પ્રત્યક્ષ નથી, પણ ભાવે તો પ્રત્યક્ષ જ હોય છે.

**'તેમની દશા નિરાળી, પરના પ્રતિબંધ વિનાની,...'** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રતિબંધ વણ વિચરવું ઉદયાધીન પણ વિત લોભ જો. પોતાની ભાવનામાં એમને એ દશા ગાઈ છે. આવી મારે અપૂર્વ અવસરરૂપી દશા ક્યારે આવે ? કે જેમાં મને કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનું પ્રતિબંધ ન હોય. એકેય પ્રકારનું નહિ. ક્યાં સુધી ? કે અહીંયાં બીજા મુનિઓ વસે છે એટલે સત્સંગ રહે છે, એ પણ પ્રતિબંધ નથી. અહીંયાં એવા શ્રાવકો રહે છે કે જે ઘણી મુનિ ભક્તિ કરે છે, કોઈ જ્ઞાની શ્રાવકો હોય, સમ્યક્દૃષ્ટિઓ

પંચમ ગુણસ્થાનવર્તી શ્રાવકો હોય. મુનિરાજને ઓળખતા હોય અને પૂરી અર્પણતાથી ઓળખીને ભક્તિ કરતા હોય. કેટલી ? પૂરી અર્પણતાથી. પણ એની પૂરી અર્પણતા છે. અહીંયાં ક્યાં જોઈએ છે ? અહીંયાં અપેક્ષા નથી. મોટી વાત એ છે. એને પ્રતિબંધ નથી.

કોઈ તર્ક કરે કે પણ એ (લોકો પામે એ) માટે તો રોકાય કે ન રોકાય ? એવા ભાવનાવાળા હોય, એવા ધર્મી હોય, ધર્મના લોભી હોય, ધર્મી હોય એટલે ? ધર્મના લોભી હોય, અને જંગલમાં પાછળ-પાછળ ફરતા હોય. ગોતવા નીકળતા હોય એવા લોભી હોય. પછી એમના ઉપર તો કાંઈક કરુણા કરે કે ન કરે ? એ એમની મસ્તીમાં પડ્યા છે. એ પૂર્ણતા લેવા માટે નીકળી પડેલા છે. પૂર્ણ થવા માટે નીકળી પડેલા છે. એટલે જાણે કે કોઈની સામે જોતા નથી.

મુમુક્ષુ :– શાસ્ત્ર રચ્યા એ કરુણા છે ને એટલે ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો કરુણા કરે જ છે ને. વિકલ્પ આવે તો શાસ્ત્ર રચે, વિકલ્પ આવે તો ઉપદેશ પણ થાય, પણ એ સહજ વિકલ્પ આવે તો. એના માટે કરું છું, એ વાત તો સમ્યક્દર્શન વખતે ભૂલી ગયા છે. એ તો બધા જ્ઞાનીને નથી. મુનિરાજને તો પ્રશ્ન નથી. પણ એના માટે હું કહું છું, એ ભૂલી જાય છે. એ જ ભૂલી જાય. કહેવાય વ્યવહારે એમ બોલાય કે આ નિમિત્તે કોઈનું કલ્યાણ થવું હોય તો થાવ.

શાસ્ત્ર પૂરું કરે તો એવી ભાવના ભાવે કે આ શાસ્ત્રનું અધ્યયન કરીને મુમુક્ષુજનો સત્ સ્વરૂપને પામો, પૂર્ણતાને પામો એ બધો વિકલ્પ આવે, એવો વ્યવહાર આવે લાગે કે એના માટે કરે છે. બોલે ત્યારે એવું વચન પણ આવી જાય. પણ અભિપ્રાયમાં તો એને પોતાની ભાવનાનો જ વિષય છે. પોતાના સ્વરૂપની ભાવના. વ્યાખ્યાન કરે તો પોતાના માટે. બધું પોતાના માટે છે. જીવન જ પોતાના માટે છે પછી ક્યાં પ્રશ્ન છે. એટલે કોઈપણ જાતનો બહારમાં એમને પ્રતિબંધ નથી. પરના પ્રતિબંધ વિનાની એ દશા છે. દશાની વાત ચાલે છે. બહારમાં પરના પ્રતિબંધ વિનાની છે અને અંદરમાં **'કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ...'** છે. પાછી અંદરમાં પ્રતિબંધ છે. ક્યાં ? કે જ્ઞાયકના ખીલે બંધાયેલું પરિણામ છે. કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ. કેવી કેવી વાતો આવી છે.

**'કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ...'** છે એટલે જ્ઞાયકમાં ઉપયોગ બંધાઈ ગયો છે, ખોડાઈ

ગયો છે અને ત્યાંથી છૂટવું ગમતું નથી. એવી મુનિદશા હોય છે. વિહાર કાળે ચાલવાનો વિકલ્પ ઊઠે, તો એક પગલું ભરતા ઇર્યા સમિતિથી ચાલે. ચાલવાની સમિતિને ઇર્યા સમિતિ કહે છે. એકેન્દ્રિય કોઈપણ નાનામાં નાના જંતુને દુઃખનું નિમિત્ત થાય, એવો પ્રકાર ન હો. એટલે એમ ને એમ અદ્ધરથી ભલે જેનું આયુષ્ય જેમ થાવું હોય એમ માને. એનું આયુષ્ય હશે એમ થશે. એને અશાતા માંડી હશે તો થશે. પોતાનો વિકલ્પ એમ છે.

બહારમાં વિકલ્પ આવે તો વ્યવહારના સ્થાનમાં એટલી કરુણા છે એટલી સર્વોત્કૃષ્ટ ઊંચામાં ઊંચી કોટીનો જેનો વ્યવહાર છે, અને ઊંચામાં ઊંચી કોટીનો જેનો નિશ્ચય છે, બેમાં અદ્વિતીય છે. જગતમાં કોઈ પ્રાણી બરાબરી કરી શકે એવું નથી. એ નિશ્ચય છે એમાં આ વાત છે કે કેવળ જ્ઞાયકમાં પ્રતિબદ્ધ, માત્ર પોતાના પરિપૂર્ણ પરમાત્મપદમાં જ ભાવથી બંધાયેલા છે, એમાં તન્મય છે, એમાં લીન છે એ અભેદ અપેક્ષાએ લીધું. ભેદથી કહે છે, કે **'માત્ર નિજગુણોમાં જ રમણશીલ,...'** પોતાના અનંત ગુણોમાં રમે છે. કાલે બોલ ચાલ્યો હતો ને. આત્માનુભૂતિમાં, કેટલામો નંબર છે એ.. પોતાને એ બોલ બહુ પ્રિય છે. મળી જાય તો... સ્વરૂપભાવના છે ને ? સ્વરૂપભાવનામાં નીકળશે. અનુભૂતિ મહિમા ૨૦૦, ૨૪૭, ૨૫૪, ૩૧૧, ૩૭૨, ૩૮૪, ૪૨૩, ૪૩૧. એટલા બોલ છે. ૪૨૩ છે. કાલે એ ચર્ચા થઈ એ બોલ છે ૪૨૩ નો છેલ્લો પેરગ્રાફ છે. પ્રશ્ન તો કોઈ એવો કર્યો છે, કે સર્વગુણાંશ સમકિત છે તો શું નિર્વિકલ્પ દશામાં બધા આત્મગુણોનું આંશિક પરિણમન વેદનમાં આવે ? એનો ઉત્તર ચાલે છે.

એ વેદન બધા ગુણોનું આંશિક વેદન થાય છે. ભલે બધા ગુણોના નામ નથી, સંજ્ઞા, ભાષામાં નથી. ભાષામાં આત્માના બધા ગુણોના, સર્વ ગુણોના નામ નથી તોપણ તેનું સંવેદન તો થાય છે. હવે છેલ્લા Paragraphમાં વાત કરે છે કે **'સ્વાનુભૂતિકાળે અનંતગુણસાગર આત્મા પોતાના આનંદાદિ ગુણોની ચમત્કારિક સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે.'** કાલે આ વાત ચાલી હતી. આનંદાદિ ગુણોની ચમત્કારિક પર્યાયો છે. કેવી પર્યાયો છે ? સિદ્ધદશા સાથે જેનું અનુસંધાન છે, અથવા શુદ્ધ સિદ્ધાત્મપદ સાથે જેનું અનુસંધાન છે. અહીંયાં વડાપ્રધાન રાજીવગાંધીની કે રાષ્ટ્રપતિની બાજુમાં ખુરશી નાખે તો હું પહોળો ને શેરી સાંકડી થઈ જાય. અરે ! એક કાગળનો જવાબ આવે તો એને એમ થાય કે મારી સાથે

પત્ર વ્યવહાર ચાલે છે. આ સિદ્ધપદ સાથે સીધું અનુસંધાન છે. વચ્ચે વિકલ્પનું અંતર નથી, વિકલ્પનો આંતરો નથી, રાગનો આંતરો નથી. વિકલ્પની દલાલી વચ્ચે નથી. દલાલ વગરનો સીધો સોદો છે. એ ચમત્કારિક ભાવ છે. અને એમ કહેવું છે કે બહુ સ્વભાવિક છે. એક એક શબ્દો કાંઈ એમ ને એમ આવ્યા નથી, કોઈ શબ્દ એમ ને એમ આવ્યા નથી.

મુમુક્ષુ :– બધા શબ્દ હેતુપૂર્વક...

પૂજ્ય ભાઈશ્રી :– હા હેતુપૂર્વક આવ્યા છે અને અદ્ધરથી આવ્યા નથી પણ અનુભવમાંથી આવ્યા છે. એ સ્વાભાવિક છે એટલે એ દશા સહજ છે એમ. અંદર કોઈ પરાણે કાર્ય કરવું પડ્યું છે એમ નથી. સહજ દશા એવી છે. ચમત્કારિક કે સ્વાભાવિક પર્યાયોમાં રમતો પ્રગટ થાય છે. મૂળ તો એના ઉપર.. કે આત્મા એની દશામાં રમે છે. એવો લીન થઈને પરિણમે છે, કે દશા અને દશાવાનને એકબીજા વચ્ચે ભેદ રહેતો નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી સમજણ છે એ તો. એ કોઈ ભાષાનો વિષય નથી. ખરેખર તો એ અનુભવનો વિષય છે. અનુભવી જાણે અને અનુભવી માણે બસ ! એવું છે. એવી એ નિર્વિકલ્પદશા અદ્‌ભુત છે, વચનાતીત છે, મનાતીત છે. વચનાતીત છે અને મનાતીત છે. મનથી એનો વિચાર કરવા જાય તો મન ટૂંકું પડે છે. મનની capacityની બહારનો વિષય છે અને કહેવાની જરૂર નથી કે દેહાતીત છે. વચનાતીત છે ને જો મનાતીત છે તો, મનથી અતીત છે એ દેહથી તો અતીત જ હોય. આ તો હજી નીચેના ગુણસ્થાનમાં આવા બધા ભાવો હોય છે. મુનિદશાની તો...

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એટલું બોલ્યા હતા કે બધું રમણીય છે. આત્મામાં બધું જ રમણીય છે. એનો સ્વભાવ જ રમણીય છે. એટલે એ રમ્ય છે. સાહિત્યની ભાષામાં રમ્યનો એક અર્થ સુંદર થાય છે. પણ સુંદર એટલે જ્યાં રમવું ગમે, જ્યાં ઠરવું ગમે, જ્યાં જમવું ગમે, જ્યાં રોકાઈ જવું ગમે, એવું રમ્ય સ્થળ તે આત્મા છે. એવો સ્વભાવ છે. એવો આત્માનો સ્વભાવ છે. એવો સ્વભાવ હોવાથી સ્વભાવ અનુસાર સહજપણે આત્મા રમે છે. એવો સ્વાનુભૂતિનો કાળ છે અને અનંતગુણનો સાગર એમાં

સ્વાનુભૂતિમાં ઊછળે છે. શ્રુતજ્ઞાનનો પણ દરિયો એમાં ડોલે છે. આનંદનો દરિયો પણ એમાં ડોલે છે.

એ **'માત્ર નિજગુણોમાં જ રમણશીલ,...'** અનંતગુણ નિજગુણ અનંતગુણનો સાગર. નિજગુણ એટલે અનંતગુણનો સાગર છે. એમાં મુનિરાજની પરિણતિ રમણશીલ છે. એમાં રમ્યા જ કરે છે. જગતનું ભાન નથી. દિનદશાનું કોઈ ભાન નથી. જગત જગતના પ્રવાહમાં ચાલ્યું જાય છે. પોતે જુદો પડી ગયો છે, જગતમાં રહ્યો છે તોપણ ભાવથી પોતે જુદો પડી ગયો છે. સિદ્ધાલયમાં જશે ત્યારે દ્રવ્યથી જુદો પડી જશે. એવું **'માત્ર નિજગુણોમાં જ રમણશીલ નિરાલંબી** પરિણમન **હોય છે.'** નિરાલંબી દશા હોય છે. કોઈનું આલંબન નથી.

મુનિ યોગ્ય જે વ્યવહાર રત્નત્રયના પરિણામ છે, એનું પણ અવલંબન નથી. અને એની પણ અપેક્ષા નથી. પંચમહાવ્રત પાળું તો જ મુનિદશા પ્રગટે, પંચમહાવ્રત પાળું તો એના આધારે મુનિદશા રહે અને ટકે એમ પ્રશ્ન નથી. એમ છે. પોતાના જ્ઞાયક સ્વભાવના આધારે મુનિદશા પ્રગટેલી છે. પંચમહાવ્રત તો બાજુમાં ઊગેલું ખડ છે. આ અનાજ છે અને આ ખડ છે. અનાજની મીઠાશ ખડને ન હોય ને ખડની મીઠાશ અનાજને ન હોય. બે વચ્ચે જુદી વાત છે.

**'માત્ર નિજગુણોમાં જ રમણશીલ,** અને **નિરાલંબી હોય છે.'** શુભાશુભનું આલંબન એને નથી, શુભાશુભનો આધાર નથી અને બહારના દૈહિક જીવનની કોઈ વ્યવસ્થા અગાઉથી એમના માટે થાય, એમનો એટલો કડક નિષેધ છે, કે એવું કોઈ પરાણે કરે તોપણ સ્વીકારે નહિ. એવું કોઈ ભક્ત થઈને પરાણે કરે તોપણ સ્વીકારે નહિ. સામાન્ય રીતે પરાણે કરે તો શું કરે એમ થાય. મુનિરાજને એ વાત નથી. એ સ્થાન છોડી જાય છે. એમ લાગે કે અહીંયાં મારા પરિણામને જરાપણ બાધા પહોંચે એવી કોઈ વાત છે, અનુકૂળતાની દૃષ્ટિએ હોં પ્રતિકૂળતાની દૃષ્ટિએ નહિ. એટલી બધી અનુકૂળતાઓ લોકો જોવા મંડ્યા છે, વિચારવા મંડ્યા છે, અને આ લપસણી જગ્યા છે, (તો) કીધા વગર ક્યારે નીકળી જાય એનો પત્તો લાગે નહિ. ક્યાં જાય એનો પત્તો લાગે નહિ. અત્યારે તો સડક ઉપર ચાલે છે.

મુમુક્ષુ :– આમ તો અનુકૂળતા અને પ્રતિકૂળતા...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમને તો અનુકૂળતા–પ્રતિકૂળતાની કલ્પના જ નથી તો.

એ કલ્પનાથી એ નિવૃત્ત થઈ ગયા છે. નિરાલંબીદશા કહીને અહીંયાં ? એટલે એનું આલંબન નથી. છતાં પણ કોઈ બીજા તરફથી અનુકૂળતાની વ્યવસ્થા એ એને ઉપસર્ગ છે. જ્ઞાનીને પણ ઉપસર્ગ છે. જ્ઞાનીના અભિપ્રાયમાં એ ઉપસર્ગ છે, અનુકૂળતા નથી.

બીજાની દૃષ્ટિમાં અને જ્ઞાનીની દૃષ્ટિમાં પૂર્વ પશ્રિમનું અંતર છે. બીજા એમ માને છે કે આ એમને બીજાઓ અનુકૂળતા આપે છે તો સારું લાગતું હશે. બીજાઓ અનુકૂળતા કરી દે છે એટલે એમને અંદરમાં મીઠું લાગતું હશે. એ જ્ઞાની હોય નહિ, એવું મીઠું લાગે તો જ્ઞાની હોય નહિ. એને એ પ્રતિકૂળતા છે. એ પ્રતિકૂળતા છે એટલે એક પ્રકારનો ઉપદ્રવ છે. અને પોતે પોતાના નિરાલંબી ભાવમાં રહેવા માગે છે. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ છોડવાના પુરુષાર્થમાં એ આવેલા છે. બંધાવાના પરિણમનમાં એ આવ્યા નથી. એ Line જુદી છે અને આ Line જુદી છે. વિરુદ્ધ Line છે આખી. ફેર છે, ઘણો ફેર છે. બાહ્ય દૃષ્ટિ અને અંતર દૃષ્ટિમાં મોટો ફેર છે. બાહ્ય દૃષ્ટિથી જીવો એમ જુએ છે. અનુકૂળતાઓ છે ને ? આ બધી અનુકૂળતાઓ જ થાય છે ને ? તો કહે, નહિ ! એ અનુકૂળતા નથી. ખરેખર તો એ બધી પ્રતિકૂળતાઓ છે. એ દૃષ્ટિ ઊલટી છે, ઊલટી દૃષ્ટિ છે.

મુમુક્ષુ :– આજે તો સડક ઉપર મુનિઓ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ કે મુનિરાજને એવું લાગે છે કે હવે આ ઉપદ્રવ વધી ગયો, અનુકૂળતાનો ઉપદ્રવ વધવા મંડ્યો છે, તો ગમે ત્યારે એ ક્ષેત્ર સ્થાન છોડી દે છે અને કોઈ અજાણ્યા સ્થાને ચાલ્યા જાય છે. અત્યારે મુનિઓ છે, દિગંબર મુનિઓ પણ શ્વેતાંબર મુનિઓનો તો ચર્ચા કરવાનો તો પ્રશ્ન નથી. એ પણ સડક ઉપર જાય છે. સડકમાં શું છે કે કાં તો આ બાજુ જાય અને કાં આ બાજુ જાય, કાં જમણી બાજુ ચાલે અને કાં ડાબી બાજુ ચાલે, ત્રીજો તો રસ્તો સડકમાં નથી. એક સડકના બે બાજુ રસ્તા જાય. તો આ તો ચાલીને જાય. એટલે એમની ગતિ ચાલવાની હોય અને શ્રાવકો પાસે તો વાહન હોય, મોટર હોય, ગાડીઓ હોય, એ તો આંબી જાય. ભાઈ વયા ગયા, મહારાજ ગયા. ક્યાં ગયા ગોતો બન્ને બાજુ મોકલો. વગર કીધે જાય. આમ તો મોટા ભાગે કહીને જાય છે. પણ કો'ક વગર કીધે જાતા હોય તો. સમજ્યા ? મોટાભાગે તો વિહાર બધો નક્કી જ કરી લે છે, કે અહીંથી અહીંયાં જાવું. એ તો પ્રશ્ન મુનિને હોઈ શકે નહિ. ઘણા બંધનમાં પડેલા છે. પણ

વગર પૂછે ચાલ્યા જાય છે એવા પણ કો'ક હોય છે. ન હોય એવું નથી. ખબર છે ખ્યાલ છે. નામ ઠામનો પ્રશ્ન નથી. તોપણ શું એ તો એને આંબી જાય. ત્યારે એ પહેલા પરિસ્થિતિ નહોતી. ગમે ત્યાં દશ દિશામાં ચારને ચાર આઠ દિશામાંથી ખૂણાના ચાર. કોઈપણ દિશામાં નીકળી જાય. એવી ગુફામાં, એવા પર્વતોમાં, એવી રીતે ચાલ્યા જાય. એવા ઘોર જંગલમાં કે બાજુમાંથી નીકળે તો ખબર ન પડે કે અહીંયાં બાજુમાં ઝાડ નીચે મુનિ હશે. એ તો કેડીએ કેડીએ ચાલે, આ તો ગમે ત્યાં ચાલ્યા જાય. એવી નિરાલંબી દશા હોય છે. આલંબનનો વિષય નથી. પછી આવી રીતે ચાલ્યો જઈશ તો કાલ મારા આહારનું શું થશે ? એવો વિકલ્પ નહિ આવતો હોય ? એ વિકલ્પ આવે તો મુનિદશા રહે નહિ. એ મુનિ હોય નહિ. સીધી વાત છે.

**'માત્ર નિજગુણોમાં જ રમણશીલ, અને નિરાલંબી હોય છે.'** એક અંતરમાં પોતાના જ્ઞાયક પરમાત્માનો એટલો જબરદસ્ત આલંબન અને આધાર મળી ગયો છે, કે જગતના કોઈ સંયોગની, અનુકૂળતાના આલંબનની આવશ્યકતા જેને રહી નથી. ખલાસ થઈ ગઈ. એ એની આવશ્યકતા નથી. કોઈ પરાણે કરવાનો વિષય નથી. એ ઉપયોગ ખલાસ થઈ ગયો છે. દેહનો ઉપયોગ ખલાસ થઈ ગયો છે તો બીજા સંયોગોની અનુકૂળતાનો ઉપયોગ રહેવાનો પ્રશ્ન ક્યાં રહે છે ?

'નિયમસાર' શાસ્ત્રના ટીકાકાર 'પદ્મપ્રભમલધારી' મુનિરાજ છે. એ એક–એક અધિકાર પૂરો કરે ત્યારે એમ લખે છે, કે પાંચ ઇન્દ્રિયના ફેલાવ રહિત દેહ માત્ર જેને પરિગ્રહ છે. દેહ તો છે, પણ કેવો દેહ છે ? કે જેમાં પાંચ ઇન્દ્રિયના ઉપયોગનો ફેલાવ નથી. મારો ઉપયોગ સમેટાઈ ગયો છે. હવે ખોખું રહ્યું છે. હાડકા, ચામડાં, માંસ, રુધિરનું–સપ્તધાતુનું ખોખું બાજુમાં રહ્યું છે. જોડે પૂર્ણ પવિત્ર પરમાત્મા, આત્મા પરમાત્મા રહેલો છે. મારો ઉપયોગ એમાં ફેલાતો નથી. લખેલું છે. પાછું સાવ અદ્ધરથી નથી. ક્યાંક ક્યાંક તો પોતાની દશાની વાત આવી જાય છે. એટલે અંદરમાં પરમાત્માના આલંબનમાં આ આલંબન દેહનું છૂટ્યું છે. ઇન્દ્રિયોનું આલંબન છૂટ્યું છે. દૂરના દૂર ક્ષેત્રે બીજા પદાર્થો હોય એનું આલંબન લેવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

એ પ્રશ્ન થવા યોગ્ય છે, કે અનુકૂળતાને ઉપદ્રવ કેમ ગણવો ? નથી ઉઠાવતા પણ ઉઠાવવા જેવો પ્રશ્ન છે. જેને ચોખ્ખે ચોખ્ખી અનુકૂળતા કહેવાય કે આ અશાતા થઈ અને કોઈ શાતા કરે, તો અશાતામાં શાતા કરે એને ઉપદ્રવ કેમ કહેવાય ?

એ તો શાતા કરી એમ કહેવાય. તો કહે એ બાજુ જે ઉપયોગ જાય છે, એ ઉપયોગનું નિમિત્ત જોઈને એને ઉપદ્રવ કહેવામાં આવે છે.

'દિપચંદજી'એ 'અનુભવપ્રકાશ'માં લીધું છે કે ઇન્દ્રને ઇન્દ્રાસન ઉપર ઉપયોગ જાય છે, ઇન્દ્ર સમ્યક્ દૃષ્ટિ છે. ઇન્દ્રાસન ઉપર ઉપયોગ જાય છે, એને એ કાળઝાળ લાગે છે. પણ આવું દૈવી સિંહાસન ! ઝગઝગારા મારતું હોય હોં ! બીજા નીચેના દેવોને–મિથ્યાદૃષ્ટિ જીવને તો લાલચ થતી હોય કે અમે ક્યારે આવા ઇન્દ્ર થઈએ અમને આવું ક્યારે...

આ કહે છે કે, નહિ. એ દુઃખના નિમિત્તો છે. જેટલા સંયોગો છે એના ઉપર ઉપયોગ જાય છે. (તેટલી) આકુળતા અંદરથી ઊભી થાય છે. એ આકુળતાને લઈને એને ઉપદ્રવ કહેવામાં આવે છે. બહુ સ્પષ્ટ લખ્યું છે. 'ગુરુદેવ'ના પ્રવચનમાં આવતું કે, ઇન્દ્રને ઇન્દ્રાસન ઉપર જાવું, કે ઇન્દ્રને એના યોગ્ય એના આભૂષણો પહેરવા લ્યો, એના વસ્ત્રો, એના આભૂષણો, એના પ્રમાણમાં હોય ને ? બત્રીસ લાખ વિમાનનો સ્વામી કહેવાય છે. છે નહિ હોં ! અંદરમાં માનતો નથી, જરાય એકેયનો નહિ. અને એક એક વિમાનમાં કેટલા અસંખ્ય દેવ. અહીંયાં સિત્તેર કરોડની વસ્તીનો Prime Minister થાય તો સિત્તેર કરોડમાંથી ગાળો દઈ શકે એને. અત્યારે તો કહેવાતી સ્વતંત્રતા છે ને. તોપણ મગજ ક્યાંયનું ક્યાંય રહેતું હોય. અહીં તો એક એક વિમાનમાં અસંખ્ય દેવો એવા બત્રીસ લાખ વિમાનનો સ્વામી કહેવાય. એ બધું આકુળતાનું નિમિત્ત જોવે છે. મારે કાંઈ લેવા કે દેવા. એમ જોવે છે. કાંઈ લેવા દેવા મારે નથી. અહીં તો ખોબા જેટલું ઘર હોય, પણ મમતાનો પાર રહે નહિ. આમ ઠીક કરું ને આમ ઠીક રાખું ને આમ કરું ને આમ કરું ને આમ કરું ને હેં ! મુનિરાજની દશામાંથી તો ઘણું નીકળે છે.

આમ તો વર્ણન આવે છે પણ અંદરનું જેટલું ભાવનું ઊંડાણવાળું મુનિરાજનું જે અંતર્મુખી પરિણમન હોય છે અને ઉપયોગના ઊંડાણનો અને રમણતાનો જે વિષય છે, એ પણ અચિંત્યદશા છે. જેમ આત્મસ્વરૂપ અચિંત્ય છે, તો એની એક અનુભૂતિ અચિંત્ય છે. મુનિરાજને તો રમઝટ ચાલે છે, અનુભૂતિની રમઝટ ચાલે છે. એ અચિંત્યદશા છે. શબ્દોમાં માત્ર એના સંકેત આવે છે. શબ્દોમાં જે આવે છે એ તો સંકેત માત્ર વિષય આવે છે. એના ઉપરથી શ્રુતજ્ઞાનને લંબાવવું, કે આ કેવડી મોટી

ત્રિરાશી છે.

એ બહારના જેટલા જેટલા એ દશાને સમજાવવાના દૃષ્ટાંતો છે, બાહ્ય દૃષ્ટાંતો છે, કે આવી રીતે મુનિરાજ વસે છે, આવી રીતે રહે છે, આવી રીતે રહે છે. એ બધા દૃષ્ટાંતો બાહ્ય પ્રસંગોના માપ છે. વાસ્તવિકપણે જે મુનિદશા છે એનું એ માપ નથી. શેનું માપ છે ? જગતની અંદર બાહ્ય સંયોગોનું અને બાહ્ય પ્રતિકૂળતાનું માપ છે. મુનિરાજની સ્થિરતા અને મુનિરાજનું અંતર આલંબન કોઈપણ પ્રકારે કોઈ બાહ્ય દ્રવ્ય ભાવથી ફેરફારને પામે, એમાં કાંઈ બાધા થઈ શકે, એ પરિસ્થિતિ નથી. એ ફેરફાર કરે છે પોતાની અંતરંગ સ્થિતિ જોઈને કરે છે. વિહાર કરે છે તો અંતરંગ સ્થિતિ જોઈને કરે છે. બહારની અનુકૂળતા-પ્રતિકૂળતા નિમિત્તમાત્ર છે પણ પોતાની સ્થિતિની પહેલા સંભાળ છે. એ સંભાળીને ચાલે છે. એમ લેવું છે.

એવા '**મુનિરાજ મોક્ષપંથે** જેમણે **પ્રયાણ ચાલુ કર્યાં તે પૂરાં કરે છે.**' હવે એ અધૂરા રહેશે નહિ એમ કહે છે. પણ અત્યારે ક્યાં કોઈ મુનિ ભાવલિંગી થાય તો પામે છે ? એ પ્રશ્ન નથી અહીંયાં. અહીંયાં કાળક્રમનો કરણાનુયોગનો કોઈ પ્રશ્ન ચાલતો નથી. એ પૂરા કરવાના છે, કેટલા કાળમાં પૂરા કરવાના છે ? કે અસંખ્ય સમયમાં પૂરા કરવાના છે. કોઈ સાધકજીવને અસંખ્ય સમયથી વધારે સાધકદશા હોતી નથી. રહી શકતી નથી. અસંખ્ય સમયમાં પામી જાય છે પછી એમાં આયુષ્ય એક ભવનું હોય કે બે-ચાર બે-ત્રણ ભવનું હોય (એ) બીજી વાત છે, પણ એ તો ઘણું ગૌણ છે. અસંખ્ય સમયમાં કાળમાં એક ભવનું હોય કે બે-ચાર ભવનું આયુષ્ય હોય, એ કટકા કાંઈ ગણવાની જરૂર નથી. અસંખ્ય સમયમાં એ પૂર્ણ થઈ જાય છે.

કહેવું તો એમ છે, કે જે પુરુષાર્થ આદર્યો છે, એ પૂર્ણતાનો પુરુષાર્થ છે, પૂર્ણતા પામે એવી કોટીનો પુરુષાર્થ છે અને એવી કોટીનો પુરુષાર્થ હોવાને લીધે એ પૂર્ણતા કરશે, કરશે અને કરશે જ. નિઃશંક વાત છે. આમ તો સમ્યક્દર્શનમાં પ્રતીતિ આવી જાય છે. અને કોઈ કોઈ હળવા મુમુક્ષુજીવને તો મુમુક્ષુતામાં પ્રતીતિ આવી જાય છે.

'ગુરુદેવ'ના બહુ શરૂઆતના જૂના પ્રવચનો લ્યો, તો એમ કહે કે આ વાતનો જેને અંદરથી હકાર આવે, અંદરથી હોં, ઉપર ઉપરથી તો સૌ હા પાડે, પણ અંદરથી હકાર આવે, તો એને મોક્ષના ભણકાર આવે છે. મોક્ષના ભણકાર આવે એટલે હવે હું મુક્ત થવાનો છું, એમ તો મુમુક્ષુદશામાં ભણકારા આવે. સમ્યક્દૃષ્ટિને તો નિયમથી

પ્રતીતિ આવે કે, મારી મુક્તિ નિયમથી નજીકમાં જ છે. અને હવે હું અલ્પકાળમાં પૂર્ણ થઈ જઈશ. પણ મુનિદશા તો સાક્ષાત્ પુરુષાર્થનું મંડાણ છે. એ તો એમણે એ કાર્ય જે પ્રતીતિ અને જ્ઞાન થયું હતું એનું Exection ચાલે છે. Execute કરે છે એ પછી. એ વિષયને હવે અમલ કરે છે. સાક્ષાત્ આદર્યો છે એ વિષય. એનો પુરુષાર્થ માંડ્યો છે.

એટલે એમ કહે છે કે '**મુનિરાજ મોક્ષપંથે** જે **પ્રયાણ** એમણે **ચાલુ કર્યાં** છે જે છે એ અધ્યાર છે, **તે પૂરાં કરે છે.**' પૂરા કરે છે. પૂરા કરશે એવી ભાષા નથી આવી જોયું ? એ પૂરાં કરે છે. એટલે પૂરાં કરવા માટે લાગી પડેલા છે. અહર્નિશપણે રાત્રિ-દિવસ, બીજું કોઈ કામ કરતા નથી. અંદરના એક પુરુષાર્થમાં પડેલા છે, દર્શન-જ્ઞાન-ચારિત્રની રમણતામાં પડેલા છે અને એ સિવાય બીજું કામ, આહાર-પાણી અને નિદ્રા બધું છોડી દીધું છે જાણે. પછી ક્યારેક લે એ બીજો વિષય છે. એ તો પૂર્ણ નથી એટલે એટલું જ્ઞાન કરાવ્યું છે. બાકી જાણે છોડીને લાગી ગયા છે, એવી રીતે એ પુરુષાર્થનું પ્રયાણ છે. એને પ્રયાણ કહ્યું છે. એવા પ્રકારના પુરુષાર્થને અહીંયાં પ્રયાણ કહ્યું છે, અને એ પૂરાં કરે છે. એટલે કે એવી કોટિનો પુરુષાર્થ હોય અને પૂર્ણતા ન થાય એ પ્રશ્ન રહેતો નથી. ૨૨૨ થયું.

મુમુક્ષુ :– આહાર લ્યે તોપણ નિર્જરા હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ અમથા તો માણસને ચિંતા લાગી પડે ને. કોઈ Problem ઊભો થાય ને વાત તો રાખ ને ધૂડ જેટલી જ એની કિંમત હોય છે. પણ એક ચિંતા માણસને જો ગરી ગઈ હોય, કે આ કામ કરવું છે અને થાતું નથી. તો એની ઊંઘ ઊડી જાય છે બિચારાની. એમ સંસારી પ્રાણીની આ સ્થિતિ છે. માનસિક હાલત આ છે. તો જેને ધોમધખતો પુરુષાર્થ છે, અનંત ગુણનો ધોધ જેની પરિણતિમાં ઊછળે છે. અહીંયાં એક હાઈપરટેન્શન, ફુવારો લોહીનો ચડે ત્યાં ઊંઘ ઊડી જાય માથાનો દુખાવો થાય. આ તો કે શું તો કે ઊંઘ નથી આવતી, અનિદ્રા થાય છે. બહુ જેને B.P. રહેતું હોય એને અનિદ્રાનો રોગ સાથે નિદ્રા ન આવે એવો રોગ. કેમ ? તો કે બહુ જોરથી અંદર નસોમાં ફોર્સથી આવવું પડે છે લોહીને. તો આ તો અનંત ગુણનો ધોધનો ફોર્સ છે. પાણીનો ધોધ મોટો પડે તો electricity ઉત્પન્ન થાય છે. અને કેટલા ૧000 Megawatt પાવર આમાંથી નીકળશે એમ કહે. ભાળી છે કોઈ

દિ' electricity ? અમારા ન્યાલભાઈના દીકરા કહેતા હતા કે મેં electricity કોઈ 'દિ જોઈ નથી કે. I have never seen power. Power જોયો નથી કે. દેખાય કાંઈ ? એ કહે વોલ્ટેજ મેં કદી જોયા નથી. જે વોલ્ટેજનો કાંટો દેખાય છે પણ વોલ્ટેજને જોયા નથી. electricને જોઈ નથી. એ તો શક્તિરૂપ તત્ત્વ છે.

પણ અમુક કાર્યોથી એનું અસ્તિત્વ, એનું Existence હયાતી એની પકડાય છે કે, અહીંયાં electricity છે. એમ આત્મામાં અનંત શક્તિનો પાવર છે. આ મુનિદશામાં એનો ધોધ ઊછળે છે, ત્યાંથી એની હયાતી પકડાય છે. એમાં એની હયાતી પકડાય છે. કે ત્યાં નિદ્રા–ફિન્દ્રાનો સવાલ રહેતો નથી. એ તો અંતર્મુહૂર્તની નિદ્રા એ તો વધુમાં વધુ એની Maximum limit છે. સૂવે જ એવું કાંઈ નથી.

કેટલાક મુનિઓ તો રાત-દિવસ ધ્યાનમાં પડ્યા હોય. કેટલાક મુનિઓને તો નિદ્રા ન હોય, તો એ પદ્માસને ધ્યાન નથી કરતા ખડગાસને ધ્યાનમાં હોય છે (એ) ક્યાંથી નિદ્રા લે ? ત્યાં કાંઈ ઊંઘવાનો પ્રશ્ન નથી. અહીં તો વહેલો ઊઠી ન શકે. શાસ્ત્ર-સ્વાધ્યાય કરવો હોય તો જીવ વહેલો ઊઠી ન શકે.

'સોગાનીથી' લખ્યું છે વિકલ્પથી બિચારો એટલો બધો થાકી જાય છે, એટલા બધા આખા દિવસમાં વિકલ્પની ઝાળ લંબાવે છે, પછી માંડ રાતે સૂવે, વિકલ્પ શાંત પડે પછી એ થાકનો માર્યો પડે રહે છે. મગજ થાકેલો હોય ને, ઊંઘી જાય પછી ઉઠી શકે નહિ. જ્ઞાનીને તો અંતર જાગ્રતિ છે અને મુનિની તો વાત શું થાય ? એની તો જાગ્રતિ એટલી બધી છે કે હવે એને એક સમય નકામો જવા દેવો નથી.

જેણે હજારો રાણી સાથેનું રાજપાટ છોડ્યું હોય એને શું લેવા છોડ્યું હશે એ તો નક્કી કરવું પડે કે નહિ ? કે કાંઈક એને એવી ચીજ લેવા માટેનો પુરુષાર્થ આદર્યો છે, કે હવે એને એક સમય બગાડવો નથી. જેટલું નિદ્રાનું કે આહારનું એડજેસ્ટમેન્ટ છે એ પરિણામને જોઈને છે. એ પરિણામ સાથેનું, અંદરની દશા સાથેનું એડજેસ્ટમેન્ટ છે. એ કરવા ખાતર કરવાનો પ્રશ્ન નથી. અને એની મર્યાદા છે. એડજેસ્ટમેન્ટ છે તોપણ એની મર્યાદા છે. મર્યાદા બહાર જઈને હરગિજ નહિ. એમ વાત છે. એ રાત્રિ-દિવસ પડ્યા છે. પદ્માસને હોય, ખડ્ગાસને હોય રાત ને દિવસ સૂવે નહિ ને એમ ને એમ ધ્યાનમાં ને ધ્યાનમાં રાત પણ પસાર થઈ જાય ને દિવસ પણ પસાર થઈ જાય, કેટલા રાત ને કેટલા દિવસ એની ગણતરી એને હોય નહિ. એમ છે. એવી

નિરાલંબીદશા છે અને એ પૂર્ણ મોક્ષનું જે પદ છે, એનો એ પુરુષાર્થ છે, એ પુરુષાર્થને મુનિદશા કહેવામાં આવે છે. ૨૨૨ થયું.

મુમુક્ષુ :- આના વગર નહિ ચાલે... આના વગર નહિ ચાલે... ...

પૂજ્ય ભાઈશ્રી :- ન ચાલે એમાં તો શું થાય ? કોઈપણ જડ વિના, જડના કોઈ રજકણ, અમુક રજકણો છે ને ? બીજું શું ? પર્યાયાન્તર થયેલા ખાતરમાંથી અને પાણીમાંથીને પ્રકાશમાંથીને પર્યાયાન્તર થયેલા કોઈ રજકણ વિના જીવને ન ચાલે, એનો અર્થ કે હું જીવ નથી, હું શાશ્વત જીવ નથી. પોતાની જે શાશ્વત હયાતી છે એનો નિષેધ છે એની અંદર. એટલે પરંપરાએ નિગોદમાં જાય છે. સીધો જાય એમ નહિ પરંપરાએ જાય. કેમકે ત્રસનો કાળ બે હજારથી વધારે, બે હજાર સાગરથી (વધારે) ત્રસનો કાળ નથી, એટલે પછી નિગોદમાં જાય છે.

**શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે, તે જ સર્વસ્વ છે. ઠરી જવું તે જ સર્વસ્વ છે, શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી. ૨૨૩.**

૨૨૩. **'શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે,... '** એક એક બોલ બધા અધ્યાત્મનો વિષય છે. કરણાનુયોગની ચર્ચા નથી, બીજી કોઈ કથાનુયોગની ચર્ચા નથી, વાર્તા ક્યાંય જોડી નથી અને ત્રીજો અનુયોગ છે, ચરણાનુયોગ તો એમાં મુનિના અધ્યાત્મિક આચરણનો વિષય ચાલે છે. આમ તો અધ્યાત્મનો વધારેમાં વધારે વિષય દ્રવ્યાનુયોગમાં સીધો છે અને બીજો સીધો છે ચરણાનુયોગમાં. પણ ચરણાનુયોગના બે પડખાં છે, એક બાહ્યાચરણ અને એક અંતરંગ આચરણ. એ અંતરંગ આચરણ અધ્યાત્મનો વિષય છે. એવું જે તે ભૂમિકાનું અધ્યાત્મિક આચરણ હોય, ત્યારે બાહ્યાચરણની મર્યાદા કેટલી ? એ મર્યાદા કોઈ ચૂકીને ભ્રમમાં માની ન બેસે કે મને ભલે મર્યાદા નથી તોપણ અધ્યાત્મિક સ્થિતિ, મસ્તી છે. એ બતાવવા માટે, એનું જ્ઞાન કરાવવા માટે, બાહ્યાચરણનું ચરણાનુયોગમાં આવે છે.

પણ જેટલું અંતરંગ આચરણનો વિષય છે એ બધો અધ્યાત્મિક પરિણતિનો વિષય છે અને તે ચતુર્થ ગુણસ્થાનથી માંડીને ઉપરના બધા ગુણસ્થાનનો વિષય છે. નીચે

ચરણાનુયોગમાં નથી. કરણાનુયોગ અને કથાનુયોગમાં અધ્યાત્મ છે ખરું, પણ એ શોધવું પડે ગોતવું પડે, એમાંથી ઉતારવું પડે. અહીંયાં બન્ને જગ્યાએ એમાં દ્રવ્યાનુયોગમાં તો સીધે સીધો વિષય છે. કેમકે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી અને દ્રવ્ય-ગુણ-પર્યાયથી, ઉત્પાદ-વ્યય-ધ્રુવથી જે વસ્તુનું બંધારણ છે, એ અન્ય વસ્તુથી એને જુદી પાડે છે. અને અન્ય દ્રવ્યથી, અન્ય વસ્તુથી પોતાની જીવ વસ્તુ જુદી છે, એ ભેદજ્ઞાનનો વિષય છે અને એમાંથી અધ્યાત્મ ઊભું થાય છે. પછી એ અધ્યાત્મની મસ્તીમાં આગળ જતાં દ્રવ્યાનુયોગની વાતોને પણ ઓળંગીને કેટલીક વાતો આવે છે. પણ સિદ્ધાંતને તોડવાનો ક્યાંય પ્રશ્ન નથી. વસ્તુના સ્વરૂપને જ્ઞાનમાંથી છોડવાનો કે તોડવાનો કોઈ પ્રશ્ન એમાં ઉપસ્થિત થતો નથી એટલું રાખીને છે. પણ આ ગ્રંથમાં તો મુખ્યપણે અધ્યાત્મ છે. એટલે ચારેય અનુયોગમાંથી એક અનુયોગ અધ્યાત્મનો ઊભો કરીને એક જ અનુયોગ વિશેષણપણે, મુખ્યપણે આ ગ્રંથમાં છે.

શું કહે છે ? કે **'શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે,...'** કાર્ય છે એટલે અહીંયાં કરવા યોગ્ય એવું કાર્ય, કર્તવ્ય એવું કાર્ય એમ લેવું. આત્માને શું કરવા યોગ્ય છે ? કે પોતાના નિજ પરમાત્મપદમાં ઠરી જવું. બસ ! જેટલું કાંઈ કહેવામાં આવે છે, એ આ લક્ષે કહેવામાં આવે છે. લક્ષમાં આ વાત રાખીને કહેવામાં આવે છે. આ વાતનો નિષેધ કરીને અથવા આ સિદ્ધાંત અને આ કર્તવ્ય ખંડિત થાય, એ પ્રકારે કોઈપણ વાત ક્યાંય કહેવામાં આવી નથી.

ભલે યથાયોગ્ય સ્થાનમાં વ્યવહારના કર્તવ્યને સ્થાપ્યું હોય, તોપણ એ તો વ્યવહારથી વ્યવહારે કોઈ ઊંધો ન ચાલે એ વાત છે એની અંદર. પણ મૂળ જે વ્યવહાર છે એ જિનોક્ત વ્યવહારમાં, સમસ્ત જિનોક્ત વ્યવહારની અંદર પરમાર્થ નિહિત છે, છુપાયેલો છે, રહેલો છે અને એ સમજતા આવડવું જોઈએ, એ સમજવું જોઈએ કે દરેક વ્યવહારની અંદર પરમાર્થ કેવી રીતે છે ?

પરમાર્થ વિનાનો વ્યવહાર હોય તો એ વ્યવહાર જ નથી. જૈનદર્શનમાં નથી. એ વાત જૈનદર્શનની બહારની ચીજ છે. એટલે 'શ્રીમદ્જી'એ તો બહુ સંક્ષિપ્તમાં એ વાત લીધી છે, કે પ્રેરે જે પરમાર્થને તે વ્યવહાર સમંત. અમે એ વ્યવહારને વ્યવહાર તરીકે સંમત કરીએ છીએ, કે જે વ્યવહાર indirectly પણ પરમાર્થને પ્રેરણા આપતો હોય. એને પરમાર્થ સાથે ક્યાંય ને ક્યાંય છેડો અડતો હોય, તો એ વ્યવહાર છે

અને નહિતર એને વ્યવહાર તરીકે સંમત કરતા નથી. એમ છે. લીધું છે એમણે તો. પોતાના જ્ઞાનમાં તો ઊંડાણ ઘણું હતું. પદમાં કેટલુંક આવે ?

હા ! એ કોઈ વિચક્ષણ હોય તો ઊંડો ઊતરે કે અરે...! આ બધા જે ઇશારા છે, સંકેત છે, ચમકારા છે, એ કાંઈક અંદરમાં ભંડાર ભર્યો છે એમાંથી આવે છે, તો એને એ ભંડાર જોવાની જિજ્ઞાસા અને આશ્ચર્ય ઉત્પન્ન થાય.

શું કહે છે અહીંયાં કે, **'શુદ્ધાત્મામાં ઠરવું તે જ કાર્ય છે,...'** અને તે જ કાર્ય છે એમ નહિ **'તે જ સર્વસ્વ છે.'** એમાં બધું પૂરું થઈ ગયું. કાંઈ બાકી રહી ગયું ? પણ વ્યવહાર કરવો તે બાકી રહી ગયો કે નહિ ? કે બાકી રહી ગયો હોય તો એને એટલી છૂટ છે. ભરત ચક્રવર્તીએ મુનિદશાનો વ્યવહાર નથી કર્યો, પાળ્યો નહિ, તો એને વ્યવહારનું બંધન નથી. અને તેરમાં કળશમાં લીધું કે અનુભૂતિથી એને શાસ્ત્ર ભણવાની અટક નથી. એ વિદ્વાન છે કે નહિ એ પ્રશ્ન એને લાગુ પડતો નથી. જ્ઞાની છે તો વિદ્વાન છે કે નહિ ? જ્ઞાની છે તો એને સત્‌શાસ્ત્રની ગાથાઓના અર્થ કરતા આવડે છે કે નહિ ? એમ પરીક્ષા થાય ? એને આ ગાથાનો અર્થ કરતા ન આવડ્યો. એ જ્ઞાનીપણું એમ નથી. એને શાસ્ત્ર ભણવાની અટક નથી. એને બંધન નથી. એને વ્યવહારનું બંધન નથી, એમ લીધું છે.

કેમકે તે જ સર્વસ્વ છે. સર્વસ્વપણે કરવા યોગ્ય એ એણે કરી લીધું. બાર અંગનો સાર અનુભૂતિ છે. ત્યાં તેરમાં કળશમાં 'રાજમલજી'એ કહ્યું. બાર અંગનો સાર તો અનુભૂતિ છે અને દ્વાદશાંગ તો વિકલ્પની કોટિમાં મૂકી દીધું. શું કહ્યું ? દ્વાદશાંગ તો વિકલ્પ છે ભાઈ ! એ ક્યાં અનુભૂતિ છે ? અનુભૂતિ, તું અનુભૂતિ, સાથે વિકલ્પવાળા જ્ઞાનની તુલના કરે છો ! ક્ષયોપશમજ્ઞાનની તુલના કરે છો ! એ તો બહિર્લક્ષી ક્ષયોપશમ થયો. બાર અંગ તો સમ્યક્‌દૃષ્ટિને જ હોય. તો કે નહિ, એ સમ્યક્‌દૃષ્ટિનું બાર અંગની આશ્રિતના ઉપયોગવાળું જ્ઞાન, એ વિકલ્પ છે, વિકલ્પ છે એટલે એ જ્ઞાન નથી, એમ કહેવું છે. અનુભૂતિનું જ્ઞાન તે જ્ઞાન છે, વિકલ્પ તે જ્ઞાન નથી. વિકલ્પ તે આત્મા નથી, તે જ્ઞાન નથી.

'ગુરુદેવ' તો બહુ જોરથી એ વાત કરતા ગયા છે કે, એ તો જડ છે જડ. વિકલ્પ બધોય જડ છે અને એ જ્ઞાન પણ જડ છે. એ જ્ઞાનને શું જ્ઞાન કહીએ ? એને જ્ઞાન કહેતા નથી. એ તો ઉપયોગ બહાર જાય એને આત્મામાંથી કાઢી નાખ્યો છે. એ

આત્મા નહિ. ભલે દેવ-ગુરુ-શાસ્ત્ર ઉપર જાય. ઉપયોગ બહાર જાય એ આત્મા નહિ.

એકવાર શેત્રુંજયની તળેટીમાં સાથે હતા, સાથે ગયા હતા રવિવારે જતા હતા ને ? સાથે ગયા હતા. (પૂજ્ય ગુરુદેવશ્રીને) વિચારણા ચાલતી હશે એમાંથી ચિંતનમાંથી વાત કાઢી. 'પ્રવચનસાર'ની ૧૭૨મી ગાથાના ૯માં બોલમાં વાત છે, કે આત્માના ઉપયોગનું કોઈ હરણ કરી જઈ શકતું નથી. તેથી આત્મા અલિંગગ્રહણ છે. અલિંગગ્રહણના બોલ છે ને વીસ. એમાંથી નવમો બોલ છે. તો પોતે ને પોતે પાછા પ્રશ્ન કરે છે કે, પણ પ્રભુ ! અમારો સાધકનો ઉપયોગ તો બહાર જાય છે. ઉપયોગ તો બહાર જાય છે ને. તો કહે એ બહાર જાય એ ઉપયોગ અમારો નહિ. સાધક શું જાણે છે ? બહાર જાય એ અમારો ઉપયોગ નહિ. માટે એ હરણ થયું એ અમારું થયું નથી. અમે તો અંદરમાં જ્યાં છીએ ત્યાં છીએ. બરાબર અમારા સ્વરૂપ સાથે વળગેલા છીએ. અમારી પરિણતિ અમારા સ્વરૂપથી છૂટતી નથી. તેથી ઉપયોગ બહાર જાય તે અમે નથી. તે અમારું કાર્ય નથી એમાં અમે છીએ નહિ. એમાં અમારું અસ્તિત્વ અમે જોતા નથી.

પણ બાર બાર અંગનું જ્ઞાન હોય, લોકો આશ્ચર્ય પામે એવું જ્ઞાન હોય. લબ્ધિવાળું જ્ઞાન છે ને એ તો. આશ્ચર્ય પામે, મિથ્યાદૃષ્ટિનું અગિયાર અંગ ને નવ પૂર્વના લબ્ધિવાળા જ્ઞાનથી લોકોને આશ્ચર્ય થઈ જાય, શું જ્ઞાન છે આ તો ! એ જ્ઞાન નહિ. એ બતાવવા માટે અહીંયાં કહે છે, કે ઠરી જવું એ જ સર્વસ્વ છે. ઉપયોગ સ્થિર થઈ જાય એ સર્વસ્વ છે. એમાં બધું સમાઈ ગયું. એની કિંમત એટલી છે કે એની પાસે બીજા કોઈની કિંમત જ નથી. ઓછી કિંમત છે એમ નહિ, બીજા કોઈની કિંમત જ નથી એમ કાઢી નાખ્યું છે.

'**તે જ સર્વસ્વ છે.** એટલે કે **ઠરી જવું તે જ સર્વસ્વ છે,...**' જે કાર્ય કહ્યું તે જ સર્વસ્વ છે. એમાં બધું પૂરેપૂરું કાર્ય આવી ગયું, એ સમ્યક્ એકાંત છે. પણ આ એકાંત નહિ થાય ! કે એ સમ્યક્ એકાંત છે. સમ્યક્ શબ્દમાં જ આત્માભિમુખપણું છે. આત્માભિમુખપણું તે સમ્યક્પણું, સમ્યક્પણું તે આત્માભિમુખપણું. તો કહે, અંદરમાં ઠરી ગયો, એ સમ્યક્ એકાંત છે. એકાંત છે ? કે ભલે એકાંત છે. સમ્યક્ એકાંત છે. અમને મંજૂર છે એ એકાંત. કેવું એ એકાંત અમને ઇષ્ટ છે, અમને સંમત છે, અમને મંજૂર છે.

'નયચક્ર'માં તો આચાર્યદેવે બીજી છલાંગ મારી છે. નાનું નયચક્ર છે ત્યાં તો કે, અનેકાંત તો વ્યવહારનો જનક છે. અનેકાંત તો વ્યવહારનો જનક છે. એમાંથી તો વ્યવહાર ઊભો થયો. એ બંધનમાં અમારે આવવું નથી. અમારે તો એકલો શુદ્ધનય જોઈએ છે. અમારે તો એકલો શુદ્ધનય જોઈએ છે. 'નિયમસાર'માં આચાર્યદેવે બીજી શૈલી પકડી. પણ આ બધા જગતના સંસારી જીવો છે એનું શું ? પણ એ નય અમારી પાસે નથી. આ પેલા (મુમુક્ષુભાઈ) આવ્યા ત્યારે પ્રશ્ન પૂછ્યો હતો, આ પહેલા આવ્યાને ત્યારે પૂછ્યો હતો. 'નિયમસાર'ના કળશમાંથી. કે 'નિયમસાર'માં આ કળશ આવે છે કે બીજા જીવોને ક્યા નયથી હું જોઉં કે એ સંસારી છે ? મારી પાસે એ નય નથી, સંસારીપણે જોવાનો નય નથી. જે જ્ઞાને સર્વજ્ઞ બધાને શુદ્ધ સત્તાએ જોવે છે, મારી પાસે એ એક જ જ્ઞાન હવે રહ્યું છે. બીજું છે તો ના પાડે છે. એ મારું જ્ઞાન નહિ ને એ હું નહિ. એ એમ છે.

મુમુક્ષુ :– શું બતાવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એમ કહીને એમ કહેવું છે કે વ્યવહારનયની અપેક્ષા નથી રાખવી. એમ નયચક્રમાં એવી વાત છે, કે આગમનો સિદ્ધાંત તો એમ કહે છે કે સાપેક્ષાનયાહ્રા. નય તો બધા સાપેક્ષ હોય. અથવા મિથ્યાનયની પરિભાષા તો કે નિરપેક્ષનયા મિથ્યાનયા. જો નય નિરપેક્ષ હોય તો એને મિથ્યાનય કહેવો જોઈએ. આ આગમની વાત છે. પણ અધ્યાત્મમાં જુદી છલાંગ મારે છે.

આ નિયમનું બંધન એને નથી રહેતું. સાપેક્ષનયનું બંધન એને નથી રહેતું. તો કહે અમારો જે શુદ્ધોપયોગ છે જેને શાસ્ત્રમાં શુદ્ધનય કહ્યો છે, એ શુદ્ધનયને એકલા શુદ્ધ જ્ઞાયકની અપેક્ષા છે, વ્યવહારનયની અપેક્ષા નથી, પણ ઉપેક્ષા છે. વ્યવહારનયના વિષયથી ઉપેક્ષિત થઈને પરમાત્મપદની અપેક્ષામાં આ શુદ્ધનય ઉત્પન્ન થયો છે. માટે આ શુદ્ધનયને વ્યવહારનયની અપેક્ષા નહિ હોવા છતાં તેમાં મિથ્યાત્વ થતું નથી, એમ લીધું છે. ગ્રંથનો વિષય શું છે ? નયચક્ર. નયોની તો ચર્ચા કરવી છે. એ નયોની ચર્ચા કરતા નયની ચરમસીમા લીધી છે, કે શુદ્ધનય છે તે નયાધીશ છે. બધા નયોનો રાજા છે. અને એ બધા નયોનો રાજા એવો છે, કે રાજાને કોઈની તાબેદારી હોય નહિ અને તાબેદારી હોય તો એ રાજા ન હોય. (અહીં સુધી...)

## તા. ૨૧-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૨૩,૨૨૪
## પ્રવચન નં. ૧૮૦

પાનું ૭૭. ૨૨૩ બોલ ચાલે છે. '**શુદ્ધાત્મામાં ઠરવું તે જ સર્વસ્વ છે,...**' સર્વસ્વપણે ઠરવા યોગ્ય પોતાના સ્વરૂપમાં અંતર્મુખ થઈને સ્થિર રહી જવું. જેવું જિનેન્દ્ર પરમાત્માનું સ્વરૂપ જોવામાં આવે છે. પ્રત્યક્ષ અત્યારે નથી, પણ જિનબિંબ ઉપરથી જોવામાં આવે છે. જિનેન્દ્રનું પ્રતિબિંબ છે, કે જેઓ અંતર્મુખપણે–સંપૂર્ણ અંતર્મુખ થઈને સ્વરૂપમાં ઠરી ગયેલા છે, એ એમ સૂચવે છે, કે જીવનું એવું સ્વરૂપ છે અને એમ જ સ્વરૂપમાં ઠરી જવું, સ્થિર થઈ જવું, એ જ સર્વસ્વપણે કરવા યોગ્ય છે, એ જ સર્વસ્વપણે ઉપાદેય છે. એ સિવાયનું જેટલું કોઈ પરિણમન છે, એ પોતાના સ્વરૂપથી પ્રતિકૂળ છે. અનુકૂળ નથી પણ પ્રતિકૂળ છે. આવો જેનો સિદ્ધાંત છે અને આવો જેનો અભિપ્રાય છે, એવા જીવને તથારૂપ પૂર્ણ પુરુષાર્થ પ્રગટ ન થાય ત્યાં સુધી સ્વરૂપમાં ઠરવાનું નહિ બને. કદાચિત્ ક્યારેક ક્યારેક એને પણ શુભભાવ આવે છે. કદાચિત્ ક્યારેક-ક્યારેક એ સ્વરૂપમાં ઠરે છે–એમ બે પ્રકારની સ્થિતિ રહે છે.

તો એમ કહે છે કે, શુભભાવ આવે, શુભભાવ આવે એટલે એકલો શુભભાવ આવે એમ અહીંયાં નથી કહેવું. શુદ્ધભાવ પણ આવે અને શુદ્ધભાવ એકલો ન રહે અને એકલું સ્વરૂપમાં ઠરવાનું ન થાય, ત્યારે શુભભાવ આવે અને એ શુભભાવ આવે ત્યારે એને એમ જાણે કે તે કાંઈ મારું નથી. તે સર્વસ્વ નથી એટલે મારું કાંઈ પણ નથી. એનું નામ સર્વસ્વ નથી. સર્વસ્વ–સર્વસ્વ લીધું છે ને ? ત્રણ વખત એ શબ્દ લીધા છે. એટલે શુભભાવ આવે એ કાંઈ સર્વસ્વ નથી તો કે સર્વસ્વ નથી તો થોડુંક તો ખરું ને કાંઈ ? કે, એમ નથી. કાંઈ નથી. ભાષા એવી રીતે થાય છે.

જેમકે 'સમયસાર' માં સંવર અધિકાર એવી રીતે લીધો છે. ઉત્કૃષ્ટપણે સંવરનો ઉપાય ભેદજ્ઞાન છે. એવું મથાળું બાંધ્યું છે, કે સંવરનો ઉપાય, સંવર કરવાનું સાધન ઉપાય એટલે સાધન ઉત્કૃષ્ટપણે તો ભેદજ્ઞાન છે. તો કહે ઉત્કૃષ્ટપણે ભેદજ્ઞાન છે તો અનઉત્કૃષ્ટપણે બીજું પણ સાધન ખરું ને ? એ વાત ત્યાં એમ લેવાની નથી. એમ અહીંયાં કહ્યું કે શુભભાવ આવે પણ તે સર્વસ્વ નથી. તો પછી એમ કહ્યું કેમ ? એમ એટલા માટે કહ્યું, કે મિથ્યાદૃષ્ટિ જીવને શુભભાવ આવે છે અને એ સર્વસ્વપણે મનાય જાય છે. એટલે એ શબ્દનો પ્રયોગ છે.

મિથ્યાત્વ અવસ્થામાં જીવને શુભક્રિયા થાય છે, શુભભાવ કરે છે અને એ શુભભાવ એને થાય છે ત્યારે જાણે એ સર્વસ્વ કરી લીધું હોય, ઘણું કરી લીધું હોય, બહુ કરી લીધું હોય, એમ સર્વસ્વપણે એને સ્થૂળપણે કે સૂક્ષ્મપણે, સામાન્યપણે કે વિશેષપણે, જાણ્યે કે અજાણ્યે થઈ પડે છે. એવું એનાથી બની જાય છે. એટલે એમ કહે છે, કે એ કાંઈ સર્વસ્વ નથી. તને સર્વસ્વપણું માલૂમ પડે છે. સર્વસ્વપણે તે ભાવ તને અનુભવાય છે એટલે એનો સીધો નિષેધ કર્યો, કે એ સર્વસ્વ નથી. સર્વસ્વ નથી તો શું છે કે કાંઈ નથી એમને. સર્વસ્વ નથી તો શું છે ? કે એનું કાંઈ મૂલ્ય નથી. જરાપણ એનું મૂલ્ય નથી. એમ લઈ લે.

બુદ્ધિપૂર્વકની સમજણમાં 'ગુરુદેવશ્રી'એ આ વિષયમાં એટલી બધી વાત કરી છે, કે મુમુક્ષુને બુદ્ધિપૂર્વકની સમજણમાં તો શુભભાવ ઉપર ચોકડી લાગી જવી જોઈએ. કોના ? પોતાના હોં ! પોતાના આવતા, પોતાને થતા જે શુભભાવ એ કાંઈ નથી એ વાત ઉપર એને ચોકડી લાગી જવી જોઈએ. એ કાંઈ છે જ નહિ. કાંઈ ગણવાની જ વાત નથી, એને કાંઈ ગણવું જ નથી. આ તો એકદમ ગાંઠ વાળીને બેસી જાય. એટલે બુદ્ધિપૂર્વક તો એનો ઊંધી દિશાનો પ્રયત્ન તો ન થાય. ઓછામાં ઓછું એટલું તો થાય, કે બુદ્ધિપૂર્વક તો ત્યાં એને ચોકડી મૂકીને બેસી ગયો છે કે ગમે તે શુભભાવ આવે. આખરમાં શુભભાવ છે ને. મારે જે કરવું છે એ બીજું છે મારે જે કરવું છે એ બીજું છે. આ કરવું છે એ નથી આ તો થઈ જાય છે. આ કરવું છે એ નથી. એ વાત એને બુદ્ધિની સમજણમાં સીધે સીધી હોવી જ જોઈએ.

એટલા માટે તો ગુરુદેવે 'સમયસાર'ની ટીકાનો આધાર આપીને બહુ નિષેધ કર્યો છે, કે એ વિષકુંભ છે. પ્રતિક્રમણ આદિ ભાવો વિષકુંભ છે, કેમકે સામાયિક પ્રતિક્રમણ

વગેરે સંપ્રદાયની રુઢિમાં આવે છે ને ? એ વિષકુંભ છે, ઝેરના ઝાડ છે, એના ફળ ઝેરરૂપે આવશે. એવું જેને એમ કહીએ કે, ઘૃણાસ્પદ વચનો લાગે. એટલા બધા તીખા વચનોથી એનો નિષેધ કર્યો છે. એમાંથી એટલું ઓછામાં ઓછું ફલિત થાય છે, કે પોતાના ચાલતા શુભભાવને ભૂલેચૂકે પણ કિંમત આપવી નથી અને જો કિંમત આપી, તો હજી અનાદિનો જ્યાં છે ત્યાંનો ત્યાં છે. આ વાત સાંભળીને એના અભિપ્રાયમાં કાંઈ ફેર પડ્યો નથી.

મુમુક્ષુ :- આધાર તો એનો લ્યે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો આધાર છોડાવવા માટે આ વાત છે. આધાર એનો લ્યે છે, એ આધાર એનો લ્યે છે, એવી સ્થિતિમાં એને ક્યાં રાખવો ? એ સ્થિતિ છોડાવી દેવી છે ને ? એટલે. એટલે શું થાય છે ? મિથ્યાત્વને ગાંઠ કહી છે. આ બધું મિથ્યાત્વને હિસાબે થાય છે. તો મિથ્યાત્વની ગાંઠ થઈ છે. જે ગાંઠ છોડી નાખવી છે, તે ગાંઠ ઢીલી પડ્યા વિના છૂટી જશે એવું બને છે કોઈવાર ? દોરીની ઘણા વખતથી ગાંઠ વળી ગઈ હોય, એમાં પણ રેશમની દોરી હોય, ચીકણું તેલ-બેલ અડી ગયું હોય તેલ પડી ગયું હોય; સૂતર, રેશમનું સૂતર તેલમાં બોળાઈ ગયું હોય અને ઘણા વખતથી નિબિડ ગાંઠ થઈને પડી હોય, ખોલવા જતા હાથ લપસી જાય, આંગળા લપસી જાય, એ ઢીલી પડ્યા વગર કેવી રીતે ખૂલવાની હતી ? તો આ જે બુદ્ધિપૂર્વકનું અધ્યયન છે, શાસ્ત્રનું અવગાહન છે, ઊંડી વિચારણા છે, સુવિચારણા જેને કહેવામાં આવે છે. એનાથી એ ગાંઠને ઢીલી પાડવાની છે, મિથ્યાત્વનો રસ ગાળવાની વાત છે.

'પ્રયોજનસિદ્ધિ'માં મૂળ વિષય એ છે, કે મિથ્યાત્વનો રસ તીવ્ર ક્યાં થાય છે ? મિથ્યાત્વનો રસ ઢીલો ક્યાં પડે છે ? ગળે છે ક્યાં ? અને એ મિથ્યાત્વનો (અર્થ) જેમ શુભભાવની કિંમત ન આંકે, એમ શુદ્ધભાવ પગટ્યા પહેલા, શુભભાવના પરિણમન કાળે, પરિણમન ત્યારે શુભનું હશે, શુદ્ધ નહિ હોય શુભનું હશે. અને મિથ્યાત્વનો રસ ગળે તો જેમ શુભની કિંમત નથી આંકવી, તેમ મિથ્યાત્વનો રસ થોડોક ગળે તોપણ એની કિંમત નથી આંકવી. કેમકે મૂળ સિદ્ધાંત એ છે, કે કોઈપણ ક્ષણિક ભાવોને કિંમત આપતા દર્શનમોહ તીવ્ર થાય છે-આ સિદ્ધાંત છે. કોઈપણ ક્ષણિકભાવોને, જો મૂલ્ય આપવામાં આવે, એની કિંમત આપવામાં આવે, એનું વજન

આપવામાં આવે તો પર્યાયબુદ્ધિ તો મિથ્યાદૃષ્ટિ છે એટલે એ દિશામાં ગયો એ.

શુદ્ધભાવ જેને પ્રગટ છે એવા સમ્યક્દૃષ્ટિઓ તો દ્રવ્યદૃષ્ટિ હોવાને લીધે અને પર્યાયદૃષ્ટિનો નાશ થઈ ગયો હોવાને લીધે, એ તો કદી કોઈપણ પોતાના ક્ષણિક શુદ્ધભાવનું પણ મૂલ્ય આંકતા નથી. એટલે એમને માટે એ પ્રશ્ન નથી. પણ જ્યાં સુધી શુદ્ધતા પ્રગટી નથી, ત્યાં સુધી પણ બુદ્ધિપૂર્વકની સમજણમાં, ન તો શુભભાવને કિંમત આપવી છે અને સ્વરૂપની ભાવનાથી એ શુભભાવો દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યેના કે તત્ત્વજ્ઞાન પ્રત્યેના કે સ્વરૂપ પ્રત્યેના, આત્મસ્વભાવ પ્રત્યેના થાય, ત્યારે જે કાંઈ મિથ્યાત્વનો રસ મંદ થાય, એની પણ કિંમત આપવાની નથી. એટલું તો બુદ્ધિપૂર્વક આવી જવું જોઈએ. શું વિશેષ વાત લીધી ? કે જેમ એક શુભભાવની કિંમત આંકવી નથી–એ સર્વસ્વ નથી, એમ જ્યાં સુધી સર્વસ્વ એવું જે ત્રિકાળી શુદ્ધાત્મસ્વરૂપ પરમાત્મપદ, એનો આશ્રય સર્વસ્વપણું માનીને ન આવે અને આશ્રય આવે ત્યારે સર્વસ્વપણું માનીને જ આવે એ વિના આવે નહિ, ત્યાં સુધી ક્યાંય પણ ક્ષણિકભાવો ઉપર, શુભભાવ ઉપર પણ નહિ અને મિથ્યાત્વ ગળે એના ઉપર પણ નહિ. મિથ્યાત્વ મંદ તો થયું ને ?

ઘણા મુમુક્ષુ એમ લ્યે છે, કે પહેલા અમે સ્થાનકવાસીમાં હતા અથવા દેરાવાસીમાં હતા. હવે આ સાચી વાત મળી ગઈ, એટલે સંપ્રદાયબુદ્ધિ હવે અમને નથી, તો એટલું મિથ્યાત્વ મંદ થયું કે નહિ ? અથવા તો હવે આત્મસ્વરૂપની વિચારણા કરીએ છીએ, નિર્મોહી તત્ત્વની વિચારણા કરીએ છીએ, જેમાં મોહનો અભાવ છે અને પરિપૂર્ણ નિર્મળ તત્ત્વ છે, એની વિચારણાથી દર્શનમોહ ગળે, તો એટલો તો ફાયદો ખરો ને ? કે તું પર્યાય ઉપર કિંમત દેવાનું છોડી દે. એ દર્શનમોહની–મિથ્યાત્વની વૃદ્ધિનું પરિણામ છે. અને એ દિશામાં જરાપણ આગળ વધવા જેવું નથી. એમાં શુભભાવ ઉપરનું અનાદિનું ભ્રાંતિગતપણે જે કિંમત અને મૂલ્ય આવી રહ્યું છે, એ જીવને ભૂલવવાનું વધુમાં વધુ કારણ હોવાથી, એની કાંઈ કિંમત આંકવા જેવી નથી. અને એ શુભભાવથી આગળ જઈને જરા જ્ઞાનનો ક્ષયોપશમ હોય અને આત્માની વાતો, અધ્યાત્મની વાતો, તત્ત્વની વાતો સારી રીતે સમજી શકતો હોય, ધારી શકતો હોય અને ભાષા જ્ઞાન હોય, એ સિવાયનું વિશિષ્ટજ્ઞાન વ્યાકરણ આદિનું બધું જ્ઞાન હોય. સંસ્કૃત માગધિ આદિ. અનેક મહાન પરમાગમોમાં આચાર્યોએ લખેલા કથનોનું અર્થઘટન કરી શકે,

એટલું બધું–બધુંય પરસત્તા અવલંબી જ્ઞાન, એ પણ આખરમાં તો ક્ષણિક પરિણામની મર્યાદામાં જ રહેલી ચીજ છે.

જેમ 'સોગાનીજી'એ એક પત્રમાં કહ્યું, કે મોક્ષાર્થી જીવ... જુઓ ! ક્યાં આવ્યું ? મોક્ષાર્થીની વાત લીધી છે તો મુમુક્ષુ, સમ્યક્દૃષ્ટિ બન્ને એમાં લઈ લીધા. કેમકે મુમુક્ષુ તે છે કે જે સમ્યક્દૃષ્ટિની Lineને અનુસરે છે, એના માર્ગને અનુસરવાવાળો છે તે મોક્ષાર્થી છે. મોક્ષાર્થી જીવ અલ્પકાલિન ભાવોંકા મૂલ્ય નહિ આંકતે. આ પત્રની અંદર એક વાક્ય આવ્યું છે. સિદ્ધાંતિક વાત છે, કે અમે તો આંકતા જ નથી. શુદ્ધોપયોગ થયો, આત્માનો આનંદ પૂર્વે નહિ આવેલો એવો અપૂર્વ–અપૂર્વ આનંદ આવવા માંડ્યો. જ્યારે જ્યારે શુદ્ધોપયોગ થયો ત્યારે વધુ સ્થિરતા થઈને વધુ અપૂર્વ અપૂર્વ આનંદ આવવા માંડ્યો. અને અપૂર્વ અનંતગુણની પરિણતિનું વહેણ શરૂ થયું, શાંતિનું ઝરણું ચાલ્યું, તોપણ અલ્પકાલિનભાવોનું મૂલ્ય આંકવાનો પ્રશ્ન અમારા માર્ગને વિશે ક્યાંય આવતો નથી. આ સીધી વાત છે. એ રીતે એ વાત ચાલી હતી.

પ્રશ્ન :– ...

સમાધાન :– એ તો મિથ્યાત્વથી લે છે ને ? એટલે. મિથ્યાત્વ તો પૂરી શક્તિથી પરિણમે ને ?

મુમુક્ષુ :– શક્તિમાં રસ ગળે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, શક્તિમાં રસ ગળે છે. શક્તિ ઘટે એનો અર્થ કે એનો રસ ગળે છે. પરિણમનમાં રસ છે એ શક્તિનું સ્વરૂપ છે. શુદ્ધતામાં કે અશુદ્ધતામાં-બંનેમાં શક્તિનું સ્વરૂપ જોવું હોય તો રસથી જોવાય છે. એમ. તો જ્યારે એવા દર્શન-જ્ઞાન-ચારિત્રના પવિત્ર મોક્ષમાર્ગના શુદ્ધ પરિણમનનું પણ મૂલ્ય આંકવાનો (પણ) નિષેધ છે અને એવા માર્ગે મોક્ષમાર્ગીઓ ચાલે છે, ત્યારે મિથ્યાત્વમાં રહીને શુભભાવ એ તો હજી ઠેકાણા વગરના ગણાય. કેવા ? ઠેકાણા વગરના શુભભાવ, એનું મૂલ્ય આંકી દે, એની કિંમત જીવને પોતાને આવી જાય થતી વખતે, તો એ સ્થૂળ રીતે મિથ્યાત્વની અંદર આગળ વધી રહ્યો છે. શું થઈ ગયું છે ? એને શુભભાવ થાય છે, ચારિત્રમોહની મંદતા વર્તે છે, મોહની અપેક્ષાએ લઈએ તો ચારિત્રમોહની મંદતા વર્તે છે, પરંતુ દર્શનમોહની તીવ્રતા વર્તે છે. આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– લાભ લેવા જતા નુકસાન થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા નુકસાન થાય છે. વ્યાજ લેવા જતા મુદ્દલ ખોવે છે. એમ વાત છે. કોઈ લોભી જીવ, એમ કહે કે અહીંયાં દોઢ ટકો આપે છે પણ અહીંયાં અઢી ટકા આપે છે અથવા અહીંયાં ચાર ટકાનું વ્યાજ મળે છે. કે, ભાઈ ! તારું વ્યાજ વધારે લેવા જતા મુદ્દલ ચાલ્યું જશે. નહિતર અને પછી તો વ્યાજ પણ હાથમાં આવવાનું નથી. એટલે પછી તો શુભભાવ પણ નહિ રહે. પછી તો અધોગતિમાં ચાલ્યો જઈશ, એટલે પછી તો શુભભાવ કરવાની જગ્યા પણ તને નહિ રહે.

મુમુક્ષુ :– સર્વશ્રેષ્ઠ કાર્ય...

પૂજ્ય ભાઈશ્રી :– હા એ કર્તવ્યની અપેક્ષાએ. કેમકે કાર્ય તો પર્યાયમાં થાય છે ને ? કાર્ય કાંઈ ત્રિકાળી શુદ્ધાત્મામાં થતું નથી. કાર્ય તો એક સમયની પર્યાયમાં થાય છે. તો એક સમયની પર્યાયમાં કરવા યોગ્ય શું ? કે શુદ્ધાત્મામાં ઠરી જવું એ. અનંત શાંતિના પિંડમાં, તદ્રુપ થઈને શાંત ભાવે ઠરી જવું આ કર્તવ્ય છે. એમાં નિર્દોષતા છે. બાકી એથી બહાર નીકળ્યો એટલે દોષની શરૂઆત થઈ. ચાહે શુભભાવમાં આવે કે ચાહે કોઈપણ પ્રકારના પરિણામમાં આવે, એ દોષમાં આવી ગયો. નિર્દોષ પરમાત્માને છોડીને જેટલો આઘો ગયો, એટલો એનો દોષ. સીધેસીધો પાધરો હિસાબ છે આમાં. કાંઈ આંટીઘૂંટી વગરની વાત છે.

પ્રશ્ન :– એમ થવાનું કારણ શું ?

સમાધાન :– એમ થવાનું કારણ મૂળમાં એની શ્રદ્ધા ખોટી છે, કે બહાર પણ ક્યાંક લાભ છે. સંયોગમાં, દેહની અનુકૂળતામાં અથવા શુભભાવમાં અથવા ક્યાંક શાસ્ત્રના અવલંબનમાં, ક્યાંય પણ પરસત્તાને અવલંબવામાં લાભ છે એવું એણે માની રાખ્યું છે, એવી માન્યતા ન છૂટે ત્યાં સુધી પરસન્મુખપણું છૂટે નહિ.

પ્રશ્ન :– ...

સમાધાન :– એ તો ત્યાં ને ત્યાં રહે છે. પણ પોતે પરિણામની અંદર કાર્ય ઊલટું કરે છે, તો એને એ રોકતો નથી. કેમકે એને તો કોઈ કાર્ય કરવાનું નથી. એ તો ત્રિકાળી ધ્રુવ ધાતુ છે, શક્તિરૂપ તત્ત્વ છે. એ શક્તિરૂપ રહે છે એ વ્યક્તિરૂપ કોઈ કાર્ય કરતું નથી. એટલે જીવ સ્વતંત્રપણે ઊંધું કરે, તોપણ એ પોતાના સ્થાનમાં જેમ છે તેમ રહે છે અને જીવ સવળું કરે તોપણ એ પોતાના સ્થાનમાં જેમ છે તેમ રહે છે. એટલે વિવેક પરિણામમાં કરવાનો રહે છે. એટલે ઉપદેશ પરિણામને અનુસરીને

જ આવે છે.

જેટલો ઉપદેશમાં છે, ઉપદેશમાં જેટલો વિશાળ પ્રકાર છે એનું કારણ આ છે, કે અનેક પ્રકારના વિભાવ, અનેક પ્રકારના અપરાધ, અનેક પ્રકારના પરિણામના રોગ, એ ઉપદેશમાં બધાની સામે બધી દવાઓ તૈયાર છે. એમ સમજીને એનો સરવાળો શું ? એ બધા ઉપદેશનો સાર શું ? બાર અંગનો સાર શું ? કે શુદ્ધાત્મામાં ઠરી જવું તે. અનુભૂતિથી શુદ્ધાત્મામાં ઠરી જવું, અનુભૂતિને સાર કહ્યો ને ? કે બાર અંગનો સાર શું છે ? કે સ્વાનુભૂતિ તે બાર અંગનો સાર છે. સ્વાનુભૂતિમાં જીવ શુદ્ધાત્મામાં ઠરેલો માલૂમ પડે છે. બસ ! એ એનો સાર છે. બધાનો સાર આ છે.

મુમુક્ષુ :- ઘડ બેસવી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ બીજી ઘડ ઊખડતી નથી અને આ ઘડ બેસતી નથી. ઘડ તો પડેલી છે, ઘડ વગરનો નથી. પણ ઊંધી ઘડ મટતી નથી અને સવળી ઘડ પડતી નથી.

મુમુક્ષુ :- શક્તિ છે તો શક્તિ ક્યાં ગઈ ?

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિને સંભાળી નથી, શક્તિનું માપ જ્ઞાનમાં આવ્યું નથી. આ સ્વાધ્યાય એટલા માટે છે, કે સમજણથી એકવાર તારી શક્તિનું માપ તો લે, કે કેટલી અમાપ શક્તિ છે ? તો તારી પેલી ઘડ છે ને ? એ ઘડ વિખાઈ જશે. મૂળ તો એને... કેમકે એ શક્તિનું માપ લેવા જતા મોટામાં મોટી વાત તો એ છે, કે અંદરમાં અનંત સુખ શક્તિ પડી છે. બહાર જે જાય છે એ સુખ માટે જાય છે. સુખની કલ્પના ભલે છે અને સુખ નથી ત્યાં. પણ જાય છે એ સુખ માટે જાય છે કાંઈ મફતનો જાતો નથી. તો એ જે સુખ છે ત્યાં એને અંદરનું સુખ જો એને ભાસે, અનંતજ્ઞાનનો સમુદ્ર છે, અનંતસુખનો સાગર છે, એ એની હયાતી એને ભાસે, હયાત છે, મોજૂદ પરિસ્થિતિ ભાસે. અને બહારમાં જ્યાં એનો ઉપયોગ જાય છે ત્યાં કલ્પનામાત્ર છે અને સુખથી ખાલી છે. સામેનો જ્ઞાનનો વિષય સુખથી ખાલી છે. પરપદાર્થ જે જ્ઞાનમાં આવે છે એ સુખથી ખાલી છે અને ત્યાં સુખ લેવાનો અભિપ્રાય કે પરિણામ એ આકુળતાનું ઉત્પાદક છે, દુઃખનું ઉત્પાદક છે. એવો જે પ્રત્યક્ષ અનુભવ, એ એને ત્યાંથી પાછો વાળે છે. પણ એને બરાબર એની Practice કરવી જોઈએ.

નીચે એ વિષય ચાલશે. ૨૨૪ માં બોલનો એ વિષય છે, કે એની Practice

ચાલવી જોઈએ. વિચાર કર્યા કરે. શાસ્ત્ર લઈને વાંચ્યા વાંચ કર્યા કરે કે સાંભળ્યા સાંભળ કર્યા કરે એમ નહિ. અંદરમાં એને Practice ચાલવી જોઈએ. એ વગર ઘડ વિખાય એવું નથી અને નવી ઘડ પડે એવું નથી.

**અંતરાત્મા તો દિવસ ને રાત અંતરંગમાં આત્મા, આત્મા ને આત્મા–એમ કરતાં કરતાં, અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં, પરમાત્મા થઈ જાય છે. ૨૨૪.**

૨૨૪ મો બોલ છે એ જ્ઞાનીની દશાનો બોલ છે. જ્ઞાનીની દશાના અનેકવિધ, જ્ઞાની તો ગુણવંતા છે એટલે અનેક ગુણ પ્રગટ્યા છે. એ વિભિન્ન ગુણોના પાસા એમની દશા દ્વારા વર્ણવવામાં આવે છે. અને એ સંબંધીના પણ અનેક પ્રકારના બોલ છે. ૨૧૮ માં ઉદાસીનતાનો, ઉપેક્ષાનો, બોજાનો એ વિષય ચાલી ગયો. અહીંયાં એક બીજી વાત કરે છે. ભલે વર્ગ એટલે ક્લાસ એનો એ છે. જ્ઞાનીની દશામાં બોલ જાય છે, પણ વાત એના જુદાં જુદાં પડખા બતાવવાની છે.

હીરો એનો એ છે એના પાસા અનેક છે. અને એક–એક પાસા એવા ચમત્કારિક છે, કે જોતા આશ્ચર્ય ઊપજે. **'અંતરાત્મા તો...'** અંતરાત્મા એટલે જે અંતર્મુખ થયા છે એવા આત્માને અંતરાત્મા કહે છે. 'યોગીન્દ્રદેવ'ની જે રચના છે, એક છે 'યોગસાર'. હમણાં 'સોનગઢ'માં એના પ્રવચનો આપણે પ્રસિદ્ધ થયા છે. 'હું પરમાત્મા' નામ છે. આ જે 'ગુરુદેવ'ની ટેપ છે ને ? તું પરમાત્મા છો એમ નક્કી કર, તું પરમાત્મા છો એમ નક્કી કર. એ વિષય 'યોગસાર'ના પ્રવચનો ચાલતા એ વચનો આવ્યા છે 'યોગસાર'નું એ પ્રવચન છે.

'યોગસાર' અને બીજી એમની રચના છે 'પરમાત્મપ્રકાશ'–બંને આત્મસ્વરૂપની તીવ્ર ભાવનાના ગ્રંથો છે. આચાર્ય મહારાજે પોતાના માટે એ ભાવના, સ્વરૂપની ભાવનાનો ધોધ વહેવાડાવ્યો છે. એના ઉપરથી જેને સ્વરૂપની ભાવનામાં આવવું હોય એ ગ્રંથોના નિમિતથી એ ભાવના વિશેષ તીવ્ર બનાવી શકે છે. એમાં બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. ધારણાના પ્રકરણમાં એવી આત્માની ત્રણ દશાનો વિષય

લે છે. એમાં જે જીવ અનાદિ, અજ્ઞાનથી અને મિથ્યાત્વદશાથી સર્વસ્વપણે કેવળ બહિર્મુખભાવે પરિણમી રહ્યો છે, એને ત્યાં બહિરાત્મા કહ્યો છે. અને ચોથા ગુણસ્થાનમાં પોતાના નિજ પરમાત્માનું દર્શન કરીને અંતર્મુખ થયો, એ ચાર ગુણસ્થાનથી બાર ગુણસ્થાન સુધી મોક્ષમાર્ગની અંદર આવેલા જીવને અંતરાત્મા કહ્યો છે. અને અરિહંતપદને તેરમાં ગુણસ્થાનને પ્રાપ્ત કરે. તેરમાં, ચૌદમાં અને સિદ્ધપદ, એને પરમાત્મા કહ્યા છે. ત્રણેય વાત પરિણામની જુદી–જુદી સ્થિતિની વાત છે. એમાંથી આ અંતરાત્માનો શબ્દ છે, કે અંતરાત્મા એટલે ધર્માત્મા, મોક્ષમાર્ગમાં આવેલો જીવ, તો રાત અને દિવસ આ એનો વ્યવસાય છે. આ ધંધાવાળાને ધંધો... ધંધો... ધંધો... ચોવીસ કલાક મગજમાંથી ભૂત નીકળતું નથી.

મુમુક્ષુ :– પૈસા સિવાય બીજું શું ?

પૂજ્ય ભાઈશ્રી :– સર્વસ્વ માની લીધું છે. એટલી કિંમત આપી છે, કે એને એ ધંધાનું ભૂત અને પૈસાનું ભૂત માથામાંથી નીકળતું નથી.

મુમુક્ષુ :– દિવસ-રાત ચાલે છે.

પૂજ્ય ભાઈશ્રી :– માથું સડી જાય ત્યાં સુધી ચાલે. દિવસ-રાત એટલે 'ગુરુદેવ' તો બહુ કડક કહેતા, કે મોટો શ્રીમંત હોય અને લાંબી લાંબી મોટરમાં... આ imported ગાડીઓ લાંબી હોય છે ને બેઠો હોય પણ અંદર હોળી સળગતી હોય છે. એ મોટરમાં નથી બેઠો પણ, મોટર એના માથે બેઠેલી છે એમ કહેતા. વાણી જ એવી તીખી હતી, પુરુષાર્થ પ્રેરક !

તો કહે છે કે, અહીંયાં જ્ઞાની છે એનું નિરંતર પરિણમન શું છે ? કે **'દિવસ ને રાત...** અહર્નિશ **'અંતરંગમાં...** બહારને, બહારનો દેખાવ આડંબરનો પ્રશ્ન અહીંયાં નથી. **'અંતરંગમાં આત્મા, આત્મા ને આત્મા–એમ કરતાં કરતાં...'** એટલે કે **'અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં, પરમાત્મા થઈ જાય છે.** આત્મા એટલે પરમાત્મા એ ત્રણ પદ આત્માના લીધા–આત્મા, આત્મા, આત્મા એ પરમાત્મા માટે લીધા છે. ક્યા ? કે નિજ પરમાત્મા. કે જે જ્ઞાની છે, અંતરાત્મા થયા છે, તે પોતાના પરમેશ્વર પદને, શ્રદ્ધા-જ્ઞાન–આચરણમાં પરિણમાવીને, શ્રદ્ધા જ્ઞાન આચરણપણે પરિણમીને, વિકલ્પ કરતાં કરતાં નહિ. શું ફેર પાડવો છે ? કે આત્મા... આત્મા... આત્મા... એમ કરતાં તો અમે આત્મા... આત્મા.. આત્માનો વિકલ્પ કર્યા કરીએ તો ? જ્ઞાયક... જ્ઞાયક...

જ્ઞાયક... કર્યા કરીએ તો ? એ વિકલ્પનો પ્રશ્ન નથી. એટલે ક્યાંય વિકલ્પની વાત નથી લીધી. ધ્યાનથી જોવા જેવું છે, કે એમાં ક્યાંય વિકલ્પની વાત આવતી નથી. ઊલટાનું અંતરાત્મભાવે પરિણમતા–પરિણમતા લીધું છે. પરિણમનની વાત લીધી છે. અંતરાત્મભાવરૂપ પરિણમનની વાત લીધી છે માત્ર આત્માનો વિકલ્પ કરતા કરતા પામી જાય છે અને પરમાત્મા થઈ જાય છે એમ લેતા નથી.

પ્રશ્ન :– આ પહેલા ગુણસ્થાનમાં...

સમાધાન :– હા, જ્ઞાનીની દશાની વાત નથી.

પ્રશ્ન :– ઘણા જ્ઞાનીને પણ ભેગા ગણે છે.

સમાધાન :– એમાં શું છે કે, જે વિકલ્પમાં ઊભો છે, વિકલ્પમાં હુંપણે ઊભો છે, અને વિકલ્પમાં સર્વસ્વ માન્યું છે, એ જ્ઞાનીને પણ વિકલ્પવાળો જ જુવે છે કે, જુઓ એ આ શાસ્ત્ર વાંચે છે, એ પણ પૂજા કરે છે, એ પણ ભક્તિ કરે છે, એ પણ દયા-દાન કરે છે. એટલે એને એ વિકલ્પવાળો જોવે છે અને પોતે પણ એની નકલ કરવા જાય છે. એ આમ કરે છે અને હું આમ કરું. એ ધર્માત્મા છે એ આમ કરે છે, હું પણ એમ કરું. એટલે એની જે વિકલ્પવાળી દશા છે એની નકલ કરવા જાય છે. એમ નથી. એમ નથી એ વાત કહેવા માટે શબ્દ ઇ વાપર્યો છે અંતરાત્મા. જ્ઞાની શબ્દ ન વાપર્યો, સમ્યક્દૃષ્ટિ શબ્દ ન વાપર્યો, (નહિતર) એ તો પ્રચલિત શબ્દ છે. પણ અંતરાત્મા એવો શબ્દ વાપર્યો છે. એક એક વાતની અંદર કાંઈક છે. એ અંતરાત્મા એટલે એના અંતરંગ પરિણમનની વાત અહીંયાં કહેવી છે. બાહ્ય પરિણમનરૂપ જે ધર્માત્માનો વિકલ્પ છે એ વાત...

પરિણામ કહેવામાં આવે છે. શીલ એટલે સ્વભાવ. એક ઢલણ થઈ ગયું કે વલણ થઈ ગયું. વિકલ્પ ઉઠાવ્યા વિના, વિકલ્પ કર્યા વિના, કૃત્રિમતા લાવ્યા વિના, સહજપણે, સહજાત્મ સ્વરૂપનો એટલો મહિમા ને વલણ ચાલુ રહે છે કે એ વલણનું વહેણ છે એ અપૂર્વ... અપૂર્વ... અપૂર્વપણે પરિણમ્યા જ કરે છે. પુરુષાર્થ એમાં હોય છે, એમાં રહેલો જે આવેગ, એમાં રહેલો જે રસ, તીવ્ર રસ, એને પુરુષાર્થ કહેવામાં આવે છે. એની મુખ્યતાથી એ આત્માને અંતરાત્મા કહે છે. પરિણમન છે અંતર્મુખ પણ આત્માને જ અંતરાત્મા ત્યાં કહે છે.

જેમ ચોરી કરનારને ચોર કહે, પૂજા કરનારને પૂજારી કહે. એ એના નયનું નામ

છે. જે જે સમયે જે કાર્ય કરતો હોય, તે સમયે તેનું તે કાર્ય કરનાર તરીકે નામ પાડવું. સમઅભિરૂઢનય કહે છે એને સમઅભિરૂઢનય કહે છે. નય છે ને ? મુખ્ય મુખ્ય નયો એમાં સમઅભિરૂઢનય છે. સંગ્રહનય અને એ બધા નયો છે. એવંભૂતનય આરૂઢ થાય છે એ વખતે. કાર્યમાં આરૂઢ થાય છે. તે કાળે સમ એટલે તે કાળે કાર્યમાં આરૂઢ થાય છે.

તો અહીંયાં અંતર્મુખ થાય છે તો એ આત્માને અંતરાત્મા કહે છે. આત્મા તો આત્મા જ છે. જે છે એ અનાદિ અનંત જે છે એ છે. પણ બહિર્મુખ ભાવે જતો હતો તો કે એનું નામ પાડો બહિરાત્મા, એને બહિરાત્મા કહો. હવે ? કે પડખું બદલ્યું અંતર્મુખ આવ્યો, તો કહે એનું નામ અંતરાત્મા. જે પરમાત્માને ધ્યાનમાં લઈને પરમાત્માને ધ્યાવતો–ધ્યાવતો પરિણમે છે તે અંતરાત્મા છે. એમ છે ખરેખર. અંતઃતત્ત્વ સ્વરૂપ પરમાત્મા. એને અંતરાત્મા એવું નામ શું કરવા આપ્યું ? કે એક તો એનું ધ્યેય છે તે અંતઃતત્ત્વ સ્વરૂપ પરમાત્મા છે અને એનું પરિણમન છે એ બહિર્મુખ દિશાથી ઊલટો થઈને, ગુલાંટ ખાઈને, અંતર્મુખ થઈ ગયો છે એટલે પણ એને અંતરાત્મા કહેવામાં આવે છે.

એવો જે અંતરાત્મા એ તો રાત અને દિવસ, રાત અને દિવસ જુઓ ! બીજા કાર્ય કરતો દેખાય, તોપણ ખરેખર એમાં એ Absent છે, ગેરહાજર છે, એનો ત્યાં ઉપયોગ લાગતો નથી. એટલે ઉપરછલ્લા ઉપયોગને ઉપયોગ લાગતો નથી એમ કહેવામાં આવે છે. ચિત એક જ જગ્યાએ ચોંટેલું છે. બીજી જગ્યાએ ચોંટતું નથી. અનંત સુખના ધામ ઉપર છે. એટલે જ બીજી જગ્યાએ ચોંટતું નથી. ચિતનો એવો સ્વભાવ છે, કે જ્યાં એને સુખનો નિશ્ચય થયો, નિશ્ચયને અનુસરે છે. ચિત કોને અનુસરે છે ? નિશ્ચયને. કે જ્યાં સુખનો નિશ્ચય થયો ત્યાંથી એનું ચિતડું ખસી શકે નહિ. તો અનંત સુખનું ધામ નિશ્ચિત થઈ ગયું કે આ જ અનંત સુખનું ધામ. એટલે આ જ નિશ્ચિત થઈ ગયું એટલે ભાસી ગયું, એની હયાતી ભાસ્યમાન થઈ. એટલે ચિત પછી ત્યાં રહે છે.

**'દિવસ ને રાત અંતરંગમાં આત્મા, આત્મા ને આત્મા... '** એટલે અનંત સુખનું ધામ એટલે પરમાત્મા. હું આવો... હું આ... આ હું... આ હું... આ હું... આત્મા... આત્મા... આત્મા... એટલે આ હું. એમ **'કરતાં કરતાં ...'** એમ કરતાં કરતાં એટલે

એમ પરિણમતાં પરિણમતાં, એમ વિકલ્પ કરતાં કરતાં એમ નહિ. વિકલ્પ શબ્દ જ નથી લીધો. એમ પરિણમન કરતા... કરતા... ચોખ્ખું કરે છે કે એમ પરિણમન કેવી રીતે ? વિકલ્પમાં નહિ. એમ **'અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં,...'** અંતર્મુખ થઈને પરિણમતાં પરિણમતાં. પરમાત્માનો આશ્રય લઈને જે પરિણમ્યો છે, એવી રીતે પરિણમતાં પરિણમતાં એ આગળ વધે છે. કેટલો આગળ વધે છે ? કે પૂર્ણ **'પરમાત્મા થઈ જાય છે.'** એ સાધકજીવ પરિપૂર્ણ પરમાત્મા થઈ જાય છે. જેમ જેમ આગળ વધે છે, બહારમાં પણ એના યથોચિત ફેરફારો પંચમ ગુણસ્થાનમાં પંચમ ગુણસ્થાનને યોગ્ય થાય છે. છઠ્ઠા–સાતમાં ગુણસ્થાનમાં મુનિદશાને યોગ્ય થાય છે. એ બધું આપોઆપ થાય છે એમ સમજી લેવું.

પાછું કોઈ એમ કહે કે ભાઈ ! બહારની સાથે કાંઈ સંબંધ નથી, જરાય સંબંધ નથી. અને એ તો અંદરમાં ઊપડ્યો એટલે થઈ ગયો. પણ એમ છે નહિ. એ બધા ફેરફારો કાં તો પહેલેથી તીવ્ર કષાયની મંદતામાં આવીને થઈ ગયા હોય અને કાં મોક્ષમાર્ગમાં આવીને એ ફેરફારોનો વિકલ્પ અને નિશ્ચય એને, એકવાર એ નિશ્ચય એ આવ્યા વિના રહે નહિ. કેમકે એકવાર નિશ્ચયથી એણે એ કાર્ય કરેલું છે. જે કાંઈ અપ્રત્યાખ્યાનના પરિણામ છે, એનો એને એકવાર નિશ્ચય વર્તેલો છે. તો પ્રત્યાખ્યાન પણ નિશ્ચયપૂર્વક એકવાર તો આવે છે. ચાહે જ્ઞાનદશામાં આવે કે ચાહે અજ્ઞાનદશામાં કષાયની મંદતામાં આવે. સાંજે ચર્ચા ચાલી હતી ને ? એનો આ સીધો હિસાબ છે.

એમ કે ભરત ચક્રવર્તી વ્યવહારના પરિણામમાં ન આવ્યા અને કેવળજ્ઞાન પામ્યા બે રીતે એનું કથન આવે છે. શ્વેતાંબર શાસ્ત્રમાં કથા એ રીતે આવે છે કથાનુયોગમાં અરીસાભવનમાં કેવળજ્ઞાન પામ્યા. અરીસાભવનમાં શું હતું કે આખા મહેલની અંદર ચારેકોર અરીસા લાગેલા હતા. એમાં એક આંગળી કે દસ આંગળીએ ચક્રવર્તી છે એટલે દસે આંગળીએ એણે વીંટી-વેઢ વગેરે બધા આભૂષણ પહેરેલા હોય છે, એમાં એક આંગળીથી વીંટી ખરી જાય છે, અને એ આંગળી બીજી આંગળી જેટલી શોભા નથી દેતી અડવી લાગે છે, એમ કહે છે ને કે ભાઈ ! આ આંગળી અડવી લાગે છે. તો એને વૈરાગ થઈ જાય છે કે બસ ! મારું મૂલ્ય આટલી એક સોનાની વીંટીથી મારું મૂલ્ય ! એમાં એની કિંમત આટલી ! વૈરાગ આવી જાય છે અને મુનિદશા અંગીકાર કરે છે. એમાં મુનિદશાનો વિષય નથી આવતો. ત્યાં તો એ વૈરાગ્યમાં ને વૈરાગ્યમાં

ચડીને કેવળજ્ઞાન પામી જાય છે એમ ને એમ.

દિગંબર શાસ્ત્રોમાં કથાનુયોગ એ પ્રમાણે નથી. એ વૈરાગ્ય આવે છે ત્યારે મુનિદીક્ષા પહેલા અંગીકાર કરે છે. પણ મુનિદીક્ષા અંગીકાર કરે છે ત્યાં સુધી હજી એને ભાવલિંગ મુનિદશા નથી પ્રગટી હોતી. જ્યાં સુધી વિધિ ચાલે છે, વિકલ્પ ચાલે છે, પચ્ચખાણ લે છે, પ્રતિજ્ઞા લે છે, ત્યાં સુધી હજી ચોથું કે પાંચમું ગુણસ્થાન હોય છે. પછી જ્યારે પહેલા વહેલા ધ્યાનમાં બેસે છે, ત્યારે એને સાતમું ગુણસ્થાન પ્રગટ થાય છે. પ્રચુર સ્વસંવેદન આવે છે, ત્યારે ત્યાં ભાવમુનિલિંગ મુનિદશા ત્યારે એને પ્રગટી અને ત્યારે એ મુનિ થયા એમ કહેવાય. વાસ્તવિકપણે ત્યારે મુનિ થાય. અને ત્યાંથી એ ઊપડ્યા સાતમાં ગુણસ્થાનથી ઊપડ્યા–ઊપડ્યા તે આઠમું, નવમું, દસમું, બારમું, તેરમું લઈ લીધું. અંતર્મુહૂર્તમાં પરમાત્મપદને અરિહંતદશાને પ્રાપ્ત કરી અને બહારમાં પંચમહાવ્રત સમિતિ ગુપ્તિ આદિના પાલનના જે મુનિદશાના વ્યવહાર હોય છે, એ ભાવલિંગ પ્રગટ્યા પછી એમને પાળવાનો પ્રકાર ન ઉત્પન્ન થયો, તો એવા વ્યવહારનું એમને બંધન ન નડ્યું. કે એમને પાળ્યો છે કે નથી પાળ્યો ? એ પ્રશ્ન, એ રીતે બંધન નથી. પણ એ રીતે બંધન નથી એટલે કોઈ નિશ્ચય બદલ્યા વિના, એનું પ્રત્યાખ્યાન લીધા વિના, અપ્રત્યાખાનવાળી દશામાં એમનેમ આવી જાય અને ગુણસ્થાનની શ્રેણી ચડી જાય, એમ સિદ્ધાંત સ્થાપવાનું ક્યાંય હોઈ શકે નહિ. એ વાત ત્યાં નથી.

એનો હિસાબ આ છે કે પહેલા બુદ્ધિપૂર્વક એનો નિશ્ચય વર્તે છે. તો એ એનો બુદ્ધિપૂર્વક નિશ્ચય તોડવો જોઈએ. જેમ કોઈ માણસ એમ કહે, કે ભાઈ ! તમે જાહેરમાં આ અપરાધ કર્યો છે. હવે તમે એનું ખાનગીમાં પ્રાયશ્ચિત લ્યો કે માફી માગો, તો એ વાત ઉચિત નથી. તમે જાહેરમાં એની માફી માગો, જાહેરમાં એ અપરાધનું પ્રાયશ્ચિત લઈ લ્યો. શું કરવામાં આવે છે ? બરાબરી કરાવવામાં આવે છે કે નહિ ? કેવી રીતે એ અપરાધને nil કરવામાં આવે છે ?

મુમુક્ષુ :– ભવ આલોચના.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ભવ આલોચના, પ્રગટ આલોચના,. એમ અહીંયાં એમ કહે છે, કે તે બુદ્ધિપૂર્વક નિશ્ચય કર્યો છે, કે આમાં સુખ છે, આ ગ્રહણ કરું, આ લઉં, આ મેળવું, આમ કરું, તેમ કરું, તો બુદ્ધિપૂર્વક તેનો ત્યાગ કર. નિશ્ચય કર,

પચ્ચખાણ લે આનું, પ્રત્યાખ્યાન લે. પછી નિર્વિકલ્પ એની દશા આવશે. વિકલ્પવાળી દશામાં એટલી દઢતા આવ્યા વિના, સીધી કોઈને નિર્વિકલ્પદશા આવે અને એ દઢતા નિર્વિકલ્પદશાની પ્રગટ થાય એવું કદી કોઈને બનતું નથી. એ એનો નિયમ છે.

એટલે સ્વરૂપ નિશ્ચયમાં પણ એમ છે, કે બુદ્ધિપૂર્વક પોતાનું સ્વરૂપ અન્યથા કલ્પી લીધું છે કે હું માણસ છું, હું વાણિયો છું, હું શ્રાવક છું, હું ફલાણો છું, ગૃહસ્થી છું, વેપારી છું, નોકરીયાત છું, ગરીબ છું, તવંગર છું, વિદ્વાન છું, પંડિત છું, મૂર્ખ છું. જે કાંઈ અનેક પ્રકારની જે કલ્પના એને કરી છે, આનો આ સગો છું, આનો બાપ છું, આનો દીકરો છું, આમ છું, તેમ છું. જે ગણ્યું છે એ બધું બુદ્ધિપૂર્વક જે નિશ્ચિત કર્યું છે એને નિશ્ચયમાં પહેલા બુદ્ધિપૂર્વક એનો નિષેધ આવશે કે, આ બધું હું નહિ બુદ્ધિપૂર્વક એને આવશે કે હું ત્રિકાળી શુદ્ધ પરમાત્મા. પછી એનું નિર્વિકલ્પ પરિણમન આવશે.

નિશ્ચય થયા વિના, સ્વરૂપ નિશ્ચય થયા વિના કોઈને નિર્વિકલ્પદશાનું સમ્યક્દર્શન પ્રગટે, એવું કદી બનતું નથી. એ સિદ્ધાંત સ્થાપેલો છે. 'સમયસાર'ની ૧૪૪મી ગાથા લઈએ તો ત્યાં નિર્વિકલ્પ શુદ્ધોપયોગની પક્ષાંતિક્રાંતની ગાથા છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન અંતર્મુખ થઈને નિર્વિકલ્પ થાય છે. સાક્ષાત્ નિર્વિકલ્પ થયો થકો. તો પહેલી આચાર્ય મહારાજે એક લીટીમાં વાત કરી નાખી, કે પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાન સ્વભાવી આત્માનો નિર્ણય કરીને કરવો. આ નિર્વિકલ્પ થવા માટે શું કરવું ? કરવો એમ આદેશાત્મક શબ્દ વાપર્યો છે.

પ્રથમ તો શ્રુતજ્ઞાન દ્વારા જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો. પછી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને મર્યાદામાં લાવવી, સ્વસન્મુખ કરવી. તો નિર્વિકલ્પ થયા પહેલા નિર્ણય કરવાની વાત પહેલા નાખી. કેમ ? કે એનું કારણ છે. અને 'અમૃતચંદ્રઆચાર્યદેવ'ની 'સમયસાર'ની અંદર એ શૈલી જ કારણ કાર્યના લોજીકવાળી છે. જે કોઈ વાત સ્થાપવી હોય એનું કારણ સ્થાપીને સ્થાપે. વિષયને સિદ્ધ કરવાની, ટીકા કરવાની એ એમની પદ્ધતિ છે.

પ્રશ્ન :- અંતરાત્મદશા પોતે ..

સમાધાન :- હા, અંતરાત્માદશા, પહેલી વહેલી નિર્વિકલ્પદશામાં આવ્યો અંતર્મુખ થઈને, મતિશ્રુતજ્ઞાન અંતર્મુખ થઈ ગયું, શ્રદ્ધાન પણ અંતર્મુખ થઈ ગયું, આચરણ

પણ અંતર્મુખ સ્વરૂપ આચારણ થયું એટલે એ બધા ગુણોનું પુરુષાર્થનું, સુખનું, શાંતિનું, આનંદનું, બધા ગુણોનું પરિણમન અંતર્મુખ થઈને અંદર આવ્યું એટલે એને અંતરાત્મા કહ્યો.

પ્રશ્ન :– ....

સમાધાન :– નહિ એમાં શું છે કે, તીવ્રતા છે એટલે એની અસર ઠેઠ સુધી પહોંચે છે. સૂક્ષ્મ પરિણતિ ઉપર પણ એની અસર પહોંચે છે. જ્યારે સ્વરૂપ નિશ્ચય થાય છે, ત્યારે એકલો ઉપર ઉપરનો સ્થૂળ ફેરફાર થાય છે એમ નહિ. પણ એની તીવ્રતા, તીખાશ અને રસ એટલો હોય છે કે સૂક્ષ્મ પરિણતિ સુધી એની અસર પહોંચે છે.

પ્રશ્ન :– ...

સમાધાન :– અહીં તો ચારેબાજુથી ભરડો લેવો છે.

પ્રશ્ન :– ...

સમાધાન :– એ તો ઊલટામાં ને ? ઊલટામાં. સૂક્ષ્મમાંથી સ્થૂળ સુધી આવી ગયો. તો એ તો એનું Result આવ્યું. બરાબર છે ? હવે જ્યાં ઊભો છે ત્યાંથી પાછો વળશે ? કે ઊભો નથી ત્યાંથી પાછો વળશે ? તો સ્થૂળતામાં આવી ગયો ત્યાંથી પાછા વળવું પડશે ને ? જે દિશામાં આગળ વધીને સ્થૂળતામાં આવી ગયો, તો ત્યાંથી જ પાછા વળવું પડશે ને. સીધો ગણિતના હિસાબ જેવું છે એ તો. ખ્યાલમાં આવ્યું ? એમ છે. જેમ કોઈ દિશામાં કોઈ જીવ આગળ ચાલે છે, કે અડધો માઈલ ચાલ્યો, માઈલ ચાલ્યો, બે માઈલ ચાલ્યો, પાંચ માઈલ. હવે એને પાછું વળવું છે, તો centreમાંથી પાછો વળશે કે જ્યાં પહોંચ્યો છે ત્યાંથી પાછો વળશે ? પહોંચ્યો છે ત્યાંથી પાછો વળશે. એના જેવી વાત છે.

અહીંયાં એનો આખરી, છેલ્લું ફળ શું આવે છે ? કે જે અંતરાત્મા થયા એ અંતરાત્મભાવે પરિણમતાં પરિણમતાં મોક્ષમાર્ગની સર્વ ગુણસ્થાનોની પરિપાટીને વટાવીને, આગળ વધીને, છેલ્લે એ પરમાત્મા, નિર્દોષ પરમાત્મા થઈ જાય છે. આખી વિધિ એની આવી ગઈ ટૂંકામાં.

મુમુક્ષુ :– આ જે આત્મા, આત્મા, આત્મા છે એ ધ્રુવ માટે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એ આત્મા... આત્મા... આત્મા... એ ધર્મીનું સ્વરૂપભાવનાનું

પરિણમન છે. ત્રણ વખત જે શબ્દ લીધા છે, એમાં સ્વરૂપની ભાવના બતાવે છે, કે અંતરાત્મા છે એને પરમાત્મસ્વરૂપની ભાવના હોય છે, એ સૂચિત કરવા માટે, એ વ્યક્ત કરવા માટે એક ને એક શબ્દ ત્રણ વખત વાપર્યો છે. એની પાછળ કાંઈક કહેવું છે. એ સ્વરૂપ પ્રત્યેની ભાવના બતાવે છે.

મુમુક્ષુ :- નિરંતર ભાવના જ વર્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વરૂપની ભાવનાના વહેણમાં, એમનું પરિણમન અંતરાત્મા થઈને વહે છે અને પરમાત્મપણું પામી જાય છે. એમ કહેવું છે. કેમકે ગ્રંથ ભાવનાનો ચાલે છે ને ? અંતરાત્મા-પરમાત્માપણાનો જે વિષય ચાલ્યો છે, એ સ્વરૂપની ભાવનાનો આખો અધિકાર છે. એટલે એક બાજું જોઈએ તો એ મોક્ષમાર્ગીની જ્ઞાનીની દશાનું એક પાસું છે, ઊજળું પાસું છે. બીજી બાજું જોઈએ તો એની અંતરમાં પોતાના સ્વરૂપ પ્રાપ્તિની, સ્વરૂપની ભાવના વર્તે છે. વિકલ્પથી ભાવના થાય છે એ વાત અહીંયાં નથી. એમને અંતર્મુખી પુરુષાર્થપૂર્વક એકાગ્રતાની ભાવના વર્તે છે. એ ભાવનાની અહીંયાં વાત છે. લીનતાની ભાવનાની વાત છે. વિકલ્પની ભાવનાની વાત અહીંયાં નથી.

મુમુક્ષુ :- ભાવનામાં પણ પરમાત્મા જ છે.

પૂજ્ય ભાવના :- હા ! પરમાત્મા જ છે એવી ભાવના છે. ગજબની ભાવના છે.

પ્રશ્ન :- આપે કીધું સૂક્ષ્મમાંથી સ્થૂળ...

સમાધાન :- સૂક્ષ્મ પરિણમનમાંથી સ્થૂળતા સુધી આવી ગયો, તો એને સ્થૂળતા તો તૂટવી જ જોઈએ ને ? સૂક્ષ્મતા તો તૂટવી જ જોઈએ. એકલી સ્થૂળતા તૂટે એમ નહિ. પણ સૂક્ષ્મતા તૂટે અને સ્થૂળતા રહી જાય કાંઈ ?

પ્રશ્ન :- પહેલા કઈ વસ્તુ તૂટે ?

સમાધાન :- પહેલી સ્થૂળતા તૂટે. પહેલી હંમેશા સ્થૂળતા તૂટે સમજ્યા ? સ્થૂળ દોષ પહેલા છૂટે, સ્થૂળતા પહેલા તૂટે.

પ્રશ્ન :- ઘા સ્થૂળતા ઉપર પડે કે સૂક્ષ્મતા ઉપર ?

સમાધાન :- પહેલો ઘા સ્થૂળતા ઉપર પડે. પછી સૂક્ષ્મતા ઉપર આવે. પછી એ દિશામાં આગળ વધતા એના કેન્દ્રસ્થાનમાં જાય. દાખલા તરીકે બીજી વાત લઈએ. સમજવા માટે ઠીક છે પ્રશ્ન. કે સામાન્ય રીતે દરેક માણસને, આપણે કોઈપણ વ્યક્તિ-માનવીને જોઈએ તો કોઈ ને કોઈ પ્રકૃતિનો દોષ હોય છે. પ્રકૃતિનો દોષ હોય છે.

કોઈને લોભની પ્રકૃતિ, કોઈને માનની પ્રકૃતિ, કોઈને માયાની પ્રકૃતિ. આ ક્રોધ, માન, માયા, લોભ, લઈએ તો કોઈને માયાની પ્રકૃતિ હોય. એ પ્રકૃતિની તીવ્રતાને લઈને એ જીવને પોતાને પણ સ્થૂળ પરિણામોની અંદર ખ્યાલ આવે, કે મને લોભ થાય છે અથવા મને માન થઈ જાય છે અથવા મને માયાચાર થઈ જાય છે, કે મને ક્રોધ થઈ જાય છે ક્રોધ તો ઘણો સ્થૂળ છે એટલે આપોઆપ બીજાને પણ ખબર પડે અને પોતાને પણ ખબર પડે.

સ્થૂળ પરિણામથી પોતાને અને બીજાને ખબર પડે, એવી જે પ્રકૃતિનું દોષિત સ્થૂળ પરિણમન. આ તત્ત્વજ્ઞાન એવું છે જે સર્વ પ્રકારના દોષથી રહિત એવા શુદ્ધ પરમાત્મ તત્ત્વનું એ જ્ઞાન એવું છે, કે જીવને પહેલો ઘા એની પ્રકૃતિ ઉપર પડે. ક્યાં ? સ્થૂળતામાં પડ્યું ને પહેલું ? પહેલા ક્યાં પરિણામ આવ્યું ? પહેલા સ્થૂળ પરિણામ ઉપર પરિણામ આવ્યું. પહેલી અસર એની ત્યાં આવી અને એ તો સીધી વાત છે, કે સૂક્ષ્મ પરિણામ અંદરનું છે અને સ્થૂળ પરિણામ ઉપરનું છે બરાબર ? તો અંદર જવા માટે ઉપરને છોડ્યા વગર અંદર કેવી રીતે જાશે ? ઉપરને સ્પર્શ જ નહિ કરે ?

પ્રશ્ન :– જ્યાં ઉત્થાન થાય છે ત્યાં ઘા પડવો જોઈએ ને ?

સમાધાન :– ઉત્થાન થાય છે બરાબર છે, પણ ઉત્થાન થઈને આવ્યો ક્યાં ? જો જીવ સ્થૂળતામાં આવી ગયો છે, તો સ્થૂળ પહેલા છૂટશે એનું એમ. એ દોષને છૂટવાની આ એક પ્રક્રિયા છે. એટલે તો સ્વરૂપ નિશ્ચય લીધો. સમ્યક્દર્શન પહેલા સ્વરૂપ નિશ્ચય લીધો અને પાંચમાં ગુણસ્થાનની અંદર દેશવ્રત પહેલા એની વિધિ લીધી એમાં રીતસર પ્રત્યાખ્યાન લીધા. અને મુનિદશામાં પ્રત્યાખ્યાનવર્ણી, અપ્રત્યાખ્યાનવર્ણી બંનેનો ત્યાગ કરવા માટે ત્યાં પણ એને વિધિ–વિધાનથી નિશ્ચય કરવામાં આવે છે, એની પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે છે. મુનિને પૂર્ણ થવું છે. અહીંયાં વાત કરી ને, મોક્ષપંથે ચાલેલા પ્રયાણ પૂરા કરશે. તો એને બુદ્ધિપૂર્વક પહેલા પ્રતિજ્ઞા એમ લેવડાવ્યું છે, કે હું નિરંતર શુદ્ધોપયોગમાં રહીશ. આ મારી પ્રતિજ્ઞા છે, કે હું નિરંતર શુદ્ધોપયોગમાં રહીશ. તોપણ છઠ્ઠા ગુણસ્થાનમાં આવે છે.

હાલતા, ચાલતા, ખાતા શુદ્ધોપયોગ છોડી, પંચમહાવ્રત, અહીંસા આદિના શુભ ઉપયોગમાં આવે છે. તો એને કહ્યું કે એ અપવાદ છે, એ અપરાધ છે. મુનિનો એ અપરાધ કર્યો છે. નીચેથી ગણો તો એને મહાવ્રતનું પરિણામ કરીને માન આપ્યું

છે, કે એ તો મહાવ્રત પાળે છે. ઉપરથી લ્યો તો કહે મુનિનો એ દોષ છે, એ અપરાધ છે. કેમ અપરાધ છે ? કે દીક્ષા ધારણ કરતી વખતે એવી પ્રતિજ્ઞા લેવડાવવામાં આવે કે, હું નિરંતર શુદ્ધોપયોગમાં રહીશ. તો નિરંતર શુદ્ધોપયોગમાં એટલા જોરથી એને બુદ્ધિપૂર્વક વિકલ્પમાં પ્રતિજ્ઞા લીધી, કે ધ્યાનમાં બેસતા સાતમું આવ્યું, શુદ્ધોપયોગમાં આવ્યા. શુદ્ધોપયોગ તો આવી શકે. ચોથા, પાંચમાને યોગ્ય તો આવી શકે પણ સાતમાને યોગ્ય શુદ્ધોપયોગ આવ્યો. કાંઈ સાધારણ પ્રતિજ્ઞા નથી લીધી, કે સીધો જ સપ્તમ ગુણસ્થાન પ્રગટ થાય, ભાવલિંગની ધ્યાનસ્થ દશા આવે; બહાર નીકળ્યો, છઠ્ઠામાં આવ્યો, અપરાધ થઈ ગયો.

મુમુક્ષુ :- પણ ચોથાગુણસ્થાને જ મૂળમાં ઘા પડ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- મૂળમાં તો ઘા પડ્યો છે ને. એ પરિણતિ, પરિણતિનું કામ કરે છે. પણ છતાંય હજી સ્થૂળ દોષ રહ્યાં છે, કે અત્યાગદશા છે, બહારમાં અવિરતિપણું છે. તો એ અવિરતિના પરિણામ બુદ્ધિપૂર્વક ચાલે છે. અવિરતિના પરિણામ બુદ્ધિપૂર્વક ચાલે છે, તો બુદ્ધિપૂર્વક એની પ્રતિજ્ઞા લઈને નિશ્ચય કરશે, કે આનો મારે ત્યાગ છે, ત્યારે પંચમ ગુણસ્થાન એનું આવશે. એમ ને એમ સીધું પંચમ ગુણસ્થાન આવવાનો પ્રશ્ન નથી. પહેલો ત્યાગનો વિકલ્પ આવશે, પછી ગુણસ્થાન આવશે. એટલી દૃઢતા સ્થૂળ પરિણમનમાં આવ્યા વિના, સીધું સૂક્ષ્મ પરિણમનનું અવતરણ નથી થતું. સીધું નથી આવતું.

પ્રશ્ન :- પરિણામમાં પણ પહેલા આવે.

સમાધાન :- હા ! આવી જ જાય. પહેલા આવે પહેલા આવે. કેમકે ત્યાં ઊભો છે. ત્યાંથી તો એને પાછું વળવું જ રહ્યું. એટલે તો આપણે એમ કહીએ છીએ, ને કે કોઈ જીવ તત્ત્વજ્ઞાનના વિષયની અંદર રસ લેતો હોય અને સ્થૂળ ભૂલ કરતો હોય તો શું એને કહે ? કે શું તમે તત્ત્વજ્ઞાનની સૂક્ષ્મ વાત કરો છો ? આ દેવ-ગુરુ-શાસ્ત્રનું તો ઠેકાણું ન રહ્યું.

મુમુક્ષુ :- વાત તો એમ થઈને કે સૂક્ષ્મમાં હજી ફેર નથી પડ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. સૂક્ષ્મમાં તો ફેર પડ્યો જ નથી. જેનો સ્થૂળમાં ફેર નથી પડ્યો એને સૂક્ષ્મમાં ફેર પડ્યો એ તપાસવાનો જ પ્રશ્ન નથી. એ તો તપાસવાનો જ પ્રશ્ન નથી. સીધી વાત છે. પણ સ્થૂળ ઉપરથી સૂક્ષ્મનું માપ નીકળી જાય છે.

જેને સ્થૂળમાં ભૂલ રહી, એની સૂક્ષ્મમાં ભૂલ છે કે નહિ ? જોવાનો પ્રશ્ન જ નથી. નિયમથી ભૂલ છે. એમ વાત છે, એવી રીતે. એટલે ફેર તો સ્થૂળમાં પડવો જ જોઈએ, આવવો જ જોઈએ, પછી એને સૂક્ષ્મમાં ફેર આવશે.

સ્થૂળમાં ભૂલ-ફેર ઊભો રહે અને સૂક્ષ્મમાં સવળું થઈ જાય એમ ? ત્યાંથી ફેર પડવા મંડે કાંઈ એમ ? ન બને કોઈ દિવસ. એ તો પરિસ્થિતિ જ નથી. પરિણામનું એ વિજ્ઞાન નથી. વૈજ્ઞાનિક રીતે જોઈએ તો પરિણામનું એ વિજ્ઞાન જ નથી. એટલે સમ્યક્જ્ઞાનમાં એક નિયમ બાંધ્યો છે, કે નવ તત્ત્વનું શ્રદ્ધાન સમ્યક્જ્ઞાનપૂર્વક જે સંમત થાય છે, એ વિપરીત અભિનિવેશ પૂર્વક હોવું જોઈએ. દેવ-ગુરુ-શાસ્ત્રનું શ્રદ્ધાન વિપરીત અભિનિવેશપૂર્વક હોવું જોઈએ. જ્ઞાની, ધર્માત્મા પ્રત્યેનું શ્રદ્ધાન વિપરિત અભિનિવેશપૂર્વક હોવું જોઈએ. વિપરીતતા અમૂક ઊભી રાખે અને હું શ્રદ્ધા રાખું છું, મને શ્રદ્ધા છે, હું માનું છું–ન ચાલે ઈ. એમ કહેવું છે.

મુમુક્ષુ :– સૂક્ષ્મમાં ફેર પડ્યા વગર સ્થૂળમાં કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. સ્થૂળમાં ફેર પડ્યા વગર સૂક્ષ્મમાં ફેર કેવી રીતે પડે એમ લ્યો. સ્થૂળમાં પડે તો સૂક્ષ્મમાં પડવાની સ્થિતિ ઊભી થાય. પણ સૂક્ષ્મમાં પડી જાય અને પછી સ્થૂળતામાં પડે એવું કોઈ દિવસ ન બને. એવું બને જ નહિ કોઈ દિવસ. પહેલું સ્થૂળમાં પડે.

મુમુક્ષુ :– ઓલી રીતે તો અન્યમતિ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો અન્યમત બધા એમાંથી ઊભા થઈ ગયેલા છે. અને અહીંયાં જે વિપર્યાસ રહી જાય છે, જૈનાભાસમાં જે વિપર્યાસ રહી જાય છે. જૈન તત્ત્વજ્ઞાન અને જૈન દેવ-ગુરુ-શાસ્ત્રને માન્યા પછી જે આભાસ રહી જાય છે, એમાં આ વિપરીત અભિનિવેશનો પ્રકાર છે કે દેવ-ગુરુ-શાસ્ત્ર અને ધર્માત્મા. શાસ્ત્ર એટલે તત્ત્વજ્ઞાન આવી ગયું. વિપરીત અભિનિવેશપૂર્વક તું માન. અજ્ઞાનીને પણ જ્ઞાની માન ને જ્ઞાનીને પણ જ્ઞાની માન. તું જ્ઞાનીને માનતો નથી. કુદેવને પણ દેવ માન અને સુદેવને પણ દેવ માન અથવા સુદેવને દેવ માન અને કોઈ એક સુદેવને ન સ્વીકાર, એ વિપરીત અભિનિવેશ થઈ ગયો. એમ શાસ્ત્રમાં, એમ ગુરુમાં, બધે એમ લઈ લેવું. નહિતર તો આખી પરિસ્થિતિ ઊલટી થઈ જાય છે. વસ્તુસ્થિતિની બહારની વાત છે.

મુમુક્ષુ :- આ મૂળમાં જાગૃત થાય ત્યારે સૂક્ષ્મમાં આવે.

પૂજ્ય ભાઈશ્રી :- હા ! એમ છે. 'પૂજ્ય બહેનશ્રી'ની ચર્ચામાં એક બહુ સૂક્ષ્મ વાત આવે છે, કે મુમુક્ષુને પરિણતિ થઈ જવી જોઈએ. કહેવાની જરૂર નથી કે એની સ્થૂળતામાં તો ફેર પડી જ જાય છે. પણ કેટલાક જીવો સ્થૂળતાએ ફેરફાર કરે છે, કેટલાક જીવોને સ્થૂળપણે ફેરફાર આવે છે. બાહ્ય પ્રવૃત્તિ બધી ઠીક લાગે, પણ અંદર પરિણતિ નથી થતી, તોપણ મંજૂર નથી કરતા. કે એમ નહિ. એ તો તને અટકવાનું સ્થાન થઈ જશે. મેં આટલું તો કર્યું, મેં આટલું તો કર્યું, મેં આટલું તો છોડ્યું, આટલું કર્યું. અસ્તિ-નાસ્તિ બંનેથી. પરિણતિ અંદર થઈ જવી જોઈએ. એટલે કે ત્યાં સુધી તારે પાછા વળવાની જરૂર છે.

જે તારી અંતરંગ પરિણતિ બહિર્મુખભાવે વહે છે. ઉપયોગ તો હજી તો છદ્મસ્થ થશે ત્યાં સુધી બહાર જશે. પણ પરિણતિ જે અંદરની છે એ બદલી જવી જોઈએ. અને એ ભાવના વિના કોઈ દિવસ પરિણતિ બદલાય નહિ. આનો આ નિયમ છે. ભાવના, ઉપયોગ અને લબ્ધ એ પરિણામના ત્રણ વિભાગ લઈને જૈનદર્શનમાં એનું આખું વિજ્ઞાન છે. લબ્ધ ઉપયોગ, ભાવનામાં ઉપયોગથી વારંવાર ભાવના ભાવે ત્યારે એને લબ્ધ પરિણતિ ઉત્પન્ન થાય. ઉપયોગથી વારંવાર ભાવના ભાવે ત્યારે એને લબ્ધ પરિણતિ ઉત્પન્ન થાય. એમ ભાવનાને ઉપયોગાત્મક કરીને લબ્ધમાં લઈ જાય, ભાવનાને ઉપયોગાત્મક કરીને લબ્ધમાં લઈ જાય.

એટલે 'દિપચંદજીએ પોતાની ભાષામાં લીધું, કે સ્વરૂપને પ્રત્યક્ષ કરી... કરી... કરીને એ આગળ વધે છે. સ્વરૂપને પ્રત્યક્ષ કરી કરીને આગળ વધે છે. પ્રત્યક્ષ કરી કરીને એટલે ભાવનામાં પ્રત્યક્ષપણે લાવીને. તો પ્રત્યક્ષ જ હું પરમાત્મા છું ને, પ્રત્યક્ષ જ હું આવો છું ને, પ્રત્યક્ષ જ હું પૂર્ણ છું ને, પ્રત્યક્ષ જ હું શુદ્ધ છું ને. એમ ઉપયોગમાં લાવી લાવીને લબ્ધ થઈ જાય છે. એ લબ્ધ છે એની પરિણતિ છે. એ વ્યવસ્થિત વાત છે.

એ અહીંયાં એ કહે છે કે અંતર્મુખ જે પરિણામનું વલણ છે, એમાં પરિણમતા પરિણમતા ઉપયોગ અને લબ્ધને એકાકાર કરતાં કરતાં, પછી તો શુદ્ધોપયોગ થાય છે ત્યારે લબ્ધ અને ઉપયોગ બંને એકાકાર થાય છે એવી ભાવનામાં આવે છે. એ પરમાત્મા થઈ જાય છે. એનો સંસાર સદાયને માટે છૂટી જાય છે. સાદી અનંત... અનંત... સમાધિ સુખમાં અનંતદર્શન, અનંતજ્ઞાન સહિત જ હોય છે એ સ્થિતિમાં.

**અહો ! અમોઘ-રામબાણ જેવા – ગુરુવચનો ! જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે, સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અવસર ચૂકવા જેવો નથી. ૨૨૫.**

## તા. ૨૨-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૨૫,૨૨૬
## પ્રવચન નં. ૧૮૧

પાનું-૭૭, બોલ–૨૨૫. આ બોલમાં પૂજ્ય 'ગુરુદેવશ્રી'નો મહિમા કર્યો છે. 'ગુરુદેવશ્રી' વિદ્યમાન હતા ત્યારે આ વાંચન ચાલતું હતું એટલે વર્તમાન એમની હયાતીને અનુલક્ષીને ગુરુદેવના મહિમાની અનેક વાતો આમાં આવી છે.

**'અહો ! અમોઘ- રામબાણ જેવાં – ગુરુવચનો !...'** પહેલા વચનની વાત લીધી છે. કેવા છે ? અમોઘ (છે). અમોઘનો અર્થ થાય છે-ખાલી ન જાય. રામબાણ માટે એક કહેવત છે. 'રામચંદ્રજી' ધનુષ્યવિદ્યા-બાણ ચલાવવાની વિદ્યા એમના ગુરુ 'વશિષ્ઠ' પાસેથી શીખેલા. ગુરુ વશિષ્ઠના સંગમાં ધનુષ્યવિદ્યા શીખેલા અને એવી વિદ્યા સાધ્ય કરેલી કે કોઈ એમનું એક પણ બાણ ખાલી ન જાય. જે નિશાનથી બાણ છોડ્યું એ નિશાન ચૂકે નહિ બાણ.

રાવણ સાથેના યુદ્ધમાં રાવણ વિદ્યાધર હતા. ક્યાં ભૂમિગોચરી અને ક્યાં આકાશગામી વિદ્યાધરો ! છે બન્ને મનુષ્યો. વિદ્યાધરની પાસે તો અસ્ત્ર–શસ્ત્રની વિદ્યા (સિદ્ધ કરેલી હોય છે). એનો જીવન પર્યંત એક જ વ્યવસાય હોય છે-વિદ્યા મેળવવી અને એ વિદ્યાનો ઉપયોગ કરવો. તોપણ 'રામચંદ્રજી' પાસે 'રાવણ' હારી ગયા છે. યુદ્ધની અંદર રામચંદ્રજી પાસે એ હારી ગયા છે. એવી રામબાણ વિદ્યા છે.

ખાલી ન જાય એને અમોઘ કહેવામાં આવે છે અને રામબાણ ખાલી નહોતું જતું એટલે અમોઘ રામબાણ એમ કહેવામાં આવે છે. પણ અમોઘનો અર્થ એ પણ

થાય છે-ખાલી ન જાય. એ વિશેષણ અહીંયાં 'ગુરુદેવશ્રી'ના વચનોને પોતે લગાવ્યું છે. કેમકે એમના વચનો ખાલી નથી ગયા એનો પ્રગટ પુરાવો સ્વયં પોતે જ છે. સામાન્ય રીતે જ્ઞાનીની વાણી, સત્પુરુષની વાણી, મહાપુરુષની વાણી ખાલી જતી નથી. કોઈ પુણ્યોદયે જ્યારે વાણી નીકળી જ છે ત્યારે એ વાત પણ સામે નિશ્ચિત છે કે જરૂર કોઈ પાત્રજીવનું એમાં આત્મહિત સધાઈ જવાનું છે. એમાં જે નિમિત્તત્વ છે એ નિમિત્તત્વ નિષ્ફળ જવાનું નથી, એવું બનતું હોય છે. નિષ્ફળ જતું જ નથી, એવું બનતું હોય છે.

અહીંયાં તો સ્વયં પોતે જ એ વાણી ઝીલી છે. સ્વરૂપનું અનુસંધાન એ વાણીના નિમિત્તે થયું છે, કર્યું છે. એટલે એ વચનો કેવા છે એ અનુભવથી પોતે જાણે છે અને એ વાત પ્રસિદ્ધ કરે છે કે આ રામબાણ જેવા વચનો છે, ખાલી જાય એવા વચનો નથી. વાત ફક્ત પોતાની પાત્રતાની બાકી રહે છે, નિમિત્તત્વ પૂરેપૂરું છે. એ વાત આગળ પણ એકવાર આવી ગઈ છે-પૂરું નિમિત્તત્વ છે 'ગુરુદેવની વાણીમાં પૂરું નિમિત્ત છે.'

૨૧૪ માં. **'સદ્‌ગુરુના ઉપદેશરૂપ નિમિત્તમાં પૂર્ણ શક્તિ છે પણ તું તૈયાર ન થાય તો - ...'** એ શક્તિનું નિમિત્તત્ત્વ તારી સાથે મેળ ખાતું નથી. મેળ તો હવે પોતાને ખવડાવવાનો છે. સામે ચીજ પુણ્યયોગે આવી ગઈ છે. હવે પોતે તૈયાર થવાનું છે. જો પોતે તૈયાર થાય તો પામી જાય તેવી પૂરી સંભાવના સંયોગ અપેક્ષાએ ઉત્પન્ન થઈ ગઈ છે.

રાત્રિ ચર્ચામાં 'ગુરુદેવ' સાથે ચર્ચા ચાલતી ત્યારે એવી પણ ચર્ચા અનેક વાર ચાલતી કે 'સબ અવસર આ ચૂકા હૈ.' બધો અવસર આવી ગયો છે. બધો અવસર આવી ગયો એટલે ક્યાંથી ઉપાડતા વાત ? કે જો જીવ નિગોદ ને એકેન્દ્રિય આદિમાં હોય તો એને કાંઈ અસંજ્ઞી પંચેન્દ્રિય સુધી તો પોતાના હિતનો વિચાર–વિવેક કરવાની સુધ-બુધ હોતી નથી.

જેમ સંજ્ઞી પંચેન્દ્રિય માણસ બેભાન થઈ જાય તો એ મૃતવત્ છે. જેમ કોઈ મરણ પામેલો મડદું સાંભળતું નથી, એમાં આત્મા નથી તો એવી જ રીતે જે સાનભાન ગુમાવે છે, આ મરણ વખતે બેશુદ્ધ થઈ જાય છે ને ? ઘણા એને સંભળાવે છે, એને નમસ્કારમંત્ર સંભળાવો, એને ધર્મની વાત સંભળાવો પણ એનો ઉપયોગ તો શરીરમાં

મૂંઢાઈ ગયો. વેદનામાં અને શરીરની એકત્વબુદ્ધિમાં પોતાનું ભાન ગુમાવે અને હિત અહિતનો વિચાર ન કરી શકે એવી પરિસ્થિતિમાં મન મુકાઈ ગયું, મન હતું તોપણ. પણ જેને મન નથી, અસંજ્ઞી પંચેન્દ્રીય છે, મન વિનાના પંચેન્દ્રિય પર્યંતના પ્રાણી, એકેન્દ્રિયથી પંચેન્દ્રિય સુધીના, એને વિચાર વિવેક કરવાની કોઈ શક્તિ હોતી નથી. એટલે એ તો તું નથી. મનુષ્ય છો, મન સહિતનો સંજ્ઞી મનુષ્ય છો તું. એક વાત.

બીજી વાત કે જે મનુષ્યો છે એમાં પણ બાહ્ય અનુકૂળતાઓ બહુભાગ જીવોને નથી. પંચાણું ટકાથી વધારે માણસો એવી ગરીબ સ્થિતિમાં છે કે એને પોતાનું પેટિયું કાઢવા માટે જીવનનો મોટો સમય વ્યતીત કરી દેવો પડે છે. આઠ દસ બાર કલાકની મજૂરી કર્યા પછી થાક ઉતારવા માટે બીજા છ-આઠ-દસ કલાકની ઊંઘ લેવી પડે છે. બાકી રહ્યો (સમય એમાં) ખાવા પીવા, નાવું-ધોવું, શરીરની પળોજણ(માં સમય જાય છે). આત્મા માટે કોઈ વખત મળે એવું નથી. એવા જે કેટલાક છે કે જેને એવી પ્રકારની બાહ્ય આજીવિકાની ઉપાધિ નથી, એ જીવોને વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ નથી. અન્યમતમાં સલવાઈને પડ્યા છે. એની શ્રદ્ધા જ એવી રીતે (છે), એવી મતિ અનુસાર ગતિ લઈને આવ્યો છે, એવી ઊંધી મતિ ચલાવી છે, ઊંધા લાકડા નાખ્યા છે કે એ ગયો અન્યમતમાં. એની એ પરિસ્થિતિ થઈ. એને પણ આ વાત વિચારવાનો હિત અહિતનો અવસર મળતો નથી. સંજ્ઞી મનુષ્ય પ્રાણી... 'સોનગઢ'માં તો ઘણા નિવૃત્તિ લઈને રહ્યા છે એટલે બીજી ઉપાધિ નથી એમ આપોઆપ સાબિત થાય છે.

ત્રીજું, આ વાણીનો વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ મળ્યો. હવે શું બાકી રહ્યું ? કે હવે એને કાંઈ અટકવાનું સ્થાન રહેતું નથી, જો વિચારે તો. અને અટકે તો નાનામાં નાના ઉદયમાં અટકે કે અત્યારે આમ થઈ રહ્યું છે ને તેમ થઈ રહ્યું છે ને જે સમાજમાં, જે મંડળમાં હોય એના ને એના વિચારો એને આવ્યા કરે. એમાં રહેલી વ્યક્તિનો (વિચાર આવ્યા કરે). વ્યક્તિગત અને સમષ્ટિગત બન્ને પ્રકારના વિચારો આવ્યા કરે. આનું આમ ને આનું આમ, આણે આમ કર્યું ને આણે આમ કર્યું. પેલાને દુકાનનો ઉદય તો આને બીજી જાતની દુકાનનો ઉદય થઈ ગયો. ઇ એની દુકાન થઈ ગઈ. પેલાને અશુભની દુકાન, આણે શુભની દુકાન ખોલી. ઓલો ખાતાવહી ઉઘાડે, આ અહીંયાં પુસ્તક ખોલે. એમાં કાંઈ બીજો ફેર પડતો નથી. એટલે જો પોતાનું અંતર્મુખ થઈને આત્મહિત ન સાધે તો એને જે પૂરું નિમિત્ત મળ્યું છે, 'સબ અવસર આ ચૂકા

હે' એ વાત એને માટે તો રહેતી નથી.

'ગુરુદેવ' જગાડતા (કે) ભાઈ ! બધો અવસર મળી ગયો છે, હવે તો તું કર એટલી વાર છે. તું સાવધાન થા, તું દેહની દેહાત્મબુદ્ધિ, આધારબુદ્ધિ છોડ. સંયોગની સંયોગીપણાની બુદ્ધિ છોડ. રાગ થાય છે તો 'રાગ તે હું' એવી રાગની આત્મબુદ્ધિ છોડ.

**'જો જીવ તૈયાર હોય તો...'** ત્યાં પણ એ તું તૈયાર ન થાય તો. એમ ૨૧૪ માં પ્રશ્ન ઉઠાવ્યો છે. અહીંયાં કહે છે કે **'જો જીવ તૈયાર હોય તો વિભાવ તૂટી જાય છે,...'** મિથ્યાત્વનો વિભાવ પહેલો તૂટી જાય છે. મોટામાં મોટો (એ વિભાવ છે). જીવને અનંતકાળ પરિભ્રમણ થાય એવો કોઈ વિભાવભાવ હોય તો એ મિથ્યાત્વ અને અજ્ઞાનનો વિભાવભાવ છે. શ્રદ્ધા-જ્ઞાનનો વિપર્યાસ એ સૌથી મોટો વિભાવભાવ છે. જો તું તૈયાર થાય તો વિભાવ તૂટી જાય એવું છે એટલે શ્રદ્ધા અને અજ્ઞાન-મિથ્યાશ્રદ્ધા અને અજ્ઞાન છૂટી જાય એવું છે, તૂટી જાય એવું છે.

મુમુક્ષુ :- અહો ! શબ્દ શું સૂચવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- મહિમા કર્યો છે. બોલ જ 'ગુરુદેવ'ના મહિમાનો છે. વચનોથી અહોભાવ આવ્યો છે. પોતે કહે છે ને ? 'ગુરુદેવ'ની વાણી મંગળ છે, 'ગુરુદેવ'નું દ્રવ્ય મંગળ છે, સ્થાન મંગળ છે, આ ક્ષેત્ર મંગળ છે. બધું મંગળ જ છે. મંગળ એટલે પાપનો નાશ કરનારું, આત્માના કલ્યાણમાં પવિત્રતાને લાવનારું એવું નિમિત્તત્વ જેનામાં છે. **સેંકડો વર્ષોનું ઉપલબ્ધ જૈન સાહિત્ય તપાસવામાં આવે તો અધ્યાત્મ વિષયની અભિવ્યક્તિ 'ગુરુદેવ'ના પ્રવચનોમાં આવી છે એ ઉપલબ્ધ સાહિત્યમાં નથી.**

મુમુક્ષુ :– ઝીણામાં ઝીણી (વાતો આવી છે).

પૂજ્ય ભાઈશ્રી :– **ઝીણામાં ઝીણી એટલે પેંથીએ પેંથીએ તેલ નાખે એમ નહીં વાળે વાળે તેલ નાખે એવું સ્પષ્ટીકરણ આવ્યું છે.**

મુમુક્ષુ :– આવું બધું છે તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :– જીવને પોતાને દરકાર નથી ને. પોતાના હિતની દરકાર નથી. ક્યાં જાવું છે એની ચિંતા નથી. ક્યાં જઈશ એની એને ચિંતા નથી. પોતાના હિત (માટે) પોતે ન કાળજી કરે તો બીજું કોણ કરે ? કરે તો પોતે કરી શકે એવું છે. ન કરે તો પોતે ન કરે, સ્વતંત્ર છે. કરવામાં સ્વતંત્ર છે, નહીં કરવામાં પણ પોતે સ્વતંત્ર છે.

**'જો જીવ તૈયાર હોય તો...'** મિથ્યાત્વ અને અજ્ઞાનનો મોટો **'વિભાવ તૂટી જાય છે,...'** અથવા તૂટી જાય એવો પ્રત્યક્ષ મહાપુરુષનો યોગ છે એમ કહેવું છે. **'સ્વભાવ પ્રગટ થઈ જાય છે.'** વિભાવ તૂટી જાય છે અને સ્વભાવ પ્રગટ થઈ જાય છે. સમ્યક્દર્શન અને પોતાના આત્મજ્ઞાનમાં પોતાનું સ્વરૂપ પ્રગટપણે અનુભવગોચર થાય છે ત્યારે સ્વભાવ પ્રગટ થયો એમ કહેવામાં આવે છે.

સ્વભાવ તો પ્રગટ જ છે. પ્રગટ અને અપ્રગટની અપેક્ષા પણ જેને લાગુ પડતી નથી એવો, એથી આગળ જઈને પ્રગટ છે-Supreme ! પણ કોને ? કે અંતર્મુખ થઈને અવલોકે તેને. જે છે ઇ વસ્તુ તો પ્રસિદ્ધ પડેલી છે. પ્રસિદ્ધ સુસિદ્ધ સમૂહ... પ્રસિદ્ધ વિશુદ્ધ સુસિદ્ધ સમૂહ. એ તો સિદ્ધનો સમૂહ જે સિદ્ધાલયમાં છે એમની પૂજા કરી છે. ભલે બિરાજે છે બધા સિદ્ધ પરમાત્માઓ સિદ્ધાલયમાં પણ એમને શ્રુતજ્ઞાનમાં ને મતિજ્ઞાનમાં હેઠે ઉતારીને પૂજા કરવામાં આવે છે. તો કહે છે, આ પ્રસિદ્ધ સુસિદ્ધ સમૂહ તારી અનંત સિદ્ધની પર્યાયો પ્રગટ થાય એવો પ્રસિદ્ધ, વિશુદ્ધ તું જ સુસિદ્ધ છો. ત્યાં એની પૂજા કરવી છે, આની પૂજા કરવી નથી, આ ગડબડ છે.

**'સ્વભાવ પ્રગટ થઈ જાય છે. અવસર ચૂકવા જેવો નથી.'** આ માર્મિક વાત કરી છે. કેમકે કેટલાએ તો 'ગુરુદેવ'ની વિદ્યમાનતામાં દેહનો ત્યાગ કર્યો, આયુષ્ય પૂરા કર્યા. ત્યારપછી અચાનક 'ગુરુદેવ'નું આયુષ્ય પૂરું થયું. ક્યારે કોનું આયુષ્ય પૂરું થશે એ કોઈને–છદ્મસ્થને કાંઈ ખબર પડતી નથી. કોઈને ખ્યાલ આવી જાય પણ Exact અત્યારે જ પૂરું થશે એમ કાંઈ ખ્યાલ આવતો નથી. એટલે જે કાંઈ હાથમાં સમય છે (એટલા સમયમાં પોતાનું હિત કરી લેવા જેવું છે).

જેમ ખોવાયેલી ચીજ ભલે ઘરમાં ખોવાઈ હોય તોપણ ન જડે તોપણ નકામી ચીજ થઈ જાય છે પછી જરૂર વખતે એ કામમાં આવતી નથી. પણ ખોવાયેલી ઘરમાં પડી છે ને. પણ શું કામની ? ઘરમાં ખોવાયેલી પણ ઘરમાંથી જડતી નથી. એની જરૂર ઊભી થઈ ત્યારે તો એ ઘરમાં હોવા છતાં નહીં હોવા બરાબર છે.

એમ આયુષ્ય પૂરું થાય એ પહેલા પોતાની ચીજ પોતાના અનુભવમાં ન આવે કે અનુભવના કામમાં-આનંદ અને શાંતિના કામમાં ન આવે, અંદર સુખ ભર્યું છે એ સુખના અનુભવમાં ન આવે તો એ તો નહીં હોવા બરાબર છે. અને પછી તો એ ખોવાઈ ગઈ એ ખોવાઈ ગઈ, પછી જડવાનો પ્રશ્ન રહેતો નથી.

અહીંયાં સંજ્ઞી મનુષ્ય પંચેન્દ્રિય થયો, દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ થયો અને પરવા કરી નહીં, દરકાર કરી નહીં તો પછી પાછળથી તું દરકાર કરવાનો છો એ વાત તો બની શકવાની નથી. કેમકે પછી એ દરકાર નહીં કરી એને કારણે જે કાંઈ કર્મનું નિબંધન થયું, પ્રમાદને કારણે જે કર્મ બંધાણા, પ્રમાદ એટલે ઉપેક્ષા કરી, એ તને ફરીને દેવ-ગુરુ-શાસ્ત્રનો યોગ નહીં થાય એવી પરિસ્થિતિમાં મૂકશે. પછી તો ત્યાં કાંઈ તને પત્તો લાગવાનો પ્રશ્ન રહેતો નથી.

કેટલી કાળજી માગે છે એ પ્રશ્ન વિચારણીય છે, વિચારવા યોગ્ય છે અને એનું મંથન ચાલવું જોઈએ. પર્યાયે પર્યાયે જાગૃતિ ઊભી થાય, ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે, ઉદયે ઉદયે હિત–અહિતના વિષયમાં જાગૃત થાય તો એનું હિત સધાય અને નહીંતર બફમમાં ને બફમમાં કાળ નીકળી જાય. આયુષ્ય પૂરું થતાં વાર લાગતી નથી. વૃદ્ધાવસ્થા આવે છે એને એમ જ લાગે છે કે બસ ! આવી ગઈ વૃદ્ધાવસ્થા. પણ આવી જ જાય ને. તું બફમમાં રહ્યો છો, તું પ્રમાદમાં રહ્યો છો. બાકી કાળ કાળનું કામ કર્યે જ જાય છે, એને કોઈ રોકી શકતું નથી.

અહીંયાં તો સ્પષ્ટ વિષય લીધો છે કે 'ગુરુદેવ'ના વચનો એવા છે કે જીવનું મિથ્યાત્વ અને અજ્ઞાન અવશ્ય મટે. એનો સિદ્ધ સમાન સ્વભાવ પ્રગટ અનુભવગોચર થાય. પોતાની પાત્રતા તૈયાર કરે એટલી જ વાર છે, એથી વધારે વાર એમાં નથી. અને ક્ષણમાત્રમાં પાત્રતા તૈયાર થાય એવી પાત્રતાની સ્થિતિ હોય છે. પોતાનું હિત કરવું જ છે એવી જે તીવ્ર વૃતિ. મારે મારું હિત કરી જ લેવું છે એવી જે મજબૂત વૃત્તિ છે, દૃઢ વૃત્તિ છે એ સ્વયં પાત્રતાસ્વરૂપ છે. આટલી વાર છે. પાત્રતા આવવામાં કેટલી વાર છે ? કે પોતાના હિતની વધુમાં વધુ ઉત્કૃષ્ટપણે ગરજ થવી, ગરજવાન થઈ જવું એના માટે એ ઉત્કૃષ્ટ પાત્રતા છે. જેટલી ગરજ એટલી પાત્રતા. એ પાત્રતાનું માપ છે, એ એનું Meter થી માપ છે. કેટલી વાર લાગે એમાં ?

બહારમાં એક કામ કરવું હોય તો ગમે એટલી એ કામ કરવા માટે ગરજ બતાવે. એને મન થયું હોય કે આ કામ મારે કરવું છે. તો ગરજ બતાવીને પણ કામ કરી લે. એટલું પણ પ્રયોજન એને ભાસ્યું નથી એટલે પાત્રતા ઉત્પન્ન થઈ નથી. પાત્રતા ઉત્પન્ન થઈ નથી એટલે ગુરુવચનો તૈયાર હોવા છતાં એને અસર કરતાં નથી. સીધી વાત એ છે.

એ છેલ્લો ટુકડો બહુ માર્મિક છે કે અવસર ચૂકવા જેવો નથી. જે તક મળી છે, અવસર છે એટલે અહીંયાં તક લેવી છે, જે તક મળી છે એ તક છોડવા જેવી નથી. જેમ આ કહે છે ને ? 'અવસર ચૂક્યા મેહુલા'. હમણાં વરસાદ આવ્યો આમાં કાંઈ વાવણી થાય હવે ? આ વરસાદ થાય એમાં કાંઈ વાવણી થાય નહીં ને વાવ્યું હતું કે'દીનું બળી ગયું. હવે એના ઉપર વરસાદ પડે તો કાંઈ ફરીને એમાંથી અંકુરો ફૂટે નહીં. એ તો બળી ગયું. એ જેમ નકામું છે એમ તારી સુધ-બુધ ગુમાવ્યા પછી દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષો જગતમાં સદાય વિદ્યમાન રહેશે તોપણ તું અવસર ચૂકી ગયો તો એ રહ્યા તો તારે શું કામના છે ? કે તારે કોઈ કામના નથી.

જે જે ઉદયમાં જીવને એમ લાગે, જે પ્રકારનો ઉદય છે એમાં જીવને એમ લાગે કે હું છું તો કેટલાક કાર્યો થાય છે કે કરી શકું છું અને નહીંતર ન થાય અને એને લઈને એને જો રોકાવું થતું હોય તો એણે એમ વિચારી લેવું કે તું નહીં હોય ત્યારે શું થાશે ? એ વિચારવા જેવો વિષય છે. એવો દસ્તાવેજ લઈને કોઈ આવતું નથી કે આટલો કાળ તો તારો નક્કી છે. ગમે તેવું તંદુરસ્ત શરીર હોય, રાતી રાણ જેવું (તોપણ) ફૂ... થતા વાર લાગતી નથી. એમ નથી કે માંદગી આવવી જરૂરી છે. તો પછી જે અનિશ્ચિત કાળના આયુષ્ય વચ્ચે પોતે ચાલી રહ્યો છે એમાં હું નહીં હોઉં તોપણ શું થવાનું છે ? એની પાછળ કોઈ મરવાનું છે એમ છે નહિ. બધા જીવવાના છે. પોતાના આયુષ્ય પ્રમાણે પોતાના પુણ્ય લઈને જે આવ્યા છે એ પોતાની અનુકૂળતા પ્રમાણે, પોતાના પુણ્ય અનુસાર અનુકૂળતા–પ્રતિકૂળતાઓ વેઠશે, પામશે અને એનું જીવન ચાલવાનું જ છે. પણ પોતે પોતાનું હિત ચૂકીને રોકાય એ કરવા જેવું નથી. પોતાના પરિણામ ન ચાલે તો ઉપરછલ્લી વૃત્તિથી નિષેધ આવીને, કચવાતા મને પ્રવેશ કરે તો રસ તો રેડાય નહીં. કચવાતા મને જો જાય તો રસ રેડાય નહીં ને નહીંતર ઊલઝીને પડે તો આખે આખો સલવાઈ જાય. ઇ રસ ચડેલો ઉતારવો મુશ્કેલ પડે. જે સંયોગના રસે જે તે પ્રસંગમાં પ્રવર્ત્યો એ રસ ચડી ગયો, એ ઝેર ખવાઈ ગયું. એ ઝેર ઉતારવું મુશ્કેલ છે પાછું. એનો પુરુષાર્થ જુદો જોશે, એનો-પુરુષાર્થનો ખર્ચ કરવો પડશે. એ કાંઈ મફતનું ચડ્યું નથી અને મફતનું ઊતરવાનું નથી. જે પુરુષાર્થ રેડ્યો છે એથી વધારે પુરુષાર્થ રેડીશ તે દી' વારો આવશે. ત્યાં સુધી શિથિલ રહીશ તોપણ વારો આવશે નહીં.

આમાંથી એક સવાલનો જવાબ મળે છે કે, ઘણા મુમુક્ષુજીવો એમ વિચારે છે કે ભાઈ આપણે વાંચીએ છીએ, વિચારીએ છીએ પણ કેમ કામ થતું નથી ? આ પ્રયોજનભૂત વિષય વાંચીએ છીએ, વિચારીએ છીએ, બહુ મુદ્દાનો વિષય સામે આવ્યો છે પણ કેમ કાંઈ પુરુષાર્થ ચાલતો નથી ? કેમ કાંઈ કામ, એનું ફળ પરિણામ દેખાતું નથી ? Result દેખાતું નથી ?

ભાઈ ? તેં ભૂતકાળમાં કેટલા રસે, કેટલા ઊંધા પુરુષાર્થથી કેટલો ક્યાં ચડી ગયો છો એનો કોઈ દી' હિસાબ-કિતાબ ને તાળો મેળવ્યો છે કાંઈ ? અત્યારે જે તારો સામાન્ય વાંચન વિચારમાં જે પુરુષાર્થ ચાલે છે એ એનાથી આગળ નથી, એનાથી ઉત્કૃષ્ટ નથી, એનાથી જોરદાર નથી. અહીંયાં જેટલો ઊંધો પુરુષાર્થ કર્યો એનાથી વધારે જોરદાર (સવળો પુરુષાર્થ) થાશે તે દી' એની અસર ભુંસાસે અને ત્યારે તારું કામ થાશે. ઉપલક ઉપલક વાંચન વિચારથી કામ નથી થતું એનું એ કારણ છે કે ઊંધું જોરથી કરે છે અને સવળું કરવામાં જોર આવ્યું નથી એને હજી. એથી વધારે જોરની જરૂર છે એને.

શુભાશુભ બેય, હોં ! એકલું અશુભ નહીં. શુભના રસે પણ ચડી ગયો છે અને અશુભના રસે પણ ચડી ગયો છે. બન્ને રસ, બન્ને વિભાવરસ છે. બન્નેને તોડવા પડે છે. 'તેહ શુભાશુભ છેદતાં ઊપજે મોક્ષ સ્વભાવ.' 'તે અશુભ છેદતા શુભ પાળતા ઊપજે મોક્ષ સ્વભાવ' એમ નથી કહ્યું. બન્નેના રસને છેદે ત્યારે એને શુદ્ધરસ ઊપજે છે, આત્મરસ ઊપજે છે. કેમકે એ બન્ને અનાત્મરસ છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'ના વચનો અંતર ફેરવે એવા છે પણ ...

પૂજ્ય ભાઈશ્રી :- એ છે અને દર્શનમોહ છે. દર્શનમોહનું કારણ છે. દર્શનમોહરૂપી ગોદડું ઓઢ્યું છે. અપાત્રતા કહો કે દર્શનમોહનું આવરણ કહો, બન્ને એક છે. પાત્રતા કહો કે દર્શનમોહને ગાળ્યો છે એમ કહો, બન્ને એક જ વાત છે. ઉપદેશનોંધમાં 'શ્રીમદ્જી'એ લીધું છે કે પાત્ર જીવે ધોતિયા જેવું વસ્ત્ર ઓઢ્યું છે એટલે શ્રીગુરુના ઉપદેશની લાકડી એને વાગે છે. જ્યારે અપાત્ર જીવે ગોદડા જેવું જાડું ઓઢ્યું છે કે એને શ્રીગુરુના ઉપદેશની લાકડી વાગતી નથી. પાતળી સોટી હોય અને ગોદડું ઓઢ્યું હોય. સોટી મારે તો એને કાંઈ અસર કરે નહીં. એવી પરિસ્થિતિ થાય છે. અને એ તપાસે તો એને સમજણ પડે એવું છે. પોતાની હાલત તપાસે તો એને

સમજણ પડે એવું છે કે બરાબર છે, વાત જોરદાર છે પણ અહીંયાં અસર થતી નથી.

એક કોઈ અનુચિત વેણ કહી દે તો અંદરથી બેઠો થઈ જાય. એવું બોલે કે અમારા રુવાંડે રુવાંડે આગ લાગી છે. શું કહે ? અમારા હૃદય ઉપર તમે સીધો ઘા કર્યો છે. અમારું હૃદય તમે કાપી નાખ્યું છે. ઓલા એક વેણની એવી એને અસર થાય. ઇ પણ વચન પુદ્‌ગલ છે, આ શ્રીગુરુની વાત એ પણ વચન પુદ્‌ગલ છે. પણ જ્યાં પોતાની જાતને સામેલ કરે છે અંદર ત્યાં એને એટલી બધી અસર થઈ આવે છે કે એના માટે એને અસર કરું એવો વિકલ્પ કરવો પડતો નથી. અસર લાવવા માટે કોઈ વિકલ્પ કરવો પડે છે ? અહીં તો પુરુષાર્થ કરવા માટે હું વિકલ્પ કરું કે નહીં ? મારે તો પહેલા વિકલ્પ આવે કે નહીં ? મારે પહેલા વિકલ્પ કરવો જોઈએ કે નહીં ? એમ પ્રશ્ન કરે છે. અહીંયાં એને લાગતું નથી અને પોતાની જાતને સામેલ કરતો નથી.

મુમુક્ષુ :– 'બહેનશ્રી'નાં એક વાક્યમાં બધા શિષ્યોએ સમજી લેવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે. અને વાત તો પોતાને જ લેવાની છે. મુખ્યપણે તો વાત પોતાને જ સમજવાની છે. કોઈના લક્ષે (સમજીને કે સાંભળીને) પોતાને લાભ નથી કાંઈ. બીજા હિત કરશે તો પોતાને લાભ નથી, બીજા હિત નહીં કરે તો પોતાને નુકસાન કે લાભ નથી. એટલે બીજાનું લક્ષ કરવું તો બેકાર છે. આવી ખુલ્લી વાત છે.

મુમુક્ષુ :- ૩૫મો બોલ.

પૂજ્ય ભાઈશ્રી :- **'અનંત કાળથી જીવને અશુભ ભાવની ટેવ પડી ગઈ છે, એટલે તેને અશુભ ભાવ સહજ છે. વળી શુભને વારંવાર કરતા શુભ ભાવ પણ સહજ થઈ જાય છે.'** અથવા સહજ થઈ શકે છે. **'પરંતુ પોતાનો સ્વભાવ જે ખરેખર સહજ છે તેનો જીવને ખ્યાલ આવતો નથી, ખબર પડતી નથી. ઉપયોગને સૂક્ષ્મ કરીને સહજ સ્વભાવ પકડવો જોઈએ.'** એ સૂક્ષ્મતા ઉપર બોલ છે. અહીંયાં જે બોલ છે એ 'ગુરુદેવ'ના મહિમાનો બોલ છે.

('ગુરુદેવશ્રી'ના પ્રત્યક્ષ યોગની વાત એવી છે કે) જેનું સ્થાન ન પૂરી શકાય એવી છે. એમ કહેવું છે. અવસર ચૂકવા જેવો નથી. પૂજ્ય 'ગુરુદેવ' બિરાજમાન હતા ને ! પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ છે એ પ્રકાર, એ સ્થાન બીજી કોઈ રીતે મુમુક્ષુના હિત

માટે બીજો એથી ઉત્કૃષ્ટ યોગ નથી. બીજો એથી ઉત્કૃષ્ટ યોગ નથી, એમ કહેવું છે.

મુમુક્ષુ :- આ શુભાશુભ ભાવની ટેવની જે વાત આવે છે એ દેખાય જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ કે શુભની પણ ટેવ પડી જઈ શકે છે. અશુભ તો જીવને સહજ છે પણ વારંવાર શુભ કરે, નિવૃતિ હોય, પ્રવૃતિ છોડી દીધી હોય, લ્યો ! (તો એની પણ ટેવ પડી જાય). પ્રવૃતિમાં અશુભ વિશેષ છે. શુભયોગની પ્રવૃતિમાં વિશેષ જીવ રહે અને એની ટેવ પડી જાય એમ બનવા જોગ છે. પણ એથી કાંઈ એને લાભ થઈ જાય છે એમ ન લેવું. શુભ અને અશુભ એ કોઈ વિશેષ વાત નથી, એ પણ સહજ થઈ જાય છે. પણ પોતાનો સહજ સ્વભાવ છે એ ખરેખર તો ગ્રહણ કરવાનો છે. એ કોઈ ત્રીજી વાત છે. અશુભ અને શુભથી કોઈ ત્રીજી વાત છે એમ ધ્યાન ખેંચ્યું છે. એ સ્વભાવ ગ્રહણ કરવો જોઈએ, સ્વભાવ પકડવો જોઈએ. અશુભ છોડીને શુભમાં રહી જાય એટલું પર્યાપ્ત નથી. ૨૨૫ બોલ (પૂરો) થયો.

**પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં આખો લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત સમયમાત્રમાં જણાઈ જાય છે. વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ, સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે. ૨૨૬.**

૨૨૬. '**પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ પૂર્ણ રીતે જોતાં આખો લોકાલોક ભૂત-ભવિષ્યની પર્યાય સહિત સમયમાત્રમાં જણાઈ જાય છે.**' કેવળજ્ઞાન થઈ જાય છે ને. પોતાનો અગાધ ગંભીર જ્ઞાયકસ્વભાવ છે એને પૂર્ણ રીતે જોતાં એટલે એને પૂર્ણ રીતે અનુભવતાં, પરિપૂર્ણપણે એમાં એકાગ્ર થતા એ જ્ઞાયક સ્વભાવમાંથી જે જ્ઞાનની દશા પ્રગટ થાય છે એ કેવળજ્ઞાનની દશા છે અને એમાં લોકાલોક આખો ત્રણે લોક અને ત્રણે કાળ-ભૂત ભવિષ્ય અને વર્તમાન, સર્વ પર્યાયો સહિત, સર્વ દ્રવ્યો એની સર્વ પર્યાયો સહિત, સર્વ દ્રવ્યો એના સર્વ ગુણધર્મો સહિત એક જ સમયમાં સમયમાત્રમાં પ્રત્યક્ષ થઈને જણાઈ જાય છે. પ્રત્યક્ષ એનું પ્રતિબિંબ એમાં આવી જાય છે.

શેના ઉપર આ વાત લીધી છે ? કે જીવનો સર્વજ્ઞ સ્વભાવ હોવાને લીધે એને સર્વ જાણવાની વૃત્તિ રહ્યા કરે છે. આ છાપામાં દુનિયાભરના સમાચાર આવે છે, રેડિયામાં આવે છે, ટી.વીમાં આવે છે. જે જે સમાચારના સાધનો છે એમાંથી સમાચાર મળે છે. એ સમાચારનું જાણવું અથવા દુનિયામાં થઈ રહેલા ફેરફારોનું જાણવું, પ્રસંગોનું જાણવું એ જાણવાની સહજ આતુર વૃત્તિ, જિજ્ઞાસુ વૃત્તિ, આકાંક્ષિત વૃત્તિ સહજ જ જીવને રહે છે. અને એ વધારે જાણવાની વૃત્તિવાળા પછી એ જાણવા માટે જે તે ક્ષેત્રમાં પણ જાય છે કે ત્યાં જઈને જાણીએ. કાશ્મીરનું વર્ણન સાંભળ્યું પણ કાશ્મીર જોઈ આવીએ. અમેરિકાનું વર્ણન સાંભળ્યું પણ અમેરિકા જાતે જઈ આવીએ. એક જાણવાની કુતૂહલવૃત્તિ જેને કહે છે, એ કુતૂહલવૃત્તિ કેમ છે જીવને ? બધું જાણવું, બધું જાણવું, ઘણું જાળવું, સર્વ જાણવું. અભિપ્રાયમાં તો સર્વ જાણવાની કુતૂહલવૃત્તિ છે. કાંઈ અજાણ્યું ન રહે એવી કુતૂહલવૃત્તિ છે. કારણ શું છે ? કારણ એનો સર્વજ્ઞ સ્વભાવ છે.

જેમ જીવને સુખ જોઈએ, પૂરું સુખ જોઈએ એવી વૃત્તિ છે એનું કારણ કે એનો પરિપૂર્ણ સુખ એ એનો સ્વભાવ અને એ એનું સ્વરૂપ છે એટલે એ એને જોઈએ. સહજ જ પણે. રીત એની પાસે ઊલટી હોય તો એ મેળવવાને બદલે ખોવે છે. જેમ કે કેવળજ્ઞાન સ્વભાવ પ્રાપ્ત કરવાની વિધિ અને રીત પ્રાપ્ત ન કરે અને જાણવા માટે જ્યાં ત્યાં દોડે તો જ્ઞાનાવરણીને બાંધે છે.

જે જીવ આત્માને જાણ્યા સિવાય, કેવળજ્ઞાન સ્વભાવી આત્માને જાણ્યા સિવાય જે જીવ જગતની રચના જોવા માટે વિશેષ પ્રયત્ન કરે છે કે આ બધું જગતમાં કેમ ચાલી રહ્યું છે ? એ જીવ બંધાય છે. 'શ્રીમદ્જી'એ એ વચન લખ્યું છે. આત્માને જાણ્યા વિના જગતની રચના જાણવા જનાર પ્રાયઃ બંધાય છે. પ્રાયઃ શબ્દ (ઘણી જગ્યાએ વાપરે છે એનું કારણ) એમની મધ્યસ્થપણે લખવાની શૈલી હતી. એ નિયમથી બંધાય જ છે. પ્રાયઃ બંધાય એટલે કદાચ બંધાય અને કદાય ન બંધાય એમ નથી. પણ આત્મજ્ઞાન કર્યા વિના જાણવા જાય એ બંધાય, બંધાય અને બંધાય. એમ આત્મામાંથી આત્મિક સુખ લેવાને બદલે બહાર સુખ લેવા જાય તો બંધાય, બંધાય અને બંધાય જ. જ્ઞાનાવરણીથી જ્ઞાનને ખોવે છે અને દુઃખનું આવરણ ઊભું થતા સુખને ખોવે છે. લેવા જાય છે જ્ઞાન અને સુખ, ઊલટાનો એ ખોઈ બેસે છે. એ

પરિસ્થિતિ ઊભી થાય છે. કેમ ? કે એણે ખોટો ઉપાય અને ખોટું સાધન અપનાવ્યું. એ અંગેનો સાચો ઉપાય અને સાચું સાધન ગ્રહણ કરવું જોઈએ એના બદલે ખોટો ઉપાય અને ખોટું સાધન એણે હાથમાં લીધું. એટલે લાભ થવાને બદલે નુકસાન થયું.

અહીંયાં પણ એ અપેક્ષાનો બોલ છે. છે તો પહેલા વચનની અંદર આત્મસ્વરૂપ કેટલું અગાધ ગંભીર અને પૂર્ણ જ્ઞાન સ્વભાવવાળું છે એવો સ્વરૂપ મહિમાનો બોલ છે. પણ એ અહીંયાં અપેક્ષા છે કે વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાવ. તું જે રીતે વધારે જાણવા માટે અન્ય જ્ઞેયો તરફ તારા ઉપયોગને લંબાવે છો એ પ્રકારની તારી જે આકાંક્ષા છે એ આકાંક્ષા એ પ્રકારની હોવી જોઈએ નહીં. એનાથી તું અટકી જા. બસ થા એટલે એનાથી તું અટકી જા.

**'વધારે જાણવાની આકાંક્ષાથી બસ થાઓ, સ્વરૂપનિશ્ચળ જ રહેવું યોગ્ય છે.'** સ્વરૂપમાં સ્થિર રહેવું, સ્વરૂપમાં લીન રહેવું એ જ યોગ્ય છે. કેવળજ્ઞાન સ્વભાવી આત્મા છે, પૂર્ણ જ્ઞાન સ્વભાવી જ્ઞાયક આત્મા છે એમાં લીન રહેવું તે પૂર્ણ જ્ઞાન પ્રગટાવવાનું સાધન અને ઉપાય છે, એ માર્ગ છે. એ માર્ગ છોડીને તું બીજી રીતે વધારે જાણવાની આકાંક્ષામાં જા છો તો તારું જ્ઞાન છે એ અવરાશે.

કાલે એક ચર્ચા ચાલી કે સામાન્ય રીતે એમ કહેવાય કે શાસ્ત્ર વાંચવાથી જ્ઞાનાવરણીનો ક્ષયોપશમ થાય અને જ્ઞાન ખીલે. ખરેખર એ વાત સાચી નથી. કેમ ? કે શાસ્ત્ર શું કે પરદ્રવ્ય શું, પરપદાર્થને અવલંબતા જ્ઞાનને જ્ઞાનાવરણીનો બંધ થાય છે. જ્ઞાનાવરણીની નિર્જરા નથી થતી પણ જ્ઞાનાવરણીનો બંધ થાય છે એનાથી તો. એ તો નિશાળના ચોપડા વાંચે છે અને વિદ્યાર્થી એકડો ઘૂંટતો ઘૂંટતો Engineer થઈ જાય છે. તો ઇ ચોપડા વાંચવાથી જ્ઞાન ઊઘડ્યું એમ છે ? ભ્રાંતિ તો એમ થાય એવી છે. જગતની રચના અસત્યનો આગ્રહ કરાવે એવી છે. જુઓ ! પણ હજારો માણસો પુસ્તકો વાંચતા વાંચતા અને ભણતાં ભણતાં જે નાની ઉંમરમાં જ્ઞાનનો ઉઘાડ હતો એના કરતાં મોટી ઉંમરમાં જ્ઞાનનો વિશેષ ઊઘાડ જોવામાં આવે છે અને એમાં વચ્ચે પુસ્તકોનું નિમિત્ત જોવામાં આવે છે, શાસ્ત્રોના શિક્ષણનું નિમિત્ત જોવામાં આવે છે. તો પરપદાર્થ અને પરસત્તાને જ્ઞાન અવલંબે અને જ્ઞાન ઊઘડે એ વાત સાચી નથી, ખોટી વાત છે. ખરેખર તો ત્યાં જ્ઞાનાવરણીનો નવો બંધ થાય છે પણ આ પૂર્વનો ઉઘાડ લઈને આવ્યો છે એટલે ઊઘડ્યું છે.

જેમ પૈસા રળવા જાય ને પાપ કરે અને પૈસા રળે. ખોટું બોલે, જૂઠું બોલે, હિંસા કરે અથવા પ્રમાણિકપણે (કમાય) પણ ઇ પાપના જ પરિણામ છે. રળવા જવાના પરિણામ જ પાપના પરિણામ છે. તો પાપભાવ કરે અને અહીં પૈસા મળવા એ તો પુણ્યનો યોગ છે. અંદરમાં ઉદય પુણ્યનો છે. પાપનો ઉદય હોય તો દુકાને જાય અને કારખાનું નાખે તો ખોટ જાય. પાપનો ઉદય હોય તો કાંઈ ઇ પ્રવૃત્તિથી લાભ જ થાય એવું કાંઈ નથી. ઇ તો પૂર્વકર્મના ઉદય અનુસાર છે. પણ દુનિયા એમ જોવે છે કે આ કર્યું ને આમ મળ્યું. ખોટી વાત છે, વાત સાચી નથી.

એમ અહીંયાં કહે છે કે તું સ્વરૂપનિશ્ચળ રહે તો તને પૂર્ણ જ્ઞાન ખીલે. કેવું પૂર્ણ જ્ઞાન ખીલે ? કે એક સમયમાં લોકાલોક જણાય. એવું તો અહીંયાં તારા પુણ્યના યોગથી બનવાનું નથી. બહુ બહુ તો અમેરિકા સુધી જઈશ, પૃથ્વીના ગોળો કહે છે ત્યાં સુધી જઈશ. ગોળો છે નહીં પણ ગોળો કહે છે ત્યાં સુધી જઈશ. આથી વધારે તો કાંઈ છે નહીં. સ્વર્ગના વર્ણન અને નરકના વર્ણન આવે છે ત્યાં જવાની શક્યતા છે કાંઈ ? મનુષ્ય તો અઢી દ્વીપની બહાર નથી જઈ શકતો, લ્યો ! મધ્યલોકમાં જ અઢી દ્વીપની બહાર નથી જતો. માનુષોત્તર પર્વતથી હદ આવી ગઈ. પણ જો કેવળજ્ઞાન થાય તો એ જ મનુષ્ય પોતાનામાં નિશ્ચળ રહીને લોકાલોકને જાણી લ્યે છે. કોઈ ચીજ જાણવાની બાકી રહેતી નથી. વર્તમાન તો એનું જણાઈ જાય છે પણ અનંત ભૂતકાળ, અનંત ભવિષ્યકાળ બધું જણાઈ જાય છે. આગળનું અને પાછળનું. કોઈ વાત એને જાણવાની બાકી રહેતી નથી. માટે એવું જ્ઞાન પ્રગટ થાય એ રસ્તો પકડ તું. બહારમાં વધારે જાણવાની આકાંક્ષા રાખવા જેવી નથી.

પ્રશ્ન :- સ્વપરપ્રકાશક સ્વભાવ...

સમાધાન :- ઇ તો એની શક્તિ જ છે. કેવળજ્ઞાનની શક્તિ છે. પ્રતિબિંબ પડે છે. જેમ પાણીમાં કાંઠે રહેલા, તળાવના કાંઠે રહેલા વૃક્ષોનું તળાવના પાણીમાં પ્રતિબિંબ પડે કે નહીં ? એમ આ પ્રતિબિંબ છે, બીજું કાંઈ નથી. જાણવું એ શું ચીજ છે ? પરપદાર્થનું જાણવું એ શું ચીજ છે ? કે જ્ઞાનમાં પરપદાર્થનું પ્રતિબિંબ છે. બીજું કાંઈ નથી, ખાલી પ્રતિબિંબ છે.

પ્રશ્ન :- પ્રક્રિયા કેવી રીતે છે ?

સમાધાન :- બસ, કાંઈ પ્રક્રિયા નહીં ને. બિંબ બિંબમાં અને પ્રતિબિંબ

પ્રતિબિંબમાં. (બીજું) કાંઈ નહીં. આ કાંઈ કરે નહીં, આ ત્યાં જાય નહીં. આ અહીંયાં આવે નહીં, કાંઈ થાય નહીં. કોઈ ક્રિયા નહીં. ક્રિયા તો અહીંયાં પોતાના જ્ઞાયક સ્વભાવમાં લીન રહેવાની ક્રિયા. બસ ! બીજું કાંઈ નહીં. એવું લીન રહેતા જે સકળ વિમળપણું, સર્વથા નિર્મળપણું જે પ્રગટ થયું એની અંદર જગતના પદાર્થોનું પ્રતિબિંબ પડે છે. અરીસો કહેતો નથી કે હે જગતના પદાર્થો મારામાં તમે આકૃતિ ઊભી કરો. કે અરીસો જાતો નથી આકૃતિ ઊભી કરાવવા માટે કોઈ પદાર્થની નજીક. એ તો સ્વયં જ એનો સ્વભાવ છે કે જેને લઈને એમાં આકૃતિ સામેથી આવે, એની આકૃતિ પડી જ જાય. એ પોતાના કારણે છે. એમ પરપ્રકાશકપણું એ પોતાની શક્તિ છે. જેમ સ્વપ્રકાશકપણું પોતાની શક્તિ છે એમ જ પરપ્રકાશકપણું એ પોતાની શક્તિ છે.

'સ્વપરપ્રકાશક શક્તિ હમારી, નિજરૂપા પરરૂપા ભાસી.' 'બનારસીદાસે' ગાયું છે 'સમયસાર નાટક'. 'સ્વપરપ્રકાશક શક્તિ હમારી નિજરૂપા પરરૂપા ભાસી.' એ જાણે પરરૂપે હોય નહીં એમ ભાસે છે પણ અમારી શક્તિ છે એમ કહે છે. નિજ સ્વરૂપમાં નિજને જુએ છે અને પરભાસનમાં પરને જુએ છે તો જાણે પરરૂપે થઈ ગયું હોય. પરરૂપા ભાસી. અજ્ઞાનપણે પરરૂપે ભાસ્યમાન થાય છે કે આ દેહ મારામાં છે. 'દેહનો સ્વભાવ જીવપદમાં જણાય છે' દેહની પીડા જીવને પોતાને મારામાં થતી જણાય છે. એ પરરૂપનું ભાસન પોતામાં થઈ ગયું એને. પણ એ તો એની સ્વપરપ્રકાશક શક્તિ છે, એમ લ્યે છે. વસ્તુ વસ્તુમાં છે, બન્ને પોત પોતામાં છે. કોઈનામાં કોઈ જતું નથી.

મુમુક્ષુ :- પરપ્રકાશક...

પૂજ્ય ભાઈશ્રી :- પરપ્રકાશક પણ એ શક્તિ પોતાની છે. પરનું એમાં કાંઈ નથી, એમ લેવું. પરનું એમાં કાંઈ નથી. જે કાંઈ છે તે પોતાનું પોતામાં સર્વસ્વ પોતાનું જ છે, બીજાનું કાંઈ એમાં નથી.

મુમુક્ષુ :- એમાં કાંઈ Limit નથી...

પૂજ્ય ભાઈશ્રી :- અગાધ એટલે Limit વગરનો, હદ વગરનો, બેહદ-મર્યાદા વગરનો. અગાધ એટલે જેનો નીચે તાગ આવતો નથી. આ નથી કહેતા ? ગાધ કાઢો, ગાધ કાઢો આગ નીચેથી. જેનું નીચે તળિયું નથી. કેવો જ્ઞાયક સ્વભાવ છે ? કે જેને નીચે તળિયું નથી. કેવો જ્ઞાયક સ્વભાવ છે ? કે જેને કોઈ નીચે તળિયું

નથી. અચિંત્ય છે. લંબાવે જાય.. કેટલો કેટલો કેટલો ? જેની કોઈ હદ નથી એટલો. ગંભીર એટલે બહાર દેખાતો નથી. આટલો મોટો ને આટલો મહાન હોવા છતાં બહાર દેખાતો નથી. એ એની ગંભીરાત છે.

જેમ કોઈ માણસ કહે કે, આ ભાઈ ! બહુ સાદા સીધા દેખાય છે તો કાંઈ સાધારણ માણસ, ગરીબ માણસ છે ? ભાઈ ! કરોડપતિ માણસ છે પણ પૈસા સાચવવાની એની ગંભીરાત છે. બહારમાં ક્યાંય ડોળ અને ડેંડાટ કરતો નથી. આપણે ગયા હતા ને ? 'વડવા'. એક વૃદ્ધ માણસ મળ્યા હતા. નહોતું કીધું ? કે આના દીકરા કરોડપતિ છે. એની ટંકડી-બેગ જુઓ તો ઇ પચાસ વર્ષ પહેલાની નાની એવી હતી. એના ઉપર એનું નામ હાથેથી લખેલું હતું. Oil paint ના અક્ષરથી હાથેથી લખેલું હતું. કપડા જુઓ તો ખાદીના કપડા પહેરે અને ગળી ન દીધી હોય એટલે થોડા પીળા તો લાગે, સ્વાભાવિક છે. ઉંમર મોટી હતી, માથે વાળ રાખવાનો સવાલ નથી. મુંડન હોય માથે. વૃદ્ધ અવસ્થા હોય, સાધારણ કપડા હોય, સાધારણ દેખાવ હોય, શરીરે કરચલી પડી હોય તો (એમ થાય) વૃદ્ધ માણસ છે, આશ્રમમાં રહેતા હશે. વૃદ્ધાશ્રમમાં રહેવાને બદલે આશ્રમમાં રહેતા હશે. પણ એના છોકરા બધા કરોડપતિ હતા. ઓળખાણ નીકળી થોડીક. કેમ આ કાંઈ દેખાવ નથી ? ગંભીર માણસ છે, દેખાવ નહીં કરે કાંઈ.

એમ આત્મામાં અનંતજ્ઞાન, અનંતસુખ ભર્યું છે પણ એનો સ્વભાવ બહુ ગંભીર છે. એનું પેટ હાથમાં આવે એવું નથી. કહે છે ને, ગંભીર માણસનું પેટ હાથમાં ન આવે. બોલે ઓછું, દેખાવ કરે ઓછો, કામ કરે મોટું. એમ આત્માનો દેખાવ એવો નથી બહાર. અરૂપી ચીજ છે. શક્તિ કેટલી ? પાર વિનાની અપાર શક્તિ છે પણ ક્યાંય એનો દેખાવ નથી જોવામાં આવતો. એ સ્વભાવ એની ગંભીરાત લઈને પડ્યો છે. ક્ષેત્ર નાનું છે, દેહપ્રમાણ અને એવી કોઈ બહારમાં ચમત્કારિક ચીજ દેખાતી નથી છતાં સ્વભાવ એટલો બધો ચમત્કારિક છે, શક્તિમાં એટલો બધો ચમત્કાર છે કે એક ક્ષણમાં કર્મના, અનંત કર્મના શત્રુના ચૂરા કરી નાખે એવો છે. એક ક્ષણની અંદર ભુક્કા બોલાવી દે. એટલી જેની શક્તિ છે. પડખું ફરે એટલી વાર છે. જેમ કોઈ મહાન યોદ્ધો સૂતો હોય તો માખીઓ બણબણ કરીને બેસી જાય એના ઉપર. પણ મોટા મોટા યોદ્ધા એનાથી ડરે. માખીઓનો શું ભાર છે ! એ સૂતો છે ત્યાં

સુધી સૂતો છે. એ એની શક્તિ સંભાળે (તો) કોઈ નજીક આવી શકે એવું નથી.

મુમુક્ષુ :– 'સોગાનીજી'એ કહ્યું, બહુ જાણવાની...

પૂજ્ય ભાઈશ્રી :– હા. શાસ્ત્ર વાંચનનો વિષય આપણા મુમુક્ષુસમાજમાં વિશેષ છે. ઘણા બુદ્ધિમાન માણસો શાસ્ત્ર વાંચે છે, ધારે છે. એ શાસ્ત્રની વાતો કરે છે. ઘણી અનેક પડખાંની (વાતે કરે છે). શાસ્ત્રોમાં અનેક જાતની (વાતો આવે છે). શાસ્ત્ર તો સમુદ્ર જેવો વિષય છે. ઘણી ઘણી નવી નવી વાતો જાણવા મળે. સામાન્ય વૃત્તિમાં જીવને આકાંક્ષા થાય કે ઘણું વાંચીએ ને ઘણું જાણીએ અને ઘણું સમજીએ. એમની (સોગાનીજીની) પોતાની વાંચનની વૃત્તિ સંક્ષેપ થઈ ગઈ હતી. તો શું કારણ થયું ? એ વાત એમણે એક જગ્યાએ લખી. જ્યારે એમ જાણ્યું કે સ્વરૂપમાં નિશ્ચળ રહેવાથી, સ્વરૂપમાં એકાગ્ર રહેવાથી કેવળજ્ઞાન પ્રગટ થશે અને એ કેવળજ્ઞાન પ્રગટ થતાં લોકાલોક એક સમયમાં જણાઈ જશે તો પછી આ ચોપડા વાંચવાની મારે શું જરૂર છે ? કેવળજ્ઞાન જ ન પ્રગટ કરું ? એટલે ઇ ધ્યાને ચડી ગયા હતા. પુસ્તકના પુસ્તકિયા જ્ઞાને ચડવાને બદલે એ એકાગ્રતાના ધ્યાને ચડી ગયા. સીધો રસ્તો પકડ્યો. ત્યારથી શાસ્ત્ર વાંચવાની મારી વૃત્તિ સંક્ષેપ પામી ગઈ છે. વિશેષપણે શાસ્ત્ર વાંચવામાં સમય દેતો નથી પણ જે સમય મળે એમાં એ આત્મધ્યાનમાં સમય વ્યતીત કરતા હતા. શાસ્ત્ર વાંચવામાં સમય વ્યતીત કરતા નહોતા.

એવો રૂબરૂ ચર્ચામાં એક વખત બહુ કડક જવા દીધો હતો. શાસ્ત્ર વાંચનનો પક્ષ થઈ ગયો હોય એને થોડો આકરો પડે એવો જવાબ છે. જેમ બાહ્ય ક્રિયાનો પક્ષ થઈ ગયો હોય એને ક્રિયા ઉપર કોઈ પ્રહાર કરે તો આકરું લાગે. ઉપવાસને લાંઘણ કહે તો આકરું લાગે. એમ વાંચનનો પક્ષ થઈ ગયો હોય એને આ વાત આકરી લાગે એવી થોડીક વાત બોલી ગયા હતા. કોઈએ પૂછ્યું કે, દુકાને જઈને આવો પછી તો ઘરે આવીને શાસ્ત્ર લઈને બેસતા હશો ને ? પછી શાસ્ત્ર વાંચવા બેસો ને ? એવો કોઈએ પ્રશ્ન પૂછ્યો. (ત્યારે કહ્યું), ત્યાંથી કંટાળીને આવ્યા પછી... ત્યાં તો સળગવાનું જ છે, ત્યાં તો હોળી જ છે બધી, દુકાનમાં તો હોળી જ છે બધી. કહે કોઈ એવું ? અહીં તો બધા વાણિયા પગે લાગે છે, હોળી કહે ? પછી ઘરે આવીને શાસ્ત્રની સગડી વળી નવી શું કરવા સળગાવું ? શું કહ્યું ? ઘરે આવીને શાસ્ત્રની સગડી પછી મારે સળગાવવી નથી. ત્યાં તો તપ્યો, હવે અહીંયાં ક્યાં ફરીને

તાપવા બેસું પાછો હવે. ઇ તાપથી તો થાક્યો હવે. એવી જરા આકરી વાત બોલી ગયા હતા. ઇ પુસ્તકમાં મૂક્યું હોય તો સહન ન કરી શકે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' બીજા શબ્દોમાં કહેતા, 'રાગ આગ દહે સદા.'

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઇ તો લખ્યું જ છે ને. પણ ઇ તો જ્ઞાન માને ને. રાગ ન માને. શાસ્ત્ર વાંચે એને શું માને છે ? જ્ઞાન માને. એને રાગ ન માને. પણ પરસત્તાને અવલંબે રાગ ઉત્પન્ન થયો અને 'રાગ આગ દહે સદા તાતે સમામૃત સેઈએ' એ તો એક એક જ્ઞાનીના અભિપ્રાય તો એક સરખા જ હોય, એમાં શું ફેર પડે.

મુમુક્ષુ :– ૪૫ વર્ષના પ્રવચનોમાં કોઈ જાતનું કાંઈ... બીજી વાત નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– કેવી રીતે આવે બીજી વાત. જે રસ્તે પોતાને જાવું છે, જે રસ્તો પોતાને સૂઝ્યો છે ઇ વાત કરે કે ઊંધી કરે ? બીજી વાત કરવાનો પ્રશ્ન રહેતો નથી.

(અહીંયાં) શું કહે છે ? કે કોઈપણ પ્રકારે ઉપયોગને બહારમાં લંબાવીને જ્ઞાન વધારવાની વૃત્તિ પણ એણે તોડી નાખવી જોઈએ. રાગ વધારવાની વૃતિ તો તોડી નાખવી જોઈએ પણ જ્ઞાન વધારવાની વૃત્તિ એ રીતે તોડી નાખવી જોઈએ. એ રીત ઊંધી છે, એ પદ્ધતિ ઊંધી છે. અને સ્વરૂપમાં નિશ્ચળ રહેવું જ યોગ્ય છે. સ્વરૂપલીન રહે. સ્વરૂપનો આશ્રય કરવાનો પુરુષાર્થ કર, સીધો અવલોકનમાં આવી જા. બાકી બધું ખોટું છે, ઊંધે રસ્તે જવાની વાત છે. એવો સ્પષ્ટ વિષય છે. અહીં સુધી રાખીએ...

**અતિન્દ્રીય એવું આત્મસ્વરૂપ, ઇન્દ્રિય જ્ઞાનનો વિષય નથી, કોઈપણ પ્રકારનો (મંદ કષાયરૂપ) રાગનો વિષય પણ આત્મા બિલકુલ નથી; આત્મસ્વરૂપ, મનના વિકલ્પ - ચિંતન ગમ્ય પણ નથી જ. પરંતુ માત્ર અંતર્મુખ જ્ઞાનમાં ગ્રહણ થાય તેવું છે; તેથી કેવળ અંતર્મુખ ઉપયોગ કર્તવ્ય છે. વિકલ્પ - રાગના સદ્ભાવમાં પણ વિકલ્પની આડ વગર જ્ઞાન સીધું સ્વરૂપને - નિજને ગ્રહે - તે અંતર્મુખતા છે. તેમાં આત્મા જ્ઞાનગોચર - વેદનગોચર થાય છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૦૪)**

**શુદ્ધનયના વિષયભૂત આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ છે. આત્મા સ્વયમેવ મંગળરૂપ છે, આનંદરૂપ છે; તેથી આત્માની અનુભૂતિ પણ મંગળરૂપ અને આનંદરૂપ છે. ૨૨૭.**

## તા. ૨૩-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૨૭
## પ્રવચન નં. ૧૮૨

બોલ ૨૨૭મો. આત્મસ્વરૂપનો મહિમા દર્શાવે છે. પોતાનું જે મૂળ સ્વરૂપ છે, શુદ્ધાત્મપદ પરમ સ્વરૂપ છે એ શુદ્ધજ્ઞાનના વિષયરૂપ થતું હોવાથી, નિર્મળ જ્ઞાનના વિષયરૂપ થતું હોવાથી એને શુદ્ધનયના વિષયભૂત આત્મા કહેવામાં આવે છે. નય છે તે જ્ઞાનનો અવયવ છે. આખું પ્રમાણજ્ઞાન પદાર્થનું (થાય) તેના એક અંશ એક અવયવરૂપે નયજ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. આત્મામાં પણ અનેક ગુણધર્મોરૂપ અવયવ છે. તે તે આત્માના ભેદોને-અંગોને વિષય કરવાનું જેનું પ્રયોજન છે એવા તે તે જ્ઞાનના અંશને નયજ્ઞાન કહેવામાં આવ્યું છે. જે ધર્મને, જે ભેદને, જે ગુણને વિષય કરે તે ધર્મ અનુસાર તે નયનું નામ પાડવામાં આવ્યું છે.

જેમકે અહીંયાં શુદ્ધનય કહ્યો. તો આત્માનું શુદ્ધ સ્વરૂપ જાણવાનું જે જ્ઞાનનું પ્રયોજન છે તે જ્ઞાનના અંશને શુદ્ધનય કહેવામાં આવે છે. શુદ્ધનય શા માટે કહ્યું ? (કારણ કે) આ જ્ઞાન શુદ્ધ સ્વરૂપને વિષય કરવાનું પ્રયોજન રાખે છે. આ જ્ઞાનનું પ્રયોજન શુદ્ધ સ્વરૂપને વિષય કરવા સિવાય બીજું કાંઈ નથી. તેથી તેને શુદ્ધનય કહે છે. તેને ને તેને નિશ્ચયનય કહે છે. કેમકે એ શુદ્ધ સ્વરૂપ છે તે આત્માનું નિશ્ચય સ્વરૂપ છે, અનાદિઅનંત સ્વરૂપ છે, મૂળ સ્વરૂપ છે. તેથી તેને જાણનારને નિશ્ચયનય પણ કહેવામાં આવે છે. અને પોતે પણ શુદ્ધ સ્વરૂપને વિષય કરતા શુદ્ધ જ્ઞાનરૂપે-શુદ્ધ ભાવજ્ઞાનરૂપે પણ પરિણમતું હોવાથી એને શુદ્ધનય કહેવામાં આવે છે. અથવા

એવા શુદ્ધ સ્વરૂપને જાણતાં, અવલંબતા નિર્મળતા અને શુદ્ધતા અવસ્થાની અંદર-પર્યાયની અંદર પ્રગટ થાય છે-ઉત્પન્ન થાય છે. એવું પણ, એ શુદ્ધનય કહેતા એ ભાવ પણ એની અંદર આવી જાય છે.

એવા '**શુદ્ધનયના વિષયભૂત જે આત્મા...**' એટલે શુદ્ધ આત્મા તેની '**સ્વાનુભૂતિ...**' એટલે એનો પોતાનો અનુભવ એ '**સુખરૂપ છે.**' આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ છે. વિશેષણ કાઢી નાખીએ તો. કારણ કે શુદ્ધનયનો વિષયભૂત એ એનું વિશેષણ છે. શુદ્ધાત્માની સ્વાનુભૂતિ તે સુખરૂપ છે. આત્મા સુખસ્વરૂપ હોવાથી, અનંત સુખનો કંદ હોવાથી તેનો અભેદ અનુભવ જે જ્ઞાન કરે છે, જ્ઞાનમાં અનુભવ કરવાનો ધર્મ છે, ત્યારે સુખ પ્રગટ થાય છે, નિરાકુળ સુખ અનુભવગોચર થાય છે, અનુભવમાં આવે છે. એને આત્મિક સુખ કહેવામાં આવે છે.

જગતમાં સર્વ સાધારણજનને સુખ અને દુઃખ એવા જે બે પ્રકારના ભાવ અનુભવથી પરિચયમાં છે. તેમાં દુઃખ તો દુઃખરૂપ છે પણ તેમાં જે સુખ છે એ સુખરૂપ નથી. આ એક વિચારણીય સ્થાન છે-વિચારણીય સ્થળ છે કે જ્યાં સુખનો અનુભવ કરવામાં આવે છે ત્યાં આત્માનું સુખ નહીં હોવાથી અથવા એક પ્રકારનું માનસિક સુખ હોવાથી પરમાર્થના પ્રકરણમાં એને સુખ નહીં કહેતા દુઃખ કહેવામાં આવ્યું છે. પરમાર્થનું પ્રકરણ એટલે તાત્ત્વિક પ્રકરણ. તાત્ત્વિક પ્રકરણ એટલે તાત્ત્વિકપણે સુખ જોવામાં આવે તો એ સુખ નથી પણ દુઃખ છે. પણ તીવ્ર દુઃખ અને મંદ દુઃખની ગણતરીમાં, સરખામણીમાં તીવ્ર દુઃખને દુઃખ કહ્યું છે, મંદ દુઃખને સુખ કહ્યું છે. પણ એ સુખ નથી.

દુઃખ કોને કહીએ ? કે જેમાં આકુળતા વેદાતી હોય તેને દુઃખ કહીએ. જેમાં નિરાકુળતા વેદાતી હોય તેને સુખ કહીએ. જગતમાં જે સુખનો અનુભવ કરવામાં આવે છે, અનેક પ્રકારે જુદું જુદું સુખ સંયોગ અપેક્ષાએ જોવામાં આવે છે, તે મંદ આકુળતાના પરિણામના પ્રકાર છે. ત્યાં નિરાકુળતાના પ્રકાર, પરિણામ નથી પણ મંદ આકુળતાના પરિણામના પ્રકાર છે. અથવા બીજી ભાષામાં કહીએ તો ત્યાં મંદ આકુળતારૂપ મંદ દુઃખમાં સુખની કલ્પના કરવામાં આવી છે અને એ સુખની કલ્પનાને જગતમાં વાસ્તવિક-સાચું સુખ માનવામાં આવ્યું છે. પણ જો સાચું સુખ હોય તો તેનાથી તૃપ્તિ થાય. પણ તેનાથી કોઈને તૃપ્તિ થતી નથી. એ સુખ નથી એના ઘણા

લપ્રમાણ છે.

એક માણસે મીઠાઈ ખાવામાં સુખ માન્યું કે મને આ મીઠાઈ બહુ ભાવે છે અને એ મારા સુખનો વિષય છે. એને મીઠાઈ ખવડાવે જાવ (તો) એનું સુખ વધતું જવું જોઈએ. પ્રત્યક્ષ પ્રમાણથી, પ્રત્યક્ષ યુક્તિના પ્રમાણથી, આ યુક્તિ લગાવી કે જેટલી મીઠાઈ ખાતા સુખ લાગે એથી ડબલ મીઠાઈ ખાય ત્યારે બમણું, ચારગણી મીઠાઈ ખાય ત્યારે ચારગણું અને દસગણી ખાય તો દસગણું સુખ થવું જોઈએ. પણ સુખ થતું નથી. ત્યાં ને ત્યાં જે સુખની કલ્પના હતી એ કલ્પના વિલીન થઈ ગઈ અથવા એ કલ્પનાનો પર્દાફાશ થઈ ગયો અને વાસ્તવિકતા આવીને ઊભી રહી કે ખરેખર એમાં સુખ નથી. અને એ સ્વાનુભવથી, તર્ક-અનુમાનનો વિષય નથી પણ ત્યાં અનુભવ થાય છે કે હવે ખવડાવશો તો હવે દુઃખ થાય છે એમ નહીં પણ તમે સમજી શકશો એવું દુઃખ (થશે), બીજા સમજી શકે એવું પણ દુઃખ થશે.

માનસિક સુખ એટલે સુખની કલ્પના અને આત્માનું સુખ એટલે નિરાકુળ સુખ-આકુળતાનો અભાવ. એ બે વચ્ચેનો જ્યાં સુધી તફાવત ન સમજાય, સમજણની દૃષ્ટિએ પણ ન સમજાય ત્યાં સુધી કલ્પિત સુખની પાછળની જીવની દોડ વિરામ પામતી નથી, અટકતી નથી, બંધ થઈ શકતી નથી.

સ્વાનુભૂતિનો વિષય એટલા માટે શાસ્ત્રની અંદર પ્રસિદ્ધ કરવામાં આવ્યો છે કે આ સ્વાનુભૂતિમાં જે સુખ પ્રગટ થાય છે એ તૃપ્તિરૂપ છે. ત્યાં આત્માને તૃપ્તપણું અનુભવમાં આવે છે. (એવી) અલૌકિક તૃપ્તિ અનુભવાય છે જેને લઈને બહારના પદાર્થોના કોઈ વિષયની સુખ માટેની ચાહ સ્વાનુભૂતિ સંપન્ન જીવને રહેતી નથી. અહીંયાં જે ફરક પડે છે એ આ પ્રકારનો ફરક પડે છે.

કોઈપણ રીતે બાહ્ય પદાર્થોમાંથી સુખ મેળવવાના જે પરિણામ છે, જેને ઇચ્છા કહેવામાં આવે છે, એ ઇચ્છાનો ભડકો આત્માના આત્મિક સુખના અનુભવ વિના કોઈ રીતે શાંત થાય, એનો અંત આવે એવું કદી બનતું નથી. એક ઇચ્છાથી ઇચ્છીત પદાર્થ હજી પૂરો ભોગવાય એ પહેલા તો બીજી ઇચ્છા ઉત્પન્ન થઈ આવે છે. પૂરો ન ભોગવાય રહે એ પહેલા બીજી ઇચ્છા ઉત્પન્ન થઈ આવે છે. એવી ઇચ્છાની વણઝાર ચાલુ ને ચાલુ રહે છે. અને એ ઇચ્છા પોતે જ આકુળતાસ્વરૂપ પરિણામ હોવાથી, અતૃપ્તભાવ હોવાથી, આકુળતારૂપ ભાવ હોવાથી આત્મા સતત દુઃખને અનુભવતો

રહ્યો છે.

પોતે અવલોકનથી પોતાના પરિણામનો અભ્યાસ કર્યો હોય તો આ વાત એને પોતાના અનુભવથી સમજાય એવી છે. પુસ્તકમાંથી શીખવાની જરૂર નથી પણ પોતાના અનુભવમાંથી સમજાય એવી છે. પુસ્તકમાંથી સમજાવું એક વાત છે અને અનુભવમાંથી સમજાવું બીજી વાત છે. પુસ્તકમાંથી સમજેલો જીવ સમજણને ભૂલી શકે છે, અનુભવમાંથી સમજેલો જીવ એ સમજણને ભૂલી શકતો નથી. આ સમજણનો (અને અનુભવનો) મોટો ફેર છે.

આપણે ત્યાં પ્રશ્ન ઊઠે છે કે વાતો ઘણી સાંભળીએ છીએ, આ બધું શાસ્ત્રજ્ઞાન ઘણું સમજીએ છીએ પણ પાછું ભૂલી જવાય છે અને એની અસર રહેતી નથી. કેમ એમ બને છે ?

જે શાસ્ત્રમાં અનુભવની વાતો લખી છે એ શાસ્ત્રની વાતો અનુભવથી સમજવાને બદલે માત્ર શાસ્ત્રપાઠથી શાસ્ત્રપાઠી થઈને પઠન-પાઠનથી સમજવાનો પ્રયત્ન એણે રાખ્યો છે. એ પ્રકારે સમજણ કરવાની પદ્ધતિ યોગ્ય નથી. અથવા તે પ્રકારે સમજણ કરવાની પદ્ધતિ અયોગ્ય છે તેમ કહીએ તો તે વધારે ઉચિત છે. શાસ્ત્ર સામે રાખીને સમજવું એ અનુચિત છે ? હા. એ અનુચિત છે. કેમકે એમાં વાત કરી છે વાત કરનારે સ્વાનુભવની, પોતાના સ્વાનુભવની અનુભવ પદ્ધતિથી, અનુભવના દૃષ્ટિકોણથી. તું પણ એ જ વાતને તારા અનુભવ સાથે મીંઢવીને-મેળવીને સમજ, એમ કહેવું છે.

'ગુરુદેવશ્રી'એ પહેલી વખત 'સમયસાર' સભાની અંદર વાંચ્યું ત્યારે 'સમયસાર'ના વિષયમાં એમણે કેટલાક વચનો કહ્યા કે, આ 'સમયસાર'માં જે કહેવા માગે છે એ વાતને તમે પ્રમાણ કરજો, સંમત કરજો, એનો નકાર ન કરશો, એની હા પાડજો. પણ કેવી રીતે ? કે અનુભવથી પ્રમાણ કરજો. 'સમયસાર'ની છઠ્ઠી ગાથાના પ્રવચનો કરતા એ શબ્દો કહ્યા છે. અને 'પરમાગમસાર'માં, 'પરમાગમસાર'નો પહેલો બોલ એ છે (કે) અનુભવથી પ્રમાણ કરજો, સ્વાનુભવથી પ્રમાણ કરજો. કેટલાક એમ સમજે છે કે એ આત્માના અનુભવને સ્વાનુભવથી પ્રમાણ કરવાની વાત છે. પણ જ્યાં સુધી અનુભવ ન થાય ત્યાં સુધી તો શાસ્ત્રથી જ સમજીએ ને ? પણ ત્યાં એટલો સંક્ષિપ્ત અથવા એટલો સાંકડો અર્થ નથી કરવાની જરૂર, વિશાળ અર્થ કરવાની જરૂર છે. બધી જ વાતો-વિભાવની અને સ્વભાવની બધી જ વાતો અનુભવ પ્રમાણથી આવી

છે અને બધી જ વાતો અનુભવની સાથે મેળવીને સંમત કરવાની છે. એ પદ્ધતિ અપનાવવાની છે.

જેમ સ્વાદનો વિષય ચાખવાથી-સ્વાદ લેવાથી સમજાય અને વર્ણન કરવાથી ન સમજાય. જેમકે ઘી મોળું લાગે છે, કાજુ પણ મોળા લાગે છે અને શીંગ પણ મોળી લાગે છે અને કાકડી પણ મોળી લાગે છે. બધું મોળું કહેવાય, સ્વાદમાં બધું મોળું કહેવાય. એકસરખો સ્વાદ છે બધાનો ? મોળું કહેવા છતાં એ ચારેયના સ્વાદ જુદાં છે. મરચું તીખું લાગે છે અને મરી તીખા લાગે છે. કોઈ એમ કહે કે બન્નેની તીખાશનું વર્ણન કેવી રીતે જુદું પડે છે ઇ સમજાવી દ્યો. તો કહે, ભાઈ ? ઇ શબ્દનો વિષય નથી. એ ચાખીને, સ્વાદ લઈને નક્કી કરવાનો વિષય છે કે મરચાની તીખાશ અને મરીની તીખાશ કેવી રીતે જુદી પડે છે.

અનુભવનો વિષય એ પણ વર્ણનનો વિષય નથી, એ અનુભવથી જ સમજવાનો વિષય છે. તીખું એવો શબ્દ આવે, પણ તીખાશ તો તીખાશ છે. શબ્દ ઇ શબ્દ છે. શબ્દમાં તીખાશ નથી, તીખાશમાં શબ્દ નથી. એમ સુખ અને દુઃખ એ શબ્દ છે પણ બન્ને અનુભવનો વિષય છે. એ શબ્દાર્થથી સમજવાનો વિષય નથી પણ અનુભવથી સમજવાનો વિષય છે.

જીવમાત્રની આ એક સમસ્યા છે કે મારે કોઈ દુઃખ છે ઇ જોઈતું નથી, મને કાંઈ દુઃખ ન હો. દુઃખ આવી પડે ઇ એક સમસ્યા છે, પરવશપણે જગતના સર્વ પ્રાણીઓને દુઃખ આવી પડે છે અને કોઈને દુઃખ જોઈતું નથી. આ સમસ્યાનું સમાધાન અથવા આ સમસ્યા હલ થવી એનું આ એક જ સ્થાન છે કે જ્યાં વાસ્તવિકપણે સુખ છે ત્યાંથી સુખની પ્રાપ્તિ થાય અને જ્યાં સુખ નથી ત્યાંથી ગમે તેટલા પ્રયત્ન કરે, કરોડ ઉપાય કરે તોપણ સુખની પ્રાપ્તિ ન થાય. કેમકે જ્યાં જે ચીજ નથી ત્યાંથી તે મળવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

અત્યારના વર્તમાનના વિજ્ઞાનના જમાનામાં એક Materialism ની વાત આવે છે. (અર્થાત્) અમે કાંઈ વાતોથી ન સમજીએ, વાતોથી અમે માનીએ નહીં. અમને કાંઈ Materialise થાય તો માનવાનું થાય. Materialise થાય એનો અર્થ શું છે ? કે જેમકે વાયરની અંદર Electricity છે. બત્તી કરો તો ખબર પડે, ચાંપ દાબીને બત્તી કરો તો છે એની હયાતીની ખબર પડે. તો ત્યાં એ વસ્તુનો ઉપયોગ થયો

અથવા એ વસ્તુ સિદ્ધ થઈ-પ્રાપ્ત થઈ. તો અહીંયાં સુખની વાતો જ કરવાની છે કે સુખની પ્રાપ્તિ થાય છે ?

જ્ઞાની એમ કહે છે કે, જગતમાં જેટલી સુખની કલ્પનાઓ અને વાતો છે એ બધી વાતો છે ક્યાંય સુખ Materialise થતું નથી, પ્રાપ્તિ થતી જ નથી. અને ક્યાંય સુખ થતું હોય અને તૃપ્તિ થતી હોય એવી એકપણ સંસારમાંથી વ્યક્તિ કાઢી દ્યો કે ઇ એમ કહે કે હવે કોઈ ઇચ્છા મને થતી જ નથી. મને હવે કોઈ ઇચ્છા થતી નથી (એમ કહેનાર) એવો એક જીવ લાવી દ્યો. એકપણ નહિ મળે. એક એક મિનિટે, સેકન્ડે સેકન્ડે એને નવા નવા વિકલ્પ અને નવી નવી ઇચ્છાઓ થયા જ કરે છે. નિરિચ્છિક સ્વભાવના આશ્રય વિના ઇચ્છાનું મટવું બને કેવી રીતે ? કોઈ રીતે બની શકે એવું નથી.

અહીંયાં સ્વાનુભવમાં સુખ ઉત્પન્ન થાય છે એવી વાત લીધી છે. સુખનો પિંડ આત્મા છે, સુખનો કંદ આત્મા છે. જેમાં બેહદ સુખનું સામર્થ્ય સામર્થ્યસ્વરૂપે પડ્યું છે. એના અવલંબને અવલંબન લેનાર દશામાં સુખની ઉત્પત્તિ થાય છે અને તૃપ્તિ થાય છે. ત્યાં ઇચ્છા વિનાનું નિરિચ્છિક સુખ ઉત્પન્ન થાય છે.

ભગવાન જિનેન્દ્રદેવની આપણે જે પ્રતિમા સ્થાપીએ છીએ એ ધ્યાનસ્થ પ્રતિમાની સ્થાપના કરવામાં આવે છે. કાં ખડ્ગાસને અને કાં પદ્માસને. તો ત્યાં કોઈ ઇચ્છા અને કોઈ ઇચ્છાની પ્રવૃત્તિ બેમાંથી એક્કે વાત ત્યાં નથી. નિરાકુળ શાંતસ્વરૂપ આત્મા ઇચ્છા વિનાની ચીજ મૂળ સ્વરૂપ જે છે, કેમકે સામર્થ્યમાં ઇચ્છા ક્યાંથી હોય ? ઇચ્છા તો પરિણામનો વિષય છે. આ તો શક્તિરૂપ તત્ત્વ છે તો જે શક્તિને અવલંબે અને શક્તિમય પરિણામ થાય ત્યાં એ પરિણામની અંદર કોઈ વિકલ્પ કે કોઈ ઇચ્છાનો અંશ ઉત્પન્ન થતો નથી. અનંતમાં ભાગે પણ ત્યાં ઇચ્છા નથી. એટલે તો ભગવાનની જે વાણી છે એ ઇચ્છા વિના ઉત્પન્ન થયેલી વાણી કહેવામાં આવે છે. એટલા માટે છદ્મસ્થની જેમ એ વાણીની અંદર અક્ષરાત્મક સંવાદો નથી થતા, Dialogues નથી થતા. એક પ્રશ્ન પૂછે ને, કોઈ એક વ્યક્તિ પ્રશ્ન પૂછે અને ભગવાન એનો જવાબ દે. એમાં તો ઇચ્છા થયા વિના રહે નહીં. જો કોઈ એક વ્યક્તિનો સીધો ઉત્તર એને દેવાનો હોય તો એને ઉત્તર દેવાની ઇચ્છા વગર ઉત્તર કેવી રીતે દેવાય ? અને એ ઇચ્છાનો રાગ જો ભગવાનને હોય તો ભગવાનને વીતરાગ કેવી રીતે કહેવાય ?

ભગવાન તો પ્રસિદ્ધપણે વીતરાગ છે. એ વીતરાગની વાણી પણ રાગ વિના ઉત્પન્ન થયેલી વાણી છે. તેથી એમાં અક્ષરાત્મક ભાષા નથી પણ અનઅક્ષરાત્મક ઓમકાર નાદ છે.

સમવસરણની અંદર લોખો કરોડો જીવ બેઠેલા છે. લાખો નહીં પણ કરોડો જીવ બેઠેલા છે. બાર યોજની ત્રિજ્યા જેની છે અથવા ચોવીસ યોજનનો જેનો Diameter છે, એવી ગોળાકારે ધર્મસભાને સમવસરણ કહે છે. એની અંદર અવગાહનનો એક અતિશય હોય છે કે જેથી ગમે તે જીવ આવે તોપણ એની સભાની અંદર ગિરદી થયા વિના, ભીંસ થયા વિના બધાને અવગાહન મળે છે-જગ્યા મળે છે. ગમે તેટલા આવે. તિર્યંચો આવે, મનુષ્યો આવે, દેવો આવે. ત્રણ ગતિમાંથી જીવો આવે છે. એક નારકીના જીવો વિશેષ પાપના ફળમાં નરકના ક્ષેત્રમાં હોવાને લીધે એનું પુણ્ય સમવસરણમાં આવવા જેટલું નથી હોતું. એક અભવિજીવોની યોગ્યતા સમવસરણમાં પ્રવેશ કરવાની નથી. બાકી મનુષ્યની સભામાં મનુષ્યો, દેવોના સભાખંડમાં દેવો અને તિર્યંચના સભાખંડમાં તિર્યંચો (બેસે છે).

તિર્યંચોમાં તો કેટલાક તિર્યંચોને જાતિ વેર હોય છે. એ જાતિવેર ત્યાં સમવસરણમાં રહેતું નથી. સર્પ અને નોળિયો બાજુ બાજુમાં બેસીને સાંભળે છે. ઉંદર અને બિલાડી બાજુ બાજુમાં બેસીને સાંભળે છે. ગાય અને સિંહ, આપણે અહીંયાં ચિત્ર દોર્યું છે ને એ સમવસરણનું છે, ગાય અને સિંહ બાજુ બાજુમાં બેસીને સાંભળે છે. ભગવાનની નીચે છે ચિત્ર, વેદીમાં નીચે છે. અને કોઈને ત્યાં ગરદી થતી નથી.

ઓમકાર નાદમાં એકસાથે હજારો જીવોને પ્રશ્ન ઉત્પન્ન થાય અને જુદી જુદી કોટિના પ્રશ્નો ઉત્પન્ન થાય તોપણ એને પોતાની ભાષામાં, પોતાના ભાવમાં બધાને અતિ સ્પષ્ટ, કોઈ છદ્મસ્થ જીવ સ્પષ્ટીકરણ ન આપી શકે એટલું સ્પષ્ટીકરણ મળતું હોય, એવી રીતે એને સમજાય છે કે, મારા પ્રશ્નનો ઉત્તર ભગવાનની વાણીમાં આ રીતે મને મળી જાય છે. એક પ્રશ્નના ચારેય પડખા એકસાથે આવે. બધા પડખાં (આવી જાય). કહી શકાય એવા કોઈ પડખા, સમજી શકાય એવા કોઈ પડખા ક્ષયોપશમજ્ઞાનમાં બાકી ન રહે. એટલા માટે જેને આત્માની ત્યાં જિજ્ઞાસા થાય છે એને તરત જ આત્મા સમજાય જાય છે. એટલે ત્યાં ફટાફટ સમ્યક્દષ્ટિઓ (થાય છે). સમ્યક્દર્શન ઉત્પન્ન કરવાનું, સમ્યક્દષ્ટિઓ થવાનું ત્યાં બને છે. અનેક જીવો-

અનેકાઅનેક જીવો એ વાણીના નિમિત્તે સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ ધર્મને પામવા લાગે છે. કેમકે વિષયનું સામે સ્પષ્ટીકરણ પણ એવું જ અલોકિક છે. જે છદ્મસ્થની વાણીમાં કોઈપણ જ્ઞાની હોય, અંગ પૂર્વધારી ગણધર હોય, આચાર્ય હોય, કોઈ છદ્મસ્થની વાણીમાં એવું સ્પષ્ટીકરણ ન આવી શકે. એટલી એ વાણીની દિવ્યતા છે એટલો એ વાણીનો અતિશય છે.

પણ એનો બીજો અર્થ શું થયો ? કે આ જીવ અનંતવાર સમવસરણમાં ગયો છે પણ એણે આત્માની જિજ્ઞાસા પણ કરી નથી. અનંતવાર. એકવાર નહીં પણ અનંતવાર સમવસરણમાં ગયો છે પણ આત્માની જિજ્ઞાસાનો હેતુ લઈને, આત્માના હિતનું કારણ લઈને ગયો નથી. અને તેથી એ પામ્યા વિના પાછો આવ્યો છે. અવસર અનેકવાર ચૂક્યો છે. એ કહેવાનું તાત્પર્ય એટલું કે હવે ન ચૂકે તો સારું. એટલી વાત છે. કેમકે જે વાત સમવસરણમાં 'સીમંધર' આદિ જિનેન્દ્રો અત્યારે કહી રહ્યા છે એવી વાત આવી છે. ત્યાંથી આવેલા આ જીવો છે, આત્માઓ તો ત્યાંથી આવેલા છે અને અનુભવ પ્રાપ્ત છે એટલે અનુભવની વાત કહે છે.

પ્રશ્ન :– સમવસરણમાં જાય તો જિજ્ઞાસા તો હોય જ ને ?

સમાધાન :– જિજ્ઞાસા પણ આત્માની જિજ્ઞાસા. એમ તો અત્યારે પણ જિજ્ઞાસા છે માટે જ અહીંયાં સાંભળવા આવીએ છીએ ને એમ કહેવાય. પણ એવી ઉપર ઉપરની જિજ્ઞાસા, ઉપર ઉપરના કુતૂહલથી બહુ બહુ તો જીવના પરિણામ પ્રવર્તે છે પણ એટલું આમાં પર્યાપ્ત નથી. કેમ પર્યાપ્ત નથી ? એનો ન્યાય છે આની અંદર. આ તો બધી ન્યાયથી તોળાય એવી વાત છે.

જિજ્ઞાસા-આત્મહિતની જિજ્ઞાસા થવી એ એટલી હદે થવી (ઘટે) કે, અભિપ્રાયમાં આખો સંસાર ગૌણ થઈને થવી (જોઈએ). હવે સંસારની મુખ્યતા રાખવી છે અને જિજ્ઞાસા જે થાય એ એના પ્રમાણમાં પછી થાય. સંસારની મુખ્યતા છોડ્યા વિના જે જિજ્ઞાસાનું પ્રમાણ ઉત્પન્ન થાય એ પ્રમાણમાં જિજ્ઞાસા થઈ છે એ અનંતવાર થઈ છે. જીવે કદી પોતાના આત્મકલ્યાણનો વિચાર નથી જ કર્યો એમ સદંતર કહેવું ખોટું છે. ઘણીવાર કર્યો છે પણ એ બધો એણે ઉપર ઉપરથી કર્યો છે, તદ્દન ઉપર ઉપરથી કર્યો છે. જેને જેટલું વજન આપવું જોઈએ એને એટલું વજન આપવામાં ન આવે તો એ વાત બેકાર જાય છે. એ તો સર્વ સાધારણથી સિદ્ધ થાય એવી વાત

છે. એટલે ઉપર ઉપરથી ઇચ્છા કરી છે. અંદરથી એને ભાવના થઈ હોય, અંતરની આત્મકલ્યાણની ભાવના થઈ હોય એવું એણે કદી કર્યું નથી. આ તો પાયાની ચીજ નાખી છે.

'પૂજ્ય બહેનશ્રી'એ આ ગ્રંથમાં આ વિષય પાયાનો નાખ્યો છે કે, તને જો અંતરંગથી ભાવના ઉત્પન્ન થાય-તારા ચૈતન્યમાંથી ચૈતન્યની ભાવના ઉત્પન્ન થાય (તો) ફળે જ ફળે. ન ફળે એ વસ્તુના સ્વરૂપમાં નથી. ચૌદ બ્રહ્માંડને ફરવું હોય તો ફરે (બાકી) આ ભાવના નિષ્ફળ જાય એમ નહીં બને. એટલી Guarantee થી વાત કરી છે. અનંતા તીર્થંકરોની એમણે ત્યાં સાક્ષી આપી છે કે આ વાત અનંતા તીર્થંકરોની કહેલી વાત છે. જાણે કે અનંતા તીર્થંકરોની કહેલી હોય અને પોતે સાંભળેલી હોય એવી રીતે વાત કરી છે. કહેલી એટલે સાંભળેલી. કહેનારે કહી પણ સાંભળી તો પોતે ને ? એક તીર્થંકર પાસેથી સાંભળી (પણ) પ્રમાણ (આપે છે અનંત તીર્થંકરોનું).

(અહીંયાં) ઊલટી સૂલટી વાત એ છે કે જે સંસાર અંગેની મુખ્યતા જીવને વર્તે છે કે જેને લઈને આત્માની ભાવના-ખરી ભાવના-સાચી ભાવના ઉત્પન્ન થતી નથી, હોતી નથી. એ બધા દુઃખના માર્ગ ને દુઃખના ઉપાય અને દુઃખના રસ્તા છે. તો દુઃખના રસ્તાની મુખ્યતા છૂટે નહીં અને ઉપર ઉપરથી આત્માના સુખની ભાવના કરે અને આત્માનું સુખ પ્રાપ્ત થાય (એ) કેવી રીતે બને ? ઇ તો કોઈ રીતે બને નહીં. કેમકે અવસ્થા એક સમયની એક છે. કાં તો આ બાજુ (-પર બાજુ) વળે અને કાં તો આ બાજુ (-સ્વ બાજુ) વળે. પણ એક જ અવસ્થા આ બાજુ વળે અને આ બાજુ વળે એમ ક્યાંથી બને ? આંગળી સીધી પણ રહે અને વાંકી પણ રહે, બન્ને એક વખતે કેવી રીતે બને ? જ્યારે વાંકી છે ત્યારે સીધી નથી, સીધી છે ત્યારે વાંકી નથી. સીધી વાત છે. અવસ્થા છે, આ તો આંગળીની અવસ્થા છે. અવસ્થા તો અવસ્થા જ બદલીને સવળી થાય છે. સુખનો માર્ગ અને સુખનો ઉપાય ઊલટો છે, દુઃખનો માર્ગ અને દુઃખના ઉપાયથી. તો જે પરપદાર્થ પ્રત્યેનું પરિણામ ખેંચાણવાળું છે, એ ખેંચાણથી-તણાવથી આકુળતા ઉત્પન્ન થઈ છે. એ આકુળતાનો રસ્તો પણ ચાલુ રહે અને નિરાકુળતા બાજુ પણ જીવના પરિણામ જાય, એ બે વાત તો કેવી રીતે બનવાની હતી ? બે વાત બનતી નથી.

(અહીંયાં) શું કહે છે ? કે '**શુદ્ધનયના વિષયભૂત આત્માની સ્વાનુભૂતિ સુખરૂપ**

**છે.**' સ્વાનુભૂતિ છે એમાં સુખ છે, જે સુખથી તું અનંતકાળથી તૃપ્ત થયો નથી અને તૃપ્ત થવા ચાહે છે એવા સુખરૂપ છે. પછી બીજા કોઈ પદાર્થમાં તને સુખની ભ્રાંતિ અને કલ્પના થશે નહીં. અને એ ભ્રાંતિ અને કલ્પનાની નિવૃત્તિ થવાથી પરિણામ ત્યાં ગોથું ખાવા જાશે નહીં. (એ) એક તો અહીંયાં અનુભૂતિની વાત લીધી. હવે આત્માની વાત લઈને પછી અનુભૂતિની વાત કરવી છે.

**'આત્મા સ્વયમેવ મંગળરૂપ છે,...'** આત્મા પોતે કોઈના કર્યા વિના, બનાવ્યા વિના સ્વયમેવ મંગળરૂપ છે. પોતાનો આત્મા દરેકનો પોતાનો આત્મા મંગળરૂપ છે.

મુમુક્ષુ :- અત્યારે ?

પૂજ્ય ભાઈશ્રી :- સદાય મંગળરૂપ છે, ત્રણે કાળે મંગળરૂપ છે. જે મૂળ સ્વરૂપ છે આત્માનું અસલ સ્વરૂપ છે, નિશ્ચય સ્વરૂપ છે, સામાન્ય સ્વરૂપ છે તે મંગલરૂપ છે અને આનંદરૂપ છે. મંગળરૂપ પણ છે અને આનંદરૂપ છે.

મંગળનો અર્થ 'ગુરુદેવ' બે રીતે કરતા. જેમાં પુણ્ય પાપ નથી એવી પવિત્રતા છે. પુણ્ય અને પાપની અપવિત્રતા જેમાં નથી એવી જેમાં પવિત્રતા છે એને મંગળ કહેવામાં આવે છે. અથવા પુણ્ય પાપને ગાળી નાખે એવો જેનો સ્વભાવ છે. અપવિત્રતાને ગાળી નાખે ને પવિત્રતાને લાવે. અસ્તિ નાસ્તિથી બે રીતે અર્થ કરતા. એ આત્મા સ્વયમેવ મંગળરૂપ છે-પોતે જ મંગળરૂપ છે. પોતે જ પરિપૂર્ણ પવિત્રતાનો પિંડ છે. જે સ્વરૂપે છે એ સ્વરૂપે એની હયાતીને વર્તમાનમાં જોવી. બસ ! આટલું કાર્ય છે. આથી વિશેષ કાર્ય નથી. જે સ્વરૂપે-જે મંગળ અને આનંદ સ્વરૂપે છે-હયાત છે એને હયાતપણે એવી રીતે જોવો, જોતા સ્વીકારવો. જોતા કહેતા જ એમાં શ્રદ્ધામાં સ્વીકારવો એ એની અંદર આવી જાય છે. એટલું કાર્ય છે આની અંદર.

પ્રશ્ન :– પાપને તો કાઢતા આવડે પણ પુણ્યને કેવી રીતે કાઢવું ?

સમાધાન :– પુણ્ય-પાપ રહિત શુદ્ધાત્મામાં શ્રદ્ધા, જ્ઞાન, આચરણ કરે એટલે પુણ્ય પણ ગળે. જુઓ ! સૌથી વધારે ઊંચામાં ઊંચા અને વધુમાં વધુ પુણ્ય તો મુનિદશામાં થાય છે. વીતરાગી ભાવલિંગી સંતને. અને એનો પુરાવો એ છે કે ઊંચામાં ઊંચા દેવલોકમાં એ જાય છે. એ તો પુણ્યનું ફળ છે ને. પણ જે ચરમશરીરી આત્માઓ છે અને જે મુનિદશામાં વર્તે છે, એને ક્યાં એ પુણ્ય ભોગવવાનો વારો આવે છે ? ગાળે છે કે નથી ગાળતા ! મુક્તિ પામે છે. પુણ્ય પાપનો ક્ષય કરીને મુક્તિને પામે

છે, પુણ્ય પાપને રાખીને, કર્મને રાખીને મુક્તિ પામે છે કે કર્મનો ક્ષય કરીને નિષ્કર્મ દશાને પામે છે ! મોક્ષ તો નિષ્કર્મ દશા છે. એ પુણ્ય પાપનો ક્ષય કરે છે. એને જરૂર નથી કે દેવનો ભવ લેવો પડે અને ભોગવવો પડે. ઇ એના માટે કોઈ જરૂરી ચીજ નથી, કોઈ ફરજિયાત નથી. એમ છે. વળી એ નીરસ પરિણામે બંધાયા હોવાને લીધે એવા નિદ્ધત અને નિકાચિત બંધાતા નથી. અલ્પ સ્થિતિ અને અલ્પ અનુભાગવાળા બંધાય છે. એટલે એને ખરતા (વાર લાગતી નથી). ચીકણા નહીં હોવાને લીધે, રસ રહિત અને લુખ્ખા હોવાને લીધે અને ચીકણા નહીં હોવાને લીધે ખરતા એને વાર લાગતી નથી. સીધી વાત છે.

મુમુક્ષુ :- કષાય ગળતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પાપ ને ગાળે છે ત્યારે ને ?

મુમુક્ષુ :- પાપને ગાળે પણ કષાય તો ગળતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કષાય ગળતો નથી. કષાયશક્તિ તૂટવી જોઈએ. એનો જે રસ છે-કષાયરસ છે, પુણ્યમાં કે પાપમાં જે કષાયરસ છે એટલે રસની તીવ્રતા છે તે કષાયશક્તિ છે. ચાહે પુણ્યમાં હોય કે પાપમાં હોય, એ શક્તિને તોડવી જોઈએ. શક્તિને તોડ્યા પછી એ પરિણામ નિઃસત્ત્વ થયું છે-શક્તિહીન થયું છે. પછી એ પરિણામને બળ નથી. જીવને બંધનમાં લાવવાનું એનામાં બળ નથી. એમ છે.

મુમુક્ષુ :- પુણ્ય-પાપનો જે રસ હોય એને ગાળી નાખવો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા ! રસ તોડવો જોઈએ. શુભનો ઉદય હોય કે અશુભનો ઉદય હોય, નીરસ પરિણામે એની પ્રવૃત્તિ હોવી જોઈએ. લુખ્ખા પરિણામથી. સમ્યક્દૃષ્ટિ બંધાતા નથી એવો જે 'નિર્જરા અધિકાર' 'સમયસાર'માં લીધો છે એનું કારણ કે ત્યાં એના નીરસ પરિણામને બતાવવા છે. આત્મરસ એટલો ઉત્પન્ન થયેલો છે, સમ્યક્દૃષ્ટિને, શુદ્ધાત્મરસ એટલો ઉત્પન્ન થયેલો છે કે પુણ્ય અને પાપ બન્ને પ્રકારના પરિણામ અલ્પપણે થતાં હોવા છતાં એમાં રસ નથી. અને રસ નથી એટલે એની અલ્પતા કહી છે. નહીંતર તો પૂર્વકર્મને અનુસરીને, ઉદયને એને અનુસરીને પરિણામ દેખાય છે. ગૃહસ્થ હોય તો ગૃહસ્થને યોગ્ય, રાજા હોય તો રાજાને યોગ્ય, દેવ હોય તો દેવને યોગ્ય, નારકી હોય તો નારકીને યોગ્ય પુણ્ય અને પાપના ઉદયને ભોગવતા જોવામાં આવે છે. અને ભોગવતા હોય તો એના પરિણામ છે ને ભોગવે છે, વગર

પરિણામે ભોગવે છે એમ પણ નથી. કેમકે સર્વથા વીતરાગ થયા નથી. અને એ તો બીજાને ખબર પડે એવી રીતે એના પરિણામ પણ થાય છે. બીજા પણ સમજી શકે એવા પરિણામ થાય છે. તો પછી એને અલ્પ પરિણામ થયા એમ કેમ કહેવાય ? કે એનો અલ્પ રસ જોઈને એને પરિણામની અલ્પતા કહી છે. એની નીરસતા જોઈને પરિણામની અલ્પતા કહી છે. એમ છે.

પાડોશીના દીકરાને પીપરમેન્ટ આપે, ચૉકલેટ આપે, રમાડે. પોતાનો પણ દીકરો હોય અને પાડોશીનો દીકરો હોય. સરખી ઉંમરના હોય. સાથે રમવા આવે ઘરે તો પોતાના છોકરાને એક પીપરમેન્ટ આપે અને પાડોશીના છોકરાને બે પીપરમેન્ટ આપે. ત્રણ પીપરમેન્ટ હાથમાં હોય અને બુદ્ધિશાળી હોય. ત્રણ ચાર વર્ષનો છોકરો સમજદાર હોય તો પાડોશીના છોકરાને બે આપે અને પોતાના છોકરાને એક આપે. એને ખબર છે કે આ છોકરો એની માને જઈને વાત કરવાનો છે કે મમ્મી ! બાજુવાળા બહેને મને બે આપી અને ફલાણાને એક આપી. એને તો જશ મળે છે ને ! (પોતાના) છોકરા પ્રત્યેનો પ્રેમ અડધો હતો અને આને ડબલ થઈ ગયો, એમ છે કાંઈ ? એવું તો કદી બનતું નથી. તો એ રીતે એનું બહારથી માપ નથી આવતું.

જ્યાં જેનું મમત્વ છે ત્યાં એ મમત્વ, એકમેકપણાને લઈને જે મમત્વ છે એની તુલના નિર્મમત્વ, જેમાં પોતાપણું થાય નહીં એની સાથે કોઈ ક્રિયાથી આવી શકે નહીં. તો જેને આત્મામાં આત્માપણું પોતાપણાનો-મમત્વપણાનો રસ જાગ્યો એને ભિન્ન પદાર્થોને વિશે કોઈપણ ક્રિયાથી એ પ્રકારનો અને એ સ્થિતિનો મમત્વભાવે રસ નથી. મમત્વભાવે રસ નથી એમાં બધું આવી જાય છે. એની સરખામણી-બે રસની સરખામણી કોઈ રીતે થઈ શકે નહીં.

મમત્વને દર્શાવતા એવા તો જગતમાં ઘણા દાખલા છે. પાડોશીના છોકરાને ઊંચે સાદે વઢે નહીં ને પોતાના છોકરાને મારી લ્યે, મા હોય તો. તો એનો પ્રેમ ઘટી જતો હશે કાંઈ ? અને અહીંયાં વધી જતો હશે કાંઈ ? એ મારે છે તો પ્રેમને કારણે ને મમતાને કારણે. નથી મારતી તોપણ પ્રેમને કારણે અને મમતાને કારણે. એનો માર પણ એની મમતાને પ્રસિદ્ધ કરે છે. એ બગડવો ન જોઈએ અને સુધરવો જોઈએ, ઇ એની મમતા છે ત્યાં. ક્રિયા ઉપરથી કોઈ માપ નથી એનું.

**'આત્મા સ્વયમેવ મંગળરૂપ છે અને સ્વયમેવ આનંદરૂપ છે.'** આનંદ ક્યાંયથી

લાવવો પડે, આત્માનો આનંદ ક્યાંય બહારથી લાવવો પડે એ આત્મા માટે નથી. આત્માનું સુખ અને પવિત્રતા બહારથી ક્યાંય લાવવી પડે એ આત્મા માટે હોઈ શકે નહીં, એ બની શકે નહીં. એ સ્વયં જ એવો છે.

પ્રશ્ન :– અરિહંત મંગલ, સિદ્ધ મંગલ આવે છે.

સમાધાન :– એ વ્યવહારે મંગળ છે. ઇ નિશ્ચયે મંગળ નથી. નિશ્ચયે તો પોતાનો આત્મા જ મંગળ છે. પોતાનો આત્મા નિશ્ચયે અરિહંત છે, પોતાનો આત્મા નિશ્ચયે સિદ્ધ છે અને પોતાનો આત્મા જ નિશ્ચયે અનંત ધર્મનો ધણી ધર્મસ્વરૂપ જ છે. ધર્મી જ છે આત્મા. અનંત ધર્મ, પોતાના ગુણધર્મો અનંત છે. વત્થુ સહાવો ધમ્મો-વસ્તુનો સ્વભાવ તે ધર્મ છે. એ પોતે જ અરિહંત, સિદ્ધ અને ધર્મસ્વરૂપે પોતે જ છે. ચાર મંગળમાં ક્યા ક્યા (આવે છે) ? અરિહંત, સિદ્ધ, આચાર્ય અને સાધુ. બધા આવી ગયા. બરાબર છે. પાંચે પદ આત્મામાં છે. પણ અરિહંત, સિદ્ધ, આચાર્ય, ઉપાધ્યાયની અલ્પતા આત્મામાં નથી. વીતરાગતા લેવી છે. બધે વીતરાગતા લેવી છે. અરિહંતની પણ વીતરાગતા, સિદ્ધની પણ વીતરાગતા. અરિહંત સ્વરૂપે આત્મા છે એટલે અસિદ્ધત્વ સ્વરૂપે આત્મા નથી. આચાર્ય, ઉપાધ્યાય પંચ પરમેષ્ઠીમાં પણ એમાં અલ્પતા, અધૂરાશપણે આત્મા નથી. એ અપેક્ષા રાખીને વાત છે. આત્મા સ્વયમેવ પરિપૂર્ણ મંગળરૂપ છે એમ લેવું ને પરિપૂર્ણ આનંદરૂપ છે એમ લેવું. અનંત મંગળરૂપ છે અને અનંત આનંદરૂપ છે.

મુમુક્ષુ :– આત્માનું મૂળ સ્વરૂપ સમજવું...

પૂજ્ય ભાઈશ્રી :– મૂળ સ્વરૂપ સમજ્યા વિનાનું જ બાકી છે, બાકી બધું સમજ્યો છે. મૂળ સ્વરૂપ સમજ્યો નથી. અને તીર્થંકરદેવની દિવ્યધ્વનિની કોઈ કહેવા યોગ્ય વાત હોય તો એ આત્માનું મૂળ સ્વરૂપ છે. જે કાંઈ કહ્યું છે એ આત્માનું સ્વરૂપ કહ્યું છે. એ કહેવા માટે વાણી પ્રગટ થઈ છે. બીજી બધી વાત આવી હોય તોપણ આ કહેવા માટે વાણી પ્રગટ થઈ છે. એમ છે.

એટલે તો 'આત્મસિદ્ધિ'માં 'શ્રીમદ્જી'એ વાત લીધી કે 'જે સ્વરૂપ સમજ્યા વિના પામ્યો દુઃખ અનંત.' એમ લીધું છે. જે સ્વરૂપ એટલે આ સ્વયમેવ મંગળરૂપ અને સ્વયમેવ આનંદરૂપ જે આત્મા છે, એની પ્રતીતિ સહિતનું જ્ઞાન. એને સમજ્યો એટલે જાણ્યું નથી-પ્રતીતિ સહિત જાણ્યું નથી. આમ તો ઉપર ઉપરથી હા પાડી છે કે આપ

કહો છો એવો આત્મા અમને મંજૂર છે. પણ એનો વિશ્વાસ આવવો જોઈએ.

**'તેથી આત્માની અનુભૂતિ...'** આત્મ સ્વયં મંગળરૂપ અને આનંદરૂપ હોવાને લીધે. કારણ કાર્ય લીધું છે. એ આત્માનો-એવા આત્માનો અનુભવ. અનુભૂતિ એટલે અનુભવની ક્રિયા. આ ક્રિયાની વાત છે. 'અનુભૂતિ' શબ્દ ક્રિયા બતાવે છે. આત્માની ક્રિયા-અનુભવરૂપ આત્માની ક્રિયા તે પણ સ્વયમેવ મંગળરૂપ અને સ્વયમેવ આનંદરૂપ છે. એમાં પવિત્રતા પણ ઉત્પન્ન થાય છે અને એમાં નિયમથી આનંદની-નિરાકુળ આનંદની-આત્માના આનંદની ઉત્પત્તિ થાય છે.

એ આનંદનો અનુભવ એની પાસે, ગુરુદેવની ભાષામાં લઈએ તો ઇન્દ્રના ઇંદ્રાસન સડેલા મીંદડાના શરીર જેવા લાગે છે. કેવા ? એવું શું કરવા કીધું ? એ તો બહુ વૈભવશાળી ઇંદ્રાસન હોય છે. તો કહે છે, જેમ સડેલું મીંદડાનું શરીર હોય-મડદું અને દુર્ગંધ આવતી હોય અને જોનારને નજીકમાં આવનારને ઘૃણા ઉત્પન્ન થાય, એને એ ઘૃણાનું જેમ સ્થાન છે. એવું આત્માના આનંદ પાસે ઇંદ્રાસન ઉપર પરિણામ જાય, વિકલ્પ જાય એટલે એને આકુળતા ઉત્પન્ન થાય છે. એમ કહે છે.

ચારિત્રમોહથી ઇચ્છા થઈને ? કે અત્યારે હું સભામાં ઇંદ્રાસન ઉપર જઈને બેસું. સભા ભરાણી છે દેવોની. એક દેવ અનુચરદેવ આવીને પ્રાર્થના કરે કે મહારાજ ! આપની બધા દેવો પ્રતિક્ષા કરે છે. આપ સભામાં પધારો. સૌધર્મ ઇંદ્ર સમ્યક્દષ્ટિ છે એટલે અંદર ચિંતવનમાં પડ્યો હોય. એમાં આ ઉદયનો ડખો આવે કે પધારો સાહેબ ! આપને બોલાવે છે બહાર, આપની પ્રતિક્ષા કરે છે. આને પણ ચારિત્રમોહની અસ્થિરતા છે અને જાણે છે કે ઉદય છૂટવાનો નથી. છોડ્યો છૂટવાનો નથી. પતાવો, એક વેઠ પૂરી કરો. મિથ્યાદષ્ટિ અને સમ્યક્દષ્ટિ વચ્ચે આટલો ફેર છે.

સમ્યક્દષ્ટિ એના બધા ઉદયના કાર્યો અને ફરજો જેને કહેવામાં આવે છે એને વેઠ સમજે છે. વેઠ એટલા માટે સમજે છે કે સામેથી સુખ મળતું નથી, મફતમાં કામ કરાવે છે. મોહરૂપી ધોંસરું મફતમાં કામ કરાવે છે બળદ બનાવીને. અને મિથ્યાદષ્ટિને હોંશ થાય છે. ઇ રાહ જોતો હોય છે અગાઉથી કે ક્યારે સભાનો ટાઇમ થાય અને વચ્ચે મુખ્ય ખુરશીમાં, આગળની પહેલી ખુરશી ઉપર જઈને બેસું. અને બધાની નજરમાં હું સૌથી આગળ પડતો દેખાવ. બધા મારી વાહ વાહ કરે, મને ખમ્મા ખમ્મા કરે. એવું ઝેર પીવાનું સમ્યક્દષ્ટિ ઇષ્ટ માનતા નથી. એને ખબર છે

કે આ ઝેર છે. એ ઝેર હાથે કરીને પીતા નથી. પેલા ઝેરને અમૃત જાણીને પીવા માંડે છે, એને મઝા આવે છે. આ ઝેર જાણે છે એટલે પીતા નથી.

અહીંયાં અનુભૂતિનો પણ એ રીતે મહિમા કર્યો છે, આત્મસ્વરૂપનો પણ મહિમા કર્યો છે અને એની પવિત્રતા અને એના આનંદની વિશેષતાથી એનો મહિમા કર્યો છે. આત્મામાં પણ પવિત્રતા અને આનંદ છે. એ આત્માના અનુભવમાં પણ પવિત્રતા અને આનંદ છે. અને એ અનુભૂતિને જ પ્રસિદ્ધપણે જૈનધર્મ કહેવામાં આવ્યો છે. એ અનુભૂતિને જ પ્રસિદ્ધપણે જૈનશાસન કહેવામાં આવ્યું છે. નિશ્ચય, વાસ્તવિક જૈનશાસન અને જૈનધર્મ તો આ અનુભૂતિ છે. બાકી બીજું કોઈ જૈનશાસન અને જૈનધર્મ છે નહીં. બાકી ઉપચારથી ગમે એને કહે તો એ ખરેખર નથી, એમ સમજવું.

મુમુક્ષુ :- અમે જૈન નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- અનુભૂતિ હોય તો જૈન છે. અનુભૂતિ ન હોય તો તે અજૈન છે, અન્યમતિ છે. એમ છે ખરેખર તો.

મુમુક્ષુ :– આવી અનુભૂતિ અમારે કરવી છે.

પૂજ્ય ભાઈશ્રી :– કોણ ના પાડે છે ? કરવી હોય તો કોઈ ના પાડતું નથી. કોણ રોકે છે ? અંતર્મુખ થવું. સીધી વાત એ છે. અંતઃતત્ત્વસ્વરૂપ અનુભૂતિસ્વરૂપ આત્મા છે. અનુભૂતિસ્વરૂપ ભગવાન આત્મા આબાળ ગોપાળને અનુભવમાં આવી રહ્યો છે. આટલું આટલું તો કહ્યું. મોઢામાં કોળિયો મૂકી દીધો છે, સ્વાદ તારે લેવાનો છે. આ પ્રશ્ન તો એવો છે કે તમે મોઢામાં કોળિયો તો મૂક્યો પણ હવે મારે સ્વાદ કેવી રીતે લેવો ઇ શીખવાડો. મોઢામાં કોળિયો મૂક્યા પછી એમ પૂછે કે, હવે એનો સ્વાદ હું કેવી રીતે લઉં ? ભાઈ ! તારા મોઢામાં તારી જીભ ઉપર રહેલા પદાર્થનો સ્વાદ લે એવો એનો સ્વભાવ છે.

એમ તારા જ્ઞાનનો સ્વયંને અનુભવવાનો તો સ્વભાવ છે. અનુભૂતિ સ્વરૂપ જ છે અને અનુભવ કરવાનો એનો સ્વભાવ છે. પણ પોતાના મુખમાં પોતે શેનો સ્વાદ લે છે એ બીજાને પૂછે છે. એવી બેહૂદી વાત છે જરા. મને શેનો સ્વાદ આવે છે ? સમજાવોને. મને શેનો સ્વાદ આવે છે ? સમજાવોને. ભાઈ ! તને શેનો સ્વાદ આવે છે ઇ હું શું સમજાવું ? તું એ સ્વાદને તપાસ તો તને સમજાય એવું છે કે તને શેનો સ્વાદ આવે છે.

રાગ તો ભિન્ન છે. જે અનુભવ કરે છે એવું જે જ્ઞાન એનાથી રાગ તો ભિન્ન છે. બીજા પદાર્થો એનાથી ભિન્ન છે-જુદાં છે અને જ્ઞાન જ્ઞાનથી અભિન્ન છે. અભિન્ન છે નહીં, સ્વયં સ્વસંવેદ્યમાન છે. એવું વિશેષણ આવે છે કે જ્ઞાનમાત્ર આત્મા સ્વયં સ્વસંવેદ્યમાન છે. એને તપાસે તો એનું લક્ષ જે પર ઉપર છે એ હટી જાય. પર ઉપર લક્ષ છે તેથી એને પોતાના જ્ઞાનનો અને અનુભૂતિનો સ્વાદ આવતો હોવા છતાં આવી રહ્યો નથી, તે આવવા મંડે. કેમકે આવી તો રહ્યો જ છે. એ ક્યાં નવું લાવવું છે. પણ લક્ષ બીજે છે એ ઉપાડી લેવું. સીધી વાત છે. તપાસમાં ઊતરે તો ત્યાંથી એને લક્ષ ફેરવવાની પ્રક્રિયા શરૂ થાય છે.

શેનો અનુભવ થઈ રહ્યો છે ? જ્ઞાનનો, રાગનો કે રાગના વિષયભૂત બીજા પદાર્થનો ? તપાસ તું. અનુભવી જ્ઞાની ગુરુ એમ કહે છે કે, તને તારા જ્ઞાનનો સ્વાદ આવી રહ્યો છે. ભ્રાંતિગતપણે તું એમ માને છો કે, મને બીજા પદાર્થનો ને રાગનો સ્વાદ આવી રહ્યો છે. અમે કહીએ છીએ કે, હજી તપાસ ! તારી ભૂલ થાય છે. તને તારા જ્ઞાનનો સ્વાદ આવી રહ્યો છે. તપાસવાથી એ દિશાની અંદર આગળ જવાય છે. શરૂઆત થાય છે તપાસવાથી. ન તપાસે તો કોઈ રીતે પરલક્ષ મટતું નથી અને પરલક્ષે પરિભ્રમણ પણ અને જન્મ-મરણ પણ મટતું નથી.

આત્મા આનંદરૂપ છે અને એની અનુભૂતિ આનંદરૂપ છે, એ એક જ વાતની વાસ્તવિકતા જીવને બધી જગ્યાએથી એના પરિણામ ઉપાડી લેવાનું અને સંકેલી લેવાનું બહુ મોટું કારણ છે. બહુ મોટું કારણ છે. જગતમાં પણ જીવ સુખ અને આનંદને લઈને ભાવથી, ભિન્ન ભિન્ન સ્થાનમાં એનો ભાવ ચાલ્યો જાય છે. અહીંયાં એને જો વાસ્તવિકતા આવે કે અનંત આનંદ અને આનંદનો અનુભવ મારામાં અને મારી અનુભૂતિમાં છે. મારા સ્વરૂપમાં ને મારી અનુભૂતિમાં છે. તો એ એક બહુ વજનદાર કારણ છે કે જે જીવને આખા જગતથી પરિણામનું આકર્ષણ તૂટી જવાનું એક જબરદસ્ત કારણ છે. હું પોતે જ આનંદનો પર્વત ! હું પોતે જ આનંદનો પર્વત ! આનંદની ખાણ હું પોતે જ ! એમ કહે છે. દુનિયાની ખાણ તો સો વર્ષે, બસો વર્ષે, પાંચસો વર્ષે, હજાર વર્ષે ખાલી થઈ જાય છે અથવા એમાં ઘટી જાય છે.

અત્યારે એમ કહે છે ને કે, સોનાની ખાણમાં હવે ખાણો બહુ ઊંડી ગઈ છે અને જે માલ નીકળે છે એમાં પણ સોનાનું પ્રમાણ ઓછું નીકળે છે. એટલે દુનિયામાં

સોનાના જથ્થાની આવક ઘટશે એટલે સોનાના ભાવ વધશે. હમણાં વધે છે ને સોનાની બજાર. આ ખાણ એવી નથી.

આ આનંદની એવી ખાણ છે કે જેમાંથી અનંત કાળ પર્યંત અનંત આનંદનો પ્રવાહ આવે. આનંદની ખાણ એવી ને એવી Intact (રહે છે). જરાપણ એની અંદરમાં કોઈપણ જાતની વિકૃતિ થયા વિના, ફેરફાર થયા વિના એટલી ને એટલી એમ ને એમ અકબંધ રહી જાય છે. જીવે એની ઓથ લીધી નથી, એનો આધાર જીવે લીધો નથી. એની બધી વિટંબણા છે. જેટલી જગતમાં વિટંબણા છે એ એનો આધાર નથી લીધો એની છે. એટલે એ બહુ મોટી વાત છે કે જીવ આનંદ સ્વરૂપ છે અને એના અનુભવમાં આનંદ છે. એ બહુ મોટી વાત છે. અહીં સુધી રાખીએ...

**આત્માનુભવી પુરુષો દ્વારા પ્રવાહિત થયેલાં વચનો અર્થાત્ સત્‌શાસ્ત્રો અનુભવરસથી લખાયેલાં હોવાથી, તેમાં અનુભવનું ઊંડાણ હોય છે. તે વચનોને અનુભવનો દૃષ્ટિકોણ મુખ્ય રાખી અવગાહન કરવા યોગ્ય છે; નહિ તો તેમના ભાવો–વાચ્ય, જ્ઞાનગોચર થઈ શકે નહિ. અનુભવનો દૃષ્ટિકોણ લાગુ કરવાથી ભાવ ભાસે. શાસ્ત્રવાંચનની રીત પણ ઊંડી અને રહસ્ય યુક્ત છે. પરલક્ષી ઉઘાડવાળું સ્થૂળ જ્ઞાન, તેથી જ શાસ્ત્રના મર્મ સુધી પહોંચતું નથી. વળી પરલક્ષી ઉઘાડ-પંડિતાઈ-વિદ્વતા સાથે, અભિમાન સ્વચ્છંદ વિ. દોષ સહજ જન્મ પામે છે. તેથી પણ તેનાથી ગુણ થતો નથી. આત્માર્થીને શબ્દાર્થ—ભાવાર્થ થી સંતોષાઈ જવાનું થતું નથી - પરંતુ તે અનુભવની કળા માટે અત્યંત જીજ્ઞાસુ રહે છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૦૬)**

**આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા, બસ !... તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે. તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. તેને અનુભવી, તેમાં ઠરી જા. ૨૨૮.**

## તા. ૨૪-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૨૮, ૨૨૯
## પ્રવચન નં. ૧૮૩

૨૨૮, પાનું ૭૮ સ્વરૂપ મહિમાનો વિષય છે. જેમાં નિશ્ચળપણે રહેવા યોગ્ય છે અને ઠરવા યોગ્ય છે એવું આત્મતત્ત્વ-નિજાત્મતત્ત્વ, એનો મહિમા કર્યો છે. વાણીનું સામર્થ્ય ટૂંકું પડે છે જેનો મહિમા કરવા, એ વિષે કહેશે અહીંયાં.

**'આત્માના અસ્તિત્વને ઓળખીને સ્વરૂપમાં ઠરી જા,...'** ઓળખવું અને ઠરવું બે કાર્ય લીધા છે. આત્માની હયાતી કેવી છે ? ત્રિકાળ હયાતપણે રહેતો આત્મા કેવો છે ? જેવો કેવળજ્ઞાનમાં જિનેન્દ્ર પરમાત્માએ જાણ્યો છે એવી જ એની ઓળખાણ કર. એવો જ છે એવી એની ઓળખાણ કર. અને એ ઓળખાણ કરીને અંદરમાં સ્થિર થઈ જા, અંદરમાં ઠરી જા.

સીધું કોઈ ઠરવા માટે ધ્યાન કરે તો બની શકતું નથી. છેવટે ઠરવાનું હોવા છતાં ઓળખ્યા વિના, જ્ઞાન થયા વિના જ્ઞાનમાં ઓળખ થયા વિના કોઈ ધ્યાનથી સ્થિર રહી શકે એવું બનતું નથી. એટલે એ વાત સાથે સાથે લીધી છે કે, આત્માના અસ્તિત્વને ઓળખીને. અસ્તિત્વ કહો, સ્વરૂપ કહો, ધ્રુવ સ્વભાવ કહો, જ્ઞાયકભાવ કહો, પરમપારિણામિકભાવ કહો, બધું એકાર્થ છે, એ બધી એક જ વાત છે, કોઈપણ શબ્દથી કહેવામાં આવે છે ત્યારે આખું જેવું સ્વરૂપ છે એવું જ સમજવું.

જ્ઞાયકમાં જ્ઞાન પણ એક ગુણ છે અને અસ્તિત્વમાં અસ્તિત્વ પણ એક ગુણ

છે. ધ્રુવમાં ધ્રુવત્વ પણ એક ધર્મ છે એનો. પણ એ તો કોઈપણ એક ભેદથી વાચક શબ્દથી ભેદ પડે છે પણ કહેવા ધારેલો અથવા કહેનારના જ્ઞાનમાં રહેલો પદાર્થ તો પૂરેપૂરો જેવો છે એવો જ સમજવાનો છે. કહેનારને પણ પૂરો કહેવો છે, સમજનારને પણ પૂરો સમજાવો જોઈએ.

પ્રથમ એની ઓળખાણ કરીને, ઓળખાણ કરીને એટલે એનો નિશ્ચય કરીને. નિશ્ચય કરતા જેનું લક્ષ રહ્યા કરે. ઉપર લીધું ને ૨૨૭માં ? કે આત્મા આનંદરૂપ છે અને મંગળરૂપ છે. પરિપૂર્ણ આનંદસ્વરૂપ છે. આનંદઅમૃતથી અગાધ સ્વભાવ ભરેલો છે. એની ઓળખાણ થાય તો એનું લક્ષ રહી જાય, લક્ષ થઈ જાય અથવા એનું લક્ષ એવી રીતે રહે કે છૂટે નહીં એવી રીતે રહે. જો એવી રીતે લક્ષ રહે તો એમાં ઠરવું, એમાં સ્થિર થવું એ સંભવિત છે. નહીં તો અનાદિનું જ્ઞાનનું પરલક્ષ હોવાને લીધે જ્યાં જ્ઞાનમાં જ પરલક્ષ છે ત્યાં આત્મામાં ઠરવું કઈ રીતે બની શકવા યોગ્ય છે ? કોઈ રીતે બની શકતું નથી.

બચપણમાં છોકરાવને રમવાનું લક્ષ હોય છે એ ભણતા નથી. રમવાનું, રખડવાનું લક્ષ હોય છે તો એનું ચિત્ત ભણવામાં લાગતું નથી. ત્યારે એને ગમે એટલું સમજાવે કે જો ભાઈ ! તારે ભણવું જોઈએ. ભણવું એ તારા લાભની વાત છે. અત્યારે તું ભલે નાનો છો પણ ભણ્યો હોઈશ તો મોટો થઈશ ત્યારે તને એ ચીજ કામમાં આવશે. આ રખડવું, મોઈ ડાંડી અને ગોળી, લગ્ગા એ કાંઈ કામમાં નહીં આવે. પણ એને મઝા કલ્પના કરેલી છે કે, રમવામાં છે તો એનું ચિત્ત ભણવામાં લગતું નથી. પછી એને પરાણે બેસાડે, ઠોઠ ઠાપલી કરીને બેસાડે, બેસ વાંચવા બેસ, બેસ લખવા બેસ, ટ્યુશનમાં બેસી જાય, માસ્તર આવ્યા છે, ફલાણું... શું કહે ? ભાઈ ! બેસાડ્યો છે તમે એને પણ એનું લક્ષ ત્યાં નથી. એનું લક્ષ શેરીમાં છોકરાઓ રમતા હોય અવાજ આવે એનું લક્ષ ત્યાં જાય. અત્યારે વળી બીજું થઈ ગયું છે. ઘરમાં ટી.વી હાલતું હોય, મેચ હાલતી હોય. ટ્યુશનના માસ્તર આવે તો એને કેવો લાગે ? એને એવું લાગે ને આ ક્યાં આવ્યો અત્યારે. અત્યારે આ ટાઇમ જોતો નથી અને એમ ને એમ હાલ્યો આવે છે. એનો રસ ત્યાં પડ્યો છે. લક્ષ છે ત્યાં રસ પડ્યો છે. ત્યાં મુખ્યતા પડી છે, ત્યાં એને સુખ છે, મઝા છે, આનંદ છે. જે કહો ઇ. સર્વસ્વ બધું (ત્યાં છે). જ્યાં લક્ષ છે ત્યાં બધું સર્વસ્વ છે અને સર્વસ્વ છે ત્યાં બધું લક્ષ

રહે છે તો એનું ચિત્ત બીજે લાગતું નથી.

એમ અહીંયાં જો પોતાના સ્વરૂપને, પોતાના હયાત સ્વરૂપને, મોજૂદ સ્વરૂપને, અનંત આનંદ સ્વરૂપને, પવિત્ર સ્વરૂપને ઓળખે તો એમાં ઠરી શકે. તેથી ઓળખીને ઠરી જા એમ કહેવામાં આવ્યું છે. આત્માનું ધ્યાન કરવાનું, પરમાત્માનું ધ્યાન કરવાની વાત અનેક લોકો કરે છે, અનેક જગ્યાએ એ વાત થાય છે પણ એની ઓળખાણ કરવાની વાત રહી જાય છે. એટલે એ વાત પદ્ધતિસરની નથી અથવા એ વાતથી કોઈ કાર્યસિદ્ધિ થાય એવું બને એવું નથી.

સહેજે સહેજે અનેક જગ્યાએ એ ઓળખવાની વાત આવી છે. આત્માને ઓળખવાની વાત આવેલી છે અહીંયાં. કેવા આત્માને ઓળખવાનું છે ? જેના અસ્તિત્વને ઓળખવાનું છે ઇ કેવું અસ્તિત્વ છે ઇ કહે છે. **'તારું અસ્તિત્વ આશ્ચર્યકારી અનંત ગુણપર્યાયથી ભરેલું છે.'** આટલું જ તારું અસ્તિત્વ છે. એમાં ઠરી જા. બસ ! એટલે એટલું જ કરવાનું (છે). એથી આગળ જવાનો પ્રશ્ન પછી કાંઈ નથી. પરિણામ એમાં અંતર્મુખ થઈને ઠરી ગયું, ઠરીને ઢીમ થયું પછી એથી કોઈ હવે કામ કરવાનું બાકી રહેતું નથી. કાર્ય અપેક્ષાએ એ કૃતાર્થ થઈ ગયો. જે જીવ આત્મસ્વરૂપને ઓળખીને આત્મસ્વરૂપમાં લીન થયો એ કૃતાર્થ થઈ ગયો. એને કરવા યોગ્ય અર્થ નામ પ્રયોજન, પોતાનું પ્રયોજન એ કરી ચૂક્યો.

જે અસ્તિત્વમાં ઠરવું છે એ આશ્ચર્યકારી છે, મહા આશ્ચર્યકારી છે એમ કહેવું છે. જગતના અનેકવિધ, વિવિધતાથી ભરેલા આખા જગતના આકર્ષણને એક ક્ષણમાં છોડાવી શકે એવું મહા આશ્ચર્યકારી તત્ત્વ છે. આખા જગતથી વિમુખ થઈ શકે એવું મહા આશ્ચર્યકારી અનંત અનંત ગુણોથી અને એની અનંત અનંત વિવિધ પર્યાયોથી ભરેલું છે. ભલે એક સમયમાં આખા દ્રવ્યની એક પર્યાય છે પણ અનંત ગુણની એક જ સમયમાં અનંત પર્યાય છે. અને અનંત કાળ પર્યંત એ પર્યાયો થવાનું જેમાં સામર્થ્ય રહેલું છે એવું અસ્તિત્વ છે. ખાલી નથી, અંદર કોઈ શૂન્યતા નથી પણ અનંત ગુણ પર્યાયથી એ ભરેલું છે.

ભગવાનની વાણીમાં વિકલ્પશૂન્ય થવાની વાત આવી કે વિકલ્પથી શૂન્ય થઈ જા. તો કહે, એમ ને એમ શૂન્ય થઈ જા. એમ શૂન્ય થવાનો પ્રશ્ન નથી. જે વિકલ્પથી શૂન્ય થશે એ પરિણમનમાં તો આનંદ ઊભરાશે એમ કહેવું છે. જ્યારે પરિણમનમાં

આનંદનો ઊભરો આવશે, નિર્વિકલ્પ આનંદનો ઊભરો આવશે ત્યારે વિકલ્પનો નાશ થશે અથવા વિકલ્પ શૂન્ય થશે. એમ અસ્તિથી નાસ્તિ છે. પણ અસ્તિ સમજવી જેને નથી બની એણે એકલી નાસ્તિ ઉપાડી લીધી. આ ન જોઈએ, આ ન જોઈએ, વિકલ્પ આકુળતા કરનારા છે, વિકલ્પથી શૂન્ય થઈ જાવ. અંદરમાં બસ ! શૂન્ય થઈ જાવ. એમ ખરેખર નથી.

મુમુક્ષુ :– અસ્તિની વાત બહુ સારી આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અસ્તિની વાત જેટલી જૈનદર્શનમાં છે અને જે પદ્ધતિએ છે એટલી અને એ પદ્ધતિ ક્યાંય નથી. કોઈ થોડું થોડું સમજ્યા, બુદ્ધિ પહોંચી એટલી વાત કરી છે. વેદાંતમાં સચ્ચિદાનંદ આત્માને કહ્યો છે. તો સત્ એટલે અસ્તિત્વ આવ્યું, ચિદ્ એટલે ચૈતન્ય સ્વભાવ આવ્યો અને આનંદ નામનો મુખ્ય ગુણ આવ્યો. એ વાત ભગવાનની દિવ્યધ્વનિમાં પ્રસિદ્ધપણે આવી. આવી અને સારી લાગી એટલે પકડી. સારી (લાગી એટલે) કાનને લાગી સારી કે ના, વાત તો (બહુ સારી છે, એમ) બુદ્ધિમાં સારી લાગી એટલે પકડી. પણ એનો મર્મ સમજવો, એનો ભાવ સમજવો એ તદ્દન બીજી વાત છે.

અહીંયાં તો એ વિષયને ઓળખાણથી જ લીધો છે. જ્યાં સુધી ઓળખાણ ન થાય ત્યાં સુધી ભલે કાર્ય કારણનું અથવા સ્વભાવના વિવરણનું સમજણવાળું જ્ઞાન હોય, લોજીકવાળું જ્ઞાન હોય, ન્યાય, યુક્તિ, આગમથી પ્રમાણ થયેલું જ્ઞાન હોય તોપણ એને ઓઘસંજ્ઞા કહેવામાં આવે છે. ઓળખાણ વિનાનું એ જ્ઞાન ઓઘસંજ્ઞાવાળું જ્ઞાન છે. ત્યાં સુધી એ જ્ઞાન સાચી દિશા પકડતું નથી. અથવા ત્યાં સુધી ઓળખાણને લઈને સ્વલક્ષ નહીં હોવાથી એને પરલક્ષી જ્ઞાન કહ્યું છે. પરલક્ષી જ્ઞાન કહ્યું છે. અને એ પરલક્ષી જ્ઞાન અનાદિની પૂરી શક્તિથી ઊંધી પરિણમી રહેલી જે શ્રદ્ધા, મિથ્યા શ્રદ્ધા એને સૂલટાવવા, ફેરવવા–સૂલટાવવા સમર્થ નથી. પરલક્ષી જ્ઞાનમાં શક્તિ નથી. મંદ કષાયના રાગમાં તો શક્તિ નથી જ પણ પરલક્ષી શાસ્ત્રજ્ઞાનમાં, પરલક્ષી આત્મા સબંધીના શાસ્ત્રના જ્ઞાનમાં પણ શ્રદ્ધાને ફેરવવાની કોઈ શક્તિ નથી. એની શ્રદ્ધા ફરતી નથી.

એક સ્વલક્ષી જ્ઞાન થાય, ઓળખાણવાળું જ્ઞાન થાય તો એ શ્રદ્ધાને ઊલટાવીને સમ્યક્દર્શનને-સવળી શ્રદ્ધાને પ્રાપ્ત કરાવે છે. આટલું સ્વલક્ષી જ્ઞાનનું સામર્થ્ય છે અને

પરલક્ષી જ્ઞાનમાં એ પ્રકારનું સામર્થ્ય બિલકુલ નથી. તેથી એ સ્વલક્ષીજ્ઞાન અનંત ગુણ પ્રગટવાનું મૂળ છે. સમ્યક્દર્શનથી અનંત ગુણ પ્રગટશે ને ? તો સમ્યક્દર્શન જેનાથી પ્રગટ્યું એ જ ખરેખર અનંત ગુણ પ્રગટવાનું મૂળ છે. પરલક્ષીજ્ઞાન છે એનાથી ગુણ પ્રગટતા નથી. પ્રાયઃ એનાથી દોષ સધાય જાય છે. ગુણ સધાતા નથી પણ દોષ સધાય છે.

મુમુક્ષુ :– ઓળખાણની સાથે સ્વલક્ષ લીધું...

પૂજ્ય ભાઈશ્રી :– સ્વલક્ષીજ્ઞાન. હા, ઓળખાણ છે એ સ્વલક્ષી જ્ઞાનમાં થાય છે અથવા ઓળખાણ થાય ત્યારે જ્ઞાનમાં સ્વરૂપનું લક્ષ થાય છે. સ્વરૂપનો મહિમા સ્વરૂપલક્ષે ત્યારે આવે છે. પરલક્ષે સ્વરૂપનો ગમે તેટલો મહિમા કરે તો એને કોરો વિકલ્પમાત્ર કહેવામાં આવે છે. શું કહેવાય છે ? એ કોરો વિકલ્પ છે. એમાં ખરેખર આત્માને ઓળખીને એનો મહિમા નહીં હોવાથી ઓળખાણ વિનાનો મહિમા એ કોરો વિકલ્પ છે. કોરો એટલો ભાવના વિનાનો, ભાવ વિનાનો વિકલ્પ છે.

માણસને કોઈને પરાણે પરાણે કામ સોંપે અને એ કામમાં એ નિષ્ફળ જાય ત્યારે એમ કહે કે ભાઈ ! મન હોય તો માળવે જવાય. પહેલા માળવા જવું... આમ તો ગુજરાતને અડીને માળવા છે પણ માળવા જાવું એટલે આઘું કહેવાતું. તો કહે, મન હોય તો માળવા જવાય અને મન ન હોય તો કોઈ કામમાં ભલીવાર હોય નહીં. એ કામમાં નિષ્ફળતા મળે, ઠેકાણા વગરનું કામ થાય, અધૂરું કામ થાય, ખામીવાળું થાય.

એમ ઓળખાણ થાય ત્યારે મહિમા આવે છે અને મહિમા આવે છે ત્યારે સમ્યક્દર્શનનું કાર્ય થાય છે. સમ્યક્દર્શન એ સ્વરૂપના અપૂર્વ મહિમાના ફળસ્વરૂપે છે. બીજું કાંઈ નથી પણ એ અપૂર્વ મહિમાના ફળસ્વરૂપે આવેલું પરિણમન (છે). એને સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન કહેવામાં આવે છે. અને એ ઓળખાણનું કારણ છે એની અંદર. ત્યાં સુધી મન બીજે છે તો આ માળવે જવાતું નથી. ત્યાં સુધી મન બીજે છે અથવા તો એને જગતનો મહિમા છે, જગતના પદાર્થોનો મહિમા છે, જગતના પ્રસંગોનો મહિમા છે, જગતની વસ્તુઓનો મહિમા છે, સંયોગોનો મહિમા છે ત્યાં સુધી એને સ્વરૂપનો મહિમા આવવો કઠણ છે.

પ્રશ્ન :– સ્વલક્ષ એટલે ..

સમાધાન :– સ્વલક્ષ એટલે જેમાં આત્મા ઓળખાઈને એનું લક્ષ જ્ઞાનમાંથી છૂટે નહીં એને સ્વલક્ષ કહેવામાં આવે છે. જેમકે આ આર્થિક પ્રયોજન છે તો એનું લક્ષ કોઈને છૂટતું નથી. એનું સ્મરણ કરવું (પડતું) નથી, એનો વિકલ્પ કરવો પડતો નથી પણ એનું લક્ષ રહે જ. કેમકે નફો-નુકસાન ત્યાં સમજાયેલો છે તો એનું લક્ષ રહે જ. કોઈપણ પ્રવૃત્તિ કરે. વેપારમાં અનેકવિધ પ્રવૃત્તિ છે પણ લક્ષ તો એક જ છે. લક્ષમાં કાંઈ ફેર પડતો નથી. બહારમાં સંયોગનું લાભ-નુકસાન એ જેમ લક્ષનો વિષય છે એમ જ્યારે આત્મા લક્ષનો વિષય થાય ત્યારે આત્મામાં થતી મલિનતા અને પવિત્રતા એ લાભ-નુકસાનનો વિષય છે. આત્મામાં થતી શાંતિ અને અશાંતિ એ લાભ-નુકસાનનો વિષય ગણતરીમાં બની જાય છે. શાંતિ થાય એટલો લાભ, અશાંતિ થાય એટલું નુકસાન. એ લક્ષ થયું છે એના કારણે એમ થયા કરે છે. લક્ષ થયું છે એ લક્ષ અનુસાર પ્રવૃત્તિ હોય છે. પ્રવૃત્તિ હંમેશા લક્ષ અનુસાર હોય છે.

જેમકે મોક્ષમાર્ગને વિશે પ્રવૃત્તિ શું છે ? મોક્ષમાર્ગમાં રહેલા ધર્માત્માની પ્રવૃત્તિ શું છે ? કે ધર્મીજીવની પ્રવૃત્તિ ભેદજ્ઞાનરૂપે છે. ભેદજ્ઞાન કોને અનુલક્ષીને છે ? કે ત્રિકાળી ધ્રુવ આત્માને અનુલક્ષીને છે. ભેદજ્ઞાનની પર્યાયને લક્ષે ભેદજ્ઞાન નથી, સ્વરૂપ લક્ષે ભેદજ્ઞાન છે. અને વ્યવહાર ચારિત્રમાં વ્યવહાર રત્નત્રયના પાલનમાં આવે તોપણ સ્વરૂપ લક્ષે છે. કોઈપણ કાર્ય એનું સ્વરૂપ લક્ષે છે. સ્વરૂપને લક્ષમાંથી છોડીને કોઈ કાર્ય નથી, જ્યારથી ઓળખાણ થાય છે ત્યારથી. જ્યારથી ઓળખાણ થાય છે ત્યારથી સ્વરૂપ લક્ષે જ કાર્ય હોય છે અને સ્વરૂપ લક્ષે કાર્ય હોય તો જ સ્વરૂપની પ્રાપ્તિ થાય. આમાં એ વિષયનો એક બોલ બહુ સરસ આવી ગયો છે. 'પરમાગમસાર'માં. આમાં પણ એક બોલ છે પણ આનો નંબર યાદ નથી. એવો જ બોલ છે બરાબર, લગભગ ચાલી ગયો છે.

૩૫૯ છે. 'પરમાગમસાર'માં ૩૫૯. **'હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ...'** એમ મહિમા સહિત **'હું પૂર્ણાનંદનો નાથ જ્ઞાયક પ્રભુ છું. એમ જ્ઞાયકના...'** નિજ પરમેશ્વરના લક્ષે, જ્ઞાયકના એટલે નિજ પરમેશ્વરના લક્ષે **'જીવ સાંભળે છે.'** કોણ જીવ સાંભળે છે ? જેને સમ્યક્દર્શન થવાનું છે એ જીવની વાત લીધી છે. આ છેલ્લે એ વાત લેવી છે કે એને સમ્યક્દર્શન થયે છૂટકો. આટલા છેલ્લા શબ્દો છે આ બોલના. એને સમ્યક્દર્શન થયે જ છૂટકો. એને ન થાય એ વાત નથી. થાય એની

Guarantee છે આમાં. એની પ્રવૃત્તિ કેવી છે ? કે એક જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે છે, સાંભળતી વખતે એને એક જ્ઞાયકનું જ લક્ષ રહે છે. હવે એ સાંભળવું તો પરની સાથે-શબ્દોની સાથે સંબંધવાળું રહ્યું. હવે મનના ચિંતવનમાં આવે.

**'તેને ચિંતવનમાં પણ હું પરિપૂર્ણ જ્ઞાયક વસ્તુ છું એમ જોર રહે છે...'** સ્વરૂપના લક્ષને હિસાબે એનું જોર રહે છે. એટલે બીજું ચિહ્ન દેખાડ્યું કે જેને સ્વરૂપ લક્ષે ચિંતવન છે એને પુરુષાર્થ નામનું એક પરિણમન, જોર જેને કહીએ, પુરુષાર્થ જેને કહીએ એ પણ એની અંદર ભળે છે. અને **'તે જીવને સમ્યક્ સન્મુખતા આવે છે.'** એની દિશા બદલાય છે. સ્વલક્ષે દિશા બદલેલી વાત છે, એ પણ અપૂર્વ છે.

**'મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે.'** હવે પાછી લક્ષની વાત આવી કે ચિંતન ઉપરાંત અંદર મંથન કરે છે. મંથન કરે છે એટલે જોરથી લક્ષમાં આવેલી વસ્તુ બાજુ એને એ ભાવને બેસાડવો છે, અંદરમાં સ્થિર કરવો છે એ ભાવ. તો એમાં પણ જ્ઞાયકનું લક્ષ રહે છે. અનેક પ્રકારના ચિત્ર-વિચિત્ર ભાવોથી છૂટું પડવું છે, એનું મંથન ચાલે છે.

આ છાશને ઝેરે છે ને ? એ ઝેરવું ઘરગથ્થું શબ્દ છે આપણા ગુજરાતીમાં. પણ એને ખરેખર મંથન કહેવામાં આવે છે. જે દહીં જામ્યું, દૂધમાંથી જે દહીં જામ્યું એને એવું ઘોળી નાખે, એવું મથી નાખે, એને ડખોળી નાખે એવું કે જેના પરિણામ સ્વરૂપે માખણ જુદું પડી જાય અને છાશ જુદી પડી જાય. નહીંતર ક્રિયા તો ડખોળવાની છે એની અંદર. સારી રીતે એને ડખોળી નાખે એ એક ક્રિયા છે. એનું ફળ શું છે ? માખણ જુદું પડી જાય છે.

એમ અનેક પ્રકારના વિપરીત પૂર્વ સંસ્કારો, પૂર્વના રસ લીધેલા અને હવે નવો લક્ષમાં આવેલો વિષય (બેયનું) મંથન ચાલે છે, અંદર યુદ્ધ ચાલે છે. પરિણામે આત્મલક્ષે એની શાંતિ ને આનંદનું માખણ જુદું પડી જાય છે.

**'મંથનમાં પણ લક્ષ જ્ઞાયકનું રહે છે. આ ચૈતન્ય** સ્વભાવ...' આ એટલે હયાત, પ્રગટ **'આ ચૈતન્યભાવ પરિપૂર્ણ વસ્તુ છે...'** હું પૂરી વસ્તુ છું, કોઈ ખામી મારામાં નથી, મારા ગુણની અનંત સંપત્તિથી હું ભરપૂર છું, એમ એનો આધાર લે છે. **'આ ચૈતન્ય** સ્વભાવ **પરિપૂર્ણ વસ્તુ છે...'** એના આધારે, **'એના જોરમાં રહે છે, તેને ભલે હજુ સમ્યક્દર્શન ન થયું હોય.'** જુઓ ! પૂર્વ ભૂમિકાની વાત લીધી છે. **'તેને ભલે**

**હજુ સમ્યક્દર્શન ન થયું હોય.'** અને પુરુષાર્થનું કારણ **'જેટલું કારણ આપવું જોઈએ તેટલું** હજુ પુરુષાર્થનું **કારણ ન આપી શકે તોપણ તે જીવને સમ્યક્‌ની સન્મુખતા થાય છે. એ જીવને અંદર એવી લગની લાગે છે કે હું જગતનો સાક્ષી છું. જ્ઞાયક છું.'** એને આગળ સમ્યક્દર્શન થયે જ છૂટકો છે, એમ લેવું છે. પછી સંસ્કારની વાત લઈ લીધી છે. સંસ્કારનો લોભનો પ્રશ્ન અહીંયાં નથી. એ તો જાણવાનો વિષય છે.

૬૨. આવો જ લગભગ બોલ છે. લગભગ એકસરખા ભાવ આવ્યા છે. બરાબર છે. આવી ગયો છે એ ખ્યાલ હતો પણ નંબર યાદ નહોતો. આપણે આ વાત આવેલી છે ત્યારે આનું અનુસંધાન પણ લીધું છે, આ ૩૫૯નું. આ બોલ ચાલ્યો ત્યારે. **'જ્ઞાયકના લક્ષે જીવ સાંભળે,...'** પછી જ્ઞાયકના લક્ષે બધે લઈ લેવું. જ્ઞાયકના લક્ષે જીવ **'ચિંતવન કરે,** જ્ઞાયકના લક્ષે જીવ **મંથન કરે...'** ત્રણે બોલ લીધા છે સાંભળવું, ચિંતવન કરવું ને મંથન કરવું. ત્રણ બોલ ત્યાં ચાલ્યા છે. **'ભલે કદાચ સમ્યક્દર્શન ન થાય તોપણ-સમ્યક્‌ત્વસન્મુખતા થાય છે.'** ત્યાં એ સમ્યક્ સન્મુખતાની વાત ચાલી છે. ત્યાં પણ સંસ્કારની વાત ચાલી છે. **'અંદર દઢ સંસ્કાર પાડે, ઉપયોગ એકમાં ન ટકે તો...'** પછી બીજી બીજી વાત લીધી છે. એકમાં ન ટકે એટલે એક ગુણથી ચિંતવનમાં ન ટકે તો બીજા ગુણથી ઉપયોગમાં સ્વભાવને લે, ત્રીજા ગુણથી ઉપયોગમાં સ્વભાવને લે. કારણ કે લક્ષ થઈ ગયું છે એટલે. મુખ્ય તો જ્ઞાન છે પણ નહીંતર જુદાં જુદાં પડખાથી **'ઉપયોગ બારીકમાં બારીક કરે,...'** એક જ સ્વભાવના લક્ષે ઉપયોગને સૂક્ષ્મ કરે, બારીક કરે.

**'ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો,...'** આ પણ વિષય છે આની અંદર. સ્વલક્ષી જ્ઞાનમાં સૂક્ષ્મતા ઉત્પન્ન થાય છે અને ઉપયોગ સ્વભાવની સૂક્ષ્મતામાં ઊંડો જવા સમર્થ થાય છે. પરલક્ષી જ્ઞાનમાં ઉપયોગ સ્થૂળ થાય છે, સૂક્ષ્મ થતો નથી. આ પણ એનું સ્વલક્ષી, પરલક્ષીનું પડખું છે. જે અહીંયાં વાત આવી છે ને ? ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો. એ એમ સૂચવે છે કે સ્વલક્ષી જ્ઞાન છે એ સૂક્ષ્મ થાય છે. એટલું સૂક્ષ્મ થાય છે કે સૂક્ષ્માતિસૂક્ષ્મ સ્વભાવમાં ઊંડો ઊતરી શકે એટલું એ સૂક્ષ્મ થાય છે. પરલક્ષી જ્ઞાનમાં સ્થૂળતા થાય છે.

દૃષ્ટાંત લઈએ કે કોઈ જીવ એવો છે કે જે આત્માની ઓળખાણમાં આવતો નથી અને ખૂબ શાસ્ત્રો વાંચે છે, ઘણું શાસ્ત્રનું અધ્યયન કરે છે તો એનો ઉપયોગ

સ્થૂળ થઈ જાય છે. કેમકે ઉપયોગને તો આવરણ આવવાનું છે. પરસત્તાના અવલંબનથી ઉપયોગને તો આવરણ આવવાનું છે. ત્યાં ઉપયોગ સ્થૂળ થઈ જાય છે, ઉપયોગ સૂક્ષ્મ થઈ શકતો નથી.

**'ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો...'** વિકલ્પ કરતો કરતો નહીં પણ ઉપયોગમાં સૂક્ષ્મતા કરતો કરતો **'ચૈતન્યતત્ત્વને...'** એટલે સ્વભાવને, સ્વભાવને એટલે અસ્તિત્વને. અહીંયાં અસ્તિત્વ લીધું. ૨૨૮માં અસ્તિત્વ લીધું. એને **'ગ્રહણ કરતો આગળ વધે, તે જીવ ક્રમે સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે.'** ત્યાં સમ્યગ્દર્શન થયે જ છૂટકો, એમ છેલ્લી વાત લીધી છે. અહીંયાં કહ્યું કે તે જીવ સમ્યગ્દર્શનને પ્રાપ્ત કરે છે. કદાચ કરશે અને કદાચ નહીં કરે એ વાત નથી. ચોક્કસ પ્રાપ્ત કરે છે. ૬૨ મો બોલ છે, બરાબર છે.

એટલે એ ઓળખાણના વિષયમાં સ્વલક્ષ લીધું અને સ્વલક્ષના ચાર પડખાં લીધા. એક તો સ્વલક્ષ છે એ અનંત ગુણનું સાધક છે. પ્રતિપક્ષમાં પરલક્ષ છે એ અવગુણનું સાધક છે. સ્વલક્ષ છે એ ઊંધી પડેલી શ્રદ્ધાને સવળી કરવા સમર્થ છે, સ્વલક્ષવાળું જ્ઞાન. પરલક્ષવાળું જ્ઞાન ગમે તેટલું વિશાળ અને વિપુલ પ્રમાણમાં દેખાતું હોય તોપણ એ આત્માની શ્રદ્ધાને ફેરવવા-સવળી કરવા સમર્થ નથી. સ્વલક્ષે ઉપયોગ સૂક્ષ્મ થઈને સૂક્ષ્મ સ્વભાવને ગ્રહણ કરી શકે છે. પરલક્ષવાળો ઉપયોગ સ્થૂળ થઈને ક્યારેય સ્વભાવને ગ્રહણ કરી શકતો નથી. અનંત કાળ સુધી શાસ્ત્રનો સ્વાધ્યાય કર્યા કરે, એનો ઉપયોગ કદી આત્મામાં જઈ શકે નહીં. અને નિર્વિકલ્પ શુદ્ધોપયોગની સ્થિરતા પ્રગટ થવાનું સામર્થ્ય સ્વલક્ષને કારણે આવે છે. પરલક્ષી જ્ઞાનમાં વિકલ્પ વધવાનું અને અસ્થિરતા વધવાનું અને પરિણમનમાં નબળાઈ વધવાનું કારણ આવે છે. અહીંયાં સ્થિરતા થઈ એટલે સબળાઈ વધી છે, અહીંયાં નબળાઈ વધશે. આ ચારેય પડખા એક ઓળખાણને લઈને ઊભા થાય છે. જો ઓળખાણ ન થાય તો બધું ઊંધું ચાલે અને નહીંતર બધું સવળું ચાલે.

પ્રશ્ન :– પરલક્ષીજ્ઞાનની તાકાત બિલકુલ નહિ.

સમાધાન :– બિલકુલ નહીં. જેમ મંદ કષાય ઉપર અને શુભરાગ ઉપર ચોકડી મૂકવાની છે બુદ્ધિપૂર્વકની સમજણમાં કે એની કિંમત આંકવાની જ નથી. એમ હારોહાર ક્ષયોપશમજ્ઞાન, પરલક્ષીજ્ઞાન ઉપર મોટી ચોકડી મૂકી દેવાની. આ પરલક્ષીજ્ઞાન એ કોઈ જ્ઞાન નહીં, એ કોઈ ગુણનું સાધક નહીં, એ કોઈ શ્રદ્ધાને ફેરવનારું નહીં, એની

અંદર સ્થૂળતા ને સ્થૂળતા જ હોય. સ્વરૂપ સ્થિરતાનો એમાં પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ વિકલ્પ વધવાનું કારણ થશે. પછી જેમ જગતના કાર્યો કરનારને જગતના કાર્યોના વિકલ્પો વધી જાય છે. એમ તને આ ભલે શાસ્ત્ર જ્ઞાનના વિકલ્પો વધી જાય પણ એ નબળાઈ લાવશે, એ સબળાઈ લાવશે નહીં. એવા ઘણા દૃષ્ટાંતો બન્યા છે કે પાછલા જીવનનો એટલે મૃત્યુ પહેલાના, પાછલા જીવનનો સારો એવો ભાગ તત્ત્વજ્ઞાનના વિષયમાં વ્યતીત કર્યો હોય અને મગજની અસ્થિરતા ઊભી થઈ હોય. એવા દાખલા બનેલા જોયા છે. તો ઇ ક્યારે બને છે ? પરિણમનમાં નબળાઈ આવે ત્યારે એ બને છે. એ સબળાઈનું ચિહ્ન નથી પણ મનની નબળાઈનું એ ચિહ્ન છે. એવા અનેક દાખલા બન્યા છે.

અહીંયાં વિચાર કરવા જેવો વિષય છે કે આમ કેમ બન્યું ? આ જીવે તો છેલ્લા ઘણા વર્ષોથી નિવૃત્તિ લઈને અને તત્ત્વજ્ઞાનનો અભ્યાસ અને તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ કરી છે. ઘણા વર્ષ સુધી આ પ્રવૃત્તિ કર્યા પછી એનો અંત તો બરાબર સારો આવવો જોઈએ, એનું ફળ સારું આવવું જોઈએ. એના બદલે એને આ કાં ઠેકાણે રહેતું નથી ? તો એનું કારણ એ છે કે પરલક્ષી જ્ઞાનમાં વિકલ્પ વધે છે.

જ્યારે વિકલ્પની Speed વધી જાય ત્યારે પરિણામમાં એ શક્તિ નથી, એ ગતિને ઝીલવાની શક્તિ નથી એટલે પછી અવ્યવસ્થા ઊભી થાય. એ અવ્યવસ્થાને મગજની નબળાઈ, મનની નબળાઈ એ રીતે પ્રસિદ્ધપણે બીજા પણ સમજી શકે એવી પણ પરિસ્થિતિ ઊભી થાય છે. એટલે જેમ રાગમાં આગળ વધી જાય તો જેમ નુકસાન થાય એમ ક્ષયોપશમજ્ઞાન, પરલક્ષી ક્ષયોપશમજ્ઞાનમાં પર તરફની દિશામાં આગળ વધી જાય તોપણ એને નુકસાન જ થાય છે.

એનો અર્થ એમ નહીં, એમ ન લઈ શકાય કે પણ શાસ્ત્ર વાંચે છે ને ક્યાં છાપા વાંચે છે? એ શાસ્ત્ર વાંચે તોપણ એ દિશામાં જવાનો નિષેધ છે, પ્રતિબંધ છે. પરની દિશામાં પરિણામને લંબાવવાથી આત્માને એકાંતે નુકસાન છે ને જરાપણ લાભ નથી. એ સિદ્ધાંત છે. એટલે જ્યાં જ્યાં ઓળખવાની વાત આવી છે ત્યાં બહુ માર્મિક વાત લીધી છે એ એ રીતે કે આખી દિશા બદલવાનું એ ઓળખાણ છે એ પગથિયું છે. એ Stage–દિશા બદલાય છે અને એના ફળમાં જીવ સ્વરૂપમાં ઠરી શકે છે. ઓળખાણમાં ઓળખાણનો વિષયભૂત તત્ત્વ છે એક ચૈતન્ય મહાસત્તા છે.

જે અનંત ગુણ પર્યાયોથી અનંત આશ્ચર્યકારી સ્વભાવોથી ભરેલું તત્ત્વ છે. જગતનું એ સર્વોત્કૃષ્ટ તત્ત્વ છે. એનાથી જગતમાં કોઈ ઉત્કૃષ્ટ તત્ત્વ નથી. અને એટલી એની મહાનતા છે કે એ મહાન તત્ત્વનું પૂર્ણ સ્વરૂપ, પૂરેપૂરું સ્વરૂપ ભગવાનની દિવ્યવાણીમાં, દિવ્યધ્વનિમાં પણ આવી શકતું નથી.

'શ્રીમદ્જી'એ તો એ ગાયું છે કે જેને ભગવાનની વાણી ન કહી શકે. 'કહી શક્યા નહીં તે પણ શ્રી ભગવાન જો.' જિનેન્દ્ર પરમાત્મા દિવ્યધ્વનિમાં એ વાત અતિશયવાળી વાણી જેને કહેવાય એમાં પણ જેનું પૂરું ન પડ્યું વર્ણન, છદ્મસ્થ જીવ કહી કહીને કેટલું કહી શકે ? અમસ્તો પણ છદ્મસ્થની વાણીનો અને ભગવાનની દિવ્યધ્વનિમાં સો છનો ફેર છે. એક છ કહેવાય અને એક સો કહેવાય, સરખું બોલાય પણ ચોરાણું આંકડાનો એમાં ફેર છે. એમ ભગવાનની વાણીમાં, ભલે આચાર્યની ગણધરની વાણી હોય, અંતર્મુહૂર્તમાં બાર અંગની રચના કરે એવું જેનું જ્ઞાન વિશાળ હોય તોપણ એ વાણીમાં અને દિવ્યધ્વનિમાં એટલો મોટો ફેર છે કે બાર અંગમાં દિવ્યધ્વનિનો વિષય અનંતમાં ભાગે આવે છે. 'ત્રિલોકસાર' ને એમાં વર્ણન આવે છે, અનંતમાં ભાગે આવે છે. અને જેવું આત્માનું સ્વરૂપ જ્ઞાનમાં આવે છે એ દિવ્યધ્વનિમાં એથી અનંતમાં ભાગે આવે છે.

અનંત ગુણોને તો સંજ્ઞા જ નથી, નામ નથી, એના શબ્દો જ નથી પછી એને કહે કેવી રીતે ? આત્માને એવા અનંત ગુણો છે કે જેની સંજ્ઞા નથી ભાષામાં. એટલા અનંત ગુણો છે. એને કહેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એટલે એને ઓળખે. ઓળખે ભલે ઓળખતા એ ક્યા ક્યા કેવા છે એ ભલે ન ઓળખે પણ સમગ્રપણે અભેદભાવે અભેદતત્ત્વને ઓળખે. ઓળખે અને એમાં લીન થાય, એમાં ઠરે એટલે એનો આનંદ માણે. બસ ! એમાં પ્રયોજનની સિદ્ધિ થઈ ગઈ.

કેવળજ્ઞાન થતાં એ બધા અનંતાનંત અનંત ભેદ સહિત જણાઈ જશે. અત્યારે એનું કોઈ કુતૂહલ કરવાની જરૂર નથી. તારામાં રહેલા ગુણભેદનું કુતૂહલ કરવા જેવું નથી તો જગતના પદાર્થો અને પર્યાયોનું કુતૂહલ કરવાનો ક્યાં પ્રશ્ન ઉપસ્થિત થાય છે. જે રત્નો જેવા તારા ગુણ છે ! ચૈતન્ય રત્નો છે બધા. એક એક પ્રદેશે અનંત ચૈતન્ય રત્નો છે એનું કુતૂહલ પણ છોડાવ્યું છે તો પછી બહારના પદાર્થોનું કુતૂહલ જોવા તું ક્યાં રોકાય છે.

**'તેનું પૂર્ણ સ્વરૂપ ભગવાનની વાણીમાં પણ પૂરું આવી શકતું નથી. તેને અનુભવી,...'** એનો અભેદભાવે અભેદપણે અનુભવ કરીને **'તેમાં ઠરી જા.'** તેમાં સ્થિર થઈ જા. બસ ! આટલી પ્રેરણા છે. મહિમાની સાથે સાથે આટલી પ્રેરણા છે કે એનો અનુભવ કર. ઓળખીને, અનુભવીને એમાં ઠરી જા. ભગવાન સ્વયં કીધા વિના પણ એમ દર્શાવે છે કે જો અમે અમારામાં ઢીમ થઈ ગયા છીએ. વગર કીધે તને એમ કહીએ છીએ કે તું પણ અમારી જેમ થઈ જા. અમારી જેમ નહીં થઈ જાય તો તું જે પ્રવૃત્તિ કરે છો એ પ્રવૃત્તિમાં ક્યાંય તને સુખ અને આનંદ થાય એવું નથી.

જે સંપૂર્ણપણે ઠરી જાવા માટે જે તૈયારી કરીને આખા સંસારને તિલાંજલી આપીને નીકળી પડ્યા એવા મુનિઓ, એ તો બીજો વિકલ્પ ઊઠે તો એ કહે છે, એ ઉન્મતવત્ અમારી ક્રિયા છે. 'યોગસાર'માં એ વાત લીધી છે અને 'તત્ત્વાર્થસૂત્ર'માં 'ઉમાસ્વામી' મહારાજે પણ એ વાત લીધી છે. ઉન્મતવત્ ક્રિયા લીધી છે. આ શું ? સ્વરૂપમાં જ ઠરવાનું છે, સમ્યક્ એકાંતપણે જ્યાં સ્વરૂપમાં જ ઠરવાનું છે ત્યાં પછી બીજો વિકલ્પ શો ? બીજો વિકલ્પ ઉત્પન્ન થયો તો એ ઉન્મતની ક્રિયા અમે સમજીએ છીએ. ઠીક ! પ્રહાર કર્યો છે. એ અમને એ વાત પોસાતી નથી. એને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે, એ સર્વથા સ્વરૂપમાં ઠરી જાય છે.

અભિપ્રાય તો જ્યારથી જેવું સ્વરૂપ છે એવું જોયું ત્યારથી જ એમાં ઠરવાનો અભિપ્રાય લાગેલો રહે છે. કેમકે સ્વરૂપ જ એવું છે. એમાં ઠરવાનો અભિપ્રાય કેમ છે ? એમાં ઠરવાનો સમ્યક્ એકાંત ઉપદેશ કેમ છે ? કે સ્વરૂપ જ એવું છે કે જેમાં એકાંતે ઠરવા સિવાય બીજો વિકલ્પ અસ્થાને છે. બીજો કોઈ વિકલ્પ ત્યાં સ્થાન પામી શકે એવું નથી. ૨૨૮ બોલ (પૂરો) થયો.

**મુનિને સંયમ, નિયમ ને તપ–બધામાં આત્મા સમીપ હોય. અહો ! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો...ત્યાં આ લૌકિકજનના પરિચયનો રસ કેમ ?**

**તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે.**

**લૌકિક સંગ તારો પુરષાર્થ મંદ પડવાનું કારણ થશે. વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.**

**અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે, પણ પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.**

**–આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને (આચાર્યદેવની) ભલામણ છે. નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ સમજી લેવાનું છે. ૨૨૯.**

... ૨૨૯. મુનિરાજના દૃષ્ટાંતે એક સિદ્ધાંત સમજાવવો છે. અને અહીંયાં એ વિષય લીધો છે-બહારમાં કોનો સંગ કરવો ? એ વિષયનું માર્ગદર્શન છે. દૃષ્ટાંત લીધો છે મુનિરાજનો. સિદ્ધાંત સમજાવે છે દરેક જીવને, મુમુક્ષુજીવને પણ એની ભૂમિકા પ્રમાણે. છેલ્લે લીધું છે ને ? આ પ્રમાણે પોતાની ભૂમિકા અનુસાર, એટલે આ પ્રમાણે મુમુક્ષુજીવે પણ પોતાની ભૂમિકા અનુસાર સમજી લેવાનું છે.

**'મુનિને સંયમ, નિયમ ને તપ-બધાંમાં આત્મા સમીપ હોય.'** આ નિશ્ચય સંગની વાત લીધી પહેલી. મુનિરાજ તો પરસંગ કરવા માટે બિલકુલ તૈયાર નથી. મુનિને સંયમ, નિયમ ને તપ બધામાં આત્મા (સમીપ હોય). સંયમનું પાલન, નિયમનું પાલન બહારના ભલે વ્યવહાર રત્નત્રયના પરિણામ છે, સંયમ, નિયમ અને તપ. નિયમ કહો, વ્રત કહો એકાર્થ છે. એ બધામાં દેહની ક્રિયા સમીપ છે એમ નથી કહેતા પણ

એ બધામાં આત્મા સમીપ છે. 'સ્વરૂપ લક્ષે જિનઆજ્ઞા આધીન જો.' 'શ્રીમદ્જી'એ ગાયું ને ? બહારમાં જે વ્યવહાર રત્નત્રયની પ્રવૃત્તિ છે, પંચ મહાવ્રત સંયમ આદિની, એ સ્વરૂપલક્ષે છે. સ્વરૂપલક્ષ છોડીને, સ્વભાવ લક્ષ છોડીને કોઈ વાત નથી. અને એ રીતે જિન ભગવાને, જિનેન્દ્રએ કહેલી મર્યાદામાં છે. આજ્ઞા એટલે મર્યાદામાં છે. મર્યાદા બહારની નિરર્ગળ પ્રવૃત્તિ નથી. અને તે પણ સ્વરૂપ લક્ષે ક્ષણે ક્ષણે ઘટતી જાય એવી સ્થિતમાં છે. વધતી જાય એ વાત નથી. કેમકે રાગાંશથી ઉત્પન્ન થયેલી રાગાંશના નિમિત્તે થતી પ્રવૃત્તિ છે એટલે એ ઘટતી જાય છે અને આત્મા સમીપ છે-સ્વભાવ સમીપ છે, એની-સ્વરૂપની વધુમાં વધુ સમીપ અથવા સ્વરૂપમાં વધુમાં વધુ ઊંડામાં ઊંડા પરિણામથી-ભાવથી મુનિરાજ જતા જાય છે. એવી મુનિની દશા હોય. મુનિ કેવા હોય એ વાત કરી.

મુનિને સંયમ, નિયમ અને તપ બધામાં આત્મા સમીપ હોય. એટલે એમ કહ્યું કે મુનિરાજની વાત આવે ત્યારે એમ કાઢી નાખવાની વાત નથી કે આ તો મુનિ થાય એની વાત છે ને ? હું ક્યાં મુનિ છું હજી, હજી મેં ક્યાં મુનિપણું લીધું છે અથવા મુનિપણું ક્યાં આવ્યું છે. એમ વાત નથી. એમને એમ હોય તો એમના માર્ગે અનુસરવાવાળાને એમ હોય, એમ લેવું છે. એને અનુસરવાનું હોય ને બીજી રીતે ઊંધું ચાલવાનું ન હોય, એમ કહેવું છે.

એમ કહે છે કે, **'અહો ! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો, ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ ?'** એમ કહે છે. લૌકિક જન જે રંગ રાગમાં પડ્યા છે, જેને જગતના વિષયોનો અને પદાર્થોનો રસ છે, જગતના કાર્યોનો રસ છે, વેપાર ધંધાનો ને એ બધાનો રસ છે એનો સંગ ને એનો પરિચય તું શા માટે કરે છો ? કેમ કરે છો ? એક પ્રશ્ન પૂછ્યો છે. હોવો જ ન જોઈએ. કેમ કહીને કહે છે કે હોવો જ ન જોઈએ અને હોય તો કેમ છે તેની તપાસ કર. કારણ શું છે એની પાછળ. કેમ તને ગમે છે ? એ લૌકિક જનોનો પરિચય અને સંગ તને કેમ રુચે છે અને કેમ ગમે છે ? આ પણ એક પ્રશ્ન છે. જો તું આત્માની સાધના કરવા નીકળ્યો હોય તો, આત્માની સાધના ન કરવી હોય તો તને કાંઈ વાત કહેવાની રહેતી નથી.

બહુ મહત્વનો આ વિષય એટલા માટે છે કે કુસંગ જેટલું અહિતનું નિમિત્ત થાય છે એટલું આ જગતમાં આત્માને નુકસાન કરનારું બીજું કોઈ નિમિત્ત નથી. એટલે

બહુ વજન છે. જ્ઞાનીઓનું, આચાર્યોનું આ વિષય ઉપર બહુ વજન છે. બીજું, જે જીવ જેનો સંગ કરે છે એ જેવા ગુણ કે અવગુણવાળો છે, તે જેવા ગુણ કે અવગુણવાળો છે એવી એની રુચિ છે એમ પ્રસિદ્ધ થાય છે. વગર કહે આપોઆપ.

રુચિને ઓળખવાના જુદાં જુદાં પ્રકારે ઘણા તરીકા છે એમાં આ એક તરીકો છે. જે જીવ જેવા જેવાનો સંગ કરવા જાય છે, પછી એ ગુણી હોય કે અવગુણી હોય, એવી એની રુચિ છે. જો ગુણીનો સંગ કરવા જાય છે તો એને નક્કી ગુણની રુચિ છે. જો એ અવગુણીના સંગમાં રહે છે તો નક્કી એને અવગુણની રુચિ છે. એ અવગુણને સાધશે, એમાંથી અવગુણ બધા પાંગરશે. આ બાજુ જતા ગુણ પાંગરશે. બે રસ્તા છે, જગતમાં ત્રીજો કોઈ રસ્તો નથી. વળી કોઈ કહે કે અમારે તો ગુણ પણ નહીં ને અવગુણ પણ નહીં. ત્રીજો તો કોઈ રસ્તો જગતમાં નથી. હવે તું તપાસી લે કે તને શેની રુચિ છે ? ગુણની કે અવગુણની ? એ તારે વિચારવાનું છે.

પ્રશ્ન :- ગુણી કે અવગુણીને પરખવો કેવી રીતે ?

સમાધાન :- જ્ઞાનીઓનો સંગ કરવો એ તો ગુણવાનનો સંગ કરવાની સીધી વાત છે. એટલે એમાં તો નહીં પરખાવાનું (આવતું નથી). પરખવા માટે પોતાને એટલી તૈયારી તો કરવી જ પડશે. ઓળખવાની તો તૈયારી કરવી જ પડશે. બીજો તો એમાં કોઈ ઉપાય નથી. પ્રશ્ન કર્યો છે તો જરા ચર્ચી લઈએ.

જેના સંગમાં રહેવાનું થતું હોય, આ કુટુંબ પરિવારમાં તો કુટુંબ પરિવારના સભ્યોના સંગમાં રહેવાનું થાય છે તો ઓળખાણ નથી પડતી કાંઈ ? કોઈ એમ કહે છે કે અમારા ઘરવાળાને હું નથી ઓખળતો, અમે નથી ઓળખાતા. અમારા ઘરવાળાને અમે ન ઓળખીએ એમ કોઈ કહે છે ? સામુંનું એમ કહે કે ભાઈ ! અમે એને પૂરા ઓળખીએ છીએ, અમારા ઘરવાળા છે ઇ. શું કહે ? સંગ કરે અને ઓળખાણ ન થાય એમ કેમ બને ? જો સંગ કરે, સહવાસ કરે, એના સંગમાં રહે અને ઓળખાણ ન થાય એ કેમ બને ? તો એણે સંગ કર્યો નથી. ખરી વાત એ છે.

કોઈવાર એવું બને છે કે કોઈ જ્ઞાની કોઈ અજ્ઞાનીને એના અવગુણ ન ઓળખે. એવું બની જાય છે. અજ્ઞાની એના સંગમાં આવે. જ્ઞાની હોય એનો સંગ કરવા ઘણા અજ્ઞાનીઓ આવે તો કોઈ એવા ઘણા અવગુણવાળા હોય કે જેને ન ઓળખે. કેમ ? કે જ્ઞાની એનો સંગ નથી કરતા. એને કેવા કેટલા કેવા પ્રકારના દુર્ગુણ છે એવી

માથાકૂટમાં કે એટલા ઊંડા ઊતરવાનું એને પ્રયોજન નથી. એ તો પોતાના પ્રયોજન પાછળ પડેલા છે, પોતાના સ્વકાર્યની પાછળ લાગેલા છે. તો એવું બની શકે. પણ અજ્ઞાની જ્ઞાનીનો સંગ કરવા જાય અને એને ઓળખે નહીં તો એણે સંગ શું કર્યો ?

ગુજરાતીમાં આપણે તો કહેવત છે કે સોનું જુઓ કસી અને માણસ જુઓ વસી. વસવું એટલે એના સહવાસમાં રહેવું. સોનાને કસોટી ઉપર કસે તો એ સોનું છે કે પીતળ છે એ ખબર પડ્યા વિના રહે નહીં. એમ માણસના સહવાસમાં રહે અને એ માણસ કેવો છે એમ એને ખબર ન પડે તો એ માણસના સહવાસમાં નથી રહ્યો. એ સીધી વાત છે. એટલે સંગ કરે અને ઓળખાણ ન થાય તો એણે સંગ કર્યો નથી. ખરી વાત તો એ છે. કેમકે ઘરમાં તો બને જ છે કે જેના સંગમાં અને સહવાસમાં રહે છે એની ઓળખાણ એને બરાબર થઈ જાય છે.

પ્રશ્ન :– બહારમાં ગુણવાનનો સંગ કરવો છે, અવગુણીનો સંગ નથી કરવો... આપણે કઈ કસોટીએ ચડાવવું ? આપણા ભાવોને આપણે કઈ રીતે...

સમાધાન :– ઓળખાણનો વિષય તો એવો છે (કે એ) પરીક્ષા કરવાનો વિષય છે. પ્રથમ પરીક્ષા કરવી હોય ત્યારે બહુ સૂક્ષ્મ અવલોકનથી સામાનો અભિપ્રાય અથવા એનું હૃદય તપાસતા આવડવું જોઈએ. જો એ ન આવડે તો જીવે એવી અનંતવાર ભૂલ ખાધી છે કે અજ્ઞાનીને જ્ઞાની માનીને સંગ કર્યો છે. એના માટે માર્ગદર્શન તો ઘણું છે કે, ક્ષયોપશમજ્ઞાન તે જ્ઞાન નથી, કવિત્વ તે જ્ઞાન નથી. પછી કોઈ લેખનશક્તિ તે જ્ઞાન નથી, કોઈ ભાષણશક્તિ તે જ્ઞાન નથી, કોઈ બાહ્ય ત્યાગ તે ખરેખર જ્ઞાન નથી અથવા જ્ઞાનીપણું નથી. એવી જ્યાં જ્યાં જે જે બાહ્ય ચિહ્નોમાં-બાહ્ય લક્ષણોમાં જીવ ભૂલે છે ત્યાં નહિ ભૂલવા માટે પણ ઘણી વાતો આવે છે. એની અંતરંગ પરિણતિ શું છે ? એનું શ્રદ્ધાન ક્યાં કામ કરે છે ? એના બધા પરિણામોનો સરવાળો ત્રિકાળી અનંત ગુણના પિંડ ઉપર જ્ઞાનથી, આચરણથી, શ્રદ્ધાથી એનું વજન, એનું જોર, એનું લક્ષ, એનો રસ ત્યાં જાય છે કે નથી જતો ? એ વસ્તુ તપાસવા પરીક્ષા કરવા માગે તો અછાનું ન રહે એવું એ કામ છે. તપાસવા જેટલી તૈયારી પોતાની હોવી જોઈએ. એ જવાબદારી પોતાની છે. અને જ્યાં પોતાને લાભ-નુકસાનનો વિષય છે ત્યાં તો એને તૈયાર થવું જ રહ્યું, એમાં બીજો કોઈ છૂટકો નથી. શું કરીએ ? અમને તો કાંઈ તૈયારી નથી. હવે અમારે શું કરવું ? તૈયારી નથી તો તૈયાર થવું. એમાં બીજો કોઈ

રસ્તો નથી.

હીરા ખરીદવા છે અને હીરાની પરખ નથી તો ઝવેરીને સાથે લઈ જાય. આપણા સંબંધમાં, આપણા ઓળખાણમાં, આપણા મિત્રમાં, કોઈ સગા સંબંધીમાં કોણ ઝવેરી છે ? એ ઝવેરી છે એમ નહીં, વિશ્વાસપાત્ર ઝવેરી કોણ છે ? પાછો એ વિશ્વાસપાત્ર ન હોય તોપણ મુશ્કેલી ઊભી કરે, તોપણ છેતરામણ ઊભી થાય. ત્યાં તો બધો વિવેક વિચાર કરીને પોતાની મૂડી ને પૈસા ખોટી રીતે પડી ન જાય એના માટેની બધી તૈયારી એને આવડે છે કે નહીં ?

અહીંયાં એથી થોડી વધારે તૈયારી કરે કેમકે સૌથી વધારે કિંમતી ચીજ છે તો થોડી વધારે તૈયારી કરે. આપણે અત્યારે તો બહુ સુવિધા છે. જ્ઞાનીને ઓળખવા મુશ્કેલ છે પણ 'ગુરુદેવ' તો એક ઉપકાર વધારાનો કરતા ગયા કે આત્મા તો સમજાવ્યો પણ જ્ઞાની છે એમ આંગળી પણ ચીંધતા ગયા. બે-Double ઉપકાર છે 'ગુરુદેવ'ના. એક પ્રમાણિક ઝવેરીએ એમ કહ્યું કે આ સાચો હીરો છે. તો ચાલો ભૂલા પડવાના એક નુકસાનમાંથી તો બચ્યા. હજી ઓળખવાની જવાબદારી બાકી રહે છે, હોં ! એમાંથી છટકી શકાય એવું નથી. એ તો જવાબદારી છે જ અને પછી જ લાભ થશે, ત્યારે જ લાભ થશે અને ત્યાં સુધી લાભ નહીં થાય, એ વાત તો સમજી લેવાની છે પહેલેથી. પણ એ શક્તિ બીજે ખર્ચાઈ જાય ને સમય બીજે ખર્ચાઈ જાય એમાંથી તું બચી શકે એ પણ કોઈ નાનોસૂનો ઉપકાર નથી. કેમકે કેટલાયની જિંદગીઓ ચાલી જાય. જ્યારે એ રીતે ન અનુસરે તો બીજા સ્થાનમાં કેટલાયની જિંદગી નીકળી જાય. આ જ્ઞાની છે ને આ જ્ઞાની છે ને આ જ્ઞાની છે એમ કરતાં કરતાં આખી જિંદગી અનુસરવામાં ચાલી જશે અને કુસંગ જેટલું તો બીજું કોઈ નુકસાન છે નહીં.

આ તો આવો કાળ ન હોય તો તૈયારી થઈ શકે છે. અત્યારે તો વળી બહુ સગવડતાવાળો સમય છે. નહીંતર જરા અઘરી વાત છે તોપણ અઘરી છે એટલે ન થઈ શકે એવી છે, એમ વિચારવા જેવું નથી. બરાબર પોતે પરીક્ષા કરીને ઓળખવાની સ્થિતિમાં આવવું જ જોઈએ. એનો કોઈ બીજો વિકલ્પ છે કે બીજો કોઈ ઉપાય છે એમ બનતું નથી.

મુમુક્ષુ :- આમાં તો પોતાની તૈયારી જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- પોતાની જ તૈયારી જોઈએ, એમાં બીજું કાંઈ ન ચાલે.

મુમુક્ષુ :- પોતાની તૈયારી, જ્ઞાનીને ગોતવાની ધગશ ક્યાં છે ?

પૂજ્ય ભાઈશ્રી :- જરૂરિયાત નહીં, ઓળખવાની યોગ્યતા અને તૈયારીની વાત છે.

મુમુક્ષુ :- જે જગ્યાએ જોડાય ત્યાં પોતે તો સમજી શકે ને કે આ સારું છે કે નરસું ?

પૂજ્ય ભાઈશ્રી :- સારું નરસું ઓળખવા છતાં પણ પરિણામ જ્યાં સુધી અંદરમાં સ્થિર થતા નથી ત્યાં સુધી ગુણવાનના સંગનો વિકલ્પ આવે છે. મુનિ હોય તો મુનિને પણ વિશેષ ગુણવાનના સંગનો વિકલ્પ આવે છે. ગૃહસ્થ હોય તો એને તો આવે જ, એમાં કાંઈ (સવાલ નથી), મુમુક્ષુને આવે એમાં તો કાંઈ નવી વાત નથી. જે અસંગ સ્વભાવમાં અસંગપણે રહી શકે છે એ તો મુનિઓની ધન્ય દશા છે પણ એવી દશા નથી હોતી એવા મુનિઓ પણ ગુણવાન મુનિઓનો સંગ કરે છે. એ મિથ્યાદષ્ટિ દ્રવ્યલિંગી મુનિઓનો સંગ ન કરે. ભલે મુનિમાં ને મુનિમાં પણ એ દ્રવ્યલિંગીનો સંગ ન કરે. ભાવલિંગી હોય, વિશેષ ગુણવાન હોય, વિશેષ વૈરાગ્યવાન હોય, વિશેષ અંદરમાં લીન રહેતા હોય એના સંગમાં રહેતા એને એ પ્રકારના ભાવનો આવિર્ભાવ થાય છે. અને તેથી એને એ લાભનું કારણ થાય છે.

'શ્રીમદ્જી'એ એક વાત કરી છે, 'દિપચંદજી' એ વાત કરી છે કે જ્ઞાની કે ગુરુ ભલે ઉપદેશ ન દે તો(પણ) એની મુદ્રા એનો ઉપદેશ દે છે. એની મુદ્રા એનો ઉપદેશ દે છે. હવે એ મુદ્રા ક્યારે ઉપદેશ દ્યે ? આ એક વિચારવા જેવો વિષય છે કે, જ્યારે ઓળખાણ હોય ત્યારે દ્યે. નહીંતર તો એની મુદ્રા ગામ આખું જોવે છે. બધાને કાંઈ એમાંથી ઉપદેશ મળતો નથી. પણ જેને એની અંતર ઓળખાણ છે એને તો એ ન બોલે ક્યારેક, તોપણ એની મુદ્રા ઉપરથી એનો ઉપદેશ (પ્રાપ્ત થાય). એના દર્શનમાત્રથી એના ભાવનો આવિર્ભાવ થાય છે. એવો સંગનો વિકલ્પ હોય ત્યારે પણ એ સંગનો એ જાતનો પ્રભાવ જોવામાં આવે છે. એ પ્રત્યક્ષતાનો વિષય છે. વ્યવહાર પ્રત્યક્ષ છે કે નહિ ? પરોક્ષ અને પ્રત્યક્ષમાં ઘણો ફેર છે એ બહુ મંથન કરીને, વિચાર કરીને બેસાડવા જેવી ચીજ છે. ટાઇમ થઈ ગયો છે, કાલે વિશેષ લઈશું....

## તા. ૨૫-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૨૯
## પ્રવચન નં. ૧૮૪

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૨૯. બીજી લીટીથી ચાલે છે. **'અહો ! તું તો આત્માની સાધના કરવા નીકળ્યો... ત્યાં આ લૌકિક જનના પરિચયનો રસ કેમ ?'** જે જીવ આત્માની સાધના કરવા નીકળ્યો છે, જેને જગતથી છૂટા પડીને, સંપૂર્ણ દ્રવ્ય-ભાવે છૂટા પડીને સિદ્ધાલયમાં જવાનું જેનું ધ્યેય છે, એને જગતના લૌકિક જનનો-રંગરાગમાં પડેલા જીવોનો પરિચય કરવાનો રસ આવે છે તો જરૂર એની જગત પ્રત્યેની રુચિ છે એ સ્પષ્ટ થાય છે.

રસનો પર્યાય દર્શનમોહ સાથે અથવા રુચિ સાથે અવિનાભાવી સંબંધ ધરાવે છે. એટલે જેને લૌકિક જનના પરિચયનો રસ છે, પરિચય થવો એક વાત છે–સામેથી પરિચય થવો એક વાત છે, પોતે રસ લેવો તે બીજી વાત છે. બન્ને જુદી જુદી વાત છે. જેને પોતાને જગતના મનુષ્યો સાથે સંબંધો વધારવા છે, પરિચય વધારવો છે અને એ પરિચય દ્વારા કોઈપણ કાર્યો કરવા છે એવો જેનો અંતરંગમાં અભિપ્રાય છે એ જીવ આત્માની સાધના કરવા નીકળ્યો નથી પણ સંસારને સાધવા નીકળ્યો છે. એમ આમાંથી બીજું પડખું સ્પષ્ટ થાય છે.

અહીંયાં જરા જોરથી પ્રશ્ન કર્યો છે કે જો તારે સ્વરૂપની સાધના કરવી છે તો બીજા જીવોનો પરિચય ન વધે એ પ્રકારના અભિપ્રાયથી તારી પ્રવૃત્તિ હોવી ઘટે છે. બીજાનો પરિચય વધારવાનો દૃષ્ટિકોણ અથવા જે રસ છે, અભિપ્રાય છે એ તો નિયમથી પરિણામને નીચા જવાનું જ કારણ છે. એમાં કોઈ પરિણામ છે એ સુધરશે-શુદ્ધિ બાજુ જશે એવું નહીં બની શકે. અસંગ તત્ત્વનો આશ્રય લેવા માટે સંગ છોડવો એ બાહ્યમાં પણ નિમિત્તપણે ઉપકારીને જાણીને આ કહેવામાં આવે છે. આખરમાં તો સ્વરૂપની સાધના કઈ રીતે છે ? કે અસંગ તત્ત્વનો આશ્રય કરે તો સ્વરૂપની સાધના છે. તો અસંગનો તત્ત્વનો આશ્રય કરવો અને બહારમાં સંગ વધારવો અથવા સંગનો રસ

હોવો એ બે વાતને સુસંગતતા નથી અથવા પરસ્પર વિસંગત વાત છે.

(અહીંયાં) પ્રશ્ન પૂછ્યો છે કે લૌકિક જનના પરિચયનો રસ કેમ ? જરા માર્મિક વાત છે. તારા પરિણમનને તપાસ તો તારા અભિપ્રાયનો તને ખ્યાલ આવશે અને લૌકિક જનના પરિચયનો રસ છે એ તને નિયમથી નુકસાનનું કારણ થશે. જેમ સત્ શાસ્ત્રમાં સત્સંગ ઉપર વજન દેવામાં આવ્યું છે એટલું જ સત્ શાસ્ત્રમાં અસત્સંગના નિષેધ ઉપર વજન દેવામાં આવ્યું છે. એમ આપોઆપ સમજી લેવું જોઈએ.

ફરીથી, સત્ શાસ્ત્રમાં સત્સંગનો મહિમા ઠામઠામ છે અને અત્યંત મહિમા કર્યો છે. કોઈ નિમિત્તાધીન દૃષ્ટિવાળાનું એ પ્રકરણ નથી કે પ્રકાર નથી. જેણે ઉપાદાનથી પોતાની શક્તિ કેળવી છે એણે એ વાત કરી છે. ધર્માત્માઓએ એ વાત કરી છે, મુનિઓએ આચાર્યોએ એ વાત કરી છે. 'મૂલાચાર'માં 'કુંદકુંદાચાર્યે' કહ્યું કે હે મુનિ ! તું દ્રવ્યલિંગી મુનિનો સંગ કરીશ નહીં. તને દર્શનમોહનું આવરણ આવશે. એ કરવા જેવું નથી.

પ્રશ્ન :– આત્મસાધના કરવા નીકળ્યા છીએ પણ પડી કેમ જવાય છે ?

સમાધાન :– પોતાની કાળજી નથી. પોતાનું હિત થાય છે કે અહિત થાય છે, પોતાના પરિણમન ઉપર એટલું આત્મલક્ષી ધ્યાન પણ નથી, અવલોકન પણ નથી, દૃષ્ટિકોણ એ પ્રકારનો કેળવ્યો નથી કે પરિણામમાં શું ચાલે છે ? એમાંથી નુકસાન થાય કે લાભ થાય ? એટલે નુકસાન થાય ત્યારે પણ એને ખબર હોતી નથી. લાભ થવાનો પ્રશ્ન નથી.

હવે કહે છે કે **'તારે શુદ્ધિ વધારવી હોય, દુઃખથી છૂટવાની ભાવના હોય, તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે.'** અસંગપણે કોઈના સંગ વિના એકલું રહેવાનું તારાથી ન બની શકતું હોય અને તારું ધ્યેય, તારું પ્રયોજન શુદ્ધિ વધારવાનું હોય અને આ સંસારના ત્રાસથી છૂટવાની તારી ભાવના હોય તો વાત છે. એટલી શરત મૂકી છે, કે એ પ્રકારે તને ત્રાસ લાગે છે ? અને અશુદ્ધિથી છૂટીને શુદ્ધિમાં જવું છે તારે ? તો અધિક ગુણવાળા કે સરખા ગુણવાળાના સંગમાં વસજે. અધિક ગુણવાળા કદાચ તને ન મળે તોપણ સરખા ગુણવાળાના સંગમાં વસજે. પણ અવગુણવાળાના સંગમાં વસતો નહીં. અમારા સગા થાય છે કે અમારા નજીકમાં પાડોશમાં રહે છે એટલે એનો સંગ વધારે સુલભ બને છે, એ રીતે પણ સંગની

બાબતની અંદર બેદરકાર રહેવા જેવું નથી.

મુમુક્ષુને તો બહુ ઉપયોગી અમૂલ્ય માર્ગદર્શન છે આ વિષયનું. કેમકે એક તો મુમુક્ષુની દશા ઘણી નબળી છે. શક્તિ હજી પોતાની પ્રગટ નથી કરી શક્યો એટલે ઘણી નબળી સ્થિતિ છે. એ નબળી દશામાં નબળાઈમાં ને નબળાઈમાં વધુ નબળાઈ આવે એવા કારણને સેવે તો એને નીચે જતા વાર લાગતી નથી. એટલે બહુ સુંદર માર્ગદર્શન આપ્યું છે કે કાં અધિક ગુણવાળાના સંગમાં વસજે અને કાં સરખા ગુણવાળાના. તને એમ લાગે કે આ બરાબર છે, મારાથી ઊતરે એમ નથી પણ કાંઈક સંગમાં રહેતા વિશેષ વિચારોની આપ-લે થાય છે અને એ દૃષ્ટિએ પણ અનેક પડખાથી સમજવાનું કારણ બને છે, બોધ લેવાનું કારણ બને છે, પોતાને સુધરવાનું કારણ બને છે, એવી એને અંદરમાં તપાસ અથવા જાણકારી હોવી જોઈએ. જે સંગમાં એ વસતો હોય એને એ સંગની જાણકારી હોવી જોઈએ, ખ્યાલ હોવો જોઈએ.

**'લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે.'** લૌકિક જનોનો સંગ કરીશ તો તને તારો પુરુષાર્થ ઉગ્ર થવાનું કોઈ એ નિમિત્ત તો છે નહીં. એમાં તો એની વાતો ને એનો પ્રકાર ને એના પરિણામના બધા એવા પ્રકાર હશે કે એમાં કોઈ તારા આત્મિક પુરુષાર્થને કોઈ નિમિત્ત થાય એવું તો કારણ બનવાનું નથી. લૌકિક સંગમાં તો જગતના જીવોને પાંચ ઇન્દ્રિયના વિષયોનો રસ તીવ્ર છે. જેને જે વિષય પ્રિય છે એ વિષયની મહત્તા કર્યા વિના રહેશે નહીં. છેવટે કાંઈ નહીં તો પૈસાની મહત્તા કર્યા વિના રહેશે નહીં. જુઓ ! 'અમેરિકા'ની અંદર આટલા આટલા પૈસાવાળા માણસો હોય છે, 'અમેરિકા'ની અંદર આમ હોય છે, 'જાપાન'ની અંદર આમ હોય છે, ફલાણું આમ હોય છે, આમ હોય છે (એમ) એની પ્રશંસા, એની મહિમા, એની વાતો એ જ બધું એની પાસેથી મળશે.

મુમુક્ષુ :– લૌકિક સંગ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :– લૌકિક સંગની અંદર એક તો જે મુમુક્ષુ નથી એવા જીવોનો બહુ સંગ ન કરવો. એક પ્રશ્ન એ છે. કામ પડે, જવું પડે એ કામ પૂરતી વાત પતી ગઈ. પણ એના સંગમાં રહેવું અથવા એની સાથે રહેવાનો રસ રહેવો એ નુકસાનનું કારણ થશે. મુમુક્ષુ મુમુક્ષુમાં પણ (એ ધ્યાન રાખવાનું છે). કેમકે નીચે એક Line દોરી મૂકી છે કે બધાની ભૂમિકા પ્રમાણે એણે વિવેક કરવાનો છે. (એટલે) મુમુક્ષુ

મુમુક્ષુમાં પણ પોતાના બરાબરના હોય, પોતાથી વિશેષ ગુણવાન હોય તો એનો સંગ કરવાનું રાખવું જોઈએ. એ વિવેક છે. પોતાથી નીચેવાળાની પ્રીતિ અને સંગ કરે તો એ અવિવેક છે. એ સંગ નથી પણ અવિવેક છે.

આમ તો અસંગપણાની ભાવના જ મુમુક્ષુને હોય છે અને અસંગતત્ત્વ પ્રત્યે એને જવું છે એટલે સંગ કરવાનો વિકલ્પ છે એ તો એને ગુણવાનનો જ સંગ કરવાનો વિકલ્પ આવે. આવા અસંગ તત્ત્વની પ્રીતિવાળા, રસવાળા, રુચિવાળા જીવો હોય તો એ મારી રુચિનું, મારા રસના પોષણનું નિમિત્ત બને. એને એવો જ ભાવ, એવો જ વિકલ્પ આવે, એવો જ રસ આવે, એવો જ ભાવ આવે. એવો ભાવ ન આવે અને બીજા બીજાના સંગની અપેક્ષા રહ્યા કરે અને એમાં એને રસ આવે તો એને જે પુરુષાર્થ જાગ્રત કરવો છે એ પુરુષાર્થ જાગ્રત નહીં થઈ શકે. જો મુમુક્ષુને કદાચ જાગ્રત થોડો ઘણો થયો હશે તો ઊલટાનો એ મંદ પડશે. તીવ્ર તો નહીં થાય પણ એ મંદ પડશે ઊલટાનો, આ પરિસ્થિતિમાં ઊભી થાશે.

પ્રશ્ન :- વિશેષ ગુણવાન એટલે ?

સમાધાન :- વિશેષ ગુણવાળા એટલે જો જ્ઞાની મળે તો એના જેવું એક્કેય નથી. જ્ઞાની ગુણવાન છે. જ્ઞાની ન મળે તોપણ એને મુમુક્ષુમાં પણ પોતાથી વિશેષ કોણ છે એ વાત સમજવી એને પડે છે, એ એણે પોતે નક્કી કરવી પડે છે, અને એ નક્કી કરીને એના સંગમાં જવું, સંગ રાખવો તો એનો રાખવો, નહીંતર કોઈનો ન રાખવો એમ. સંગ રાખવો તો (એનો રાખવો).

પ્રશ્ન :-

સમાધાન :- નહીં, એ પ્રશ્ન નથી. ગુણની વાત લીધી છે. અહીંયાં ત્યાગ અને ક્ષયોપશમ બે વાત નથી. બેમાંથી એક્કેય શબ્દની વાત નથી. સરળતા આદિ ગુણ હોય, આત્માનો રસ હોય, આત્મપ્રાપ્તિની ભાવનાવાળો હોય અને આત્મપ્રાપ્તિની દિશામાં જે આગળ વધવાના પુરુષાર્થની તૈયારીવાળો હોય. ટૂંકામાં કહીએ તો પાત્રતાવાળો હોય.

પ્રશ્ન :- સામાન્ય રીતે મુમુક્ષુ હોય એટલે સંગ કરવા જઈએ પણ એ ગુણવાન હોય કે નહિ...

સમાધાન :- સામાન્ય રીતે એવું બને છે. પણ એવું નથી કે વાંચનકાર હોય

એટલે આગળ હોય અને સાંભળનારો હોય એટલે આગળ ન હોય, એવું તો કાંઈ નથી.

મુમુક્ષુ :- ઘણા એવા શાંત હોય કે ખબર પણ ન પડે કે કેવા ગુણવાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- પણ આમાં એવું છે ભાઈ ! એમાં એવું છે કે જેની નજર એ વાત ઉપર છે, એ વિષય ઉપર છે, જેની શોધ એના ઉપર છે, કે મારે જો સંગમાં રહેવું છે તો કોઈ પાત્રતાવાળો મળે એના સંગમાં રહેવું છે, નહીંતર એકલા રહેવું છે. અને એકલા ન રહેવાય તો આવો કોઈ સંગ શોધવો છે પણ ગમે તેના સંગમાં તો નથી રહેવું. એવો કોઈ એને વિચારપૂર્વક અભિપ્રાયપૂર્વક એનો નિર્ણય હોવો જોઈએ અને એ અનુસાર એની પ્રવૃત્તિ હોવી જોઈએ. નહીંતર લાભ ન થાય પણ અવશ્ય નુકસાન થાય, થાય ને થાય જ. સત્સંગમાં જાય અને પોતાની તૈયારી ન હોય તો કદાચ લાભ ન થાય અને સત્સંગ નિષ્ફળ જાય પણ કુસંગમાં જાય તો કુસંગના છાંટા ઊડ્યા વિના રહે નહીં. આ નિયમ છે. કેમકે એ બાજુ તો જવું સહેલું છે, લપસવું સહેલું છે, નીચે ઊતરવું સહેલું છે, ઉપર ચડવામાં પસીનો પડે એવું છે. ઉપર ચડવામાં શક્તિનો ઉપયોગ છે, નીચે ઊતરવામાં શક્તિનો ઉપયોગ નથી. સહેજે સહેજે પરિણામ નીચે ચાલ્યા જાય. એટલે એક વિવેક વિચાર કરવાનો વિષય છે આ. મહત્વનું માર્ગદર્શન છે આ.

મુમુક્ષુ :- જોવામાં એવું આવે છે કે કોઈ પાત્ર જીવ હોય પણ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોઈ શકે છે. હા, એનો કાંઈ નિષેધ ન કરી શકાય. નકાર કરી શકાય એવું નથી. ભલે વાંચનકાર ન હોય અને ..

મુમુક્ષુ :- પાછળ પાંચ-છ જણના ટોળા ફરતા હોય પણ કાંઈ હોય નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ તો શોધ કરવાનો વિષય થઈ ગયો ને. સામાન્ય બુદ્ધિમાં તો શું છે કે કાં તો ક્ષયોપશમ પાછળનું આકર્ષણ થાય કાં ત્યાગ પાછળનું આકર્ષણ થાય. બે બાહ્ય ચિહ્ન છે ધર્મના ક્ષેત્રમાં આકર્ષિત થઈને અથવા ભુલાવામાં પડવાના પણ આ બે બાહ્ય ચીજ છે. પણ જેને આત્મહિત કરવું છે, શુદ્ધિમાં વૃદ્ધિ કરવી છે, અંતરંગ શુદ્ધિમાં વૃદ્ધિ કરવી છે એ જીવની થોડી વિચક્ષણતા છે. એ વિચક્ષણ જીવ છે.

મુમુક્ષુ :- ઘણા બુદ્ધિવાળા ભુલાવામાં પડી શકે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પડી શકે છે. પણ એને વિચક્ષણતા શું કહેવી ? જેને પોતાના હિત-અહિતના વિષયની અંદર ખ્યાલ ન પડ્યો એને એની વિચક્ષણતા શું કહેવી ? ભલે બુદ્ધિ ગમે તેટલી હોય. એની શું વિચક્ષણતા કહેવી ? આ માર્ગની ને આ Lineની વિચક્ષણતા તો ન જ ગણાય. ઉઘાડ ભલે ગમે તેટલો હોય, ત્યાગ ભલે ગમે તેટલો હોય. પણ જે આ અંતરંગમાં શુદ્ધિ વધારવાની Line છે એની વિચક્ષણતા બીજા પ્રકારની છે. અને એ કોઈ દેખાવ કરવાનો વિષય નથી. એ તો પોતાનો ગોળ પોતાને ચોરી ખાવાનો વિષય છે. આપણે સમજીએ છીએ કે અહીંથી આપણને લાભ છે. એના સંગમાં રહેતા પોતાની પરિણતિ શું કામ કરે છે એના ઉપરથી એ સમજી લે છે. એના રસને કેવી રીતે પકડે છે ? કે અહીંયાં પોતાનો રસ ઊભો થાય છે સામે. તરત ખબર પડે એવું છે. એ વિષયની અંદર જાગ્રત હોય તો એને લાઇટ થાય એવો વિષય છે, ન થાય એવું નથી કાંઈ. પણ એ વિષયની અંદર પોતે જાગ્રત હોવો જોઈએ, એમ. પણ વિષય બહુ ગંભીર છે.

જે અહીંયાં વાત લીધી એની કિંમત ઘણી છે, વિષય ઘણો ગંભીર છે કે જેના તેના, ગમે તેના સંગમાં રહેવા જેવું નથી. તું લાભ ન લે તો એક વાત છે પણ નુકસાનનો ધંધો કરે ઇ તો થવું જ ન જોઈએ. જેમ માણસ વેપાર કરે તો કહે, ભાઈ ! ન રળીએ તો કાંઈ નહીં, પણ મૂડી તો ઘટવી જ ન જોઈએ, મૂડીમાંથી તો જવું જ ન જોઈએ. આટલી તો જેમ ઓછામાં ઓછી જાગ્રતિ ને તકેદારી રાખે એવો આ વિષય છે. વાંચન કે પ્રવચન ચાલતું હોય ત્યાં તો સૈદ્ધાંતિક General વાત જ ચાલે ને. General વાત ચાલે.

મુમુક્ષુ :– મુમુક્ષુને જ્ઞાનીના બહુમાનના ભાવ આવતા હોય અને તેનો જ સંગ કરવાનો ભાવ આવતો હોય...

પૂજ્ય ભાઈશ્રી :– હા, સારી વાત છે. એ વાત સારી છે. એમાં શું છે કે એ જલદી બીજાના કુસંગે ન ચડી જાય. એ વિશેષ વાત છે. ઈ તો બચવાનું બહુ મોટું કારણ છે. સત્પુરુષ પ્રત્યે-વિદ્યમાન જ્ઞાની પ્રત્યેની અત્યંત અત્યંત ભક્તિ એ કુસંગથી બચવાનું બહુ મોટું સાધન છે એમ કહીએ તો ખોટું નથી. બહુ મોટું સાધન છે. અને પોતાના સ્વરૂપ પ્રત્યે જવાનું પણ એક બહુ મોટું સાધન છે. અને બહુ અઘરું નથી, એવું કઠિન નથી એવું એ સાધન છે. સહેલું સાધન છે, સુગમ સાધન છે. એટલી

વિશિષ્ટતા જોઈને એ વિષય ઉપર જરા વજન વધારે આપવામાં આવ્યું છે.

અહીં તો પહેલી વાત એ લીધી છે-નુકસાનની અને બીજી લાભની વાત લીધી છે. બન્ને પ્રતિપક્ષની વાત આ Paragraphમાં લઈ લીધી છે કે **'લૌકિક સંગ તારો પુરુષાર્થ મંદ પડવાનું કારણ થશે.'**

પ્રશ્ન :– મુનિ લીધા છે એ ભાવલિંગી સંત લીધા છે ?

સમાધાન :– સ્વરૂપમાં ઝુલતા મુનિ હોય ને. મુનિઓને સંયમ, નિયમ અને તપ બધામાં આત્મા જ સમીપ હોય. ભાવલિંગી હોય એને જ આત્મા સમીપ હોય.

પ્રશ્ન :– એમને લૌકિક સંગ ક્યાં હોય ?

સમાધાન :– એમાં એવું છે કે એને તો લૌકિક જનનો સંગ નથી, મુનિને તો લૌકિક જનનો સંગ નથી. એને તો દ્રવ્યલિંગીના સંગનો પણ નિષેધ છે. મુનિઓ ને મુનિઓમાં એને દ્રવ્યલિંગી (મુનિના સંગનો નિષેધ છે). એટલે બીજું જે વચન છે એ મુનિને અનુસરીને નથી કહ્યું. મુનિનું દૃષ્ટાંત દીધું છે પછી સિદ્ધાંત શરૂ કરી દીધો છે કે હવે તું તારામાં જો કે જો મુનિને આત્મા સમીપ રહે છે. તો સમીપ રાખવા જેવો તો એક પોતાનું અસંગતત્ત્વ આત્મા જ છે. સમીપમાં, કોની સમીપમાં રહેવા જેવું છે ? કે પોતાના અસંગ તત્ત્વની સમીપમાં રહેવા જેવું છે. પોતાના સ્વભાવની સમીપમાં રહેવા જેવું છે, બીજા કોઈની સમીપમાં રહેવા જેવું નથી. કેમ ? કે શ્રીગુરુ પોતે એમ જ રહે છે. એમનું જે બાહ્ય પ્રવર્તન છે એ પણ એનો જ બોધ આપે છે કે કેવી રીતે રહેવું ! એ દૃષ્ટાંતમાં વાત લીધી છે. હવે જો તું પોતે આત્માની સાધના કરવા નીકળ્યો હોય તો કોઈ લૌકિક જનોનો પરિચય તારે શા માટે રાખવો જોઈએ ?

એક દૃષ્ટાંત લઈએ કે કોઈ જીવે Line બદલી અને આ અધ્યાત્મ-વિષયમાં પ્રવેશ કર્યો, પાત્રતામાં આવ્યો, મુમુક્ષુતામાં આવ્યો કોઈ જીવ. એ પહેલા જોઈએ તો એનો પરિચય જે જે લોકો સાથે હોય છે, જેવા જેવા લોકો સાથે હોય છે, એની મિત્રાચારી હોય કોઈપણ પ્રકારનો ઊઠ-બેઠનો સંબંધ હોય એ બધામાં ફેર પડ્યા વિના રહે નહીં. પહેલું વિચારમાં એ આવે કે મિત્ર તો એને કહેવાય કે જે સમ વિચારનો ધારક હોય તે. સરખા વિચારનો ધારક હોય તે. એ તપાસી લે કે આ જે મારો અત્યાર સુધીનો પરિચય અને સંગ છે એ તો બધા કોઈ આ બાજુ વળે એવું લાગતું નથી કે આ

બાજુ વળવાના કોઈ ચિત્ત ઇચ્છુક હોય એવું લાગતું નથી. આપોઆપ એને એનો પરિચય ને એનો સંગ છે એ કાં તો ઘટી જાય છે અને કાં તો તૂટી જાય છે. આ ફેરફાર જોવામાં આવે છે.

હવે જે મુમુક્ષુ છે એને તો એમ કહે છે કે જે હજી પ્રવેશ કરે ઇ આ ફેરફાર કરે છે તો જે એ ક્ષેત્રમાં, એ મુમુક્ષુઓની મધ્યમાં-વચમાં રહ્યો છે એને લૌકિક જનનો પરિચય કરવાનો ક્યાં પ્રસંગ રહ્યો ? એને તો લૌકિક જનનો પરિચય કરવા જેવો નથી. એને લૌકિક જનો સાથે કોઈ કારણસર હળવા મળવાનું થાય તોપણ એને એમાં રસ આવતો નથી. ગમે તે મળવા આવે ને એની સાથે કલાકો સુધી વાતો કર્યા કરે ને બેસે ને જગતના સમાચારો ને ઢગલાબંધ બનાવો બને છે. એના સાધનો જાણવાના છે. બન્ને જાણતા હોય તો એની ચર્ચા જ કરે, ઓલાને પણ ખબર હોય. એણે પણ છાપું વાંચ્યું હોય આને પણ છાપું વાંચ્યું હોય, એણે ટી.વી. જોયું હોય, આણે ટી.વી જોયું હોય તોપણ એની ચર્ચા કરે. કેમકે એનો એને રસ છે. કોઈ બજારનો જે પોતાને ધંધો વેપાર હોય એને લગતો હોય તો એની ચર્ચામાં ચડી જાય. કોઈ સમાજને લગતો આવ્યો હોય તો એની ચર્ચામાં ચડી જાય. રાજકથા ને બધી જે વિકથા જેને કહે છે ચારેય પ્રકારની, ઇ ચારેય પ્રકારમાંથી કોઈ ને કોઈ પ્રકારનો જેનો રસ હોય એની કથાના રસમાં ચડી જાય, એ લૌકિક જનોનો સંગ થઈ ગયો. ભલે મુમુક્ષુ કહેવાતા હોય ને વિકથા ઉપર ચડી જતા હોય તો ઇ લૌકિક જન થઈ ગયું એમાં, પછી કાંઈ નામ મુમુક્ષુ છે એટલે એથી કાંઈ મુમુક્ષુ થઈ જવાતું નથી.

વિકથાનો એને રસ હોવો જોઈએ નહીં. પોતાને રસ નહીં હોવો જોઈએ. બીજો રસ લઈને વાત કરે તો એને ઉપેક્ષા થાય. પેલાને વાત કરનારને એમ ખ્યાલ આવે કે હું વાત કરું છું પણ આને રસ પડતો નથી. એટલે એનો રસ લંબાવાનું કારણ બનતું નથી. Automatic ઇ વાત પૂરી કરે ને ન પૂરી કરે તો એને નમ્રતાથી, શાંતિથી કહેવું પડે કે, ઠીક છે આપણને કાંઈ એમાં બહુ રસ નથી, ઠીક છે તમે વાત કરી પણ મને કાંઈ એમાં બહુ રસ નથી. એવું બધું તો ચાલ્યા જ કરતું હોય જગતમાં. જગત તો એમ જ અનાદિથી ચાલતું આવ્યું છે ને અનાદિથી ચાલવાનું જ છે અનંતકાળ પર્યંત. એ તો બધું એમ જ હોય. આપણે એ કોઈ કામની ચીજ નથી. એ રીતે પોતે એ રસથી દૂર રહેવું, સંગ તો નિમિત્ત છે પણ મૂળ તો એ રસથી પોતે દૂર રહેવું.

આમાંથી કહેવાનું પ્રયોજન તો એ છે.

હવે તું પોતે સંગ કરવા જઈશ (અને) તને રસ આવશે, તને રુચિ થશે, તને પ્રેમ આવશે, તને લૌકિક જનનો સંગ કરવાનો સામેથી વિકલ્પ આવ્યા કરશે તો તારો પુરુષાર્થ અવશ્ય મંદ પડી જશે. તારો પુરુષાર્થ કાં તો ઉત્પન્ન નહીં થાય, જાગ્રતિ આવી હશે તો ચાલી જશે. 'શ્રીમદ્જી' ત્યાં સુધી લખે છે કે દીર્ઘકાળ સુધી ઉપાસેલો સત્સંગ, જ્ઞાનીના સંગમાં દીર્ઘકાળ પર્યંત રહ્યો હોય (અને) અલ્પકાળના કુસંગમાં એ બધું ધોવાઈ જતા વાર લાગતી નથી. રંગરાગવાળા લૌકિક જનોના સંગમાં પોતે પણ જરાક રસ લઈ લે અથવા પંચેન્દ્રિયના વિષયમાં પોતે પણ રસ લઈ લે તો એનો વૈરાગ્ય ધોવાઈ જતા વાર લાગતી નથી. દીર્ઘકાળ સુધી એ સત્સંગમાં રહ્યો હોય, વૈરાગ્યમાં રહ્યો હોય, સત્સંગમાં રહ્યો હોય. એને ધોવાઈ જતા વાર લાગતી નથી.

પ્રશ્ન :– એમ સમજવું કે એને પાયો કાચો છે ?

સમાધાન :– પાયા જરૂર કાચો, પાયો જરૂર કાચો. અને સામાન્ય રીતે તો મુમુક્ષુની સ્થિતિ ઘણી નબળી છે. મુમુક્ષુતા એટલે બહુ નબળી સ્થિતિ છે. જેમ કોઈ બાળક ઊભો થઈને ચાલતા શીખતો હોય તો ક્યારેક લથડિયું ખાઈ જાય, માંડ માંડ પગલું ભરી શકે એવી નબળી સ્થિતિ જેવી સ્થિતિ છે. મુમુક્ષુની સ્થિતિ કાંઈ બળવાન સ્થિતિ નથી એટલે એમાં સાવધાની વિશેષ રાખવાનો વિશેષપણે બોધ છે, ઉપદેશ છે.

પ્રશ્ન :– જ્ઞાની ધર્માત્માનો સંગ કરતો હોય અને સાથે સાથે કોઈ બુદ્ધિવાળાનો-ક્ષયોપશમવાળાનો સંગ થઈ જાય, સાથે સાથે બીજી કોઈ બાબતમાં વિચક્ષણતા હોય એનો સંગ થઈ જાય, એમાં લપસવાનું કારણ બની શકે ?

સમાધાન :– એ તો વિપરીત અભિનિવેશ સહિત જ બધા કાર્યો કરવાનો... સિદ્ધાંત તો એ છે કે આનો પણ સંગ કરવો ને આનો પણ સંગ કરવો (એમ) બે વાત તો છે નહીં. એક બાજુનો જ ઉપદેશ છે, બીજી બાજુનો તો નિષેધ છે. તો એક બાજુના ઉપદેશને હું અનુસરું છું અને બીજી બાજુના નિષેધને અનુસરતો નથી તો આને પણ ખરેખર અનુસરતો નથી એમ નક્કી થઈ ગયું. સત્ શાસ્ત્ર પણ વાંચું છું અને સત્ શાસ્ત્ર નથી એના પ્રત્યે પણ મને લાગે છે કે આમાં પણ કાંઈક છે. વાતો તો સારી સારી કરી છે, કાંઈ પાપ કરવાની વાતો નથી કરતા. (પણ) એમ જોવાય નહીં.

(માર્ગમાં) જેમ જેમ આગળ ચાલે તેમ તેમ જવાબદારી વધે જ છે. જેમ ઊંચે જાય એમ જવાબદારી વધે છે. એટલે તો વ્યવહાર બાંધ્યો છે. વ્યવહાર બાંધ્યો છે એ મર્યાદા બાંધી છે બાહ્ય આચરણની. એની નીચે જાય એટલે એની જવાબદારીમાંથી ગયો, ચૂક્યો. એમ છે. એટલે 'કુંદકુંદાચાર્યે' મુનિના વિષયમાં બહુ કડક લખ્યું છે કે દ્રવ્યલિંગીનો સંગ કરીશ નહીં. ગૃહસ્થી કરી લેજે પણ દ્રવ્યલિંગીનો સંગ કરીશ નહીં. (ચારિત્રથી) ચ્યૂત થા (તો) બહુ વાંધો નહીં આવે. દ્રવ્યલિંગીનો સંગ તો (સમ્યગ્દર્શનથી-શ્રદ્ધાથી) ચ્યૂત થવાનું કારણ છે. દ્રવ્યલિંગી ભાવલિંગી જેવા દેખાતા હોય છે. સાધારણને તો ઓળખવા મુશ્કેલ પડે. ભાવલિંગી મુનિને તો કાંઈ ઓળખવાનો પ્રશ્ન નથી. (દ્રવ્યલિંગીને) ઓળખી લે છે કે આ ખાલી છે, આનું બાહ્ય આચરણ માત્ર છે. આને અંતર અનુભવ નથી. અનુભવની શાંતિ જુદી ચીજ છે, આ તો મનની શાંતિના પ્રકાર છે. તરત ખ્યાલ આવે. ઇ એના સંગમાં રહેવા આવે તો ઇ ઉપદેશ લઈ જાય બીજી વાત છે, આ એના સંગનો વિકલ્પ ન કરે, એની પ્રીતિ ન કરે, એના ભાવ ન કરે કે હું એની સાથે રહું. એની સેવા કરતાં હોય તો ? દ્રવ્યલિંગી મુનિ ભાવલિંગી મુનિની સેવા કરતા હોય તો ? તો પછી એને એમ થાય ? કે ભલે સાથે રહ્યાં સેવા તો કરે છે. પડી જઈશ તું. પડી જ જાય. મિથ્યાદૃષ્ટિ થઈ જાય. પડી જાય એટલે ચારિત્રથી પડે નહીં, મિથ્યાદૃષ્ટિ થઈ જાય. બહુ મોટું નુકસાન થઈ જાય. એટલો બધો વિષય (ગંભીર છે). કેમકે અપેક્ષાબુદ્ધિ થઈ ગઈ એને. અપેક્ષાબુદ્ધિ થઈ કે ગયો ઇ.

મુમુક્ષુ :- જ્ઞાનીનો સંગ મળે. પણ પર્યાયફેર છે એટલે પછી તો મુમુક્ષુનો જ સંગ રહેવાનો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઇ તો વિશેષપણે તો મુમુક્ષુનો જ રહે ને. અને એ તો પર્યાય ફેર છે નહીંતર પણ જ્ઞાનીનો સંગ તો મર્યાદિત જ રહે. 'ગુરુદેવ' હોય તો મર્યાદિત સમય રહે. એમની રૂમમાં જાવ એટલે કેટલો સંગ કરી શકો ? મિનિટોનો જ સવાલ છે, કલાકોનો સવાલ નથી કે બે કલાક, ચાર કલાક તમે પડ્યા રહો. એ તો ઓછું જ બને છે. પણ ઓછો છે છતાં કિંમતી બહુ છે. ઓછું છે એટલે ઓછી કિંમત છે એવું નથી. ઓછું છે છતાં કિંમતી ઘણું છે. પછી એ સંગમાં થયેલી વાતો, એ સંગમાં પોતે આત્મલક્ષે જે રસ લીધો, એ રસ કેટલો લંબાવવો, એ રસ કેટલો

ઘૂંટવો એ પોતાનો વિષય છે. એટલે એની કિંમત ઘણી છે.

જેમ જલદ દવા હોય એનું પ્રમાણ હંમેશા ઓછું હોય. હીરાની ભસ્મ આપે એ કાંઈ સુદર્શનના ફાકડાની જેમ હીરાની ભસ્મનો ફાકડો ન લે. જેમ બીજી ફાકી હોય સાધારણ કે આ હીમેજ અને હરડેની ફાકી છે એક તોલો લઈ લ્યો એકસાથે, પેટ સાફ થઈ જશે. એવી રીતે હીરાની ભસ્મ ન લેવાય. ઓછું છે પણ કામ ઘણું છે. ભલે સમય ઓછો છે, રસ કેટલો વધુ લેવો એ તો પોતાના પરિણામનો વિષય છે, પોતાની યોગ્યતાનો વિષય છે.

આ 'સોગાનીજી'નું દૃષ્ટાંત લ્યો. હવે સામે સામે એક બીજો દૃષ્ટાંત લઈએ કે એમને સંગનો ભાવ ઘણો છે. એમના પત્રો એમ બોલે છે કે 'ગુરુદેવ'ના સત્સંગનો ભાવ ઘણો છે. પુણ્યયોગ એ પ્રકારનો નથી લઈને આવ્યા. પાત્રતા અને દશા તો ઘણી ઊંચી લઈ લીધી પણ પુણ્યયોગ લઈને નથી આવ્યા. આ વિચિત્રતા છે સંયોગોની. તો ખરેખર તો એ સંગમાં જ છે. સંગનો ભાવ છે એ સંગમાં છે. એટલે Physically બહારમાં સંગ રહે એ જ સંગ છે એમ નથી ખરેખર. એમની જે વાત ચાલે છે, એમનો જે વિષય ચાલે છે ત્યાં એનું ચિત્ત રહી જવું, એનું ચિત્ત ચોંટી જવું અને એ નિમિત્તે એને એ ભાવ રહ્યા કરવો કે સંગમાં રહેવાય તો સારું. ભલે રહી શકાય, ન રહી શકાય એ તો બાહ્ય પરિસ્થિતિની અનુકૂળતાનો વિષય છે. એ પોતાના (કે) કોઈના અધિકારનો વિષય નથી. કોઈ જીવના અધિકારનો વિષય નથી.

મુમુક્ષુ :- આમ તો દરેક મુમુક્ષુ ઇચ્છતા હોય કે જ્ઞાનીનો સંગ રહે, ગમે ત્યાં હોય. આખા હિન્દુસ્તાનમાં ગમે ત્યાં હોય, એ તો એવું જ ઇચ્છતા હોય, ભાવના એવી જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- ઇચ્છતા હોય પણ હવે જુઓ ! એમની ભાવના અને સામાન્ય ભાવના વચ્ચે ફેર દેખાય છે કે નહીં ? એમના પત્રો વાંચીએ છીએ આજે તો એમની જે ભાવના અને બીજા મુમુક્ષુઓ કોઈ મુંબઈમાં રહે છે, કોઈ કલકત્તામાં રહે છે, કોઈ દિલ્હીમાં રહે છે, કોઈ મદ્રાસમાં, બેંગ્લોરમાં, હૈદ્રાબાદમાં, જુદે જુદે દૂરના ક્ષેત્રોમાં દૂરના શહેરમાં વસે છે. ભાવના હોય છે કે આપણને જ્ઞાનીના સંગમાં રહેવાય તો સારું. પણ ભાવના ભાવનામાં કેટલો ફેર દેખાય ! એ પ્રકારની ભાવના. એને ભાવના કહેવાય. સામાન્ય ઉપર ઉપરની ભાવના તો અનંતવાર જીવને થઈ છે. અંદરથી જે

ભાવના થાય છે એ બીજો પ્રકાર છે આખો. એવી ભાવના થાય. તો કાં તો સત્સંગ મળે અને ન મળે તો એની ભાવના રહે. બસ !

મુમુક્ષુ :- લક્ષમાં ફેર છે.

પૂજ્ય ભાઈશ્રી :- પરિણમનમાં જ ફેર છે આખો. લક્ષમાં પણ ફેર છે અને પરિણમનમાં પણ ફેર છે. યોગ્યતામાં જ ફેર છે. એ યોગ્યતા અનુસાર ભાવ આવે છે. એ ભાવ કોઈ કૃત્રિમતાથી લાવી શકાય છે એ કોઈ વસ્તુસ્થિતિ, પરિસ્થિતિ નથી. એમ. એટલે એ વિષય આખો પરિણામ ઉપર જાય છે. બહારનો યોગ તો બહારના પુણ્ય અનુસાર હોય છે. એના ઉપરથી કોઈ માપ ન કરી શકે. અથવા કોઈ ઇ ક્ષેત્રમાં નજીક રહેતા હોય માટે વધુ સત્સંગમાં રહીને વધુ ફાયદો લઈ ગયા હોય એવા ગણિતનો આ વિષય નથી. એવું ગણિત આની અંદર કામ લાગતું નથી કે એવું ગણિત આની અંદર હોતું નથી. એ વસ્તુની વાસ્તવિકતા પણ નથી. બધો આધાર ભાવ ઉપર જ છે. પછી એ ભાવનાની સાથે સાથે પુણ્યનો યોગ સાથ દેતો હોય તો સત્સંગ વિશેષ રહે અને પુણ્ય સાથ ન દેતું હોય તો સંગ ન રહે. પણ ભાવના દાબી શકાય નહીં, એની ભાવના દાબી શકાય નહીં. એવો પ્રકાર છે.

જેમ લૌકિક સંગ પુરુષાર્થ મંદ પડવાનું કારણ છે એમ આ બાજુ પ્રતિપક્ષમાં **'વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની પરિણતિ વિશેષ વધવાનું કારણ થશે.'** કેટલી વાત લીધી છે ! સવળું પડખું છે. બન્નેમાં એટલું ભર્યું છે. તારો પુરુષાર્થ મંદ પડશે, તારા જ્ઞાનને પણ મૂઢતા આવશે. લૌકિક સંગમાં પુરુષાર્થ મંદ પડશે, વીર્યગુણના પરિણામની વાત કરી. જ્ઞાનની વાત કરીએ તો તારા જ્ઞાનમાં મૂઢતા આવશે. મૂઢતા શું કામ કરે છે ? કે નિજ ચૈતન્ય જે નિહાળવાની બાજુમાં અંધાપો આવે છે. એને અહીંયાં મૂઢતા કીધી છે. આ સવળા પડખાથી એ વાત નીકળે છે.

વિશેષ ગુણીનો સંગ તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની જે પરિણતિ તારે ઉત્પન્ન કરવી છે એ દિશામાં તારું કામ થશે. તારો ઉઘાડ વધી જશે, તને ત્યાગ કરવાની હોંશ સારી થઈ જશે, દૃઢતા આવી જશે એમ નથી કાંઈ કીધું. તારા ચૈતન્યતત્ત્વને જે નિહાળવું છે, નિરાવરણ ચૈતન્ય પરમાત્મા અંદર બિરાજમાન પોતે છે એ નિજ નિહાળવાનું કાર્ય થતું નથી. વિદ્યમાન હોવા છતાં જીવ એને નિહાળી શકતો નથી. વાત તો લાંબી નથી કે ચૈતન્યપ્રભુ અંદરમાં મોજૂદ છે-હયાત છે-વિદ્યમાન છે. જ્ઞાન

નિહાળી શકે એવી સંજ્ઞી પંચેન્દ્રિયની ક્ષમતાવાળું જ્ઞાન પણ મોજૂદ છે છતાં નિહાળી શકતો નથી. કેમ ? કે એ બાજુ એને જે સન્મુખ થવું છે, એ સન્મુખ થવાની અશક્તિ છે. સન્મુખ થવા માટેની જે શક્તિ મળવી જોઈએ એ શક્તિ એણે કેળવી નથી. એ શક્તિ કેળવવામાં તને સત્સંગ છે એ નિમિત્ત થશે, એમ કહેવું છે.

નહીંતર તો મુમુક્ષુજીવ એમ કહે કે બરાબર છે, આત્માના દર્શન કરવા જેવા છે અને આત્માના દર્શન કરવા માટે આત્મસન્મુખ થવું એ વાત પણ બરાબર છે, પણ થવાતું નથી. પણ થવાતું નથી. વસ્તુ મોજૂદ છે, એને જાણનારની જ્ઞાનની પર્યાય મોજૂદ છે. ખૂટે છે શું ? અને કેમ ખૂટે છે ? શા માટે ખૂટે છે ? વચ્ચે જે અંતરાય ઊભો છે એ અંતરાય શું ચીજ છે ? એના માટે કેટલી તપાસ કરી એણે ? એના માટે કેટલી દરકાર કરી ? એ વિષયમાં કેટલો ઊંડે જવાનો એણે પ્રયત્ન કર્યો છે ? એ સવાલ છે.

એણે આ એક બાહ્ય સાધનમાં એની એ દિશાની રુચિ ને એ દિશામાં આગળ વધવા માટેનું એક પગલું ભરવાનું અહીંયાં માર્ગદર્શન છે કે તું વિશેષ ગુણીના સંગમાં જઈશ, તારું ચૈતન્યતત્ત્વ અંતરંગમાં તારે જે નિહાળવું છે એવી પરિણતિ સાધવાનો, એવી પરિણતિ ઉત્પન્ન થવાનું, એવી પરિણતિ હશે તો વિશેષ વધવાનું અને કદાચ એવી પરિણતિ હશે તો વિશેષ વધવાનું એ કારણ થશે. બધું એમાં લેવું. બધા Stage લઈ લેવા. નહીં હોય તો ઉત્પન્ન થવાનું કારણ છે, હોય તો વધવાનું કારણ છે. પણ અવગુણીનો સંગ ભૂલેચૂકે (કરીશ નહીં), કુસંગમાં જઈશ નહીં, એ ભયંકર એરુના રાફડા જેવી ચીજ છે. ત્યાં જવા જેવું નથી.

એ બહુ સારો વિષય લીધો છે. આડીઅવળી વાત નથી લીધી. બહુ માર્મિક વાત લીધી છે. તારા ચૈતન્યતત્ત્વને નિહાળવાની જે પરિણતિ, (એ) જ્ઞાનનો વિષય લીધો છે. નિજ ચૈતન્યને નિહાળવાની પરિણતિ. જરા સૂક્ષ્મતાથી વિષયને લઈએ. સ્વભાવને જ્ઞાનમાં જોવો છે તો જ્ઞાનમાં સ્વપણે જ્ઞાન પોતાને વેદે, જ્ઞાન સ્વયંને સ્વપણે વેદે એવો જ્ઞાનમાં જ્ઞાનસ્વભાવ છે. જ્યાં સુધી એવો સ્વયંનો વેદવાપણાનો સ્વભાવ એને પોતાને લક્ષમાં ન આવે, સમજમાં ન આવે, ઓળખમાં ન આવે, ખ્યાલમાં ન આવે, પકડાય નહીં ત્યાં સુધી એને એ વિષયમાં સૂક્ષ્મપણે ઊંડે ઊતરીને એ જ વિષયની અંદર એણે એનો પ્રયત્ન-અભ્યાસ અથવા એનું એવું સૂક્ષ્મ દૃષ્ટિનું અવલોકન

એણે ચાલુ રાખવું જોઈએ. સ્વભાવ શું છે ? એકવાર સ્વભાવ જે છે, સ્વભાવ સ્વભાવપણે લક્ષમાં આવ્યો ત્યાં આખી પરિસ્થિતિ બદલાશે, દિશા બદલાશે. પહેલી વાત એની દિશા બદલાશે, દિશા બદલાશે તો એને નિજ ચૈતન્યને નિહાળવાનો અવસર, અભેદપણે નિહાળવું એટલે અભેદપણે અનુભવવાનો અવસર આવ્યા વિના રહેશે નહીં.

મુમુક્ષુ :- કામ એકલું નિહાળવાનું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- બસ ! નિજને નિહાળવું એટલું જ કામ છે. આથી વધારે કોઈ કામ નથી. નિજ પણ તૈયાર છે, નિહાળનાર પણ છે. નિહાળવું એટલું કામ છે. એક વખત એણે પોતાના કાર્યનો ઉત્સાહ લાવીને, સ્વકાર્યનો ઉત્સાહ લાવીને એ કામનો પ્રારંભ કરવો જોઈએ, આગળ વધવું જોઈએ અને એ રસ્તે ચડી જવું જોઈએ. કરીને મૂકી દેવાનું કામ નથી પણ એ રસ્તે ચડી જવું જોઈએ. તો એ રસ્તે પછી આગળને આગળ વધ્યો જશે.

મુમુક્ષુ :- અહીંયાં પરિણતિ શબ્દ વાપર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પરિણતિ. બહુ માર્મિક વાત લીધી છે.

**'અચાનક આવી પડેલા અસત્સંગમાં...'** એક એક શબ્દની અંદર બહુ વાત રહેલી છે. બધું અદ્ધરથી આવેલું નથી. **'અચાનક આવી પડેલા અસત્સંગમાં તો પોતે પુરુષાર્થ રાખી જુદો રહે,...'** આવી પડે. કોઈ એવા જૂના સંબંધી હોય, જૂના પરિચયી હોય એને એમ થાય કે ના ના આજ તો જાવું છે ને એની સાથે બેસવું છે. (એ) આવી પડે. આવી પડે ને એના રસ પ્રમાણે વાતો પણ કરે. પોતે જાગ્રત રહે. એનો રસ ગમે તેટલો હોય, આપણને આમાં કાંઈ મઝા આવે એવું કે રસ આવે એવું નથી. ભળી જાય એમ નહીં, જુદો રહે. પોતે ભળી ન જાય. નહીંતર અત્યારે તો એવા હળવા વિષય છે ટોળટપ્પાના, હાસ્યના, ટુચકાના, રમૂજના, રમત-ગમતના. એને ક્યાંય રસ આવે નહીં. ઊલટાનું એને ખેદ થાય કે મારો વખત બગડે છે, મારો સમય છે એ બગડે છે. પોતાનો સમય વેડફાય થાય એ સંબંધીનો ખેદ થવો એ પણ એક પાત્રતાનું ચિહ્ન છે. અને એનો ખેદ ન થવો અને પોતે સમય વેડફી નાખે તો ત્યાં પાત્રતા નથી. એમ એ સ્પષ્ટ થાય છે. એટલે અચાનક આવી પડેલા એટલે સામેથી આવી પડેલો અસત્સંગ હોય તો પોતે જુદો રહે, જુદો રહેવા માટે જાગ્રતિ રાખે,

જુદો રહેવા માટે પુરુષાર્થ રાખે. પણ પોતે જ રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ અવશ્ય મંદ પડી જાય. પોતે રસ (ન લ્યે).

એ તો 'શ્રીમદ્જી'એ વિષય લીધો કે દીર્ઘકાળ પર્યંત વૈરાગ્યથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પકાળમાં અસત્સંગમાં રસ લેનારો તેનો તે જીવ આગળની બધી વાત એની ધોવાઈ જતા વાર લાગતી નથી. સાફ થઈ જાય, ઘડીકમાં સાફ થઈ જાય. છ-બાર મહિના સત્સંગમાં રહ્યો હોય અને એક અઠવાડિયામાં (અસત્સંગમાં) સાફ થઈ જાય. જેમ કોઈ માણસ આખી જિંદગી કમાણો હોય અને જુગારમાં એક દાવમાં કમાયેલું બધું હારી જાય એના જેવો વિષય છે. જુગાર જેવો વિષય છે. **'પોતે રસપૂર્વક જો અસત્સંગ કરે તો તેની પરિણતિ મંદ પડી જાય.'** અથવા એને અવશ્ય નુકસાન થાય, થાય ને થાય જ. એ નુકસાનમાં આવી જાય.

**'આ તો સ્વરૂપમાં ઝૂલતા મુનિઓને ભલામણ છે.'** મૂળ તો એ 'કુંદકુંદાચાર્યદેવે' એ વાત કરી છે કે હે મુનિ ! તું સંગનો ખ્યાલ રાખજે. મુનિઓને એમ કહેવું શું છે ? કે મુનિદશામાં આવેલા જીવને જો આ વિષયની અંદર આચાર્ય મહારાજ ભલામણ કરે છે, આચાર્ય તો ગુરુના સ્થાને છે, બન્ને છઠ્ઠે-સાતમે ગુણસ્થાને છે તોપણ આચાર્ય પોતે ગુરુના સ્થાને છે. શિષ્ય મુનિ સાધુ છે છઠ્ઠે-સાતમે ગુણસ્થાને ઝૂલે છે ખબર છે એને પણ એમ કહે છે કે જુઓ ભાઈ ! આ સંગનો વિષય છે ઇ બહુ મહત્વનો છે. માત્ર નીચેની કક્ષાવાળા જીવોને સંગનું મહત્ત્વ છે અને તું મુનિ થઈ ગયો એટલે તારી શક્તિ ઘણી વધી ગઈ છે ને હવે તને વાંધો નથી, એમ અમે તને કહેતા નથી. (તો પછી) મુમુક્ષુને તો વાત જ ક્યાં રહી ? એ તો બહુ નબળો છે. જ્યારે મુનિઓને આ ભલામણ આચાર્ય મહારાજ કરે છે - આ તો એમ કહીને એમ કહેવું છે. વાક્યરચના આ છે. એમાં એમ કહ્યું છે, મુનિદશા પર્યંત આગળ વધેલા જીવને પણ જો આ સૂચના મહત્ત્વ જોઈને આપવામાં આવે છે તો બીજાએ તો-નીચેનાવાળાએ તો સંગનો વિષય આપોઆપ સમજી લેવા જેવી વાત છે

**'નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે.'** આ નિશ્ચય-વ્યવહારની સંધિનો વિષય છે. માર્ગદર્શનનું જે પ્રકરણ છે એ અનેક પડખેથી જીવ ક્યાંય પણ માર્ગ બહાર ન જાય અને માર્ગ ઉપર રહી જાય, એ પ્રકારના હેતુથી ચારેય પડખેથી-અનેક પડખેથી અથવા સર્વ પડખેથી એ વિષયને સ્પષ્ટ કરનારો વિષય છે. એને માર્ગદર્શન કહેવામાં

આવે છે. ક્યાંય ભૂલો ન પડે. જેટલા ભૂલા પડવાના સ્થાન છે, કહી શકવા યોગ્ય, બતાવી શકવા યોગ્ય, વર્ણન કરી શકવા યોગ્ય એ લગભગ બતાવતા જાય છે. એ જાતનો જ્ઞાનીને વિકલ્પ આવવો જોઈએ. વિકલ્પ આવે (એમ) બતાવતા જાય (કે) અહીંયાં ધ્યાન રાખજે, અહીંયાં ધ્યાન રાખજે, આ બાજુ ધ્યાન રાખજે, આમ કરતા ધ્યાન રાખજે, આમ પણ પ્રસંગ ઉત્પન્ન થશે, આવો પણ પ્રસંગ ઉત્પન્ન થશે.. આવો પણ પ્રસંગ ઉત્પન્ન થશે.

આમાં લીધું ને ? ૨૧૫ આપણે ચાલી ગયો ને. **'મુમુક્ષુ જીવ શુભમાં જોડાય, પણ પોતાની શોધકવૃત્તિ વહી ન જાય...'** પ્રસંગ આવશે શુભના, પંચકલ્યાણકના પ્રસંગ આવશે, અનેક પ્રકારના મહોત્સવ, ધાર્મિક મહોત્સવ ઉજવવાના પ્રસંગ આવશે, ધાર્મિક પ્રચારનો, તત્ત્વ પ્રચારનો પ્રસંગ આવશે, અનેક જાતના પ્રસંગ આવશે. શુભમાં જોડાવાનું થાશે પણ અંદરમાં પોતાના આત્માને શોધવાનો છે અને એ શોધવાનો બાકી છે એ રાખીને વાત છે. જેમ કોઈ હજાર વાત કરે પણ જેને પોતાનું કાળજું સાબૂત છે એ કોઈનો ચડાવ્યે ચડી જતો નથી કે ભ્રમણામાં આવતો નથી. ઇ તો વાત કરે, આપણે આપણું કાળજું સાબૂત રાખો. એમ અનેક પ્રસંગ પડે પણ અંતરશોધનું કાળજું જેનું સાબૂત છે એ અનેક શુભ પ્રસંગમાં ભલે પ્રવર્તતો, પ્રવર્તવાનું થાશે, નહીં થાય એવું નહીં બને. કેમકે શુભ અને અશુભ બે જ છે એની પાસે. અશુભમાં તો જાવું નથી. પણ અંતરશોધ રાખીને વાત છે. એ પ્રક્રિયા છોડીને વાત નથી, એ લક્ષ છોડીને વાત નથી.

મુમુક્ષુ :– સાચું તો આમાં રસ...

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે. મંદ રસે પ્રવૃત્તિ થાય. નહીંતર આખેઆખો અર્પાઈ જાય, ખૂંચી જાય આખેઆખો. એ તો છે જ. કુદરતી વસ્તુ છે.

બીજું કે, શાસ્ત્રમાંથી તને તારું શુદ્ધાત્માનું સ્વરૂપ બતાવવામાં (આવે છે). સર્વથા શુદ્ધ છે, પૂર્ણ શુદ્ધ છે, ત્રિકાળ શુદ્ધ છે, જરાય અશુદ્ધ નથી, અશુદ્ધતાની ગંધ એમાં નથી. અને તું શુદ્ધ છું એમ જ અનુભવ કર, એમ પ્રતીતિ કર, એમ નિહાળ, એમ અવલોકન કર, એને એમ જાણ, એમાં જ સ્થિરતા કર, એવી જ જોર જોરથી વાતો આવશે. સ્વચ્છંદ ન થઈ જાય, તારી પર્યાયની અશુદ્ધતા સાવ ભૂલી જા અને તને સ્વચ્છંદ થઈ જાય એ પ્રકાર પાછો એમાં ન આવે. આ તો માર્ગથી જરાય આડોઅવળો

જઈને માર્ગ છોડી દે તો એ માર્ગદર્શન નથી. એ ન છોડી દ્યે એનું નામ માર્ગદર્શન છે. બધી વાત કરી છે.

મુમુક્ષુ :– નિશ્ચય-વ્યવહારની સંધિ છે.

પૂજ્ય ભાઈશ્રી :– નિશ્ચય-વ્યવહારની આ સંધિ છે. નિશ્ચયનું સ્વરૂપ, અવલંબનને યોગ્ય એવું જે નિશ્ચયનું સ્વરૂપ અને એ અવલંબનના જોરમાંથી નીકળેલી જે જ્ઞાનીઓની વાણી માર માર કરતી આવશે, તોપણ નિશ્ચય-વ્યવહારની સંધિવાળા એમના પરિણામ છે, તારા પરિણામમાં પણ એ જ પ્રકાર ઉત્પન્ન થવો જોઈએ. નહીંતર પાછી ગડબડ થતા વાર લાગશે નહીં. ચારે બાજુથી માર્ગદર્શનમાં તો ઘણી ઘણી વાતો આવે છે.

જ્યારે વાંચન ચાલતું હશે તો કેટલી વાતો (આવી હશે !) આ તો મર્યાદિત વિષય આવે. પકડાણો એટલો વિષય આવે. આવો ઘણો ચાલતો હશે, એમ થાય ને. કેટલી જાતનો વિષય ચાલતો હશે !

'**નિશ્ચય-વ્યવહારની સંધિ જ એવી છે. આ પ્રમાણે પોતાની ભૂમિકાનુસાર બધાએ...**' જેને જે પ્રકારની... મુમુક્ષુમાં પણ અનેક કોટિના મુમુક્ષુ છે, અનેક પ્રકારની યોગ્યતાવાળા છે. એકસરખી યોગ્યતાવાળા બધા મુમુક્ષુઓ હોતા નથી તો જેની જેવી યોગ્યતા હોય એણે પોતાના હિતને લક્ષમાં રાખીને '**સમજી લેવાનું છે.**'

**જગતના સમસ્ત પરપદાર્થ પ્રત્યેથી આકર્ષણ છૂટી જાય અને એકમાત્ર સ્વ-સ્વરૂપનું જ ખેંચાણ રહ્યા કરે, તેવું પરમ અદ્‌ભુત, આશ્ચર્યકારી, અનંત મહિમાવંત આત્મસ્વરૂપ છે. અરે ! પૂર્ણ કેવળજ્ઞાનાદિ પર્યાયની પણ જેને અપેક્ષા નથી, તેવું પરમ નિરપેક્ષ આત્મસ્વરૂપ છે. આવા નિજ સ્વરૂપની એકાકાર ભાવનાવાનને પણ અન્ય કાંઈ અપેક્ષા ન રહે. આવા નિજ સ્વરૂપની દૃષ્ટિ વિના, અન્ય દ્રવ્ય-ભાવમાં મુખ્યતા થાય - સ્વરૂપ-દૃષ્ટિમાં તો પોતે 'સ્વરૂપમાત્ર' - 'જ્ઞાયકમાત્ર' (હું), સિવાઈ અન્ય કાંઈ છે જ નહિ.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૧૦)**

**આત્મા તો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ ! પહેલાં ચારે બાજુથી તેને ઓળખી, પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદરમાં ઠરી જવું. તો અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે. અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ જ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે. `त एव साक्षात् अमृतं पिबन्ति'. ૨૩૦.**

**તા. ૨૮-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૩૦**
**પ્રવચન નં. ૧૮૫**

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૩૦ બોલ પાનું ૮૯. આ બોલમાં આત્માને ઓળખીને (અંદર ઠરી) જવાનો વિષય છે. કેવો છે આત્મા ? **'આત્મા તો આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ !'** છે. અદ્‌ભુતથી અદ્‌ભુત જે ચૈતન્યચમત્કાર છે એવું મહા આશ્ચર્યકારી તત્ત્વ ! ચૈતન્યમૂર્તિ એકલું માત્ર ચૈતન્ય, અનંત ચૈતન્યની મૂર્તિ આત્મા દેહ-દેવાલયમાં છે. શરીરને દેવાલય કહ્યું છે. જેમાં દેવ રહે તે દેવાલય. આત્મદેવ જેમાં બિરાજમાન છે (તે દેહ દેવાલય). એવો અનંત મહિમાધારી પદાર્થ, જેની મહિમા વાણીગોચર નથી અથવા વાણી ટૂંકી પડે છે. એને પહેલા ચારે બાજુથી ઓળખી, **'પહેલાં ચારે બાજુથી તેને ઓળખી, પછી નય-પ્રમાણ વગેરેના પક્ષ છોડી અંદરમાં ઠરી જવું.'** બહુ ટૂંકું કહ્યું છે. પહેલા એની ઓળખાણ કરવી, ચારે બાજુથી ઓળખાણ કરવી એટલે યથાર્થપણે ઓળખાણ કરવી એમ એનો અર્થ છે. ચારે બાજુથી એટલે જેવો છે તેવો, સાંગોપાંગ આત્મા જેવો છે તેવો એને ઓળખવો. અથવા જેટલું અનંત સામર્થ્ય સ્વરૂપમાં છે, જેવો સ્વભાવ છે બસ ! તેવો જ એને ઓળખવો-યથાર્થપણે ઓળખવો. ઓળખતા સન્મુખતામાં

અવાય એ પ્રકારે એને ઓળખવો. એ ઓળખાણ સૌથી પહેલી વાત છે પછી અંદર ઠરવાની વાત છે. પછી પણ, ઓળખાણ પછી પણ નય-પ્રમાણના પક્ષ ઊભા રહેશે એને પણ છોડીને અંદરમાં ઠરવું એમ કહેવું છે.

ત્રણ ભૂમિકા લીધી છે. પહેલી ઓળખવાની ભૂમિકા, ઓળખાણ થાય પછી સમ્યક્ સન્મુખતામાં નય-પ્રમાણના પક્ષ રહે તે ભૂમિકા અને ત્યારપછી અંદરમાં લીન થવું, સ્થિર થવું એ ભૂમિકા. ત્યારે એનું કાર્ય સમ્યક્‌દર્શન-જ્ઞાન-ચારિત્રરૂપ સ્વધર્મનું કાર્ય ત્યાં પ્રાપ્ત થયું. શરૂ થયું અથવા પ્રાપ્ત થયું.

ઓળખાણનો વિષય તો આપણે ઘણો ચાલે છે. જ્ઞાન લક્ષણથી જ્ઞાનસ્વભાવી આત્માનો નિશ્ચય કરવો. જ્ઞાન લક્ષણથી અનંત જ્ઞાન સામર્થ્યનો અને અનંત સુખ જેમાં ભરેલું છે. બે પ્રયોજન, મુખ્ય પ્રયોજનનો મુદ્દો છે. એવું અનંત ગુણ સ્વભાવી સામાન્ય તત્ત્વ. છતાં સામાન્ય હોવા છતાં સિદ્ધ સમાન, સિદ્ધસ્વરૂપી ! સાક્ષાત્ સિદ્ધસ્વરૂપી પોતે જેટલો મહાન છે એટલી જ એની ઓળખાણ આવવી એ પહેલું કામ છે. જ્યાં સુધી ઓળખાણ ન આવે ત્યાં સુધી આ વિષયમાં પણ, તત્ત્વના વિષયમાં પણ, આત્માના વિષયમાં પણ, આત્માના સ્વભાવના વિષયમાં પણ ઓઘસંજ્ઞા ઊભી રહે છે કે, જે ઓઘસંજ્ઞા દીર્ઘ કાળે દર્શનમોહની વૃદ્ધિનું નિમિત્ત થાય છે, કારણ થાય છે. એટલે ઓળખાણના પ્રયત્નમાં તો જ્યાં સુધી ઓળખાણ ન થાય ત્યાં સુધી રહેવા યોગ્ય છે.

એના ઉપર ફલિત એ થાય છે કે જ્યાં સુધી આ આત્માને પોતે જેવો આત્મા છે અથવા સાક્ષાત્ સિદ્ધપદ સ્વરૂપે છે એવું ભાસ્યમાન ન થાય ત્યાં સુધી એણે એની અંતર શોધ ચાલુ રાખવી અને અંતર શોધનો પ્રયત્ન ન છોડવો, એ પ્રયત્નમાં રહેવું એ પ્રથમમાં પ્રથમ પહેલા શું કરવું એનો સીધો ઉત્તર છે.

પછી જેને એ ઓળખાણ થશે એની સ્થિતિ શું થશે ? કે એને પણ નય-પ્રમાણનો પક્ષ હજી ઊભો રહેશે. આ વિષય છે ૧૪૩-૧૪૪ ગાથાનો. 'સમયસાર'માં કર્તા-કર્મ અધિકારની છેલ્લી બે અંતિમ ગાથાઓ છે એમાં આચાર્ય મહારાજે આ વિષય લીધો છે. કે કર્તા-કર્મની ચરમસીમા શું ? કે એક સમયનું, એક સમયની પર્યાયનું એકત્વ રહી જવું અને તે એકત્વ આત્માના નય-પ્રમાણના વિકલ્પથી પણ રહી જવું એ એની ચરમસીમા છે. પછી સ્થૂળ બહિર્જલ્પપણે રહે કે સૂક્ષ્મ અંતર્જલ્પપણે રહે;

પણ વિકલ્પ અથવા વિભાવ ઉત્પન્ન થયો ને એમાં અહંપણું વેદાયું, જે અનાદિથી વેદતો, અનુભવતો આવ્યો છે, અનુભવાયું એને અહીંયાં આત્માના ધર્મને નય વિષય (કરે) છે, કોઈપણ એક અવયવ ધર્મને નય વિષય કરે છે અને આખા આત્માને પ્રમાણ વિષય કરે છે. એવા જાણપણા સહિત, હજી જાણપણું છે, નય સાચો નથી પ્રગટ્યો પણ નયના પક્ષમાં ઊભો છે. નયના પક્ષમાં ઊભો છે એટલે નય સંબંધીના વિકલ્પમાં એકત્વબુદ્ધિએ પરિણમતો જીવ. નય સંબંધીનો વિકલ્પ નામ રાગનું એકત્વ નથી છૂટ્યું એટલે એને નય ન કહેતા નયનો પક્ષ કહ્યો છે. નયપક્ષ કહ્યો છે.

નયપક્ષરૂપ પરિણમન ખંડખંડ જ્ઞાનરૂપ તો છે જ પણ માત્ર એ ખંડખંડ જ્ઞાન છે એટલું નથી. કેમકે ખંડખંડ જ્ઞાન તો બારમા ગુણસ્થાન સુધી રહે છે. સાધકને પણ રહે છે. પણ અહીંયાં નયપક્ષ એટલે વ્યવહારનયના વિષયનો રાગ અથવા વિકલ્પ એમાં અહંપણું, એકત્વપણું, નિશ્ચયનયનો વિકલ્પ તેમાં એકત્વપણું અથવા બન્નેનો જેમાં સમાવેશ છે એવા પ્રમાણનો વિકલ્પ અને તેમાં એકત્વપણું.

નયપક્ષ એકલું નથી લીધું, નય અને પ્રમાણ બન્ને પક્ષ લઈ લીધા છે. કેમકે ત્યાં પ્રમાણનો પણ વિકલ્પ ઊઠે છે. વ્યવહારનયનો પણ વિકલ્પ ઊઠે છે, નિશ્ચયનયના વિષયનો પણ વિકલ્પ ઊઠે છે અને પ્રમાણનો પણ વિકલ્પ ઊઠે છે. તત્ત્વની વિચારણામાં ત્રણ પ્રકારના વિકલ્પ આવે છે. કોઈ એક જ વિકલ્પ આવે, કોઈ એમ કહે કે અમને તો એકલો નિશ્ચયનયનો જ વિકલ્પ આવે છે, હવે વ્યવહારનયનો અને પ્રમાણનો વિકલ્પ આવતો નથી. બરાબર નથી એ વાત. એવું બનતું નથી, એવું સંભવિત નથી. પછી નિશ્ચયાભાસમાં કોઈ એકલા નિશ્ચયનયના વિકલ્પની ધૂનમાં કોઈ રહે એ તો આભાસ છે. એને તો નયપક્ષ પણ લાગુ પડતો નથી.

જેઓ વ્યવહારાભાસમાં પડ્યા છે, નિશ્ચયાભાસમાં પડ્યા છે કે પ્રમાણાભાસમાં પડ્યા છે એને તો હજી નયપક્ષ કહેવો એ ભૂમિકા નથી. નયપક્ષની ભૂમિકા એને લાગુ પડે છે કે જે આત્માને ચૈતન્યમૂર્તિ આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ આત્માને ઓળખીને આત્માના મહિમામાં આવ્યો, સ્વરૂપના સ્વભાવના મહિમામાં આવ્યો, છતાં હજી જેનો વિકલ્પ એકત્વબુદ્ધિનો મટતો નથી ને મટ્યો નથી પણ મટવાની તૈયારી છે. મટવાના પુરુષાર્થમાં છે. મટવાની તૈયારી છે એટલે એ મટવા સંબંધીના પુરુષાર્થમાં છે. ચૈતન્યમૂર્તિને ઓળખ્યો છે અને એને ચૈતન્યવીર્ય ઉત્પન્ન થયું છે, જાગ્રત થયું છે.

એટલે એ વિકલ્પને એ તોડી નાખશે, વિકલ્પ ઉપર એનું વજન નથી તોપણ જ્યાં સુધી એકત્વબુદ્ધિ છે ત્યાં સુધી મિથ્યાત્વનો ઉદય છે. મિથ્યાત્વનો ઉદય છે એટલે દર્શનમોહ સહિતનું પરિણમન છે. ભલે તે મંદ દર્શનમોહ હોય તોપણ જાતિ હજી મિથ્યાત્વ શ્રદ્ધા સહિતની પરિણમનની જાતિ છે અને ત્યાં હજી અનંત સંસારનો છેદ થયો નથી.

'ગુરુદેવ' તો કહેતા કે આ જીવ હવે પાછો નહીં પડે. આ જીવ પાછો નહીં પડે, આ તો પામવાનો છે, આગળ વધીને વિકલ્પ તોડવાનો છે એની જ અમે તો વાત કરીએ છીએ. પણ એક તર્ક કરીએ કે પાછો પડે તો ? તો કહે હજી અનંત સંસાર ઊભો છે. અનુભવમાં આવીને પાછો પડે તો અનંત સંસાર ઊભો નથી, છેદ થઈ ગયો છે. બે વચ્ચે ફેર છે.

મુમુક્ષુ :- સ્વરૂપની ઓળખાણ થયા પછી પડી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- આમ તો ન પડે એ જ પરિસ્થિતિ લીધી છે. પણ એક તર્ક છે અહીંયાં કે પડે તો શું ? કે પડે તો અનંત સંસાર ઊભો છે.

પ્રશ્ન :- સંસ્કાર તો પડ્યા છે.

સમાધાન :- ભલે સંસ્કાર પડ્યા, પણ જ્યારે અનુભવ કરશે ત્યારે તૂટશે. એનો છેદ નથી થયો. મૂળ જે કપાવું જોઈએ એ નથી કપાણું. સંસ્કાર પડી ગયા છે. સંસ્કારથી વળી પાછો સન્મુખતાના પુરુષાર્થમાં આવશે, અનુભવ પર્યંતનો જે અપૂર્વ પુરુષાર્થ છે એ પુરુષાર્થ થશે અથવા કરશે અને ત્યારે એનો છેદ થશે. પણ એવું જોખમ લેવાનું, એવું જોખમ લેવાનું કોઈ સાહસ કરે નહીં કે વિચાર કરે નહીં.

લાખોનો હીરો હોય, કરોડોનો હીરો હોય. પડી જાય તો ભલેને પડી જાય. ઘરમાં પડી જાય છે ને ક્યાં આપણે રસ્તામાં ઊભો છીએ કે કોઈ લઈ જશે. પડી જાય તો શું, ઘરમાં ને ઘરમાં છે ને ઘરબહાર તો નથી ને. એવું કોઈ સાહસ કરે છે ? અને પડી ગયો તો ? સીધું Tension આવતા કેટલી વાર લાગે ? એક સેકન્ડમાં કેવડું મોટું Tension ઊભું થાય ? અહીંયાં તો વાસ્તવિક વૈજ્ઞાનિક પરિસ્થિતિ શું રહે છે એનો નિર્દેશ છે, આગળ શું થશે (એ) બીજી વાત છે.

પ્રશ્ન :- બન્નેમાં પડી જાય એમાં, સંસ્કારમાં અને આમાં શું ફેર ?

સમાધાન :- અનુભવ થયો,... સગપણ તૂટી જાય તો બીજું સગપણ કરી શકાય.

લગ્ન તૂટી જાય તો મોટી વાત થઈ પડે. માણસ શું કરે છે ? સારું થયું, ભાઈ ! પહેલા ખબર પડી આપણને. શું કહે ? કે સારું થયું કે ચાર ફેરા ફર્યા પહેલાં આ વાત ખુલ્લી થઈ અને આપણે સંબંધ છોડ્યો.

મુમુક્ષુ :– સંસ્કાર પડ્યા પછી કોઈ એવા હોય...

પૂજ્ય ભાઈશ્રી :– હા, તો પામી જાય. પણ હવે એવું છે કે ઇ જોખમ કોણ લે ? ઈ જોખમ લેવા જેવું છે કાંઈ ?

મુમુક્ષુ :– પરિસ્થિતિ જ એવી છ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર છે, ઇ બરાબર છે. પરિસ્થિતિ એવી છે ઇ જાણવાનો વિષય છે, અનુમોદન કરવાનો નહીં. ઇ તો જ્ઞાન કરાવ્યું છે. કોઈ જીવને પ્રાપ્તિ થઈ જાય છે ને પ્રાપ્તિ થઈ જાય છે ત્યારે એમ જોવામાં આવે છે કે અરે ! આને કોઈ નિમિત્ત તો હતું નહિ, પ્રત્યક્ષ નિમિત્ત તો કોઈ હતું નહિ. જેમકે 'ગુરુદેવ'ને પ્રાપ્તિ થઈ. જ્ઞાનીનું નિમિત્ત નહોતું, સર્વજ્ઞ પરમાત્મા નહીં, ભાવલિંગી સંત નહીં, કોઈ સત્પુરુષ નહીં ત્રણમાંથી એક પણ પ્રત્યક્ષ નિમિત્ત નહોતું, શાસ્ત્રનું નિમિત્ત પડ્યું પણ ઇ તો સંસ્કાર હતા તો, નહીંતર 'સમયસાર' તો લાખો માણસોના હાથમાં આવે છે. એમને જ પ્રાપ્તિ થઈ એનું કારણ કે સંસ્કાર લઈને આવ્યા હતા. ભગવાનની વાણીમાં સંસ્કાર પડેલા. ઇ તો કોઈને ખબર પડતી નથી. ક્યાં સંસ્કાર પડેલા ઇ કાંઈ યાદ રહે છે ? પોતાને યાદ નથી કે ત્યાં સંસ્કાર પડ્યા છે કે નથી પડ્યા. અને જો એવું યાદ હોય તો અહીંયાં સ્થાનકવાસીમાં દીક્ષા લ્યે ?

એમના શ્રીમુખેથી પ્રત્યક્ષ સાંભળેલી વાત છે કે અમે અહીંયાં માથાબૂડ હતા. સ્થાનકવાસીમાં અમે ગળાબૂડ નહોતા પણ માથાબૂડ હતા, આમ કહેતા હતા. ગળાબૂડ નહોતા એમ કહેતા હતા, માથાબૂડ હતા. આટલી ચેષ્ટાથી વાત કરતા હતા. દીક્ષા લીધી, લોકો બધા ભગવાનની જેમ પૂજવા મંડ્યા. એવું વ્યક્તિત્વ હતું, એવું આચરણ હતું. કહે, માથાબૂડ હતા, નીકળવું મુશ્કેલ પડે કે નહીં ? અને નીકળ્યા તો કાંઈ ઓછી કઠિનાઈ પડી છે, કઠિનતા ઓછી આવી છે, કઠણાઈ ઓછી પડી છે એવું કાંઈ નથી. એવું બધું કોણ જોખમ લે ? સંસ્કાર રાખીને આ બધું કોણ જોખમ લે ? ક્યાં મહાવિદેહનો રાજપાટ, ક્યાં ઉમરાળામાં એક સાધારણ ઘરમાં આવવું ! નાનું ગામડું કાઠિયાવાડનું, એક કોર ખૂણામાં, સાધારણ ઘર એમાં ગૃહિત મિથ્યાત્વનો

કુળધર્મ. કેટલું જોખમ ? એ કાંઈ બહુ વિચારવા જેવો વિષય નથી.

મુમુક્ષુ :- ચોક્કસ જ થઈ ગયું, એ એની સાબિતી આવી જ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- પણ ચોક્કસ થયું એનો અર્થ શું ?

મુમુક્ષુ :- એટલે એમાં કોઈ બીજો ફેરફાર ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :- બીજો ફેરફાર ન થાય એ વાતને ક્યાં લઈ જવાની ? એમ, પ્રશ્ન એ છે. એમ જાણ્યું કે કોઈ જીવના ત્રણે કાળના કોઈપણ એક પર્યાયને ક્યાંય હેરવવા ફેરવવાનો પ્રશ્ન રહેતો નથી. બરાબર છે ? આ એક એવો સિદ્ધાંત છે કે બધી ચર્ચા અહીંયાં સમાપ્ત થાય છે. પર્યાય સંબંધીની સમસ્ત તમામ ચર્ચા અહીંયાં સમાપ્ત થાય છે. કોઈપણ જીવની કોઈપણ પર્યાયનો ઊહાપોહ શું ? કેમ ? કે છએ દ્રવ્યોની ત્રણે કાળની પર્યાયો જ્યાં એના સ્વકાળ અનુસાર નિશ્ચિત છે ત્યાં એનો ઊહાપોહ શું ? એની ચર્ચા શું ? એની વાત કરવાનો વિષય શું ? બરાબર છે ? એ ક્યાં લઈ જવાની ? એને ક્યાં લઈ જવાનો ? આ એક સવાલ છે. આ આટલો સવાલ અહીંયાં પૂરો નથી થતો. એમ જાણીને, એ જાણ્યું એને ક્યાં લઈ જાવું છે તારે ? આ મોટો સવાલ છે.

તું એક ધ્રુવ જ્ઞાયક મૂર્તિ ત્રણે કાળના પરિણમન રહિત સામાન્ય તત્ત્વ છો, ત્યાં એ વાત જો લઈ જા તો એ વાતની યથાર્થતા છે અને જો આ વિચાર પછી એ વાત ત્યાં ન લઈ જવામાં આવે તો તારી આ વાત ખોટી છે. તારી આ વાત પણ સાચી હોવા છતાં તારી તો ખોટી જ છે. સાચી હોવા છતાં તારી ખોટી છે. એમ છે. એટલે એમનેમ નથી કીધું કે એ તો બધું નિશ્ચિત જ છે ને. એમ નથી. એને ક્યાંક લઈ જવાની વાત છે.

અહીં તો નય-પ્રમાણનો પક્ષ શું છે ? કે સમ્યક્ સન્મુખ થયા પછી પણ અભેદ આત્માનું અભેદ ભાવે જ્યાં સુધી ગ્રહણ એટલે અનુભવન થતું નથી ત્યાં સુધી નય અને પ્રમાણના ભેદ વિકલ્પ ઊઠે છે. અને એ વિકલ્પમાં અનાદિથી જે એકત્વબુદ્ધિનું મિથ્યાત્વ સહિતનું પરિણમન છે એવું પરિણમન ચાલુ રહે છે. અને જ્યાં સુધી એવું પરિણમન ચાલુ રહે છે ત્યાં સુધી અનુભવ થતો નથી. સ્વાનુભવ થતો નથી ત્યાં સુધી મોક્ષમાર્ગમાં આવતો નથી. મોક્ષમાર્ગમાં આવતો નથી ત્યાં સુધી એને ભવભ્રમણનો અભાવ થતો નથી. એ તો નાસ્તિનો વિષય (થયો). અસ્તિથી એને

આત્માનો આનંદ અને શાંતિ અને સુખની તૃપ્તિ મળતી નથી. પ્રયોજનની વાત તો એ છે. સંસ્કાર મળ્યા એમાં ડાળિયા શું થયા ?

મુમુક્ષુ :– સંસ્કાર પડેલો જીવ હોય... એનો પુરુષાર્થ ભળેલો જ હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ બરાબર છે પણ એ જાણવાનો વિષય છે. પુરુષાર્થ ભળેલો છે, જાણવાનો વિષય છે. પોતાને માટે એ વાત મુખ્ય કરવાનો વિષય નથી.

એક વખત પૂજ્ય 'બહેનશ્રી'ની સાથે સંસ્કાર સંબંધીની ચર્ચા ચાલી હતી. આ તો વિષય એવો છે કે જરા જિજ્ઞાસાનો વિષય છે, જાણવાનું મન થાય એવો વિષય છે. કેવી રીતે સંસ્કાર પડે ? શું પડે ? કેમ પડે ? કેમ ક્યારે શું થાય ? એનું આમ શું તેમ શું ફલાણું શું ઢીકણું શું ? બધા ઉત્તર દેતા દેતા દેતા દેતા દેતા એક વાત કરી, જરાક વાત લંબાઈ ગઈ એટલે. કેમકે એક તો ખ્યાલ આવી ગયો કે આ વાત લંબાવનારાઓને સંસ્કારનો રસ સારો પડી ગયો છે. ખોટું થયું આ. એ વાત બરાબર નથી. તો કહ્યું, સંસ્કારની આટલી બધી વાત જાણવાનું મન થાય છે તો એના કરતાં અત્યારે જ પામવાના પુરુષાર્થમાં પડી જાવને. સંસ્કારની ઉપાધી શું કરવા લ્યો છો ? તમને સંસ્કાર પડશે એ તમને ખબર નથી. પડ્યા છે કે નથી પડ્યા એની ખબર નથી. પડશે કે નહીં પડે ઇ હજી કાંઈ તમારા માટે,... તમારે સંસ્કારનો પુરુષાર્થ કરવો છે કે અનુભવમાં આવવાનો પુરુષાર્થ કરવો છે ? શેનો પુરુષાર્થ કરવો છે ?

વાત તો પૂર્ણતાને લક્ષે પુરુષાર્થનો આરંભ કરવાનો છે. પૂર્ણ શુદ્ધ થવું છે. એક કણ ન જોઈએ-દોષનો એક કણ ન જોઈએ. મલિનતાનો એક કણ ન જોઈએ. એના લક્ષે, એના ધ્યેયે જેને પુરુષાર્થ માંડવો છે એને સંસ્કાર સંબંધીનો લોભ રહે ? અને આ ચર્ચા ? આ ચર્ચાથી કાંઈ લાભ નથી. નુકસાન થવાનો સંભવ છે. સીધી વાત એમ લઈ લીધી. જો કે એમાં તો બીજો સંકેત હતો પણ પોતાના મોઢેથી પોતે એવું ન બોલે કે સંસ્કાર તો પ્રત્યક્ષ સત્પુરુષના નિમિત્તે પડે છે અને પ્રત્યક્ષ સત્પુરુષનું નિમિત્ત ઊભું છે તો પામવાનો જ પુરુષાર્થ કરી લ્યો ને ! સંસ્કારનો શું કરવા અધૂરો કરવો. ખરી વાત તો એ છે.

મુમુક્ષુ :– સંસ્કારના પુરુષાર્થે પુરુષાર્થ થઈ શકતો જ નથી, ઊપડે જ નહિ.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો સમ્યક્દર્શનના પુરુષાર્થે સમ્યક્દર્શનનો પુરુષાર્થ નથી. પૂર્ણતાના લક્ષે જ પુરુષાર્થ ઊપડે છે, સિદ્ધાંત તો એમ કહે છે. ત્યાં સુધી વાસ્તવિક

પુરુષાર્થનો પ્રારંભ થાય-શરૂઆત થાય એવું કદી કોઈને માટે બનતું નથી.

મુમુક્ષુ :– આમાં ભયસ્થાન તો મોટું છે. સંસ્કારને જાણવામાં.

પૂજ્ય ભાઈશ્રી :– સંસ્કારને જાણવા... એટલે કોઈપણ વસ્તુમાં, આ તો ભલે તત્ત્વનો વિષય છે, તત્ત્વજ્ઞાનનો વિષય છે, અધ્યાત્મનો વિષય છે કે અધ્યાત્મની રુચિ હોય તો સંસ્કાર પડે. ભલે અધ્યાત્મની શરૂઆત છે, પણ અધ્યાત્મની રુચિવાળાને સંસ્કાર પડે છે, બીજાને તો કાંઈ શાસ્ત્ર વાંચતા વાંચતા કે વિકલ્પ કરતાં કરતાં કે ચર્ચા વાર્તા કરતાં કરતાં કે સાંભળતા સંસ્કાર પડી જાય છે એવું કાંઈ નથી. મૂળ બધાનું કેન્દ્રસ્થાન તો અધ્યાત્મની રુચિ છે.

એમ અધ્યાત્મનો વિષય જિજ્ઞાસાનો હોવા છતાં પણ ત્યાં મોટી લાલબત્તી છે કે ખરેખર એનું લક્ષ નથી થઈ જતું ને આમાં ? કે ચાલો, આપણો પુરુષાર્થ સમ્યક્દર્શનને યોગ્ય તો ઊપડતો નથી. સાંભળતા, સાંભળતા ઘણાને વાંચતા, સમજતા સંસ્કાર પડે છે, એવા સંસ્કાર પડી જાય તો સારું. તારો પત્તો લાગે એવું નથી. હજી તો સંસ્કાર લાગવાની જે Line લાગેલી છે એની Queue માં પણ તું આવ્યો નથી. સંસ્કાર પડવાની વાત તો આગળની છે. એની Lineમાં પણ તું ઊભો નથી. એ Line બીજી છે અને આ Line જુદી છે આખી.

મુમુક્ષુ :– સંસ્કાર પડી જાય છે. લાવ્યા લવાતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– નહીં. ખરેખર તો સમ્યક્દર્શન પણ લાવ્યું લવાતું નથી, સમ્યક્દર્શન થઈ જાય છે. એમ છે. એમ જ છે. પૂર્ણતાને લક્ષે અને ત્રિકાળી ધ્રુવના આશ્રયે તમામ અધ્યાત્મ પર્યાયો થઈ જાય છે અને કોઈ પર્યાય કરવાનો પ્રશ્ન નથી. જ્યારે કોઈ અધ્યાત્મ પર્યાયને, શુદ્ધ પર્યાયને કર્તૃત્વનો કે કરવાનો પ્રશ્ન નથી તો વ્યવહારના પરિણામો કરવાનું તું લાવ્યો ક્યાંથી ? એમ કહે છે. એ તો તારી સ્થૂળ મૂઢતા છે. એમ વાત છે. વ્યવહારના આગ્રહવાળા ત્યાં ઊભા છે. એ તો કર્તૃત્વનો પ્રશ્ન જ નથી. અહીં તો શુદ્ધ પર્યાયના કર્તૃત્વનો પ્રશ્ન નથી. અશુદ્ધ પર્યાયના કર્તૃત્વની વાત તો બહુ દૂરની છે.

બહુ સંક્ષેપમાં વિષય લીધો છે કે પહેલા આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિ આત્માને ચારે બાજુથી યથાર્થપણે ઓળખી, એની સન્મુખ થઈ પછી નય-પ્રમાણ વગેરેને પક્ષને પણ છોડી એટલે એના એકત્વને પણ છોડી. એક જ્ઞાયકનું લક્ષ થઈ ગયું છે, જ્ઞાયકનું

લક્ષ થઈ ગયું છે એટલે ? ત્યાં શાસ્ત્રમાં એમ પણ કહે કે જીવ નિશ્ચયનયના પક્ષમાં આવી ગયો છે. હવે એણે વ્યવહારનો પક્ષ છોડી દીધો છે અને પ્રમાણ પણ વ્યવહારનો એક ભેદ હોવાથી પ્રમાણનો પક્ષ પણ એણે છોડી દીધો છે. વ્યવહારનયનો પક્ષ પણ એણે છોડી દીધો છે અને નિશ્ચયનયના પક્ષમાં આવેલો છે. પણ એ નિશ્ચયનયના પક્ષમાં નિશ્ચયના વિષય ઉપર એનું વજન હોવાથી, પુરુષાર્થ અપર્યાપ્ત કોટિનો હોવાથી હજી અહીંયાં પક્ષમાં છે અને પક્ષમાં છે એ પક્ષની સ્થિતિ એને શાંતિની કે તૃપ્તિની નહીં હોવાને લીધે, આનંદની નહીં હોવાને લીધે, અમૃતનો ઘડો છલોછલ ભરેલો જોવે છે અને ચાખવા ન મળે, પીવું તો આખો ઘડો પીવો છે પણ ચાખવા પણ ન મળે તો તૃપ્તિ ક્યાંથી થાય ? જોવા માત્રથી તો સંતોષ થવાનો પ્રશ્ન રહેતો નથી. એ તો લક્ષમાં આવ્યો છે. પણ એથી શું ?

આચાર્ય મહારાજે ત્યાં (સમયસારની) ૧૪૩ (ગાથાની) ટીકામાં પ્રશ્ન ઉઠાવ્યો છે કે પણ તેથી શું ? નિશ્ચયનયના પક્ષમાં આવ્યો, સમ્યક્ સન્મુખ થયો, સમ્યક્ પામવાની લગોલગ પહોંચ્યો પણ તેથી શું ? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. આ તેથી શું ઉપર તો 'ગુરુદેવે' એક કલાક પ્રવચન આપેલું છે. ટીકામાં એ શબ્દ પડ્યો છે કે પણ તેથી શું ? એના ઉપર એક કલાક પ્રવચન આપેલું છે. એ પક્ષની વાત પણ અમને મંજૂર નથી. ભલે એ ચડતી દશા છે, આગળ વધતી દશા છે, પામવાનો છે પણ હજી તેથી શું ? મિથ્યાત્વ રહ્યું એનું શું ?

આ ગૂંમડું થાય છે ને પરું થઈ જાય છે, સેપ્ટીક થાય છે ને ? (એને) સાફ કરે છે. થોડું રહી જાય તો વાંધો નહીં ને સાફ કરતાં કરતાં. આળું થઈ ગયું છે બહુ ઘસીને નહીં લૂછતાં, દુખાવો થાય છે. તો કહે, ઇ નહિ. ઇ તો બરાબર લૂએ જ છૂટકો છે. ભલે લોહી નીકળે. દુખાવો થાય અને લોહી નીકળે પણ એને પૂરું સાફ કર્યા વિના મટશે નહીં. એ રજકણ બીજાને બગાડશે. જો રહી જશે તો બગાડશે. આજે એક કણ દેખાય છે, કાલે મોટું આવું પીળું ઢીમડું થઈને ઊભું રહેશે.

એટલે (અહીંયાં કહે છે) કે તેથી શું ? હજી રહી ગયું છે, એમ કહે છે. મિથ્યાત્વ હજી રહી ગયું છે. ઝેર હજી રહી ગયું છે અને એ અમૃતને પ્રવેશવા દેતું નથી. મંદ મિથ્યાત્વ છે પણ એમાં આટલી શક્તિ છે. એવું મંદ મિથ્યાત્વ છે, કાગળ પાતળો ટકોરો મારે ને તૂટી જાય એટલું મંદ મિથ્યાત્વ છે તોપણ પડદો આડો છે ઇ આડો

છે. અમૃતને પીવા દેતું નથી. આત્મા તો આનંદઅમૃત છે. એનો અપરોક્ષ-પ્રત્યક્ષ અનુભવ એને એ વિકલ્પ રોકે છે. નયપક્ષનો વિકલ્પ એને રોકે છે, એને અંતરાય કરે છે, એને બાધા કરે છે. એટલે પુણ્યને પાપ કહ્યું છે. અંતરાય પાડે છે એટલે પાપ કહ્યું છે. એ તો ઉત્કૃષ્ટ પુણ્ય છે. સમ્યક્ સન્મુખમાં નયપક્ષના વિકલ્પનું જે પુણ્ય છે ઇ પુણ્યની બરાબરીમાં જગતનો એક પણ શુભભાવ નથી. કેમકે ઇ તો જ્ઞાયકની નજીક આવી ગયો છે-સમીપ આવી ગયો છે. એટલું ઉચ્ચ કોટિનું એ પુણ્ય છે. પણ અનુભવને રોકે છે માટે પાપ કહીએ છીએ. અંતરાય પાડે છે. તેથી શું ?

૧૪૨ (ગાથાથી) વિષય ઉપાડ્યો છે. ૧૪૧માં નયની પરિભાષા કરી કે કર્મ જીવ સાથે બંધાયેલા છે-આ કથન વ્યવહારનયનું છે. જીવને અનાદિથી કર્મનું બંધન છે આ કથન વ્યવહારનયનું છે. અને કોઈ કાળે જીવને કર્મબંધન નથી એવું નિશ્ચય જીવનું સ્વરૂપ છે-આ કથન નિશ્ચયનયનું છે. બન્ને એક કાળે છે.

હવે એમ કહે છે કે એ બન્ને નયનો જે એક એક પક્ષ છે, વ્યવહારનય એમ કહે છે કે જીવ અનાદિથી કર્મથી બંધાયેલો છે અને બંધાયેલો છે એ એક હકીકત છે. બંધાયેલો છે એ ભલે વ્યવહાર છે તોપણ એક હકીકત છે. નહીંતર સિદ્ધાલયમાં એનું સ્થાન હોત. પણ અત્યારે ચાર ગતિમાં દુઃખીના ડાળિયા થઈને રખડે છે. એટલે એ એક હકીકત છે, કોઈ કલ્પના નથી પણ એક હકીકત છે. એમ પોતાનો પક્ષ કરે છે, વ્યવહારનય પણ પોતાનો પક્ષ કરે છે. ત્યારે નિશ્ચયનય પોતાનો પક્ષ કરે છે કે ભલે એ સંસાર અનાદિનો હોય પણ જે જીવનું સ્વરૂપ છે એ અબાદ્ય છે, નિર્બાધ સ્વરૂપ છે. અવ્યાબાધ સ્વરૂપ છે. કર્મ-ફર્મનો ત્યાં પ્રવેશ નથી. સ્પર્શના નથી. ત્રિકાળ સિદ્ધસ્વરૂપે સિદ્ધપદ સ્વરૂપે ત્રિકાળ એમ ને એમ છે. અબાધિત, અખંડિત. એ વ્યવહારનય એના ઘરે રહ્યો, અમારા ઘરમાં એનો પ્રવેશ નથી.

મુમુક્ષુ :– નિશ્ચયનય આમ કહે છે.

પૂજ્ય ભાઈશ્રી :–નિશ્ચયનય આમ કહે છે. આ તો બન્નેની ખેંચાખેંચી થઈ. એક જ જીવની બાબતમાં બન્નેની ખેંચાખેંચી થઈ. આ પરિસ્થિતિ કાંઈ અમને મંજૂર નથી. તો કહે, બન્ને પોતપોતાના સ્થાનમાં બરાબર છે. કોઈ ખોટો છે એમ નથી. નિશ્ચયનયને આદરવાની અપેક્ષાએ વ્યવહારને જૂઠો કરીને કીધો છે. પણ એમ જૂઠો છે એમ તો નથી. તો કહે, એ તો બરાબર છે. એ તો બે નયના વિષયનું બે પક્ષનું જ્ઞાન થયું

અને સમજણ આવી કે આમ પણ છે અને આમ પણ છે. આવું બેનું જ્ઞાન થયું તેથી શું થઈ ગયું ? આ વાત-તેથી શું એનો અર્થ શું છે ? કે હવે આને ક્યાં લઈ જવાનું છે ? બોલ. ક્યાં આ વાતને લઈ જવી છે ? કે આ વાતને જો તારે પક્ષાતિક્રાંતમાં લઈ જવી હોય તો આ વાતની તારી સમજણ સાચી. નહીંતર તારી બન્ને વાતની સમજણ ખોટી. આ સીધી સીધી વાત છે. આ બન્ને પડખા જાણીને જો પક્ષાતિક્રાંતમાં ન જવાનું હોય તો તારી બન્ને વાત ખોટી છે. એકપણ સાચી નથી. આ એના માટે તેથી શું કહ્યું છે. એનો અર્થ આ છે. તેથી શું પ્રશ્ન ઉઠાવવાનો અર્થ આ છે.

એટલે એ ૧૪૨મી ગાથા એ રીતે આખી આપી છે કે,

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ...**

બદ્ધ છે એ વ્યવહારનયનો પક્ષ છે, અણબદ્ધ છે એ નિશ્ચયનયનો પક્ષ છે.

**છે કર્મ જીવમાં બદ્ધ વા અણબદ્ધ એ નયપક્ષ છે;**

એ તો નયપક્ષ છે

**પણ પક્ષથી અતિક્રાંત ભાખ્યો તે સમયનો સાર છે.**

કોઈ વિદ્વાન અહીંયાં પ્રશ્ન કરે કે જેને સમયસાર કહો છો એ તો નિશ્ચયનયના વિષયભૂત તત્ત્વ છે. પક્ષથી અતિક્રાંત કેમ કહો છો એને ? એ પરિણમન એવું છે કે જેમાં પક્ષ નથી. પક્ષ નામ પક્ષનો રાગ, પક્ષનો વિકલ્પ અને એની સાથેનું એકત્વ. એનો અભાવ કરીને નિર્વિકલ્પ તત્ત્વનું નિર્વિકલ્પ ભાવે અનુભવન થયું એને અહીંયાં પક્ષથી અતિક્રાંત કહ્યું છે અને એને સમયસાર કહ્યો છે. ત્રિકાળી સમયસાર નહીં, અહીંયાં પરિણમન સહિતનો સમયસાર કહ્યો છે. એને સમ્યક્દર્શન નામ આપ્યું, એને સમ્યક્જ્ઞાન નામ આપ્યું, એને સમયસાર એવું નામ આપ્યું. એ શબ્દ એમણે ૧૪૩માં વાપર્યો છે. પછી ૨૬ કળશ નયપક્ષના લીધા છે. એ એકેય નયના પક્ષને અમે અહીંયાં રાખવા માગતા નથી. ૪૩માં છેડે લીધો.

**'શ્રુતજ્ઞાનાત્મક સમસ્ત અંતર્જલ્પરૂપ તથા બહિર્જલ્પરૂપ...'** અંતર્જલ્પ એટલે સૂક્ષ્મ વિકલ્પ અને બહિર્જલ્પ એટલે સ્થૂળ વિકલ્પ. જે શ્રુતજ્ઞાન સાથે પરિણમી રહ્યાં છે તે. **'એવા વિકલ્પોની ભૂમિકાના અતિક્રાન્તપણા વડે સમસ્ત નયપક્ષના ગ્રહણથી દૂર થયો હોવાથી, કોઈ પણ નયપક્ષને ગ્રહતો નથી તે (આત્મા) સમસ્ત વિકલ્પોથી અતિ પર,...'** છે નિર્વિકલ્પ થયો, વિકલ્પથી પર થયો **'સમસ્ત વિકલ્પોથી પર પરમાત્મા,**

**જ્ઞાનાત્મા,...'** પરમાત્મા પહેલો શબ્દ વાપર્યો છે. **'પરમાત્મા, જ્ઞાનાત્મા, પ્રત્યગ્જ્યોતિ, આત્મખ્યાતિરૂપ, અનુભૂતિમાત્ર સમયસાર છે.'** આ શબ્દ અહીંયાં વાપર્યો છે. ૧૪૪માં એને સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાન કહ્યું છે. ૧૪૩માં એને સમયસારનું વિશેષણ આપ્યું છે. જેને સમ્યક્દર્શન થયું તે સાક્ષાત્ સમયસારસ્વરૂપ થયો એમ લીધું. ૧૫મી ગાથામાં એને સમસ્ત જિનશાસન કહ્યું, એને સમયસાર કહ્યો. અહીંયાં એને ૧૪૪ માં એને સમ્યક્દર્શન અને સમ્યક્જ્ઞાનની સંજ્ઞા આપી.

પ્રશ્ન :– આવી શકિત હોવા છતાં જીવને રખડવું પડે એ તો નક્કી ને ?

સમાધાન :– (શક્તિ) છે પણ અત્યારે મોજૂદ અવસ્થા શું છે ? એક શરીરની અંદર પીડા ઊભી થઈ તો શક્તિ ક્યાં ગઈ એનો વિચાર કરવો. ક્યારે વિચાર કરવો ? અશાતા વેદની શરીરમાં શરૂ થાય ત્યારે એણે જે શક્તિવાન આત્મા સાંભળીને હા પાડી છે, હા પાડે છે ને ? શાસ્ત્રને ગુરુને એમ કહે છે આપ બરાબર કહો છો, આપ કહો છો અમને માન્ય છે, એ ત્યારે એણે પકડવું કે આ ક્યાં ગઈ તારી શક્તિ ? કેમકે એ વેદના અને એ શક્તિ જુદી જુદી વસ્તુ છે. એટલે પોતે જુદી વસ્તુ છે અને વેદના જુદી વસ્તુ છે. જો પોતાની દૃષ્ટિએ પોતાને જોવે તો વેદના જડનું પરિણમન છે.

મુમુક્ષુ :– આત્મા ભૂલ કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, પોતે જ ભૂલ કરે છે. પોતે જ વળગે છે. શરીરને પોતે વળગે છે, વિકલ્પને પોતે વળગે છે, પરપદાર્થને પોતે વળગે છે. વળગે છે એટલે વળગવા જાય છે (પણ) વળગી શકાતું નથી એટલે આકુળતા અને હેરાનગતિ ઊભી થાય છે. સીધી વાત છે.

હજી તો જીવને દુઃખનું સરખું જ્ઞાન નથી કે આ દુઃખ શેનાથી થાય છે ? સુખનું જ્ઞાન કરવું તો જરા અઘરું પડે. કેમકે સૂક્ષ્મ સ્વભાવનો વિષય છે. પણ દુઃખનું સરખું જ્ઞાન એને નથી કે આ કેમ દુઃખી છે જીવ ? શું કરવા દુઃખી છે ? દુઃખ ચીજ શું છે ? મૂળમાં દુઃખ ચીજ શું છે ?

એ (નય) પક્ષ છૂટતા અંદરમાં ઠરી જવું, અંદરમાં લીન થવું. અંદરમાં લીન થતાં **'અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે.'** પ્રગટપણે અનુભવગોચર થશે એટલે એને અંદરથી સ્વરૂપ પ્રગટ થશે એમ કહેવામાં આવે છે.

પ્રશ્ન એ થવા યોગ્ય છે કે નય-નિશ્ચયનય અને વ્યવહારનય અને પ્રમાણ એટલે

બન્નેનું એકસાથેનું આખી સમજણવાળું જ્ઞાનનું-શ્રુતજ્ઞાનનું વિકલ્પાત્મક પરિણમન. આથી આગળની ભૂમિકા તે કઈ જાતની છે ? ભાષાગોચર નહીં હોવાથી કોઈવાર એને અગમ-અગોચર માર્ગ કહેવામાં આવે છે. અને બુદ્ધિમાં પકડાતો નહીં હોવાથી એને અલખ, એને અલખ-અગોચર પણ કહેવામાં આવે છે. લખ એટલે લક્ષ. અન્યમતિમાં તો અલખ નિરંજન કરીને આ બાવાઓ બૂમ પાડે છે કે નહીં ? એ અલખ અલખ એટલે આ અલખ છે. લક્ષના વિચારથી આવતું નથી એટલે એને એમ કહે છે કે આ કોઈ અલખ વાત છે.

અંદરથી જ મુક્ત સ્વરૂપ પ્રગટ થશે. અંદરથી સ્વરૂપનો અનુભવ, અતઃતત્ત્વનો અનુભવ થશે. જેને એ અનુભવ થયો છે એ જ્ઞાનીની દશાની અહીંયાં મુખ્યપણે વાત કરી છે કે **'અંદર સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ...'** આ રીતે આશ્ચર્યકારી ચૈતન્યમૂર્તિને ઓળખીને, નય-પ્રમાણના વિકલ્પની ભૂમિકાને ઓળંગી જઈને, અંદરમાં જે લીન થયા, એ અંદરમાં ઠરી ગયેલા એવા જે જ્ઞાનીઓ એ જ્ઞાનીઓ **'જ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદામૃતને અનુભવે છે.'** આ એમની દશાની વાત કરી. એવા જ્ઞાનીઓ છે, એવા મહાત્માઓ છે એ આનંદઅમૃતનો અનુભવ કરે છે. સાક્ષાત્ આનંદને અનુભવે છે. આમાં આનંદની કોઈ કલ્પના નથી. સાક્ષાત્ આનંદમાં આનંદની કોઈ કલ્પના નથી. વાસ્તવિક આનંદને અનુભવે છે.

એવું પણ બને છે કે કષાયની મંદતામાં અને વિકલ્પની ચંચળતા ઘટી હોય એવી સ્થિતિમાં કોઈ જીવને એવો ભ્રમ થાય છે કે એમને આત્માનો આનંદ થાય છે. એ વાત અહીંયાં નથી. અહીંયાં તો અતીન્દ્રિય આનંદઅમૃતને અનુભવે છે. પ્રદેશ-પ્રદેશથી ઉપયોગ પ્રસરીને એકાકાર ચૈતન્યગોળાને દેહથી અને વિકલ્પથી છૂટો પડીને સાક્ષાત્ સિદ્ધપદને સાક્ષાત્પણે અનુભવવામાં આવે છે. એ અમૃતનો અનુભવ છે. એના ઉપર સમયસારના એક કળશનું પદ લીધું છે. એક શ્લોકનો ટુકડો છે એ પણ એક પદ જ કહેવાય છે.

**'त एव साक्षात् अमृतं पिबन्ति'** જ્યારે કોઈ આવા આત્માના અનુભવમાં સાધકજીવ આવી જાય છે ત્યારે એ ખરેખર સાક્ષાત્ અમૃતને પીવે છે. જેમ કોઈ અતિ તૃષાતુર માણસ ઠંડા સાકરના પાણીને તૃપ્તિ માટે ઘટક ઘટક પીવે. એમ અનાદિથી તૃષિત આત્મા છે. શાંતિથી અતૃપ્ત છે, અશાંત છે. એ શાંતિને સ્વરૂપાનંદના

અનુભવના કાળમાં આનંદને ઘટક ઘટક પીવે છે.

નારકીના ક્ષેત્રમાં પડ્યો હોય તોપણ અંદરમાં આનંદને ઘટક ઘટક પીવે છે. એવું છે. પૂર્વના અપરાધને લઈને નારકીમાં ચાલ્યો ગયો હોય. છે અત્યારે, અનેક જીવો છે. જ્યારે જ્યારે એ અનુભવમાં આવે છે ત્યારે 'અંતર સુખરસ ગટાગટી'. એ અંતરના સુખરસને ઘટક ઘટક ઘટક પીવે છે. નારકીનું ક્ષેત્ર નારકીમાં પડ્યું, દેહ દેહમાં રહી ગયો, આત્મા આત્મામાં રહી ગયો છૂટો પડીને. બાકી શરીરની પીડા કે વિકલ્પની ઉપાધિ કે અનેક પ્રકારની આકુળતાઓ, એના દુઃખથી છૂટવાનો આ જગતમાં કોઈ ત્રણ કાળ ત્રણ લોકમાં કોઈ ઉપાય નથી. આવા અનુભવમાં આવ્યા સિવાય સંસારના તાપમાંથી બચવાનો કોઈ ઉપાય નથી.

અગ્નિનો તાપ થોડોક લાગે તો આઘો જાય. સ્મશાનમાં જવાનું થાય છે કે નહીં ? જ્યારે ચિતા પ્રગટાવે ત્યારે તો બધા નજીક ઊભા હોય. પછી બરાબર જ્યાં સળગે ત્યારે આઘા-આઘા જઈ જઈને બેસે. કેમ ? તાપ લાગે છે. તાપ લાગે તો તાપથી આઘો જાય. સીધી વાત છે. એમ સંસારનો તાપ લાગે તો આનંદઅમૃતની નજીક આવે. જ્યાં સુધી તાપ ન લાગે ત્યાં સુધી ત્યાં એને કાંઈક કાંઈક અંદર એને હજી લેવું છે, ત્યાંથી એને કાંઈક સુખ લેવું છે. દુઃખના દરિયામાંથી એણે સુખની આશા રાખી છે. ઝેરમાંથી અમૃત એને કાઢવું છે. કોઈ કાળે નીકળવાનું નથી.

છેલ્લી વાત એ કરી દીધી-જ્ઞાનીઓની દશાની, અનુભવની. અંદરમાં સ્વરૂપમાં ઠરી ગયેલા જ્ઞાનીઓ જ સાક્ષાત્ અતીન્દ્રિય આનંદઅમૃતને પીવે છે. આનંદઅમૃતને અહીંયાં અતીન્દ્રિય વિશેષણ લગાડ્યું છે. એટલે કોઈપણ ઇંદ્રિય અને મનના આનંદની કલ્પિત આનંદની, અહીંયાં કોઈ કૃત્રિમ આનંદની વાત અહીંયાં નથી. અંદર જે અનંત આનંદ સ્વભાવ શક્તિ અને સામર્થ્યમાં પડ્યો છે એનું જ સાક્ષાત્ શક્તિનું જ વ્યક્તિરૂપ પરિણમન છે. શક્તિનું જ વ્યક્તિરૂપ પરિણમન છે. એ ૨૩૦ (બોલ પૂરો) થયો.

પ્રશ્ન :– અતીન્દ્રિય આનંદ અને મનના આનંદમાં બહુ ફરક દેખાતો નથી.

સમાધાન :– ખરેખર તો અતીન્દ્રિય આનંદ જોયો છે કે 'દી તો ફરક દેખાય. મનના આનંદમાં આનંદ માની લીધો છે એટલે અતીન્દ્રિય આનંદના એને દર્શન થાતા નથી. ખરેખર તો એમ છે. એટલે મનનો આનંદ એ આનંદની કલ્પના છે એની. અને એને ખરો આનંદ માન્યો છે, કલ્પિત આનંદને ખરો માન્યો છે. એટલે એનો

પુરુષાર્થ એ સંબંધીનો મટતો નથી, ચાલુ ને ચાલુ રહે છે. અને પાછો એ વિચાર નથી કરતો કે જો જ્યાં આનંદ છે તો કેમ ત્યાં ને ત્યાં (સ્થિર થતો નથી) ? રૂમમાં બેઠા બેઠા આનંદ છે તો શું કરવા બહાર નીકળે પછી ? અને બહાર અગાશી ખાટે બેઠા બેઠા આનંદ છે તો રૂમમાં જાય શું કરવા ? ક્યાંય આનંદ નથી. ઇ જગ્યા બદલે છે એનો અર્થ એમ છે કે એને ત્યાં આનંદ નથી. ત્યાં કંટાળો આવ્યો એટલે બહાર આવ્યો. બહાર આવ્યો, બહાર કંટાળો આવ્યો એટલે અંદર ગયો. બન્ને આનંદનો પ્રયત્ન નથી. બેમાંથી એકેય આનંદનો પ્રયત્ન નથી. એટલે આનંદ જ્યાં છે ત્યાંથી આનંદ લેવાનો પ્રયત્ન ન થાય અંતર્મુખ થઈને ત્યાં સુધી બહારમાંથી ક્યાંય આનંદ મળવાની આશા રાખવી વ્યર્થ છે.

જ્યાં જે ચીજ નથી, આ પાટમાં આનંદ નથી તો ગમે તેટલી વાર અહીંયાં બેસી રહે, શું આનંદ મળે ? કોઈ બહારના ક્ષેત્રમાં આનંદ નથી, કોઈ મકાન મહેલમાં આનંદ નથી, કોઈ ખાણી-પીણીમાં આનંદ નથી. પહેલા તો ઇ વસ્તુ નક્કી તો કરે, તપાસીને તો નક્કી કરે. જ્યારે એને વિકલ્પ ઊઠે, વિકલ્પ ઊઠીને ક્રિયા કરે કે મને આ બેસવામાં ઠીક છે, અત્યારે સૂવું નથી ગમતું. વળી બેઠા બેઠા થાકે એટલે કહે હવે સૂવામાં સુખ છે, જરાક આડે પડખે થાવ તો અસુખ મટે. અસુખ થયું છે એ અસુખ મટે. પણ નક્કી કરે કે આમાં સુખ ક્યાં છે ? તપાસે તો ખરો. તપાસ્યા વગર એમ ને એમ ઢળી પડે, ઝૂકી જાય. આનંદ મળવાનો નથી, પાછું ફરવું પડશે, બીજો કોઈ રસ્તો નથી. એટલે આ તો વાસ્તવિકતામાં આવવાનો વિષય છે. કલ્પના કરી કરીને આથડ્યો. ચારેય ગતિમાં ચોરાશી લાખ યોનિમાં જન્મ-મરણનું કારણ આ-કલ્પના બીજી કાંઈ નથી. જીવની પોતાની કલ્પના એ ભ્રમણા છે, એ મિથ્યાજ્ઞાન અને મિથ્યાદર્શન છે અને એને લઈને જ પરિભ્રમણ છે. પરિભ્રમણના મૂળને શોધીને એને ટાળવું રહ્યું, બીજો એમાં કોઈ ઉપાય નથી.

મુમુક્ષુ :– અતીન્દ્રિય આનંદ કેવો હોય એ કોઈ કહી શકે એમ નથી ને ?

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાનીઓ કહી શકતા નથી, અનુભવીઓ કહી શકતા નથી તો બીજા તો શું કહી શકે ? જેને અનુભવ થાય છે ઇ એમ કહે છે કે અરે ! આ તો મનાતીત છે તો વચનાતીત હોય એમાં ક્યાં પ્રશ્ન છે ? વિકલ્પાતીત છે, મનાતીત છે તો બીજો તો કાંઈ પ્રશ્ન રહેતો નથી. એને કહેવાનો ક્યાં પ્રશ્ન રહે છે. કહી શકે

એવું તો છે નહીં. પણ એટલો એને ખ્યાલમાં મૂકે કે આવી વચનમાં અને મનમાં ન આવી શકે એવી જેની એક સમયની પર્યાય આવી છે, વસ્તુ એનો કંદ છે, આનંદનો કંદ વસ્તુ છે. અને એ અંદરમાં પોતે જ છે. મૃગની ડૂંટીમાં જ કસ્તૂરી છે. બહાર જેટલા ધોડા કરે એટલા થાકવાની વાત છે. એ તો થાકવાની વાત છે. અંદરથી જ્યાં સુધી લેવાનો ખરો પ્રયત્ન ન કરે અને પ્રયત્ન કરવાના ખરા વેશમાં ન આવે ત્યાં સુધી કોઈ રીતે કામ થાય એવું નથી. સીધી સાદી વાત છે.

કોઈ શુભ ક્રિયાના આડંબરમાં કે અંચળા નીચે આ આત્માને ઠગવા જેવો નથી. કે ચાલો ! આટલું તો હું કરું છું, વાંચન તો કરું છું, એક કલાક સાંભળું તો છું, એક કલાક બોલું તો છું, એક કલાક ચિંતન તો કરું છું, આત્માના વિકલ્પ વિચાર તો કરું છું. હું ક્યાં બીજી ક્રિયા કરું છું. છતાં યથાશક્તિ પૂજા-ભક્તિ દયા, દાન પણ કરું છું. પણ તારો સ્વભાવનો પુરુષાર્થ કાં ઉપાડતો નથી ? અને સ્વભાવનો પુરુષાર્થ ઉપાડતો નથી ને આ કરું છું, આ કરું છું (એમ કહે છે), આ તો ઠગવાની વાત છે. ઇ કપટ કરીને તારે ક્યાં જાવું છે ? ઠીક ! ઇ કપટ કરવા જેવું નથી.

હમણાં 'ગુરુદેવ'ના 'યોગસાર'ના પ્રવચનો છપાણાં છે. બહુ સરસ છે. એમાં આ ગાથા છે કે શાસ્ત્ર પઠન કરે, શીરના કેશ લોચે પછી યાત્રા કરે...

મુમુક્ષુ :– શાસ્ત્ર ભણી... કેશ લોચ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઇ ગાથા છે. કરે કપટના ખેલ આ બધા. આ બધા કપટના ખેલ કરે છે. ખરેખર અંદર જવાનો પુરુષાર્થ કરતો નથી ને શાસ્ત્ર લઈને બેસ ને એમ માન કે હું કાંઈક ધર્મ કરું છું, કાંઈક આત્માની વાત કરું છું, કાંઈક આત્માનું ચિંતવન કરું છું, કાંઈક આત્માનો વિચાર કરું છું. પુરુષાર્થ લાવ, બીજી વાત નથી. જ્ઞાનીઓ એમ કહે છે કે તું પુરુષાર્થ લાવ. પુરુષાર્થનો પ્રારંભ કર, પુરુષાર્થ વિના બધું નકામું છે.

આત્માનો વિચાર વાંચન કરીને પણ જે જીવ પુરુષાર્થ શરૂ કરતો નથી ત્યાં અધ્યાત્મ શૂન્યતા ઊભી થાય છે. એ ને એ વિચાર ને વિકલ્પમાં રહેતાં રહેતાં રહેતાં શું થાય છે ? કે અધ્યાત્મ શૂન્યતા ઊભી થાય છે. એટલે પહેલી જ વાત એ છે કે આનો પ્રવેશ જ જોરથી આવવો જોઈએ. પુરુષાર્થના જોરથી આનો પ્રવેશ આવવો જોઈએ. ઇ પ્રકારે પ્રવેશ ન થાય તો બાકીનો જે પ્રવેશ છે ઇ કાંઈ પ્રવેશ નથી. પ્રવેશ

જ નથી એમ લઈ લેવું. હજી તો પ્રવેશ જ થયો નથી. આ વિષયમાં પ્રવેશ નથી થયો હજી. હજી આ પ્રવેશની બહાર રહીને બધું ચાલે છે, જે ચાલે છે ઇ. પ્રકાર જ ઇ છે.

**આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો – ભગવાન થઈ ગયો; અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા. ૨૩૧.**

૨૩૧. સ્વરૂપ મહિમાનો બોલ છે. '**આત્માના ગુણ ગાતાં ગાતાં...**' સ્વરૂપનો મહિમા કરતાં કરતાં '**ગુણી થઈ ગયો...**' એટલે કે '**ભગવાન થઈ ગયો;...**' જે જીવ, જે આત્મા ભગવાન થઈ ગયો, ગુણવાન થઈ ગયો, જેના અનંત ગુણ ખીલી ગયા એ આત્માનો મહિમા કરતાં કરતાં (થઈ ગયો). જેને આત્માનો મહિમા આવ્યો, ઓળખાણ થઈને જેને સાચો મહિમા આવ્યો, ઓઘસંજ્ઞાએ નહીં, ઓળખાણ થઈને જેને સાચો મહિમા આવ્યો, એ મહિમા આવીને વૃદ્ધિગત થયો, એ તો વૃદ્ધિગત જ થાય. સાચો હોય તો વૃદ્ધિગત જ થાય અને ખોટો હોય તો ઢીલો અને મંદ પડી જાય. એ અપૂર્વ મહિમાના ફળ સ્વરૂપે સમ્યક્દર્શન થાય છે. સમ્યક્દર્શન તો બીજી કોઈ ચીજ નથી પણ અપૂર્વ મહિમાનો એક તબક્કો છે-એક Stage છે, એક ફળ છે એ અપૂર્વ મહિમાના ફળ સ્વરૂપે એ દશા હોય. આ સિવાય બીજી કોઈ વાત એમાં નથી. ત્યાં સુધી કે સમ્યક્દર્શન થઈને એનો જ મહિમા વૃદ્ધિગત થાય છે. એનો મહિમા વૃદ્ધિગત થતાં જે પ્રથમ લીનતા આવી એ લીનતામાં વૃદ્ધિગતપણું થઈને વારંવાર લીન થાય છે. એક કાળ એવો આવે છે કે એમાંથી બહાર નીકળતો નથી. એ મહિમાનું જ કારણ છે. અને ઠેઠ સિદ્ધ દશામાં સાદિઅનંત એમ ને એમ રહેવાનું કારણ પણ એ સ્વરૂપ-મહિમાવંત સ્વરૂપ છે એની મહિમા જ છે, બીજું કોઈ કારણ નથી.

આ સ્વરૂપ મહિમાનો બોલ એટલો મહત્વનો વિષય છે. આપણે પ્રકાશનમાં પહેલા એ વિષય લેવાના હતા ને ? સ્વરૂપ મહિમા. બહુ મહત્વનો વિષય છે કે ખરેખર ઇ એક જ, બીજા બધા પરિણમનનો એકમાં સરવાળો મારવો હોય, શ્રદ્ધાનો, જ્ઞાનનો,

આચરણનો, પુરુષાર્થનો, આનંદનો, સુખનો, શાંતિનો, એક મહિમા કહો એટલે બધું આવી ગયું. સ્વરૂપનો મહિમા કહો એટલે એમાં બધું આવી ગયું.

એટલે ગુરુદેવશ્રીએ એ કહ્યું કે ભગવાનની ઓમકાર ધ્વનિમાં શું આવ્યું ? કે આત્માનો મહિમા પ્રસિદ્ધ થયો. આત્મા કેવો મહિમાવંત છે એ વાત ત્યાં પ્રસિદ્ધ થઈ. તોપણ એ વાણી સાંભળનારાઓએ અનુભવ કરીને શું કહ્યું ? વાણીના નિમિત્તે કોઈને અનુભવ થયો. ઓહો ! આ અનુભવ ને આ વાણી, વાણીમાં હજી વાત પૂરી આવતી નથી. અમારો અનુભવ જોતા એમ લાગે છે કે ભગવાનની વાણીમાં પૂરી વાત આવતી નથી, છદ્મસ્થની વાણીમાં તો આવે જ ક્યાંથી ? પ્રશ્ન જ રહેતો નથી. આવો મહિમા છે. કેટલો મહિમા છે ? આવો આટલો મહિમા છે.

મુમુક્ષુ :– તીર્થંકરની વાણીમાં પણ ન આવ્યું ઇ કેવો મહિમા !!

પૂજ્ય ભાઈશ્રી :– હા, સર્વજ્ઞની વાણીમાં પણ જેનો મહિમા પૂરો આવી શક્યો નહીં એને બીજી વાણી તો શું કહી શકે ? શું કથી શકે ? જેના-જે વાણીના પુણ્ય સાધારણ–ઓછા છે, પાછળ પુણ્યનું નિમિત્ત છે, વાણી જે પ્રગટે છે એની પાછળ તો પુણ્યનું નિમિત્ત છે, જેના અધૂરા પુણ્ય છે, પૂરા પુણ્ય છે એની વાણીમાં પૂરું ન પડ્યું તો અધૂરા પુણ્યવાળાની વાણીમાં શું આવે ? એમ કહે છે.

**'આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો - ભગવાન થઈ ગયો;...'** ભગવાનની જ વાતો કરી છે. ભગવાન થયા, ભગવાન થવાના, ભગવાનના પંથે પડ્યા. ભગવાનની વાત કરે છે. તું આમ કરજે ને તેમ કરજે ને ફલાણું કરજે ને એ કાંઈ વાત નથી. આત્માનો મહિમા ઓળખીને લાવ, લીન થા, થઈ જા ભગવાન. ભગવાન કહે છે, અમે ભગવાન થઈ ગયા, તું ભગવાન સ્વરૂપે જેવો છો એવો જ ભગવાન થઈ જા. અમારે પણ અપેક્ષા નથી, કે તું અમારા દર્શન કર અને અમારી સામે જો. એ અપેક્ષા અમારે નથી.

**'અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણ રત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ ગયા.'** જ્યારે ભગવાન થયો ત્યારે એક એક પ્રદેશમાં, અસંખ્ય એટલે સર્વ પ્રદેશોમાં અનંત, એક એક પ્રદેશે અનંતા ગુણ છે એ બધા ખૂલી ગયા, વ્યક્ત થઈ ગયા. એના બધા ઓરડા (ખૂલી ગયા). શક્તિના રત્નોના વૈભવ બધા ખુલ્લા થઈ ગયા. કોઈ વાત હવે બંધ બારણે રહી નહિ. અહીં સુધી રાખીએ.

**જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય થઈ ગયો, ધ્યાનમય થઈ ગયો – એકાગ્રતામય થઈ ગયો. અંદર ચૈતન્યના નંદનવનમાં એને બધું મળી ગયું; હવે બહાર શું લેવા જાય છે ? ગ્રહવાયોગ્ય આત્મા ગ્રહી લીધો, છોડવા યોગ્ય બધું છૂટી ગયું; હવે શું કરવા બહાર જાય ? ૨૩૨.**

**તા. ૨૯-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૩૨, ૨૩૩**
**પ્રવચન નં. ૧૮૬**

'બહેનશ્રીનાં વચનામૃત' (બોલ-૨૩૨). **'જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય થઈ ગયો, ધ્યાનમય થઈ ગયો – એકાગ્રતામય થઈ ગયો.'** ધર્મપ્રાપ્ત આત્માની દશા કેવી હોય છે (એ વિષય છે). શુદ્ધ પરિણતિ, શુદ્ધઉપયોગ, શુદ્ધતારૂપ પરિણામમાં આત્માનું ધ્યાન છે અથવા જ્ઞાતા સ્વભાવનું-જ્ઞાનસ્વભાવનું ધ્યાન છે. એ ધ્યાનમાં ને ધ્યાનમાં તલ્લીનતા થવી, તન્મયપણું (થવું). જ્ઞાનમય, ધ્યાનમય, એકાગ્રતામય એવા શબ્દો વાપર્યા છે. લીનતા અથવા તન્મયતા જોઈએ છે.

મુમુક્ષુ :- જ્ઞાનમય, ધ્યાનમય (એમ કહ્યું છે).

પૂજ્ય ભાઈશ્રી :- વિકલ્પ કરતો કરતો આત્મામાં લીન થઈ ગયો એમ નથી કહ્યું. પણ જ્ઞાતાનું ધ્યાન કરતા લીન થયો, એકાગ્ર થયો એમ કહે છે. વિકલ્પ તો છોડવાનો પદાર્થ છે, વિકલ્પ તો છોડવા યોગ્ય ભાવ છે એટલે એને કરતાં કરતાં આગળ વધવાનો પ્રશ્ન નથી. હોય છે ને ? એવો પ્રશ્ન થાય છે. હોય છે તો ખરો. હોય છે પણ જ્યારે એ છૂટી જાય છે ત્યારે તન્મયતા થઈ, ત્યારે એકાગ્ર થાય. હોય છે એટલે એમ વિચારવા યોગ્ય નથી કે એની મદદથી કાર્ય થયું. એમ છે નહિ.

મુમુક્ષુ :– જ્ઞાતાનું ધ્યાન કરતા કરતા એટલે અનુભવ કરતા ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, જ્ઞાતાનું ધ્યાન. ધ્યાન એટલે એકાગ્રતા. એકાગ્રતા

અનુભવથી એકાગ્ર થાય. જ્ઞાતાનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય થઈ ગયો. એટલે કે જ્ઞાતાના ધ્યાનમાં આત્માને પોતાને એવો અનુભવ થયો કે હું એકાકાર જ્ઞાનમય જ છું. હું અખંડ એકાકાર પરિપૂર્ણ જ્ઞાનમય છું. એકલું પૂર્ણ જ્ઞાનનું દળ એવો હું છું એમ અનુભવ થયો એટલે એવો થઈ ગયો એમ કહ્યું. મૂળ સ્વરૂપે એવો હતો પણ અનુભવમાં એવો નહોતો આવતો, શુદ્ધોપયોગ નહોતો ત્યારે, શુદ્ધોપયોગ થતા એવો થયો. એટલે તો એવું પણ કહે છે, કે જ્યારે સ્વાનુભવ થયો, તો કોનો સ્વાનુભવ થયો ? કે પોતાનું પરમેશ્વરપદ, પોતાનું જે પરમપદ, પોતાનું પરમાત્મપદ એનો અનુભવ થયો તો કહે પરમાત્મા થયો.

('સમયસાર') ૧૪૩ ગાથાની ટીકામાં (આ વાત) ચાલેલી. કે પરમાત્મા થયો. અનુભવ પક્ષાતિક્રાંત થયો તો સમયસાર થયો, પરમાત્મા થયો, પરાત્મા થયો. (આ) બધા વિશેષણો લગાડ્યા. પરમાત્મા સુધીના વિશેષણો લગાડ્યા. કેમકે સ્વયં પરમાત્મ સ્વરૂપે છે એવો જ અનુભવ એને વર્તે છે ત્યાં. અને એ કોઈ જૂઠમૂઠનો અનુભવ નથી પણ હકીકત-વાસ્તવિક એવું સ્વતત્ત્વ છે એનો અનુભવ (છે), વાસ્તવિક અનુભવ છે.

પ્રશ્ન :– જ્ઞાતા અને આત્મામાં શું ફેર ?

સમાધાન :– કાંઈ નહીં. સ્વભાવ. જ્ઞાતા એટલે સ્વભાવ. જ્ઞાતા સ્વરૂપ સ્વભાવ. એ જ ખરેખર આત્મા છે. સાચો આત્મા-ખરો આત્મા-ખરેખર આત્મા એ જ છે. બાકી એમ તો કોઈપણ જીવને આત્મા કહેવાય છે. ત્યારે એવો જે સામાન્ય રૂઢિગત શબ્દનો જે પ્રયોગ છે કે આ ફલાણો જીવ, આ મનુષ્યનો જીવ, આ હાથીનો જીવ, એનો આત્મા આવો.. એનો આત્મા આવો. એવો જે રૂઢિગત શબ્દ પ્રયોગ છે એમાં તો એની અશુદ્ધ અવસ્થા, કર્મના નિમિત્તે કર્મજનિત અવસ્થા સહિતની વાત છે. પણ એ ખરેખર આત્માનું સ્વરૂપ તો જ્ઞાતાદૃષ્ટા સ્વરૂપ જે આત્મા છે એ જ ખરો આત્મા છે. એ આત્માનું ખરું સ્વરૂપ છે. અથવા આત્મામાંથી ક્યારે પણ જેનો અભાવ ન થાય તે આત્માનું ખરું સ્વરૂપ. સાચું સ્વરૂપ કયું ? નથી માણસ કહેતા કે ભાઈ સાચું શું ? કે પોતાની પાસે રહે તે સાચું અને પોતાથી છૂટું પડે એ સાચું નહિ. તો આત્મામાંથી આત્મસ્વરૂપનો આત્મસ્વભાવ છૂટો પડતો નથી. આત્માનું સાચું સ્વરૂપ. તે ખરેખર આત્મા છે. 'નિયમસાર'ની ૩૮મી ગાથામાં પરમપારિણામિકભાવને ખરેખર આત્મા

કહ્યો છે. એવા આત્માને જેને તીક્ષ્ણ બુદ્ધિ છે. તેને એ પરમપારિણામિકભાવ એ જ ખરો આત્મા છે. શુદ્ધાશુદ્ધ–શુદ્ધ અને અશુદ્ધ ચાર ભાવને પણ આત્મા ન કહ્યો. કોઈવાર આત્મામય પરિણામ થાય એને આત્મા કહેવામાં આવે છે. જેમકે 'સમયસાર' કહો, અનુભવ કહો એટલે એ સર્વાત્મા કહો, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવ, મૂળ સ્વભાવ, અનાદિઅનંત ધ્રુવ સ્વભાવ તે ખરેખર આત્મા છે. જે ધ્યાનનો વિષય છે, જે જ્ઞાનનો વિષય છે, જે શ્રદ્ધાનો વિષય છે, જે આનંદનો વિષય છે એ આ જ્ઞાતાસ્વરૂપ આત્મા છે. તેનું ધ્યાન કરતાં કરતાં આત્મા જ્ઞાનમય થઈ ગયો. પોતાના જ્ઞાતા સ્વભાવનું ધ્યાન કરતાં આત્મા જ્ઞાનમય થઈ ગયો. એટલે પોતે એકલું જ્ઞાનનું દળ છે એવો જેને અનુભવ રહી ગયો. એકાગ્રતા હોવાથી એ ધ્યાનમય થઈ ગયો અથવા એકાગ્રતામય થઈ ગયો એમ પણ કહેવામાં આવે છે. જ્ઞાનમય થઈ ગયો, ધ્યાનમય થઈ ગયો. એ દશામાં ઉત્પન્ન થતો આનંદ, તો આનંદમય થઈ ગયો. એમ બધું કોઈપણ ગુણથી એ વાત લાગુ પડે છે.

પ્રશ્ન :– કષાયની રુચિ અને રસ છે એ તો ક્યારે બંધ કરી દઉં..

સમાધાન :– કરવો જોઈએ. નહિતર અહીંયાં ધ્યાન કરે. ન કરે તો ત્યાં ધ્યાન છે. જ્યાં રુચિ છે ત્યાં એનું ધ્યાન છે. ધ્યાન વિનાનો કોઈ જીવ નથી. જગતમાં ધ્યાન વિનાનો કોઈ જીવ નથી. કેમકે ધ્યાન તો ચારિત્રગુણના પરિણામ છે. ચારિત્રગુણ ક્યારે પરિણમ્યા વિનાનો હોય ? ચાર પ્રકારના ધ્યાન લીધા છે તો આર્ત અને રૌદ્ર છે તે માઠા ધ્યાન છે અને સંસાર અવસ્થામાં સાધારણપણે સર્વ પ્રાણીઓને આર્ત ધ્યાન અને રૌદ્ર ધ્યાન હોય છે. રૌદ્ર ધ્યાન ક્વચિત્ હોય છે. પણ આર્તધ્યાન તો બધા જીવોને હોય છે.

મુમુક્ષુ :– આ અત્યારે વાંચન ચાલે છે એ આર્તધ્યાન ?

પૂજ્ય ભાઈશ્રી :–એ આર્તધ્યાન. આ પૂજા કરે એ આર્તધ્યાન.

મુમુક્ષુ :– બહાર ગયું એટલે આત્મધ્યાન

પૂજ્ય ભાઈશ્રી :– એ કહેશે અહીંયાં. શું કરવા બહાર જાય છે ? તરત જ કહેશે. કે બહાર શું કરવા ગયો ? અંદર ચૈતન્યના નંદનવનમાં એને બધું મળી ગયું. એને કાંઈ પછી ઇચ્છા ન થાય એવું સ્વરૂપ અનુભવમાં પ્રાપ્ત થયું. મળી ગયું એટલે અનુભવમાં પ્રાપ્ત થયું. હવે બહાર શું લેવા જાય ? શું કરવા એ બહાર જાય ? કે

એને બહાર જવાનો અભિપ્રાય ખલાસ થાય છે. એકવાર જે અંદર ગયો એને બહાર જવાનો અભિપ્રાય ખલાસ. પછી બહાર આવવું પડે છે એ એની સજા છે. એ એને સજા જેવું માને છે. જેમ રોગ થાય અને દવા પીવી પડે તો એ દવા પીવાની સજા કહેવાય એને. કોઈ એમ માને કે હું તો જીવું ત્યાં સુધી દવા પીધા જ કરું. એવી હોંશ રાખે ? આ બંધ થાય તો સારું. મારે ન પીવી પડે તો સારું. એમ હોય ખરેખર. છતાં એમ કોઈ વિચારે તો એને શું કહેવાય ? પાગલ કહેવાય કે મૂર્ખ કહેવાય. આખી જિંદગી દવા જ ખાધા કરે. જુદી જુદી જાતની ઘણી દવાઓ આવે છે. ખાધા જ કરું. એ મૂર્ખ કહેવાય.

એટલે ચાર ધ્યાન છે, એમાં મોક્ષમાર્ગમાં નીચેના ગુણસ્થાને આર્ત, રૌદ્રધ્યાનનો સદ્‌ભાવ છે. છઠ્ઠા ગુણસ્થાન સુધી તો આર્તધ્યાનનો સદ્‌ભાવ છે. પાંચમા ગુણસ્થાન સુધી રૌદ્રધ્યાનનો સદ્‌ભાવ છે. અજ્ઞાનીને તો આર્ત, રૌદ્ર (ધ્યાન) એમાં કાંઈ (સવાલ નથી). ચોથા ગુણસ્થાન પહેલા, પહેલા ગુણસ્થાનમાં આર્ત, રૌદ્ર હોય એ સ્વાભાવિક-સાધારણ વાત છે. એટલે ધ્યાન વિનાનો કોઈ (જીવ નથી). પણ એ ધ્યાન બદલવાની વાત છે, ઉલટાવવાની વાત છે. ધ્યાનને ફેરવવાની વાત છે.

આ જે ધ્યાનમય છે એ ધર્મધ્યાનની વાત છે. ચોથા ગુણસ્થાનથી ધ્યાન શરૂ થાય છે. અને ત્યાંથી ધ્યાનની મિશ્રિત અવસ્થા રહે છે. આર્તધ્યાન અને ધર્મધ્યાન સવિકલ્પ દશામાં સાથે રહે છે. નિર્વિકલ્પ દશામાં એકલું ધર્મધ્યાન રહે છે. સાતમા ગુણસ્થાનથી શ્રેણી માંડે ત્યારે એને શુકલધ્યાનની શરૂઆત થાય છે. તેરમા ગુણસ્થાને શુકલધ્યાન છે. પછી કોઈ ધ્યાનનો પ્રશ્ન રહેતો નથી. સિદ્ધાલયમાં કોઈ ધ્યાનનો પ્રશ્ન નથી, કોઈ ચારિત્રનો પ્રશ્ન નથી. એ તો અનંત ચતુષ્ટયમાં ધ્યાન શબ્દ નથી વાપર્યો. અનંત જ્ઞાન, અનંત દર્શન, અનંત પુરુષાર્થ અને અનંત સુખ લીધું છે. જો ધ્યાનનો વિચાર કરવો હોય તો સુખમાં લઈ લેવું. ધ્યાન ? તો કહે છે, સુખ છે એ અનંત ધ્યાન છે. અનંત સુખ છે એ અનંત ધ્યાન છે. કેમકે ત્યાં સાધકદશા નથી. તેરમાં ગુણસ્થાને પૂર્ણ થવાથી અનુજીવી ગુણો પૂર્ણ છે એટલે એને સાધકદશા બારમાં ગુણસ્થાન સુધી હતી. તેરમાં ગુણસ્થાનથી પરમાત્મદશા થઈ. અંતરાત્મદશા પૂરી થઈ, પરમાત્મદશા શરૂ થઈ.

ત્યારે એકાગ્રતા થઈ, જ્ઞાન ધ્યાનમય આત્મા થઈ ગયો. ત્યારે **'અંદર ચૈતન્યના**

**નંદનવનમાં એને બધું મળી ગયું;..'** ચૈતન્યના અનંત ગુણોની જે પરિણતિ છે એ રમણીય પરિણતિને નંદનવનની ઉપમા આપી છે. નંદનવનમાં શીતળતા છે, સુગંધ છે અને આંખને ગમે એવી લીલોતરી જેને Greenary કહે છે. એવું બધું સુંદર સુંદર સારું જ છે અને ત્યાં રહેવું ગમે, બહાર નીકળવું ન ગમે, એથી એ તો એક ઉપમા આપી છે. વધારે ઉપમા કાંઈ છે નહીં એટલે. પણ એ કાંઈ એનાથી એટલું જ છે એમ નથી. નંદનવન છે એ ઉપમા છે. આત્માને પોતાના શુદ્ધ નિરાકુળ આનંદ અને શાંત પરિણમનની રમણતામાંથી બહાર નીકળવું જ ન ગમે એવું એક પરિણમન છે. અહીંયાં જ રહી જાઉં. હવે પછીની અનંત કાળાવલી મારા આનંદ ને આત્માના આનંદના ભોગવટામાં જ રહો. આવી ભાવના પ્રત્યેક સમ્યક્દૃષ્ટિ શરૂ થાય ત્યાંથી દરેક ધર્માત્માને હોય છે. આવી જ ભાવના (હોય છે). દરેકને એકસરખી ભાવના છે. ભાવનામાં કોઈને ફેરફાર હોય એવું બની શકે નહીં. એવો ભાવનાનો વિષય છે.

**'અંદર ચૈતન્યના નંદનવનમાં એને બધું મળી ગયું;...'** ખાવા-પીવાનું એશ-આરામ બધું મળી ગયું હશે કે નહીં ? પલંગ, પંખા બધું મળી ગયું હશે ? એ બધા તો આકુળતાના નિમિત્ત છે. એ તો બધા રોગને લઈને સુખને માટે ઝાંવા નાખવાની વાત છે. જ્યાં સુધી જ્ઞાન, ધ્યાનમાં આવો આત્મામાંથી ઉત્પન્ન થયેલો આત્માનો આનંદ અનુભવમાં આવતો નથી ત્યાં સુધી જીવને વિષય દાહ મટતો નથી. વિષય ચાહ એ વિષય દાહ છે અને એ દાહ એને મટતો નથી અને એ મટાડવા માટે દેવલોક પર્યંતના વૈભવોમાં પણ જીવ સુખ માટે ઝાંવા નાખે છે. પણ ક્યાંય સુખ નહીં હોવાથી એને ક્યાંયથી સુખ મળતું નથી. ક્યાંય સુખ છે નહીં ને ક્યાંય સુખ છે નહીં એટલે મળવાનો પ્રશ્ન રહેતો નથી.

એટલે બધું મળી ગયું એમાં એને તૃપ્તિ થઈ ગઈ એમ કહેવું છે. તૃપ્ત તૃપ્ત આત્મા. હવે નિરિચ્છિક સ્વભાવમાં નિરિચ્છિકપણે રહેવું એ જ એનું કર્તવ્ય છે, એ જ એની ભાવના છે અને એ પણ ઇચ્છારૂપે નહીં. એ પણ ઇચ્છારૂપે નહીં. કહેવામાં એમ લાગે કે આવી પણ ઇચ્છા તો રહી ને ? નિર્વિકલ્પ અથવા નિરાકુળ સ્વરૂપમાં નિરાકુળભાવે રહેવું છે એવી ઇચ્છા તો રહી ને ? ઇચ્છાની વાત અહીંયાં નથી. આ ભાવના એટલે ઇચ્છા પ્રદર્શિત કરવી નથી. ઇચ્છા તો ભિન્ન પદાર્થને વિશે હોય. ભિન્ન પદાર્થને વિશે ઇચ્છા હોય. અભિન્ન પદાર્થને વિશે ઇચ્છાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે

એ તો પ્રાપ્ત જ છે. ન પ્રાપ્ત હોય એની ઇચ્છા હોય, પ્રાપ્તની ઇચ્છાનો પ્રશ્ન રહેતો નથી.

એટલે આત્મા પરપદાર્થની ઇચ્છા કરે છે ત્યારે એને મમત્વ છે અને મમતા છે એમ કહેવાય છે. જ્યારે આત્મા સ્વભાવે કરીને નિર્મમત્વ સ્વભાવે છે એમ કહેવામાં આવે છે. કેમકે પોતાના ને પોતાના સ્વરૂપ વચ્ચે ભેદ નથી. 'નિયમસાર'માં આત્મા નિર્મમ છે એવો બોલ આવે છે.

મુમુક્ષુ :– 'સમયસાર'ની ૭૩ ગાથામાં પણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યાં તો વ્યાખ્યા કરી છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો સીધી જ વાત છે ને. જ્યાં સુખ ભાળ્યું, બ્રહ્મ સરોવર આનંદ સુધાથી પૂર્ણ છે. 'દિપચંદજી'એ 'અનુભવપ્રકાશમાં' વચન લખ્યું છે કે આત્મા બ્રહ્મ સરોવર છે. આનંદ સુધાથી પરિપૂર્ણ છે. એક બિંદુ નવું રાખવાની જગ્યા નથી. ટીપું સમાય એવી જગ્યા નથી. એવું બ્રહ્મ સરોવર આનંદ સુધાથી પૂર્ણ છે. પછી એનું જ વલણ થાય ને. એવું જો અંદરમાં બ્રહ્મ સરોવર આનંદ સુધાથી પૂર્ણ ભરેલું હોય, છલકતું છે. આનંદ એનો છલકીને પર્યાયમાં આવે છે.

('નિયમસાર')ની ૪૩ (ગાથા) છે.

**નિર્દંડ ને નિર્દ્વંદ્વ, નિર્મમ, નિઃશરીર, નીરાગ છે**
**નિર્દોષ, નિર્ભય, નિરવલંબન, આતમા નિર્મૂઢ છે. ૪૩.**

એ ગાથા છે એમાં નિર્મમ શબ્દ છે. '**અહીં (આ ગાથામાં) ખરેખર શુદ્ધ આત્માને સમસ્ત વિભાવનો અભાવ છે એમ કહ્યું છે.**' એમાં નિર્મમની વ્યાખ્યા કરી છે. નિર્દંડ છે, નિર્દ્વંદ્વ છે પછી નિર્મમ છે. '**પ્રશસ્ત-અપ્રશસ્ત સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી...**' મૂળ સ્વરૂપમાં આત્માને પ્રશસ્ત રાગ-દ્વેષ નથી અને અપ્રશસ્ત રાગ-દ્વેષ પણ આત્માને નથી. કેમકે એ મમત્વના ભાવ છે. પ્રશસ્ત અને અપ્રશસ્ત એવા રાગ અને દ્વેષ મમત્વના ભાવ છે. એ '**સમસ્ત મોહ-રાગ-દ્વેષનો અભાવ હોવાથી આત્મા નિર્મમ (મમતા રહિત) છે.**' આનું પ્રવચન ચાલતું હતું ત્યારે 'ગુરુદેવે' આની વ્યાખ્યા કરી હતી કે અભેદમાં વાંછાનો અભાવ છે. ઇચ્છાને મમતા કહી છે ને ? તો કહે અભેદમાં વાંછાનો અભાવ હોવાથી એને નિર્મમત્વ કહેવામાં આવે છે. અમુક શબ્દ

તો માર્મિક હોય છે. અભેદ પોતે જ છે. અભેદમાં વાંછા શેની ? જુદો પદાર્થ હોય તો એની વાંછા થાય. પોતે જ છે એની વાંછા શું ? કે અભેદમાં વાંછાનો અભાવ હોવાથી આત્માને નિર્મમ (કહીએ છીએ). આ શબ્દનું વ્યાખ્યાન કરવામાં વિશેષ ભાવ આ નીકળ્યો હતો. પોતે ધ્યાનમાં (લેવું). અભેદમાં વાંછાનો અભાવ છે. પોતે 'ગુરુદેવે' વિશેષમાં વાત કરી, પ્રવચનમાં વાત કરી.

શું કહે છે ? કે **'અંદર ચૈતન્યના નંદનવનમાં એને બધું મળી ગયું; હવે બહાર શું લેવા જાય છે ?'** કે એને અંદરની રમણતામાં રહેવું છે અને એને બહાર આવવું નથી. આવી જવાય છે એ ખેદ છે. બહાર આવી જવાય એનો ખેદ છે. 'સોગાનીજી' એ તો એ શબ્દ વાપર્યો છે 'કિ ઉપયોગ બહાર નિકલા કી જમ કા દૂત સમજો.' જમકા દૂત એટલે શું ? કે જેમ કોઈને ખ્યાલ આવે છે કે, અરે...! મારું મૃત્યું થઈ જશે. અન્યમતિમાં તો એમ કહે ને કે જમડા લેવા આવ્યા. એવા એ ચિત્રો દોરે છે. એક પાડો-ભેંસ. ભેંસનો પાડો લઈને ઉપર બિહામણો માણસ બેસાડે છે એને જમ કહે છે. તેને જોતા જ ડર લાગે. જમ આવો હોય. કલ્પના છે. કોઈ લેવા ફેવા આવતું નથી. લેવા આવવાની કોઈ જરૂર નથી. પોતાના કર્મ અનુસાર એના એક સમયમાં. સેકન્ડમાં નહિ પણ એક સમયમાં એની ગતિ થઈ જાય છે. હમણા જ પેપરમાં આવ્યું હતું કે અવાજ અને પ્રકાશ કરતા આત્માની ગતિ વધારે છે. ગઈકાલના ગુજરાતમાં છે. હવે રહી રહીને સમજાય છે. જૈનદર્શન તો હજારો વર્ષથી એના વિજ્ઞાનમાં એ વાત કરે છે. જૈનદર્શનના વિજ્ઞામાં તો એ વાત હજારો વર્ષ પહેલા લખાયેલી છે. અવાજની ગતિ કરતા પ્રકાશની ગતિ ઘણી છે.

મુમુક્ષુ :- સાબિત કર્યું છે કે...

પૂજ્ય ભાઈશ્રી :- શક્તિઓને મર્યાદા હોય છે. 'ગુરુદેવ' પ્રશ્ન કરતા હતા. પોતે એટલું બધું ભણેલા નહોતા એટલે એવી વિદ્વત્તાપૂર્ણ ભાષા નહોતી. પણ સાદી ભાષામાં જે પ્રશ્ન હતો એ એટલો ઠોસ હતો કે શકિતને મર્યાદા શું ? આપો જવાબ. અગ્નિનો દૃષ્ટાંત આપતા. એક અગ્નિના કણિયામાં શક્તિ કેટલી ? નાના કણમાં. પૂર્ણ શક્તિ છે, અનંત શક્તિ છે. કેટલું બાળે ? કે આખી દુનિયાના સર્વ પદાર્થોને બાળે. આવી અનંતી દુનિયા હોય તો ? તો કહે એને પણ બાળે. એક કણિયો અગ્નિનો. શક્તિને મર્યાદા શું ?

એમ જે જ્ઞાનનો પર્યાય પ્રગટ અનુભવગોચર થાય છે. હું જાણું છું એની કોણ ના પાડી શકે ? જાણનાર એવું મારું અસ્તિત્વ સ્વતંત્ર, Independent Existance છે. મારું જે સ્વતંત્ર અસ્તિત્વ છે એના અસ્તિત્વને કોણ ના પાડી શકે એવું છે ? તો જે અસ્તિત્વ વ્યક્ત છે, જે જ્ઞાન વ્યક્ત છે એ કોઈ શક્તિની વ્યક્તિ છે કે અદ્ધરથી કોઈ ચીજ છે ? જો શક્તિ છે તો એની મર્યાદા શું ? વાત પૂરી થઈ જાય છે. એ શબ્દ વાપરે છે. શક્તિને હદ શું ? શક્તિને મર્યાદા શું ? જવાબ નથી.

કાળ હીણો છે એટલે જૈનદર્શનમાં સાહિત્યનો એટલો પ્રચાર પ્રસાર નથી અને કરવા જાય તો ઇ જાતના વિપક્ષોના સામેથી હુમલા આવે એટલે કે દાબી દે એ વાતને. કેમકે બીજાની દુકાનને તો નુકસાન થવાનું છે. જે દુકાન લઈને બેઠા છે એને તો નુકસાન પહોંચે છે. એ બળવાનપણું છે કાળનું. કે આ બધી વાત અત્યારે દબાયેલી છે. જબરદસ્ત વિજ્ઞાન છે, સાયન્સ છે. વિશ્વની વ્યવસ્થા કેવી હોય, કેમ હોય તેનું કોઈ પડખેથી અસમાધાન ન રહે, એવી સર્વાંગ સુંદર અવસ્થા, વ્યવસ્થાનું બધું વિજ્ઞાન છે, પૂરેપૂરું વિજ્ઞાન છે આની અંદર એની અંતર્ગત પોતાના સુખ-દુઃખનો પ્રશ્ન પણ આની અંદર હલ થાય છે એ એથી મોટી વાત છે.

વિજ્ઞાન તો જાણવાનો વિષય છે પણ પોતાના મતલબનો વિષય જે સુખ-દુઃખ છે સર્વ જીવોનું પ્રયોજન; દુઃખ ન હોય અને માત્ર સુખ હો. એ પ્રયોજન અહીંથી સિદ્ધ થાય છે. આનંદની તો વાત કરે છે. અંદરથી આનંદ જે ઉત્પન્ન થાય છે કોઈપણ પદાર્થની પરાધીનતા વિના, સ્વાધીનપણે અને સ્વતંત્રપણે જે આનંદ ઉત્પન્ન થાય છે એ આનંદ કોઈ ઓર છે, એની જાત કોઈ જુદી છે. એની જાત પાસે જગતના કોઈપણ સુંદરમાં સુંદર, મનોહરમાં મનોહર વિષયોનો આનંદ એ ઝેર જેવો લાગે, દુઃખ જેવો દુઃખમય લાગે એવી જેની કોટિ છે, આનંદની કક્ષા જેની એવી છે કે જે મનોહર આનંદ પણ જેની પાસે દુઃખ લાગે છે. ઈંદ્રના ઇંદ્રાસન પણ જેમાં દુઃખનું નિમિત્ત ભાસે છે. બીજાની વાત ક્યાં કરવી ?

**'હવે બહાર શું લેવા જાય ? ગ્રહવાયોગ્ય આત્મા ગ્રહી લીધો, અને છોડવાયોગ્ય બધું હવે છૂટી ગયું;...'** જે ગ્રહણ કરવા યોગ્ય હતું, અનુભવ કરવા યોગ્ય હતું એવું જે પોતાનું સ્વરૂપ, ગ્રહવો યોગ્ય એટલે અનુભવ કરવા યોગ્ય. વિકલ્પમાં અને ગ્રહણમાં આ ફેર છે. વિકલ્પમાં એમ વિચારે છે, વિકલ્પ આવે કે મારો આત્મા આવો શુદ્ધ

છે, આનંદમય છે, પૂર્ણ છે. પણ એ કાંઈ ગ્રહણ નથી. ગ્રહણમાં તો પોતે જ પોતામાં પોતાનું Involvement કરી નાખે. આ હું એમ ગ્રહણ કરી નાખે. ઓતપ્રોત થઈ જાય. Involve થઈ જાય એટલે ઓતપ્રોત થઈ જાય. પોતે જ છે. પોતે પોતામાં ભાવથી ઓતપ્રોત થઈ જાય. એ આત્માને આત્માનું ગ્રહણ છે. વિકલ્પ છે એમાં તો જુદો રહે છે. વિકલ્પથી પોતે જુદો રહે છે. વિકલ્પનું પોતામાં અને પોતામાં ભેદ પાડે છે.

મુમુક્ષુ :- ખરેખર તો પોતામાં અભાવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇ તો અભાવ હોય તો જ જુદો રહે ને. જો અભાવ ન હોય તો તન્મય થઈ જાય. એટલે એ વિકલ્પને સંમત કરવામાં આવ્યો નથી. વિકલ્પ ન જોઈએ. નિર્વિકલ્પ સ્વરૂપને વિકલ્પ સાથે જરાપણ સુસંગતતા નથી. વિરુદ્ધભાવપણું છે. સુસંગતા એને નથી. વિસંગતતા છે.

**'ગ્રહવાયોગ્ય આત્મા ગ્રહી લીધો, છોડવાયોગ્ય બધું છૂટી ગયું; હવે શું કરવા બહાર જાય ?'** પરમાત્મા જેની સ્થાપના આપણે કરીએ છીએ એ આની સ્થાપના છે કે, હવે બહાર જવાનો પ્રશ્ન રહેતો નથી. જુઓ ! ક્યાંય બહાર જાય છે. લોકાલોક જણાય છે. જગતના અનિષ્ટમાં અનિષ્ટ જેટલા કોઈ કાર્યો અને પ્રસંગો બની રહ્યા છે, બનશે, બની ગયા બધા એક સમયમાં જણાય છે. એ સિવાયના જેને ઇષ્ટ કહેવાય છે એ બધા પણ જણાય છે. ભગવાનના જ્ઞાનમાં બધું એક સમયમાં હોવા છતાં અંશમાત્ર પણ ડોલાયમાન થતા નથી. એમાં કોઈ આંદોલન ઊભું થતું નથી. સ્થિર છે એ સ્થિર જ છે. સ્થિર જ રહી જાય છે. એવું શું છે કે સ્થિર રહી જાય છે ? આ એક જિજ્ઞાસાનો વિષય થઈ જવો જોઈએ કે રહસ્ય શું છે ? એવું તે શું છે ? એક અવાજ થાય તો ઉપયોગ ત્યાં ધ્યાન બદલી જાય, ઉપયોગ ખેંચાઈ જાય. સાંભળતા સાંભળતા અવાજ થાય, વાજું વાગે, ગીત વાગે ઉપયોગ ત્યાં જાય છે. ચકલું ફરકે ઉપયોગ ત્યાં જાય છે. લોકાલોક અંદરમાં પ્રતિબિંબિત થાય (તોપણ) કાંઈ ન થાય.

મુમુક્ષુ :- કેમ એમ ?

પૂજ્ય ભાઈશ્રી :- અંદર વસ્તુ એવી છે. અંદર આત્મા એવો છે કે જેને જકડીને પકડીને પરિણમન પૂર્ણ થઈને રહી ગયું. લોકાલોક પ્રતિબિંબિત થાવ-ન થાવ, અપેક્ષા નથી. અપેક્ષા નથી છતાં થાય છે. થાવ તો એમાં કોઈ ડોલાયમાનપણું આવતું નથી.

અભિપ્રાય તો ચોથા ગુણસ્થાને બાંધ્યો છે, કે આખી દુનિયા રસાતાળમાં જાવ, એમ પ્રલય થાય ને. પૃથ્વી ક્યાં જાશે તો કે પાતાળમાં. અરે ! દુનિયા રસાતાળમાં જાવ, મારા સ્વરૂપમાં-અવ્યાબાધસ્વરૂપમાં કાંઈ થઈ શકે એવું નથી. આ અભિપ્રાયમાંથી એ સ્થિરતા ઊભી કરી છે. પૂર્ણ સ્થિરતામાં આવી ગયા.

સામું જોતા નથી. આ સામું જોતા નથી એટલે સામું જોવે છે ઇ અહીંયાં વયા ગયા બધા. દેવ-દેવલા પાસે. દેવને લાલ ... લાલ કલરના.. પેલા તો સામું જોતા નથી. દિગંબર પ્રતિમા છે ત્યાં કોઈ પાછું આભૂષણ નથી, કોઈ આકર્ષણનું કારણ નથી. કપડાં નથી, આભૂષણ નથી. દિગંબર અવસ્થામાં ધ્યાનમાં નાસિકાગ્ર દૃષ્ટિ છે. નાસિકાગ્રનો અર્થ નાકની સામે જોવું એમ નથી નાસિકાગ્ર એટલે. એ તો એમ બોલાય છે. દૃષ્ટિ તો આત્મા ઉપર છે, નાક ઉપર નથી. અથવા કોઈ એમ કહે કે ભાઈ જગતમાં માણસને કે મનુષ્યને શું છે કે એનું નાક મુખ્ય છે. નાક ન જાવું જોઈએ. ભલે પૈસા જાય એનો વાંધો નહીં. નાક રાખ્યું છે. પૈસા દઈને પણ નાક રાખ્યું છે. આબરૂ સાચવી છે. લઈ જા ભાઈ તારા. ભલે મારી પાસે નહીં રહે તું તો લઈ જા. નાક રાખ્યું છે. જેની સર્વોત્કૃષ્ટ મુખ્યતા છે તે નાક છે. આત્મા સર્વથી મુખ્ય છે એની દૃષ્ટિ તે નાસિકાગ્ર. અગ્ર એટલે મુખ્ય. આ ટેરવું નહીં. પણ એ તો બહારનો દેખાવ એવો છે, કે જ્યારે પોતાના સ્વસંવેદનમાં હોય ત્યારે એને નજરનું, આ ચક્ષુઇંદ્રિયનું આંખનું દૃષ્ટિ ચાપલ્ય ચાલ્યું જાય છે. દૃષ્ટિમાં-નજરમાં ચંચળતા નથી રહેતી અને નેત્ર ઢળેલું રહે છે. તો એને એમ કહ્યુ કે નાસિકાગ્ર દૃષ્ટિ છે. ખરેખર નજર આત્મા ઉપર છે. મૂળ વાત તો એ છે કે નજર આત્મા ઉપર છે.

મુમુક્ષુ :- નાસિકાગ્ર છે એ બહારના દેખાવ ઉપર છે ?

પૂજ્ય ભાઈશ્રી :- દેખાવ ઉપર છે. પણ બહારના દેખાવના વર્ણનમાં કોઈ નકલ કરવા જાય. કે ચાલો નાકના ટેરવા સામું જોઈ રહીએ તો ધ્યાન થાય નહીં. એ ધ્યાનનું સ્વરૂપ નથી. પણ એમ કહેવાય છે. એનો ભાવ સમજી લેવો. કહેવાનો મતલબ ઇ છે. આજે ગુરુની હયાતીની ખૂબી છે ઇ અહીંયાં છે કે, અંદરનો મર્મ ખોલીને બતાવે છે. એમ થયું કે બહારનો દેખાવ નાસાગ્ર દૃષ્ટિ છે આપણે ચાલોને નાસિકાગ્ર દૃષ્ટિ રાખીએ. અંદરમાં આત્માની દૃષ્ટિની વાત છે. એ તો સહજ બહારમાં એમ થાય છે. અંદરમાં આમ પરિણામ થાય ત્યારે સહજ બહારમાં આમ પરિણામ થાય.

જેમ ગુસ્સો આવે ત્યારે નાક ફુલાઈ જાય, હોઠમાં ફેરફાર થઈ જાય, આંખમાં ફેરફાર થઈ જાય. ભાવ અનુસાર ચહેરાના ભાવો દેખાય છે. એમ અહીંયાં શાંતભાવ ઉત્પન્ન થાય છે, શાંત સ્વરૂપના અવલંબને, બહારનું આવું શાંત... મુદ્રાનું પરિણમન પણ શાંત મુદ્રા હોય છે એમ કહેવું છે.

**'હવે શું કરવા બહાર જાય ?'** કે એને કાંઈ બહાર જવાની વાંછા છે નહીં. ઊલટાનું બહાર નીકળવું પડે એ પ્રત્યક્ષ દુઃખનો અનુભવ છે. અને એ પ્રત્યક્ષ દુઃખનો અનુભવ હોવાથી એની ઇચ્છા કે એની ભાવના હોઈ શકે નહીં. દુઃખની ઇચ્છા કે દુઃખની ભાવના કોણ રાખે ? એ કોઈ રાખે નહીં. એ જ્ઞાન-ધ્યાનની દશામાં કેવું આનંદમય અને સુખમય અને શાંતિવાળું પરિણમન હોય છે એનું ભાવવાહી વર્ણન કર્યું છે. ૨૩૨માં.

**અંદરથી જ્ઞાન ને આનંદ અસાધારણપણે પૂર્ણ પ્રગટ થયાં તેને હવે બહારથી શું લેવાનું બાકી રહ્યું ? નિર્વિકલ્પ થયા તે થયા, બહાર આવતા જ નથી. ૨૩૩.**

૨૩૩. **'અંદરથી જ્ઞાન ને આનંદ અસાધારણપણે પૂર્ણ પ્રગટ થયાં તેને હવે બહારથી શું લેવાનું બાકી રહ્યું ?'** બસ ! એક જ વિષય, એકધારો વિષય ચાલે છે. ૨૩૧, ૨૩૨, ૨૩૩. બધામાં એક જ ધ્વનિ છે. આત્માના ગુણ ગાતાં ગાતાં ગુણી થઈ ગયો - અને અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણરત્નોના ઓરડા બધા ખૂલી ગયા. જેમ એક એક ઓરડામાં રત્નોના ઢગલા કર્યા હોય, દરવાજો ખોલે તો એના રંગબેરંગી રત્નોના ઢગલાના પ્રકાશથી, આહાહા ! થઈ જાય. કે ઓહોહો ! આ શું છે ! આ એવું જ છે. આત્માના અસંખ્ય પ્રદેશે અનંત ગુણોના ઓરડા ભરેલા છે. અનંત અનંત રત્નો છે ગુણરત્નો ખુલ્લા કરી નાખ્યા.

સમ્યક્દર્શનને આત્માના અનંત ગુણની તિજોરીની ચાવી કહી છે. 'સોગાનીજી'એ એ વાત લીધી છે ('દ્રવ્યદષ્ટિપ્રકાશ'માં) કે સમ્યક્દષ્ટિએ પોતાની તિજોરી ખોલી નાખી છે. 'ગુરુદેવ' એમ કહેતા કે મિથ્યાદષ્ટિએ પોતાના આત્માને મિથ્યાત્વનું તાળું માર્યું છે. તિજોરીને મિથ્યાત્વનું તાળું માર્યું છે, કે સંપત્તિ છે તો એનો ઉપયોગ કરી શકતો

નથી. જરૂર પડે ત્યારે પણ સુખનો ભોગવી શકતો નથી, પોતાને જરૂર પડે ત્યારે પોતાની મૂડી પોતાને ન કામ આવે તો એ મૂડી કામની નથી, નકામી છે. જ્યારે સમ્યક્દૃષ્ટિ માટે એમ કહેવાય છે કે એ ચાહે ત્યારે પોતાના સુખને ભોગવી શકે છે. કેમકે પોતાનું સુખ પોતાને આધિન છે. જ્યારે ઇચ્છે ત્યારે પોતાના સુખને ભોગવી શકે છે. ક્યારે ન ઇચ્છે ? કે સદાય ઇચ્છે છે. તો પરિણતિ સદાય છે. પરિણતિ સદાય છે એટલે એ વારંવાર એનો ઉપયોગ પણ થાય છે. પરિણતિ ભોગવટો છે, ઉપયોગ પણ ભોગવટો છે. એક સામાન્ય છે ને એક વિશેષ છે.

મુમુક્ષુ :- માતાજી કહે છે બધા તાળાની એક ચાવી છે.

પૂજ્ય ભાઈશ્રી :- બધા તાળાની એક ચાવી. મિથ્યાત્વ ખોલવાની ચાવી છે. હું જ્ઞાયક છું. હું જ્ઞાનમાત્ર સ્વરૂપનું ગ્રહણ કરવું. વિકલ્પ કરવું નહીં પણ ગ્રહણ કરવું. આ બધા તાળાની એક જ ચાવી છે. જે સાધનાનો-આરાધનાનો વિષય એકદમ અભેદ છે એટલે એનો તો વિકલ્પનો વિસ્તાર ક્યાંથી હોય ? સંક્ષેપ જ હોય. વિકલ્પમાં એ વિષય આવે તોપણ સંક્ષેપમાં આવે. કેમકે એ તો અભેદ જ છે. એમાં ભેદ નથી તો વિશાળતામાં તો ઘણા વિકલ્પો છે, અહીં તો એક વિકલ્પ પણ નથી. કહેવામાં વિકલ્પ પડે છે, બસ ! હું જ્ઞાયક છું. આ બધા તાળાની એક ચાવી છે. આવી ગયું બધું. બાર અંગનો સાર એકમાં આપી દીધો. જાવ. તાકાત હોય તો ઉઠાવો, અહીં પડ્યું છે જેની જેટલી શક્તિ. લેવું હોય એ લ્યો.

મુમુક્ષુ :- વિકલ્પને ઓળંગવો કેવી રીતે ?

પૂજ્ય ભાઈશ્રી :- નિર્વિકલ્પ સ્વરૂપનું આકર્ષણ વધી જાય, મહિમા વધી જાય તો વિકલ્પને ઓળંગવાની ચિંતા નથી, ઓળંગી જવાશે આપોઆપ ઓળંગી જવાશે. વિકલ્પથી વિરુદ્ધ જે છે સ્વભાવ. એ પોતે છે. પોતાને ઓળખે ને એનો મહિમા આવે તો વિકલ્પનું ઉલ્લંઘન થઈ જશે, અતિક્રાંત થઈ જશે. વિકલ્પ છોડવો એવી ચિંતામાંથી વિકલ્પ છૂટવાનો નથી. કેમકે વિકલ્પ છોડવો એવી ચિંતા એ સ્વયં વિકલ્પ છે. લ્યો ! અને એવી રીતે નાસ્તિનો વિષય છૂટતો નથી. અને એવી રીતે નાસ્તિના વિષયને વળગે તો ઇ ચીકણા ગુંદાનો જેવું છે. જે આંગળાથી છોડવા જાય એને ચોંટે. ગુંદાનો ચીકણો હોય છે ને ઠળિયો. આંગળે ચોંટ્યો હોય અહીંથી છૂટે તો અહીં લાગે, અહીંથી છૂટે તો અહીં લાગે. વિકલ્પને છોડવા જાય તો એ વિકલ્પ, વિકલ્પને છોડવા જાય

તો એ વિકલ્પ. કરું એ વિકલ્પ ને છોડું એ પણ વિકલ્પ. ચીકણા ગુંદા જેવું છે. એનાથી લુખ્ખો જે સ્વભાવ એ પોતે છે એને ઓળખે તો એને સ્વયં ખ્યાલ આવે કે ઓહો ! હું તો નિર્વિકલ્પ સ્વરૂપે કરીને જ નિર્વિક્લ્પ છું. નિર્વિકલ્પ થવું ઇ ક્યાં મારા સ્વરૂપમાં છે ? નિર્વિકલ્પ થવું ઇ મારા સ્વરૂપમાં છે નહીં. કેમ ? કે ઇ તો હું છું જ. અને એમ રહી જવું અવસ્થામાં ઇ મારો સ્વભાવ છે. મારો સ્વભાવ છે એમાં શું કરવું ? સ્વભાવ ન હોય તો લાવવો પણ છે એને લાવવાનો પ્રશ્ન નથી. કરવાનો પ્રશ્ન નથી. આ રીતે એ પોતાના સ્વરૂપને જોવે એટલે એમાં લીનતા ઊભી થાય છે અને નિર્વિકલ્પતા આવે છે. છતાં ઇ નિર્વિકલ્પતા આવે છે કે નથી આવતી એની સામે જોવા રોકાતો નથી.

શુદ્ધઉપયોગ હુઆ નહીં હુઆ મત દેખ. ઇ ક્યાંથી કાઢ્યું છે ? એ તો ચિંતા કરે. વિકલ્પ છૂટતો નથી, નિર્વિકલ્પ થવાતું નથી. એમ તો થવાશે જ નહીં. ઇ વિધિ જ નથી એની. ઇ કામ કરવાની રીત કે પદ્ધતિ નથી. એ તો પોતે જેવો નિર્વિકલ્પ સ્વરૂપે છે, એનો સ્વભાવ નિર્વિકલ્પપણે પરિણમવાનો જેનો સ્વભાવ છે એનું ગ્રહણ થાય કે આવો જ છું. પતી ગયું. ગ્રહણ થવું જોઈએ. સ્વભાવનું ગ્રહણ. બન્ને બોલમાં એક જ સરખી વાત છે. સ્વભાવનું ગ્રહણ એમાં વિભાવનું છૂટવું છે. સ્વભાવના ગ્રહણ વિના કોઈ કાળે વિભાવનું છૂટવું નથી. વિભાવનું મમત્વ કરે એ તો વિભાવથી છૂટી જ શકે નહીં ત્રણકાળમાં. જે શુભરાગ આદિ કોઈપણ રાગનું મહિમા અને મમત્વ કરે એને તો છૂટવાનો પ્રશ્ન નથી. પણ બુદ્ધિપૂર્વક એ વાત સમજાણી કે એ મમતાનો વિષય નથી, મમતા કરવા જેવી નથી એની. નિરર્થક છે. એના ફળ છે ઇ ઝેરના ઝાડ છે. પોતે ઝેર છે. એ બધું આવી ગયા પછી અરુચિ એની ઉત્પન્ન થયા પછી ભેદજ્ઞાનમાં આવે, ભેદજ્ઞાનમાં આવીને નિર્વિકલ્પ સ્વભાવનું નિર્વિકલ્પભાવે ગ્રહણ થાય એટલે વિકલ્પ આપોઆપ છૂટી ગયો. ઉત્પન્ન ન થયો એનું નામ છૂટી ગયો. ઉત્પન્ન થતો બંધ થઈ ગયો. નિર્વિકલ્પ સ્વભાવમાં હુંપણાના જોરમાં તદાકાર પરિણામ, એકાકાર પરિણામ થઈ ગયું એટલે નવો ઉત્પન્ન થતો બંધ થયો. એને છૂટ્યો એમ કહેવામાં આવે છે. થયો એને છોડ્યો નહીં, જે થયો એને છોડી દીધો નહીં. થયો એ તો વ્યય થવાનો જ છે. ઇ તો એક સમયનું આયુષ્ય લઈને આવ્યો છે. બીજા સમયનું આયુષ્ય લઈને એકેય વિભાવ આવી શકતો નથી. એટલે કોઈપણ સમયે

છૂટે જ છે. દરેક વિભાવ કોઈપણ સમયે છૂટે જ છે. નવા સમયે નવો થાય છે, નવા સમયે નવો થાય, નવા સમયે નવો થાય છે. સ્થૂળ ઉપયોગ હોવાથી અસંખ્ય સમયે પકડાય છે અથવા જાડો પકડાય છે. પણ થાય છે બધો સમય સમયનો. એટલે કોઈપણ સમયે નવો ઊભો ન થાય એવી તન્મયતા ઊભી થાય વિરુદ્ધ સ્વભાવની, એટલે એને છોડ્યો એમ કહેવામાં આવે છે. છૂટ્યો એમ કહેવામાં આવે છે. ઓળંગી ગયો એમ કહેવાય છે.

થયો એને ક્યાં ઓળંગવો છે ? પણ એનો પક્ષ છૂટી ગયો એકત્વ તૂટી ગયું. ઉત્પન્ન ન થયો તો આત્માનો અનુભવ કરવાનો જે પરિણામ સ્વભાવ છે, એ જ્યાં સુધી વિકલ્પ ઉત્પન્ન થતો હતો ત્યાં સુધી થતો હતો એને અનુભવતો હતો હુંપણે. હવે ઉત્પન્ન ન થયો અને વીતરાગી પર્યાય રહી ગઈ, થઈ ગઈ તો એને અનુભવે છે કે હું વીતરાગ સ્વરૂપે છું. જે થાય એને અનુભવે. પર્યાયનો પર્યાય પોતાનો અનુભવ કરે એ એનો સ્વભાવ છે. અનુભૂતિ સ્વરૂપ છે, અનુભવવાનો સ્વભાવ એને કાંઈ મટી શકે એવું નથી. અમીટ સ્વભાવ છે. વિકલ્પ ઉત્પન્ન થતો હતો તો વિકલ્પને હુંપણે અનુભવતો હતો. વિકલ્પ ઉત્પન્ન જ ન થયો એટલે વીતરાગતા ઉત્પન્ન થઈ, તો એને અનુભવે છે વીતરાગપણે પતી ગયું. પૂર્ણ વીતરાગ સ્વરૂપને વીતરાગભાવે અનુભવમાં લેતા અનુભવજ્ઞાન વીતરાગભાવે પર્યાય રહે છે એનો અનુભવ રહે છે. તો રાગ ઊભો ન થયો એટલે એનો અનુભવ ગયો. રહ્યો નહીં, થયો નહીં જે નથી એનો શું અનુભવ થાય ? જે ઉત્પન્ન નથી એનો અનુભવ ક્યાંથી થાય ? અનઉત્પન્નનો અનુભવ થવાનો પ્રશ્ન રહેતો નથી.

૧૮૨. "**વિકલ્પો છોડું', 'વિકલ્પો છોડું' એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી.**' બધું ચોખ્ખું આવી ગયું. એકેએક વાત આવી ગઈ છે. કોઈ નવી વાત કરતાં નથી. આ તો બધું કીધેલું કહેવાય છે ખરેખર. '**એમ કરવાથી વિકલ્પો છૂટતા નથી. હું આ જ્ઞાયક છું.**' આવ્યું ? ક્યાંથી છૂટે છે કેવી રીતે છૂટે છે ? 'કે **હું આ જ્ઞાયક છું. અનંતી વિભૂતિથી ભરેલું તત્ત્વ છું. - એમ અંદરથી** મહિમા આવે અને **ભેદજ્ઞાન કરે તો તેના બળથી નિર્વિકલ્પતા થાય,** અને **વિકલ્પો છૂટે.**' વિકલ્પો ન ઉત્પન્ન થાય એને છૂટે એમ કહેવામાં આવે છે. ચોખ્ખે ચોખ્ખો વિષય છે ભેદજ્ઞાનનો.

અત્યારે તો ઇ દૃષ્ટિએ ઇ એક દૃષ્ટિએ બહુ સારો કાળ છે કે, એકેએક પ્રશ્નના

ઉત્તર છે. 'ગુરુદેવ' અને 'બહેનશ્રી' જેવા એવા ધર્માત્માઓ થયા કે કોઈ પ્રશ્નનો ઉત્તર નથી, ઇ લાવો એક પ્રશ્ન કે આ પ્રશ્નનો ઉત્તર આપી શક્યા નથી. પ્રયોજનના વિષયનો હો. સર્વજ્ઞના વિષયમાં કોઈ ફલાણો દ્રવ્ય-ક્ષેત્ર-કાળ ભૂતકાળવર્તી સર્વજ્ઞપણું હોય. પણ તારે જે પ્રયોજન છે તારા અનુભવનું, (એનો) એક પ્રશ્ન લાવો કે જેનો જવાબ નથી આવ્યો. આ એક એ દૃષ્ટિએ ઇ આ એક દૃષ્ટિએ બહુ સારો કાળ છે. જેને શોધવા નીકળ્યો છે એને તૈયાર માલ મળે એવું છે. પછી એનું શોધન પોતામાં પોતાના ભાવથી પોતાના માટે એનું શોધન કરવું પડે ને પુરુષાર્થ કરવો પડે ઇ બીજી વાત છે. પણ સાવ અજાણ્યો ને આંધળો થઈને ગમે ત્યાં ભટકે અને ગમે ત્યાં ભરાઈ ન પડે એના માટે તો ચોખ્ખી વાત છે. શું ? ક્યાંય ભરાઈ પડે નહીં, ક્યાંય ભટકી પડે નહીં કોઈ ક્યાંય આથડે છે, કોઈ ક્યાં ક્યાંય માની લે. ઇ પરિસ્થિતિ નથી રહી. જેને આત્મહિત કરવું છે, શોધવા-સત્યને શોધવાને નીકળ્યો છે એના માટે એ દૃષ્ટિએ બહુ સારો કાળ છે.

એટલી અભિવ્યક્તિ થઈ છે. આ વિષયમાં, એટલો સારો કાળ છે. વ્યક્ત થવો વિષયનો અધ્યાત્મનો અનિર્વચનીય વિષય વ્યક્ત થવો એ કોઈ સાધારણના કામ નથી સામર્થ્યવંતનું (કામ છે.)

મહાત્માઓ તો ઘણા થયા પણ બધા વ્યક્ત નથી કરી શકતા. પાછું એમ છે આ તો એ જાતના પુણ્ય લઈને આવેલા છે. વાણીનો યોગ, (વચનનો) યોગ.

મુમુક્ષુ :- નિર્વિકલ્પ અને અધ્યાત્મના વિકલ્પમાં...

પૂજ્ય ભાઈશ્રી :- વચનમાં ન આવી શકે, વચન અગોચરને વચન ગોચર કથંચિત કર્યું, ઘણું કર્યું છે. પોતે તો એમ કહે છે કે મેં પકડ્યું તે 'દિ કાંઈ આટલી સ્પષ્ટતા નહોતી આવતી. 'ગુરુદેવ'થી બોલાય નહીં, સાચું શાસ્ત્ર સામે રખાય નહીં, વાત સહન કરી શકે નહીં. વિટાળી વિટાળીને કહેવું પડે સત્યને પણ વિટાળી વિટાળીને-ગોપવી ગોપવીને કહેવું પડે. ભાવનાને દબાવવી પડે, કહેતા હતા. ભાવનાને દબાવી દબાવીને... આપણાથી કાંઈ સહન થાય એવું નથી. સત્યને દબાવવાનું સહન થતું નથી. પછી જાહેર કર્યું. પછી છૂટથી પછી તો કાંઈ બંધન રહ્યું નથી.

મુમુક્ષુ :- સત્યને દબાવવાનું શું કારણ ?

પૂજ્ય ભાઈશ્રી :- તોફાન કરે. લોકોને સાચું કહે સંપ્રદાયમાં એમ કહે કે આ

'સમયસાર'માં પરમ સત્ય છે, આ પીસ્તાલીસ ને તેત્રીસ એમાં બધી કલ્પના કરીને જોડીને વાત કરી છે. શ્રદ્ધા ભ્રષ્ટ થયા પછી બચેલી વાત છે. (આમ કહે તો) મારવા લ્યે ! શું કહે ? માર મારે. લોકો માર તો મારે પણ સાધુ માર મારે, કહેવાતા. સાધુ તો કોઈ માર મારે નહીં પણ કહેવાતા સાધુ માર મારે.

સત્ય તો એવું છે કે અસત્ય ઉપર પ્રહાર, સત્યને કહેવા જાવ એટલે અસત્ય ઉપર પ્રહાર થયા વિના રહે નહીં. અસત્ય ઉપર પ્રહાર થાય તો કષાયવાન જીવોને તો કષાય આવ્યા વિના રહેવાનો નથી. એ તો કષાયની પરિણતિમાં ઊભા છે. કષાય નહીં કરે તો શું કરશે. એટલે આ એક ઘર્ષણ ઊભું થાય છે સદાય આવા ઘર્ષણના પ્રસંગો ચાલ્યા છે, અને ચાલતા જ રહેશે. સત્ય ને અસત્યના ઘર્ષણના પ્રસંગો હંમેશા ચાલ્યા છે ચાલતા રહેશે.

'શ્રીમદ્જી'એ લીધું છે એમના જમાનામાં કે સાચી વાત સાંભળતા એમ કે પ્રાણ જાય એવું દુઃખ થાય છે. સંપ્રદાયના સાધુઓને પ્રાણ જાય એવું દુઃખ થાય છે. સાચી વાત આવે એટલે એનું તો જે મિથ્યાત્વ છે ઇ એનો પ્રાણ છે. એના ઉપર જ પ્રહાર થાય. આ ખોટું છે.

મુમુક્ષુ :– 'દિપચંદજી'ના વખતમાં લખી ગયા ને પોતે કે મારું કોઈ સાંભળતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :–મારું કોઈ સાંભળતું નથી આ લખતો જાઉં છું. સૂન નહીં શકતે. સૂણી નહોતા શકતા.

મુમુક્ષુ :– આપણને કામ આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :– હા ચોક્કસ વળી. કામ આવી ગયું. ઘણી વાતો તો બહુ જ સારી લખી છે... એમની અધ્યાત્મદશા, સિદ્ધાંતોનું જ્ઞાન બહુ...

૨૩૩. **'અંદરથી જ્ઞાન ને આનંદ અસાધારણપણે પૂર્ણ પ્રગટ થયાં તેને હવે બહારથી શું લેવાનું બાકી રહ્યું ?'** કે એને કાંઈ બહારથી લેવાનું બાકી રહેતું નથી. હવા-પાણી તો બહારથી લેવા કે નહીં ? હવા-પાણી લઈને જોઈએ છે સુખ ને પણ સુખ અંદરથી આવવા મંડ્યું. એ સુખને હવા-પાણીની જરૂર નથી. એક રજકણની એને અપેક્ષા નથી. હવા-પાણી તો અનંતા રજકણ છે. એક રજકણની એને અપેક્ષા નથી. એવું અંદરથી સુખ મળ્યું. સુખના સરોવરમાંથી સુખના હિલોળા શરૂ થયા એને

બહારના સુખનો કોઈ પ્રશ્ન, અપેક્ષાનો પ્રશ્ન રહેતો નથી. કોઈ બહારનું સુખ જ નથી એ તો પ્રત્યક્ષ દુ:ખ છે ખરેખર તો.

મુમુક્ષુ :- શ્વાસોચ્છ્વાસ પુદ્ગલ છે પોતે જ.

પૂજ્ય ભાઈશ્રી :- એ પુદ્ગલ છે ને એના તરફના વલણવાળો ભાવ એ તો દુ:ખ છે, સુખ ક્યાં હતું ? પૂર્ણ દશાની વાત લીધી છે. જે પરમાત્મદશા જેને દેવતત્ત્વ કહેવામાં આવે છે, દેવતત્ત્વ લીધું. એની વાત કરી છે કે, જેને અંદરથી એ પ્રગટ થયું. પૂરું જ્ઞાન પ્રગટ થયું એટલે કુતૂહલ ન રહ્યું. કેવળજ્ઞાનમાં કુતૂહલ નથી કેવળજ્ઞાનમાં વિસ્મયતા નથી, આશ્ચર્ય નથી. કેમકે કોઈ વસ્તુ ઓચિંતી અચાનક બનશે ત્યારે ખબર પડશે એ વાત કેવળજ્ઞાનને નથી. કુતૂહલ નથી કેમકે અજાણ્યા નથી. એક સમયમાં ત્રણકાળ, ત્રણલોકનું જ્ઞાન છે ત્યાં કોઈ એ પ્રકારની ચંચળતાનો પ્રશ્ન રહેતો નથી. કેમકે ધ્યાન છે એ નિશ્ચંચળદશા છે. એ ધ્યાન કોને ઉત્પન્ન થાય છે ? કે જેનું કુતૂહલ વિસ્મયતા આદિના પરિણામ ઠરી ગયા હોય એને થાય છે,.. આ તો પરિપૂર્ણ ધ્યાનદશા છે. એને કોઈ પ્રશ્ન રહેતો નથી. શ્રુતજ્ઞાનમાં એ તત્ત્વ ઊભું થઈ જાય છે, સર્વજ્ઞતાનો સ્વીકાર થયો એવું જે શ્રુતજ્ઞાન, સર્વજ્ઞ સ્વભાવનો સ્વીકાર થયો એવું જે શ્રુતજ્ઞાન એમાં એ તત્ત્વ શરૂ થઈ ગયું છે. વિસ્મય અને કુતૂહલના અભાવનો શ્રુત પરિણામ શરૂ થઈ ગયું છે એની પૂર્ણતા અહીંયાં થઈ છે દેવતત્ત્વમાં. વિશેષ...

**જે સ્વસન્મુખ ભાવમાં આત્મસ્વરૂપ પ્રગટ - સહજપ્રત્યક્ષરૂપ છે તે ભાવમાં પ્રત્યક્ષતા સહિત (સાથે) અભેદતા સધાય છે, તેથી તે ભાવમાં પરોક્ષપણાનો સહજ અભાવ થાય છે; અર્થાત્ ત્યાં અદ્વૈતભાવે અતિન્દ્રિય પ્રત્યક્ષપણે વર્તે છે. તેથી ભાવમાં નિજરસ - આત્મરસ ઉત્પન્ન થાય છે. અહો ! અનંત શાંત સુધા સાગરનો પરમ આદરભાવ - એ જ મહા વિવેક છે. પરમપદનો વિવેક / આદર થવામાં અન્ય વિકલ્પ શું ?**

**પરમાત્મપદ પ્રત્યેના ઉલ્લાસિત વીર્યથી દર્શન શુદ્ધિ છે વા સર્વ સિદ્ધિ છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૧૧)**

## તા. ૩૦-૧૧-૧૯૮૭, વચનામૃત–૨૩૩, ૨૩૪
## પ્રવચન નં. ૧૮૭

'બહેનશ્રીનાં વચનામૃત' પાનું ૮૦, ૨૩૩ બોલ.

પૂર્ણદશાનો મહિમા છે. **'અંદરથી...'** એટલે જ્ઞાન સ્વભાવમાંથી, આત્માની અનંત શક્તિના સત્ત્વમાંથી જે **'જ્ઞાન ને આનંદ અસાધારણપણે...'** અને પૂર્ણપણે **'પૂર્ણ પ્રગટ થયાં તેને હવે બહારથી શું લેવાનું બાકી રહ્યું ?'** જેને પોતાની શક્તિ સંપૂર્ણ ખીલી ગઈ એ સાધારણ નથી એટલે અસાધારણ કહ્યું. જગતમાં પૂર્ણ દશા વિશ્વના અનંત જીવોમાં છ મહિનામાં ૬૦૮ જીવોની છે. મોક્ષે જવાની. કેવળજ્ઞાન એના પ્રમાણમાં જ ઉત્પન્ન થાય ને. એ સર્વોત્કૃષ્ટ સંપૂર્ણ શુદ્ધ, સંપૂર્ણ નિરાવરણ અને પૂર્ણ પવિત્રદશા જેને પોતાના આત્મામાંથી ઉત્પન્ન થઈ, અંદરથી ઉત્પન્ન થઈ એટલે આત્મામાંથી ઉત્પન્ન થઈ જેમાં જ્ઞાન અધૂરું ન રહ્યું, જેમાં આનંદ પરમાનંદપણે પરિપૂર્ણ પરમાનંદપણે પ્રગટ થયો. જેને કોઈ અતૃપ્તભાવ ન રહ્યો. અનંતમા ભાગે ઇચ્છાનો વિકલ્પ ન રહ્યો, કોઈ વિકલ્પ નહીં, કોઈ ઇચ્છા નહીં. પરમશાંત પૂર્ણ શાંત દશામાં જે સ્થિર થઈને જામી ગયા. એને બહારથી કાંઈ શું લેવાનું રહે છે ? કાંઈ લેવાનું રહેતું નથી એ બતાવવા માટે પ્રશ્ન કરે છે. એને શું લેવાનું રહે છે ? જેની પાસે પૂર્ણ આનંદ છે, જેને પૂર્ણ જ્ઞાન પ્રગટ છે એને બહારથી શું લેવું છે ?

આમ તો જેને બહારથી કાંઈક લેવું છે અથવા જેને બહારથી સુખ લેવું છે, એ ભલે એવા પરિણામ કરે કે મારે આ ચીજ જોઈએ, તે ચીજ જોઈએ, ફલાણું જોઈએ, ફલાણું જોઈએ ને એ બધું જોઈએ એમાં સુખ મળે, થઈ જશે, આવી જશે. એને પણ કોઈ ચીજ મળતી નથી અને એ ચીજ એને મળતી નથી તેથી સુખ પણ એને મળતું નથી.

એક દ્રવ્ય બીજા દ્રવ્યને મળતું નથી. એક દ્રવ્ય બીજા દ્રવ્યને મળતું નથી એટલે મારું દ્રવ્ય બીજા દ્રવ્યને પહોંચતું નથી, બીજો કોઈ પરમાણુ કે બીજો કોઈ જીવ આ દ્રવ્યને આવીને મળતો નથી. તેથી ભિન્નપણે હું રહું છું, સદા સર્વદા સૌથી સર્વથી

હું નિર્લેપ રહું છું એવો અનુભવ કરવો રહ્યો. એવા અનુભવથી એમ કહ્યું કે એક દ્રવ્ય બીજા દ્રવ્યને મળતું નથી. એટલે અમસ્તુ પણ વસ્તુનું સ્વરૂપ અથવા વસ્તુ વ્યવસ્થા એવી છે કે કોઈને કાંઈ બહારથી લેવાનું હોતું જ નથી.

જો કે જગતના તમામ ઝઘડા, જગતની તમામ તકરાર અને જે કોઈ વિગ્રહ થયા, વિશ્વયુદ્ધ પર્યંતના વિગ્રહો થયા એ તમામનું મૂળ તો બહારથી લેવા માટે છે. ચીજ એક છે અને લેવી છે બેને. બેમાંથી એકેય લઈ શકે છે એ વસ્તુની વ્યવસ્થામાં તો નથી. કઈ ચીજને લઈને-સાથે લઈને કોણ ગયો ? કોઈ રહ્યા તો નથી, શાશ્વત તો કોઈ રહ્યા નથી. જે ગયા તે કઈ ચીજને સાથે લઈને ગયા ? લેવાના પરિણામ કરીને ભલે ગયા. લેવાના પરિણામ કરતાં પૂર્વ પૂણ્યના યોગે સંયોગ થયો ત્યારે એણે એમ માન્યું કે મને પ્રાપ્ત થઈ ગયું, મને મળી ગયું અને એ મમતાના પરિણામ લઈને ભલે ગયા હોય. પણ ચીજ કઈ સાથે લઈને ગયા ? કોઈ ચીજ કોઈ સાથે લઈને જતું નથી. એનો અર્થ કે કોઈને કોઈ દ્રવ્ય મળતું નથી. એટલે બહારથી કાંઈ લેવાનું હોતું જ નથી. આ જ્ઞાન સમ્યક્‌જ્ઞાન, સમ્યક્‌દર્શનના કાળમાં, સમ્યક્‌દર્શનના કાળમાં આવું સમ્યક્‌જ્ઞાન પ્રગટ થાય છે. કેવળજ્ઞાન થતાં તો એ સ્થિતિ પ્રગટ થઈ કે હવે એ પરમાત્માને જગતમાંથી કાંઈ લેવા દેવાનો વિકલ્પ સુદ્ધાં રહ્યો નથી. અસ્થિરતાનો વિકલ્પ નથી. જ્ઞાનીને અભિપ્રાય નથી પણ અસ્થિરતાનો વિકલ્પ થાય છે, એટલું દુઃખ છે એટલો દોષ છે. તેને પણ એ પોતાના જ્ઞાનના આધારે, જે જ્ઞાન ભિન્નતાનું થયું છે એના આધારે પુરુષાર્થ કરીને ટાળે છે.

બહારથી લેવાનું કાંઈ હોતું નથી. હોતું નથી એવી શ્રદ્ધા-જ્ઞાન-આચરણની પુરુષાર્થની સ્થિતિ થતા બહારથી લેવાનો ભાવ અંશે પણ રહ્યો નહીં. તેથી તે સર્વથા વિકલ્પથી રહિત થયા, નિર્વિકલ્પ થયા. નિર્વિકલ્પ દશા પ્રથમ સમ્યક્‌દર્શનના કાળમાં ઉત્પન્ન થઈ, પછી અવારનવાર, અનેકવાર તે નિર્વિકલ્પદશા થાય. કહેવાય બધી નિર્વિકલ્પદશા તોપણ તારતમ્ય ભેદે ગુણસ્થાન અનુસાર તે નિર્વિકલ્પતામાં જે એની તારતમ્યતા છે, એની અવગાઢતા છે, એની તીવ્રતા છે એમાં ફરક છે. Quality માં ફરક નથી. જાત એકસરખી છે એટલે બધાને નિર્વિકલ્પદશા કહેવાય. છતાં ચોથા ગુણસ્થાનમાં અને પાંચમાં ગુણસ્થાનની નિર્વિકલ્પદશા (વચ્ચે ફેર છે). ચોથા ગુણસ્થાને જઘન્ય છે, પાંચમાં ગુણસ્થાને વિશેષ છે, સાતમા ગુણસ્થાને મધ્યમ કક્ષાની છે. સાતમા

આઠમા નવમા પછી દસમાંથી ઉપર ઉપરની દશામાં ઉત્કૃષ્ટદશામાં જીવ આવે છે.

અહીંયાં નિર્વિકલ્પ એવા થયા, જે વીતરાગદેવ થયા, પરમાત્મા થયા, જેને દેવત્વ-દેવપણાનું વિશેષણ લાગુ પડે એવી વિશેષતા પ્રગટ કરી. તે થયા તે થયા. '**નિર્વિકલ્પ થયા તે થયા,...**' એવી નિર્વિકલ્પતા પ્રગટ થઈ કે થયા તે થયા પછી એમાંથી '**બહાર આવતા જ નથી.**' એવી નિર્વિકલ્પ દશામાંથી તે આત્માઓ સદાને માટે બહાર આવતા નથી. સદાય નિર્વિકલ્પ પરિપૂર્ણ જ્ઞાન અને આનંદની ધારાવાહી દશામાં (રહી જાય છે). ભલે દશા સમય સમયની છે તોપણ એકસરખી ધારાવાહી પૂર્ણદશામાં એ બિરાજમાન રહે છે.

આ વાત કરવાનું કારણ શું ? કે પોતાને એવું થવાની ભાવના છે તે. પોતાને એવું જ થવાની ભાવના છે. પોતાની એ ભાવનાનો વિષય છે. પોતાના એ ધ્યેયનો વિષય છે, પોતાના આદર્શનો વિષય છે. એટલે એ વાત આવે છે એની મુખ્યતા છે. અને એ વાત બહાર આવતા મોક્ષ તત્ત્વને વિશે જેનો વિપરીત અભિપ્રાય હોય એ એને ફેરવવો હોય તો ફેરવવાનું એને કારણ બને છે, નિમિત્ત બને છે કે મોક્ષ તો આવો હોય. આથી બીજા પ્રકારે કોઈ મોક્ષ હોઈ શકે નહીં.

જૈનદર્શનમાં મોક્ષતત્ત્વનું જેવું સ્વરૂપ કહ્યું છે એવું મોક્ષતત્ત્વનું સ્વરૂપ કોઈ અન્ય દર્શનને વિશે પ્રતિપાદન કરેલું જોવામાં આવતું નથી. Challange મારીને કહી શકાય એવી વાત છે. આત્માને જ્યાં છેલ્લે રહેવાનું સ્થાન છે તે મોક્ષતત્ત્વ છે. 'સાદિ અનંત અનંત સમાધિ સુખમાં, અનંતજ્ઞાન અનંતદર્શન સહિત જો.' એ દશાનો વિષય સ્પષ્ટ કર્યો તો એથી પ્રતિપક્ષનો જે વિષય બંધતત્ત્વનો છે એ પણ જૈનદર્શનમાં છે એવું બંધતત્ત્વનું સ્વરૂપ ક્યાંય છે નહીં.

મુમુક્ષુ :– બન્ને પડખાં સાંગોપાંગ છે.

પૂજ્ય ભાઈશ્રી :– બિલકુલ સ્પષ્ટ. સાંગોપાંગ, તર્કશુદ્ધ, ન્યાયશુદ્ધ અને અનુભવ સિદ્ધ. કહેનારે અનુભવ સિદ્ધ વાત કરી છે. આમ બંધ છે. ઉપયોગ પરપદાર્થમાં પ્રતિબદ્ધપણાને પામે, બદ્ધપણાને પામે એટલે કે અટકે એટલે કે બંધાય, સંબંધ પામે એને બંધ-ભાવબંધ કહેવામાં આવે. પછી પરમાણુ તો આપોઆપ એના ધર્મ પ્રમાણે કર્મ પરમાણુનો બંધ છે. પણ એ તો પરદ્રવ્ય છે, એ કાંઈ સ્વદ્રવ્ય નથી. અને એક દ્રવ્ય બીજા દ્રવ્યને મળતું નથી.

મુમુક્ષુ :– મૂળ તો આધાર ભાવબંધ ઉપર જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હાસ્તો, બધો આધાર ભાવબંધ ઉપર છે. એટલે પોતાના ઉપાદાનના પરિણામ ઉપર છે એનો અર્થ એમ છે. ઉપાદાનના પરિણામ ઉપર છે. આ તો જીવને અજ્ઞાનદશામાં અજાણપણે પુણ્ય સંચય કરવાનો લોભ હોય છે. માને છે કે હું ધર્મ કરું છું પણ એમાં ખરેખર તો પુણ્ય સંચય થાય છે. જે મોક્ષનું કારણ નથી પણ સ્વર્ગાદિનું કારણ છે, એવા જે પુણ્ય ભાવો. હું ભવિષ્યમાં પણ ક્યારેય દુઃખી ન થાવ, બીજા ભવમાં પણ હું દુઃખી ન થાવ અને સુખી ને સુખી રહ્યા કરું, એટલા માટે હું પુણ્ય કરું, હું દયા પાળું, હું દાન આપું, હું યાત્રા કરું, હું પૂજા-ભક્તિ કરું, આ કરું, આ કરું, આ કરું એમ જીવને થાય છે. નીચે લેશે, કે કલ્યાણ કરવું છે એ ભાવના કરી અને શુભભાવ કરીને અટકી ગયો. કલ્યાણ કરવા માટે એણે શું કર્યું ? કે એકલા શુભભાવ કર્યા. શુભ ઉપયોગે પરિણમ્યો, એકલા શુભભાવ કર્યા અને જન્મ-મરણ તોડવાનું જરા પણ કારણ સેવ્યું નહીં. આ ગડબડ રહી ગઈ.

મુમુક્ષુ :– જ્યાં સુધી પહોંચ હોય એ પ્રમાણે ચાલે ને.

પૂજ્ય ભાઈશ્રી :– હા. જો પોતે શોધક હોય,... પોતાને સદાય દુઃખથી મુક્ત થવું છે કે નહીં ? પૂરું સુખ જોઈએ છે કે નહીં ? આ અભિપ્રાય છે કે નહીં ? તો વિચક્ષણ જીવે એનું કારણ, એનું કાર્ય એ બધું સંશોધન કરીને નક્કી કરવું જોઈએ કે ન કરવું જોઈએ ? નહીંતર તો આમાં નવીન શું કર્યું એણે ? પુણ્ય સંચય તો અનંત વાર કર્યો. એના ફળમાં જે કાંઈ સંયોગો ઊભા થયા ત્યારે પાપ સંચય પણ પાછો એટલો જ કર્યો. કેવી રીતે રોકી શકે ? પરદ્રવ્યમાંથી સુખ લેવાની રુચિ હોય અને પરદ્રવ્યના જે પાંચ ઇંદ્રિયના વિષયોની ઉપલબ્ધિ હોય એ પરિણામને રોકે કેવી રીતે ? એનાથી રોક્યા રોકી શકાય નહીં. એ પરિસ્થિતિ ઊભી થાય છે. એટલે એને પાપ નથી કરવું એવો અભિપ્રાય કામમાં આવતો નથી.

કોઈ જીવ એમ વિચારે કે અમે તો અત્યારે છે ઇ પણ છોડવા માગીએ છીએ, છોડીને બેઠા છીએ. ત્યાગી થઈ જાય, સાધુ થઈ જાય, દીક્ષા લઈ લે. ક્યાં અમારે પુણ્ય ભોગવવું છે. આ છોડ્યું લ્યો. ત્યાગ કરી દીધો. પણ જેને પુણ્યભાવ રુચે છે, જે ત્યાગ કર્યો એ ભાવ રુચ્યો એ આજે નહીં ને કાલે પુણ્યના ફળમાં આસક્ત થઈને પાપ બાંધ્યા વગર રહી શકશે નહીં. પોતાના પરિણામ પોતે નહીં રોકી શકે. એટલે

ભગવાને ત્રીજો રસ્તો પકડ્યો અને ત્રીજો રસ્તો બતાવ્યો. જો આ બન્ને પુણ્ય પાપના દ્વંદ્વમાંથી તારે છૂટવું હોય, આ ચક્કરમાંથી તારે છૂટવું હોય તો એક બીજો શુદ્ધતાનો રસ્તો છે, શુદ્ધ પરિણામનો રસ્તો છે. વીતરાગતાનો રસ્તો છે એ વીતરાગ માર્ગે તું ચડ અમે એ માર્ગે ચાલ્યા, તું એ માર્ગે ચાલ તો તારો સંસાર છૂટે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. એ માર્ગ છે આ નિર્વિકલ્પ થવાનો.

'**નિર્વિકલ્પ થયા તે થયા** પછી **બહાર આવતા જ નથી.**' એવો પૂર્ણ દશાનો મહિમા છે, મહત્તા છે એની કે પછી એમને બહાર આવવાનું રહેતું નથી. એટલે કોઈ પરમાત્મા ફરીને અવતાર ધારણ કરે છે એ વાત રહેતી નથી. અથવા કોઈ દેવ થઈને પરમાત્મા થઈને લ્યે-દ્યે છે, ભક્તોની ભીડ ભાંગે અને અભક્તો હોય, દુષ્ટો હોય એને કાંઈ શિક્ષા કરે એ પરિસ્થિતિ હોતી નથી. એ ૨૩૩ દેવ મહિમાનો બોલ છે.

**મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે. અનંત કાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યાં, પણ વિવિધ શુભ ભાવો કરી તેમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો. કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ. ૨૩૪.**

૨૩૪. '**મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે.**' હવે મુમુક્ષુજીવને ભૂલ ન થાય એના માટે આ વાત છે. કોઈ મુમુક્ષુએ એમ માની લેવું ન જોઈએ અથવા કોઈ સાધક, જે કોઈ આત્માનું સાધન કરવા માગે છે, સાધક થાય છે અથવા સાધક થયો હોવાનું માને છે કે હું આત્માને સાધનારો છું અથવા મારું કલ્યાણ સાધનારો છું, એણે કદી પણ એમ ન માનવું જોઈએ કે મેં ઘણું કર્યું છે. મારે કરવાનું ઘણું બાકી છે. આમ એણે માનવું જોઈએ. મારે કરવાનું ઘણું બાકી છે એ એણે માનવું જોઈએ. કેમકે સમ્યક્દર્શન ભલે મહિમાવંત દશા છે તોપણ મોક્ષમાર્ગની એ જઘન્યમાં જઘન્ય દશા છે. એ તો હજી પહેલું પગથિયું છે. હજી તો ઘણો પુરુષાર્થ બાકી છે, મુનિદશાની તો કોઈ અપૂર્વ વાત છે અને ત્યાંથી

શ્રેણી માંડવી એ તો બહુ મોટા ગજબના પુરુષાર્થનો વિષય છે.

એમ પોતાના ધ્યેય સુધી જ્યાં સુધી પહોંચવું છે, ત્યાં સુધીનો આખો માર્ગ નજરમાં રાખીને એણે એમ વિચારવું જોઈએ કે મારે તો હજી ઘણું બાકી છે. કલ્પના નથી, વાસ્તવિકતા છે કે, ખરેખર બાકી જ છે. કેમ આમ કહે છે ? કે અતિપરિણામીપણાનો દોષ આવે છે. જ્ઞાનમાર્ગે આગળ વધતા, 'શ્રીમદ્જી'એ એ વાત લીધી છે ને ? જ્ઞાનમાર્ગે, ક્રિયામાર્ગે અને ભક્તિમાર્ગે આગળ વધનારને લાલબત્તી ક્યાં ક્યાં મૂકી છે એમાં એક વાત લીધી છે-અતિપરિણામીપણું. અતિપરિણામીપણું એટલે હું ઘણો આગળ વધી ગયો છું, એવું એને ભાવમાં રહેવું. સ્પષ્ટ ભાષાએ તો એને અભિમાન કહેવાય, બીજું કાંઈ કહેવાય નહીં. એ દોષ છે. પણ જ્ઞાનનો ક્ષયોપશમ ખીલી જાય કે કંઈ ત્યાગાદિની વૃત્તિ હઠથી કરી શકતો હોય, કારણ કે યથાર્થ નથી એટલે હઠ છે એમ કહેવાય. યથાર્થતા હોય એને દઢતા કહેવાય, યથાર્થ દઢતા કહેવાય અને જેને યથાર્થતા ન હોય એને હઠ કહેવાય. તો જરાક હઠ સારી કરી શકતો હોય કે જરાક જ્ઞાનનો ઉઘાડ શાસ્ત્ર વાંચતા વાંચતા વધી ગયો હોય તો એને એમ થાય કે હું આગળ વધી ગયો છું. એની સામે આ બહુ સારો વિષય લીધો છે.

મુમુક્ષુ :– આ જે હઠ છે એનો આધાર ખોટો છે એટલે એવું થાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– આધાર એને વર્તમાન પરિણમન લીધું. વળી વર્તમાન પરિણમનનું ઠેકાણું નથી. મોક્ષમાર્ગની સાથે એને સરખાવવામાં આવે તો એના પરિણામના કોઈ ઠેકાણા નથી. પણ એને એમ થઈ ગયું છે કે મેં ઘણું કર્યું, હું ઘણું કરું છું અને મેં ઘણું કર્યું.

એને એમ કહે છે કે '**મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે.**' બીજી વાત એમાંથી સમજી લેવી. કે જેને મેં ઘણું કર્યું એમ લાગે છે એ આગળ વધવાનો નથી. કેમકે એણે જે કાંઈ કર્યું એનું એને અભિમાન થયું, એ આગળ વધવાનો નથી. તે અટકી ગયો, અટકી ગયો એટલું જ નહીં પણ ખરેખર ત્યાંથી પાછો પડવાનો તેણે રસ્તો પકડ્યો. હવે પાછો પડવાનો છે. આગળ ચાલવાનો નથી. એ પોતાનું સ્વલક્ષ છે એવા જીવ માટે આ બધી વાતો બહુ સુંદર વાતો છે.

જે સ્વલક્ષે પોતાની વિચારણા કરે છે અને જેને આગળ વધવું છે એને આ બધું

અમૂલ્ય માર્ગદર્શન છે. આનું મૂલ ન થાય. કેમકે જીવ પડવાના રસ્તેથી બચે, કોઈ ચઢાણ હોય છે યાત્રા કરવા જાય ત્યારે પર્વતના શિખરોના, પડે તો જાય ખીણમાં, આ હરવાફરવા જાય છે (ત્યાં) ખીણ હોય છે નીચે, છેલ્લો Point હોય પછી ત્યાંથી ખીણ હોય. અજાણ્યો હોય, ખબર ન હોય કે ક્યાં પગ મૂકતા ખીણમાં પડી જવાશે. નીચે પોલાણ છે એ તો કાંઈ ખબર પડે નહીં. એને એમ થાય કે ઠેઠ સુધી જઈ આવું. ઠેઠ સુધી જઈ આવું એટલે હવે પછી આગળ જવાનું મારે બાકી રહ્યું નહીં. એવો વિકલ્પ હોય કે હું હવે ઠેઠ સુધી જઈ આવ્યો છું, કાંઈ બાકી રહ્યું નથી. પણ હેઠો પડી જતા કોઈ એને બચાવે, ઇ ઠેઠ જવાનું સ્થાન નથી. ઇ હેઠ જવાનું સ્થાન છે ઠેઠ જવાનું નથી પણ હેઠ જવાનું છે. એને ખીણમાં જતો બચાવે તો એનો ઉપકાર કેટલો ! ત્યાં તો એક મૃત્યુ છે. અહીં તો અનંત જન્મ-મરણથી બચવાનો ઉપાય છે.

જે મિથ્યાત્વ-મેં ઘણું કર્યું, મેં ઘણું કર્યું, હું બહુ આગળ વધી ગયો, એવો જે મિથ્યાત્વભાવ એ આધાર લીધો, ત્રિકાળી દ્રવ્ય સામાન્યનો આધાર લેવાને બદલે, જ્ઞાતા-દૃષ્ટા સ્વભાવનો આધાર લેવાને બદલે એણે વિભાવનો આધાર લીધો એ મિથ્યાત્વ દૃઢ કર્યું, દર્શનમોહને વધાર્યો. એમાંથી બચાવવાની વાત છે. મિથ્યાત્વથી બચાવવાની વાત છે, અનંત જન્મ-મરણના કારણથી બચવાની વાત છે.

**'મારે કરવાનું ઘણું બાકી છે એમ માનનારને જ આગળ વધવાનો અવકાશ રહે છે.'** જો એમ ન માનતો હોય, એમ ન જાણતો હોય, એવા ખ્યાલમાં ન હોય, એવી સમજણમાં ન હોય તો એ જાણ્યે અજાણ્યે પણ એવી સમજણમાં છે કે મેં ઘણું કર્યું છે. એ આગળ નહીં વધે પણ પાછળ જશે. નિયમથી પાછળ જશે, ચોક્કસપણે અવશ્ય એ પાછળ જશે, જશે ને જશે.

કોઈ કહે કે એવું તો અમે નથી માનતા કે અમે બહુ આગળ વધી ગયા છીએ. પણ હું જાણું છું, હું સમજું છું, માર્ગ હાથ આવ્યા પહેલા એ પ્રકાર આવ્યો એ પણ એમાં જ જાય છે. એ તો પરિણામનો વિકલ્પ બીજો દેખાય છે. જાત એક જ થઈ ગઈ છે. વિકલ્પ એવો નથી કે મારે ઘણું કરવાનું (નથી), મેં ઘણું કર્યું છે, બાકી નથી, ઘણું કર્યું મેં, ઘણું કર્યું એમ વિકલ્પ ભલે એમ ન હોય. પણ હું જાણું છું, હું સમજું છું એ જ્ઞાન અપેક્ષાએ કર્યું, પેલું ક્રિયા અપેક્ષાએ કર્યું.

મુમુક્ષુ :– Practical sideમાં જોઈએ તો આ પ્રકાર...

પૂજ્ય ભાઈશ્રી :– હા, વિશેષ ક્ષયોપશમ થાય ત્યારે. ક્ષયોપશમ વિશેષ થાય ત્યારે (આવું થાય). એના માટે ‘શ્રીમદ્દજી’એ બહુ સારી વાત કરી છે કે, ભલે શાસ્ત્રજ્ઞાન અને શાસ્ત્ર વિષયની સમજણ વધી હોય, ક્ષયોપશમ વધ્યો હોય એટલે સમજણ વધી હોય પણ એમાં અહંપણું ન આવે અથવા મેં ઘણું જાણ્યું, મને ઘણું આવડે છે એવું ન આવે એને માટે એણે શું વિચારવું જોઈએ ? કે મારી દશામાં કોઈ અપૂર્વતા પ્રગટી નથી. જે સંપૂર્ણ નિરાવરણ થવું છે એનો અંશ પણ પ્રગટ્યો નથી ત્યાં સુધી આ જાણપણાની શું કિંમત છે ? તો ત્યાં એમણે લીધું છે કેમકે એમની શૈલી એવી છે કે ત્યાં સુધી એ જીવે પોતા માટે એમ વિચારવું કે મને આ બધું અભિમાન થાય છે. જ્યાં નિરાવરણદશાનો અંશ પ્રગટ્યો નથી અને અપૂર્વતા પ્રગટી નથી ત્યાં સુધી પોતે આગળ વધ્યો છે કે ઘણું કર્યું છે કે હું સમજું છું કે એવા કાંઈ પણ પરિણામ આવે તો મને સમજ્યાનું કે આગળ વધ્યાનું માત્ર અભિમાન વર્તે છે. એમ એણે પોતાનો દોષ પકડી લેવો. એક પત્રમાં એવી વિચારણાનો વિષય લીધો છે.

‘ગુરુદેવ’ તો બહુ સ્પષ્ટીકરણ આ વિષયમાં એવી રીતે કરતાં કે જે જ્ઞાન પરસત્તાને અવલંબે એ પરસત્તા અવલંબી જ્ઞાન તે જ્ઞાનની જાતમાં જ અમે તો ખતવતા નથી. અધ્યાત્મનો વિષય એવી રીતે ઉપાડતા કે પરસત્તા અવલંબી જ્ઞાન તે જ્ઞાન નહીં. આધાર દેતા હતા-‘ટોડરમલજી’ની રહસ્યપૂર્ણ ચીઠ્ઠીનો. પરસત્તા અવલંબી શબ્દ એમણે વાપર્યો છે. કોઈ જ્ઞાની પરસત્તા અવલંબી જ્ઞાનને સાધન જ્ઞાન, એ જ્ઞાનનું સાધન છે, જ્ઞાન સાધન છે એમ કહે નહીં, એમ માને નહીં. માને તો એ જ્ઞાની નહીં, કહે તો એ જ્ઞાની નહીં. જ્ઞાન હોવા છતાં જ્ઞાન નથી એમ કહી દીધું. ઠીક ! ઇ દોષ છે. જ્ઞાનનો એ વિભાવ છે.

સ્વસત્તાને અવલંબવું, જ્ઞાનથી સ્વસંવેદનભાવમાં રહીને સ્વસત્તાને અવલંબવું એ જ્ઞાનનો સ્વભાવ ગુણ છે. અને પોતાની સત્તા છોડીને પરસત્તાને અવલંબવું એ જ્ઞાનનો વિભાવ છે. એટલે મોક્ષમાર્ગમાં આવ્યા પછી પણ જેટલો અસ્થિરતાને લઈને ઉપયોગ બહાર જાય છે તો એને નીંદે છે, એનો નિષેધ કરે છે. એને ગુણ માનતા નથી, એને સાધન માનતા નથી. પછી એ જ્ઞાનનો વિષય શાસ્ત્ર સંબંધિત જ્ઞાન હોય તોપણ અને એ જ્ઞાનનો વિષય દેવ-ગુરુ-શાસ્ત્ર હોય તોપણ. એમાં ઓછુંઅદકું તોળ્યું નથી. એક કાંટે બધી વાત તોળી છે. અશુભ વિષય, અશુભ ઉપયોગ થયો માટે દોષ થયો,

જે જ્ઞાન અશુભ વિષયમાં ગયું, પાપ સાથે જોડાણું, પાપ પરિણામ સાથે એણે યોગ કર્યો-જોડાણ કર્યું માટે તે નીંદાને પાત્ર છે. પણ આ તો શુભયોગ છે, શુભોપયોગ છે એમ વાત તોળી નથી. બહાર ગયો કેમ બસ ! બહારથી લેવાનું શું છે એ તો કહી દીધું. બહારથી કાંઈ લેવાનું નથી (તો) બહાર જાય છે શું કરવા ? દેવ-ગુરુ-શાસ્ત્ર પાસેથી તારું કાંઈ મળે એમ છે નહીં. તું બોધ લે. એમનું સ્વરૂપ જોઈને તું સ્વયં બોધને ગ્રહણ કર, બોધને અંગીકાર કરે બીજી વાત છે; પણ તને કાંઈ ત્યાંથી મળે કે તને આપી દે કોઈ, એ તો કોઈ વસ્તુના સ્વરૂપમાં નથી.

આ પ્રકારને એકમાં સંકેલી લીધો. વાક્યરચના એવી છે. એના પ્રતિપક્ષમાંથી કાઢ્યું કે કોઈ ક્રિયામાં આગળ વધવાનું, કોઈ જ્ઞાનના ક્ષયોપશમમાં આગળ વધવાનું, કોઈ ભક્તિભાવમાં આગળ વધવાનું કોઈ કાંઈ આગળ વધવાનું કોઈપણ પ્રકારે, ઇ બધાયને એકમાં સંકેલી લેવા માટે લાંબું પ્રવચન ન આવે, એકમાં સાથે લઈ લીધું કે મારે કરવાનું ઘણું બાકી છે. મારે કરવાનું ઘણું બાકી છે એમ માનવું રહ્યું, એમ જ માનવું જોઈએ. જો એને મોક્ષમાર્ગમાં આગળ વધવું હોય, મોક્ષની દિશામાં આગળ વધવું હોય તો એણે એમ જ માનવું. તો જ આગળ વધવાનો અવકાશ છે, તો જ જગ્યા છે. નહીંતર આગળ વધવાનો દરવાજો બંધ ને પાછળ જવાનો રસ્તો ખુલ્લો. કેવો ? ઢાળવાળો. બહુ પરિશ્રમ પડે નહીં ને એમનેમ હેઠો ચાલ્યો જાય. અલ્પ પ્રયાસે.

**'અનંત કાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યા,...'** અનંતવાર કર્યા છે. એમ કહે છે કે આત્માનું કલ્યાણ કરવાની ભાવના હોવી જોઈએ, તો એ તો એવી ભાવનાથી અમે કરતા હોય તો એવી જ ભાવનાથી કરીએ ને કાંઈ બીજી ભાવના થોડી હોય. ઇ (ડહાપણ) ન ચાલે કાંઈ. ઇ ભાવના બધી સમજવા જેવી છે. એ વાત ખોલે છે, એ વિષય ખોલે છે. આ વિષયમાં પણ જીવ ભ્રમણામાં ન રહી જાય (એટલા માટે આ વાત ખોલે છે). બહુ અસાધારણ ઉપકારનો વિષય છે.

**'અનંત કાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે' એવા પરિણામ જીવે ઘણી વાર કર્યા,...'** છે, અનંતવાર કર્યા છે. પણ એ પરિણામ કર્યા છે એ પરિણામ યથાર્થ પ્રકારે કર્યા નથી અથવા એ પરિણામમાં યથાર્થતા આવી નથી. એનો કોઈ પુરાવો ખરો ? એનું કોઈ લક્ષણ ખરું ? એ વાત સમજાય એવી કોઈ વાત સ્પષ્ટ ખરી ? કે હા

છે. એવો ભાવ કર્યા પછી એને તેં ભલે ભાવના માની, એવો ભાવ કર્યા પછી તેં શું કર્યું ? કે વિધવિધ પ્રકારના, વિવિધ પ્રકારના શુભભાવ કરીને અટકી ગયો. સંતોષાઈ ગયો એટલે અટકી ગયો. એ શુભભાવોથી આગળ વધીને શુદ્ધતામાં આવવાનો તેં પ્રયત્ન ન કર્યો, એ પ્રયત્ન ન વર્ત્યો, એ પ્રયત્નમાં તું આવ્યો નહીં, એ પ્રયત્નમાં તું ઉત્સાહિત થયો નહીં, એ દિશા તેં પકડી નહીં. એ એમ બતાવે છે કે તારો આત્મકલ્યાણ કરવાનો ભાવ કરવા છતાં તે ભાવ તેં યથાર્થ કર્યો નથી. છે બધી જોરદાર વાતો છે. નાડ પકડીને બતાવી છે.

નહીંતર તો એમ કહે કે આત્મકલ્યાણ કરવાનો જ અમારો ભાવ છે અને જેટલું શાસ્ત્ર વાંચન (આદી કરીએ છીએ એ) આત્માના કલ્યાણ માટે કરીએ છીએ. દેવદર્શન પણ આત્માનું કલ્યાણ કરવા માટે કરીએ છીએ. દયા, દાન, યાત્રા જે કાંઈ કરીએ છીએ એ બધું આત્માનું કલ્યાણ કરવા માટે. અમારે કલ્યાણ કરવું હોય તો જ કરીએ ને નહીંતર તો અમે શું કરવા કરીએ આ બધું, અમારે શું કરવા કરવું જોઈએ ? કલ્યાણ કરવું છે માટે કરીએ છીએ. ઊભો રહે તું ! કલ્યાણ કરવાવાળાને શુદ્ધતાનો પુરુષાર્થનો પ્રયાસ ચાલુ થાય છે. ત્યારે એની એ કલ્યાણ કરવાની ભાવના યથાર્થ છે અને સાચી છે. નહીંતર એ ભાવના યથાર્થ નથી એટલે કે ખોટી છે, ભ્રમણાયુક્ત છે. પોતે એ ભાવમાં છે એમ માનીને પોતાથી છેતરાય છે અને વંચનાબુદ્ધિએ પ્રવર્તે છે. વંચના એટલે પોતે પોતાથી છેતરાઈ જાય છે. આ બહુ સરસ બોલ છે.

**'અનંત કાળમાં 'મારે આત્માનું કલ્યાણ કરવું છે'...'** મારે મારું કલ્યાણ કરી લેવું છે **'એવા પરિણામ જીવે ઘણીવાર કર્યા,...'** એક ભવમાં ઘણીવાર કરે, વારંવાર કરે. અનંતકાળમાં તો અનંતવાર કર્યા છે એમાં પ્રશ્ન નથી પણ એક ચાલુ ભવમાં એને ઘણીવાર એવો વિચાર આવે, ઘણીવાર એવો વિકલ્પ-પરિણામ આવે (કે) મારે તો મારું કલ્યાણ કરવું છે, મારે તો મારું કલ્યાણ કરવું છે. પણ પોતે જ્ઞાન સ્વભાવની પ્રધાનતા કરી નહીં અને શુભરાગની પ્રધાનતા છોડી નહીં. આ મોટામાં મોટી જો કોઈ એણે ગડબડ કરી હોય તો આ કરી છે. ભાવ કર્યા પછી, પરિણામ કર્યા પછી જે ગડબડ કરી છે એણે આ કરી છે કે શુભની પ્રધાનતા છોડી નહીં ને સ્વભાવની પ્રધાનતા કદી કરી નહીં. સ્વભાવની શોધ કરી નહીં. શુભમાં રહ્યો, શુભમાં આવ્યો અને શુભયોગમાં રહ્યા છતાં એણે શુદ્ધતાની, શુદ્ધ સ્વરૂપની શોધ ચલાવી નહીં. નિર્ણયની

દિશામાં પ્રયત્ન કર્યો નહીં. એ પ્રયત્ન કર્યા વિના, સ્વરૂપની દિશાનો- સ્વભાવની દિશાનો પ્રયત્ન કર્યા વિના એણે જે કાંઈ કર્યું છે તે બધું ખોટે ખોટું જ કર્યું છે.

મુમુક્ષુ :- આ ભાવના છે તે વિકલ્પ-વિચાર છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :- નિશ્ચય વિચાર છે. કેમકે ભાવના એ બહુ મોટી વાત છે. કોઈપણ જીવને, જેમ મોક્ષનું મૂળ સમ્યક્દર્શન છે, મોક્ષમાર્ગમાં સમ્યક્દર્શન એ મોક્ષનું મૂળ છે, એમ એ સમ્યક્દર્શનનું મૂળ ભાવના છે. ભાવનામાંથી ઊભી થયેલી ચીજ છે. એ ભાવના તો બહુ મહત્વનો વિષય છે.

પોતે (પૂજ્ય બહેનશ્રી) તો ભાવનાનો વિષય અવારનવાર બહુ જોરથી લે છે. એ ભાવનાના વિષયમાં જો જીવ છેતરાઈ જાય તો પછી ક્યાં એને આરોવારો રહ્યો ? પછી તો એને બચવાની કોઈ જગ્યા રહેતી નથી. એને કહે છે કે અહીંયાં તું છેતરાણો, એનો તાળો મેળવવો છે તારે કે તું છેતરાણો છો કે નથી છેતરાણો ? બે વર્ષ થયા, પાંચ વર્ષ થયા કે પચ્ચીસ વર્ષ થયા, આ વાત–આ વિચાર, આ ભાવના કરતા કે મારે મારું કલ્યાણ કરવું છે, મારે મારું કલ્યાણ કરવું છે. એ ભાવના તારી ખરી છે કે ખોટી છે, સાચી છે કે ખોટી છે એનો કોઈ તાળો કે Proof મેળવવું છે ? તો આ તને આપ્યો લે ! સમજી લે. જો તું અનેક પ્રકારના વિધવિધ શુભભાવો કરવા લાગ્યો, એના ઉપર તારી ઘણી મુખ્યતા થઈ. ઘણી મુખ્યતા રહી એટલે એ છૂટ્યા નહીં. એમાં ને એમાં રચ્યોપચ્યો રહ્યો. કદાચ અશુભ થોડું ઘટાડ્યું હશે, શુભ થોડું વધ્યું હશે. પણ એની પ્રધાનતા ને મુખ્યતા રહી એનો અર્થ શું ? કે એનો અર્થ તેં અહીંયાં સર્વસ્વ માની લીધું છે.

અથવા બીજી રીતે લઈએ કે શુદ્ધતાની વાત તેં 'ગુરુદેવ'ના પ્રતાપે સાંભળી, બાકી તો સંપ્રદાયમાં તો ક્યાંય શુદ્ધતાની વાત નથી. એટલે એકલા શુભમાં રહી જાય બિચારા જીવો, એનો શું અફસોસ કરવો. એનો તો અફસોસ કરવાનો (રહેતો નથી). એની પાસે કોઈ વાત સાંભળવા મળે એવું નથી. પણ તેં વાત સાંભળી છતાં એ દિશામાં પ્રયત્ન ન કર્યો તો પેલામાં અને તારામાં શું ફેર રહ્યો ? ઊલટાનો તું વધારે ગુનેગાર છો. જવાબદારી તો તારી વધે છે. વાત સાંભળે એ મફતની વાત નથી, જવાબદારીની વાત છે. પેલા કરતાં આ વધારે દોષિત થઈ જાય છે. કેમકે સાંભળ્યા છતાં ગણકારતો નથી. પેલાને સાંભળવા મળ્યું નથી બિચારો શું કરે ?

એમ કહીને છૂટી શકે. આને સાંભળવા મળીને ગણકારતો નથી એટલે સીધી અવગણના કરે છે, ચોખ્ખી અવગણના કરે છે Direct-સીધેસીધી.

મુમુક્ષુ :– સજા મોટી થશે ?

પૂજ્ય ભાઈશ્રી :– સીધી વાત છે. જવાબદારીનો વિષય છે. Bank નો Chairman ભૂલ કરે તો Bank ખાડામાં જાય. મોટી સજા છે કે નાની સજા છે ? પટાવાળો ભૂલ કરે તો Bank ખાડામાં જાય ? Bank ખાડામાં ન જાય. એકાદું વાઉચર, ચેક આઘોપાછો થયો એટલું જ નુકસાન થાય ને આ તો આખી Policy જ ખોટી પડે એની. નીતિ એણે ઘડવાની છે.

મુમુક્ષુ :– મુનિ મહારાજ ધાગો રાખે તો મોટી સજા થાય, નિગોદમાં જાય. આપણે અહીંયાં કપડાં રાખીએ.

પૂજ્ય ભાઈશ્રી :– નિગોદ ન જાય, નિગોદ ન જાય. ગૃહસ્થને ચક્રવર્તી પર્યંતનો ઉત્કૃષ્ટ પુણ્યનો પરિગ્રહ હોય, ઇંદ્રને ઇંદ્ર જેટલો ઉત્કૃષ્ટ પરિગ્રહ હોય પણ સમ્યક્દૃષ્ટિ હોય (તો) મોક્ષે જાય. દીક્ષા અંગીકાર કરીને એક તાણોવાણો રાખે અને સાધુપદ મનાવે (તો) નિગોદમાં ચાલ્યો જાય. 'ગુરુદેવ' તો બહુ સ્પષ્ટ કરતા. અરે..! ભગવાન ! આ કાકડીના ચોરને ફાંસીની સજા આપો છો. બાપુ ! કાકડીનો ચોર નથી. આ તો જિનેશ્વરના માર્ગને લૂંટે છે. ઉન્માર્ગને માર્ગ સ્થાપે છે એ લૂંટે છે. એ ભગવાનના માર્ગ ઉપર ઘાત કરે છે માટે એની મોટી સજા ગણવામાં આવી છે. ઉપર ઉપરથી મોટો દોષ ન દેખાતો હોય પણ એ દોષ કેવડો છે એ સમજવું, માપવું એ જુદો વિષય થઈ જાય છે.

એ સર્વસ્વ શબ્દ લીધો છે એમાં મર્મ છે. '**પણ વિવિધ શુભ ભાવો કરી...**' અનેક પ્રકારના શુભભાવ તો કર્યા. કેમકે એ ભાવ થયો કે મારે કલ્યાણ કરવું છે. એટલે અનેક પ્રકારના શુભભાવ તો થયા. થયા એને કર્યા એમ માન્યું, કેમકે કર્તૃત્વબુદ્ધિ છે કે મેં આ કર્યું... મેં આ કર્યું... મેં આ કર્યું... પણ એમાં સર્વસ્વ માનીને ત્યાં સંતોષાઈ ગયો. કેમ ત્યાંથી બહાર નીકળીને શુદ્ધતામાં ન આવ્યો ? કે એને જે મુખ્યતા હતી એમાં સર્વસ્વ માન્યું હતું. સર્વસ્વ માને તો જ ત્યાં અટકે. સર્વસ્વ ન માનીને કરવાનું બાકી બીજું છે એમ માને ઇ ત્યાં અટકે નહીં. આ સીધી વાત છે.

ત્યાં સંતોષાઈ ગયો. સંતોષાઈ ગયો, જ્યાં કોઈપણ પરિણામ વિષયક સંતોષ

ઊભો થાય ત્યાં દર્શનમોહ તીવ્ર થઈ ગયો છે એ પૂછવાની કે સાબિત કરવાની જરૂર નથી. દર્શનમોહ તીવ્ર થઈ ગયો છે. દર્શનમોહના પ્રકરણનો આ એક મુખ્ય મુદ્દો છે કે સંતોષ થવો. કોઈ એમ કહે કે સંતોષાઈ ગયા હોય એવું તો ક્યારેય નથી લાગતું. એવો તો કાંઈ વિચાર નથી આવ્યો કે સંતોષાઈ ગયો. તો સંતોષ તો ન થયો ગણાયને ? તો કહે છે, ઊભો રહે ! હજી બીજા છે, એના સંતોષના લક્ષણ બીજા છે. અપલક્ષણના પણ લક્ષણ હોય છે. શું કહે છે ?

સંતોષ થયો એ કેવા કેવા પ્રકારે થયો ? પોતે જે કાંઈ શુભભાવ કરે એની ભૂલેચૂકે જો ગણના કરે તો એ સંતોષનો પ્રકાર છે. એની ગણતરી કરે કે મેં આટલું કર્યું, મેં આટલું કર્યું. અત્યાર સુધીમાં આટલી ક્રિયા કરી, અત્યાર સુધીમાં આટલી પૂજા કરી, અત્યાર સુધીમાં આટલા શાસ્ત્રો વાંચ્યા, અત્યાર સુધીમાં આટલું દાન દીધું, અત્યાર સુધીમાં આટલું, આટલું, આટલું, આટલું આટલું, આટલું વિવિધ પ્રકારે આટલું કામ કર્યું. આટલા મંદિર બાંધ્યા, આટલું ફલાણું કર્યું (એમ) ગણના કરી. આ બીજા વેશમાં સંતોષ આવીને ઊભો રહ્યો. તું ન ઓળખ તો તું જાણ, બાકી છે એ સંતોષ, બીજું કાંઈ નથી.

મુમુક્ષુ :– ગણતરીમાં રોકાણો.

પૂજ્ય ભાઈશ્રી :– ગણતરીમાં ગયો એ સંતોષાણો. સંતોષ થાય ત્યારે જ એને ગણતરી થાય, નહીંતર એને ગણતરી થાય નહીં. એ સંતોષનો જ વેશ છે.

**'કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ.'** મૂળ આ વિધિનો બોલ છે. આત્માનું કલ્યાણ કરવું છે એની ખરી ભાવના હોય, એની સાચી ભાવના હોય તો ભાવનાનું એવું સ્વરૂપ છે, ભાવનાના પરિણમનમાં એ એક પ્રકાર છે કે એની ભાવનાનો અવરોધક કોઈપણ ભાવ એને ઊભો થાય તો એને તરત ખબર પડે-Light થાય. કેમકે ભાવના પ્રયોજન સાથે સીધો સંબંધ ધરાવે છે. જગતમાં પણ પ્રયોજનના વિષયમાં કોઈને સમજાવવું પડતું નથી. સીધું કે આડકતરું નુકસાન થાય એટલે સીધો છલાંગ મારે એને રોકવા માટે. ઊભો ન રહે, વિચાર ન કરે પણ સીધો ઝડપ કરે કે, આ મારા પ્રયોજનનું બાધક છે.

એમ અહીંયાં ભાવનાનું-સાચી ભાવનાનું એ એક લક્ષણ છે કે ભાવનાને કોઈ બહારનું તો રોકી શકતું નથી. કોઈ અનુકૂળતાઓ બહારમાં રોકી શકતી નથી, કોઈ

પ્રતિકૂળતાઓ બહારમાં રોકી શકતી નથી. અનુકૂળતાઓ લપટાવી શકતી નથી, પ્રતિકૂળતાઓ એને ખેંચી જઈ શકતી નથી. બન્ને કાળમાં ભાવના તો ભાવનાપણે એકદમ ઉત્કૃષ્ટ થતી જાય છે. ભાવનાને કોઈ પ્રતિબંધ છે, ભાવનાને કોઈ અવરોધ છે તો એ પોતાના જ પરિણામનો છે.

સાચી ભાવનાવાળાને પોતાના ભાવના વિરુદ્ધ પરિણામ જે છે એ એને સીધા ખટકે. જેમ આંખમાં કણું ખટકે એમ સીધા અંદરમાં ખટકે. ખટક મારે. એ જે ભાવના છે... એને વિધિ પકડાય છે એનું શું કારણ છે ? અહીં મુદ્દો આ બાજુ લઈ જવો છે. છેલ્લું જે વચન છે કે એ જીવે કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહીં. કોઈ બચાવ કરે કે શું કરે બિચારો અનાદિથી અજાણ્યો છે, સાચી વિધિ તો જાણતો જ નથી. ન જાણે તો શું કરે ? ઇ તો ભૂલમાં આવી ગયો. ભૂલમાં આવી ગયો શું કરવું પણ શું ? કેમકે અનાદિનો અજ્ઞાની અજાણ્યો છે. તો કહે છે, એમ નથી.

ભાવનાનો વિષય એવો છે કે જે જીવ ભાવનામાં આવે એ જીવ વિધિએ ચડે છે. એ જીવ કાર્ય કરવાની કલ્યાણ કરવાની સાચી વિધિએ ચડે છે અને એ જીવ કલ્યાણ કરવાની ખોટી વિધિ-અવિધિ એમાં એ અવળે રસ્તે ચડતો નથી, એ રસ્તે જતો નથી. એમ થવાનું શું કારણ છે ? કે એની ભાવનાના અવરોધક પરિણામ છે એ સીધા એને ખટકે છે. આ શીખવાનો વિષય નથી. આવું કોઈ શિખવાડે અને શિખે એ વિષય નથી આ. આ તો અંદરથી નિર્દોષ પરમાત્મા ખટક મારે છે. પોતે નિર્દોષતાનો પિંડ છે કે નહીં ? નિર્દોષતાનો પિંડ છે. પરિપૂર્ણ નિર્દોષ અવસ્થા જેવું સ્વરૂપ છે એવી ભાવના થઈ છે જેને, એને એ ભાવનાના અવરોધક ભાવ ઉપર અંદરથી આત્મા એનો ખટક માર્યા વગર રહે નહીં. આ બહુ કુદરતી વ્યવસ્થા છે. વસ્તુની જ વ્યવસ્થા છે આ. સ્વયં જ તે. એ વાત કોઈની શિખડાવી આવડે છે એવું નથી.

મુમુક્ષુ :– ગુરુદેવશ્રી આ બોલ્યા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– 'ગુરુદેવશ્રી'એ જ આ બધું સ્પષ્ટ કર્યું છે. આપણે તો કીધેલું જ કહીએ છીએ. સીધી વાત છે.

મુમુક્ષુ :– જાણકારી ન હોય તો કાંઈ નહિ ભાવના રાખવી.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભાવના રાખ્યા કરવી અને એ વિશે ખાસ કરીને આ

ગ્રંથ જોતા 'બહેનશ્રી'ના પ્રવચનમાં વિશેષ આવેલી છે. ભાવનાનો વિષય વિશેષ આવેલો છે. એટલે 'ગુરુદેવશ્રી'ને પણ આ પુસ્તક વાંચીને વધારે ભાવ આવ્યા છે. ખૂબ પ્રશંસા કરી. ભાવ આવ્યા છે એટલે ખૂબ પ્રશંસા કરી. એનું કારણ એ છે કે ભાવનાનો વિષય બહુ સુંદર રીતે પાછો, જે રીતે ઉઠાવ્યો છે, જ્યાં જ્યાં ઉઠાવ્યો છે, બહુ સારી પદ્ધતિ આવી છે.

મુમુક્ષુ :- ભાવના માર્ગ કરી દેશે.

પૂજ્ય ભાઈશ્રી :- માર્ગ કરી દેશે. ૨૧મો બોલ છે ને. ૨૧મો બોલ લીધોને. બહુ જોરથી વાત લીધી છે. ભાવનાના તો ઘણા બોલ છે. આપણે તારવ્યા છે, હોં ! ૨૧મા બોલમાં તો એટલું બધું જોર માર્યું છે કે ચૌદ બ્રહ્માંડની તાકાત એક બાજુ મૂકો અને એક બાજુમાં એક જીવની પૂર્ણ શુદ્ધતાની ભાવના મૂકો (તો) એક ભાવના ચૌદ બ્રહ્માંડને તોડી નાખે એવી વાત છે. એક સમયનું પરિણામ છે ભાવના તો. ભાવના તો એક સમયનું પરિણામ છે પણ સાચી ભાવના છે. ચૌદ બ્રહ્માંડને તોડી નાખે. ભાવનાનો પહેલો બોલ ૨૧મો છે પછી ૨૩, ૫૫, વચ્ચે ૯ નંબરનો છૂટી ગયો છે. ૮ કે ૯ નંબરનો છે. પછી ૯૨, ૧૦૩, ૧૬૪, ૨૨૪, ૨૬૩, ૨૮૯ અને ૩૪૭ આટલા ભાવનાના સીધા બોલ છે. બાકી પાછો એ જ વિષય જેમકે આ ૨૩૪ નંબર નથી લીધો. ભાવનાનો વિષય છે, વિધિનો વિષય છે, માર્ગદર્શન છે બધું એને લાગુ પડે. એ વિષય બહુ બહુ વિચક્ષણતાથી આવેલો છે.

**'કલ્યાણ કરવાની સાચી વિધિને જાણી નહિ.'** એ સાચી વિધિને કેમ જાણી નહીં ? કે ભાવના સાચી કરી નહીં. ભાવના સાચી કરી નહીં તો તને વિધિ હાથમાં આવી નહિ. રીત-કાર્યની પદ્ધતિ (હાથ આવી નહિ). મૂળ જે કોઈ આ માર્ગની અંદર સૂક્ષ્મથી સૂક્ષ્મ તત્ત્વ હોય, વિષય હોય, તત્ત્વનું તત્ત્વ હોય તો તે વિધિનો વિષય છે. જીવ બધું વાંચે, સાંભળે, વિચારે પણ પોતાએ કેવી રીતે કાર્યનો આરંભ કરવો, પ્રારંભ કરવો એ કાર્યની પદ્ધતિ કે રીત હાથમાં આવવી એ બહુ સૂક્ષ્મ વિષય છે. અને એ વિષય સીધો જ સહેલાઈથી સુગમ રીતે હાથમાં આવી જાય એની આ ચાવી છે કે તું ભાવનામાં આવ એકવાર. ખરી ભાવનામાં આવ, ભાવનાનો ખોટો વેશ નહીં ચાલે તારો ! ખરા વેશમાં આવ. તારા ભાવનાને અવરોધક પરિણામ છે એની તને ખબર પડી જશે કે, આ ભાવ મારી ભાવનાને રોકનારો છે, કોઈ ભોગે ચાલે નહીં.

કોઈ ભોગે આ ભાવ ચાલે નહીં. મારે ન ચાલે એટલે ન જ ચાલે. એને કોઈ રોકનાર નથી. એને વિધિ મળે જ મળે. એને વિધિ ન મળે એ કોઈ દિવસ ત્રણકાળમાં બને નહીં. પોતે તો આ Guarantee મારી છે. ચૌદ બ્રહ્માંડ લીધા એક બાજુ ઉત્કૃષ્ટમાં ઉત્કૃષ્ટ, બીજી વાત લીધી કે અનંતા તીર્થંકરો જે થઈ ગયા એની સાક્ષી લીધી કે અનંતા તીર્થંકરોએ કહેલી આ વાત છે. આટલું બધું જોર ક્યાંય માર્યું હોય તો એક ભાવનાના વિષયમાં માર્યું છે. કેટલું વજન છે એ વિચારી લેવું. એ વિષય કહેતા એ વિષય ઉપરનું કેટલું વજન છે એ વિચારી લેવું.

એ વિષયમાં એકવાર ચર્ચા ચાલી હતી કે આટલું બધું પાછળ જોર માર્યું છે એની પાછળ કોઈ ગણિત હોય તો શું છે ? તો એમ કહ્યું કે જેમ શુભભાવ છે; એક ક્ષણના શુભભાવમાં સર્વાર્થસિદ્ધિમાં અનુત્તર જે વિમાનો છે ત્યાં જીવ પહોંચે છે. એક ક્ષણના અશુભભાવમાં સાતમી નારકીએ ચાલ્યો જાય છે. વિરાધનાના પરિણામમાં નિગોદ આદિમાં જાય છે. તો જો અશુભભાવો સાથે કુદરત આ રીતે બંધાયેલી છે, જે અશુભ અને મલિન પરિણામ છે એની સાથે પણ કુદરત આવી રીતે બંધાયેલી છે, કોઈ છટકી ન શકે, કોઈ છૂટી ન શકે. તીર્થંકરનો જીવ હોય (છતાં એને) પરિણામ થયા તો નરકમાં જાવું પડે. એમાં ઓછુંઅદકું તોળી શકાય નહીં. તો શુદ્ધ પરિણામ સાથે ને ભાવના સાથે કુદરત ન બંધાયેલી હોય એ બને જ કેવી રીતે ? ન ભૂતો ન ભવિષ્યતી. અશક્ય વસ્તુ છે. અશુદ્ધ સાથે જો કુદરત બંધાયેલી છે, સાબિત કરવાની જરૂર નથી કે શુદ્ધ સાથે કુદરત બંધાયેલી જ છે. એટલે ગણિત એની પાછળ એ છે. આ તો સમજી શકાય એવી વાત છે, કોઈને પણ સમજી શકાય એવી વાત છે.

આકરા ઉદય કોઈને આવે છે તો શું કહે છે ? કે કાંઈ નહોતું પણ ભોમાંથી ભાલા ઊભા થયા. લોકોક્તિ શું થઈ ગઈ છે ? કે ભોમાંથી ભાલા ઊભા થયા. ભાલા ઉગતા હશે કાંઈ ? જમીનમાંથી વનસ્પતી ને ઘાસના અંકૂરા ફૂટે પણ કાંઈ ભાલા ઊગે ? પણ એવી પ્રતિકૂળતા આવે કે સૂતો હોય ને સીધું ભાલું નીચેથી આવે ને જેમ ઘૂસી જાય, એના જેવું છે. એમ એ એક કુદરતી વ્યવસ્થા છે. એમાં ઇન્દ્ર, નરેન્દ્ર અને જિનેન્દ્ર કોઈનું કાંઈ ચાલે એ વસ્તુ વ્યવસ્થામાં બનતું નથી. એ (રીતથી) આખો ભાવનાનો વિષય લીધો છે.

તાત્પર્ય એ નીકળે છે કે શુભભાવ થશે, અશુભ તારે કરવું નથી તો શુભભાવ થશે કેમકે હજી શુદ્ધતામાં આવ્યો નથી. પણ પ્રધાનતા ને મુખ્યતા કરીશ નહીં. (જો મુખ્યતા કરીશ તો) સર્વસ્વપણે થઈ જશે. પ્રધાનતા કરીશ નહીં, મુખ્યતા કરીશ નહીં. જ્ઞાન સ્વભાવની મુખ્યતા કરવી છે. સ્વભાવના પુરુષાર્થમાં ગતિમાન થવું છે, સ્વભાવના પુરુષાર્થમાં અગ્રેસર થવું છે, અને સ્વભાવની પ્રાપ્તિ કરવી છે ને શુદ્ધતાની પ્રાપ્તિ કરવી છે ઇ ભાવના ને ઇ મુખ્યતામાં રહેજે. ભાવનાનો વિષય મુખ્ય થશે તો શુભભાવ આવશે તોપણ મુખ્ય નહીં થાય. અને શુભભાવ આવતા મુખ્ય થશે તો સીધી તારી ભાવનાને ઠેસ વાગશે અંદર. ઇ છે આળું સ્થાન છે. ભાવનાનો વિષય એ દરેકને આળું સ્થાન છે. સીધી અંદર ઠેસ વાગશે કે, આ ભાવનાને ઠેસ વાગે છે. મારી આ ભાવના નથી. થાય બીજી વાત છે પણ મારી ભાવના નથી. તો એ નીરસપણે થયેલા શુભભાવ તને અનુભાગ અને સ્થિતિમાં બાંધશે નહીં.

નીરસપણું આવશે એ તને મોકળાશ રહેશે. શેની મોકળાશ રહેશે ? કે તારો આત્મ પ્રત્યયી અંતર્મુખનો પુરુષાર્થ કરવામાં મોકળાશ થઈ જશે. નહીંતર કાં અશુભનો રસ નડશે ને કાં શુભનો રસ તને નડશે. અને એ રસ ન પહેલેથી ઊભો થાય એને માટે ભાવના એક જ સાધન છે, બીજું કોઈ સાધન નથી. અથવા સૂક્ષ્મમાં સૂક્ષ્મ વિષય જે વિધિનો છે, સાચી વિધિ મળવી એને માટે પણ આ એક જ વાત છે કે તારે ભાવનામાં આવવું. ભાવનામાં આવ્યા વિના કોઈ રીતે કાર્ય થાશે નહીં. સાચી ભાવના એ પહેલામાં પહેલું એ એક જ સાધન છે કે જ્યાંથી એને વિધિનો દોર હાથમાં આવે છે. નહીંતર કોઈ રીતે વિધિ મળતી નથી અને ગમે તે પરિણામ થઈને આયુષ્ય પૂરું થઈ જાય છે અને પછી પત્તો લાગતો નથી. (અહીં સુધી રાખીએ...)

**આત્મભાવના : સર્વોત્કૃષ્ટ, પરમ શાંતરસમય, સમરસ - સ્વભાવી, અનંત સુખધામ, કેવળ અંતર્મુખ, સ્વયં અભેદ સહજ અનુભવરૂપ છું. (તેથી સમસ્ત પરમાં ઉપેક્ષા સહજ છે). ('અનુભવસંજીવની' બોલ નં.૧૦૯)**

**સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ? વસ્તુનો સ્વભાવ તો વસ્તુને અનુકૂળ જ હોય, પ્રતિકૂળ હોઈ શકે જ નહિ. સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહિ. ૨૩૫.**

**તા. ૧-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૩૫**
**પ્રવચન નં. ૧૮૮**

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૩૫ બોલ. પાનું ૮૧. **'સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ?'** એટલે કે હોય જ નહીં. અથવા વસ્તુનો સ્વભાવ એ જ વસ્તુ સ્વરૂપ છે અથવા એ જ વસ્તુ છે. વસ્તુ પોતે પોતાથી પ્રતિકૂળ સ્વભાવે કરીને કેવી રીતે હોઈ શકે ? એ વસ્તુ કેવી છે ? કે સ્વતઃસિદ્ધ. આ General વાત છે. પછી આત્મા ઉપર ઉતારશે.

જગતના સર્વ પદાર્થો-છએ દ્રવ્યો સ્વતઃસિદ્ધ છે, પોતાથી જ પ્રસિદ્ધ છે, પોતાથી જ પોતાની હયાતી(ની) પ્રસિદ્ધિ કરી રહ્યા છે. કોઈના બનાવેલા કે કોઈના રચેલા નથી. સ્વતઃસિદ્ધ છે એટલે અકૃત્રિમ છે. કોઈના કરાયેલા નથી કે જેથી એમાં કોઈ ભૂલ રહી ગઈ હોય, ક્ષતિ રહી ગઈ હોય, ખામી રહી ગઈ હોય. સ્વ જાતિએ જેવા છે તેવા પોતાના સ્વરૂપે છે. એ પ્રત્યેક દ્રવ્યને પોતાનો અનાદિઅનંત સ્વભાવ છે. પારિણામિકભાવરૂપ સ્વભાવ છે. એ જ પોતાનું સ્વરૂપ છે. તે પોતાથી પ્રતિકૂળ કેમ હોય ? પોતાથી પ્રતિકૂળ હોવાનો કોઈ પ્રશ્ન રહેતો નથી.

કોઈ તર્ક કરે કે એક પદાર્થમાં નિત્યતા અને અનિત્યતાના બે ધર્મો પરસ્પર પ્રતિકૂળ છે. એક પદાર્થમાં નિત્યતા અને તે જ પદાર્થમાં અનિત્યતા. બન્ને પ્રતિકૂળ ધર્મો છે. એ બન્ને થઈને વસ્તુ છે અને આખી વસ્તુને એ બન્ને અનુકૂળ છે. જો વસ્તુ અનિત્ય ન હોત તો પરિણમતી ન હોત, એને પરિણામ ન હોત તો વસ્તુનું બદલવું

ન હોત. પરિણામથી વસ્તુનું બદલવું ન થાત. તો જગતમાં જે પરિવર્તન છે એ પરિવર્તન ન જણાત. હવે એમ ન હોત તો ? એ પ્રશ્ન અસ્થાને છે. જે છે તે છે. વસ્તુ એક સમયમાં પરિણમે એટલી જ હોત અને નિત્ય ન હોત તો વસ્તુનો ક્ષણે ક્ષણે નાશ થાય. નાશ થઈને ક્યાં જાય ? કોઈપણ વસ્તુનું સત્ત્વ નાશ પામે એટલે શું ? શૂન્ય થઈ જાય ? અને શૂન્યમાંથી કોઈ અશૂન્યપણું ઊભું થાય ? અશૂન્યમાંથી કોઈ શૂન્યપણું ઊભું થાય ? એવું તો બની શકતું નથી. એટલે કેટલાક પરસ્પર વિરુદ્ધ સ્વભાવરૂપ ધર્મ છે તોપણ એવું જ વસ્તુનું સ્વરૂપ છે. એ પણ વસ્તુનું સ્વરૂપ છે.

૧૯મી પરિણામ શક્તિ લીધી છે. એ પરિણામશક્તિથી વસ્તુ ઉત્પાદ-વ્યય-ધ્રુવરૂપ અસ્તિત્વમયી પરિણમે છે, એ પરિણમવું એનો સ્વભાવ છે, પરિણમનશીલપણું એ વસ્તુનો સ્વભાવ છે. 'પ્રવચનસાર'માં તો આ વિષયનો બહુ વિસ્તાર લીધો છે. પરિણમવું એ વસ્તુથી પ્રતિકૂળ નથી, તેથી પરિણમવું એ વસ્તુથી પ્રતિકૂળ નથી અને સદાય રહેવું એ પણ વસ્તુથી પ્રતિકૂળ નથી. બન્ને ધર્મો વસ્તુને વસ્તુપણે અનુકૂળ છે.

હવે, આત્મામાં લઈએ. આત્માનો જે સુખ સ્વભાવ છે એ જો શક્તિરૂપ ન હોત તો સુખ પ્રગટ ન થાત. અને શક્તિરૂપ એટલો જ ધર્મ હોત તો વ્યક્તિરૂપે એનો અનુભવ ન થાત. તો એમાં શક્તિપણે સ્વભાવનું રહેવું અને વ્યક્તિપણે એનું પરિણમવું, એમાં વસ્તુને શું પ્રતિકૂળતા છે ? કે એમ જ વસ્તુને અનુકૂળતા છે. એ જ વસ્તુની સાનુકૂળતા છે. વિજ્ઞાનનો વિષય છે.

વસ્તુનું વિજ્ઞાન કેવું છે ? કે એક તો વસ્તુ સ્વતઃસિદ્ધ છે, અણકરાયેલી છે, અકૃત્રિમ છે. કોઈ એનો બનાવનાર નથી. જગતમાં કોઈ શક્તિ નથી, કોઈ ઈશ્વર નથી, બીજું કોઈ નથી કે જેણે વસ્તુ, જડ-ચેતનાત્મક કોઈપણ વસ્તુને બનાવી હોય. એક આત્માને કોઈએ બનાવ્યો હોય કે એક રજકણને કોઈ બનાવે, નવો કરે, કે એમાંથી કોઈનું સંખ્યામાંથી ઓછાપણું થાય, એકની સંખ્યા પણ ઘટે, એકનું પણ શૂન્યપણું થાય એવું બનતું નથી. સ્વતઃસિદ્ધ છે. અનાદિઅનંત સ્વતઃસિદ્ધ વસ્તુ છે, છે ને છે.

મુમુક્ષુ :– રાગ દ્વેષ જીવને થાય છે એ તો પ્રતિકૂળ જ છે ને.

પૂજ્ય ભાઈશ્રી :– રાગ દ્વેષ જીવને... ? પણ ઇ ક્યાં એનો ધર્મ છે. પરિણામ એનો ધર્મ છે. રાગ–દ્વેષ અધર્મ કહ્યો છે. વસ્તુ સ્વભાવ નથી કહ્યો. એ એનો રોગ છે, અવસ્થામાં થતો રોગ છે અને વિકાર છે. એને કાંઈ વસ્તુ ધર્મ કહ્યો નથી. એક

ભાવને ધારણ કરે એટલે એને ધર્મ કહીએ, એવી જે ધર્મની પરિભાષા છે એ બીજો વિષય છે, બીજી વાત છે. પણ અહીં તો વસ્તુનો જે સ્વભાવ એટલે તો નીચે લેશે કે **'સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહિ.'** કેમકે સુખ એનો સ્વભાવ છે, દુઃખ એનો સ્વભાવ નથી. પણ સુખગુણનો વિકાર તે દુઃખ છે. સુખગુણની ઊલટી અવસ્થા-વિકૃત અવસ્થા તે દુઃખ છે. સ્વભાવ દુઃખ નથી, સ્વભાવ તો સુખ જ છે. એમ છે ખરેખર તો.

એટલે અહીંયાં જે વસ્તુનો સ્વભાવ લેવો છે એ ત્રિકાળી સ્વભાવ લેવો છે. વસ્તુનો ત્રિકાળી સ્વભાવ તે વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ? એ વસ્તુથી પ્રતિકૂળ હોવાનો પ્રશ્ન રહેતો નથી. એ પ્રશ્ન જ અસ્થાને છે. કેમકે વસ્તુનો સ્વભાવ તે વસ્તુનું સ્વરૂપ છે, રાગ એ કોઈ આત્માનું સ્વરૂપ નથી. એટલે તો એને સ્વભાવભૂત કહ્યાં નથી. જ્ઞાન અને સુખને સ્વભાવભૂત કહ્યાં છે, રાગાદિ ભાવોને સ્વભાવભૂત કહ્યાં નથી. એટલે એને નિષેધ્યા છે. જો સ્વભાવભૂત હોય તો એને નિષેધવાનો પણ પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. (કેમકે) એ તો એનું સ્વરૂપ છે, એનો કેમ નિષેધ કરવો. પણ રાગાદિભાવનો નિષેધ કર્યો છે.

મુમુક્ષુ :- ત્રિકાળી સ્વભાવની વાત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રિકાળી સ્વભાવની વાત છે. જે વસ્તુનો સ્વભાવ એમ જે કહેવું છે, સ્વતઃસિદ્ધ વસ્તુનો જે સ્વભાવ એટલે અનાદિઅનંત વસ્તુનો સ્વભાવ તે વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ? એ વસ્તુથી પ્રતિકૂળ હોઈ શકે નહીં. અથવા વસ્તુનો સ્વભાવ પ્રતિકૂળ જો હોય તો તે વસ્તુનો ઘાતક થાય છે. વસ્તુનો સ્વભાવ વસ્તુનો ઘાતક હોય તો વસ્તુ કેવી રીતે રહે ? એક કાળે વસ્તુનો નાશ થશે. એમ પણ બનતું નથી.

મુમુક્ષુ :- સ્વભાવ પ્રતિકૂળ ન હોય.

પૂજ્ય ભાઈશ્રી :- સ્વભાવ પ્રતિકૂળ ન હોય. છએ દ્રવ્યનો એનો સ્વભાવ એના સ્વરૂપથી પ્રતિકૂળ હોઈ શકે જ નહિ. કેમ હોય ? એમ પ્રશ્ન કરીને એમ લીધું છે કે એ પ્રશ્ન જ અસ્થાને છે. એનો સ્વભાવ એનાથી પ્રતિકૂળ કેવી રીતે હોઈ શકે ? હોઈ શકે જ નહીં. બની શકે જ નહીં. એમ લેવું છે.

**'સ્વતઃસિદ્ધ વસ્તુનો સ્વભાવ વસ્તુથી પ્રતિકૂળ કેમ હોય ?'** વસ્તુનો સ્વભાવ

તો વસ્તુને અનુકૂળ જ હોય અને પ્રતિકૂળ હોઈ શકે જ નહીં. આ એક પડખા ઉપર બોલ છે. વસ્તુનું સ્વરૂપ તો અનેક ગુણાત્મક, અનેક ધર્માત્મક છે. એમાંથી આ એક પડખું-આ એક ધર્મની વાત લીધી છે. કે વસ્તુના સ્વરૂપને એના સ્વભાવ સાથે અનુકૂળતા છે કે પ્રતિકૂળતા છે ? અનુકૂળતા છે, પ્રતિકૂળતા નથી.

જેમકે વસ્તુ ત્રિકાળ શુદ્ધ છે, શુદ્ધ છે એટલે નિર્ભેળ છે, કોઈ જાતની એમાં મીલાવટ નથી, ભેળસેળ નથી. જો વસ્તુ વસ્તુના સ્વભાવે કરીને શુદ્ધ સ્વભાવે છે, નિર્ભેળ છે તો એવી જ અવસ્થા થવી એ એનો સ્વભાવ છે સાથોસાથ. જો વસ્તુ શુદ્ધ હોય તો અશુદ્ધપણે થવું, રાગાદિ ભાવરૂપે થવું, દુઃખરૂપે થવું એ એનો સ્વભાવ હોઈ શકે નહીં. એનો અર્થ એ થયો કે નિજ વસ્તુનું એવું જ્ઞાન અને એવી પ્રતીતિ કરનારને એવું પરિણમન ઉત્પન્ન થવાની એકદમ સાનુકૂળતા થઈ જાય છે. કેમ સાનુકૂળતા થઈ જાય છે ? મને સમ્યક્‌દર્શન કેમ થાય અથવા મને આત્મામાં જોડાણ કેમ થાય એ તો મહાન યોગીઓનું કામ છે, ત્યાગીઓનું કામ છે, ઋષિ-મુનીઓનું કામ છે. એ પ્રશ્ન ન રહે. (પણ) એ મારું સ્વરૂપ છે, મારો સ્વભાવ જ છે. મારામાં રહેવું, મારા સ્વરૂપે પરિણમવું એ મારું સ્વરૂપ ને મારો સ્વભાવ છે. પણ એવી માન્યતા જ એમાં બાધક હતી.

એવું પરિણમન, સ્વભાવ છે તો કેમ નહોતું થતું પરિણમન ? કે એવો સ્વીકાર નહોતો. એ જ એને પ્રતિબંધ હતો. હું એવો નહીં, એવો પોતાના સ્વરૂપનો નકાર વર્તતો હતો. એટલે પોતાના સ્વરૂપની નાસ્તિ ચિંતવતો હતો, નાસ્તિ શ્રદ્ધતો હતો, નાસ્તિ જાણતો હતો. એટલે એને હસ્તિ નજરમાં આવતી નહોતી, હસ્તિનો એને અનુભવ થતો નહોતો અને છતાં હસ્તિ મટતી નહોતી. ન સ્વીકારે એટલે હસ્તિ મટી જાય એમ પણ છે નહીં. છતાં હસ્તિ સદાય રહી, હસ્તિ સદાય રહી (એટલું જ) નહીં, હસ્તિ પોકાર કરતી રહી કે હું છું. એમ તું નથી માનતો પણ તું થાકી જઈશ, અનંતકાળમાં કોઈ કાળે તું થાકીશ, હું થાકીશ નહીં. હયાતી મટશે નહીં. વિભાવ મટશે, સ્વભાવ મટશે કોઈ કાળે ? સ્વભાવ મટવાનો કોઈ પ્રશ્ન નથી, વિભાવ મટવાનો પ્રશ્ન છે.

એટલે જ્ઞાન-દર્શન આદિ વસ્તુનો જે સ્વભાવ છે એ સ્વભાવને જાણીને એવા જ વસ્તુ સ્વરૂપે હું છું એમ તન્મયતા થાય ત્યારે એ પરિણમનને કોઈ પ્રતિબંધ કરી

શકતું નથી. કેમકે બહારની ચીજ તો વસ્તુની સાથે કાંઈ સંબંધ રાખતી નથી. એક વસ્તુ સાથે બીજી વસ્તુ તો કોઈપણ પ્રકારે સંબંધ રાખતી નથી. ન તો એને સંબંધ રાખીને મદદ કરે, ન તો એને સંબંધ રાખીને નુકસાન કરે કે કાંઈ નુકસાન પહોંચાડે. જો મદદ કરી શકે તો નુકસાન પહોંચાડી શકે. જો મદદ કરી શકે તો નુકસાન પહોંચાડી શકે. એવું સર્વાંગ સુંદર વસ્તુનું સ્વરૂપ છે કે એને કોઈ નુકસાન પહોંચાડી શકતું નથી પોતાના સ્વકાર્ય માટે, તેથી એને મદદની અપેક્ષા પણ રહેતી નથી. અને પોતાને મદદની અપેક્ષા નથી રહેતી એ જ એની સંપૂર્ણ સ્વાધીનતા છે અને એ જ એને સુખનું કારણ છે. એની સ્વાધીનતા જ એનું સુખનું કારણ છે. આવું વસ્તુનું સ્વરૂપ પોતાથી, સ્વયંથી એકદમ અનુકૂળ છે, સંપૂર્ણ અનુકૂળ છે, પૂરેપૂરું અનુકૂળ છે, જરાપણ પ્રતિકૂળ નથી.

મુમુક્ષુ :– સ્વીકાર આવ્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે જણાવે છે. કેમ જણાવવામાં આવે છે અને કહેવામાં આવે છે ? કે એને સ્વીકાર આવ્યો નથી. પહેલા તો એણે જાણ્યું નથી. જગતમાં આ વિષય ચાલતો નથી. દેહને લઈને હું ટકું છું, દેહને અનુકૂળતા આપનારા જે બીજા જીવો, અજીવો છે સચેત અચેત, સચેત-અચેત મિશ્ર પદાર્થો છે, એ બધા મને અનુકૂળતાઓ આપનારા છે તેથી હું ટકું છું, જીવું છું, નભું છું. એવી માન્યતામાં અને એ પ્રકારના પરિણમનમાં પોતાના સ્વતઃસિદ્ધ સાનુકૂળ સ્વભાવસ્વરૂપ પોતાના સ્વરૂપને તદ્દન ખોઈ નાખ્યું છે, ભૂલી ગયો છે. કદી પણ એને એણે જાણ્યું નથી, શ્રદ્ધ્યું નથી, વિચારમાં લીધું નથી. આ ગડબડ અનાદિની છે.

જે કાંઈ કુળ ધર્મ છે, સંપ્રદાય ધર્મ છે એ સંપ્રદાયમાં વસ્તુના વિજ્ઞાનનું પડખું ખલાસ થઈ ગયું. દ્રવ્યાનુયોગ ? તો કહે, આપણું કામ નહીં. દ્રવ્યાનુયોગ તો મૂકો એક બાજુ. બહુ બહુ તો કરણાનુયોગનો પંડિત થાય તો અભ્યાસ કરે. આ તમારા દિગંબરમાં એ દેખાય છે. પંડિત થાય તો એને કરણનુયોગનો અભ્યાસ હોય. બધા કરણાનુયોગના અભ્યાસી. બધા છે ઇ બધા કરણાનુયોગના અભ્યાસી છે, જે કાંઈ અભ્યાસી જેવા છે ઇ. કરણાનુયોગનો અભ્યાસ પણ અધ્યાત્મના દૃષ્ટિકોણથી નથી કરતા. નહીંતર કરણાનુયોગમાં એક બહુ સીધી સાદી વાત છે, બહુ સારી વાત છે. કે કર્મ કેટલા ? કે આઠ પ્રકારના કર્મો. પછી તો એની બધી પેટા ભેદની પ્રકૃતિઓ

છે પણ મુખ્ય તો આઠ પ્રકારના છે. બરાબર છે ? ચાર ઘાતી અને ચાર અઘાતી. હવે પુણ્યમાં ધર્મ માન્યો છે. માન્યતા પુણ્યમાં ધર્મ છે. પણ કરણાનુયોગનો અભ્યાસ કરવાવાળા વિચાર કરતો નથી કે આ પુણ્ય કરું તો ઘાતી બંધાય કે અઘાતી બંધાય ? પુણ્ય કરે તો જે ઘાતી છે એ બંધાય, બંધાય ને બંધાય જ. શુભમાં અઘાતી આવે.

બીજું, કે જે ચારેય પ્રકૃત્તિ ઘાતીની છે એમાં શુભની એકપણ નથી. જે અઘાતી છે એમાં બે ભેદ પડે છે-શુભ અને અશુભ. ગોત્ર તો કે શુભગોત્ર અને અશુભગોત્ર, આયુ તો શુભઆયુ ને અશુભઆયુ, નામ તો અશુભનામ ને શુભનામ, વેદની તો શાતા અને આશાતા. એ શુભ ને અશુભના ભેદ છે. પણ જ્ઞાનાવરણી અને દર્શનાવરણી, અંતરાય અને મોહનીય છે એ તો ચારેય અશુભની જ પ્રકૃતિ છે. પુણ્યનું પરિણામ કરે કે પાપનું પરિણામ કરે, બેમાંથી કોઈપણ પરિણામ કરે એ ચારે ઘાતી બંધાવાના છે. પછી અઘાતીનો વારો છે. પહેલા તો ચારે ઘાતી એને બંધાવાના, બંધાવાના ને બંધાવાના જ.

મુમુક્ષુ :- જે ચારે ખતરનાક છે.

પૂજ્ય ભાઈશ્રી :- અઘાતી તો ક્યાં બિચારા અડે છે એને. એ તો દેહની સાથે સંબંધ રાખનારા છે. આયુષ્ય, નામ, ગોત્ર, વેદની તો દેહની સાથે સંબંધ રાખનારા છે, એટલે એને પ્રતિજીવી ગુણોમાં આગળ જતા લીધા છે અને આને અનુજીવી ગુણોમાં લીધા છે. તો જે જીવના ગુણનો ઘાત કરે, સ્વભાવના ઘાતમાં નિમિત્ત થાય એ જે ભાવથી બંધાય, ભલે પુણ્ય હોય કે પાપ હોય, તો એને લાભ શેનો થયો ? પુણ્યથી લાભ શેનો થયો એને ? કે પુણ્યથી લાભ થયો નથી, નુકસાન જ થયું છે. પણ કરણાનુયોગનો આઠ પ્રકૃતિનો અધ્યાત્મના દૃષ્ટિકોણથી સીધોસાદો અભ્યાસ નથી. આ તો બહુ સાદી વાત છે કે ચાર પ્રકૃતિમાં કોઈ શુભની પ્રકૃતિ ખરી ? મોહનીમાં શુભ આવે ? જ્ઞાનાવરણી શુભમાં આવે ? દર્શનાવરણી શુભમાં આવે ? અંતરાય શુભમાં આવે ? ચારેય અશુભ જ છે એ તો. ઘાતી બાંધવાનો. પાપથી તો બાંધે પણ પુણ્યથી પણ ઘાતી તો બાંધે જ.

પ્રશ્ન :- પુણ્યથી ઘાતી કર્મ કેવી રીતે બંધાય ?

સમાધાન :- કેમ જ્ઞાનનું આવરણ ન થાય ? રાગ કરે એટલે જ્ઞાનનું આવરણ થાય. રાગ કરે તો જ્ઞાનાવરણી બંધાય કે ન બંધાય ? રાગભાવથી જ્ઞાનાવરણી બંધાય

કે ન બંધાય ? તો કે જ્ઞાનાવરણી બંધાય, દર્શનાવરણીય બંધાય, અંતરાય બંધાય, મોહનીય બંધાય. બધા બંધાય.

મુમુક્ષુ :- શુભરાગ હો કે અશુભરાગ હો.

પૂજ્ય ભાઈશ્રી :- શુભ હો કે અશુભ હો. રાગ શુભ હો કે અશુભ હો, ચાર ઘાતી તો એને બંધાવાના, બંધાવાના ને બંધાવાના જ તે. તો કેવી રીતે લાભ થયો કહો જોઈએ ? એણે શુભભાવથી કેવી રીતે લાભ કર્યો ?

પ્રશ્ન :- અઘાતિમાં ક્યા લેવા ?

સમાધાન :- અઘાતીમાં ચાર રહ્યા- આયુષ્ય, નામ, ગોત્ર ને વેદની. અઘાતી. એમાં બે ભેદ છે. એમાં શુભ ને અશુભ અને શાતા ને અશાતાનો ભેદ છે. આમાં ક્યાં ભેદ છે ? આમાં તો ચારે ચાર બધી પાપની જ પ્રકૃતિ છે.

આ તો ઉદય, સત્તા, અનુભાગ અને સંક્રમણ ને અપકર્ષણ ને ઇ બધો અભ્યાસ કરે એટલે થઈ ગયા પંડિત. પણ હવે તારા પ્રયોજનના દૃષ્ટિથી એમાં શું અભ્યાસ કર્યો ? આ પ્રયોજનની દૃષ્ટિ છે, કે તારા સ્વભાવને કોણ ઘાતે છે ? તારા સ્વભાવને ઘાતે છે, તને નુકસાન કરે છે ઇ તારા પ્રયોજન સાથે સંબંધ રાખે છે. એનો વિચાર કરતો નથી ને અપકર્ષણ કેટલું થાય ? ઉત્કર્ષણ કેટલું થાય ? આયુષ્યમાં બે જાતના છે ને ? પરમાણુ એકદમ ખરી પડે અને Routine પ્રમાણે ખરે. ... ને એવા બધા અભ્યાસ કરે.. ફલાણું છે ને આ આવું સંક્રમણ છે ને આ, ઇ બધા ભેદ-પ્રભેદમાં (જાય). થઈ ગયા... ઓહોહો.. બહુ જ્ઞાન છે, બહુ જ્ઞાન છે.

મૂળ શું છે કે આ દૃષ્ટિકોણ નથી, ગુરુગમ વિના આ દૃષ્ટિકોણ મળતો નથી, જ્ઞાની વિના આ દૃષ્ટિકોણ મળતો નથી કે, તારા પ્રયોજન સાથે શું સંબંધ ? તું જે જ્ઞાન (કરે છે), ચાર અનુયોગમાંથી જે જ્ઞાન કરે છે એમાં તારા દૃષ્ટિકોણથી તારા લાભ-નુકસાનનો દૃષ્ટિકોણ કેવી રીતે અપનાવે છે ? એ મુખ્ય વાત છે. એનો વિચાર સુદ્ધાં ન કરે અને જાણપણામાત્રથી સંતોષ લે કે ચાલો, (કાંઈક કર્યું). એ જ્ઞાન તને સંસારવૃદ્ધિનું કારણ થશે. એવું શાસ્ત્રજ્ઞાન તને સંસારવૃદ્ધિનું કારણ થશે. દેવ-ગુરુ અને શાસ્ત્ર તો સંસાર નાશના નિમિત્ત છે. જે સંસાર નાશના નિમિત્ત છે ત્યાં જતા સંસાર વધાર્યો. હવે ક્યાં જઈને છોડીશ તું ? હવે છોડવાનું કોઈ નિમિત્ત પણ રહ્યું નહીં.

મુમુક્ષુ :- મૂળ તો માનને કારણે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ તો માન થાય એટલે સંસાર વધે. પણ પેલું માન થાય ને ઇ એને હળવું પડી જાય, માન તો થાય જ છે ને, હવે માન ક્યાં ગયું છે. માન થઈ જાય તો થઈ જાય. માન નહીં પણ આ સંસાર વધી જશે.

મુમુક્ષુ :– પંડિત કહેવાય એટલે જીવનભર માન મળે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, માન થાય છે. સંસારવૃદ્ધિ એમાં જ થાય છે. એમાં જ સંસાર વૃદ્ધિ થાય છે. પછી એનું શાસ્ત્ર અધ્યયન માન, ખ્યાતિ અને પૂજા માટે રહી જાય છે. અને એ માન, ખ્યાતિ અને પૂજા સંસારવૃદ્ધિનું કારણ છે. જગતમાં તો માનકષાય બધાને જ છે પણ એ ક્ષમ્ય છે. આ અક્ષમ્ય છે. એટલો ફેર છે. એ પણ દોષ છે. જગતના જીવો પણ માન તો કરે છે, માનકષાયમાં પડેલા છે. તો આ પંડિત થઈને માન કષાય થયો. ઇ તો થઈ જાય, ઇ તો સંસારી છે ને. પણ પેલા ક્ષમ્ય છે, આનો અક્ષમ્ય દોષ છે. કેમકે એમાં વિષય આવે છે.

શાસ્ત્રજ્ઞાનમાં એ વિષય આવે છે કે માનને આમ ટાળવું, માનને આમ ટળાય, આ માન ટાળવાનો ઉપાય છે. એવું વિજ્ઞાન છે ત્યાં. એ માર્ગ બતાડ્યો છે. માર્ગ દેખાડ્યો છતાં પોતે એ માર્ગને અંગીકાર કરવાને બદલે અવગણના કરીને ઊંધો ચાલ્યો. ઊંધો ચાલ્યો એટલે અવગણના કરીને ઊંધો ચાલ્યો. શાસ્ત્ર આજ્ઞા ઉપર પગ દઈને ચાલ્યો. શાસ્ત્રમાં તો બધી પ્રયોજનની વાત આવશે. કે આ રીતે આમ થશે, આમાં આમ નુકસાન થશે, આનાથી આમ થશે, આ પરિણામ લાભના, આ પરિણામ નુકસાનના (એમ) બધી વાત શાસ્ત્રમાં આવશે.

**'વસ્તુનો સ્વભાવ તો વસ્તુને અનુકૂળ જ હોય, પ્રતિકૂળ હોઈ શકે જ નહિ.'** આ એક પોતાને સ્વકાર્ય કરવાને માટે, સ્વકાર્ય માટે-સ્વ વસ્તુનો આધાર લેવા માટે બહુ સુંદર વાત છે. તારે તારું હિત કરવું છે, તારે શુદ્ધતા અને પવિત્રતા પ્રગટ કરવી છે અથવા તારા સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રને પ્રગટ કરવા છે તો એવું પરિણમન થવું એ તારું સ્વરૂપ ને એ તારો સ્વભાવ છે. અંદરની કોઈ પ્રતિકૂળતા નથી, તારા સ્વભાવની કોઈ પ્રતિકૂળતા નથી. જે પ્રતિકૂળતા છે તે ઉપર ઉપરના વિભાવની છે.

સ્વભાવની તાકાત અનંતી છે, વિભાવની એટલી તાકાત નથી. સ્વભાવની એટલી બધી તાકાત છે. વિભાવ ને સ્વભાવની તાકાતને સમજવામાં આવે, પરસ્પર તુલનાત્મક દષ્ટિથી તો સ્વભાવની તાકાત કેટલી અને વિભાવની તાકાત કેટલી ? કે પહેલા

તબક્કામાં જ્યારે સ્વભાવનો નિર્ણય થાય કે મારો આવો સ્વભાવ છે. નિર્ણયનું પહેલું પગથિયું છે ને. પહેલો-વહેલો જ્યારે સ્વભાવનો નિર્ણય થાય ત્યારે ચૈતન્યવીર્યમાં સ્વભાવની સ્ફુરણા જે આવે (ત્યાં) વિભાવ તો જાણે ક્યાં ગયો એનો પત્તો લાગતો નથી.

એટલા માટે પ્રથમ અનુભવમાં એક વાત લીધી છે. 'સમયસાર'ના નવમા કળશમાં. નય, પ્રમાણ અને નિક્ષેપના વિકલ્પો ક્યાં ચાલ્યા જાય છે અમને ખબર રહેતી નથી. વિકલ્પનું બળ કેટલું ? નયના વિકલ્પ ક્યાં ખોવાઈ ગયા, ખબર રહી નહીં. પ્રમાણ ? તો કહ્યું, અસ્ત પામી ગયું ઇ તો. નિરસ્ત થઈ ગયું બિચારું. પ્રમાણનો વિકલ્પ જ નિરસ્ત થઈ ગયો. કેમ એનું જોર હતું ને ? અનાદિથી હતા ને વિકલ્પ તો કે, ક્યાં ખોવાઈ ગયા એનો પત્તો લાગતો નથી.

જેમ કોઈ સમર્થ યોદ્ધો ઊંઘતો હોઈ ઇ જાગે ત્યાં દુશ્મન ભાગે. માર્યા ! આ સળવળ્યો છે હવે, હોં ! જાગી જાશે આ. જાગી જશે ને જો ભાળી જશે તો ભાળ્યા મૂકશે નહીં. તો ઇ સળવળેને ત્યાં બધા ભાગે કે હવે ભાગો. આ ભર ઊંઘમાં હતો ત્યાં સુધી ઠીક છે કે આપણે આજુબાજુ ગડબડ કરી જતા હતા. બાકી આનો સળવળાટ છે (એ બતાવે છે કે આ હવે જાગ્યો).

(એમ અહીંયાં સ્વરૂપનો) નિર્ણય થયો ત્યાં અંદરથી સ્વભાવનો સળવળાટ ઊભો થઈ ગયો. પછી વિભાવ છે એ ભાગવા લાગે છે અથવા વિભાવ ઊડી જાય છે. જેમ કોઈ પાણી વરાળ થઈને ઊડી જાય, બાષ્પીભવન થઈ જાય એમ વિભાવનું બાષ્પીભવન થઈ જાય. ક્યાં વઈ જાય, ક્યાં વિલીન થઈ ગયા ખબર પડતી નથી. આટલી ઓછી તાકાત આવું તાકાત વગરનું નિર્માલ્ય પરિણમન, નમાલું પરિણમન વિભાવનું છે. સ્વભાવનું આટલું માલવાળું, તાકાતવાળું પરિણમન છે. પણ એણે ઓળખાણ કરી નથી, સ્વભાવની શક્તિની ઓળખાણ કરી નથી એટલે હું પામર ને હું નમાલો, હું માણસ ને હું ગૃહસ્થ, હું યુવાન ને હું વૃદ્ધ, હું પુરુષ અને હું સ્ત્રી, હું મૂર્ખ ને હું પંડિત, હું પૈસાવાળો ને હું ગરીબ. આ કાંઈને કાંઈ કલ્પનાના ગંજના ગંજ ખડક્યા છે ઉપર. શક્તિને વિસ્મૃત કરવાના એ બધા કલ્પનાના ગંજ છે. એક સ્વભાવના નિર્ણયમાં બધાના ભૂક્કા છે. ઓળખાણની અંદર સ્વભાવની શક્તિ પ્રગટ થવાની તૈયારી થઈ ગઈ. જ્યાં ઓળખાણ થઈ-સાચો નિર્ણય થયો કે આવી શક્તિ

(છે, ત્યાં સ્વભાવ પ્રગટ થવાની તૈયારી થઈ ગઈ).

આંબાની ગોટલી વાવી હોય અને એનો અંકુરો ફૂટે, બે નાના પાંદડા બહાર આવે. ગોટલીમાંથી બે નાના પાંદડા બહાર આવે તો એના વાવનારા આખા વૃક્ષને જોવે છે કે હવે મોટો આંબો થાશે અને એને કેરી લાગશે. ખાલી અંકુર ફૂટ્યો છે ને નાના નાના પાંદડા છે એટલે ખબર ન પડે એમ કોઈ કહે છે ? એમ અહીંયાં સમ્યક્‌દર્શનનો અંકુર ફૂટ્યો, નિર્ણય થઈને સમ્યક્‌જ્ઞાનનો અંકુર ફૂટ્યો એટલે એમાં કેવળજ્ઞાન દેખાય છે. જેમ પેલામાં કેરીનું આખું ઝાડ દેખાય છે એમ આમાં કેવળજ્ઞાન દેખાય છે. સમ્યક્‌જ્ઞાનના અંકુરમાં કેવળજ્ઞાનના દર્શન થાય છે કે આમાંથી કેવળજ્ઞાન ફાટશે. આ એ જ્ઞાન છે કે એમાંથી કેવળજ્ઞાન ફાટશે.

મુમુક્ષુ :– અંકુર ફૂટે ઇ તો પ્રત્યક્ષ દેખાય આમાં સમ્યગ્દર્શન દેખાય ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર દેખાય.

પ્રશ્ન :– કેવી રીતે ?

સમાધાન :– કેવી રીતે શું અનુભવ થાય એવી રીતે. એનો અનુભવ થાય છે. કેરીનો સ્વાદ છે ઇ તમને દેખાય છે ? રંગ દેખાય છે. આ લીલા રંગની છે, આ પીળા રંગની છે, આ લીલો-પીળો મિશ્ર છે કે લાલ મોઢાની કે જેવી હોય તેવી. એનો રંગ દેખાય છે. વર્ણ છે એ ચક્ષુ ઇંદ્રિયનો વિષય છે, સ્વાદ કોઈ ચક્ષુ ઇન્દ્રિયનો વિષય છે ? વગર ચાખે કેરીના નિષ્ણાતો કેરી ખરીદે છે કે બધે ચાખવા બેસે છે ? વેચે ત્યારે Guarantee આપે કે આમાંથી એક નંગ ખાટું નીકળે તો બધા પૈસા પાછા લઈ જજો. શું કહે ? કે તમે પાંચ કીલો, દસ કીલો, વીસ કીલો, પચ્ચીસ કીલો જેટલી જોવે એટલી લઈ જાવ. એક નંગ ખાટું નીકળે તો બધાના પૈસા પાછા આપીશ, એમ કહે. એને આખી જાત ઉપર જોઈને વિશ્વાસ છે. ઇ તો ચાખતા પણ નથી. આપણે લોકો ચાખીએ છીએ. ખરીદનારા ચાખતા નથી. એ લોકો ફોડીને ચાખે એવી એને જરૂર નહીં કાંઈ. વળી એમ કહે, બહુ સ્વાદિષ્ટ છે, સાકર જેવી કેરી છે, મીઠી મધુર કેરી છે એમ કહે, વગર ચાખે કહી દે. એ સ્વાદ નજરે દેખાણો ? જ્ઞાનમાં જણાય ગયો એનું નામ દેખ્યો. જ્ઞાનમાં જણાયો એનું નામ દેખ્યો.

એમ સમ્યક્‌દર્શનનો અનુભવ આવ્યો, શ્રદ્ધાગુણનો અનુભવ આવ્યો, દૃષ્ટિનો પણ અનુભવ આવ્યો, જ્ઞાનનો પણ અનુભવ આવ્યો, આનંદનો પણ અનુભવ આવ્યો,

અનંત ગુણમય આત્માનો અનુભવ આવ્યો. એ આત્મા આખો દેખાણો એને. ઇ ક્યાં ચક્ષુ ઇન્દ્રિયનો વિષય છે. ઇ તો અતીન્દ્રિય પદાર્થ અતીન્દ્રિય જ્ઞાનનો વિષય થાય છે. સ્પષ્ટ દેખાય કે અસ્પષ્ટ દેખાય ? કે સ્પષ્ટ દેખાય. વિકલ્પ છે તે અસ્પષ્ટ છે. વિકલ્પ છે તે અસ્પષ્ટ છે.

નહીં તો માણસ એમ કહે કે અનુભવ કેવો હોય ? વિચારતા એમ વિચારો કે આત્માનો અનુભવ કેવો હોય એ અમારે વિચારવું છે. જે વિચાર છે એ તો પરોક્ષ છે, વિચાર છે એ તો મનાશ્રિત છે. એ એટલો ખરેખર સ્પષ્ટ નથી, જેટલો સ્વાદ સ્પષ્ટ છે. કેરીનો સ્વાદનો અનુભવ સ્પષ્ટ છે કે કાલે ખાધેલી કેરીને આજે સ્મરણમાં લઈને વિકલ્પ કરે એ સ્પષ્ટ છે ? બેમાંથી સ્પષ્ટ શું ? અનુભવ છે એ સ્પષ્ટ છે. અત્યંત સ્પષ્ટ છે, સ્પષ્ટ છે નહીં પણ અત્યંત સ્પષ્ટ છે. નિરાવરણ હોવાથી અત્યંત પ્રગટ છે. નિરાવરણ હોવાને લીધે અત્યંત પ્રગટ છે. અને અપરોક્ષ હોવાથી-પ્રત્યક્ષ હોવાથી અત્યંત સ્પષ્ટ છે. એટલો પરોક્ષ અને પ્રગટ વિકલ્પનો વિષય વિકલ્પ પોતે નથી.

**'સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહિ.'** સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહીં. દુઃખ છે એ વસ્તુના સ્વભાવમાંથી ઉત્પન્ન થયેલી ચીજ નથી, એમ કહેવું છે. કલ્પનામાંથી ઉત્પન્ન થયેલી ચીજ છે. વસ્તુનું સ્વરૂપ છે તેનાથી કાંઈક આડુંઅવળું કરીને ઉત્પન્ન થયેલી ચીજ છે. વસ્તુના સ્વરૂપમાં દુઃખ નથી. ન તો દુઃખ કોઈ પદાર્થમાં છે, બાહ્ય પદાર્થમાં-રજકણમાં. કેમકે એમાં સુખ પણ નથી તો એની ઊલટી અવસ્થા દુઃખ પણ નથી. ન તો દુઃખ આત્માના વસ્તુના સ્વભાવમાં છે-ત્રિકાળી સ્વભાવમાં છે. ઊંધી માન્યતા અને અજ્ઞાન અને કલ્પના એ દુઃખને અદ્ધરથી ઉત્પન્ન કરે છે. અદ્ધરથી એટલા માટે કહીએ કે સ્વભાવમાં તો દુઃખ જઈ શકતું નથી. સ્વભાવમાં એની પહોંચ નથી. એમ છે.

પ્રશ્ન થાય કે અશાતામાં દુઃખ ખરું કે નહીં ? આ રોગ થાય ને એની પીડા ઉત્પન્ન થાય એમાં દુઃખ ખરું કે નહીં ? એમાં દુઃખ નથી. ઠીક ! એમાં દુઃખ નથી. પણ દુઃખ તો લાગે છે. અશાતા ને પીડા થાય ત્યારે દુઃખ તો લાગે છે. તો એ પીડાનું દુઃખ લાગે છે ? કે નહીં ના, જ્ઞાની ના પાડે છે. 'ગુરુદેવ' ત્યાં સુધી દૃષ્ટાંત દેતા કે નારકીમાં નારકીના સંયોગોને લઈને દુઃખ નથી પણ 'મને છે' એનું એને

દુઃખ છે. પોતાની જાતને Involve કરી છે અંદર એનું દુઃખ છે, બીજું કાંઈ નથી. એ સંયોગો મારા, એ સંયોગો મને, મને થયું છે, અશાતા મને થઈ છે, રોગ મને થયો છે એનું દુઃખ છે. રોગ દુઃખનું કારણ નથી, નિર્ધનતા દુઃખનું કારણ નથી, પ્રતિકૂળ સંયોગો જેટલા કહેવાય છે તેમાંથી એકપણ કોઈ પ્રકાર દુઃખનું કારણ નથી. તેમ એકપણ પ્રકાર સુખનું પણ કારણ નથી. કેમકે સુખ-દુઃખને ખરેખર એની સાથે સંબંધ નથી. સુખ-દુઃખને નિશ્ચય સંબંધ પોતાના જ્ઞાન-અજ્ઞાન સાથે છે.

આપણે તો ઘણીવાર એ વાત લઈએ છીએ કે જ્ઞાને કરીને દુઃખ ન હોય અને અજ્ઞાને કરીને કદી સુખ ન હોય. આ સિદ્ધાંત છે. જ્ઞાને કરીને દુઃખ ન હોય કોઈ દિવસ. જ્યારે દુઃખ થાય ત્યારે જીવે એમ સમજવું કે નક્કી અજ્ઞાન વર્તે છે. હવે એ પ્રકાર ક્યો છે ? કઈ રીતે એનું વસ્તુનું સ્વરૂપ વિપરીત રીતે કલ્પનામાં, અન્યથા રીતે કલ્પનામાં લીધું છે કે દુઃખ વર્તે છે ? આના સંશોધનમાં ચાલ્યો જાય તો એનો દુઃખનો પારો હેઠો ઊતરી જાય. કેમકે રસ તૂટી જાય એનો. શોધવા જાય કે આ ક્યાં કલ્પના થઈ ગઈ ? કેવી રીતે મિથ્યા કલ્પના થઈ ગઈ ? વસ્તુનું સ્વરૂપ કેમ છે ? વસ્તુના સ્વરૂપ બાજુ હજી વિચારને, ચિંતનને લંબાવે ત્યાં એની તીવ્રતાનો રસ તૂટ્યા વિના રહે નહીં.

બાકી તો જડ-ચેતન પદાર્થની જે ભિન્નતા છે એ વિજાતીય- વિરુદ્ધ જાતીય પદાર્થ હોવાથી એટલી બધી ભિન્નતા છે, દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી સર્વથા ભિન્નતા જેને કહીએ, અત્યંત ભિન્નતા કહીએ કે એ ભિન્નતા માત્ર જીવને તમામ સંયોગોના સંપર્કથી છૂટો પાડી દે છે, એનું Attachment તોડી નાખે છે.

દેહનો એક રજકણ તારો નથી અને એની સાથે તારે સંબંધ નથી. તારો એના ઉપર કોઈ અધિકાર નથી. એક રજકણ ઉપર તારો અધિકાર નથી. ત્યાંથી છૂટો પડી ગયો પછી એને દુઃખ થવાનું કારણ રહેતું નથી. એટલે એ ગાયું છે કે 'બાહ્ય નારકી કૃત દુઃખ ભોગે અંતર સુખરસ ગટાગટી.' એટલે બધા પ્રતિકૂળ સંયોગોમાં સુખનો અનુભવ કરે ! દુઃખનો ઓછો અનુભવ કરે એમ નહીં, સુખનો અનુભવ કરે એ કોઈ નાનીસૂની વાત નથી.

મુમુક્ષુ :- સાતમી નરકમાં અસંખ્ય સમ્યક્દૃષ્ટિ છે, 'ગુરુદેવ'ના વાંચનમાં આવે છે કે અસંખ્ય સમ્યક્દૃષ્ટિ સાતમી નારકીમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા છે ને. અહીંયાં સાંધી લીધું હોય. મૂળ શું છે ? સંસ્કાર અહીંયાં લીધા હોય. ત્યાં કોઈ નિમિત્ત નથી. કોઈ દેવ-ગુરુ-શાસ્ત્રનું ત્યાં કોઈ નિમિત્ત નથી. દુઃખ એટલું બધું, એટલું બધું દુઃખ કે જેનો હિસાબ નહીં એટલું દુઃખ. પણ અહીંયાં એને ક્યાંક સાંભળતા સાંભળતા સંસ્કાર પડી ગયા છે. પ્રત્યક્ષ નિમિત્ત હોય. એટલે જ્ઞાનીનો સંગ જે સત્સંગનો મહિમા બહુ કર્યો છે એનું કારણ એ છે કે જીવની કોઈ રુચિ પ્રગટી જાય ને એમાં સંસ્કાર પડી જાય. નિર્ણયનો સંસ્કાર તો બીજી વાત છે. એ તો બહુ અલ્પકાળમાં લઈ લે છે. મોટા ભાગે તો તે જ ભવમાં લઈ લે છે, નિર્ણયનો સંસ્કાર પડે તેને કોઈક જ બીજા ભવમાં લેવાનો. પણ રુચિથી જે સંસ્કાર પડી જાય કે આ જ્ઞાનમય આત્મા જ્ઞાન સ્વભાવ સાધન છે. સ્વયં જ થતું એવું સ્વભાવનું પરિણમન છે. આ જ આત્મા છે. આ જ જ્ઞાનમય જ્ઞાનસ્વભાવી જ્ઞાન તે જ આત્મા છે. એ રુચિ ગયું ત્યાં, જાણે અજાણે રુચિ ગયું. બહુ બુદ્ધિ નથી ચલાવી પણ નિમિત્તત્વમાં પૂર્ણતા છે ને ! નારકીમાં વયો જાય. માઠા પરિણામ કરતાં જીવ નારકીમાં ચાલ્યો જાય. ત્યાંથી સાતમી નારકીએથી પકડે. અંદર પત્તો કાઢે. સુખમાં આવી જાય. સંયોગો સંયોગોમાં રહી જાય, એ સુખમાં આવી જાય. આ વસ્તુના સ્વભાવનું બળવાનપણું છે.

કેટલું બળવાન ! સ્વભાવ કેટલો બળવાન ? કેટલો બળવાન ? કે જેની હદ નહીં એટલો બળવાન. આ નારકીના સંયોગોમાં પણ સ્વભાવ પ્રગટ બળવાનપણે થાય એ સ્વભાવનું ખરું માપ નથી. પણ બતાડવું શું ? એથી અનંતગણું છે પણ કેવી રીતે એને બતાવવું ? તો મોટામાં મોટો દૃષ્ટાંત આપીએ તને. અહીં તો થોડી પ્રતિકૂળતા હોય, થોડીક અનુકૂળતા આવે તો એના રસ આડે એને આત્મા સાંભરે નહીં. થોડીક પ્રતિકૂળતા આવે તો એના ખેદ આડે એને આત્માનો વિચાર આવે નહીં. નાની નાની હજી તો કાંકરી ખરે એવી વાત હોય. કેટલી ? કાંકરી કોઈક અડી હોય એના જેટલી વાત છે એ તો. તોપણ આખેઆખો એમાં રોકાઈને રહી જાય એ સ્વભાવનું વિસ્મરણ બતાવે છે. સ્વભાવથી દૂરવર્તીપણું બતાવે છે. બાકી તો સાતમી નારકીમાં સ્વભાવને લઈ લે, ઝડપી લે એવી ઝડપ કરનારો છે. અને એ પણ એનું પૂરું માપ નથી એ કહેવાય છે વધુમાં વધું એટલા પૂરતી વાત છે. એની શક્તિનું માપ તો અનંતુ છે.

પ્રશ્ન :- સાતમી નારકીના દુઃખનું વર્ણન જ થઈ શકે એવું નથી..

સમાધાન :– હા. એમ જ છે એ તો. પણ ‘ગુરુદેવ’ કહેતા, એક કણ, ત્યાંની ગરમીનો એક કણ અહીંયાં આવે તો હજારો માઈલમાં બધા સાફ થઈ જાય. એની વેદનાની એક રાડ અહીંયાં સાંભળે તો બીજા માણસો મરી જાય. એટલું બધું દુઃખ હોય. પહેલી નરકનું, હોં ! સાતમીનું તો એથી બહુ છે. પહેલી નરકના દુઃખની રાડ અહીંયાં કોઈ સાંભળી શકે એટલી શક્તિ નથી તોપણ ત્યાં આત્માના સુખ સ્વભાવને ઝડપી લે, કબજો કરી લે એટલી શ્રદ્ધામાં શક્તિ છે, એટલી જ્ઞાનમાં શક્તિ છે. એટલો સ્વભાવ અનુકૂળ છે. શું કહેવું છે ? કે એટલો સ્વભાવ પોતાના સુખને પ્રગટ કરવા માટે અનુકૂળ છે. સરવાળે તો આ વાત લેવી છે કે વસ્તુને અનુકૂળ જ વસ્તુનો સ્વભાવ હોય, પ્રતિકૂળ હોઈ શકે જ નહીં, બની શકે જ નહીં.

**‘સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહિ.’** જે સ્વતઃસિદ્ધ વસ્તુ છે એ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહીં. કેવી રીતે પોતાને દુઃખરૂપ હોય ? પોતાની વસ્તુ પોતાને દુઃખનું કારણ થાય ? એ બની શકે નહીં. એ તો અનંત સુખથી ભરપૂર છે, ફાટફાટ સુખ છે, જરાક અંદર બાજુ વળે ત્યાં સુખના શેરડા ફૂટે એવું છે. એવો સુખથી ભરપૂર પદાર્થ છે. માણસ નથી કહેતા ? એ બહુ તંદુરસ્ત છે, ચોંટીયો ભરો તો લોહી નીકળે એવું છે. લાલ ચણોઠી જેવું શરીર છે એમ કહે. બહુ લોહી ભર્યું છે. આ કહે છે કે એટલું બધું સુખ ભર્યું છે પ્રદેશે પ્રદેશે અમાપ સુખ ભર્યું છે. જરાક અંતર્મુખ થાય, દિશા ફેર કરે (એટલે) અંદરથી સુખના ઝરણા વહેવા માંડે છે. અને મુનિઓ તો એ સુખના ફુવારામાં, શાંતિના ફુવારામાં સ્નાન કરે છે, ડૂબેલા રહે છે કે જેથી એમને દેહાદિનું પણ ભાન રહેતું નથી. દેહ છે કે નહીં એ વસ્તુ ભૂલી જાય છે. જાણે હું એકલો જ આત્મા છું. જેમ સિદ્ધાલયમાં એકલો જ આત્મા છે એમ હું અહીંયાં પણ જાણે એકલો આત્મા જ છું. દેહ તો સંભારે ત્યારે ખ્યાલ જાય કે છે તો ખરો, બાજુમાં પાડોશી છે હજી વયો ગયો નથી. પણ હવે એ જાય કે રહે એની સાથે એને બહુ મતલબ છે નહીં.

અહીં તો વળગી પડે. કોઈ રીતે જાવો જોઈએ નહીં. Injection મારો, દવા લાવો, Foriegn થી દવા મંગાવો પણ દેહ છૂટો પડવો જોઈએ નહીં. એક સમય પણ તું રોકી શકે એવું નથી. કેમકે એ તો જગતના સ્વતંત્ર પદાર્થો છે. કોઈના તાબેદાર નથી. તારા પણ નથી ને કોઈના નથી. ઇંદ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈના તાબેદાર નથી.

એ સ્વયં પરિણમવાના. એને પરિણમતા કોણ રોકે ? કે જગતમાં એ વસ્તુ સ્થિતિ નથી. વસ્તુનું સ્વરૂપ જ નથી. તારો જે સુખનો સ્વભાવ છે એ તારામાં ભરપૂર ભરેલો છે, જરાપણ તારાથી દૂર નથી. તું જ (છો), એ પોતે જ તું એ સ્વરૂપે છો, ફક્ત એનો સ્વીકાર લાવ.

'ગુરુદેવ'ને તો બહુ જબરદસ્ત ભાષાનો યોગ હતો. ભાઈ ! ના ન પાડ, ના ન પાડ, ના ન પાડ. તું આ વાતની હા પાડ. હા પાડતા તારી હાલત બદલાઈ જશે, તારી હાલત થઈ જશે. અમે તને સુખી કરવા કહીએ છીએ, તને કાંઈ દુઃખી કરવા કહેતા નથી. બહુ કરુણાથી કહેતા હતા. પ્રભુ, પ્રભુ, પ્રભુ કહીને કહેતા. પ્રભુ ! તને સુખ ઉત્પન્ન થાય એની વાત છે, પ્રભુ ! એમ કહે.

મુમુક્ષુ :– આજે સ્વભાવનો બોલ બહુ સરસ આવ્યો.

પૂજ્ય ભાઈશ્રી :– એક એક બોલ એવા છે. આગળ હાલવું ફાવે નહીં. આગળ હાલવું ફાવે નહીં એવો બોલ છે.

મુમુક્ષુ :– આ જ વાત રહી ગઈને જીવનમાં અનંતકાળથી ?

પૂજ્ય ભાઈશ્રી :– બહુ મોટી વાત એ છે કે જીવે પોતાનો શું સ્વભાવ છે, પોતાનું શું સ્વરૂપ છે એનાથી અજાણ્યો રહ્યો છે. અજાણ્યો રહ્યો છે અને વિપરીત કલ્પનાના ગંજ ખડકી દીધા. મૂળ સ્વરૂપ ઉપર, મૂળ સ્વરૂપને આડે વિપરીત કલ્પનાના ગંજ ખડકી દીધા.

એક આવું કપડું પહેરું તો મને સારું લાગે, લ્યો. પણ તું સર્વાંગ સુંદર સારો છો એમાં આ કપડું પહેરું તો સારું લાગે, આ રંગનું કપડું ને આ ડીઝાઈનનું કપડું ને આ સીલાઈનું કપડું ને... કેટલા ગંજ ખડક્યા છે ? હિસાબ તો કો'કવાર મૂકે નવરો થઈને. 'ગુરુદેવ' વાળો વાળો કહેતા. દેહવાળો હું, રાગવાળો હું પછી ત્યાંથી લે. પૈસાવાળો, મકાનવાળો, આબરૂવાળો, બાયડીવાળો, દીકરાવાળો, દીકરીવાળો, સગાં-સંબંધીવાળો, સ્નેહી ફલાણાવાળો, વાળો કેટલા વાળા તને નીકળ્યા છે, જો તો ખરો. આ બધા તને પીડા કરે છે. આ બધા વાળા પીડાનું કારણ છે. ગણાવતા એ રીતે.

એ બધુ દુઃખનું કારણ છે પણ સ્વભાવ દુઃખરૂપ હોઈ શકે જ નહીં. સ્વતઃસિદ્ધ વસ્તુ સ્વયં પોતાને દુઃખરૂપ હોઈ શકે જ નહીં, એમ લેવું છે. બની શકે જ નહીં. એ ૨૩૫ (બોલ પૂરો થયો).

**મલિનતા ટકતી નથી અને મલિનતા ગમતી નથી, માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ. ૨૩૬.**

૨૩૬ છે એ પણ એ જ વિષય ઉપર છે કે જીવને પરિણામમાં '**મલિનતા ટકતી નથી...**' એક સમયનું આયુષ્ય લઈને આવે છે. ચાહે શ્રદ્ધાની મલિનતા હો, જ્ઞાનની મલિનતા હો, રાગની મલિનતા હો, દુઃખની મલિનતા હો, તમામ મલિનતા એક સમયની આયુષ્યવાળી છે. '**મલિનતા ટકતી નથી અને મલિનતા ગમતી નથી,...**' પછી સમય સમય સમય કરીને ભલે અનંતકાળ ચાલુ રહે પણ '**મલિનતા ટકતી નથી અને મલિનતા ગમતી નથી, માટે મલિનતા વસ્તુનો સ્વભાવ હોઈ શકે જ નહિ.**'

'સમયસાર'ના કર્તા-કર્મ અધિકારની ૭૨ ગાથામાં ત્રણ બોલ લીધા છે. આસ્રવ છે એનો વિષય ચાલ્યો છે કે આસ્રવ ક્યાં સુધી ચાલુ રહે ? જીવને આસ્રવ ક્યાં સુધી ચાલુ રહે ? આસ્રવ એટલે સંસાર ક્યાં સુધી ચાલું રહે ? મિથ્યાત્વનો આસ્રવ મુખ્ય છે ને. તો કહે છે, વિપરીતપણું, દુઃખરૂપપણું અને મલિનતાપણું-અશુચિપણું અશુચિ શબ્દ વાપર્યો છે. અશુચિ કહો કે મલિનતા કહો બન્ને એક વાત છે. આ આસ્રવોના ત્રણ જે પડખાં છે-ત્રણ ભેદ છે એ જ્યાં સુધી જીવને રહે ત્યાં સુધી. જાણે એટલે એને મૂકી જ દે. મારા સ્વભાવથી આ પ્રતિકૂળ છે એ એની વિપરીતતા છે. હું સુખરૂપ છું અને આ દુઃખરૂપ છે, હું પવિત્ર છું અને આ મલિન છે એમ એના ત્રણ જે પ્રયોજનના પડખાં છે એને જ્યાં સુધી જીવ નથી જાણતો ત્યાં સુધી એનાથી ખસતો નથી. નુકસાનને જાણે તો એક ક્ષણ પણ નુકસાનમાં ઊભો ન રહે એ જીવનો સ્વભાવ છે.

અહીં મલિનતાનો બોલ ચાલે છે. કોઈ એમ કહે કે આ તમારા મોઢા ઉપર હોઠ પાસે વિષ્ટા ચોંટેલી છે. પછી વિચાર કરે કે અત્યારે કાઢું કે પછી કાઢું ? કેટલી છે ? જાજી છે ? થોડી હોય તો પછી ભલેને રહી, થોડીનો વાંધો નહીં. મંદ કષાય તો થોડો છે ને. કષાય મંદ છે ને. પણ મલિન છે ભાઈ ! મલિનપણું થોડું હોય કે જાજું હોય, મલિનપણું હોય એને જીવનો સ્વચ્છ સ્વભાવ શુદ્ધ સ્વભાવ મલિનતાને

સાંખે નહીં એવો નથી. જેમ કોઈ કહે ને હું સાંખી નહીં લઉં. એમ મલિનતાને સાંખે નહીં, દુઃખને સાંખે, વિપરીતતાને સાંખે નહીં, સહન કરે નહીં. એવો જીવનો સ્વભાવ છે. એટલે ત્યાં એ વાત લીધી છે.

અહીંયાં ત્રણેય બોલ આવી ગયા આમાં. વસ્તુના સ્વભાવથી અનુકૂળતા અને પ્રતિકૂળતાનો વિષય છે એ વિપરીતતા નથી, અવિપરીતપણું છે એ લીધું છે. આસ્રવનો સ્વભાવનો દુઃખરૂપ છે, જીવનો સ્વભાવ સુખરૂપ છે એ લીધું. ત્રીજો આ અશુચિનો બોલ ચાલે છે. ત્રણે બોલ ૭૨મી ગાથાના છે. શાસ્ત્રની એ પદ્ધતિ છે, પદ્ધતિસર વાત છે.

મુમુક્ષુ :- કઈ ગાથા ?

પૂજ્ય ભાઈશ્રી :- ૭૨ ગાથા, કર્તા-કર્મ અધિકાર.

**અશુચિપણું, વિપરીતતા એ આસ્રવોનાં જાણીને,**
**વળી જાણીને દુઃખકારણો, એથી નિવર્તન જીવ કરે. ૭૨.**

ક્યાં સુધી આસ્રવ ચાલુ રહે ? અથવા ક્યારે જીવ આસ્રવથી નિવર્તે ? કે આસ્રવનું આવું સ્વરૂપ જાણે ત્યારે. નાસ્તિનો વિષય લીધો. આવું સ્વરૂપ જાણે ત્યારે. અસ્તિમાં આચાર્ય મહારાજે ત્રણેયના પ્રતિપક્ષ લીધા. ભગવાન આત્મા ત્યાંથી (વાત ઉપાડી છે). પહેલોવહેલો ભગવાન આત્મા અહીંયાં કીધો. અહીંથી 'ગુરુદેવે' ભગવાન આત્મા ઉપાડ્યો છે. પોતે ભગવાન આત્મા, ભગવાન આત્મા પ્રવચનમાં બહુ કહેતા. પછી આધાર આપતા કે ૭૨ ગાથામાં ભગવાન 'અમૃતચંદ્રઆચાર્યે' આત્માને ભગવાનઆત્મા કહ્યો. વાત ચાલી છે આસ્રવની, જે ગાથા છે એ પૂર્વાચાર્યની–'કુંદકુંદ' ભગવાનની. એની અંદર તો વાત લીધી છે કે આસ્રવનું સ્વરૂપ આવું છે. એમાંથી અનાસ્રવી આત્મા કેવો છે, ભગવાનઆત્મા કેવો છે એ વાત ત્યાંથી કાઢી છે અને ત્રણેયના પ્રતિપક્ષ લીધા છે.

મુમુક્ષુ :– માતાજીના વાક્યોમાં કેવા બોલ ત્રણેય આવી ગયા !

પૂજ્ય ભાઈશ્રી :– કુદરતી બધો મેળ ખાઈ ગયો છે. યાદ આવી ગયું ત્રણેય બોલમાં. બરાબર ઇ જ વિષય છે અહીંયાં. બોલ બે છે પણ ત્રણેયમાં વિષય ૭૨ ગાથાનો સંકેલી લીધા છે. એક ન્યાયે આ 'સમયસાર' જ ચાલે છે. 'સમયસાર'ની ૭૨ ગાથા ચાલે છે એમ કહો. 'અમૃતચંદ્રાચાર્યદેવ'ની તો ગજબ શૈલી છે ! ટીકાની અલૌકિક શૈલી છે !!

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી' પધાર્યા ત્યારે ૭૨ ગાથા માંગી હતી આપણે અહીંયાં બહુ સરસ ચાલ્યું હતું.

પૂજ્ય ભાઈશ્રી :- આસ્રવો અપવિત્ર છે તો કહે છે, **'ભગવાન આત્મા તો સદાય અતિનિર્મળ ચૈતન્યમાત્રસ્વભાવપણે જ્ઞાયક હોવાથી અત્યંત શુચિ જ છે.'** અનંત શુચિ છે એમાં, અનંત પવિત્રતા છે. ભગવાન આત્મા અતિનિર્મળ ચૈતન્યસ્વભાવપણે હોવાને લીધે-આ એનું કારણ છે. શેનાથી છે ? આત્માને પવિત્રપણું શેનાથી છે ? કે અતિનિર્મળપણું, અતિપવિત્રપણું એનો સ્વભાવ હોવાને લીધે એ પવિત્ર છે. કોઈને કારણે પવિત્ર નથી. એના સ્વભાવને લીધે એ પવિત્ર છે. એવી જ વિષય શૈલી લીધી છે એમણે નિર્જરા અધિકારની. આત્મા જ્ઞાયક હોવાને લીધે એને નિર્જરા છે. અનેક પડખેથી નિર્જરા થાય છે એનું કારણ ? તો કહે છે, આત્મા જ્ઞાયકપણે હોવાને લીધે નિર્જરા છે. એ શૈલી લીધી છે એમણે નિર્જરા અધિકારમાં.

**'ભગવાન આત્મા તો સદાય નિરાકુળતા-સ્વભાવને લીધે,...'** ભગવાન આત્મા, આત્મા તો સદાય નિરાકુળ સ્વભાવપણું હોવાને લીધે, કોઈનું કારણ નહીં, **'કોઈનું કાર્ય તેમ જ કોઈનું કારણ નહિ હોવાથી, દુઃખનું અકારણ જ છે.'** જુઓ ! સમ્યક્દૃષ્ટિને આવા આત્માની દૃઢ શ્રદ્ધા-મેરુ જેવી શ્રદ્ધા વર્તે છે. મેરુ ડગે નહીં એવી. મારા આત્માને કોઈ દુઃખ પહોંચાડવા સમર્થ નથી. કેમ ? કે કોઈ દુઃખનું કારણ નથી. જગતમાં મારા માટે કોઈ દુઃખનું કારણ નથી. સુખનું કોઈ કારણ નથી. કેમકે સુખ તો મારો સ્વભાવ છે. અનંત સુખથી ભરેલો હું છું માટે સુખનું મારે કોઈ કારણ નથી. કોઈ અપેક્ષા નહિ સુખની. દુઃખની ? દુઃખ મને કોઈ પહોંચાડી શકે નહીં. આખું જગત ઊથલપાથલ થઈ જાય, વજ્રપાત થાય તોપણ સમ્યક્દૃષ્ટિને દુઃખ થતું નથી એમ લીધું છે. નિર્જરા અધિકારમાં એ બધી વાત લીધી છે. જ્ઞાયકપણું હોવાને લીધે. શેનું જ્ઞાયકપણું છે ? કે અનંત સુખથી ભરેલો છું એનું પણ જ્ઞાયકપણું વર્તે છે. આ બધા અસ્તિના બોલ લીધા છે. ૭૨મી ગાથામાં અસ્તિની વાત લીધી છે.

જડ-ચેતનમાં વિપરીત-અવિપરીતપણું લીધું. રાગાદિ જડ સ્વભાવી છે, આત્મા અનંત ચૈતન્ય સ્વભાવી છે. અનંત વિજ્ઞાનઘનપણું એને હોવાને લીધે સદાય ચૈતન્યથી અનન્ય સ્વભાવવાળો છે. તેથી પણ એને ચૈતન્યથી કોઈ વિપરીતતા બીજી નથી. એ રીતે અહીંયાં એક મલિનતાનો બોલ છૂટો છે. ૨૩૬માં. અહીં સુધી રાખીએ...

હે આત્મા ! તારે જો વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે; દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી. આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.

આવી દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો તથા પર્યાયોને, અભેદ તેમ જ ભેદને, વિવિધ પ્રકારે જાણે છે. લક્ષણ, પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે અને વસ્તુ-અપેક્ષાએ અભેદ છે એમ જ્ઞાન જાણે છે. 'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ, આ સમ્યગ્દર્શન થયું, આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું' – એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે. આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઈ પ્રકારમાં રોકાતી નથી.

સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના, શ્રુતચિંતવનના, અણુવ્રત-મહાવ્રતના ઇત્યાદિ વિકલ્પો હોય છે, પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે. અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે; સ્વરૂપમાં એકાગ્ર થતાં, નિર્વિકલ્પ સ્વરૂપમાં વાસ થતાં, તે બધા છૂટી જાય છે. પૂર્ણ વીતરાગ દશા થતાં સર્વ પ્રકારના રાગનો ક્ષય થાય છે.

– આવી સાધકદશા પ્રગટ કરવાયોગ્ય છે. ૨૩૭.

તા. ૨-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૩૭
પ્રવચન નં. ૧૮૯

'બહેનશ્રીનાં વચનામૃત'ના (બોલ ૨૩૭) **'હે આત્મા ! તારે જો વિભાવથી છૂટી મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર.'** પ્રેરણાનો બોલ

છે. સર્વ વિભાવથી છૂટવું હોય, કોઈપણ પ્રકારના કષાય-કલંક સાથે સંબંધ ન રાખવો હોય, સંપૂર્ણ શુદ્ધ દશા, પૂર્ણ શુદ્ધ પવિત્રદશા, મુક્તદશા. પવિત્રદશા એટલે મુક્તદશા એવી સ્થિતિ પ્રાપ્ત કરવી હોય તો તારા નિજ ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. એ ચૈતન્ય સ્વરૂપ તું પોતે જ છો, તેથી એને અભેદ સ્વરૂપ કહીએ અને તે ચૈતન્ય સ્વરૂપ સર્વ વિભાવથી રહિત છે. પોતાનું મૂળ સ્વરૂપ સર્વ વિભાવથી રહિત છે. એને સ્વરૂપપણે ગ્રહણ નથી કરતો તેથી એને વિભાવની ઉત્પત્તિ છે. વિભાવની ઉત્પત્તિ તો વિભાવ રહિત પવિત્ર ચૈતન્ય છું, (એમ) ચૈતન્યને સ્વ-રૂપે નહીં ગ્રહણ કરવાના કારણે ઉત્પન્ન થાય છે.

એ વિભાવદશા કેમ છૂટે ? કે ઊલટું કારણ છોડી દેવામાં આવે તો. અથવા સૂલટું કારણ સ્વરૂપને ગ્રહણ કરવામાં આવે તો. પહેલા તો એ વાત છે કે વિભાવથી છૂટી સંપૂર્ણ પરિપૂર્ણ મુક્તદશા તારે પ્રાપ્ત કરવી છે ? જો પ્રાપ્ત કરવી હોય તો આમ કર. જો તારે મોક્ષની અભિલાષા ન હોય, મુમુક્ષુના વિષે 'શ્રીમદ્જી'એ કહ્યું છે. મોક્ષ અભિલાષ. માત્ર મોક્ષ અભિલાષ એ મુમુક્ષુની ભૂમિકામાં (લીધું છે), મુનિની ભૂમિકામાં એ બોલ નથી લીધો. મુમુક્ષુ કેવો હોય ? કે જેને માત્ર મોક્ષની અભિલાષા હોય. 'બીજો નહીં મનરોગ' એક જ અભિલાષા. 'માત્ર' કહેતા એક જ અભિલાષા છે.

જીવનનું ધ્યેય જગતમાં આબરૂ મેળવવાનું નહીં, પૈસો મેળવવાનું નહીં, જીવનનું ધ્યેય સ્વર્ગમાં જવાનું નહીં, પુણ્ય પ્રાપ્ત કરવાનું નહીં, કોઈપણ પ્રકારનું જીવનનું ધ્યેય માત્ર નિષ્કલંક, નિષ્કષાય પવિત્રદશા જીવનમાં એ દશા પ્રગટ કરવી છે એવું જેને ધ્યેય છે, એવું જો તારે ધ્યેય છે તો તારા નિજ અભેદ ચૈતન્ય સ્વરૂપને ગ્રહણ કર. એવા ધ્યેય વિના ચૈતન્યનું ગ્રહણ થવું સંભવિત નથી. ચૈતન્યનું ગ્રહણ થવું, અભેદ સ્વરૂપનું અભેદભાવે અનુભવન થવું એને ગ્રહણ કહે છે. એ પણ શક્ય નથી. જો તારી મોક્ષની અભિલાષા હોય તો જ એ શક્ય છે. કેમકે જેવું સ્વરૂપ છે તેવું જ થવું છે એનું નામ મોક્ષદશા છે.

જેને જે દશા પ્રાપ્ત કરવી છે એને તેવો જ સંગ હોવો જોઈએ. આ નિજ સંગ, નિજ ચૈતન્ય સંગની વાત છે, નિજ સત્સંગની વાત છે. સત્સંગ .. આ સત્‌નો અનુભવ તે સત્સંગ છે. પરમાર્થ સત્સંગ એને કહેવામાં આવે છે. એવો અનુભવ થવાની જ્યાં વાર્તા હોય એને વ્યવહાર સત્સંગ કહેવામાં આવે છે. આ સ્વામીનારાયણ સંપ્રદાયમાં

તો આપણે ત્યાં જેમ કહીએ કે આ 'ગુરુદેવ'ના આ મુમુક્ષુ છે એટલે (ત્યાં એમ કહે) આ સત્સંગી છે. એ લોકોમાં બોલવાની પદ્ધતિ એવી છે. સાધર્મી હોય એને સત્સંગી નામ આપે છે. કોણ છે ? અમારા સત્સંગી છે એમ કહે.

પ્રશ્ન :– સ્વામીનારાયણમાં ?

સમાધાન :– હા, સ્વામીનારાયણમાં. સંપ્રદાયમાં એ પદ્ધતિ છે. એ સંગમા સત્‌ની વાર્તા છે કે રાગની વાર્તા છે ? રાગ તો અસત્ છે. શુભરાગની, ભક્તિની. બહુ ભક્તિ બહુ કરે,.. સ્વામીનારાયણ, સ્વામીનારાયણ બહુ કરે. એક જાતનો શુભરાગ છે. શુભરાગ છે એ સત્સંગ નથી. રાગ તો અસત્ છે એનો સંગ કરવાની (વાત થઈ). એનો ઉપદેશ હોય રાગનો ઉપદેશ હોય, જ્યાં જ્યાં રાગનો ઉપદેશ હોય ત્યાં સત્સંગ નથી. રાગ રહિત સત્‌નો જ્યાં ઉપદેશ હોય એને વ્યવહાર સત્સંગ કહે છે. અને અંદરમાં પોતાના અભેદ ચૈતન્ય સ્વરૂપનું ગ્રહણ કરે તેને નિશ્ચય સત્સંગ કહે છે. આ સાચો (સત્સંગ છે). નિશ્ચય એટલે સાચો સત્‌નો સંગ આ છે.

પ્રશ્ન :– સત્ય અને અસત્ય બે છે. સત્ય અને અસત્ય પણ અસત્ય બાજુ ઢળી જવાય.

સમાધાન :– જગતમાં તો એવું છે કે સિદ્ધો જે અનંતા છે એના કરતા એક નિગોદની કણીમાં Majority છે કે નહીં ? પહેલેથી જ છે. સંસારી જીવોની Majority પહેલેથી જ છે. સાધક તો અસંખ્ય જ હોય. સાધક હોય ઇ કેટલા હોય ? ઇ કાંઈ અનંત ન હોય. સિદ્ધો અનંત છે. સાધકો અસંખ્ય છે. અઢી દ્વીપની બહાર તિર્યંચ સાધક પણ અસંખ્ય છે. મનુષ્યો તો અમસ્તાય અસંખ્ય છે. સંખ્યાત છે. એટલે એમાં તો બહુ ઓછી સંખ્યામાં સાધકો હોય. અને સંસારી જીવો અનંત અનંત છે. અનંત અનંત છે. જડ પરમાણુ એથી અનંત અનંત છે. એની એથી પણ Majority છે. પરમાણુની સૌથી વધારે Majority છે. છએ દ્રવ્યોમાં સંખ્યાની Majority જડ પરમાણુની છે એટલે એનું વધારે મહત્ત્વ ગણવું ને ? Majority વાળાનું મહત્ત્વ ગણવું જોઈએ કે નહિ ? એનું મહત્વ કરીને રખડ્યો. પરમાણુનું મહત્વ કરીને રખડ્યો. પરિભ્રમણ કર્યું, પરિભ્રમણ (કરીને) દુઃખી થયો.

અહીં તો સુખી થવું હોય તો (એની વાત છે). વિભાવથી છૂટવું એનો બીજો અર્થ છે કે દુઃખથી છૂટવું. વિભાવ તો દુઃખમય છે. કોઈ વિભાવ સુખમય નથી, સુખરૂપ

નથી. સમસ્ત વિભાવ, તમામ વિભાવ બધા જ દુઃખમય છે. કથંચિત્ દુઃખમય નથી, એકાંતે દુઃખમય છે. એનાથી જો છૂટવું હોય તો, દુઃખથી છૂટવું હોય તો. એના ફળ સ્વરૂપ પરિભ્રમણ છે, જન્મ-મરણ એના ફળ સ્વરૂપ છે. એનાથી છૂટવું હોય તો. વિભાવથી છૂટવું હોય એમાં બધું આવે. તારે દુઃખથી છૂટવું છે ? તારે ચાર ગતિના પરિભ્રમણમાંથી છૂટવું છે ? ચોરાસી લાખ યોનિમાં જન્મે છો અને પછી મરે છો એમાંથી છૂટવું છે ? તારે અનંત નિગોદના ભવોમાંથી છૂટવું છે ? અનંતકાળ નિગોદમાંથી છૂટવું છે ? નહીંતર બે હજાર સાગર પહેલા પહેલા તો એ સ્થિતિ આવીને ઊભી રહેવાની છે. જો છૂટવું હોય તો ઝડપ કર, એમ કહે છે.

ચૈતન્યના અભેદ સ્વરૂપને ગ્રહણ કર. એ અભેદ સ્વરૂપને ગ્રહણ કરવાનું મુખ્ય કામ દૃષ્ટિ કરે છે અથવા સમ્યક્ શ્રદ્ધાન એ કાર્ય કરે છે. શ્રદ્ધાગુણનું પરિણમન છે. અભેદભાવે પરિણમવાનો જેનો ગુણ સ્વભાવ છે એવું જેનું પરિણમન છે એની વાત કરે છે. પછી જ્ઞાનની વાત કરશે.

**'દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી એક નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...'** દ્રવ્યદૃષ્ટિ અથવા સમ્યક્ શ્રદ્ધાન ત્રિકાળી ધ્રુવ પરમ પારિણામિકભાવસ્વરૂપ જ્ઞાયક તત્ત્વ છે. જે પદાર્થનો પરમભાવ છે, પરમ સ્વરૂપ છે અથવા જે પરમાત્મ તત્ત્વ છે એને જ માત્ર ગ્રહણ કરે છે. ત્રિકાળી પરમાત્માને જ એ ગ્રહણ કરે છે. સર્વ પ્રકારની પર્યાયોને દૂર રાખીને. એમાં એ કોઈપણ પર્યાયને અંદરમાં ભેળવતો નથી. કોઈ એક પણ પર્યાય નહીં. દૃષ્ટિ છે એ પોતાના વિષયમાં સ્વસ્વરૂપમાં, સ્વસ્વરૂપપણે સર્વસ્વપણે ગ્રહણ જેને કરે છે, એમાં એક સમયની પર્યાય પણ સાથે નથી. ઊલટાની દૂર રાખે છે એમ કહે છે.

જે સર્વ પ્રકારના ક્ષણિક ભાવોથી અત્યંત દૂર હોવાને લીધે નિત્ય છે. શાશ્વત કેમ છે ? કે જે ક્ષણવર્તી પરિણામો થઈ રહ્યા છે તેનાથી તે અત્યંત દૂર છે. અત્યંત દૂર હોવાને લીધે તે નિત્ય છે. એટલે એને નિત્ય કહ્યું છે. સર્વ પ્રકારની પર્યાયો એમાં કેવળજ્ઞાનની પર્યાય આવી ગઈ. દ્રવ્યદૃષ્ટિ તો કેવળજ્ઞાન(ની અંદર છે) કેવળજ્ઞાનની પર્યાયને.. અરે ! અનંત આનંદપણે, પરમાનંદપણે જેનો ભોગવટો છે એ પર્યાય પણ એમાં આવી ગઈ. ખુદ ક્ષાયિક સમ્યક્દર્શનની પોતે પર્યાય છે એ પણ એમાં આવી ગઈ. પોતે આવી ગઈ.

માણસ નથી કહેતા ? અહીંયાં અંદર જવાની મનાઈ છે. હું પોતે પણ નથી જવાનો. મારે પણ નથી જવાનું તો બીજા કોઈને, મારે નથી જવાનું પછી તમારે જવાનો ક્યાં પ્રશ્ન છે. એમ સમ્યક્ શ્રદ્ધાનની પર્યાય કહે છે કે જે નિરપેક્ષ ધ્રુવ પરમાત્મામાં મારો સમાવેશ નથી, હું એનાથી દૂર છું, બીજી બધી પર્યાય તો કહેવાની જરૂર નથી કે આપોઆપ દૂર છે. શુદ્ધ પર્યાય દૂર છે તો અશુદ્ધ પર્યાય તો ઊલટાની વિરુદ્ધ ચાલનારી પર્યાય છે, એ તો અમસ્તી પણ ભાવથી દૂર છે. આ તો ભાવથી નજીક આવવાનો જેમાં ભાવ છે, સમીપ જવાનો જેમાં ભાવ છે, અભેદભાવ જેમાં છે જે પણ એમાં નથી.

પ્રશ્ન :– અત્યંત દૂર છે ?

સમાધાન :– અત્યંત દૂર છે. એવો શબ્દ વાપર્યો છે. 'નિયમસાર'માં ૩૮ પછી પહેલો શ્લોક છે કે જે ક્ષણવર્તી ભાવોથી અત્યંત દૂર છે. કેવો છે કારણ પરમાત્મા ? એમ કરીને વાત લીધી કે અનિત્ય પરિણામોથી, ક્ષણવર્તી ભાવોથી જે અત્યંત દૂર છે, ઘણો દૂર છે. એકલો નિત્યતાનો પિંડ છે. એકલો નિત્યતાનો પિંડ કેવો છે ? કે જેમાં અનિત્યતાની ગંધ આવતી નથી. એક સમયની અનિત્ય પર્યાય છે એની ગંધ એમાં નથી.

મુમુક્ષુ :– એક બાજુથી કહો આપ કે દ્રવ્ય અને પર્યાય, જ્યાં દ્રવ્ય છે ત્યાં જ પર્યાય છે, પર્યાય છે ત્યાં જ દ્રવ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્યાં દ્રવ્ય છે ત્યાં પર્યાય છે એ પ્રમાણ દૃષ્ટિથી. અહીંયાં દ્રવ્યદૃષ્ટિની વાત ચાલે છે. પ્રમાણદૃષ્ટિનું પ્રકરણ ચાલતું નથી. ઇ કહેશે, જ્ઞાન જાણશે બધાને. જ્ઞાન બધું જાણે છે કે આખા પદાર્થની વ્યવસ્થા શું છે ? પણ જ્યાં માલ છે-ત્રિકાળી સામર્થ્ય જ્યાં ભર્યું છે એવું જે ગુણનિધાન, ગુણનું ગોદામ છે, જ્યાં બધો માલ ભર્યો છે કે જે જીવનું શાશ્વત સ્વરૂપ છે, મૂળ સ્વરૂપ છે. ત્યાં ક્ષણવર્તી પર્યાયનો સદ્ભાવ નથી. એ ત્રિકાળી સત્ છે એની અપેક્ષાએ એક સમયની પર્યાય તે અસત્ છે. આ શાશ્વત છે, (પર્યાય) શાશ્વત નથી. પર્યાયો કોઈ શાશ્વત નથી. આ ત્રિકાળી સત્ છે એ સત્ છે, એની પાસે બીજું બધું અસત્ છે. અથવા આ સત્ય છે અને બીજું બધું મિથ્યા છે. સત્ય અને મિથ્યા. એટલે તો પર્યાયદૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ કીધી. રાગની દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ કહે. સમજી શકાય એવી વાત છે. પરની દૃષ્ટિને મિથ્યાદૃષ્ટિ

કહે, દૃષ્ટિ એટલે હુંપણું કરવું અભેદભાવે. વિભાવમાં અભેદભાવે હુંપણું કરે, પરપદાર્થ દેહાદિમાં હુંપણું કરે તો મિથ્યાદૃષ્ટિ છે એ તો બરાબર પણ એક સમયની પર્યાયદૃષ્ટિ તે મિથ્યાદૃષ્ટિ આ મિથ્યાદૃષ્ટિપણાનો મૂળ સિદ્ધાંત આ છે. પર્યાય મૂઢાઃ પરસમયા. એમ લીધું. બહુ તાત્ત્વિક વાત છે.

એટલે તો નવ તત્ત્વોમાં એના ઉપાદેયમાં સંવર, નિર્જરા, મોક્ષ કથંચિત્ ઉપાદેય હોવા છતાં ૩૮ ગાથામાં ઉપાદેય ન લીધા. ગાથાનો વિષય (શું છે) ? તો કહે છે, આ હેય-ઉપાદેય તત્ત્વના સ્વરૂપનું કથન છે. ગાથાનું મથાળું ઇ બાંધ્યું છે. શેની ગાથા છે આ ? કે હેય-ઉપાદેય તત્ત્વ ક્યા ક્યા છે તેનું સ્વરૂપ બતાવનારું આ (કથન) છે. તેમાં ચારેય ક્ષણિક પર્યાયો હેય છે. ચારેય ક્ષણિક પર્યાયોની અંદર સંવર, નિર્જરા અને મોક્ષ (પણ આવી ગયા).

એક બાજુ કીધું કે તારે મોક્ષદશા જો પ્રાપ્ત કરવી હોય તો આને-ત્રિકાળીને ગ્રહણ કર. અને વળી એમ કહે કે એને તો દૂર રાખવાની વાત છે. દૃષ્ટિમાં તો એને દૂર રાખવાની વાત છે. આવી અટપટી વાત હોવાથી સાધારણ માણસોને સમજમાં આવતી નથી અને અન્યમતમાં તો આ વિષય જ નથી. ઘણો અંદરનો ને અંદરનો વિષય છે. એક બાજુ મોક્ષ પ્રાપ્ત કરવો, સર્વાંગ સિદ્ધદશા પ્રાપ્ત કરવી બીજી બાજુ કહે છે કે દૃષ્ટિમાં એને દૂર રાખવી. ધ્યેયમાં એને અગ્ર, મુખ્ય રાખવાની વાત છે અને દૃષ્ટિમાં એને દૂર રાખવાની વાત છે. બન્ને ક્યારે રહે ? કે એક સાથે .. બન્ને એક સાથે રહે. વિરુદ્ધતા દેખાય. માતા એના છોકરાને મારે, ધોલ-થપાટ કરે, ગુસ્સો કરે, ડોળા કાઢે એ પ્રેમના લક્ષણ છે કે દ્વેષના ?

મુમુક્ષુ :– પ્રેમના.

પૂજ્ય ભાઈશ્રી :– માતૃત્વના પ્રેમના લક્ષણ છે કે દ્વેષના ? માર મારે એને કાંઈ પ્રેમ કહેવાતો હશે ? હા, આ માર મારે ઇ પણ પ્રેમ છે. એના પ્રત્યે પ્રેમ છે એટલે એને મારે છે. એને અભિપ્રાયથી સમજવું જોઈએ. એની ક્રિયાથી સમજવા જાય તો ઊંધું પડે, તદ્દન ઊલટું પડે. અભિપ્રાયથી સમજવું પડે.

એમ અહીંયાં એક સમયની મોક્ષદશા પામવાનું ધ્યેય છે પણ અવલંબનનો અભિપ્રાય ત્રિકાળી દ્રવ્યનો છે. મોક્ષદશાનો અવલંબનનો અભિપ્રાય નથી. પ્રાપ્ત એને કરવી છે છતાં ધ્યેય એનું છે છતાં, અભિલાષા એની છે છતાં એનું અવલંબન નહીં.

અને તો જ અને ત્યારે જ પ્રાપ્ત થાય નહીંતર પ્રાપ્ત થાય નહીં. એ એનું (વિજ્ઞાન) છે.

પ્રશ્ન :– નિર્મળ પર્યાયને પરદ્રવ્ય કીધી.

સમાધાન :– હા, ૫૦ ગાથામાં એમ કહ્યું. ચારેય પર્યાયો. નિર્મળ એટલે પૂર્ણ નિર્મળ, ક્ષાયિક પર્યાય કેવળજ્ઞાન, પરમાનંદ, ક્ષાયિક સમ્યક્દર્શન, ક્ષાયિક ચારિત્ર, અનંત પુરુષાર્થ, અનંત વીર્ય એ બધી પર્યાયો ક્ષાયિકભાવમાં આવી ગઈ. સિદ્ધ પર્યાય પણ એમાં આવી ગઈ. સિદ્ધ પરમાત્માના સમ્યક્દર્શનના વિષયમાં પોતાની સિદ્ધદશા નથી. સર્વ પર્યાય (લીધું ને) ? દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાય (બાદ કરે છે). કોઈપણ પ્રકાર બાકી ન રાખ્યો, અપવાદ નહીં એમાં. આ સિદ્ધાંતમાં અપવાદ નહીં. માટે દ્રવ્યદૃષ્ટિનો વિષય 'ગુરુદેવે' બહુ સ્પષ્ટ કર્યો. (નહિતર) દ્રવ્યદૃષ્ટિનો વિષય જ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રને માને એટલે સમ્યક્દર્શન. જૈન કુળમાં જન્મ્યા અને દેવ-ગુરુ-શાસ્ત્રને માનતા થયા પહેલેથી જ એટલે અમને સમ્યક્દર્શન છે અને વ્રત અંગીકાર કરીને ચારિત્ર લઈએ. ...

મુમુક્ષુ :– દેવ-શાસ્ત્ર-ગુરુ પર ? તો મહારાજ કહે લાખ વાર પર.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વ ક્યાંથી હોય ? એ તારો આત્મા છે ? દેવ-ગુરુ-શાસ્ત્ર ત્રણ છે, ઇ તો ત્રણ છે અને તું એકલો છો. તું એક છો અને ઇ ત્રણ છે. ક્યાંથી ત્રણ સ્વરૂપે થયો ? ઇ તો ચોખ્ખે ચોખ્ખું પર છે. પર ક્ષેત્રમાં છે, તારી સાથે રહેતા નથી, એ એના સ્વક્ષેત્રમાં રહે છે. પછી સ્વ ક્યાંથી થાય ? પણ એના તરફનો શુભરાગ પણ પર છે. દૃષ્ટિની અપેક્ષાએ તો એક સમયની પર્યાય પણ પર છે. પર છે, અસત્ છે એમ કહે છે.

દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખીને એક નિરપેક્ષ, એક એકરૂપ છે, અદ્વિતીય છે, એક છે. એકલો છે ને નિરપેક્ષ છે, કોઈની અપેક્ષા જેને નથી. પર્યાયમાં સમ્યક્ શ્રદ્ધાન થાય તો ઠીક ! એવું ત્રિકાળીને વિષે નથી. પર્યાયમાં દુઃખ મટીને આનંદ પ્રગટ થાય એવું ત્રિકાળીને વિશે નથી. કોઈની અપેક્ષા નથી.

પર્યાય જ્યારે સ્વરૂપનું ભજન કરે છે અને સ્વરૂપને (ફરતે) ભમવા લાગે છે ત્યારે ધ્રુવ તો ક્યારે પણ હલતું નથી. ત્યારે એક એવી કલ્પના કરવામાં આવે છે કે ધ્રુવ તો .. પરમ પવિત્ર તીર્થ છે, જેના લક્ષે તરાય છે એટલે તીર્થ છે. નિશ્ચય તીર્થ તો ધ્રુવ પરમાત્મા જ છે. આ તીર્થની પ્રદક્ષિણા પર્યાય કરે છે. શુદ્ધ પર્યાયો

શું કરે છે ? તીર્થની પ્રદક્ષિણા કરે છે. તો તીર્થ એમ કહે છે કે આ પ્રદક્ષિણા કરનાર પર્યાયો પ્રદક્ષિણા કરો તો કરો. મારે શું છે ! એની પ્રદક્ષિણાથી કાંઈ મને એથી લાભ છે, અને તેથી મારી મહાનતા છે અને તેથી હું મોટો છું એવું તો કાંઈ નથી. એવું હરગીજ નથી. હું તો જેવો છું એવો છું. કોઈની અપેક્ષા વિના બિના કિસીકે અભી હી પૂર્ણ હૂં. કોઈના વિના અત્યારે જ પરિપૂર્ણ છું.

દિવ્યધ્વનિનો મુખ્ય વિષય આ દૃષ્ટિનો વિષય આત્મા છે એ રહ્યો છે. દિવ્યધ્વનિનો મુખ્ય વિષય શું ? કે જે આ દૃષ્ટિનો વિષય આત્મા કહે છે એ વિષય છે. એ દિવ્યધ્વનિનો વિષય છે. બીજો કોઈ વિષય હોય તો એ એટલો ઉત્કૃષ્ટ નથી જેટલું આ તત્ત્વ, પરમાત્મ તત્ત્વ ઉત્કૃષ્ટ છે, સર્વોત્કૃષ્ટ છે એટલું કોઈ તત્ત્વ ઉત્કૃષ્ટ નથી. પછી ઉત્કૃષ્ટને છોડીને અનુત્કૃષ્ટની મહિમા કેમ ? ઉત્કૃષ્ટને ગૌણ રાખીને અનુત્કૃષ્ટની મુખ્યતા કેમ ? એ તો વિવેક નથી, એ તો અવિવેક છે. જે ઉત્કૃષ્ટ છે એને એક કોર રાખે અને અનુત્કૃષ્ટને મુખ્ય કરે તો શું થાય ? અવિવેક થઈ જાય.

પ્રશ્ન :– રખડવાનું કારણ આ જ અવિવેક છે ?

સમાધાન :– અવિવેક છે. પોતાનો અનાદર, પોતાનો અવિવેક, પોતાની અરુચિ, પોતા પ્રત્યે ક્રોધ (છે). 'દ્વેષ અરોચક ભાવ'. એ પોતાનો જ અપરાધ છે. પોતાના નિજ પરમાત્મા પ્રત્યે પોતાનો અપરાધ એ જ પરિભ્રમણનું કારણ છે. બીજું કોઈ પરિભ્રમણનું કારણ નથી. જન્મ-મરણ રહિત તત્ત્વ એનો મહિમા કરવાને બદલે જે ભવ અને ભવના કારણો છે એને સેવે છે, એનો મહિમા કરીને એને સેવે છે. એથી ભવદુઃખ ચાલુ રહ્યું છે.

'**દ્રવ્યદૃષ્ટિ સર્વ પ્રકારની પર્યાયને દૂર રાખી...**' પહેલી વાત એ બતાવે છે, પછી જ્ઞાનની વાત બતાવે છે. પહેલી વાત આ બતાવે છે. સાધકની દશા લેવી છે ને ! જ્ઞાનીની દશા કેવી હોય છે ? અથવા દૃષ્ટિવંત, સમ્યક્દૃષ્ટિવંત કેવા હોય છે ? કે જે પોતાના નિજ '**નિરપેક્ષ સામાન્ય સ્વરૂપને ગ્રહણ કરે છે;...**' એટલે કે એમાં પોતાનું અસ્તિત્વ છે એ અસ્તિત્વને બરાબર ગ્રહણ કરે છે, સ્થાપે છે. પોતાની હયાતીને દૃષ્ટિમાં લઈ લે છે. અને એવી દ્રવ્યદૃષ્ટિ જેને વિષય કરે છે તે વિષયમાં ગુણભેદ પણ દૃષ્ટિગોચર થતા નથી-શ્રદ્ધાગોચર થતા નથી. ગુણભેદ તો ત્યાં છે, પર્યાયો તો ત્યાં છે જ નહીં. પણ ગુણભેદો ત્યાં છે તો કહે છે, એ ત્યાં છે એ જ્ઞાનનો વિષય છે, કોઈ કાળે

દૃષ્ટિનો વિષય નથી. ન તો એ પહેલા દૃષ્ટિનો વિષય છે, નથી એ વચમાં સાધકદશામાં ક્યાંય દૃષ્ટિનો વિષય થતાં, નથી એ કેવળજ્ઞાન થઈને ક્ષાયિકશ્રદ્ધાન થઈને સિદ્ધ દશામાં પૂર્ણ થાય છે ત્યારે પણ દૃષ્ટિમાં કોઈ ગુણભેદો દૃષ્ટિગોચર થતા નથી.

(ગુણભેદ) છે છતાં ન ગોચર થાય તો પછી એ સાચું દૃષ્ટિમાં આવ્યું કે ખોટું દૃષ્ટિમાં આવ્યું ? કે અભેદપણું પણ છે. જે ત્રિકાળી પરમાત્મા છે એમાં ગુણભેદ પણ છે અને ગુણની અભેદતા પણ છે. ભેદને ગ્રહણ કરતાં નથી, માત્ર અભેદને ગ્રહણ કરે છે. અથવા માત્ર અભેદને જ ગ્રહણ કરવું એવો જેનો સ્વભાવ છે, એવો જેનો ગુણ છે એવું દૃષ્ટિનું કાર્ય છે. બીજી રીતે દૃષ્ટિનું કાર્ય નથી. એનું એ કાર્ય નથી, એનો એ સ્વભાવ નથી તેથી એને ગ્રહણ કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

**'દ્રવ્યદૃષ્ટિના વિષયમાં ગુણભેદ પણ હોતા નથી.'** જે અભેદભાવે જે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે, જે દ્રવ્ય સ્વભાવ અભેદભાવે છે એ દૃષ્ટિનો વિષય છે. જે ભેદભાવે છે એ દૃષ્ટિનો વિષય નથી. આમ છે.

પ્રશ્ન :– દ્રવ્યદૃષ્ટિ સોંસરવી જ જાય ને એમ ?

સમાધાન :– હા. આખા સ્વરૂપનો કબજો લઈ લે છે. આખા સ્વરૂપનો કબજો, અખંડ સ્વરૂપનો પૂરો કબજો લઈ લે છે. જેને દૃષ્ટિ થઈ એના કબજામાં નિજ પરમાત્મા આવી ગયા. અનંત ગુણનું નિધાન-ખજાનો એના કબજામાં આવી ગયો. એનો એ સ્વામી થઈ ગયો. દૃષ્ટિ કરતાં એનો એ સ્વામી થઈ ગયો.

પ્રશ્ન :–

સમાધાન :– દૃષ્ટિનો વિષય તો અભેદ જ રહે છે. પર તરફ જાય છે ત્યારે અભેદ રહે છે અને સ્વ તરફ જાય ત્યારે પણ અભેદ રહે છે. કેમકે એમાં એ રીતે જ પરિણમવાનો ગુણ છે. બીજી રીતે પરિણમવાનો એનામાં ગુણ નથી. એમ છે.

પ્રશ્ન :–

સમાધાન :– ભલે અજ્ઞાની રહ્યો, જ્ઞાનમાં ભેદ જણાય. જ્ઞાનીને જ્ઞાનમાં પણ બધા ભેદો જણાય. પણ દૃષ્ટિ એવું એ જ રીતે કામ નથી કરતી, જેવી રીતે જ્ઞાન કામ કરે છે એમ કહેવું છે. દૃષ્ટિનું પરિણમન સમજાવવું છે. સાધકદશામાં ઉત્પન્ન જે દૃષ્ટિ, એનું પરિણમન સમજાવવું છે કે કેવી રીતે કામ કરે છે. એટલે તો પકડાતું નથી. અભેદ છે ને એટલે પકડાતું નથી.

રાગ સાથે, પર્યાય સાથે હું પણું અભેદભાવે કરે છે. એ પકડાતું નથી. વેદન નથી એનું. આ આ હું, આ દૃષ્ટિ અને આ દૃષ્ટિનો વિષય એમ બે નથી રહેતું. તો તો ભેદ થઈ ગયો. એમ નથી થતું.

**'આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર.'** તું આવી શુદ્ધ દૃષ્ટિ પ્રગટ કર. આવી સમ્યક્‌દૃષ્ટિ, દ્રવ્યદૃષ્ટિ પ્રગટ કર. જો મુક્તદશા પ્રાપ્ત કરવી હોય તો પ્રથમ આવી દૃષ્ટિ પ્રગટ કર. આવી દૃષ્ટિ વિનાના તારા જ્ઞાનના થોથા બધા નકામા અને તારા ક્રિયાના થોથા બધા નકામા (છે). જ્ઞાનના થોથા અને ક્રિયાના થોથા. થોથા બન્ને નકામા. બધા એકડા વિનાના મીંડા-શૂન્ય જેવું છે. અથવા 'ગુરુદેવ' કહેતા કે એ રણમાં પોક મૂકવા જેવું છે. કોઈ સાંભળે એવું નથી. તારો આત્મા જ નહીં સાંભળે. તારું જ્ઞાન અને તારી ક્રિયા તારો પરમાત્મા સાંભળશે નહીં.

હવે કહે છે કે, **'આવી દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન...'** સમકાળે, હોં ! એ જ કાળે. જ્યારે દૃષ્ટિ પરિણમી રહી છે ત્યારે જ્ઞાન પણ પરિણમી રહ્યું છે. પહેલા દૃષ્ટિ પરિણમે પછી જ્ઞાન પરિણમે, વળી પાછી દૃષ્ટિ પરિણમે પછી જ્ઞાન પરિણમે એવું કાંઈ બનતું નથી. **'આવી દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો તથા પર્યાયોને, અભેદ તેમ જ ભેદને, વિવિધ પ્રકારે...'** જેટલા વિવિધ પ્રકાર છે તે બધા પ્રકારે એને **'જાણે છે.'** આવી દૃષ્ટિની સાથે વર્તતું જ્ઞાન-સમ્યક્‌દૃષ્ટિની સાથે વર્તતું સમ્યક્‌જ્ઞાન તે જ્ઞાન પણ સમ્યક્ છે.

જે જ્ઞાનની દશા અને દિશા આત્માભિમુખ છે, પરમાત્મ તત્ત્વની, નિજ પરમાત્મ તત્ત્વની સન્મુખ છે એટલે કે અંતર્મુખ છે, એ દૃષ્ટિની સાથે વર્તતું જ્ઞાન છે. એનો મુખ્ય ગુણ આ છે. એની દશા બદલાઈ ગઈ છે અને આત્મા સન્મુખ ઢળી ગયું છે. અભેદ તત્ત્વની એમાં પણ મુખ્યતા છે. નિયમ એવો છે કે જેની દૃષ્ટિ હોય જ્ઞાનને તેની મુખ્યતા રહે. કરવી પડે નહીં પણ રહે, થઈ જાય અને ફેરવવી હોય તો ફરે નહીં. જેમ અત્યારે રાગની દૃષ્ટિ કે પરની દૃષ્ટિ છે તો જ્ઞાનમાં પરની મુખ્યતા ન છૂટે, છોડવી હોય તોપણ ન છૂટે. એ સ્વાભાવિક, વૈજ્ઞાનિક છે. તો દૃષ્ટિ અભેદ પરમાત્મ તત્ત્વને વિષય કર્યો છે તો જ્ઞાનનો મુખ્ય વિષય એ છે.

મુમુક્ષુ :– લક્ષ ?

પૂજ્ય ભાઈશ્રી :– લક્ષ એનું છે. જેનું લક્ષ છે એની જ મુખ્યતા છે. મુખ્યતા

છે એનું જ લક્ષ છે. બાકી બધું જ્ઞાનમાં જણાય છે પણ ગૌણપણે.

એટલે અહીંયાં એમ લેવું કે **'સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો તથા પર્યાયોને, અભેદ તેમ જ ભેદને, જાણે છે.'** તોપણ એ બધામાં અભેદ મુખ્ય છે અને બાકી બધું ગૌણ છે. આટલું વિશેષ. કહેશે એમ, કહેવું તો એમ છે કે દૃષ્ટિમાં એવું કાંઈ વિવિધ જાણવું બનતું નથી. વિવિધ પ્રકારે દૃષ્ટિમાં... વિવિધ પ્રકારે દૃષ્ટિના વિષયનો વિષય નથી. અને જ્ઞાનનો વિષય તો વિવિધ પ્રકાર જેટલા છે એ બધા જ્ઞાનનો વિષય છે. તો એમાં વિવિધતામાં ભેદ અને અભેદ પણ આવી ગયા. તો બન્નેને એક સરખું જાણે છે ? કે નહીં. અભેદને મુખ્ય કરીને જાણે છે. ભેદ, ગુણ, પર્યાય બધી વિવિધતાને ગૌણ કરીને જાણે છે. આટલો ફેર છે. જાણવા જાણવામાં ફેર છે.

(કોઈ એમ કહે કે) કેવળજ્ઞાનમાં લીમડો સામે છે ઇ લીમડો દેખાય છે. અમારે એવી ચર્ચા ચાલતી કે આ લીમડો જેવો છે એવો જ જ્ઞાનમાં લીમડો જ દેખાય છે, મારા જ્ઞાનમાં પણ એવી જ રીતે લીમડો તો લીમડો જ દેખાય છે. પણ ફેર છે. જેવી રીતે કેવળજ્ઞાન જાણે છે તેવી રીતે તમારું જ્ઞાન જાણતું નથી. કેમ ? કે કેવળજ્ઞાન નિરવશેષ અંતર્મુખ રહીને જાણે છે. અને આ તો ઉપયોગ ત્યાં લગાવ્યો કે આ લીમડો. આ લીમડો એમ ઉપયોગ ત્યાં લગાવ્યો. કેવળજ્ઞાનનો ઉપયોગ ત્યાં લાગતો નથી. જેવી રીતે લીમડો ત્યાં લીમડા તરીકે જ્ઞાનમાં પ્રતિબિંબિત થાય છે એવી જ રીતે અહીંયાં થાય છે એમ રીત સરખી નથી. પ્રતિબિંબ ભલે લીમડાનું લીમડારૂપે આવતું હોય પણ રીત સરખી નથી.

એમ ભેદને જાણવાની અને અભેદને જાણવાની રીત સરખી નથી. સમ્યક્જ્ઞાનની રીત સરખી નથી. જાણે છે ભેદ-અભેદ બન્નેને. જ્ઞાન એકલા ભેદોને જ જાણે અને દૃષ્ટિ એકલી અભેદને જ વિષય કરે એમ બે વિભાગ નથી. દૃષ્ટિ અભેદને જ વિષય કરે અને જ્ઞાન ભેદ તેમજ અભેદ બન્નેને વિષય કરે તેમાં પણ અભેદને મુખ્યપણે વિષય કરે અને ભેદ આદિને ગૌણ કરે. એમ લેવું. એ રીતે જ્ઞાનની પ્રવૃત્તિ થાય છે. કેમકે છદ્મસ્થના જ્ઞાનમાં નિયમથી મુખ્ય ગૌણની પ્રવૃત્તિ હોય છે. બધું જ મુખ્ય થાય નહીં, બધું જ ગૌણ થાય નહીં. કોઈ એક મુખ્ય થાય બાકીનું બધું ગૌણ થાય.

એમાં પણ સૂક્ષ્મતા છે કે કોઈ વખત શુભરાગ અને શુભરાગના વિષયની મુખ્યતાને સ્થાપે. જે તે ગુણસ્થાનમાં જે તે જિનોક્ત વ્યવહાર છે એવો જ વ્યવહાર

હોય. અનુચિત વ્યવહાર મુમુક્ષુથી માંડીને કોઈપણ ઉપરના ગુણસ્થાને ક્યાંય હોઈ શકે નહીં. એમ સ્થાપે. આ તો પ્રતિમાજીની સ્થાપના તો પરદ્રવ્યની સ્થાપના છે. સ્થાપે ત્યારે એમ લાગે કે એની ઘણી મુખ્યતા કરે છે. નિમિત્તની મુખ્યતા કરે છે. નિમિત્તની મુખ્યતા કરતા નથી, એની પાછળ આત્મસ્વભાવની મુખ્યતા કરવાનો અભિપ્રાય રહેલો છે. એટલે ખરેખર તો સ્વભાવની મુખ્યતા થઈ રહી છે. નિમિત્તની મુખ્યતા થઈ રહી નથી. એવું છે. પ્રવૃત્તિ એવી લાગે કે રાગની અને રાગના વિષયની મુખ્યતા કરે છે. ખરેખર એમ છે નહીં.

મુમુક્ષુ :– પ્રતિમા સ્થાપવાની મુખ્યતા કરી એમાં આત્માની સ્થાપનાની મુખ્યતા છે એમ ?

પૂજ્ય ભાઈશ્રી :– આત્માની સ્થાપના છે. પોતાના ધ્યેયને સ્થાપે છે. ખરેખર તો પોતાનો એવો આદર્શ છે કે જુઓ ! આ મુક્તદશાનો આદર્શ છે.. એની સ્થાપના છે. એટલે તો શ્રૃંગારાદિને ત્યાં સ્થાન નથી. શ્વેતાંબરમાં કરે છે, (કહે છે) કે, એવો આદર્શ અને એવું ધ્યેય નથી. જેવા એ થયા એવું મારે થવું છે એની સ્થાપના છે. 'સમંતભદ્રાચાર્યે' કહ્યું કે '**वन्दे तद् गुण लब्धये**'. તમારા જેવા ગુણો છે તેવા ગુણોની પ્રાપ્તિ અર્થે હું આપને વંદન કરું છું. હું કાંઈ પુણ્ય બાંધવા માટે વંદન કરું છું એમ નથી કે હું કાંઈ સ્વર્ગ મેળવવા માટે વંદન કરું છું એમ નથી કે હું કાંઈ દુકાને વકરો સરખો વધે એટલા માટે દર્શન કરવા આવું છું એમ પણ નથી. આપના ગુણો પ્રાપ્ત જે છે, આપનામાં જે ગુણો પ્રાપ્ત થયા એવા ગુણો મને પણ પ્રાપ્ત થાય એવી ભાવનાથી હું વંદન કરવા આવું છું. એ અધ્યાત્મનો વિષય છે.

હવે કહે છે એક અભેદ દ્રવ્યમાં જે ગુણો છે એ ભિન્ન ભિન્ન ગુણો છે. તેમાં ભિન્નતા પણ છે અને અભિન્નતા પણ છે એમ કહેવું છે. '**લક્ષણ, પ્રયોજન ઇત્યાદિ અપેક્ષાએ...**' ઇત્યાદિ ચાર ભેદ લીધા છે-સંખ્યા, લક્ષણ, પ્રયોજન અને સંજ્ઞા છે. એ ચાર ભેદને અહીંયાં લીધા છે. સંજ્ઞા. સંખ્યા, સંજ્ઞા, લક્ષણ અને પ્રયોજન. ચોથું સંજ્ઞા લીધી છે. સંજ્ઞા એટલે નામ. નામ બધાયના જુદાં. જ્ઞાન, આનંદ, અસ્તિત્વ, ચારિત્ર એમ બધાના નામ જુદાં. એ સંજ્ઞા ભેદ થયો, નામ ભેદ થયો. નામ-સંજ્ઞા એટલે નામ ભેદ. દરેકના લક્ષણ જુદાં. જ્ઞાનનું લક્ષણ જાણવું તે, આનંદનું લક્ષણ આહ્લાદ આવવો તે, અસ્તિત્વનું લક્ષણ હયાતીમાં રહેવું તે-હોવાપણે રહેવું તે. એમ

લક્ષણ દરેકના જુદાં છે.

દરેકનું કાર્ય કરવાનું પ્રયોજન જુદું છે. પ્રયોજન તો અહીંથી જ જુદું લીધું કે, શ્રદ્ધાનું પ્રયોજન એકલા ત્રિકાળીને વિષય કરવાનું છે. પ્રયોજન એટલું જ છે. જ્ઞાનનું પ્રયોજન ? તો કે સ્વ-પર ગુણભેદ સર્વને જાણવાનું છે. એમાં અધૂરા જ્ઞાનમાં મુખ્ય-ગૌણતા હોવાથી સમ્યક્‌જ્ઞાન એક અભેદ તત્ત્વને મુખ્ય કરે અને બાકીના બધાને ગૌણ કરે. પરથી માંડીને બધાને ગૌણ કરીને જાણવાનું પ્રયોજન છે. એમ જ્ઞાનનું પ્રયોજન જુદી રીતે છે. પોતાનું કાર્ય કરવું-પ્રયોજનભૂત કાર્ય કરવું. દરેક ગુણ પોતાના પ્રયોજનભૂત કાર્યને કરે છે. કોઈ ગુણ બીજા ગુણના પ્રયોજનભૂત કાર્યને કરે એમ પણ ન બને. નિમિત્ત થાય. જ્ઞાન શ્રદ્ધાનમાં નિમિત્ત થાય, શ્રદ્ધાન જ્ઞાનમાં નિમિત્ત થાય. જ્ઞાન ચારિત્રમાં નિમિત્ત થાય, ચારિત્ર જ્ઞાનમાં નિમિત્ત થાય. એ બધું થાય. પણ એનું કોઈ કાર્ય ન કરે.

જેમકે કષાય મંદ થાય ચારિત્રગુણમાં, નિગોદમાંથી પંચેન્દ્રિયમાં આવે. જ્ઞાનનો ઉઘાડ વધી જાય. ત્યાં તો જ્ઞાન હતું નહીં. નિગોદમાં જ્ઞાન હતું નહીં. ત્યાં તો એક અબુદ્ધિપૂર્વકનો કષાય મંદ થયો, ચારિત્રગુણના પરિણમનમાં ક્ષયોપશમ થયો (તો) ઉપર આવ્યો-સંજ્ઞી પંચેન્દ્રિય થયો. તો ચારિત્રના પરિણમનને નિમિત્તે જ્ઞાનનો ઉઘાડ થયો. 'બનારસીદાસે' લીધું. અને જેમ જેમ સ્વરૂપ સ્થિરતા થાય એમ જ્ઞાન પણ નિર્મળ થાય. ચારિત્રના નિમિત્તે જ્ઞાન શુદ્ધ થયું. એમ કહેવું છે. ચારિત્રના નિમિત્તે જ્ઞાન શુદ્ધ થયું. જેટલી સ્વરૂપ સ્થિરતા વધે એટલી જ્ઞાનમાં નિર્મળતા વધે. સમ્યક્ શ્રદ્ધાન થયું તો કે જ્ઞાન પણ સમ્યક્ થયું. શ્રદ્ધાના નિમિત્તે જ્ઞાન પણ સમ્યક્ થયું, ચારિત્ર પણ શ્રદ્ધાના નિમિત્તે (સમ્યક્ થયું). અનંત ગુણોને સમ્યક્‌તા લાગુ થઈ. એ નિમિત્ત છે. કોઈ કોઈનું કાર્ય ન કરે, નિમિત્ત થાય. પરસ્પર એકબીજાને નિમિત્ત થવાનો ધર્મ છે પણ કોઈનું કાર્ય કરવાનો કોઈનામાં ગુણ નથી.

આ બધું દ્રવ્યાનુયોગનું વિજ્ઞાન છે. દ્રવ્યાનુયોગનું વિજ્ઞાન છે જડ-ચેતન બધાને લાગુ પડે. રંગગુણ છે એ રસગુણના કાર્યને ન કરે. એવું છે કે કેરી ખાટી હોય ત્યારે રંગ લીલો હોય અને પાકે ત્યારે રંગ પીળો થાય પણ કોઈકવાર રંગ પીળો ન થાય ને લીલી રહે ને મીઠી થઈ જાય. અને પીળી થાય ને મીઠી ન થાય, ખાટી રહે. એકબીજાનું પ્રયોજન જુદું જુદું છે. બન્ને ગુણોના કાર્યનું પ્રયોજન જુદું જુદું છે.

કોઈવાર સાથે ચાલે છે ને કોઈવાર સાથે નથી ચાલતા. ઇ શું બતાવે છે ? કે બન્ને વચ્ચે ભિન્નતા છે.

લક્ષણ, પ્રયોજન, સંખ્યા, સંજ્ઞા ઇત્યાદિ અપેક્ષાએ ગુણોમાં ભિન્નતા છે પરંતુ **'વસ્તુ-અપેક્ષાએ અભેદ છે...'** જો વસ્તુ અપેક્ષાએ અભેદ ન હોય તો એક એક ગુણ એક એક વસ્તુ થઈ જાય. એક જડ પરમાણુ છે અને એક ચૈતન્ય આત્મા છે. એમાં સર્વથા ભિન્નતા છે. એવી સર્વથા ભિન્નતા બે ગુણ વચ્ચે ઊભી થાય અને કોઈપણ જાતની અભિન્નતા ન હોય તો વસ્તુ ભિન્ન થઈ જાય. વસ્તુ અપેક્ષાએ અભિન્નતા છે. એટલે એક શ્રદ્ધાન નિર્મળ થતાં અનંત ગુણોમાં નિર્મળતા કેમ થવા લાગી ? પ્રશ્ન કરીએ. એક ગુણ સમ્યક્‌ગુણ શ્રદ્ધાન શુદ્ધ થયું. તો શુદ્ધ શ્રદ્ધાન થયું એમાં અનંતા ગુણોમાં કેમ નિર્મળતા થવા લાગી ? કે વસ્તુ અપેક્ષાએ અભેદપણું હોવાથી. વસ્તુ અપેક્ષાએ તે અનંતે ગુણોનું અભેદપણું હોવાથી. જ્યારે શ્રદ્ધાન સમ્યક્ થાય ત્યારે બીજા બધા ગુણોની અંદર યથાસંભવ શુદ્ધતા, સમ્યક્તા પ્રગટ થયા વિના રહે નહીં. વસ્તુની અભેદતાને કારણે. નહીંતર તો ગુણોનું સ્વરૂપ એવું છે કે સર્વ ગુણો પરસ્પર એકબીજાથી સર્વથા ત્રિકાળ જુદાં છે અને ત્રિકાળ અસહાય છે. કોઈ કોઈને સહાય કરી શકે નહીં. કોઈ કોઈને સહાય કરે નહીં.

મુમુક્ષુ :– દરેકના કારણ જુદાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– દરેકનું ઉપાદાન જ જુદું જુદું છે. પોતે જ એક એક શક્તિ છે. ગુણ દરેક પોતે સ્વયં અનંત શક્તિવંત પોતે જ એક એક શક્તિ છે. શક્તિને કોઈની અપેક્ષા હોય તો એનું નામ શક્તિ કેમ કહેવાય ? અથવા એ નામ જ બેકાર થઈ ગયું, કાર્યગત ન રહ્યું. એવું તો નથી. અનંત શક્તિ છે. પ્રત્યેક ગુણની પોતામાં અનંત શક્તિ છે પણ વસ્તુ અપેક્ષાએ બધા અભેદ છે. એક વસ્તુમાં બધા જોડાયેલા છે.

આત્માનો એક પ્રદેશ લ્યો, કોઈપણ જગ્યાએ આત્માનો એક પ્રદેશ લ્યો, એ જ પ્રદેશે અનંતે અનંત સર્વ ગુણ છે. ક્ષેત્ર અપેક્ષાએ અભેદતા થઈ. કોઈ પ્રદેશ એવો નથી કે જ્યાં અનંત ગુણમાંથી એક ગુણ ઓછો રહે. અનંતે અનંત ગુણ એક દ્રવ્યના હોવાથી, એક દ્રવ્યની જ બધી વિશેષતાઓ છે. ખરેખર તો એક જ દ્રવ્યની બધી વિશેષતાઓ છે. એટલે એક દ્રવ્યનું જેટલું ક્ષેત્ર છે એમાં સંપૂર્ણપણે વ્યાપે. ક્યાંય ન વ્યાપે, એક પ્રદેશે કોઈ ઓછો વ્યાપે એવું કદી બને નહીં. સર્વ પ્રદેશે અનંત ગુણ છે.

મુમુક્ષુ :– એમ એક પ્રદેશે અનંત ગુણ, સર્વ પ્રદેશે અનંત ગુણ એમ એક પ્રદેશે અનંત ગુણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે જ કહ્યું ને ? કે અસંખ્ય પ્રદેશોમાં અનંત ગુણ રત્નોના ઓરડા બધા ખુલ્લા થઈ જાય છે.

પ્રશ્ન :– સર્વ પ્રદેશે વ્યાપ્ય-વ્યાપક...

સમાધાન :– નહીં, કોઈ જગ્યાએ ઓછી ને કોઈ જગ્યાએ વધારે એવું કાંઈ નથી. જે ઓછાવત્તાપણું છે એ પર્યાયઅંગનો વિષય છે. એ ગુણના અંગનો વિષય જ નથી. ગુણને ગુણ સ્વરૂપે જોવો અને પર્યાયને પર્યાય સ્વરૂપે જોવી. આ જૈનદર્શનનો વિષય ઝીણો છે.

પ્રશ્ન :– એક એકમાં ઓછા-વત્તે...

સમાધાન :– પણ ઓછાવત્તાપણું એ પર્યાયનું જ કાર્ય છે. પર્યાયનો વિષય છે. ગુણમાં એ વિષય નથી. ઓછાવત્તાપણું જોવા જાવ તો ગુણને નથી જોવાતો. ઓછાવત્તાપણું જોવા જાવ તો ગુણને જોવાતો જ નથી, પર્યાય જણાય છે.

શું કહ્યું અહીંયાં ? કે ગુણોમાં ભિન્નતા છે તોપણ વસ્તુ અપેક્ષાએ તે બધા ગુણો અભેદ છે, અભિન્ન છે. વસ્તુભેદે કોઈનામાં ભેદ નથી. એટલે એને સર્વથા જુદાં પડાતા નથી. બે દ્રવ્યને જેમ સર્વથા જુદાં પાડો એવી રીતે સર્વથા એને જુદાં પડાતા નથી.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– સર્વ પ્રદેશે વિકસે. જેટલો વિકસે એટલો સર્વ પ્રદેશે વિકસે. પણ ઇ વિકસવું ઇ પર્યાયનો (વિભાગ છે). બહુ ગહન વિષય છે અને સર્વથા તો કેવળજ્ઞાનનો (વિષય છે), સર્વથા તો કેવળજ્ઞાનનો (વિષય છે). એક તર્ક છે, જેમકે જ્ઞાન છે એ સર્વ પ્રદેશે પરિણમે. પણ આંખ છે ત્યાંના પ્રદેશોથી જોવાનું કાર્ય થાય. નાકના પ્રદેશોથી સુંઘવાનું કાર્ય થાય. જીભના આગળના ટેરવાના પ્રદેશે બીજના આકારે ગોળાઈ છે આગળ, બીજના આકારે વચ્ચે થોડા પહોળા બે સાઈડ સાંકડા પ્રદેશો છે એ સ્વાદ લેવાનું કાર્ય કરે છે. સ્વાદને જાણવાનું કાર્ય કરે છે. આ ગળપણ છે, આ ખારું છે, આ તીખું છે. એ કાન ન કરે, એ નાક ન કરે. તો ત્યાં તે પ્રદેશોમાં રહેલી નિર્મળતા એટલા પ્રદેશોમાં એ ક્ષયોપશમ થયો. પણ છતાં પરિણમન ત્યાં જ થાય છે ને બીજે નથી થતું એમ નથી. પરિણમન સર્વ પ્રદેશે છે. એટલે દાખલા

તરીકે મન અહીંયાં છે. ચાખે છે તો મન સાથે સીધો સંબંધ છે. જેને મન છે એ પ્રાણીઓને, મનવાળા પ્રાણીઓને. જોવે છે તો સીધો મન સાથે સંબંધ છે. સાંભળે છે તો સીધો મન સાથે સંબંધ છે. બે વચ્ચે Wiring નથી કાંઈ. બે વચ્ચે કોઈ Wire લગાડેલા નથી. ડોક્ટરો માને છે જ્ઞાનતંતુ ઇ કાંઈ તંતુ ફંતુ છે નહીં એ તો સર્વ પ્રદેશે જ્ઞાન અખંડપણે વ્યાપેલું છે. જ્ઞાનગુણ સર્વ પ્રદેશે રહેલો છે. જ્ઞાનગુણ પરિણમે છે. સર્વ પ્રદેશે જ્ઞાનગુણ વ્યાપેલો છે અને સર્વ પ્રદેશે (પ્રસરેલો) છે પણ કોઈ પ્રદેશે ઓછાવત્તાપણું ખરું કે નહીં ? એમ નથી. પણ ક્ષયોપશમને ઉઘાડની અપેક્ષાએ એમ કહેવાય.

મુમુક્ષુ :– પરલક્ષી જ્ઞાનમાં

પૂજ્ય ભાઈશ્રી :– એ આગમ અધ્યાત્મની અનંતતા ઘણી છે. થોડી નથી, અનંતતા છે. આગમ અને અધ્યાત્મ બન્નેમાં અનંતતા છે. એટલે આગમનો વિષય અને અધ્યાત્મનો વિષય અને સર્વથા કેવળજ્ઞાન ગમ્ય છે. સર્વથા કેવળજ્ઞાન ગમ્ય છે. આગમ અધ્યાત્મના પ્રશ્નો એટલા જ નીકળે. સર્વાર્થસિદ્ધિમાં જાવ તો ત્યાં બધું એ જ ચાલતું હોય. તેત્રીસ તેત્રીસ સાગર સુધી એ ચર્ચા ખૂટતી નથી. પૂરી ન પડે. એવો અગાધ સ્વભાવ છે. એ વાત 'પરમાગમસાર'માં કરી છે. આગમ અધ્યાત્મની અનંતતા છે. સર્વથા કેવળજ્ઞાન ગોચર છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– ૬૬૭ મો બોલ છે. **'આગમનો આશ્રય અનંતા પુદ્ગલકર્મો છે,...'** કરણાનુયોગ આખો લીધો. મર્યાદિત આવે છે પણ અનંતા પુદ્ગલકર્મો છે. આગમનો આશ્રય અનંતા પુદ્ગલકર્મો છે. **'ને અધ્યાત્મનો આશ્રય આત્મા એક છે. તે બન્નેનું સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવળીગમ્ય છે.'** ... તે બન્નેનું સ્વરૂપ સર્વથા પ્રકારે તો કેવળીગમ્ય છે. આગમ-અધ્યાત્મમાં ઉપયોગ લંબાય છે, ખ્યાલ આવે છે કે સર્વથા કેવળીગમ્ય છે. **'સમ્યક્ મતિ શ્રુતજ્ઞાનમાં અંશગ્રાહ્ય છે.'** બન્નેનો વિષય સમ્યક્ મતિ શ્રુતજ્ઞાનમાં અંશગ્રાહ્ય છે. સર્વથા કેવળીગમ્ય છે.

કર્મો લીધા પણ દ્રવ્યાનુયોગના એટલા ભેદો છે. એક વસ્તુના ગુણધર્મો અનંત છે. ઇ બધો આગમનો વિષય છે. અધ્યાત્મનો અને આગમનો વિષય છે એ સર્વથા કેવળજ્ઞાન ગોચર છે. સમ્યક્ મતિ શ્રુતજ્ઞાન છદ્મસ્થને ભલે બાર અંગધારી ગણધર

હોય (છતાં) અંશગ્રાહ્ય છે. સર્વથા ગ્રાહ્ય થતો નથી.

**'વસ્તુ-અપેક્ષાએ અભેદ છે એમ જ્ઞાન જાણે છે.'** એમ જ્ઞાન જાણે છે. **'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ,...'** હવે દશાની વાત લે છે. જ્ઞાનનો વિષય કેટલો કેટલો છે એ વાત (કરે છે). **'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ,...'** અથવા પોતાને સમ્યક્દર્શન થયું, **'આ સમ્યક્દર્શન થયું આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું - એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને...'** વ્યવહારની પર્યાયોને, વ્યવહાર રત્નત્રયની પર્યાયોને અને સર્વ પર્યાયોને, કર્મજન્ય પર્યાયોને **'જ્ઞાન જાણે છે.'** આ બધો જ્ઞાનનો વિષય છે. જેટલો વિસ્તાર છે એ બધો જ્ઞાનનો વિષય છે.

દૃષ્ટિ સાથે વર્તતું જ્ઞાન, સમ્યક્દૃષ્ટિ સાથે, સમ્યક્શ્રદ્ધાન સાથે વર્તતું જ્ઞાન વસ્તુમાં રહેલા ગુણો, પર્યાયોને, અભેદને તેમ જ ભેદને વિવિધ પ્રકારે જાણે છે. ગુણોના લક્ષણ, પ્રયોજન, સંખ્યા, સંજ્ઞા આદિ અપેક્ષાએ પણ ગુણોમાં ભિન્નતા છે એમ જાણે છે. તે ગુણોમાં વસ્તુ અપેક્ષાએ અભિન્નતા છે એમ જ્ઞાન જાણે છે. એ ગુણોની વાત પૂરી કરી હવે પર્યાયોની વાત લે છે કે, પર્યાયોમાં પણ અનેકવિધ પર્યાયોમાં મહિમાવંત પર્યાયો, બીજી પર્યાયોને બધાને જ્ઞાન જાણે છે. છતાં દૃષ્ટિ એ કોઈમાંથી એક બાજુ જતી નથી. બન્ને વચ્ચે પરિણમનમાં આટલો ફરક છે. એ જરા પરસ્પરની સરખામણીથી .. વિશેષ લઈશું...

**સવિકલ્પ દશામાં, જે કાળે નિજ અભેદ નિર્વિકલ્પ ચૈતન્ય સ્વરૂપનો 'યથાર્થ નિર્ણય' થાય છે, ત્યારે નિર્વિકલ્પ સ્વરૂપની અત્યંત મુખ્યતા વર્તે છે તેથી - તે જીવનો નિર્વિકલ્પ દશાનો કાળ પાકી ગયો છે. કેમકે તે હવે વિકલ્પમાં અટકશે નહિ, તેને વિકલ્પની મુખ્યતા નહિ રહે; હવે તે શીઘ્ર વિકલ્પને વમી નાખશે અથવા તેના વિકલ્પ હવે શીઘ્ર વમાઈ જશે. નિર્વિકલ્પ શુદ્ધાત્માનો ભાવનામાં અને જ્ઞાન લક્ષણથી જ્ઞાનમાં યથાર્થ નિર્ણય કર્યો, તેને નિર્વિકલ્પતાનો અવસર આવી ગયો છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૧૩)**

## તા. ૫-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૩૭, ૨૩૮
## પ્રવચન નં. ૧૯૦

'બહેનશ્રીનાં વચનામૃત'. પાનું ૮૨. ૨૩૭ બોલ. સાધકદશામાં શ્રદ્ધાને અને જ્ઞાનને પરિણમન કેવા પ્રકારે ચાલે છે એ વિષય ચાલે છે. બીજા Paragraphથી એ કહ્યું કે ગુણભેદ અને પર્યાયભેદને દૃષ્ટિ અથવા શ્રદ્ધા વિષય કરતી નથી. એ ઉપરાંત... ૮૨માં પાને પહેલી લીટીથી.

**'આ આત્માની આ પર્યાય પ્રગટ થઈ, આ સમ્યક્દર્શન થયું, આ મુનિદશા થઈ, આ કેવળજ્ઞાન થયું - એમ બધી મહિમાવંત પર્યાયોને તેમ જ અન્ય સર્વ પર્યાયોને જ્ઞાન જાણે છે.'** શું કહેવું છે ? અનેક પ્રકારના ગુણોના ભેદો છે એને પણ જ્ઞાન જાણે છે અને અનેક પ્રકારની મહિમાવંત પર્યાય છે, સમ્યક્દર્શન, મુનિદશા, કેવળજ્ઞાન અધ્યાત્મ પર્યાયો છે, પવિત્ર દશાઓ છે. ... ગુણોમાં આત્મિકગુણો વિકાસ પામ્યા છે એવી દશા છે. તેને તેમજ અન્ય સાથે રહેલી સાધકદશામાં જે કોઈ વ્યવહારની પરિણતિ છે, વ્યવહાર રત્નત્રયરૂપ છે, જે કાંઈ પ્રકારના તીવ્ર-મંદના એના ભેદો છે એ સર્વ પ્રકારને જ્ઞાન જાણે છે.

**'આમ હોવા છતાં શુદ્ધ દૃષ્ટિ (સામાન્ય સિવાય) કોઈ પ્રકારમાં રોકાતી નથી.'** આમ ગુણો અને પર્યાયોને જ્ઞાન જાણતું હોવા છતાં જ્ઞાનમાં તે વિષયભૂત થતા હોવા છતાં શ્રદ્ધાનમાં એવા ભેદો વિષયભૂત થતા નથી. કેમકે ભેદથી કોઈપણ સ્વ-પર પદાર્થને વિષય કરવો એ શ્રદ્ધાનનું કાર્ય નથી. ભેદથી વિષય કરવો તે તેનું કાર્ય નથી. જ્ઞાન ભેદથી પણ વિષય કરે છે અને જ્ઞાન અભેદપણે પણ અવલંબે છે. કેમકે જ્ઞાન ભેદોને પણ જાણે છે, જ્ઞાન અભેદને પણ જાણે છે, જ્ઞાન દૃષ્ટિના વિષયને પણ જાણે છે, દૃષ્ટિને પણ જ્ઞાન જાણે છે. દૃષ્ટિ દૃષ્ટિના વિષય સિવાય કોઈને વિષય કરતી નથી. તેમજ જ્ઞાનના વિષયના ભેદોને જાણતી નથી, વિષય કરતી નથી. જુદાં જ્ઞાનને પણ દૃષ્ટિ વિષય કરતી નથી. જ્યારે જ્ઞાનમાં બધો ભેદ છે. જ્ઞાનમાં એ બધો વિષય છે.

એમ બન્ને ગુણનું પરિણમવાનું કાર્ય પોત-પોતાના ગુણ અનુસાર છે-સ્વધર્મ અનુસાર છે.

પ્રથમ અવસ્થામાં તો આ બધા ભેદો જ્ઞાનમાં વસ્તુની વ્યવસ્થા સમજવા માટે છે, ઓળખવા માટે છે કે જેના ફળ સ્વરૂપે ભેદજ્ઞાન ઉત્પન્ન થઈ શકે. એ ભેદ-પ્રભેદોને ઓળખીને ભેદજ્ઞાન ઉત્પન્ન થાય ત્યારે પરથી જુદો પડીને આત્મામાં અભેદદશા પ્રાપ્ત કરે. જ્ઞાનથી પણ અભેદદશા નિર્વિકલ્પદશા પ્રાપ્ત કરે એને અભેદજ્ઞાન કહે છે. એમ જ્ઞાન સાધકદશામાં ભેદપણે અને અભેદપણે બન્ને રીતે પ્રવર્તે છે. સાધકદશામાં પાછા સવિકલ્પ સ્થિતિમાં પાછા જ્ઞાનમાં ભેદો પણ ઉત્પન્ન થાય છે. નિર્વિકલ્પદશા આવે ત્યારે અભેદભાવે જ્ઞાન પરિણમે છે. પાછો સવિકલ્પદશામાં જ્ઞેયાકારના ભેદો જ્ઞાનમાં ઝળકાય છે, ઝળકે છે. એવું જ્ઞાનનું અને શ્રદ્ધાનું ભિન્ન ભિન્ન પરિણમન છે.

એ ઉપરાંત ચારિત્રની કેટલીક વાત કરે છે. બહુ વ્યવસ્થિત વાત છે. પહેલા દૃષ્ટિની વાત કરી પહેલા Paragraphમાં, બીજા Paragraphમાં જ્ઞાનની વાત કરી, અને દૃષ્ટિના અને જ્ઞાનના પરિણમનને છેલ્લે મેળવ્યું કે આ રીતે જ્ઞાન જાણતું હોવા છતાં દૃષ્ટિ તો એ પ્રકારે ભેદોને વિષય કરવામાં પ્રવર્તતી નથી. એમ શ્રદ્ધા-જ્ઞાનની વાત કર્યા પછી હવે સાધકદશામાં ચારિત્રગુણની વાત, ચારિત્રના પરિણમનની વાત કરે છે. સરવાળે સમુચ્ચયપણે લઈએ તો સાધકદશામાં શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રનું પરિણમન કેવું હોય એનો એકદમ સ્પષ્ટ ચિતાર છે.

**'સાધક આત્માને...'** ત્રીજો Paragraph **'ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુના મહિમાના, શ્રુતચિંતવનના, અણુવ્રત-મહાવ્રતના ઇત્યાદિ વિકલ્પો હોય છે,...'** ચોથા ગુણસ્થાને, પાંચમા ગુણસ્થાને અને છઠ્ઠા ગુણસ્થાને. વિકલ્પના ત્રણ ગુણસ્થાન છે. સાધકદશા શરૂ થયા પછી વિકલ્પાત્મક દશા ત્રણ ગુણસ્થાનમાં હોય છે. સાતમા ગુણસ્થાનથી ઉપરના બધા જ ગુણસ્થાનોમાં નિર્વિકલ્પદશા રહે છે. અથવા બુદ્ધિપૂર્વકનો રાગ અથવા ચારિત્રની દશામાં બુદ્ધિપૂર્વકનો રાગ ઉત્પન્ન થતો નથી. ચોથા-પાંચમા ગુણસ્થાનમાં ક્યારેક બુદ્ધિપૂર્વકનો રાગ બંધ થઈને નિર્વિકલ્પદશા ક્ષણ પૂરતી થાય છે પણ બહુભાગ તો સવિકલ્પદશા જ રહે છે. છઠ્ઠું ગુણસ્થાન તો એકલું સવિકલ્પદશાનું છે. સાતમા ગુણસ્થાનની ઉપરના બધા ગુણસ્થાન એ એકદમ નિર્વિકલ્પદશાના છે. ત્યાં બુદ્ધિપૂર્વકનો વિકલ્પ અથવા રાગની ઉત્પત્તિ નથી.

એટલે અહીંયાં વિકલ્પો હોય છે એમ કહ્યું ત્યાં ચોથું, પાંચમું અને છઠ્ઠું ત્રણ

ગુણસ્થાન લેવા. સાધક આત્માને ભૂમિકા પ્રમાણે, એમાં નીચેના ત્રણ ગુણસ્થાન લેવા. દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાના વિકલ્પ આવે છે. સમ્યક્દર્શન, સમ્યક્જ્ઞાન અને સમ્યક્ચારિત્રની શુદ્ધ પરિણતિ સિવાયની અન્ય પર્યાય ઉપર લીધી (કે) અન્ય પર્યાયોને પણ જ્ઞાન જાણે છે. એ અન્ય પર્યાયમાં આ પર્યાયો છે કે દેવ-ગુરુ-શાસ્ત્રની મહિમાના વિકલ્પવાળી દશા છે. એ ઉત્પન્ન થાય છે અને એને પણ જાણે છે. શ્રુતચિંતવન, જ્ઞાન અપેક્ષાએ તે શ્રુતજ્ઞાનના વિકલ્પાત્મક ભેદો છે. અહીંયાં ચારિત્રની વાત લેવી છે એટલે વિકલ્પની મુખ્યતાથી વાત લીધી છે. જ્ઞાન અને રાગનો મિશ્રરૂપ વિચાર, જ્ઞાન-રાગની મિશ્રતા ભાવરૂપ એને વિચાર કહીએ અથવા શ્રુતચિંતવન કહીએ. અહીંયાં ચારિત્રનો બોલ ચાલે છે એટલે એને ચારિત્રમાં લીધું છે.

શ્રુતચિંતવનના વિકલ્પો એ ઉપરાંત અણુવ્રત અને મહાવ્રત, પાંચમા ગુણસ્થાને અણુવ્રતના વિકલ્પો, છઠ્ઠા ગુણસ્થાને મહાવ્રતના વિકલ્પો. ચોથા ગુણસ્થાને કોઈ વ્રતના વિકલ્પો હોતા નથી. સામાન્યપણે. વિશેષપણે કોઈને આવે તોપણ એ ચોથું ગુણસ્થાન છે. ચોથા ગુણસ્થાને કોઈ મહાવ્રત અંગીકાર કરે ખરા તોપણ તે અવિરત નામનું ચોથું ગુણસ્થાન રહે છે, છઠ્ઠું ગુણસ્થાન બનતું નથી. કેમકે ત્યાં સમ્યક્ પ્રકારે ત્રણ કષાયનો અભાવ નથી કર્યો. છઠ્ઠા ગુણસ્થાનમાં તો સંજ્વલન કષાયનો ઉદય છે અને એમાં જોડાણ છે. બીજા ત્રણ કષાય હોતા નથી. છઠ્ઠા ગુણસ્થાને આવતા અનંતાનુબંધી, પ્રત્યાખ્યાનાવરણી અને અપ્રત્યાખ્યાનવરણીનો ત્યાં નાશ કરેલો છે. અહીંયાં ચોથા ગુણસ્થાને ત્રણેય બાકી છે. પ્રત્યાખ્યાન, અપ્રત્યાખ્યાન અને સંજ્વલન ત્રણેય કષાય બાકી છે. ભલે બહારમાં અણુવ્રત લીધા હોય કોઈએ, કોઈએ મહાવ્રત પણ લીધા હોય એ સંભવિત છે. છતાં પણ ત્યાં અવિરત નામનું ચોથું ગુણસ્થાન ગણવું.

પ્રશ્ન :– મહાવ્રત કેવી રીતે ?

સમાધાન :– મહાવ્રત અંગીકાર કરે. દીક્ષા લ્યે. હોય ચોથું ગુણસ્થાન.

પ્રશ્ન :– દીક્ષા લ્યે એટલે છઠ્ઠું ન આવી જાય ?

સમાધાન :– ના, એવું કોણે કહ્યું ? તો તો મિથ્યાદૃષ્ટિ પણ દીક્ષા લે છે તો એને છઠ્ઠું થઈ જાય કાંઈ ? એ તો સમ્યક્ પ્રકારે કષાયનો અભાવ થાય એનું ગુણસ્થાન છે. કોઈ બહારની ક્રિયાનું કે રાગની ક્રિયાનું ગુણસ્થાન નથી. બહારની ત્યાગની ક્રિયાનું ગુણસ્થાન નથી. અને ત્યાગના વિકલ્પરૂપ જે પ્રત્યાખ્યાન આદિનો વિકલ્પ–રાગ ઊઠે

એનું પણ ગુણસ્થાન નથી. ગુણસ્થાન તો સ્વભાવની શુદ્ધતા કેટલી પ્રગટ થઈ છે, સ્થિરતા કેટલી પ્રગટ થઈ છે તે અનુસાર ગુણસ્થાન છે (એ) અસ્તિથી (વાત થઈ). નાસ્તિથી કેટલી કષાયની ચોકડીનો નાશ કર્યો તે અનુસાર ગુણસ્થાન છે. એમ ગુણસ્થાન છે. ગુણસ્થાન કોઈ દીક્ષા-બીક્ષા લેવાથી આવી જતું હોય તો ઘણા દીક્ષા લે છે. દીક્ષા લે અને સંસાર વધારે. ઠીક ! મોક્ષ બાજુ તો ન જાય (પણ) સંસાર વધારે. દીક્ષા લીધી એના ઉપર આધાર નથી, પરિણામ ઉપર આધાર છે.

શું કહ્યું ? સાધક આત્માને ભૂમિકા પ્રમાણે દેવ-ગુરુ-શાસ્ત્રના મહિમાના, વિકલ્પ હોય છે શ્રુતચિંતવનના વિકલ્પ હોય છે, અણુવ્રત-મહાવ્રતના ઇત્યાદિના વિકલ્પો હોય છે. અહીંયાં તો યથાયોગ્ય ગુણસ્થાને લેવા. પાંચમાં ગુણસ્થાને અણુવ્રતના આવે, છઠ્ઠા ગુણસ્થાને મહાવ્રતના વિકલ્પો આવે. એ ગુણસ્થાન અનુસાર, યોગ્ય ભૂમિકા અનુસાર યોગ્ય વિકલ્પો હોય છે. **'પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે...'** તે તે ગુણસ્થાનમાં ચાલતી જે શુદ્ધ પરિણતિ, આત્માના શુદ્ધ પરિણામરૂપ પરિણતિ અનંત ગુણની પરિણતિ છે. એમાં અનંતે ગુણ છે. દર્શન, જ્ઞાન, ચારિત્ર, પુરુષાર્થ, સુખ તો છે, પણ બીજા અનંત ગુણ છે. એને એક શબ્દમાં જ્ઞાયકપરિણતિથી નામ આપી દીધું. શુદ્ધાત્મ પરિણતિ કહો કે જ્ઞાયકપરિણતિ કહો, બન્ને એક છે. એ જ્ઞાયકપરિણતિ છે એને બોજારૂપ છે. કેમકે એ બોજા વિનાની પરિણતિ છે. જ્ઞાયકપરિણતિ છે એ બોજા વિનાની પરિણતિ છે. નિરૂપાધિકભાવ સ્વરૂપ છે અને અહીંયાં વિકલ્પમાં ઉપાધિકભાવ છે. આમ કરવું, આમ કરવું, આમ કરવું એવો વિકલ્પ આવે છે. શાસ્ત્ર વાંચું, ભગવાનના દર્શન કરું, ભગવાનની સમક્ષ બેસીને પૂજા કરું, એ બધો ઉપાધિભાવ છે. એ નિરુપાધિકભાવ અને ઉપાધિકભાવ સાથે સાથે વર્તે છે, બન્ને અંશો સાથે સાથે વર્તે છે. એમાં ઉપાધિકભાવ છે એ બોજાવાળો ભાવ છે, નિરુપાધિકભાવ છે એ બોજા વિનાનો ભાવ છે. તો ત્યાં આત્માને એટલો બોજો લાગે છે. જ્ઞાયકપરિણતિને એટલે આત્માને. એ આત્મા છે, એને એ બોજારૂપ છે. આ વિકલ્પો છે એ બધા બોજારૂપ છે.

કેમ બોજારૂપ છે ? કારણ આપ્યું છે.

**'કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે.'** એવો સ્વભાવ નથી. દેવ-ગુરુ-શાસ્ત્રનો મહિમા કરવો એ આત્માના સ્વભાવના ઘરની વાત નથી. શ્રુતચિંતવન કરવું, શાસ્ત્ર વાંચવું એ આત્માના ઘરની વાત નથી. અણુવ્રત-મહાવ્રતના વિકલ્પ થાય તે આત્માના ઘરની

વાત નથી. આમ છે. આત્માના ઘરની વાત તો નથી પણ અહીંયાં કહે છે કે એ સ્વભાવથી વિરુદ્ધ છે. આમ છે, લ્યો.

મુમુક્ષુ :– આમ પાછું એ બધું ન હોય તો કરતા નથી એમ આપ કહો છો.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો એ વાત નીકળી હતી ને. કે માટલું ઘડે ત્યારે ઉપરથી પણ ટપલા મારે અને નીચેથી પણ ટપલા મારે. ત્યારે માટલું ઘડાય, ત્યાં સુધી માટલું ન ઘડાય. કુંભારને માટલા ઘડતા નહીં જોયા હોય. ટપલા મારવાનું સાધન હોય છે. એનાથી ઉપરથી પણ ટીપે અને અંદરથી પણ ટીપે. બન્ને બાજુથી ટીપે ત્યારે એનું જે પડ છે ઇ બરાબર ઘાટમાં આવે અને પછી પાણી ભરાય. ઇ પહેલા એ કામમાં નથી આવતા.

એમ દેવ-ગુરુ-શાસ્ત્રનો ભૂમિકા અનુસારનો વિકલ્પ યોગ્ય ન હોય (તો) એ ભૂમિકાથી નીચે ઊતરી ગયો છે અને એને એ વિકલ્પ નથી. એ ભૂમિકામાંથી ગયો. અને જો એ રાગને માની લ્યે કે રાગ છે એ ધર્મ છે તોપણ એ મિથ્યાદર્શનમાં છે. એને પહેલું ગુણસ્થાન છે, એને ચોથું ગુણસ્થાન પણ નથી. આ ગુણસ્થાનની વ્યવસ્થા છે. જૈનદર્શનને વિશે ગુણસ્થાનની આ વ્યવસ્થા છે.

એવો જ સિદ્ધાંત છે કે નિમિત્તથી કાર્ય ન થાય, નિમિત્ત વગર પણ કાર્ય ન થાય. દેવ-ગુરુ-શાસ્ત્ર નિમિત્ત છે. પણ દેવ-ગુરુ-શાસ્ત્ર કાર્ય કરે કોઈ આત્માનું ? કે ન કરે. ગુરુ ધર્મ આપે ? કહેવાય એમ કે ગુરુ ધર્મ પમાડે. પણ ખરેખર ગુરુ ધર્મ પમાડે છે એવું નથી. વીતરાગ સર્વજ્ઞદેવ તીર્થંકર પરમાત્મા એમની વાણી (પમાડે) ? નહિ. એ નિમિત્ત છે. કાર્ય ઉપાદાનથી થાય છે અને નિમિત્ત કરતું નથી તોપણ નિમિત્ત વિના માને, નિમિત્તનું નિમિત્તત્વ ન માને તેને ઉપાદાન સમજવાની શક્તિ નથી. એના જ્ઞાનમાં ઉપાદાનને સમજવાની શક્તિ નથી. નિમિત્તથી (કાર્ય થતું) માને તોપણ મિથ્યાદૃષ્ટિ છે. નિમિત્તનું નિમિત્તત્વ ન માને તોપણ એ એથી વધારે સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. એથી વધારે સ્થૂળ મિથ્યાદૃષ્ટિ છે. એમ છે.

એટલે અહીંયાં તો સ્પષ્ટ લીધું ને ? કે **'પણ તે જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે.'** બિલકુલ સ્વભાવથી એ વિરુદ્ધ છે. કેમકે એ રાગરૂપ છે. સ્વભાવ વીતરાગભાવ સ્વરૂપ છે અને આ બધા વિકલ્પો રાગસ્વરૂપ છે. રાગ ને વીતરાગતા બન્ને સ્વભાવથી પરસ્પર વિરુદ્ધ છે. એ તો સમજી શકાય એવી વાત

છે. રાગ અને વીતરાગતા પરસ્પર એકબીજાના વિરુદ્ધ સ્વભાવે છે. પણ સાધકદશા જ એવી છે કે જેમાં વીતરાગતાનો અંશ પણ પ્રગટ થયો હોય અને જેમાં હજી કેટલોક રાગ ભૂમિકા પ્રમાણેનો બાકી રહી ગયો હોય એને સાધકદશા કહેવાય. પરંતુ એકલી શુદ્ધતા હોય એવી કોઈ અપેક્ષા રાખે કે આ જ્ઞાની થયા એને રાગ કેમ આવે છે ? પ્રશ્ન–અસમાધાન અહીંયાં થાય છે. આ તો જ્ઞાની છે, આ તો મુનિ છે આને આ રાગ કેમ આવ્યો ? તો પહેલા તો એ વિચાર કર કે એની ભૂમિકાની અંદરનો છે કે ભૂમિકાનો બહારનો છે ? જો સાધકદશામાં બિલકુલ રાગ ન હોય તો સિદ્ધદશા થઈ જવી જોઈએ. તો એને સાધકદશા સંભવતી નથી અથવા સાધકદશા એને કહેવાય નહીં. જો બિલકુલ શુદ્ધતા જ પ્રગટ ન થઈ હોઈ-સમ્યક્દર્શન, જ્ઞાન, ચારિત્રની સ્વભાવિક વીતરાગતા ન પ્રગટ થઈ હોય તો એકલી મિથ્યાત્વની પહેલા ગુણસ્થાનની રાગમય દશા છે. રાગમાં તન્મયપણું છે.

જ્ઞાન થતાં રાગ રહે છે પણ રાગમાં તન્મયપણું રહેતું નથી, ચારિત્ર અપેક્ષાએ. જ્ઞાન થતાં રાગ રહે છે પણ રાગમાં રુચિ રહેતી નથી, શ્રદ્ધાન અપેક્ષાએ. જ્ઞાન થતાં રાગ રહે છે પણ રાગમાં જ્ઞાન ભળતું નથી, જ્ઞાન જુદું રહે છે, જ્ઞાન અપેક્ષાએ. આમ શ્રદ્ધા, જ્ઞાન અને આચરણના પરિણામ સાધકદશામાં સાધકદશાને યોગ્ય એકદમ વ્યવસ્થિત હોય છે, કોઈ અવ્યવસ્થિત વાત નથી. ફક્ત પોતાની સમજણને વ્યવસ્થિત કરવાની જરૂર છે.

મોક્ષમાર્ગ વ્યવસ્થિત છે એટલું જ નહીં, મોક્ષમાર્ગ ત્રણે કાળે નિયત છે એમ કહેવાય છે. વ્યવસ્થિત છે એટલું જ નથી કહેતા પણ ત્રણે કાળે નિયત છે. નિયત છે એટલે એકસરખો છે. કોઈ કાળે ચોથો આરો હોય, પાંચમો આરો હોય, કોઈપણ આરો હોય. બે આરામાંથી કોઈપણ આરામાં ધર્મની વ્યવસ્થા બદલાઈ જાય છે એવું કદી બનતું નથી. કેમકે આત્મા જે ચીજ છે તે ચીજ છે-અનાદિઅનંત. આત્માનો જે સ્વભાવ-ગુણ છે તે ધર્મ છે-'**वत्थु सहावो धम्मो**'. એ પણ એનો સ્વભાવનો જ અંશ હોવાથી એ પણ બદલવાનો પ્રશ્ન રહેતો નથી. જો સ્વભાવ બદલાય તો આખી વસ્તુ બદલાઈ જાય પણ એ બની શકતું નથી.

મુમુક્ષુ :– ગુરુદેવશ્રી પાસે પ્રશ્ન આવ્યો હતો ને કે નવાણું ટકા આમ રાખો અને એક ટકો નિમિત્તનો રાખો.

પૂજ્ય ભાઈશ્રી :– પણ વિજ્ઞાનની બહારની વાત છે. એવું કોઈ પદાર્થ કોઈ

પદાર્થનું કાર્ય કરે એ વસ્તુ વિજ્ઞાનમાં નથી, વસ્તુ વ્યવસ્થામાં નથી. આમાં કોઈ ઝઘડો ઊભો કરીને સમાધાન કરવાની વાત છે એવું તો કાંઈ નથી. કે ચાલો બે પક્ષો વચ્ચેનો ઝઘડો છે. થોડુંક તમે નમતું જોખો, થોડું તમે નમતું જોખો, કરો સમાધાન. ધર્મમાં એવું નથી હોતું. આ તો વસ્તુનો સ્વભાવ છે.

**'જ્ઞાયકપરિણતિને બોજારૂપ છે. કારણ કે સ્વભાવથી વિરુદ્ધ છે. અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે;...'** અધૂરી દશામાં તે બધા વિકલ્પો હોય છે. કેવા ? ગુણસ્થાન અનુસાર, હોં ! પાછા ગમે તેમ હોય એમ પણ નહીં અને ન હોય એમ પણ નહીં. એ બધું નિયત છે. વસ્તુ વ્યવસ્થિત છે. એમ ને એમ ગમે તેમ ચાલતું નથી.

મુમુક્ષુ :- એટલે વ્યવહાર પણ નિયત છે એમ કહેવું છે ?

પૂજ્ય ભાઈશ્રી :- બરાબર છે વ્યવહાર પણ નિયત છે. કોઈ ગુણસ્થાનમાં જેમ કે મુનિદશા છે તો મુનિદશામાં કોઈ મંદિરનો, ટ્રસ્ટનો, સંસ્થાનો કોઈ સાધુ વહીવટ ન કરે. પાઠશાળા ન ચલાવે. એ કરે તો ? એવા વિકલ્પ એને હોય તો ? તો એ સાધુના ગુણસ્થાનમાં નથી. ભલે દીક્ષા લીધી હોય પણ એ સાધુના ગુણસ્થાનમાં નથી. તો કે ક્યા ગુણસ્થાનમાં છે ? કે પહેલા ગુણસ્થાનમાં. ચોથા ગુણસ્થાનમાં પણ નથી. જે ગુણસ્થાનમાં જેવો વ્યવહાર હોય એ ગુણસ્થાનમાં તેવો વ્યવહાર ન પાળવામાં આવે કે ન હોય એ કોટિ એ કક્ષા છૂટી જાય તો સીધું પહેલું ગુણસ્થાન આવી જાય. મિથ્યાત્વનું ગુણસ્થાન આવી જાય. નીચેનું પકડે છે એમ નથી, પાંચમું છે એમ વાત નથી રહેતી. મિથ્યાત્વનું જ આવે.

મુમુક્ષુ :- વાત તો એવી છે કે જેમ-જેમ ગુણસ્થાન ઊંચો તેમ વ્યવહાર પણ...

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ હોય ને. શુદ્ધિ અને અશુદ્ધિ... જેટલી શુદ્ધિ થાય એટલી અશુદ્ધિ ઘટે કે ન ઘટે ? તો જેટલી અશુદ્ધિ ઘટે તો એ અશુદ્ધિ ઘટવાનું પણ કોઈ માપ હોવું ઘટે કે ન ઘટે ? પતી ગયું. એ એનું માપ છે. સીધેસીધી વાત એ છે.

**'અધૂરી દશામાં...'** અધૂરી દશામાં એટલે સાધકદશા. મિથ્યાત્ત્વની દશા નહીં અને સિદ્ધની દશા નહીં. **'અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે;...'** જ્ઞાની માટે એ શંકા કરવામાં આવે છે કે એને રાગ કેમ થાય છે ? તો એનું શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી સ્પષ્ટીકરણ કર્યું. જ્ઞાની માટે એક બીજી શંકા ઉઠાવવામાં આવે છે એનું સમાધાન લઈએ. કે જ્ઞાનીનું ધ્યેય અથવા જ્ઞાની થવા માટેનું પણ ધ્યેય પૂર્ણ શુદ્ધતા છે. પૂર્ણ શુદ્ધિ. કોઈપણ

કષાય-કલંકનો એક કણ પણ ન જોઈએ એવું જેનું ધ્યેય છે અને એ ધ્યેયને અનુસરતી જેની વિચારસરણી છે, એનું નામ સાધકદશા છે. તો એની વિચારશ્રેણી અનુસાર જે એની વાતચીત છે એ તો વિચારની શ્રેણી અનુસાર આવશે. તો કોઈ એવી પણ શંકા કરે છે, એવો વિકલ્પ કરે છે કે વાત તો પૂરી પૂરી વીતરાગતા પ્રાપ્ત કરવાની કરે છે તો પછી રાગ શું કરવા કરે છે ? જે વ્યક્તિ પૂરી વીતરાગતાની વાત કરે એણે રાગ શા માટે કરવો જોઈએ ? તો અહીંયાં અધૂરી દશા શબ્દ વાપર્યો છે એ એને માટે છે.

**'અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે;...'** એની દશા અધૂરી છે. સાધક છે એટલે એની દશા અધૂરી છે. અધૂરી દશા છે એનો અર્થ કે એના ધ્યેય સુધી એ પહોંચેલો નથી એટલે અધૂરો છે. એટલે એના ધ્યેયની વાત પૂર્ણતાની આવશે. અને એની દશા પૂરી નહીં હોય. એના ધ્યેયની વાત પૂર્ણ વીતરાગતાની આવશે અને એની દશામાં રાગ હશે. એનું નામ અધૂરી દશા છે. એટલે એ અસમાધાનનો વિષય થવો ન જોઈએ કે પૂર્ણ વીતરાગતાની વાત કરે છે અને રાગ કેમ કરે છે ?

એવો પ્રશ્ન 'શ્રીમદ્જી'ના સંબંધમાં ચાલ્યો છે. 'શ્રીમદ્ રાજચંદ્રજી' 'મુંબઈ'માં તાંબાકાઠા ઉપર ઝવેરાતનો ધંધો કરતા હતા. કોઈ મુમુક્ષુએ પુછાવ્યું કે આપના સત્સંગ નિમિત્તે અમારે મુંબઈ આવવું છે. ઘણા વખતથી આપનો સત્સંગ અમને થયો નથી, આપના દર્શન થયા નથી અને અમારે ત્યાં આવવાનો, સત્સંગ અર્થે ત્યાં આવવાનો ભાવ છે. આપની આજ્ઞા હોય તો અમે આવીએ. એમણે ના લખી. હવે પોતે સત્સંગના હિમાયતી છે. એમના પત્રો વાંચો તો ઠામઠામ એમણે સત્સંગનો ઉપદેશ કર્યો છે. અને એમના જ મુમુક્ષુને એમ લખે છે કે ના, તમે આવશો નહીં. સત્સંગ માટે આવવા પૂછાવે છે તો ના પાડે છે. શું કારણ ?

પોતે જોકે કારણ સ્પષ્ટ કરે છે કે અમારી વિચાર શ્રેણી પૂર્ણ વીતરાગતાની છે એવી વિચાર શ્રેણીવાળા અમે, એને તમે અત્યારે રાગયુક્ત પ્રવૃત્તિમાં જોશો તો કદાચ તમને અમારા માટે અંદેશાનો-શંકાનો હેતુ થશે. શંકાનો હેતુ થશે. કેમકે અમારી પ્રવૃત્તિ અહીંયાં રાગની છે, વેપાર-ધંધામાં તો રાગથી બધા કાર્યો ચાલે છે, રાગના નિમિત્તે. ખરેખર તો પેલાની યોગ્યતા જોઈને ના પાડી છે. કોઈ એવા દૃઢ મુમુક્ષુ હોય તો ના પણ ન પાડે. પણ કાચી-પાકી યોગ્યતા હોય અને એમને ખ્યાલ હોય તો એ

આવે સત્સંગ માટે, અંદરમાં શંકા પડે તો બતાવી શકે નહીં ને કહી શકે નહીં મોઢે. એ તો મહાપુરુષ છે એને કહેવું કેમકે તમને આવો રાગ કેમ થયો ? કોઈવાર ગુસ્સો કરે, લ્યો. ગુસ્સો કેમ થયો એમ કાંઈ કહેવાય ? લોભના પરિણામ, ક્રોધના પરિણામ, માયાના પરિણામ, માનના પરિણામ ચારિત્રના ચારેય દોષ થાય. મિથ્યાત્વ સહિતના નહીં. માત્ર ચારિત્રના ચારેય પ્રકારના દોષ બીજા સમજી શકે એવી પ્રવૃત્તિવાળા જણાય. શંકા પડે એટલે એને સત્સંગમાં જે વાર્તા ચાલે ઇ તો એને બેસવાની જગ્યા બંધ થઈ ગઈ. એટલે સત્સંગનો ગુણ તો એને થાય નહીં. શંકા લઈને ગયો એ અવગુણ થાય એને. આવે લાભ માટે અને નુકસાન કરીને જાય. ઇ ખ્યાલ આવ્યો એટલે ના પાડી કે અહીંયાં તમારું કામ નથી. અહીંયાં તમારું કામ નથી. અમે આટલા સમય આસપાસ નિવૃત્તિ લઈને આવવાના છીએ ત્યારે આપણે મળશું એમ કહે. નિવૃત્તિક્ષેત્રમાં મળશું. નિવૃત્તિમાં બીજી કોઈ રાગની પ્રવૃત્તિ હોય નહીં. ચર્ચા, વાર્તા, ધ્યાન, જ્ઞાનની પ્રવૃત્તિ હોય છે. એની અંદર તો બીજું કાંઈ શંકા થવાનું કારણ રહેતું નથી.

સામાન્ય યોગ્યતાવાળાને આ પ્રશ્ન ઉત્પન્ન થાય છે કે સાધક છે, જ્ઞાની છે, વાતો મોટી મોટી પૂર્ણ વીતરાગતાની કેવળજ્ઞાનની વાતો કરે છે, શુદ્ધાત્માની–પૂર્ણ શુદ્ધાત્માની વાતો કરે છે ને રાગ કેમ કરે છે ? પણ ભાઈ ! જે ધ્યેયને ન પહોંચ્યો હોય એને ધ્યાન અથવા સાધકપણું હોય. એ પહોંચ્યો નથી એ તો સ્પષ્ટ વાત છે અને પહોંચવું છે માટે એની વાત કરે છે. જ્યાં જવું હોય એની વાત કરે. જે ગામ જવું હોય એ ગામની વાત કરે. ફલાણા ફલાણા ઠેકાણે જાવું છે. જે ગામ જવું નહીં એવા તો હજારો ગામ છે કોની વાત કરે ? એની વાત કરવાનો પ્રશ્ન નથી. આ પણ એક જાતની સ્થૂળ બુદ્ધિમાં, સ્થૂળ વિચારણામાં આવી શંકાઓ ઉત્પન્ન થતી હોય છે. અને આ પ્રકારના માનસને લઈને, આ એક સામાન્ય pschyology, Human સાયકોલોજી છે સામાન્ય. એવી માનસિક પરિસ્થિતિને કારણે અનેકવાર જ્ઞાનીનો સંયોગ થવા છતાં જીવ જ્ઞાનીને ઓળખી શક્યો નથી. આ એનો પોતાનો જ દોષ છે, બીજું કોઈ કારણ નથી.

એ ક્યાંય ભૂલ ન ખાવી હોય અથવા અનંતકાળથી જે જ્ઞાનીને ઓળખવામાં ભૂલ ખાધી છે એવું ન થાય એના માટે આ સ્પષ્ટીકરણ-મુદ્દા મુદ્દાની વાત લીધી છે. (બીજી) વાતો તો ભેદ-પ્રભેદની જુઓ તો આવી સેંકડો વાતો છે પણ મુખ્ય

સિદ્ધાંતિક વાત લીધી છે. ગ્રંથમાં તો મુખ્ય સિદ્ધાંતિક વાત આવે.

અધૂરી દશામાં તે વિકલ્પો હોય છે. **'સ્વરૂપમાં એકાગ્ર થતાં, નિર્વિકલ્પ સ્વરૂપમાં વાસ થતાં, તે બધા છૂટી જાય છે.'** ચોથા ગુણસ્થાને જ્યારે નિર્વિકલ્પ દશા થાય અને સ્વરૂપમાં શુદ્ધોપયોગથી નિવાસ થાય ત્યારે કોઈ વિકલ્પ રહેતો નથી. પાંચમા ગુણસ્થાને પણ વિકલ્પ રહેતો નથી અને સાતમાં ને ઉપરના ગુણસ્થાને કોઈ વિકલ્પ રહેતો નથી. એટલે જ્યારે નિર્વિકલ્પ થાય છે ત્યારે એકાગ્ર દશા છે, ધ્યાનની દશા છે-સ્વરૂપ ધ્યાનની એ દશા છે અને એ ધ્યાન દશામાં નિર્વિકલ્પ સ્વરૂપમાં વાસ થતાં તે બધા છૂટી જાય છે. ઉત્પન્ન થતા નથી એટલે એને છૂટી જાય છે એમ કહેવામાં આવે છે.

**'પૂર્ણ વીતરાગ દશા થતાં...'** તેરમું ગુણસ્થાન અરિહંત પરમાત્મદશાનું ગુણસ્થાન ત્યારથી માંડીને તેર, ચૌદ ગુણસ્થાન અને ઉપર સિદ્ધાલયમાં જાય-સિદ્ધદશા (થાય), એ બધી પૂર્ણ વીતરાગદશા છે, બારમામાં પણ પૂર્ણ વીતરાગદશા છે પણ હજી ત્યાં કેવળજ્ઞાન નથી પ્રગટ થયું એટલે પરમાત્મદશા ત્યાં નથી ગણી, સાધકદશા ગણી છે.

પ્રશ્ન :- બારમે ક્ષીણ થયો...

સમાધાન :- હા, મોહનો ક્ષય થઈ ગયો.

પ્રશ્ન :- તેરમે ગુણસ્થાને...

સમાધાન :- ના, તેરમું છે ત્યારે બારમું નથી ને બારમું છે ત્યારે તેરમું નથી, એકસાથે બે હોય નહીં. પગથિયું તો એક પછી એક ચડે છે. બારમામાં મોહ ક્ષય થઈ જાય છે અને ત્યાં પહેલા વીતરાગતા પૂરી થઈ જાય છે. બારમાના છેડે વીતરાગતા પૂરી થાય. વીતરાગતા પૂરી થાય એટલે કોઈપણ પ્રકારનો રાગ, રાગની કોઈ પ્રકૃતિ અને મોહની કોઈ પ્રકૃતિ ન રહે. એ કોઈ ન રહે. પણ હજી ત્યાં કેવળજ્ઞાન નથી થતું એટલે સાધકદશા લીધી છે.

**'પૂર્ણ વીતરાગ દશા થતાં સર્વ પ્રકારના રાગનો ક્ષય થાય છે.'** તમામ પ્રકારનો રાગ ક્ષય થઈ જાય છે. કોઈપણ રાગ રહેતો નથી. **'-આવી સાધકદશા પ્રગટ કરવા યોગ્ય છે.'** આ જ્ઞાનીની દશા કહો અથવા સાધકદશા કહો એ દશાનો આ શ્રદ્ધા-જ્ઞાન-ચારિત્રથી બોલ છે. પહેલા Paragraphમાં શ્રદ્ધાનો વિષય લીધો છે. બે દિવસ પહેલા ચાલી ગયો આપણે. બીજા Paragraphમાં જ્ઞાનનું પરિણમન લઈને શ્રદ્ધાની

સાથે એની મેળવણી કરી છે અને ત્રીજા Paragraphમાં ગુણસ્થાન અનુસાર રાગ અને વીતરાગતાનું ચારિત્ર કેવું હોય એ વાત લીધી છે. એમ ત્રણે ગુણસ્થાનની વ્યવસ્થિત વાત છે.

મુમુક્ષુ :- માતાજીએ કેવી વાત કરી છે !

પૂજ્ય ભાઈશ્રી :- બહુ વ્યવસ્થિત વાત કરી છે. ચોખ્ખું બહુ છે.

મુમુક્ષુ :– સામે કોઈ ઝીલનાર પણ હશે એવા.

પૂજ્ય ભાઈશ્રી :– હોય ને. હોય ને. કેમ ન હોય. ત્યારે તો બહેનોની સભામાં વાત કરતા હતા. અને બધાનો પરિચય ન થાય પણ કોઈ આત્માનો નિષેધ કેમ કરી શકીએ ? જાણે અજાણે દરેકની યોગ્યતા .. આવી વાતો હોય, હોય, સામે કોઈકને કોઈક હોય તો હોય જ તે. નિષ્ફળ રીતે એ વાત જતી નથી. બીજું, કે એમને પણ કહેવાનો રસ ક્યારે હોય ? કે સાંભળનારને પણ આ વાત ઝીલવાનો રસ હોય ત્યારે. એ રસથી ઝીલનારા ભલે જ્ઞાની ન થયા પણ રસથી ઝીલનારા છે એ વાત નક્કી છે. એમ છે. એ તો છે જ ને. એમાં કાંઈ પ્રશ્ન નથી.

પૂજ્ય 'બહેનશ્રી'ને શ્રુતજ્ઞાનની નિર્મળતા ઘણી વર્તે છે. મતિ-શ્રુતમાં એ વિષય બધો સ્પષ્ટ બહુ છે. કોઈપણ પ્રશ્ન ગમે ત્યાંથી આવે. સમાજમાં તો હજારો માણસો આવ્યા. પહેલા તો સમાજમાં નહોતા આવતા, Platform ઉપર જ નહોતા આવતા, 'ગુરુદેવ' હતા એટલે. હવે તો લોકો દર્શન કરવા આવે છે, પ્રશ્ન પૂછી લે છે, એટલો સમય આપે છે. કોઈપણ માણસ હિન્દુસ્તાનભરમાંથી, દુનિયાભરમાંથી ગમે ઇ વ્યક્તિ આવીને ગમે તે પ્રશ્ન પૂછે એને જવાબ મળે છે. કેમકે એટલું જ્ઞાન નિર્મળ છે. પ્રશ્ન પૂછે ત્યારે એ પૂછનાર ક્યાં ઊભો છે એ તરત જ ખ્યાલમાં આવી જાય છે.

એમાં એ વાત છે કે એક પ્રશ્ન બીજો માણસ પૂછે, ચાર આઠ પંદર દિવસ પછી કે મહિના બે મહિના કે ઘણા વખત પછી પાછો એ જ પ્રશ્ન આવ્યો હોય. પહેલાને પ્રશ્નનો ઉત્તર બીજો મળ્યો હોય, બીજાને બીજો મળ્યો હોય. એવું બને. કેમકે પહેલો ક્યાં અભિપ્રાયથી ને ક્યાં ઊભો રહીને પૂછે છે ઇ ખ્યાલમાં આવ્યું છે તો એને એમ જવાબ દ્યે છે. બીજાને ક્યાં ઊભો રહીને પૂછે છે ઇ ખ્યાલમાં આવ્યું તો એને એમ જવાબ દે. એટલે ક્યાં રોગમાં કઈ દવાની જરૂર છે એ વૈદ્યને ખબર પડે છે. એ એ અનુસાર એને ઉત્તર મળે છે. એટલી નિર્મળતા વિશેષ છે. ૨૩૭ (બોલ પૂરો) થયો.

**તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોયતો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે. જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે. ૨૩૮.**

૨૩૮. માર્ગદર્શન આપે છે આમાં. '**તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.**' જોયું ? કેવી વાત આવી છે ! તારે પુણ્ય બાંધવું હોય તો, એ પ્રશ્ન નથી અહીંયાં. તારે સ્વર્ગના સુખ ભોગવવા હોય તો, એ વાત નથી. તારે સંસારની સગવડતા અને અનુકૂળતાઓ જોઈતી હોય તો, એ વાત પણ અહીંયાં નથી. કોઈ વાત અહીંયાં નથી. મોટામાં મોટો જે પ્રશ્ન છે જન્મ-મરણનો એની સીધી વાત છે.

આખી દુનિયામાં સર્વ મનુષ્યો આ પ્રશ્ન છોડીને નાની-મોટી પ્રતિકૂળતાઓ દૂર કરવામાં પડ્યા છે. જો કે દરેકને ઉદય પૂર્વકર્મ અનુસાર છે, પૂર્વે બાંધેલા સંચિત કર્મ અનુસાર છે. એટલે ગમે તેટલો પ્રયત્ન કરે તોપણ ધાર્યું થતું નથી, અને ધાર્યું થતું નથી એટલે સમાધાન થતું નથી. આકુળતા થયા કરે છે. આ પરિસ્થિતિ છે.

જ્યારે જ્ઞાની જન્મ-મરણ ટાળવાના પુરુષાર્થમાં પડેલા છે. કેમકે એક ભવની અંદર જેટલી પ્રતિકૂળતાઓ કે અનુકૂળતાના સંયોગ-વિયોગ ઊભા થાય છે એ બધા તો એક ભવના પેટાની ચીજ છે. એટલે પેટાની રકમો છે એ બધી. મૂળ રકમ તો આખો ભવ છે. તો એ આખો ભવ છે ઇ કેમ ટળે એ મુખ્ય પ્રશ્ન છે, મોટો પ્રશ્ન છે. અને એ મોટો પ્રશ્ન હલ કરવા માટેનો આ વિષય ચાલે છે. નાની મોટી પ્રતિકૂળતાઓ દૂર કરવા પાપના ઉદયો ઠેલવીને પુણ્ય કરીને, પુણ્ય કમાઈને એ બધું કરવા આખી જિંદગી ગુમાવે છે. એ પણ અહીંયાં વિષય જ નથી. અહીંયાં એ માર્ગ લીધો જ નથી. એ માર્ગ જ નથી એમ કહે છે. જિનમાર્ગ તો ભવભ્રમણ ટાળવા માટેનો જિન પરમેશ્વરનો માર્ગ છે. પુણ્ય બાંધવાનો ને અનુકૂળતાઓ મેળવવાનો ને સ્વર્ગ મેળવવાનો એ કોઈ જૈનમાર્ગ નથી. એ બધા અન્ય માર્ગો છે. એના માટે બધા અન્ય માર્ગો, અન્ય મતો લીધા, અન્ય ધર્મો લીધા.

એટલે અહીંયાં પહેલી વાત એ લીધી છે કે **'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો...'** કેટલીક વાર ચર્ચાઓ ચાલે છે ત્યારે એ ચર્ચાનો વિષય લેવો પડે છે. કે કોઈપણ માણસનું જીવન જોઈએ છીએ આપણે તો એના મોટા ભાગનો સમય આઠ કલાક, દસ કલાક તો એનો આર્થિક પ્રયોજન પાછળ જાય છે. એ આર્થિક પ્રયોજન પાછળ જાય છે એનો અર્થ કહો કે નાની-મોટી બધા પ્રકારની અનુકૂળતાઓ મળી રહે એના માટે જાય છે. છતાં મળે છે પૂર્વ કર્મ અનુસાર. બરાબર ? કેમકે ઘરમાં બધું હોય ને માંદો હોય તો કાંઈ વાપરી શકે ? ન વાપરી શકે. સફરજન આવ્યા છે ખાશો નહીં. ડોક્ટરે ના પાડી છે. કોઈપણ ચીજ. તો એ તો ચીજ હોય એટલે એને મળી ગઈ છે એમ પણ નથી. એને પૂર્વકર્મ અનુસાર જ જે કાળે જેટલો ઉદય એ પ્રમાણે બધો યોગ થાય, એ સિવાય થાય નહીં. આ એનો નિયમ છે. છતાં જીવ આઠ કલાક, દસ કલાક, બાર કલાક એની પાછળ કાઢે છે. અને સૌથી મોટો પ્રશ્ન છે એની પાછળ કેટલો સમય વ્યતીત કરે છે ? એની પાછળ સમય વ્યતીત કરવાનો વિચાર પણ કેટલો બળવાન છે એ હજી વિચારવા જેવો વિષય છે. સમય કાઢવો તો ત્યારપછીની વાત છે. એટલે નાના કામ પાછળ વધારે શક્તિ ને સમય આપવો અને મોટા કામ પાછળ શક્તિ ને સમય ન આપવો એ કેટલી ડહાપણ ભરેલી વાત છે ? એમાં કેટલો વિવેક છે ? કે કેટલો અવિવેક છે ? સમજાવવાની જરૂર રહેતી નથી.

'ગુરુદેવ' તો એમ કહે છે, પ્રવચનોમાં એ વિષય આવે છે કે ભાઈ ! તને આ એક તક મળી છે. તકનો અર્થ થાય છે-થોડો સમય. જેનો સમય થોડો હોય એને તક કહેવાય છે. તો કહે છે કે તને આ તક મળી છે. હવે એ તક મળી છે એમાં આત્મહિત થઈ શકે એવી શક્યતાઓ ઊભી થઈ છે. વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર અને આ માર્ગ સમજાવનારા તને મળ્યા છે, કહેનારા મળ્યા છે, તારું ધ્યાન ખેંચનારા મળ્યા છે. હવે માંડ માંડ મળેલો જે થોડો સમય, માંડ માંડ કેમ ? કે અનંતકાળમાં એ મનુષ્યપણું ભાગ્યે જ મળે છે. માંડ માંડ મળેલો એ થોડો સમય એને જો તું અન્ય કાર્યોમાં વેડફી નાખીશ કે ગુમાવી દઈશ તો પછી તારો જે કલ્યાણ કરવાનો સમય છે એ ચાલ્યો જશે. પછી તો ઘોર અંધારું છે. અન્ય ગતિમાં ગયો ત્યાં તો કાંઈ સૂઝ પડવાની નથી. એટલે એ વિષય ઉપર વ્યાખ્યાનમાં ગમે તે વિષય ચાલતો હોય

તો દરેક વ્યાખ્યાનની અંદર આ વિષય ઉપર બે ત્રણ વખત ધ્યાન ખેંચતા.. પ્રવચનોની અંદર આ વિષય અવારનવાર આવે છે એનું કારણ આ છે.

**'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** સામાન્ય બુદ્ધિથી જેનું ઓળખવું એટલે કે ગ્રહણ થવું બનતું નથી. જ્ઞાનમાં પકડાવું-ગ્રહણ થવું એ તીક્ષ્ણ બુદ્ધિનો આ વિષય છે. કોઈ એમ કહે કે અમને એવી તીક્ષ્ણ બુદ્ધિ ન હોય તો અમારે શું કરવું ? એ પ્રશ્ન નથી. જ્યાં તારું પ્રયોજન છે ત્યાં તારી બુદ્ધિ તીક્ષ્ણ થયા વિના રહેતી નથી. સંજ્ઞી પંચેન્દ્રિય જીવ છો, તીક્ષ્ણ બુદ્ધિ છે જ. જ્યાં જ્યાં તને પ્રયોજન ભાસે છે ત્યાં તારી બુદ્ધિ સૂક્ષ્મપણે કામ કરે જ છે, તીક્ષ્ણપણે કામ કરે જ છે. પણ અહીંયાં તને પ્રયોજન ભાસ્યું નથી. એટલે તું વાતને છોડી દેવા-અરુચિથી છોડી દેવા માગે છો એટલે કહે છે કે અમારી એવી બુદ્ધિ નથી. એવી બુદ્ધિ નથી અમારી પાસે તીક્ષ્ણ બુદ્ધિ નથી, અમે તો રહ્યાં જાડી બુદ્ધિના. ખોટી વાત છે.

**'તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** તીક્ષ્ણ બુદ્ધિનો અર્થ બે રીતે થાય છે. એક જેને સૂક્ષ્મતા હોય એને તીક્ષ્ણપણું કહેવામાં આવે છે. નથી કહેતા કે આ તીક્ષ્ણ અણીવાળું હથિયાર છે. કાંટો હોય છે. એને પણ તીક્ષ્ણતા કહે છે. અને એક ઉગ્રતા હોય. જેમાં સૂક્ષ્મતા ઉપરાંત ઉગ્રતા હોય. બન્ને સાથે હોય. ધારદારપણું હોય. તીક્ષ્ણ ધાર. એ પણ આની અંદર લેવું છે. બુદ્ધિ સૂક્ષ્મ છે અને જોરથી કાર્ય કરવાનું જેનું વલણ છે, બે વાત સાથે છે. એ પુરુષાર્થનો પ્રકાર છે. પુરુષાર્થનો ભાવ છે, અને પેલો છે સૂક્ષ્મતાનો ભાવ છે. બન્ને આ કાર્યની અંદર સાથે હોય છે. એવો એક શબ્દ વાપર્યો છે, આ જ પ્રકારે શબ્દ વાપર્યો છે. તીક્ષ્ણ બુદ્ધિ. 'નિયમસાર'માં. 'નિયમસાર' ૩૮ ગાથા.

**'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે.'** આવા શબ્દ પડ્યા છે. 'નિયમસાર'ની ૩૮ ગાથાની 'પદ્મપ્રભમલધારીદેવ'ની ટીકા છે. **'સ્વદ્રવ્યમાં જેની તીક્ષ્ણ બુદ્ધિ છે- એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** જુઓ ! એનો અર્થ શું થાય છે ? કે પોતાના સ્વદ્રવ્યની ઉપાદેયતામાં કોણ આવી શકે છે ? કે જેને સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ છે તે. સ્વદ્રવ્યમાં તીક્ષ્ણ બુદ્ધિ હોય તેને જ પોતાના સ્વદ્રવ્યની ઉપાસના, આત્માની ઉપાસના થઈ શકે અને બીજાને આત્માની ઉપાસના થતી નથી. આ શબ્દ અહીંયાં એમણે વાપર્યો છે. **'એવા આત્માને 'આત્મા' ખરેખર ઉપાદેય છે.'** અને એ સિવાયનાને

આત્મા ઉપાદેય નથી. કેમકે અહીંયાં પરિણામ રહિત, ચારેય પ્રકારના ભાવ રહિત સૂક્ષ્મ સ્વભાવરૂપ પરમ પારિણામિકભાવ જે ખરેખર આત્મા એ આત્માને ગ્રહણ કરવો છે કે આવું મારું સ્વરૂપ છે. એ તીક્ષ્ણ બુદ્ધિથી ગ્રહણ થાય છે. નથી કહેતા ? કે આ માણસની હીરામાં બહુ સારી નજર પડે છે. એટલા સમયથી અનુભવ નથી, ભલે બીજા કોઈ પચાસ પચાસ વર્ષના ઝવેરીઓ હોય ધંધાની અંદર અને કોઈ પાંચ વર્ષની અંદર તૈયાર થયો હોય પણ એવી નજર પડે કે પચાસ વર્ષવાળાની નજર ન પડે એવી પાંચ વર્ષમાં નજર પડે. એનો અર્થ શું થાય છે ? કે એ વિષયમાં એની તીક્ષ્ણ બુદ્ધિ છે. આખી જિંદગી ડોક્ટરી કરી હોય એની નજર ન પડે અને પાંચ સાત વર્ષથી Practice કરતો હોય એની નજર પડે. એની તીક્ષ્ણ બુદ્ધિ છે એ વિષયની અંદર.

દરેક વિષયમાં જે જે વિષયમાં જે જીવ રસ લે છે, એનો અર્થ શું થાય છે ? નિષ્ણાત થાય છે, તે તે વિષયમાં જીવ નિષ્ણાત થાય છે. ડોક્ટર ફારૂક આવેલાને ? પહેલા વહેલા બોલાવ્યા. નજર પડે એને, પૂછ્યું ડોક્ટર બહુ નાની ઉંમર, તે દી તેવીસ વર્ષની ઉંમર હતી પહેલા વહેલા આવ્યા ત્યારે. તેવીસ વર્ષની ઉંમર ને ઘણું તમે તો આગળ વધી ગયા છો. શું કારણ છે ? એણે સીધે સીધી વાત કરી કે ઇ તો જે વિષયમાં આપણે રસ લઈએ એ વિષયમાં આપણે Expert થઈ જઈએ છીએ. સીધી વાત છે. જે માણસ જે વિષયમાં ઘણો રસ લે એ વિષયનો એ નિષ્ણાંત થાય એ બહુ સ્વાભાવિક વાત છે.

આ વિષયમાં આત્મદ્રવ્યની ઉપાસના કરવામાં અહીંયાં મુનિરાજ એમ કહે છે કે, તીક્ષ્ણ બુદ્ધિ છે તેને તે ઉપાદેય છે. એનો અર્થ શું છે ? કે એમાં એણે રસ લીધો છે. ક્યારે એને તીક્ષ્ણ બુદ્ધિ થઈ ? કે એમાં રસ લીધો ત્યારે. અથવા પોતાના આત્માને તીક્ષ્ણ બુદ્ધિથી ઉપાસના નથી થતી એનું કારણ શું ? કે એ વિષયમાં આ જીવ રસ લેતો નથી. સીધી વાત છે. રસ વગરનો છે ? કે બિલકુલ નહીં. જીવ રસ વગરનો નથી. એનો રસ આત્મા સિવાય બીજા વિષયમાં લાગેલો છે. જે એની રુચિનો વિષય હોય ત્યાં જીવનો રસ લાગે છે. રુચિના અને રસના પરિણામને અવિનાભાવી સંબંધ છે. એક હોય ત્યાં બીજું હોય, હોય ને હોય જ. એને અવિનાભાવી સંબંધ કહે છે. તો જ્યાં એની રુચિ છે ત્યાં એનો રસ છે. એ વિષયની અંદર એને સમજણ પડે છે, ખબર પડે છે, આવડત થાય છે. બધું હોય છે.

આત્મદ્રવ્યના વિષયમાં એનો રસ નથી એટલે એમાં એની તીક્ષ્ણ બુદ્ધિ થતી નથી, એને એ ઉપાદેય થતો નથી. તીક્ષ્ણ બુદ્ધિથી ગ્રહણ થાય તો એને એ ઉપાદેય થાય છે, એની ઉપાસના થાય છે અને એની ઉપાસના થાય તો એને જન્મ-મરણનું પરિભ્રમણ ટળવાનું કારણ ઊભું થાય છે, નહીંતર જન્મ-મરણ ટળવાનું કોઈ કારણ નથી. જન્મ-મરણ રહિત એવું જે સ્વઆત્મદ્રવ્ય એની ઉપાસનાથી જન્મ-મરણ ટળે છે. બીજી કોઈ રીતે જન્મ-મરણ ટળવાનો ત્રણકાળ ત્રણલોકમાં કોઈ ઉપાય નથી.

પ્રશ્ન :– પરિભ્રમણ તો ટાળવું છે પણ શુભ-અશુભમાં રસ જાય છે, તો શું કરવું ?

સમાધાન :– રસ જાય છે એની પાછળ સુખબુદ્ધિ પડેલી છે. શુભમાં, અશુભમાં બન્ને જગ્યાએ જ્યાં જ્યાં રસ જાય છે ત્યાં સુખબુદ્ધિ જીવની પડેલી છે. વાસ્તવિકમાં ત્યાં સુખ છે કે નહીં એની તપાસ કરી નથી. વાસ્તવિક સુખ છે કે નહીં એની તપાસ કરી નથી. એટલે એ તપાસ નહીં હોવાથી, સાચું જ્ઞાન નહીં હોવાથી, સાચી સમજણ નહીં હોવાથી અનાદિની જે સુખબુદ્ધિ પડી છે એ જ રીતે ચાલ્યો જાય છે. મનુષ્યકાળ તો સાગરમાં બિંદુ, સિંધુમાં બિંદુ જેવું છે. અનંતકાળ છે, અનાદિઅનંત કાળ છે. જીવનો ક્યારેય નાશ થતો નથી, મનુષ્યપણું તો બહુ થોડો કાળ છે. એની અંદર ઊલજી ઊલજીને સંયોગમાં પડે અને આત્માની તીક્ષ્ણ બુદ્ધિથી એના સ્વદ્રવ્યની ઉપાસના ન કરે તો જન્મ-મરણ ટળે નહીં.

પ્રશ્ન :– ક્યાં જાય ?

સમાધાન :– જાય પાછો... મોટા ભાગે નિગોદમાં રહે છે. બે હજાર સાગર પણ સમુદ્રમાં બિંદુ સમાન છે. બે હજાર સાગર કે એથી ઓછો કાળ એ પણ અનંતકાળમાં તો કાંઈ નથી. કેમકે ઇ બે હજાર સાગર એ ગણનાનો કાળ-સંખ્યાત કાળ થયો. પેલો તો અનંત છે, એમ કહે છે. નિગોદનો કાળ તો અનંત છે.

મુમુક્ષુ :– સ્થિતિ પરિપાક થાય પછી...

પૂજ્ય ભાઈશ્રી :– સ્થિતિ પરિપાક થવી ઇ કોના હાથની વાત છે ? કોઈ બીજા ઈશ્વર કરી દે છે ? કોઈ પરમેશ્વરના હાથની વાત છે ? કે બીજાના હાથની વાત છે કે પોતાના હાથની વાત છે ?

ભગવાન તો એમ કહે છે કે, તને જન્મ-મરણ પરિભ્રમણ ટાળવાની ભાવના થઈ- તીવ્ર ભાવના, જીવને કલ્યાણની સામાન્ય ભાવના તો અનેકવાર થઈ છે, પણ

તીવ્ર (ભાવના) થઈ તો એ જ તારી સ્થિતિનો પરિપાક છે. બીજી કોઈ વાત નથી. સ્થિતિ પરિપાક એટલે બીજી વાત નથી. પણ તને ભાવના નથી થતી તો તારી સ્થિતિ પાકી નથી એવું જ્ઞાન કર. એ જ્ઞાન કરીને એનું ફળ વિચાર. એ ફળનો જો તને કાંઈ ભય લાગતો હોય,... થોડી પ્રતિકૂળતાનો તને ભય લાગે છે અને એના માટે આખો દિવસ હેરાન થા છો. તો હવે અનંતી પ્રતિકૂળતા આવશે. એનો જો ભય તને ન લાગતો હોય તો મોટો ભડવીર તું કહેવાવો જોઈએ, મોટો બહાદુર કહેવાવો જોઈએ કે તને કોઈ ભય નથી. સંસારનો ભડવીર છો. તો પછી બીજો તો કોઈ ઉપાય નથી. અને જો તને એમ લાગે કે આ સ્થિતિ મને મંજૂર નથી તો તને જે તારી સ્થિતિ સુધારવાની તીવ્ર (ભાવના) થાય એ જ તારો પરિપાક છે. એને ભવિતવ્યતા પાકી, આસન્નભવ્ય થયો એમ કહેવામાં આવે છે. એ કોઈ બીજી ચીજ નથી.

પાત્રતાથી વસ્તુ પમાય છે, ધર્મ પમાય છે. પાત્રતા એ બીજી કોઈ ચીજ નથી પણ પોતાને પોતાના કલ્યાણ કરવાની તીવ્ર ભાવના-આ એક જ પાત્રતા છે. આ પાત્રતાનું ચિહ્ન છે. ભાવના મોટી વાત છે. એ તો આપણે ચાલે છે, બહુ વિષય ચાલે છે. એ ભાવના એ પોતે જ પાત્રતાનું સજ્જડમાં સજ્જડ ભૂમિકાનું લક્ષણ છે. ભાવનામાં આવ્યો એ પાત્ર થયો. એ પામ્યા વગર રહે નહીં. જન્મ-મરણ ટળ્યા વગર રહે નહીં. પરિભ્રમણ એનું ટળે જ ટળે.

કહે છે કે, **'તારે જો તારું પરિભ્રમણ ટાળવું હોય તો તારા દ્રવ્યને તીક્ષ્ણ બુદ્ધિથી ઓળખી લે.'** સૌથી પહેલું કામ ઓળખવાનું છે-નિર્ણય કરવાનું છે. સામાન્ય સ્વભાવ, જ્ઞાયક સ્વભાવ જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞ... જ્ઞપણે જે સદાય પ્રકાશમાન છે. જ્ઞાયકપણાથી જે સદાય પ્રકાશમાન છે, ક્યારેય પણ પ્રકાશતો નથી એવું નથી. એને તું બીજાથી જુદો પડીને ભેદજ્ઞાન કરીને ઓળખી લે.

**'જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું...'** ઓળખાણ થઈને આવું સ્વભાવ સ્વરૂપ દ્રવ્ય, મૂળ સ્વરૂપ. દ્રવ્ય એટલે આત્માનું મૂળ સ્વરૂપ લેવું, મૂળ સ્વભાવ લેવો, જો તારા હાથમાં આવી ગયું એટલે તને જ્ઞાનમાં ઓળખાણ થઈ ગઈ કે આવો હું છું, **'તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે.'** સહેજે સહેજે રમતમાત્રમાં, લીલામાત્રમાં. કેમકે એમ થવાનો તારો સ્વભાવ છે. મુક્તદશા પ્રગટ થવી એ પણ તારો સ્વભાવ છે. જ્યારે તું તારા સ્વદ્રવ્યને ઓળખીશ ત્યારે તને એમ પણ ઓળખાણ થશે કે

સમ્યક્દર્શન થવું એ પણ મારો સ્વભાવ છે, વીતરાગતા થવી એ પણ મારો સ્વભાવ છે, પૂર્ણ મુક્તદશા થવી એ મારો જ સ્વભાવ છે. એ ક્યાંય બહારથી લાવવાની ચીજ નથી, એ તો મારો સ્વભાવ છે. મારા સ્વભાવમાં રહું એટલે મુક્તિ જ છે. મારા સ્વભાવની બહાર જઉં એટલે બંધન છે. મુક્તિ ને બંધનનો બીજો કોઈ એની અંદર હિસાબ-કિતાબ લાંબો છે નહીં. જેટલો સ્વદ્રવ્યથી બહાર નીકળ્યો એટલો પરદ્રવ્યને વિશે, પરવસ્તુને વિશે બંધાણો પ્રતિબદ્ધ થયો. જેટલો સ્વદ્રવ્યમાં સમાઈ ગયો એટલો અપ્રતિબદ્ધ થયો, એટલો મુક્તભાવ (થયો). અંશે મુક્તભાવ (પ્રગટ થયો) એ પૂર્ણ મુક્તિનું કારણ છે.

સહેજે લીધું છે. જો દ્રવ્ય તારા હાથમાં આવી ગયું તો તને મુક્તિની પર્યાય સહેજે મળી જશે. મુક્તિની પર્યાય એ કોઈ મોટો હાવ નથી. 'ગુરુદેવ'ને સાંભળ્યા પહેલા ને સાંભળ્યા પછીની પરિસ્થિતિની તુલના કરતાં 'સોગાનીજી' એક પત્રની અંદર લખે છે કે, મોક્ષ તો એમ લાગતું હતું કે અરે ! અમારા જેવા પામર મનુષ્યને મોક્ષ ક્યાંથી મળે. એ તો કોઈ જંગલમાં વસનારા યોગીઓનું અને ઋષિ મુનિઓનું કામ છે. મોક્ષ તો એવી મોટી ચીજ લાગતી હતી કે અશક્ય અને અસંભવ લાગતો હતો. પછી 'ગુરુદેવ'નો ઉપકાર ગાતા ગાતા બધી વાત કરે છે. પણ હે ભગવાન ! આપને સાંભળતા, 'ભગવાન હૂં', 'ભગવાન હૂં', ઐસી વાણી આપકી સુનતે હુએ મોક્ષ ઇતના સહજ ઔર આસાન હૈ,.. હિન્દીમાં પત્ર છે ને બધા. બાદમેં પતા ચલા. જબ આપકો સુના, આપકી વાણી સુની, બાદમેં પતા ચલા કિ મોક્ષ તો ઇતના આસાન હૈ. મોક્ષ આટલો બધો સહેલો છે, સહેજે મળી જાય એવી ચીજ છે, એ તો આપને સાંભળ્યા પછી ખબર પડી. ખબર પડી એટલે ખરેખર ખબર પડી હતી. ખાલી માહિતી મળી એમ નહીં પણ પોતે મોક્ષદશાની નજીક છે એવા પૂર્ણ મુક્ત સ્વરૂપ આત્માના અનુભવમાં આવ્યા. અને અનુભવમાં આવ્યા એટલે મોક્ષ હવે થઈ જશે એવી પ્રતીતિ થઈ ગઈ, ખાતરી થઈ ગઈ. એટલે એમ થયું કે અરે ! મોક્ષ આટલો બધો સહેલો છે ! આ તો ભગવાન તમારી વાણીનું કામ છે, મારું કામ નથી. આ તમારી વાણીનું કામ છે. કેમકે પહેલા પણ હું હતો ને અત્યારે હું જ છું પણ આ તમારી વાણી મળતા આમ થઈ ગયું. એમ કરીને વિશેષપણે ઉપકાર ગાયો છે. (અહીં સુધી રાખીએ)....

**શુભનો વ્યવહાર પણ અસાર છે, તેમાં રોકાવા જેવું નથી. કોઈ માણસ નગરનું ધ્યેય બાંધી ચાલવા માંડે તો વચ્ચે વચ્ચે ગામ, ખેતર, ઝાડ, બધું આવે, પણ તે બધું છોડતો જાય છે; તેમ સાધકને આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે. માટે તે વ્યવહારને છોડતો પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપમાં જ પહોંચી જાય છે. ૨૩૯.**

## તા. ૭-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૩૯,૨૪૦
## પ્રવચન નં. ૧૯૧

'બહેનશ્રીનાં વચનામૃત'. બોલ ૨૩૯, પાનું ૮૨-૮૩. **'શુભનો વ્યવહાર પણ અસાર છે, તેમાં રોકાવા જેવું નથી.'** સાધકદશાનો વિષય છે. વ્યવહાર સાધકદશામાં છે. સાધકદશા પહેલા નિશ્ચય પ્રગટેલો નહીં હોવાથી (અર્થાત્) નિશ્ચય દશા પ્રગટ નહીં હોવાથી શુભરાગના પરિણામ એ ખરેખર વ્યવહારનું સ્થાન પામતા નથી. ભાષામાં રુઢિગતપણે એને વ્યવહાર કહેવાય છે તોપણ તે યથાર્થ વ્યવહાર નથી. કેમકે ત્યાં શુભની રુચિ છે, શુભની ઉપાદેયતા છે અને શુભરાગ સાથે એકત્વબુદ્ધિએ પરિણામ છે.

અહીંયાં સાધકદશાનો વિષય છે. સાધકદશામાં જે શુભરાગની ઉત્પત્તિ થાય છે, ભૂમિકા અનુસારનો તે શુભરાગ હોય છે તોપણ તે અસાર છે. એમાં કાંઈ સાર નથી. સાર એટલે સુખરૂપ અને સાર એટલે ઉપાદેયભૂત. અસાર એટલે દુઃખરૂપ અને અસાર એટલે હેયરૂપ. એમ સમજવું.

શુભનો વ્યવહાર છે (અને) એનું ફળ નથી એમ કહેવું નથી. એનું ફળ તો સ્વર્ગાદિના ભવ વગેરે, ભોગ-ઉપભોગ વગેરે છે, તોપણ એ બધું અસાર છે. આત્માને દુઃખનું નિમિત્ત થતું હોવાથી, જીવને એ દુઃખનું નિમિત્ત થતું હોવાથી એને અસાર કહેવામાં આવ્યું છે. મિથ્યાદૃષ્ટિ જીવ એને સુખનું નિમિત્ત જાણે છે અથવા સુખનું

ખરેખર સ્થાન અને કારણ માને છે, નિશ્ચય સુખનું કારણ માને છે. પણ વ્યવહારે પણ એ સુખનું કારણ નથી, આકુળતાનું જ કારણ છે. (તેથી) તેમાં રોકાવા જેવું નથી.

**'શુભનો વ્યવહાર પણ અસાર છે** અને **તેમાં રોકાવા જેવું નથી.'** એટલે કે એની પક્કડ કરીને એના ઉપર વજન આપવા જેવું નથી. પોતે આખેઆખો રોકાઈ જાય અને અંતર્મુખ થવાનું કાર્ય એનાથી છૂટી જાય કે ઉત્પન્ન ન થાય કે આગળ ન વધી શકાય તો એમાં રોકાવું થાય છે, એ રોકાવા જેવું નથી. રોકાવું એટલે બંધાવું, પ્રતિબદ્ધ થવું, જેને મુક્ત થવું છે એને રોકાવા જેવું છે, બંધાવા જેવું છે, એ વાત એના ધ્યેય સાથે મેળ ખાતી નથી. તેમાં રોકાવા જેવું નથી.

હવે એક દૃષ્ટાંત આપે છે કે જેમ **'કોઈ માણસ...'** 'જેમ' (શબ્દ) અધ્યાહાર છે જેમ **'કોઈ માણસ નગરનું ધ્યેય બાંધી ચાલવા માંડે તો વચ્ચે વચ્ચે ગામ** આવે, **ખેતરો** આવે, ઝાડ આવે **બધું આવે,...'** એટલે અનેક પ્રકારનો Traffic પણ સામે આવે **'પણ તે બધું છોડતો જાય છે;...'** એ દૃષ્ટાંત છે. જેને જ્યાં જવું છે, જે નગર જવાનું ધ્યેય બાંધ્યું છે, ધ્યેયને બાંધવાની વાત લીધી છે. જેણે નિશ્ચય કર્યો છે કે અહીંયાં પહોંચવું છે-એને ધ્યેય બાંધ્યું એમ કહે છે.

મુમુક્ષુનું ધ્યેય પહેલેથી મોક્ષ છે. 'માત્ર મોક્ષ અભિલાષ'. મુમુક્ષુનું ધ્યેય સમ્યક્‌દર્શન માત્ર છે, મુમુક્ષુનું ધ્યેય મુનિદશા માત્ર છે એવું નથી. કે મુમુક્ષુનું ધ્યેય અરિહંતદશા માત્ર છે એમ (પણ) નથી. પૂર્ણ શુદ્ધિ ! જે સિદ્ધપદ છે, મૂળ સિદ્ધપદ અંદરમાં એવું છે બસ ! એવી જ દશા બહારમાં સિદ્ધ પરમાત્માની હોય, એવી દશા એનું ધ્યેય છે. એવું ધ્યેય જેણે બાંધ્યું છે. ધ્યેય છે એટલે એવું ધ્યેય જેણે બાંધ્યું છે એના પરિણામ એ ધ્યેયને લક્ષે થશે.

જેણે અંદરમાં પોતાના સ્વરૂપનો નિશ્ચય કર્યો છે એના પરિણામ પણ સ્વરૂપના લક્ષે થશે. એક દ્રવ્ય છે અને એક પર્યાય છે. બન્નેમાં ભાષાનો શબ્દ એક છે કે જ્યાં પહોંચવું છે એના લક્ષે પરિણામની ચાલ જશે. જેનો આશ્રય કરવો છે એ લક્ષમાં રહેશે. અને ત્યારે એને યથાર્થ લક્ષ કહેવામાં આવે છે. બેમાંથી એક ન હોય તો એનું લક્ષ યથાર્થ નથી. એટલે કે કોઈ એમ કહે કે અમારું ધ્યેય તો મોક્ષ પામવાનું છે. જેમ અન્યમતમાં મોક્ષ શબ્દ છે કે અમે તો મોક્ષ પામવા માટે જ બધું કરીએ છીએ. એમાં પણ ત્યાગી થાય છે, બાવા થાય છે, જંગલવાસી થાય છે, નગ્નપણે

રહે છે. બધા પૂર્ણ ત્યાગ ત્યાં પણ છે. અમારું ધ્યેય શું ? કે અમારું કલ્યાણ કરવું, પૂરેપૂરું કલ્યાણ કરવું, મોક્ષ થવું. પણ એને સ્વદ્રવ્યનો આશ્રય જેવી વાત કોઈ નથી.

હવે સ્વદ્રવ્યનો આશ્રય કરવા યોગ્ય છે અને પર્યાયદૃષ્ટિ તો ઉડાડવા જેવી છે. કેમકે પર્યાયદૃષ્ટિ તો મૂઢદૃષ્ટિ છે, મિથ્યાદૃષ્ટિ છે. તોપણ જેણે મોક્ષનું-પરિપૂર્ણ દશાનું ધ્યેય બાંધ્યું નથી એને કદાપી દ્રવ્યનો આશ્રય હોઈ શકે નહીં. અને એના પરિણામની ચાલ યથાર્થ હોઈ શકે નહીં. એને યથાર્થ લક્ષ કહે છે. આગળ એક જગ્યાએ એ વિષય આવશે. ગોસળિયાની વાત આવી છે ને ? દોરો બાંધવાની. ત્યાં લક્ષ એટલો શબ્દ નથી વાપર્યો. 'યથાર્થ લક્ષ' વાપર્યો છે. અને ત્યાં તો ત્રણ વાત એકસાથે સાંકળી છે. જ્ઞાનદોરે, જ્ઞાનદોરાથી ઓળખીને ચાલ્યો જા.

૩૧૨. બરાબર છે. **'તેમ 'જ્ઞાનદોરા' તરફ યથાર્થ લક્ષ કરી 'હું માત્ર જ્ઞાનસ્વરૂપ છું' એમ પોતાને જુદો ઓળખી લેવાનો છે.'** નિર્ણય કરવાની વાત છે ને ! એટલે જ્ઞાનદોરો સાથે લીધો છે. ત્રીજી વાત લીધી. જ્ઞાનદોરો એટલે વર્તમાન જ્ઞાન અંશ, જ્ઞાનસ્વભાવ. એમ જ્ઞાનદોરા તરફ યથાર્થ લક્ષ કરીને (અર્થાત્) પ્રગટ પર્યાયમાંથી એને પકડીને માત્ર હું જ્ઞાનસ્વરૂપ છું, ત્રિકાળી માત્ર હું છું એમ લક્ષ કર. એમ પોતાને જુદો ઓળખી લે. એ પહેલા પરિપૂર્ણ શુદ્ધ થવાનું એણે ધ્યેય બાંધેલું હોવું જોઈએ. જો એ ધ્યેય ન બાંધે તો એને ઓળખવાની પ્રક્રિયા યથાર્થપણે ચાલે નહીં. કેમકે કયા લક્ષે કયા ધ્યેયે તું આ કામ કરે છે ? ઓળખવું છે. આત્માને ઓળખવો છે-આત્માનો નિશ્ચય કરવો છે. એનું સાધન જ્ઞાન છે. જ્ઞાનાદોરાથી-જ્ઞાન લક્ષણથી એને લક્ષને પકડવું છે. પણ શું કરવા ? નિશ્ચય શું છે એની પાછળ ?

જીવ પરિપૂર્ણ પોતાના સ્વરૂપથી પૂર્ણ હોવાને લીધે ઊંધા નિશ્ચયથી એને આખા જગતની પૂર્ણતા જોઈતી હતી. એવો પણ એનો એક નિશ્ચય હતો. એટલે ક્યાંય અટકતો નહોતો. જેટલી સંપત્તિ મળે, જેટલો અધિકાર મળે, જેટલું કાંઈ મળે, જેટલું કુટુંબ, પરિવાર મળે, જે જે કાંઈ જેટલું મળે એ બધું અધૂરું પડે, ઓછું પડે અને એનો પ્રયત્ન વધુ ને વધુ મેળવવા માટે ચાલુ રહે. કેમકે પોતે પૂર્ણ છે, એને અધૂરું પોસાતું નથી. એમ વગર વિચારેલો પણ એક ધ્યેય બાંધેલો છે કે હજી જોઈએ, હજી જોઈએ, હજી જોઈએ.

એમ અહીંયાં પણ પહેલા ધ્યેય બદલાય છે કે મારું પરિપૂર્ણ નિષ્કલંક પરિણમન

હોવું જોઈએ, ક્યાંય મને ડાઘ ન હોવો જોઈએ. પૂર્ણ શુદ્ધિ (જોઈએ). આ મારી હાલત-મારી દશા, આ સ્થિતિએ મારે પહોંચવું જોઈએ. અને એને પહોંચવા માટે પોતાના સ્વરૂપની ઓળખાણ કરવા જાય ત્યારે જ્ઞાન લક્ષણથી, જ્ઞાનદોરાથી કહો કે જ્ઞાન લક્ષણથી (ઓળખાણ થાય છે). જ્ઞાનમાત્ર હું એમ ત્રિકાળી સ્વભાવને પકડી લે, ઓળખી લે ત્યારે ત્રણ વાતનું અનુસંધાન છે. જ્ઞાનદોરો, પરિપૂર્ણ લક્ષ-પરિપૂર્ણ શુદ્ધિ અને ત્રિકાળી જ્ઞાનમાત્ર આત્મસ્વરૂપ. આ ત્રણેય પોતપોતાના સ્થાને બરાબર ગોઠવાય ત્યારે એને યથાર્થ શબ્દ લાગુ પડે. યથા અર્થમાં-જેવું જોઈએ તેવું યોગ્ય, પ્રયોજનભૂત. અથવા ત્યારે એને સ્વસન્મુખતા આવે, અંતર્મુખપણું ઊભું થાય અને ત્યાં સુધી એ જીવ પોતાના સ્વસન્મુખ-સ્વરૂપસન્મુખ ન થઈ શકે.

પ્રશ્ન :– પરિપૂર્ણતાનું ધ્યેય પર્યાયમાં છે ?

સમાધાન :–હા, પરિપૂર્ણતા, પૂર્ણ થવું છે એ ધ્યેય પર્યાયમાં છે, આશ્રયનું ધ્યેય છે, આશ્રયભૂત ધ્યેય છે એ ત્રિકાળી છે અને જ્ઞાનદોરો છે એ વર્તમાન જ્ઞાનની પર્યાયમાં ઉત્પન્ન, મોજૂદ લક્ષણ છે, વ્યક્ત લક્ષણ છે. જેના ઉપરથી આખો અવ્યક્ત જ્ઞાનમાત્ર પકડવામાં આવે છે. ૩૧૨ બહુ સારો બોલ છે.

અહીંયાં સાધકદશાનો વિષય ચાલે છે એમાં કોઈ માણસ નગરનું ધ્યેય બાંધીને ચાલવા માંડે કે મારે આ ઠેકાણે પહોંચવું છે. વચ્ચે ગામ, ખેતર, ઝાડ, Traffic આવે છે કોઈની સાથે એ રોકાતો નથી પણ જે આવે એ બધું વચ્ચે આવી જાય છે. છોડતો છોડતો જ્યાં પહોંચવું છે ત્યાં આગળ ચાલતો જાય છે.

**'તેમ સાધકને...'** હવે દૃષ્ટાંતનો સિદ્ધાંત-ત્યાંથી દાષ્ટાંત લેવો છે કે, **'તેમ સાધકને, આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે.'** એને મોક્ષમાર્ગની અંદર સાધકદશામાં અનેક પ્રકારના ભૂમિકા અનુસારના શુભરાગ વચ્ચે આવશે. ભૂમિકા અનુસારના એને શુભરાગ ન આવે તોપણ યથાર્થ નથી અને આવે, ત્યાં રોકાઈ જાય તો એ પણ યથાર્થ નથી. બન્ને બાજુથી (વાત) છે. ન આવે એ ચાલે નહીં અને આવે તો રોકાય એ ચાલે નહીં, આમ વાત છે. જો આવતા નથી તો કોઈ તર્ક કરશે કે તમે આગ્રહ રાખો છો ? કેમ તમને આવો ભાવ ન આવ્યો આ વખતે ? કેમ તમને આ વખતે આવો ભાવ ન આવ્યો ? આગ્રહ રાખો છો કે, બરાબર છે. આવવો જ જોઈએ. યથાયોગ્ય સ્થાનમાં યથાર્થ પ્રશસ્ત રાગ અને

યથાયોગ્ય પ્રસંગે યથાર્થ પ્રશસ્ત દ્વેષ, એમ રાગ અને દ્વેષ બન્ને છે. પ્રશસ્ત રાગ અને પ્રશસ્ત દ્વેષ. જો કે એ તો સાથે જ હોય છે. જેને યથાર્થ પ્રશસ્ત રાગ હોય તેને યથાર્થ પ્રશસ્ત દ્વેષ હોય, હોય ને હોય જ. ભલે પ્રસંગે વ્યક્ત થાય પણ એ તો એક સિક્કાની બે બાજુ છે. એક હોય ને બીજું ન હોય એવું બને નહીં. એ તો હંમેશા સાથે જ હોય છે.

આ છે ને ? અસત્‌ને ઉથાપે છે. છટ્ઠા ગુણસ્થાને આચાર્ય મહારાજ શાસ્ત્ર લખે છે ત્યારે અસત્‌ને ઉથાપે છે અને કોઈ વખત કઠોર શબ્દનો પ્રયોગ પણ કરે છે. જેમકે 'અમૃતચંદ્રાચાર્યદેવે' 'સમયસાર'ના કળશ લખ્યા તો (કહે છે કે) એકલા ત્રિકાળીને માને અને પર્યાયને ન માને (તો એ) પશુ છે. પશુ. ચૌદે કળશની અંદર પશુ કહ્યો છે. પશુ ગતિનું કારણ છે. કેમકે મિથ્યાત્વ છે એ તિર્યંચગતિનું કારણ છે એટલે પશુ કહ્યો. અથવા એમ પણ કહે કે કોઈ આવા વસ્તુના સ્વરૂપથી વિપરીત માને તો એ પાખંડ છે. 'ગુરુદેવ' એ શબ્દ વાપરતા. એ બધું પાખંડ છે એમ કહેતા.

ધ્રુવની ચર્ચા ચાલી. ત્રિકાળી ધ્રુવ.. છઠ્ઠી ગાથાનો ભાવાર્થ ચાલતો હતો. શુદ્ધની વ્યાખ્યા ચાલતી હતી. જ્ઞાયક શુદ્ધ છે, જ્ઞાયક શુદ્ધ છે. આત્મા શુદ્ધ જ્ઞાયક સ્વરૂપ છે. ભાવાર્થ ચાલતો હતો એમાં શુદ્ધ શબ્દના પ્રયોગ ઉપર 'ગુરુદેવ'નું પ્રવચન ચાલતું હતું. (એક મુમુક્ષુએ) પ્રશ્ન કર્યો. આ શુદ્ધમાં શુદ્ધ પર્યાય સહિત કે શુદ્ધ પર્યાય રહિત ? શુદ્ધમાં શુદ્ધ પર્યાય સહિત કે શુદ્ધ પર્યાય રહિત ? તો કહ્યું, શુદ્ધ પર્યાય રહિત છે. અહીંયાં પર્યાયની ક્યાં વાત ચાલે છે ? અહીંયાં જ્ઞાયકની વાત ચાલે છે. અહીંયાં શુદ્ધ એટલે પર્યાય રહિતની વાત છે. (પાછો પ્રશ્ન ચાલ્યો), શુદ્ધ અને પર્યાય રહિત પાછું ? કોણ કહે છે પર્યાય સહિત ? પાખંડ છે એમ કીધું. પેલાને એમ થયું કે અરે..! આપણે આ ક્યાં ચડી ગયા. ઊલટું મનાઈ જાય તો ભય થવો જોઈએ. ભય થઈ ગયો. અરે ! આ શું થઈ ગયું ? આપણે તો શુદ્ધ જ્ઞાયક એટલે પર્યાય સહિત માનતા હતા. એ જાતની ચર્ચા ઊપડી હતી.

રાત્રિ ચર્ચામાં પ્રવચનમાં કે આવી કાંઈક ચર્ચા ચાલતી લાગે છે. મુમુક્ષુઓ વચ્ચે આવી ચર્ચા ચાલતી લાગે છે. આ પર્યાય સહિત અને પર્યાય રહિતનો પ્રશ્ન કેમ આવે છે ? એકનો એક પ્રશ્ન ઉલટાવી ઉલટાવીને કેમ આવે છે ?

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી બીજો પ્રશ્ન ફરીને ચાલ્યો. એ હિસાબે (થયું કે) આવી કાંઈક ચર્ચા ચાલતી લાગે છે. તો કહ્યું, હા ચાલે છે અંદરમાં. પર્યાય સહિતનું, પૂર્ણ શુદ્ધ પર્યાય સહિતનું દ્રવ્ય છે પ્રમાણના વિષયભૂત એ આશ્રયનો વિષય છે એ દૃષ્ટિનો વિષય છે એમ ચર્ચા ચાલે છે. (તો કહ્યું), બિલકુલ નહીં. દૃષ્ટિના વિષયમાં પર્યાયનો સમાવેશ નથી. બહુ ચોખ્ખું કર્યું. એ વિષય ત્યારથી વધારે સ્પષ્ટ થયો.

કહેવાનો આપણે તો એ છે કે 'પાખંડ' શબ્દ વાપર્યો. એ અસત્‌ને ઉથાપે છે. પાખંડ છે એટલે અસત્ છે, મિથ્યાત્વ છે એને ઉથાપે છે, એને નીંદે છે તો એ પ્રશસ્ત દ્વેષ છે. લોકો કહે છે ને ? 'સર્વ ધર્મ સહિષ્ણુતા' અને સર્વ ધર્મનો સમન્વય. આ બે પ્રકાર લૌકિકમાં ચાલે છે. અને એ વિષે લોકો સલાહ આપે કે ભાઈ ! બધા ધર્મોને (માનવા). આપણે કોઈને અમાન્ય ન કરવા, બધાને માન્ય કરવા. એવી સહિષ્ણુતા રાખવી અને બને એટલું એની અંદરથી સારું સારું હોય એને ભેગું કરીને એનો સમન્વય કરવો. બહુ સુફિયાણી સલાહ લાગે, મીઠી સારી લાગે લૌકિક દૃષ્ટિએ. બહુ સારી વાત છે. પણ ભાઈ ! એમાં મિથ્યાત્વનું ઝેર પડી જાય છે. એ સારી વાત નથી.

સર્વ ધર્મ સહિષ્ણુતાનો અર્થ તો એ છે કે બીજા ધર્મો પણ જગતમાં રહેશે. અન્ય મતોનો કદી પણ જગતમાં નાશ નહીં થાય એવું જે જ્ઞાન કરવું અને એના નાશનો પ્રયત્ન ખોટો નહીં કરવો કે આ બધાનો નાશ કરી નાખું. સાચા ધર્મની એવી સ્થાપના કરું કે બધા મિથ્યા ધર્મોનો નાશ કરી નાખું. એના માટે હું ઝંડો લગાડું. કહે છે, હારી જઈશ એમાં. બધા ધર્મો જગતમાં, મિથ્યા અભિપ્રાયો અનાદિના છે (અને) અનંતકાળ પર્યંત રહેવાના છે. એવું જે જ્ઞાન તેને સહિષ્ણુપણું કહેવાય. અને સમન્વય કરવાનો તો સાચા ખોટા વચ્ચે પ્રશ્ન જ નથી રહેતો.

સમન્વય તો બે સરખી ચીજમાં ઓછાવત્તાપણું હોય તો સમન્વય થાય. પણ મંદિર અને મસ્જિદનો સમન્વય ન થાય. બે મંદિર હોય એનો સમન્વય થાય. પણ મંદિર અને મસ્જિદનો સમન્વય ન થાય. એમ મિથ્યાત્વ અને સમ્યક્‌નો કોઈ દિવસ સમન્વય ન થાય. એ જાતનો લૌકિક વિચારોની અંદર લૌકિક આદર્શ ગણીને લોકો એ રીતે ચલાવે છે. ગડબડવાળી વાત છે.

પ્રશ્ન :- પ્રમાણથી નિર્ણય નક્કી કરવો જોઈએ.

સમાધાન :– પ્રમાણથી નહીં જે ધ્યેય છે ઇ તો ચોખ્ખો પર્યાયાર્થિકનયનો વિષય છે. પૂર્ણ શુદ્ધ પર્યાય એ ચોખ્ખે ચોખ્ખો પર્યાયાર્થિકનયનો વિષય છે. પણ નય પ્રમાણ સહિત હોય છે. એવી રીતે જે ત્રિકાળી દ્રવ્ય છે એ શ્રદ્ધાનો વિષય છે અથવા શુદ્ધનયનો વિષય છે એ ચોખ્ખો દ્રવ્યાર્થિકનયનો વિષય છે. પણ નય પ્રમાણ સહિત હોય છે. એ વખતે નયજ્ઞાન છે એમાં પ્રમાણ છૂટી જાય છે એવું કદી બનતું નથી. એટલે આખા પદાર્થનું જ્ઞાન હોય છે અને વર્તમાન ઉપયોગનું પ્રયોજન માત્ર એક અંશને વિષય કરવાનું હોય છે એને નયજ્ઞાન કહેવામાં આવે છે. લબ્ધમાં આખું પ્રમાણનું દ્રવ્ય હોય છે.

**'તેમ સાધકને આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે...'** શુભરાગ તને વચ્ચે સાધકદશામાં આવશે, એમ કહે છે. વચ્ચે શુભરાગ આવશે જ નહીં અને સાધકદશા ચાલશે એવું નથી. શુભરાગ વચ્ચે આવશે **'પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે.'** પૂર્ણ શુદ્ધ આત્મા જ સાધ્ય છે. એ પૂર્ણ શુદ્ધ આત્મા એટલે અહીંયાં ત્રિકાળી ન લેવો. પૂર્ણદશા લેવી. કેમકે સાધ્ય છે. સાધક અને સાધ્ય એમ અહીંયાં લેવું છે. શું સાધવું છે ? કે પૂર્ણ શુદ્ધતાને સાધવી છે. અને એનું સાધન સાધકદશામાં ચાલી રહ્યું છે. એને સાધ્ય કહે છે, એને કોઈવાર ધ્યેય પણ કહે છે. ત્રિકાળીને પણ કોઈવાર ધ્યેય કહે છે પણ ત્રિકાળીને સાધ્ય કહેવાતું નથી. પૂર્ણદશાને સાધ્ય પણ કહેવાય છે અને ધ્યેય પણ કહેવાય છે. ત્રિકાળીને ધ્યેય કહેવાય છે પણ સાધ્ય નથી કહેવાતું. કેમ ? કે ત્રિકાળી છે એ તો અનાદિથી છે જ. એને નવું સાધવું નથી. એનો આશ્રય લેવાનો છે અને એ આશ્રય ધ્યાનથી લેવાય છે. અને ધ્યાનનો જે વિષય છે તેને ધ્યેય કહેવાય છે. તેથી ધ્યાન ધ્યાતા ધ્યેયમાં ધ્યેયનું સ્થાન છે એ ત્રિકાળીનું છે. પણ સાધક સાધ્ય છે એ સાધક છે તે અધૂરી દશા છે ને સાધ્ય છે તે પૂર્ણ દશા છે, એમ લેવું. અહીંયાં સાધ્ય શબ્દનો પ્રયોગ લીધો છે.

મુમુક્ષુ :– આમ તો ત્રિકાળના ધ્યેયપૂર્વક જ શુદ્ધતા પ્રગટ થાય છે.

સમાધાન :– હા, ત્રિકાળીનું ધ્યેય ન હોય એને સાધકદશા ન હોય. સાધકદશા ન હોય એને સાધ્યનો પ્રશ્ન ઉઠાવવાની વાત રહેતી નથી. કારણ કે સાધ્ય-સાધકની તો સંધિ છે. જેને સાધ્ય છે એને સાધકપણું છે. જેને સાધકપણું છે એનું કોઈ સાધ્ય છે. બન્ને એકલા નથી હોતા. અપેક્ષિત સાથે ને સાથે જ હોય છે.

**'તેમ સાધકને આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધ આત્મા જ છે.'** એને શુદ્ધતા સાધવી છે. વ્યવહારનો રાગ વચ્ચે આવે છે તો એ સાધવાનો નથી, એ હેય છે. હેયબુદ્ધિએ વ્યવહાર છે. ઉપાદેય તો નિશ્ચય છે. એટલે શુદ્ધિની વૃદ્ધિ કરતો જાય છે, જિનોક્ત વ્યવહાર છે તોપણ એ 'ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં' (છે). મન-વચન-કાયાના યોગે જે કાંઈ સંયમાદિનો વ્યવહાર છે એ ક્ષણ ક્ષણ ઘટતી જાતી સ્થિતિમાં (છે). એ ઘટતો ઘટતો જાય છે એવો ભાવ છે. વધતો જાય છે એવો ભાવ નથી પણ ઘટતો જાય છે એવો ભાવ છે.

**'તેમ સાધકને આ શુભાદિનો વ્યવહાર વચ્ચે આવે પણ સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે. માટે તે વ્યવહારને છોડતો...'** તે વ્યવહારને સાધતો કે તે વ્યવહારને વધારતો કે તે વ્યવહારને દઢ કરતો એમ નહીં. ક્યાંક પાળતો એવો શબ્દ આવે કે વ્યવહારને પાળે છે અથવા વ્યવહારનું પ્રતિપાલન કરે છે એમ શબ્દ આવે. વિશેષણ વાપરે (કે) પ્રતિપાલન કરે છે. તો એનો અર્થ એટલો કે વ્યવહારથી ચ્યુત થઈને અવ્યવહાર દશામાં જતો નથી. વ્યવહાર છોડીને-ભૂમિકાનો વ્યવહાર છોડીને અવ્યવહાર દશામાં જતો નથી. તો પાલન કરે છે, વ્યવહાર પાળે છે એમ કહેવાય છે. પણ ખરેખર તો વ્યવહારને છોડતો અને 'શ્રીમદ્જી'એ તો કહ્યું કે વ્યવહારને છેદતો 'તે શુભાશુભ છેદતા ઊપજે મોક્ષ સ્વભાવ'. 'છેદતા' શબ્દ વાપર્યો છે. 'પાળતા' શબ્દ વાપર્યો નથી, 'છોડતા' શબ્દ વાપર્યો નથી પણ 'છેદતા' શબ્દ વાપર્યો. છેદવું એટલે નાશ કરવો. વ્યવહારનો નાશ કરતો કરતો મોક્ષમાં જાય છે. વ્યવહારને વધારતો વધારતો, પાળતો પાળતો, દઢ કરતો કરતો મોક્ષમાં જાય છે એમ લેતા નથી.

મુમુક્ષુ :- વ્યવહારની મહિમા ઘટાડવા માટે...

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારને વ્યવહારના સ્થાનમાં રાખવા માટે છે. વ્યવહારને વ્યવહારના સ્થાનમાં ન રાખવામાં આવે તો એ નિશ્ચયને સમજ્યો નથી. કોઈ નિશ્ચયના બહાને એમ કરે કે વ્યવહારને વ્યવહારના સ્થાનમાં ન સમજે તો એ ખરેખર નિશ્ચયને સમજ્યો નથી. પણ એ નિશ્ચયના બહાને સ્વચ્છંદને પોષે છે એમ લેવું.

'પરમાગમસાર'માં તો એવો એક બોલ આવે છે. પોતામાં-પોતાના જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો હોવાથી, સાધકદશામાં નિશ્ચય-વ્યવહાર યથાસ્થાનમાં રહે છે એને વિવેક ગણે છે. સમ્યક્ જ્ઞાનમાં વિવેક પ્રગટ્યો છે, મહાવિવેક પ્રગટ્યો છે. પોતાના જ્ઞાનમાં વિવેક

પ્રગટ્યો હોવાથી અરિહંત આદિકને સંભારીને નમસ્કાર કરે છે. ગણધરદેવ પર્યંતના સાધકો પંચ પરમેષ્ઠીને નમસ્કાર કરે છે. એ જ વહાલા સગા છે. લ્યો, ઠીક ! અરિહંત આદિ પંચ પરમેષ્ઠી એ વહાલા સગા છે. સાધર્મી એ વહાલા સગા છે. કુટુંબ પરિવારવાળા વહાલા સગા નથી, એમ કહે છે. અહીં તો એમ કહે કે મારું કુટુંબ પહેલા પછી સાધર્મી. તમે પાછળ રહો પહેલા આમને આવવા દ્યો. નહિ ! વ્હાલા સગા ઇ છે. એમ છે. આ તો 'આનંદઘનજી'એ ગાયું છે. 'સાચું તે સગપણ સાધર્મી તણું, બાકી બધી ઝંઝાળ રે...' દેવચંદજીનું છે કે પછી આનંદઘનજીનું છે. બાકી બધી ઝંઝાળ.. આનંદઘનજીનું.

એ જ વ્હાલા સગા છે. જેમ લગ્નપ્રસંગમાં વ્હાલા સગાને આમંત્રણ આપે છે એમ ધર્મમાં આ દીક્ષા આદિ પ્રસંગો હોય છે, ધર્મનો કોઈપણ પ્રસંગો હોય છે ઇષ્ટો (એ પ્રસંગોમાં) એવા સિદ્ધો, અરિહંતો, જિનબિંબો,.. જિનબિંબો અહીંથી વાત લીધી. જે વાત કહેવી છે એટલે અહીંયાં એ વાત શરૂ કરી. સિદ્ધો, અરિહંતો, જિનબિંબો વગેરેને યાદ કરીને નમસ્કાર કરે છે. ફલાણા તીર્થોમાં વસતા જિનબિંબોને નમસ્કાર, નંદિશ્વર જિનાલયમાં બિરાજમાન જિનબિંબોને નમસ્કાર. આકાશ વિશે, પાતાળ વિશે, તીર્થ વિશે, ફલાણા તીર્થ વિશે, ફલાણા .. વિશે બધાને નમસ્કાર. બધા જિનબિંબોને નમસ્કાર. એમના ઉપકારને ભૂલતા નથી.

કેટલાક જીવો... હવે જે વાત કહેવી છે તે (અહીંયાં આવે છે). કેટલાક જીવો સનાતન દિગંબર પરંપરાના શાસ્ત્રો વાંચીને પણ. બીજાની તો ક્યાં વાત કરવી. સનાતન દિગંબર સંપ્રદાયમાં છે, એના શાસ્ત્રો વાંચે છે. વાંચીને પણ કુદેવ આદિના નામથી ચલાવે છે. આ જે દેવ-દેવલાને ઘુસાડ્યા છે એના ઉપર વાત છે. તેને કદી આત્માનું મહાત્મ્ય તો આવતું જ નથી. જે રાગી દેવને પૂજે છે, માને છે, સ્વીકારે છે એને કદી વીતરાગતાનું માહાત્મ્ય આવતું નથી. એને કદી આત્મા વીતરાગસ્વરૂપ છે એનું મહાત્મ્ય પણ એને કદી આવતું નથી.

પ્રશ્ન :– રાગી દેવોને માને છે કે દેવમાં રાગ કરે છે ?

સમાધાન :– દેવમાં રાગ કરવો ઇ રાગી દેવને માનતો હોય તો જ કરે ને. દેવ પ્રત્યે રાગ ક્યારે કરે ? એને માને તો જ કરે ને.

(એવા જીવોને) શ્રદ્ધા છે કે આ મારા મને કાંઈક સુખ આપશે, અથવા આને

માનવાથી, આને નમવાથી કે આના પ્રત્યે બહુમાન કરવાથી એનો મહિમા કરવાથી મારું કલ્યાણ થશે. એમ એવું અંદર શ્રદ્ધામાં પડ્યું છે ને એટલે એમ કહે છે. કેટલાક જીવો કુદેવાદિના નામથી ચલાવે છે માટે તે અનંત સંસારી છે. શું કીધું ? એ વાંચે છે સત્ શાસ્ત્રોને. દિગંબર શાસ્ત્રોને વાંચે છે અને પાછા ચલાવે છે કુદેવાદિના નામથી. (એ જીવો) અનંત સંસારી છે એમ કીધું. સંપ્રદાયમાં જન્મયા ને ? સાચા દેવ-ગુરુ-શાસ્ત્રને તો માને છે. તો કહે છે, તું સાચાને પણ માને છો અને ખોટાને પણ માને છો (માટે) ખરેખર સાચાને માનતો નથી. તું અનંત સંસારી છો. એનું સાચાનું માનવાનું ઉડાડ્યું. એ તારું ખોટું છે. તું સાચાને માનતો નથી. કદાચ દેખાદેખીથી માનતો હો પણ ખરેખર તું સાચાને માનતો નથી. જો સાચાને માનતો હોય તો તું ખોટાને માન નહીં, આ વાત નક્કી છે. ઇ એનું સાચાને માનવાનું લક્ષણ છે.

તેને આત્માનું બહુમાન તો આવતું જ નથી. નિમિત્તનો વિવેક એ ખરેખર આત્માનો વિવેક છે. શું કહ્યું અહીંયાં ? આ જે વ્યવહારની વાત પૂજ્ય 'બહેનશ્રી'એ અહીંયાં લીધી કે વચ્ચે વ્યવહાર આવે, શુભાદિનો વચ્ચે વ્યવહાર આવે. ન જ આવે એ વાત લીધી નથી. આવશે વચ્ચે વ્યવહાર પણ એમાં વિવેક છે. એ નિમિત્તનો વિવેક તે ખરેખર ત્યાં આત્માનો વિવેક છે. એટલે એણે ભેદ શું પાડ્યો ? કે આ દેવ-ગુરુ-શાસ્ત્ર સાચા છે, આ દેવ-ગુરુ-શાસ્ત્ર ખોટા છે. આ જ્ઞાની સાચા છે, બાકી જ્ઞાની નથી. ભલે જ્ઞાની તરીકે કહેવાતા હોય. એવો જે ભેદ છાંટે છે, સાચા ખોટાને ઓળખે છે એનું નામ એણે વિવેક કર્યો. એણે એ નિમિત્તનો વિવેક નથી કર્યો ખરેખર એણે આત્માનો વિવેક કર્યો છે, સ્વભાવનો વિવેક કર્યો છે, સત્યનો વિવેક કર્યો છે. અસત્ય અને સત્ય વચ્ચે જુદાંપણું પાડીને એણે સત્યનો વિવેક કર્યો છે. એ ખરેખર આત્માનો વિવેક છે. જુઓ ! આ વ્યવહાર પાછળ નિશ્ચય શું છુપાયેલો છે ! કે આ વ્યવહાર પાછળ આમ નિશ્ચય છે. નિમિત્તનો વિવેક તે ખરેખર આત્માનો વિવેક છે. ઉલટાવીને લઈએ તો આમ છે કે જેને નિમિત્તના વિવેકના ઠેકાણા નથી એને નિશ્ચયનો વિવેક હોય એ વાત વિચારવાનો પ્રશ્ન રહેતો નથી. એમ છે.

દેવ-ગુરુ-શાસ્ત્ર, જિનબિંબ, સર્વજ્ઞ પ્રતિમા આ બધા નિમિત્ત છે, જ્ઞાની વગેરે. એનો જેને વિવેક નથી, એને કદી બીજો વિવેક હોય, નિશ્ચયનો એને વિવેક હોય એ પ્રશ્ન રહેતો નથી.

સ્વરૂપ દૃષ્ટિ જેને થઈ છે તેને નિમિત્તનો વિનય આવ્યા વિના રહેતો નથી. વચ્ચે વ્યવહાર આવે એમ જે કહે છે એ વાત અહીંયાં આવે છે કે સ્વરૂપ દૃષ્ટિ જેને થઈ છે, નિશ્ચય જેને પ્રગટ્યો છે એને સાચા નિમિત્તના બહુમાનનો વિનય વચ્ચે આવ્યા વિના રહેતો નથી. છે એ શુભરાગ. ઉપાદેય નથી, હેયબુદ્ધિએ આવે છે તોપણ આવ્યા વિના રહેતો નથી. આવે અને ઉપાદેય બુદ્ધિએ આવે તો બરાબર નથી, ખોટું છે. અને ન જ આવે તોપણ ખોટું છે. આવે અને હેયબુદ્ધિએ આવે, આમ વાત છે. એટલે તો ઘડ નથી બેસતી સામાન્ય માણસોને. આ શું બન્ને બાજુથી ધક્કો મારે છે ? આવે તો કે કેમ ઉપાદેય કરો છો ? ન આવે તો કે કેમ તમને ભાવ આવ્યો નહીં ? બન્ને બાજુથી મારો છો. ભાઈ ! બન્ને બાજુથી વાત છે. એક બાજુથી વાત નથી પણ બન્ને બાજુથી વાત છે અને એ જ યથાર્થ છે.

મુમુક્ષુ :- પરિણામમાં આ રીતે જ હોય.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ હોય. બીજી રીતે હોય જ નહીં. ઉપર જાવું હોય એ પગથિયા ચડે. પગથિયા ચડે એ પગથિયા ઉપર પગ મૂકે એમ નહીં, પગ ઉપાડવા ખાતર મૂકે. મૂકવા ખાતર મૂકે નહીં પણ ઉપાડવા ખાતર મૂકે તો ઉપર જાય. નહીંતર ઉપર જાય નહીં. એમ મૂકવો ને ઉપાડવો બન્ને વાત એકસાથે ખ્યાલમાં છે. મૂકવો એવું એકલું નથી, ઉપાડવો એવું પણ એકલું નથી. બન્ને સાથે જ છે.

મુમુક્ષુ :– ચડે છે ત્યારે બન્ને સાથે જ લક્ષમાં હોય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમ જ હોય પણ. તો જ ઉપર જવાય નહીંતર કાં તો ઉપર પગ મૂકે ને રોકાઈ જાય. અને એકલા બન્ને પગ ઉપાડે તો પડે હેઠો. એ તો વારાફરતી પગ ઉપાડે. મૂકે ઉપાડે, મૂકે ઉપાડે ને ઉપર જાય. ઉપર જવાનો માર્ગ જ એમ છે. બીજી રીતે માર્ગ છે નહીં.

**'સ્વરૂપ દૃષ્ટિ જેને થઈ છે...'** ૮૨૭ મો બોલ છે. **'સ્વરૂપદૃષ્ટિ જેને થઈ છે તેને નિમિત્તનો વિનય આવ્યા વિના રહેતો નથી. લોકો નિશ્ચયના બહાને ભૂલ્યા છે.'** નિશ્ચયના બહાને જે ભૂલ્યા છે તે સ્વચ્છંદમાં આવે છે. વ્યવહારના બહાને ભૂલ્યા છે તે એટલા સ્વચ્છંદમાં આવતા નથી, એ Mild સ્વચ્છંદ છે. આ તીવ્ર સ્વચ્છંદ થયા વિના રહેતો નથી. **'અને વ્યવહારને સમજતા નથી.'** નિશ્ચયના બહાને ભૂલ્યા છે. વ્યવહારને વ્યવહારના સ્થાનમાં તે સમજતા નથી. તેથી તે નિશ્ચય ને વ્યવહાર

બન્નેને ભૂલ્યા છે. બન્ને વિષયમાં એની ભૂલ થઈ છે. એકેય વિષય સાચો નથી.

કોઈ એમ તર્ક કરે છે અથવા દલીલ કરે છે કે એ તો વ્યવહારની ભૂલ છે, વ્યવહારમાં ભૂલ હોય. નિશ્ચય તો બરાબર છે ને. ખોટી વાત છે. વ્યવહારમાં ભૂલ્યો એ નિશ્ચયમાં અવશ્ય અવશ્ય ભૂલેલો છે. વિચાર કરવાની જરૂર રહેતી નથી.

મુમુક્ષુ :- બેમાંથી ગમે તે એકમાં ભૂલે એ ભૂલે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભૂલે જ છે. આમાં તો ન ભૂલે એટલે ક્યાંય ન ભૂલે અને એક ઠેકાણે ભૂલે એટલે બધે ભૂલ્યો છે. સીધી વાત છે.

એવી ચર્ચા ચાલે છે કે ૯૯ સાચું છે એક Point માં ભૂલ છે તો ૯૯ માર્ક તો એને આપો. સો વાત કરે છે એમાં એકમાં ભૂલ છે, કબૂલ. ચાલો ભૂલ છે એકમાં. પણ ૯૯ સાચી છે એને ૯૯ માર્ક તો આપો. તો કહે છે, એને બાકીના ૯૯ ઉપર ચોકડી મૂકવામાં આવે. આ વિષય એવો છે. કેટલો મેળ ખાય છે એ જોવાનો વિષય નથી. ક્યાં મેળ ખાતો નથી એ તપાસવાનો વિષય છે. અને જો ક્યાંય મેળ ન ખાતો હોય એવું એકપણ પ્રયોજનભૂત topic મળે એટલે બાકીની બધી ગડબડ છે.

મુમુક્ષુ :– ૯૯ ટકા સાચા હોય પણ પૂર્ણતાનું જે ધ્યેય છે તે પૂર્ણ થતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– આવે જ નહીં, પણ એને લક્ષ હોય જ નહીં. એ લક્ષમાં જ્યાં ભૂલ થઈ ત્યાં એને લક્ષ હોય નહીં. હોય જ નહીં. યથાર્થ લક્ષમાં તો ત્રણે સાથે હોય. ઇ જે ૩૧૨ છે એમાં યથાર્થ લક્ષ લીધું છે. એમાં તો ત્રણે વાત સાથે હોય. એકેય વાત ન હોય એવું ન બને. ત્રણે ત્રણ બરાબર હોય. વર્તમાન, ભવિષ્યનું પૂર્ણ અને વર્તમાન ત્રિકાળી. વર્તમાન વર્તતા અને ત્રિકાળી વચ્ચે સંધિ છે, પહોંચવું છે પૂર્ણતાએ. એ સાથે સાથે હોવું જોઈએ. નહીંતર પૂર્ણતા આવે જ નહીં. પૂર્ણતાએ પહોંચાય ક્યારે ? કે એ ધ્યેય બાંધ્યું છે ત્યારે.

અહીંયાં પણ માણસ ચાલે છે તો ગમે એટલા વળાંક આવે પણ એણે જે નક્કી કર્યું હોય એ બાજુના બધા વળાંક એ વળશે. ચાર રસ્તા ભેગા થાય, પાંચ રસ્તા ભેગા થાય, ત્રણ રસ્તા ભેગા થાય કે છ-સાત રસ્તા ભેગા થાય. ક્યાં વળશે ? જ્યાં એણે પહોંચવાનું નક્કી કર્યું છે એ બાજુ પગ વળશે. વર્તમાન એ વખતે એને ઉપયોગ ભલે એ બાજુ વળવા માટેનો, પગ ઉપાડવાનો હોય કે Stearing ફેરવવાનો હોય કે આ બાજુ ફેરવું. પણ એને લક્ષમાં ધ્યેય છે કે ફલાણે પહોંચવું છે માટે આ

બાજુ વળું છું. એમ છે.

એમ હંમેશા જે ચાલ છે એ ધ્યેયના લક્ષે હોય. અને બે ધ્યેય છે. કાં તો જીવ મોક્ષાર્થી છે-મોક્ષના ધ્યેયવાળો છે. એટલે ('સમયસાર'ની) ૧૭મી ગાથામાં શબ્દ 'મોક્ષાર્થી' વાપર્યો છે. 'આત્માર્થી' શબ્દ નથી વાપર્યો. આપણે આમાં પહેલું પ્રકરણ મોક્ષાર્થીનું લીધું. મોક્ષાર્થીનું સ્વરૂપ. આત્માર્થીનું સ્વરૂપ નહીં પણ (મોક્ષાર્થીનું સ્વરૂપ). મોક્ષાર્થી છે એ જ સાચો આત્માર્થી છે. પણ મોક્ષાર્થી કહેવા પાછળ હેતુ છે કે એને મોક્ષનું ધ્યેય છે, એને મોક્ષનું ધ્યેય છે. આત્માર્થીને આત્માનો આશ્રય કરવાનો પ્રયત્ન છે, હેતુ છે, પ્રયોજન છે. આત્માર્થીને ત્રિકાળી આત્માનો આશ્રય કરવાનું પ્રયોજન છે. એ જ આત્માર્થીને મોક્ષમાં પહોંચવાનું પ્રયોજન છે માટે એને મોક્ષાર્થી કહીએ. એમ બન્ને પ્રયોજન એક સાથે જ હોય. એક હોય ને બીજું ન હોય એવું કદી બને નહીં. પણ મોક્ષાર્થી કહેતાં એ વાત સ્પષ્ટ કરવી છે. એટલે સત્તર-અઢાર ગાથામાં પણ 'મોક્ષાર્થી' શબ્દ વાપર્યો છે. મોક્ષાર્થી આમ કરશે. ભેદજ્ઞાન કોણ કરશે ? કે મોક્ષાર્થી કરશે. શ્રદ્ધા કોણ કરશે ? જ્ઞાન કોણ કરશે ? સ્વરૂપમાં સ્થિરતા કોણ કરશે ? કે મોક્ષાર્થી કરશે.

એટલે વર્તમાન પરિણામની ચાલ ધ્યેય વિના હોતી નથી. કાં તો ધ્યેય સંસારાર્થીપણે સંસારનું ધ્યેય છે અને કાં તો જીવને મોક્ષનું ધ્યેય છે. કાં સંસારાર્થી છે ને કાં મોક્ષાર્થી છે. ત્રીજું ધ્યેય કોઈ જીવને હોતું નથી. કોઈ એમ કહે કે ના, અમારે મોક્ષનું ધ્યેય નથી ને સંસારનું ધ્યેય (પણ) નથી. ખોટી વાત છે. સંસારનું ધ્યેય અનાદિથી છે. તેથી સંસારમાં પદાર્થોની પાછળ જીવની દોડ રહે છે. એ સંસારાર્થીપણું છે. અને જ્યારે એ જીવ પોતાની ચાલ બદલે છે-દિશા બદલે છે ત્યારે એને મોક્ષાર્થી થઈને મોક્ષનું ધ્યેય શરૂ થાય છે.

એવા મોક્ષાર્થી જીવને, સાધકજીવને વચ્ચે શુભાદિનો વ્યવહાર આવે તોપણ '**સાધ્ય તો પૂર્ણ શુદ્ધાત્મા જ છે. માટે તે વ્યવહારને છોડતો પૂર્ણ શુદ્ધાત્મસ્વરૂપમાં જ પહોંચી જાય છે.**' ત્યાં પહોંચે છે. જે ધ્યેય છે ત્યાં સુધી એ પહોંચે છે. ત્યાં સુધી એટલે પૂર્ણ શુદ્ધતા સિદ્ધદશા સુધી એ પહોંચ્યા વિના રહેશે નહીં. વ્યવહારને છોડી દેશે અને શુદ્ધતાને વધારતો વધારતો પૂર્ણ શુદ્ધ આત્મસ્વરૂપમાં લીન થઈને પૂર્ણ શુદ્ધ સ્વરૂપમાં બિરાજમાન રહેશે. એ સિદ્ધદશા છે.

એ રીતે જ્ઞાનીની દશામાં ધ્યેય શું છે ? વ્યવહાર શું છે ? નિશ્ચય શું છે ? એ બધો વિષય એક બોલની અંદર સ્પષ્ટ થાય છે.

**અરે જીવ ! અનંત અનંત કાળ વીત્યો. તેં પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી; અંદરમાં શુભાશુભ વિકલ્પો કરીને જન્મ-મરણ કર્યાં. હવે અનંત ગુણનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી, પ્રયાણ કર; તેનું જ શ્રદ્ધાન, તેની અનુભૂતિ, તેમાં જ વિશ્રામ કર. ૨૪૦.**

૨૪૦. '**અરે જીવ ! અનંત અનંત કાળ વીત્યો. તેં પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી;...**' શું ? આ આખો દિવસ, ચોવીસ કલાક પર પદાર્થ સંબંધિત, પર પદાર્થ સંબંધિત જે કોઈ ક્રિયાઓ ચાલે છે, સવારમાં ઊઠીને શરીરની પળોજણથી માંડીને, ન્હાવું, ધોવું ત્યારથી માંડીને જેટલો કોઈ પર પદાર્થ આશ્રિત વ્યવહાર અથવા મન-વચન-કાયાના યોગે પરિણામની ક્રિયા ચાલે છે (કે) આમ કરું, આમ કરું પછી આમ કરું, પછી આમ કરું એને એમ કહે છે કે અનંત અનંત કાળ વીત્યો. પર પદાર્થનું કોઈ કાર્ય અને કોઈ કાર્યમાં કાંઈ પણ અંશે તેં કોઈ દિવસ કાંઈ કર્યું જ નથી. કરી શકતો નહીં હોવાને લીધે. કોઈ જીવ કોઈ પર પદાર્થનું કાર્ય નહીં કરી શકતો હોવાને લીધે એણે કાંઈ કર્યું જ નથી. માને એટલે કર્યું છે, એક જણ માને કે અનંત મિથ્યાદૃષ્ટિઓ માને એટલે કાંઈ કર્યું છે એવું નથી. જે વસ્તુનું સ્વરૂપ છે એનું ઉલ્લંઘન કોઈ કરી શકતું નથી. ઇન્દ્ર, નરેન્દ્ર, જિનેન્દ્ર કોઈ કરી શકતું નથી.

જો જીવનું પોતાનું પર પદાર્થમાં કાર્ય કરવાનું ચાલતું હોય તો કોઈ કોઈને રસ્તા ઉપર ચાલવા ન દે અને ઊભો રહેવા પણ ન દે. એવી એક જીવની વિચિત્રતા છે કે, એને એમ થાય કે હું આમ કરું ને આમ કરું ને આમ કરું. પણ ભાઈ ! તારું ચાલે કેટલું એનો વિચાર કર.

જે કાળે જે પર પરમાણુ પરિણમવાના, જે બીજા જીવો પરિણમવાના, જેની જે અવસ્થા થવાની તે થવાની, થવાની ને થવાની. એમાં કોઈ કોઈનું એક અંશમાત્ર

પણ બીજા પદાર્થનું કાર્ય કરે છે, કોઈનું પણ કાર્ય કરે છે, જીવનું કે અજીવનું, એ કોઈના માટે સંભવિત નથી. કાંઈ કર્યું જ નથી. તો એણે શું કર્યું ? કે બે પ્રકારના ભાવ કર્યા. અંદરમાં શુભ અને અશુભ વિકલ્પો કર્યા. એના ફળમાં જન્મ-મરણ કર્યા. ચાર ગતિના પરિભ્રમણમાં જન્મ-મરણ કરીને રખડ્યો, દુઃખી થયો. કેટલો દુઃખી થયો ? કે પાર વિનાનો દુઃખી થયો. ભૂલી ગયો છે, સહનશક્તિ બહુ મોટી છે. શાશ્વત પદાર્થ છે એટલે એની સહનશક્તિ પણ (મોટી છે). નાશ થાય એવો હોય તો એની સહનશક્તિ એટલી ન હોય પણ ત્રિકાળી પદાર્થ છે એટલે એની સહનશક્તિ બહુ મોટી છે. કેવા કેવા દુઃખ વેઠ્યા, પડ્યા, કેવા દુઃખ ભોગવ્યા એને યાદ નથી. યાદ નથી એટલે નહોતા એમ કહી શકાય નહીં. બધા દુઃખમાંથી પસાર થયો છે એની વાસ્તવિકતાને છેવટ સ્મરણમાં લાવે. ભલે એ દુઃખ અત્યારે ન આવી શકે પણ એની વાસ્તવિકતા સમજણમાં લાવે તો એને અત્યાર સુધીમાં જેના કારણે એવા દુઃખ ભોગવ્યા એવા પરિણામ ન કરવા માટેનો એનો પુરુષાર્થ ઊપડશે. એ એટલા માટે (વાત છે). ડરાવવા માટે વાત નથી.

કોઈ એમ કહે કે નરકના ને નિગોદના ભવનો ભય બતાવો છો. (પરંતુ) એમ નથી. એક વાસ્તવિકતા છે અને એની સમજણ કરાવીને તારો પુરુષાર્થ ઉપાડવો છે. તારો પુરુષાર્થ ઊપડતો નથી એનું પણ કોઈ કારણ છે. એનું કારણ એ છે કે જે દુઃખનું કારણ છે એને સુખનું કારણ માનીને તું સેવે છો. એટલે પુરુષાર્થ તારો એ બાજુનો ઊપડે છે. એ બાજુનો ઊપડતો પુરુષાર્થ એથી વિરુદ્ધ દશામાં કેવી રીતે ઊપડશે ? કે કોઈ રીતે ઊપડશે નહીં.

**'અંદરમાં શુભાશુભ વિકલ્પો...'** કર્યા છે. બસ ! તારી કાર્યક્ષેત્રની આ મર્યાદા છે. વિભાવ તારા પરિણામરૂપી કાર્યમાં થાય. એ વિભાવમાં કષાય તીવ્ર થાય ત્યારે તેને અશુભ કહીએ. એ જ પરિણામમાં કષાય મંદ થાય ત્યારે એને શુભ કહીએ. એવા શુભાશુભ વિકલ્પો કર્યા છે. એના ફળમાં જન્મ-મરણ કર્યા. હવે ગુલાંટ માર, એમ કહે છે. મૂળ તો એમ વાત કરીને જે એને માર્ગમાં, સન્માર્ગ ઉપર જીવને લાવવો છે એની પ્રેરણા આપી છે આ બોલની અંદર. આ બધું કર્યું છે એમાં એકલા દુઃખ ભોગવ્યા છે, હવે સુખના રસ્તે આવવા માટે તને વાત કરીએ છીએ કે હવે તું સુખના રસ્તે આવ, દુઃખનો રસ્તો તું છોડી દે. એ વિષય લેવો છે. અહીં સુધી રાખીએ.

## તા. ૮-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૪૦,૨૪૧
## પ્રવચન નં. ૧૯૨

'બહેનશ્રીનાં વચનામૃત'. ૨૪૦ બોલ ચાલે છે. પાનું ૮૩. શરૂઆત ફરીથી લઈએ. **'અરે જીવ ! અનંત અનંત કાળ વીત્યો. તેં પરનું તો કોઈ દિવસ કંઈ કર્યું જ નથી;...'** ભૂતકાળનો વિષય છે, જીવનો ઇતિહાસ છે. ભૂતકાળમાં અનંતકાળ વીત્યો છે, તે અનંત કાળની અંદર પર પદાર્થના કાર્ય કરવાના અભિપ્રાયથી, માન્યતાથી તેં ફક્ત શુભાશુભ પરિણામ કર્યા છે. પરંતુ પર પદાર્થનું કાંઈ જ કાર્ય કર્યું નથી. કેમકે પર પદાર્થનું કોઈ કાર્ય કરી શકાતું નથી. વાત સીધી સાદી હોવા છતાં જીવને પર પદાર્થના કાર્ય કરવાનો રાગ છે, કર્તૃત્વનું–મિથ્યાત્વનું જોર છે એ જોર તૂટી જાય એવી વાત છે.

જો આ જીવ પર પદાર્થનું કાંઈ પણ કાર્ય કરી શકતો ન હોય એવું એને ખરેખર સમજાય, ખરેખર સમજાય એટલે જ્ઞાનમાં એવો વસ્તુનો-પદાર્થના સ્વરૂપનો ભાવ ભાસે તો જ્યારે એને પર પદાર્થના કાર્ય કરવાનો રાગ અથવા વિકલ્પ ઊઠે ત્યારે એ જ્ઞાન પણ સાથે સાથે કામ કરે. કેવી રીતે આ વાત પ્રયોગમાં લાગુ પડે છે. પ્રયોગપદ્ધતિથી લઈએ તો. જો એ વાતમાં વિશ્વાસ છે, પ્રતીતિ છે, બરાબર એમ સમજાયું છે કે પર પદાર્થનું કાર્ય હું કરી શકતો નથી. તો જ્યારે જ્યારે પોતાને પર પદાર્થના કાર્ય કરવાનો રાગ નામ વિકલ્પ ઊઠે ત્યારે સાથે સાથે જ્ઞાન પણ પ્રવર્તે કે આ વિકલ્પ ઊઠ્યો છે પરંતુ વિકલ્પ અનુસાર કાર્ય હું કરી શકું નહીં. વિકલ્પ ઊઠ્યો છે એ વ્યર્થ ઊઠ્યો છે. કેમકે વિકલ્પ છે એ પ્રમાણે તદ્‌અનુસાર વસ્તુની સ્થિતિ જ નથી, વસ્તુનું સ્વરૂપ જ નથી. એટલે એવો વિકલ્પ પહેલા જે જોરથી આવતો હતો કે કેમ આ કામ ન થાય, આ કામ થવું જ જોઈએ, કેમ ન થાય. કરવું જ જોઈએ, કેમ ન કરી શકાય ? એ કર્તૃત્વનો આગ્રહ, કર્તૃત્વનો રસ અથવા મિથ્યાત્વનો રસ એના ઉપર સમજણવાળું જ્ઞાન છે એ પહેલો ઘા કરે છે.

જ્યારે સ્વાનુભવ થશે ત્યારે કર્તૃત્વ તૂટશે, જ્યારે સ્વાનુભવ થશે ત્યારે મિથ્યાત્વ

મટશે ત્યાં સુધી કર્તાપણું અથવા મિથ્યાત્વ બન્ને એક જ (છે), એનો નાશ નહીં થાય. પણ એ નાશ થવા પહેલા એનો રસ અને એનું જોર તૂટે છે અને એ રસ અને જોર તૂટવાનું સાધન અથવા કારણ માત્ર સમજણ છે-યથાર્થ સમજણ છે, સાચી સમજણ છે.

જીવ પર પદાર્થનું કાર્ય કરી શકતો નથી એ વાત સમજવી એટલી અઘરી નથી. પૂજ્ય 'ગુરુદેવે' એટલા એટલા પડખેથી ઘૂંટી ઘૂંટીને એ વાત ઘૂંટાવી પણ છે. એટલે આપણા મુમુક્ષુ સમાજને બુદ્ધિગોચર થવામાં બહુ તકલીફ પડે એવું નથી કે, બરાબર છે. ચેતન પદાર્થ અચેતન પદાર્થના કાર્યો ન કરી શકે, અચેતન પદાર્થ ચેતન પદાર્થના કાર્યો ન કરી શકે. બન્નેની સત્તા અથવા અસ્તિત્વ સ્વતંત્ર છે, તદ્દન ભિન્ન છે અને કોઈનું કાર્ય કરવા કોઈ સમર્થ નથી. એવી અરસપરસમાં શક્તિ પણ નથી કે પરસ્પર એકબીજાનું કાર્ય કરી શકે. ન્યાયથી, લોજીકથી, આગમથી, વસ્તુના સ્વરૂપના વિજ્ઞાનથી એ બધું સિદ્ધ કરીને સમજાવ્યું છે.

હવે એની યથાર્થતા ક્યારે ? કે જ્યારે એ સમજણને પોતાના વિકલ્પકાળમાં લાગુ કરે અને એ લાગુ કરતાં એના વિકલ્પનું જોર તૂટે, એના કર્તૃત્વના રસ ઉપર પ્રહાર થાય, ત્યારે એ જ્ઞાન અથવા સમજણ યથાર્થપણે કાર્ય કરી રહ્યું છે એમ એને કહી શકાય કે આમાં યથાર્થતા છે. નહીંતર સમજાયું હોવા છતાં એ સમજણનો જો ઉપયોગ ન હોય, પોતાના પરિણમનમાં કહો કે પોતાના જીવનમાં કહો, જો એનો ઉપયોગ ન હોય તો સમજાયું છે એ વ્યર્થ સમજાયું છે અથવા અયથાર્થપણે સમજાયું છે અથવા કર્તૃત્વની જે ભ્રાંતિ છે એ ભ્રાંતિને તોડવાનો જે વિષય છે–સમજણ છે એને જેટલું પહેલા છેટું હતું આ વાત સમજાય પહેલા એટલું જ છેટું રહ્યું છે. એટલે ભ્રાંતિ એમ ને એમ અકબંધ રહી છે અને આ સમજણ ક્યાંક અદ્ધર ચાલે છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– એ વખતે સમજણ કેમ લાગુ નથી કરતા ? આ વિકલ્પ થાય છે, મંદિર જવાનો શુભ વિકલ્પ થાય છે એટલી જ મારા કાર્યની મર્યાદા છે. શરીરના કાર્યની મર્યાદા, શરીરના એક પરમાણુના પરિણમનરૂપ કાર્યની મર્યાદા મારે આધિન નથી. આ પ્રશ્ન-ઉત્તરમાં ભાષા નીકળે છે-ભાષાની ઉત્પત્તિ થાય છે. જ્ઞાનનો એ અધિકાર નથી કે એ ભાષાને ઉત્પન્ન કરે. જડ જે ભાષાના રજકણો છે, ભાષા

વર્ગણાના પરમાણુઓ વાતાવરણમાં છે એ સ્વયં પરિણમે છે. આ જીવના જ્ઞાનનો એ અધિકાર નથી કે એને ઉત્પન્ન કરે. એ સ્વયં થાય છે, જ્ઞાન જ્ઞાનમાં સ્વયં થાય છે, રાગ રાગમાં સ્વયં થાય છે, ભાષા ભાષામાં સ્વયં થાય છે. એટલે મેં આમ કીધું એ વાત ગઈ. મેં કહ્યું, આમ હું બોલું છું, હું આમ કહું છું, હું આમ કહું છું, આ વક્તાઓ ઘણીવાર જોશમાં આવી જાય છે. હું આમ કહું છું, હું આમ કહું છું, હું આમ કહું છું બોલવા લાગે છે. અહીં તો વાત જ બીજી રીતે છે કે, તું કહી શકતો નથી. તું કહી શકતો નથી એટલું જ નહીં પણ તને કહેવા પાછળ જે બીજાને સમજાવવાનો વિકલ્પ છે એ તું બીજાને સમજાવી પણ શકતો નથી. એની સમજણ એની યોગ્યતા અનુસાર સ્વતંત્ર ઊપજે છે.

એક સભામાં બેઠેલા બધા સરખું સમજે છે ? 'ગુરુદેવ' પ્રવચન કરતા. સભામાં જ્ઞાની અને અજ્ઞાની બન્ને સાંભળનારા હોય. તો એ જે ભાષામાં પાછળ રહેલો જે ભાવ અથવા ભાષાનું જે વાચ્ય એ વાચ્યને જે જ્ઞાની પકડે એ અજ્ઞાની ન પકડી શકે. જો એ ભાષા સમજાવી શકે અથવા 'ગુરુદેવ'નો વિકલ્પ સમજાવી શકે તો બન્નેને સરખું સમજાય. પણ 'ગુરુદેવ'નો વિકલ્પ 'ગુરુદેવ'માં, ભાષાના પરમાણુનું પરિણમન ભાષામાં, સમજનારની સમજણ એની પર્યાયમાં. બધા જ સ્વતંત્રપણે પોતપોતાના સ્વકાળની યોગ્યતા અનુસાર પરિણમે. એમાં કોઈ કોઈનું કર્તાહર્તા થાય એ વસ્તુની સ્થિતિ નથી.

જો સમજણવાળું જ્ઞાન સાથે ને સાથે કામ કરે અને વિકલ્પને ટપારે, ટોકે કે તું વ્યર્થ ઉત્પન્ન થાય છે, ક્યાં કરી શકે છો કાર્ય ? વિકલ્પ તો એમ કહે છે કે હું ચાલીને જાવ મંદિર, હું બોલું, હું ફલાણું કરું, હું આ કાર્ય કરું, હું કાર્ય કરું. બધી વખતે જ્ઞાન સવાર થાય છે એના ઉપર. કાંઈ કરી શકતો નથી. મફતનો ઉત્પન્ન થયો, કાંઈ કરી શકતો નથી. મફતનો ઉત્પન્ન થયો, કાંઈ કરી શકતો નથી. એને નબળો પાડવાનું કામ-રાગને નબળો પાડવાનું કામ જ્ઞાન સતત કર્યા જ કરતું હોય તો રાગની શું મજાલ છે ? ક્યાં સુધી ટકે ? એ તો બિચારો નબળો પડતો પડતો ખતમ થવા માટે જ પરિણમી રહ્યો છે. જો જ્ઞાન એના ઉપર પ્રહાર કર્યા જ કરે તો એ રાગનું જોર છે એ ક્રમશઃ નબળું પડતું જાય. અથવા જોર કહો કે એનો રસ છે એ તૂટતો જાય.

જીવના પરિણમનના વિજ્ઞાનને વિચારીએ તો રાગરસ છે એ જ્ઞાનને મલિન કરનારો

ભાવ છે. જ્ઞાનમાં પોતાનું જ સ્વરૂપ અને પોતાનો જ સ્વભાવ જેવો છે એવો કેમ પ્રતિભાસતો નથી ? અને કેમ એનો મહિમા યથાર્થ રીતે ઊપજતો નથી ? અપૂર્વ મહિમાથી પરિણમન થઈને શુદ્ધ દશાઓની નિર્મળ પરિણમનની ધારા ઉત્પન્ન થવી જોઈએ. એ સ્વભાવના પ્રતિભાસમાં રાગરસ જ જ્ઞાનદર્પણને મલિન કરનારો ભાવ છે. એ રસ તોડવાનું કામ આ કરે છે-સમજણ કરે છે કે તું કાંઈ કરી શકતો નથી. જગતના કોઈપણ કાર્ય તું કરી શકતો નથી. તારા શરીરથી માંડીને સંયોગોના જેટલા જેટલા કાર્ય કરવાના વિકલ્પ ઉત્પન્ન થાય છે તે આત્મા કરી શકતો નથી. આત્મા એટલે પોતે કરી શકતો નથી.

આ વાત સતત એના જ્ઞાનમાં જળવાયેલી રહે અને વસ્તુના સ્વરૂપજ્ઞાનને વિશે પોતે જાગ્રત રહે એટલે કે એના ભાનમાં રહે તો એનો રાગરસ તૂટ્યા વિના નહીં રહે. જો રાગરસ તૂટે તો એનું જ્ઞાન નિર્મળ થયા વિના રહે નહીં. આ સીધી વાત છે. કાલે વાંચ્યું હતું પણ આ ન્યાય નહોતો આવ્યો. પાછળથી વિકલ્પ આવ્યો હતો. તેં કાંઈ કર્યું નથી. પર પદાર્થનું તેં કાંઈ કર્યું નથી. અનંતકાળમાં ફક્ત અંદરમાં શુભાશુભ વિકલ્પ જ તને થયા છે. તારી પર્યાયનું કાર્ય અથવા કાર્યક્ષેત્રની મર્યાદા એટલી જ છે કે બહુ બહુ તો તું શુભાશુભ વિકલ્પ કર, પણ વિકલ્પ અનુસાર પર પદાર્થના કાર્ય પણ કર એ વાત વસ્તુના સ્વરૂપમાં નથી.

એક જ કાર્ય હોય. આ કામ પેલા કહે કે કરવું છે ને બીજા કહે કે નથી કરવું. કરનારના વિકલ્પથી થાય નહીં ને ન કરનારના વિકલ્પથી ન થાય એવું બને નહીં. આ વસ્તુસ્થિતિ છે. વસ્તુસ્થિતિ શું છે ? કરનારનો વિકલ્પ એને કરી શકે નહીં. નહીં કરનારનો વિકલ્પ થતું હોય, થવા કાળ હોય તો એને રોકી શકે નહીં. કેમકે પરમાણુએ પરમાણુ, જીવે જીવ સ્વતંત્ર પરિણમે છે. કોઈ કાળમાં કોઈ એક સમયના એક પરિણમનને પણ ફેરવવા કોઈ સમર્થ નથી તો અનંત પરિણમન તો એની પાછળ છે. એક કાર્ય થાય એની પાછળ એનું થવારૂપ અનંત પરિણમન છે અને ન થાય તો નહીં થવારૂપ અનંત પરિણમન છે. એને કોણ ફેરવી શકે ? એને કોણ કરી શકે ? એ વસ્તુની મર્યાદામાં જ નથી. આખું કર્તૃત્વનું જોર છૂટી જાય એવો વિષય છે.

આ અધિકાર ઉપર તો 'ગુરુદેવશ્રી' બહુ દૃષ્ટાંતો આપતા. એટલા બધા દૃષ્ટાંતો આપતા કે આત્મા આંગળી ચલાવી શકતો નથી, આત્મા પાંપણ ફેરવી શકતો નથી.

હાથમાં રૂમાલ હોય તો આ રૂમાલને ઊંચો કર્યો, આ લાકડી મેં પકડી. કાંઈ નહીં. એકેક દૃષ્ટાંત લેતા. આત્મા શરીરને હલાવી ચલાવી શકતો નથી. કાંઈ કોઈ એકપણ કાર્ય આત્મા પર પદાર્થનું કરી શકે એ વસ્તુની મર્યાદામાં નથી. એનો જેટલો વિકલ્પ થાય અને એ અનુસાર કાર્ય થાય તોપણ એ વિકલ્પથી કાર્ય થયું નથી. કેમકે વિકલ્પ કરી શકતો નથી. એનું કાર્યક્ષેત્ર વિકલ્પ થાય ત્યાં સમાપ્ત થઈ જાય છે-પૂરું થઈ જાય છે. પછી આગળ લંબાઈને પર પદાર્થની પર્યાય સુધી કોઈનો રાગ અને વિકલ્પ પહોંચે એ વસ્તુ અશક્ય અને અસંભવિત છે.

એમ હોવા છતાં કોઈ માને કે મેં કર્યું તો એના ફળમાં પરિભ્રમણ ઉત્પન્ન થાય છે. માન્યતાથી થઈ શકતું નથી, પણ એ માન્યતા જીવના પરિભ્રમણનું નિમિત્ત થાય છે, પરિભ્રમણનું કારણ થાય છે, બીજું કાંઈ નથી. એટલે શુભાશુભ વિકલ્પો માન્યતા સહિત કર્યા. માન્યતા સહિત શુભાશુભ વિકલ્પો કરીને જન્મ-મરણ કર્યા, પરિભ્રમણ કર્યું. એના ફળમાં નવા આયુષ્ય બાંધ્યા અને એ ફળમાં નવા નવા આયુષ્ય બાંધીને પોતાના ભાવ પ્રમાણે એણે ચાર ગતિમાં જન્મ લીધો, મરણ કર્યા. એ પરિભ્રમણ ચાલુ રહ્યું.

મુમુક્ષુ :- અત્યાર સુધી કર્યું છે તે બધું ખોટું જ કર્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ખોટું જ કર્યું છે. સાચું કર્યું હોય તો અહીંયાં હોય નહીં. સાચું કર્યું હોય તો અહીંયાં હોય નહીં. સીધી વાત છે.

મુમુક્ષુ :- દુકાન ચલાવી.

પૂજ્ય ભાઈશ્રી :- દુકાન ચલાવવી હોત તો દુકાન બંધ કરવાનું ક્યાંથી બને ? ચલાવવી જ હોય. કોને બંધ કરવી હોય દુકાન ? પોતાના નામનું બોર્ડ લાગ્યું હોય, ભર બજાર વચ્ચે ઘોઘા દરવાજાના નાકે. કોને બંધ કરવાનું મન થાય ? એકની બે કરવાનું મન થાય, બેની ત્રણ કરવાનું મન થાય. તમે બંધ કર્યું, ભાઈએ વધારી, બીજી કરી. એ પણ કાપડીયા છે. કોઈને કાંઈ ઘટાડવાનો વિકલ્પ નથી હોતો, વધારવાના વિકલ્પ હોય છે. પણ આત્મા કરી શકતો નથી. પોતાની ઇચ્છા હોય, વિકલ્પ હોય તોપણ કરી શકતો નથી. થાય તોપણ કરી શકતો નથી અને ન થાય તોપણ કરી શકતો નથી. એ વાત સમજ્યા વિના દુઃખનો અંત નહીં આવે અને પરિભ્રમણનો અંત નહીં આવે. આ સીધી વાત છે. આજે સમજે કાલે સમજે અને અનંતકાળે ક્યારે

પણ સમજે એ સમજ્યા વિના દુઃખનો અંત આવશે નહીં. એ તો વાત થઈ અત્યાર સુધીના પરિણમનની.

**'હવે અનંત ગુણનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજી, તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી, પ્રયાણ કર;...'** આ પ્રેરણા છે. હવે આમ કર. અત્યાર સુધી થયું તે થયું. થયું તે નહીં થયું એમ નહીં થાય. અને એનો બહુ શોચ કરવાનો અર્થ નથી પણ હવે શું કરવું એનો પુરુષાર્થ ઉપાડવાનો પ્રસંગ છે. હવે અનંત ગુણનો પિંડ એવો જે નિજ શુદ્ધાત્મા અદ્‌ભુતથી અદ્‌ભુત જેના એક એક ગુણ છે. એક એક ગુણની શક્તિ સામર્થ્ય જેનું અમાપ છે, બેહદ છે એવા એક પિંડ સ્વરૂપ આત્મા નિજ શુદ્ધ આત્મા-પોતાનો જે આત્મા, પોતાનો જ આત્મા જૈન પરમેશ્વર પોતાનો આત્મા ! પરમ ઐશ્વર્ય ! અનંત શક્તિનો ઉત્કૃષ્ટ પરમ ઐશ્વર્ય જેના વિશે સદાય હયાત રહે છે. કદી પણ એ ઐશ્વર્યની હયાતીમાં ક્ષતિ પહોંચતી નથી કે નાશ થતો નથી.

એવો જે નિજ શુદ્ધાત્મા તેને બરાબર સમજીને. પહેલી સમજવાની વાત છે. સમજણપૂર્વક દૃષ્ટિ અથવા શ્રદ્ધાન થશે. એટલે તેને બરાબર સમજીને જેવું છે તેવું તેનું સ્વરૂપ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પરથી ભિન્ન, દ્રવ્ય-ગુણ-પર્યાય, રાગાદિથી પણ ભિન્ન અને પોતાનું જે ત્રિકાળ અનંત ગુણસ્વરૂપ છે, એક સમયની પર્યાયથી પણ ભિન્ન જેવું છે એવું એને સમજ, સમજીને એમાં દૃષ્ટિ કર, ત્રિકાળીમાં દૃષ્ટિ કર.

તીક્ષ્ણ દૃષ્ટિ કર. જોરદાર દૃષ્ટિ કરજે. એવી દૃષ્ટિ કર કે એ દૃષ્ટિ પછી ત્યાંથી કદી ખસે નહીં. જેમ વસ્તુ પોતાના સ્વરૂપમાંથી ખસતી નથી. 'ગુરુદેવશ્રી' પ્રવચનમાં આ વાત કરે છે કે જેમ વસ્તુ છે એ પોતાના સ્વરૂપમાંથી કદી ખસતી નથી, તેમ વસ્તુની દૃષ્ટિ છે એ પણ સ્વરૂપમાંથી ખસતી નથી. વસ્તુ પોતાના સ્વરૂપથી ખસતી નથી. એવું અસ્તિત્વ જેની દૃષ્ટિમાં આવ્યું તો વસ્તુ જેમ સ્વરૂપથી પડતી નથી તેમ દૃષ્ટિ પણ ત્યાંથી હવે પડતી નથી. એમ લીધું હારોહાર. એટલું મજબૂત લીધું છે. પેલો સ્વભાવ છે અને આ સમય સમયનું પરિણામ છે, ઉત્પાદ-વ્યયરૂપ છે તોપણ સ્વભાવ પ્રત્યેનું એનું બળ એટલું છે કે જગતમાં વજ્રપાત થાય, એવા પ્રસંગો બન્યા છે કે મિથ્યાદૃષ્ટિ દેવ સમ્યક્‌દૃષ્ટિને ઉપસર્ગ કરે.

કોઈ સમ્યક્‌દૃષ્ટિ એવા હોય કે મિથ્યાદૃષ્ટિ દેવોની સ્થાપનાનો વિરોધ કરે. એમ

કહે કે આ કુદેવ છે એની સ્થાપના કરવાથી મિથ્યાત્વ થશે અને જીવને તિર્યંચ ગતિનું આયુષ્ય બંધાશે. તિર્યંચગતિનું એ કારણ છે. કુદેવને ભજતા ગતિનામકર્મ તિર્યંચગતિનું બંધાય છે. પેલો કુદેવ છે એને એમ થાય કે મારા મંદિરો થાય છે, મારી જગતમાં પ્રસિદ્ધિ થાય છે એને આ રોકનારો છે. લાવ એને હેરાન કરું. વિકલ્પ આવે, હોં ! કરી શકતો નથી. એ તો અહીંયાં એનો ઉદય એ જાતનો હોય છે. આને ઉપસર્ગનો ઉદય હોય છે એનો વિકલ્પ નિમિત્ત પડે છે. તો એને એમ કહે.. જેમ અહીંયાં કોઈ એકબીજાને પ્રતિકૂળતા આપે છે, કે બોલ હવે તું એમ કહે કે હું સાચો છું, અને અત્યાર સુધી જે કહ્યું એ બધું ખોટું છે. તમને સમજાયું એ ખોટું છે અને આ દેવ સાચા છે એમ કહે, નહીંતર તને આકાશમાં લઈ જઈને ઉપરથી પડતો મૂકીશ. ભૂકેભૂકા તારા હાડકાના નીકળી જશે. બોલ, મારું કીધું માને છે કે નહીં ?

આ અત્યારે દબાણ લાવે છે ને આ પ્રતિમાની સ્થાપના કરશો તો આમ કરશું, આમ કરશું, કોર્ટમાં કેસ માંડશું ને ઢીકણું કરશું ને... એમ ચલિત કરવા આવે. તારી માન્યતા.. એટલું કહે અંદર તું માનતો હોય તારી વાત તું (જાણ) પણ બહારમાં આમ કહી દે તું. કેમકે એની પ્રતિષ્ઠા છે કે આ કહે ઇ સાચું હોય. બહારમાં એટલું બોલ તું કે આ દેવ સાચા છે. જગતમાં વજ્રપાત થાય તો એના પરિણામમાં કાંઈ ફેર પડે નહીં. એવી તીક્ષ્ણ એટલે જોરદાર દૃષ્ટિ છે. એવું જોરવાળું પરિણમન છે કે એની જગતની પ્રતિકૂળતાઓ દૂર કરી શકતી નથી, વિચલીત કરી શકતી નથી કે જગતની અનુકૂળતાઓ પણ એને ફસાવી શકતી નથી.

**'તેમાં જ તીક્ષ્ણ દૃષ્ટિ કરી, પ્રયાણ કર;...'** પ્રયાણ કર એટલે આગળ વધ. શ્રદ્ધા-જ્ઞાન કરી અને સ્થિરતામાં તું આગળ વધ. એને સ્પષ્ટ ભાષામાં લીધું છે કે **'તેનું જ શ્રદ્ધાન, તેની જ અનુભૂતિ, અને તેમાં જ વિશ્રામ કર.'** એનું શ્રદ્ધાન કર, શુદ્ધાત્માનું શ્રદ્ધાન કર, શુદ્ધાત્માનો અનુભવ કર અને શુદ્ધાત્મામાં તું ઠરી જા. વિશ્રામ કર એટલે એમાં તું ઠરી જા, શાંત થઈને એમાં સ્થિર થઈ જા, લીન થઈ જા. એમાં જ રમણતા કર. ચરવું, જમવું, રમવું બધું એકાર્થમાં છે. આચરણ શબ્દ ચરવામાંથી આવ્યો. આચરણ-ચરણ. ચરણ કરે છે. દ્રવ્યાનુસારી ચરણમ્. 'પ્રવચનસાર'નો આઠમો શ્લોક છે. દ્રવ્યાનુસારી ચરણમ્. મુનિરાજનું કેવું આચરણ છે ? કે જેવું દ્રવ્ય છે એવું ચરણ છે. ચરણ એટલે આચરણ. ચરણ એટલે ચરે છે, જમે છે, લીન થાય છે. જેવું દ્રવ્ય

છે એવી જ લીનતા થાય છે. દ્રવ્યાનુસારી ચરણમ્, ચરણાનુસારી દ્રવ્યમ્. હવે તારે દ્રવ્યને ઓળખવું હોય તો જેવું આચરણ છે એવું દ્રવ્ય છે. એમ લીધું. ૨૪૦ થયો.

મુમુક્ષુ :– આ પૂજા, પ્રક્ષાલ તો કરી શકે કે નહિ ?

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ કરી શકતો નથી. 'ગુરુદેવ' એ દૃષ્ટાંત દેતા. આ અર્ઘ ચડાવે છે.. સ્વાહા (બોલે). ન તો પૂજાની ભાષા બોલી શકે છે, ન તો અર્ઘને લઈ શકે છે, ન તો અર્ઘને મૂકી શકે છે. જેને ક્રિયા મેં કરી એવું ક્રિયા ઉપર જોર છે એને જરા આ કઠીન પડે છે. તો આ બધું કાંઈ મેં કર્યું જ નહીં ? ના, તેં કાંઈ હરામ કર્યું હોય તો. એક ચોખાનો દાણો ઉચકવાનું કાર્ય (કરે એવી) તારા આત્મામાં એ શક્તિ નથી. એક શબ્દ ઉચ્ચારવાની શક્તિ તારા આત્મામાં નથી. એ આત્માનું કાર્ય જ નથી. આમ છે.

મુમુક્ષુ :– આત્મા અરૂપી અને આ રૂપી...

પૂજ્ય ભાઈશ્રી :– બે જુદી વસ્તુ છે. એને પોતાના વિકલ્પ ઊઠે ત્યારે લાગુ કરવાની છે. જ્યારે જ્યારે પરદ્રવ્ય સંબંધીનો વિકલ્પ ઊઠે, વિકલ્પ તો પર દ્રવ્ય સંબંધીનો ઊઠે છે, ત્યારે જુદી છે એમ લાગુ કરવાનું છે કે આ વિકલ્પ બેકાર છે. તું કેમ ઊભો થયો ? આ વિકલ્પ તું કેમ ઉત્પન્ન થાય છે ? વિકલ્પ તે હું એ તો ગયું, પણ વિકલ્પને આત્મા એમ કહે છે, વિકલ્પને જ્ઞાન એમ કહે છે કે આ તું કેમ ઉત્પન્ન થયો ? શા માટે તું ઉત્પન્ન થયો ? તું તો કરી શકતો નથી. હું જ્ઞાન છું એ કરી શકતો નથી. તું વિકલ્પ છો એ પણ કરી શકતો નથી. વિકલ્પ વિકારી પર્યાય છે. વિકારી પર્યાયથી પણ પર દ્રવ્યનું કાર્ય થઈ શકતું નથી. અવિકારી પર્યાયથી પણ પર દ્રવ્યનું કાર્ય થઈ શકતું નથી.

મુમુક્ષુ :– અનંત ગુણનો ધણી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, અનંત ગુણમાં જ્ઞાન-દર્શન-આનંદ, ઐશ્વર્યતા, અસ્તિત્વ, વસ્તુત્વ, પ્રમેયત્વ એવા અનંત અનંત ગુણ છે. આત્મામાં...

મુમુક્ષુ :- પિંડ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- પિંડ એટલે એક દ્રવ્ય. એક પદાર્થને અનેક ગુણ હોય છે. જેમકે એક રજકણ. એમાં સ્પર્શ પણ છે, એમાં ગંધ પણ છે. તો ગંધ (છે એ) ગંધ ગુણની પર્યાય છે. સ્પર્શ (છે એ) સ્પર્શગુણની પર્યાય છે, રંગ છે એ વર્ણગુણની

પર્યાય છે. એમ એક પદાર્થની અનેક વિશિષ્ટતાઓ છે-ગુણરૂપ વિશિષ્ટતાઓ છે. વસ્તુ એક (છે).

મુમુક્ષુ :– ઘનરૂપ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઘનરૂપ છે. પણ છતાં ભૌતિક જે આ ઘન પદાર્થ છે, આને આપણે ઘન કહીએ છીએ, પાણીને પ્રવાહી કહીએ છીએ અને જે હવાના પર્યાયમાં હોય એને વાયુ કહીએ છીએ. પછી વરાળ હોય, ધુમાડો હોય, કોઈપણ જાતનો ગેસ હોય તો એને વાયુની પર્યાય કહેવામાં આવે છે. ભૌતિક વિજ્ઞાનમાં ઘન-પ્રવાહી અને વાયુ (એમ) પદાર્થના ત્રણ Form લીધા છે. Form એટલે ત્રણ સ્થિતિ Position લીધી છે કે પદાર્થને ત્રણ સ્થિતિ, હોય. કાં પદાર્થ ઘન હોય, કાં પદાર્થ પ્રવાહી હોય, કાં પદાર્થ વાયુરૂપે હોય. પછી એના મિશ્ર પર્યાયના Formની અંદર એ ત્રણને રાખીને વાત છે.

આત્મા ઘન-પ્રવાહી-વાયુમાંથી શું છે ? કે વાયુ છે ? કે નથી. પ્રવાહી છે ? પારાની જેમ, પાણીની જેમ ? એમ પણ નથી. આ ઘડામાં પાણી કે દુધ ભર્યું છે એવી જ રીતે આ શરીરના ઘડામાં કોઈ પ્રવાહી ભર્યું છે ? કે એમ પણ નથી. ઘન છે ? તો કહે છે, ઘન છે. ઘન એટલા માટે કહીએ કે પોલાણ નથી અંદરમાં માટે ઘન છે. પણ ભૌતિક જે ઘનતા છે અનેક પરમાણુનું આ એક પિંડ થયું આટલું લાકડું. આમાં અનંત પરમાણુ હોઈ શકે. એ રીતે ઘનિષ્ટપણે એ રહ્યા એમ કોઈ ઘણા પદાર્થો મળીને એનું ઘન થયું નથી પણ એક પદાર્થ ઘન છે. અનંત ગુણનો ઘન છે. ઘનિષ્ટપણું છે. અનંત ગુણનું ઘનિષ્ટપણું એમાં હોવાથી એને ઘન કહીએ. ઘન પાછું એ ગુણવાચક નામ છે. જે પ્રવાહીના પરમાણુ છે, આ ભૌતિક વિજ્ઞાનમાં, એમાં બે પરમાણુ વચ્ચે જગ્યા વધારે હોય છે. જ્યારે ઘન પદાર્થની અંદર બે પરમાણુની વચ્ચે જગ્યા ઘટેલી છે. આમાં પણ આ લાકડું છે એના કરતા લોઢું હોય તો એમાં બે પરમાણુ વચ્ચેની જગ્યા એથી વધારે ઘટેલી છે. એટલે લાકડું પોલું છે એમાં ખીલી જાય. લોઢામાં ખીલી ન જાય. આટલી જે અડધા Inch ની લોઢાની Plate હોય એમાં ખીલી નાખવા જાવ તો ન જાય અને આ અડઘા ને બદલે એક ઇંચનું હોય કે દસ ઇંચનું હોય પણ એમાં ખીલી જાય. દસ ઇંચનું જાડું હોય તો ખીલી જાય. અડધા Inch ની Plate હોય તો એમાં ખીલી ન લાગે. કેમકે ત્યાં પરમાણુ પરમાણુ વચ્ચેની જગ્યા

છે એની ઘનિષ્ટતામાં ફેર છે, લોઢા લાકડા વચ્ચે. એમ પ્રવાહીમાં એથી ઘનિષ્ટતા ઓછી છે, વાયુમાં એથી ઘનિષ્ટતા ઓછી છે. એટલે પહેલું Form આપ્યું ઘનનું કે આ ઘન છે, પેલું પ્રવાહી છે, પેલો વાયુ છે. પણ એ તો બધા પરમાણુની ઘનિષ્ટતા લીધી. અહીંયાં ગુણોની ઘનિષ્ટતા લેવી છે. એક જ જગ્યાએ એક જ પદાર્થમાં અનંત ગુણ એકસાથે ઘનિષ્ટપણે રહ્યાં છે. અને એક એક ગુણ પણ સામર્થ્યથી ઘનિષ્ટ પ્રમાણમાં છે. ભલે ઘનનો ભાવ જુદો છે. ઘનનો અર્થ અહીંયાં બે ભેગા થાય એમ વાત નથી.

...એમાં સ્વભાવનું ઘનિષ્ટપણું સ્વભાવનું સામર્થ્ય ઘણું છે એમ લેવું છે. પિંડ એટલે એમ લેવું.

પ્રશ્ન :– પૂજા કરવી કે ન કરવી ?

સમાધાન :– નિષેધ નથી કર્યો, એની ક્રિયા આત્મા કરી શકતો નથી. એની સમજણ પહેલા હોવી જોઈએ. કરવા ન કરવાની વાત તો પછી છે. પછી સમજાશે કે આ કરાય કે ન કરાય. પણ પહેલા આત્મા કરી શકે છે કે નથી કરી શકતો એ વસ્તુનું સ્વરૂપ તો એણે સમજવું જોઈએ. વસ્તુનું સ્વરૂપ સમજ્યા વિના કરી શકે છે એમ માનીને કરે તો મિથ્યાત્વને સેવે. એણે પૂજા કરી કે મિથ્યાત્વને સેવ્યું ? મિથ્યાત્વને સેવ્યું છે.

મેં આજે અષ્ટ દ્રવ્યથી પૂજા કરી. એ માન્યતામાં પૂજા કરી છે કે મિથ્યાત્વને સેવ્યું છે ? મિથ્યાત્વને સેવ્યું છે. શુભભાવ થયો, ચારિત્રમોહ મંદ થયો, અલ્પ પુણ્ય બંધાણું પણ મિથ્યાત્વનું પાપ મોટું બાંધ્યું હારોહાર. સૌથી મોટું પાપ મિથ્યાત્વનું. એને તો સમજે નહીં, એને તો સમજે નહીં. આપણે હવે એ વિષય ઉપર હમણાં એક Article બહાર પાડીએ છીએ. આ ભાઈએ પૈસા આપ્યા છે. બધાને મફત-Free નકલો આપવી.

દર્શનમોહ શું ચીજ છે એના ઉપર ધ્યાન નથી ખેંચાતું. જીવોનું ધ્યાન ચારિત્રમોહ ઉપર છે એટલે કષાય મંદ કરવાની પ્રવૃત્તિ કર્યા જ કરે છે. પછી વાંચન કરે, પૂજા કરે, દયા-દાન કરે, કંઈ પણ કરે. જેટલી ક્રિયા કરે છે એમાં (ચારિત્રમોહ) મંદ થાય છે, વળી ચારિત્રમોહ મંદ થાય છે એટલે આકુળતાનો પારો થોડોક નીચે ઊતરે છે. એટલે એને એમ લાગે છે કે ના, ના આ અશુભ કરતા તો શુભ ઠીક છે. અશુભ

કાર્યો કરીએ છીએ એના કરતા તો શુભ કાર્ય ઠીક છે એમ એને લાગ્યા કરે છે. પણ દર્શનમોહની શું સ્થિતિ થઈ એ વખતે એનો વિચાર સુદ્ધાં લગભગ જોવામાં આવતો નથી. એની અંદર એવી સો-પચાસ વાતો લીધી છે કે જેની અંદર એક એક વાતે દર્શનમોહ શું કામ કરે છે અને એની નિવૃત્તિ કેમ થાય, એનું સમાધાન કેમ થાય. એ બન્ને વાત (લીધી છે). સમસ્યા અને એનું સમાધાન, સમસ્યા અને એનું સમાધાન. અહીંયાં આ સમસ્યા ઊભી થઈ એનું સમાધાન આ છે. એ વિષય ઉપર એક જ જગ્યાએ ઘણી વાતો લીધી છે. એના ઉપર ધ્યાન દેવા જેવું છે કે આત્માને મિથ્યાત્વ કેમ છૂટે ?

કોઈ માણસ થોડી સારી વાત કરે. અને એ સારી સારી વાતો કરીને અંદરથી તો ખૂન કરવાની પેરવી કરે. માણસ ભલો કે નહીં ? આટલી સારી વાત કરનારો ભલો માણસ ખરો કે નહીં ? ભલી ભલી વાતો કરીને ખૂન કરે એના જેવો તો કોઈ ખતરનાક નહીં.

એમ ચારિત્રમોહ મંદ કરવાની સારી સારી વાતો કરે પણ મિથ્યાત્વથી તો આત્માનું જન્મ-મરણ, અનંત પરિભ્રમણ વધે છે. એમાં તો આત્માનું ખૂન થાય છે એનો તો વિચાર સુદ્ધાં ન કરે. એ વાત છૂટેલી રહી જાય અને પેલી વાત સારી સારી મીઠી લાગે (એમાં) પરિભ્રમણ નહીં મટે. આ જૈન માર્ગ તો જન્મ-મરણ ટાળવાનો માર્ગ છે. આ પુણ્ય બાંધવાનો કે સ્વર્ગમાં જવા માટેનો માર્ગ આ નથી. એ બધા અન્ય માર્ગો છે. એ તો અન્યમતિના માર્ગો છે કે જેનું ધ્યેય માત્ર પુણ્ય બાંધવાનું ને સ્વર્ગમાં જવા પર્યંતનું જ હોય છે.

અહીં તો પહેલેથી જ બીજી વાત છે કે જન્મ-મરણ કેમ ટળે ? એટલે ચોથા ગુણસ્થાનમાં મિથ્યાત્વ ટાળવાની વાત પહેલા છે. 'ઉમાસ્વામી' મહારાજે સૂત્ર લીધું કે બંધના કારણ જે આસ્રવ છે એના પાંચ ભેદ છે. 'મિથ્યાત્વ, અવિરતી, પ્રમાદ, કષાય, યોગ, બંધ હેતવઃ' બંધના હેતુઓ કોણ છે ? આટલું સૂત્ર છે. 'મિથ્યાત્વ, અવિરતી, પ્રમાદ, કષાય, યોગ બંધ હેતવઃ' આવું સૂત્ર છે. પહેલું મિથ્યાત્વ લીધું છે. બંધના હેતુમાં સૌથી બંધનનું કારણ, ભયંકર બંધનું કારણ મિથ્યાત્વ છે. અને 'ગુરુદેવશ્રી'એ પણ એ વિષય ઉપર બહુ ધ્યાન ખેંચ્યું છે. મિથ્યાત્વની માન્યતાની ભયંકરતા શું છે ? કે આજે તું એક જીવને બચાવે છો, એક જીવની દયા પાળે છો

પણ એ દયા મેં પાળી એવા કર્તૃત્વના ભાવમાં કાલે કતલખાનું ખોલી બેસીશ, તને ખબર રહેશે નહીં. આમ સામે સામું લેતા હતા કે, આજે તને એમ આવે છે કે હું બચાવું. એક જીવને–હું કીડીને બચાવું, એક કંથવાને બચાવું, પાણીના જીવને બચાવું, વાયુના જીવને બચાવું, કતલખાને જતા ઢોરોને બચાવું, ફલાણું બચાવું... બચાવું, મનુષ્યને બચાવું. પણ એ કાર્ય હું કરી શકું છું એ માન્યતામાં કતલખાનું તું ને તું ઊભું કરીશ. કેટલા ? કે અનંતકાળના અનંત કતલખાના ખોલીશ તું. અત્યારે જે કતલખાના ચલાવે છે એ કર્તૃત્વબુદ્ધિના ફળના સ્વરૂપે ચાલી રહ્યા છે. એ હું કરી શકું છું ને એ કરતા મને સુખ મળી શકે છે. એમાંથી મને સુખ મળે છે.

અનુકૂળતામાં કે પૈસાથી આજે સુખ માન્યું અને કતલખાનાવાળાએ પૈસા કમાવવા માટે એ સાધન કરીને સુખ માન્યું, બે વચ્ચે ફેર શું ? સિદ્ધાંતિક રીતે શું ફેર છે ? કાંઈ ફેર નથી. કોઈપણ હાલતમાં મને અનુકૂળતા નથી, મને પ્રતિકૂળતા નથી. મારું સ્વરૂપ જ દેહાતીત સ્વરૂપ છે. દેહથી અતીત મારું સ્વરૂપ છે પછી દેહની અનુકૂળતા-પ્રતિકૂળતા શું ? ગમે તે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં હું મારું કાર્ય કરવા, મારું જ્ઞાન કરવા, મારા જ્ઞાનમાં રહેલો છું ને મારા જ્ઞાનરૂપ મારું કાર્ય કરવું એમાં હું સમર્થ છું અને એમાં મને બહારના કોઈ સંયોગો રોકી શકે નહીં. એ જાતની પોતાની તૈયારી આ અભિપ્રાયથી સદાય હોવી જોઈએ અને રહેવી જોઈએ. જો એમ ન હોય તો સગવડતાના આધારે ધર્મ કરવો છે. એ ત્રણ કાળમાં થવાનો નથી. એ ધર્મ તો ત્રણ કાળમાં થવાનો નથી.

આપણે દૃષ્ટાંત લઈએ છીએ કે વ્યાજની આવક થાય તો નિવૃત્તિ લઈને બેસીએ, સોનગઢ ચાલ્યા જઈએ, નિવૃત્તિક્ષેત્રમાં ગમે ત્યાં વસીએ ને ધર્મ કરીએ. શેના આધારે ? કે વ્યાજના આધારે. થાય કોઈ દિવસ વ્યાજના આધારે ધર્મ ? કોઈ દિવસ ન થાય. એનો અર્થ કે અત્યારે મારે નથી કરવું પણ આવી સગવડતા થાય ત્યારે કરવું છે. જેને અત્યારે નથી કરવું એને કોઈ દિવસ નથી કરવું. જેને અત્યારે કરવું છે એને કોઈપણ હાલતમાં કરવું છે.

જ્યારે સાતમી નારકીનો નરકની વેદનામાં પડેલો જીવ ક્ષાયિક સમ્યક્દર્શનને પ્રાપ્ત કરે તો તને અહીંયાં શું પ્રતિકૂળતા છે ? અનંતમાં ભાગે પણ નથી. પણ તારે કરવું નથી તો થતું નથી, તારે કરવું હોય તો ન થાય એ પ્રશ્ન નથી. આમ છે. કરવું

હોય તો ન થાય એ પ્રશ્ન નથી અને તારે ન કરવું હોય તો એમ ને એમ ઉપર ઉપરની ઇચ્છા કર્યા કર ને વિકલ્પ કર માટે થઈ જાય એવું ત્રણ કાળમાં બનતું નથી. આમાં પોલ ચાલે એવું નથી કે કાંઈ લાલાપેઠા કરે કાંઈ કામ થાય એવું નથી. ના, ના ભાઈ ! તમે રોજ સ્વાધ્યાય કરો છો અને તમે આ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો છો માટે તમને કાર્ય થઈ જશે કે ફલાણી ક્રિયા કરો છો માટે થઈ જશે. એવું કાંઈ છે નહીં.

એને માટે જે કરવું ઘટે તે જ કરવું ઘટે. જે સિદ્ધાંતોનું ગ્રહણ કરવું (ઘટે તે કરવા ઘટે). એ તો આમાં લીધું, બરાબર સમજવું. અનંત ગુણનો પિંડ એવા નિજ શુદ્ધાત્માને બરાબર સમજવો, એમાં તીક્ષ્ણ દૃષ્ટિ કરવી અને એમાં સ્થિરતાનો પ્રયત્ન કરવો-પુરુષાર્થ કરવો એ જ કરતા એનું કાર્ય થશે અને બીજી કોઈ રીતે નહીં થાય. એટલે બીજા બધા રસ્તા છોડી દેવા. છોડી દેવા એટલે વિકલ્પ ઊઠે એ બીજી વાત છે પણ આથી જ થશે અને બીજી રીતે નહીં થાય, એ વાત ઉપર એનું વજન હોય તો બીજો વિકલ્પ ઊઠે તો વજન ન જાય.

પ્રશ્ન :– ક્ષયોપશમ પછી ક્ષાયિક થાય તો જ...

સમાધાન :– પહેલું ઉપશમ થાય. કોઈને ક્ષયોપશમ ન થાય અને સીધું ક્ષાયિક પણ થાય. ક્ષાયિક તો થાય જ ને. ક્ષય થયા વિના તો (ક્ષાયિક સમકિત થાય નહિ). ક્ષય થાય તો જ. નહીંતર તો પેલું રહેલું છે અંદર, ઉપશમમાં તો રહેલું છે, ક્ષયોપશમમાં અંદર રહેલું છે. ક્ષયોપશમમાં ઉપશમ તો છે જ. ઉપશમ પણ ઉપશમ છે ને ક્ષયોપશમમાં પણ ઉપશમ તો છે. ઉપશમનો અર્થ કે નીચે હજી બેઠું છે. દબાયેલું છે. એમાં ક્ષય તો થવો જ જોઈએ ને.

મુમુક્ષુ :– પરની કર્તૃત્વબુદ્ધિ તૂટે તો જ રાગ-દ્વેષની શૃંખલા તૂટે.

પૂજ્ય ભાઈશ્રી :– તો જ રાગ-દ્વેષની શૃંખલા તૂટે. રાગનું જોર તૂટે. શૃંખલા ક્યારે તૂટે ? કે જોર તૂટે ત્યારે. જોરમાં, હજી વેગમાં ચાલ્યો જતો હોય એ પાછો વળી શકે નહીં. વેગ તૂટે તો ઊભો રહી શકે, ઊભો રહી શકે તો પાછો વળી શકે. પણ વેગમાં ને વેગમાં તો કોઈ પાછો વળી શકે નહીં.

મુમુક્ષુ :– આ ટેવ પડી ગઈ છે પણ જતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– નુકસાન ભાળે તો તરત છૂટે. નુકસાન થાય છે એમ ખબર

પડે તો કોઈની રાહ જોવા, વિચાર કરવા ઊભો રહે નહીં. ઘીનો ડબ્બો કાણો થઈ ગયો હોય કાટ લાગીને, લાવ્યા હોય ત્યારે કાણો ન હોય પણ પડ્યો પડ્યો બહારથી કાટ લાગ્યો ને કાણું પડી ગયું ને ઘીનો રેલો જુએ તો પછી એમ વિચાર કરે કે હવે આજે બીજા ઘણા કામ છે, ફુરસદ નથી, કાલે હવે ડબ્બો બદલશું એમ કરે ? પાણી પણ જવા દે નહીં. પાણીનું માટલું કાણું થયું હોય તો પાણીનું માટલું પણ બદલી નાખે છે. ઘી તો શેનો જવા દે.

નુકસાન થાય છે એ એને સમજાવું જોઈએ કે આ પરિણામથી મને નુકસાન થાય છે. એટલે તો જીવને બધી ઉપમા આપી છે. પુરુષાર્થ કરે એને ક્ષત્રિયની ઉપમા આપી છે. આવા ઝીણામાં ઝીણો હિસાબકિતાબ કરીને નુકસાન ન કરે પણ લાભની જ પ્રવૃત્તિ કરે માટે એને વાણિયો પણ કીધો છે. વાણિયા શું કરે ? ઝીણામાં ઝીણો હિસાબ રાખે. નુકસાન ન જવું જોઈએ, ક્યાંય નુકસાન ન જવું જોઈએ. એવો હિસાબ રાખે એવો જીવનો જ્ઞાનમાં સ્વભાવ છે માટે એને વાણિયો કીધો છે. ચારેય લાગુ પાડ્યા છે. બ્રાહ્મણ, ક્ષત્રિય, વૈશ્ય અને ક્ષુદ્ર. 'દીપચંદજી' એ આ વાત લખી છે.

'ભાવદીપિકા'માં એ બધી વાત લખી છે. 'ભાવદીપિકા'માં ઘણી ઉપમા આપી છે. એને નાચનારો બતાવીને એના નૃત્યની કેટલીક ઉપમા આપી છે, એને સંગીતકાર બતાવીને કેટલીક એને સંગીતના તાલની ઉપમા આપી છે. વાજિંત્રોની ઉપમા આપી છે, ઘણી ઉપમા આપી છે. રાજા છે, પ્રધાન છે, સેવક છે, સિપાહી છે, ચોકીદાર છે. ઘણી ઉપમા આપી છે. કેટલી જાતના દૃષ્ટાંત આપ્યા છે.

બધા દૃષ્ટાંતો આત્માને લાગુ પડે છે. આત્મા ક્ષુદ્ર છે ? હા, આત્મા ક્ષુદ્ર છે. જેમ મેલું બહાર નાખી દે, ક્ષુદ્ર છે ઇ મેલું બહાર નાખી દે, મેલું રહેવા ન દે. એમ આ રાગાદિ મલિનતાને બહાર ફેંકે છે. ક્ષુદ્ર છે એ સેવા કરે છે. હા, પોતાના ચૈતન્ય રાજાની સેવા કરે છે. પોતે ને પોતે જ સેવા કરનારો છે માટે આત્મા ક્ષુદ્ર છે. બ્રહ્મમાં રહેતો એવો આત્મા બ્રાહ્મણ છે. બ્રહ્મ સ્વરૂપમાં રહેનારો આત્મા બ્રાહ્મણ છે. એમ બધી ઉપમાઓ લાગુ પાડી છે.

**ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ. જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ. ૨૪૧.**

૨૪૧. સ્વરૂપ મહિમાનો બોલ છે. આત્મસ્વરૂપની મહિમા. જેને આત્મા મહિમાવંત આત્મા, સર્વોત્કૃષ્ટ મહાન સ્વરૂપ બિરાજમાન જે આત્મા એ જેના જ્ઞાનમાં પ્રત્યક્ષ છે એને એ જ્ઞાન મહિમાનું કારણ થાય છે. મહિમા સ્વરૂપ હોવાથી મહિમાનું કારણ થાય છે. મહિમાનું કારણ જ્ઞાન છે, બીજું કોઈ મહિમાનું કારણ નથી.

'**ઓહો ! આ તો ભગવાન આત્મા !**' કેવો ? ભગવાન આત્મા છે. '**સર્વાંગે સહજાનંદની મૂર્તિ.**' પ્રદેશે પ્રદેશે બધા અંગમાં ક્યાંય આનંદ નથી એવો એક પ્રદેશ નથી. અનંત આનંદ ! આખા પિંડમાં અનંત આનંદ હોવાથી સર્વ પ્રદેશે પૂરા ક્ષેત્રમાં સર્વાંગે અનંત આનંદ સહજાનંદ (ભરેલો છે). પાછો નવો આનંદ, કૃત્રિમ આનંદ, બનાવેલો આનંદ એવું કાંઈ નહીં. સહજાનંદ, સ્વભાવિક આનંદ એ જ એનું સ્વરૂપ છે ખરેખર તો.

સાકરનું દૃષ્ટાંત આપે છે. સાકરમાં જેમ બધે ગળપણ છે. મીઠું-નમક જેમ બધે એમાં ખારાશ છે, એમ આ આનંદની મૂર્તિ છે. આત્મા આનંદની મૂર્તિ છે. આપણે આરસપહાણની મૂર્તિ ઘડાવીએ છીએ, સોનાની મૂર્તિ ઘડાવીએ છીએ. એમ આ અણઘડાયેલી મૂર્તિ છે. આત્માને કોઈએ ઘડ્યો નથી. આનંદનું અકૃત્રિમ ચૈતન્ય ચૈત્યાલય છે આ. જેમાં ચૈતન્ય વસે છે. પોતે જ ચૈત્યાલય છે. આત્મા પોતે જ ચૈત્યાલય છે. કેમકે એમાં ચૈતન્ય ગુણ વસે છે. તેથી આત્મા પોતે જ ચૈત્યાલય છે. ચૈતન્યમૂર્તિ આત્મા પોતે છે, આનંદમૂર્તિ આત્મા પોતે જ છે. અને એકલી આનંદની જ મૂર્તિ છે, દુઃખની ગંધ પણ એમાં નથી. આનંદથી વિપરીત એવું જે દુઃખ એ દુઃખની ગંધ નથી એની અંદર.

'**ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ !**' સર્વાંગે-સર્વ પ્રદેશે-સળંગ. પાછું એમ નહિ કે બે વચ્ચે ક્યાંય સાંધો છે, બે પ્રદેશ વચ્ચે કોઈ કમજોરી છે. એમ નથી. સળંગ છે, વસ્તુ તો સળંગ છે. એમાં એકલો આનંદ ભર્યો

છે, અનંત આનંદ ભર્યો છે, સહજ આનંદ ભર્યો છે, એની જ મૂર્તિ છે.

આત્માને ચૈતન્યની મૂર્તિ અને આનંદની મૂર્તિરૂપે જ જોવામાં આવે છે. એ તો એકલી આનંદની જ મૂર્તિ છે. જેના પરિણામ આનંદની મૂર્તિરૂપ જે સ્વભાવ છે એની સાથે વળગેલા છે એ પરિણામની અંદર બીજો કોણ દુઃખ ઊપજાવી શકે ? ત્યાંથી છૂટીને બીજે પ્રતિકૂળતાની કલ્પના પોતે કરીને પોતે જ પોતામાં દુઃખ ઊપજાવે છે. દુઃખ શું છે ? કે આ શરીર સરખું ચાલતું નથી. આ મારું શરીર સરખું ચાલતું નથી. આ એનું દુઃખ છે. શરીર તારામાં નથી ને તું શરીરમાં નથી. તું આનંદની મૂર્તિ છો. આનંદની મૂર્તિથી છૂટી અને શરીર મૃતક કલેવર છે. કેવું છે ? મડદું છે, મૃતક કલેવર છે. એ મૃતક કલેવરને વળગે તો તને દુઃખ ન થાય તો શું થાય ? દુઃખ જ થવાનું છે, બીજું કાંઈ નથી.

'અનુભવ પ્રકાશ'માં 'દીપચંદજી' એક દૃષ્ટાંત આપે છે કે એક લાકડાનું થડિયું ઊભું હતું. સવારના પહોરમાં અજવાળું આછુંપાતળું (અને) અંધારું ઝાઝું હતું, અજવાળું ઓછું થયું હતું. કોઈને એમ થયું કે, કોઈ માણસ બહાર નીકળ્યો જંગલ જવા કે એવી રીતે. વહેમ પડ્યો કે આ કોઈક છુપાઈને ઊભો છે. દીવાલ પાસે મૂકેલું. છુપાઈને ઊભો છે, મને મારવા માટે કાંઈક ઘા કરી બેસશે. માટે પહેલા હું એને પાડી દઉં. એટલે સીધો વળગ્યો એને અને જોર કરવા મંડ્યો. હતું વજનદાર. બહુ વજનદાર હતું (એટલે) કાંઈ વજન ઝીલી ન શક્યો. ઇ પડ્યો હેઠે અને (એની) ઉપર થડિયું. એને એમ થયું કે આ તો બહુ શક્તિવાળો માણસ છે મને પાડી દીધો, આ તો મને પાડી દીધો, એને એમ થઈ ગયું આણે તો મને પાડી દીધો પણ એને–પેલાને ખબર પણ નથી કે હું આને પાડું. પણ મને પાડી દીધો અને મારા ઉપર ચડી બેઠો, મને પાડી દીધો અને મારા ઉપર ચડી બેઠો. રાડ, બૂમ અને દેકારા કરવા માંડ્યો. મરી ગયો રે મરી ગયો. મને કોઈ બચાવો આણે મને માર્યો, આણે મને માર્યો. પણ કોણે તને માર્યો છે ? કોઈએ તને માર્યો નથી. તું અમસ્તો અમસ્તો બાથોડા ભરવા ગયો ને હેઠો પડ્યો છો.

એમ આ પ્રતિકૂળતા, આ જીવે એવી રીતે પ્રતિકૂળતાનું દુઃખ ઊભું કર્યું છે. પોતાની શક્તિને ભૂલ્યો છે અને બીજાની શક્તિને સ્વીકારી છે અને પોતાની પામરતા સ્વીકારી લીધી છે. જડની શક્તિ પાસે પોતાની પામરતા સ્વીકારી લીધી છે. અને એ પામરતાને

વશ હેઠો પડીને બૂમ પાડ્યા કરે છે કે હું દુઃખી છું, મને કોઈ સુખી કરો. હું દુઃખી છું, મને કોઈ સુખી કરો. છેવટે મંદિરમાં ભગવાન પાસે જઈને (કહે), હે ભગવાન ! હું દુઃખી છું અને તું મને સુખી કર. તારી આ દીનતા અને પામરતા જોઈને ભગવાન એમ કહે છે કે આ રહેવા દે તું. અમે તારું દુઃખ-સુખ મટાડીએ એ પ્રશ્ન નથી. તારી પામરતા તું મટાડ. અમારો દેદાર જોઈને પણ તું તારી પામરતાને મટાડી દે. અમારે તો બીજું કાંઈ કરવાનો પ્રશ્ન હોઈ શકે નહીં.

મુમુક્ષુ :- આ સર્વાંગે એટલે સળંગતા ? સળંગ કેવી રીતે કીધું ?

પૂજ્ય ભાઈશ્રી :- સળંગ એટલે શું છે કે જેમ વીસ વારનો તાકો સળંગ છે. કહેવાય વીસ વાર પણ કાંઈ વારે વારે સાંધ છે કાંઈ ? એમ પ્રદેશે પ્રદેશમાં અસંખ્ય પ્રદેશ કહેવાય પણ છે આખી વસ્તુ સળંગ છે. ત્યાં એક પ્રદેશે ને બે પ્રદેશ જોડ્યા છે એવું નથી. શાસ્ત્રમાં તો એમ આવે. પ્રદેશપ્રચયનો-જ્યાં ક્ષેત્રપ્રચયનો વિસ્તાર કરે તો (એમ કહે), એક પ્રદેશમાં બીજા પ્રદેશનો અભાવ છે. એક પ્રદેશની ક્ષેત્ર મર્યાદા પૂરી થાય પછી બીજા પ્રદેશની ક્ષેત્ર મર્યાદા શરૂ થાય.

જેમકે આ વેઢો છે આ પૂરો થયા પછી આ વેઢો શરૂ થાય પછી આ વેઢો શરૂ થાય. આમાં આ વેઢામાં આ વેઢો નથી, આ વેઢામાં આ વેઢો નથી. એમ એક પ્રદેશના ભેદ પાડે ત્યારે એમ કહે પણ આંગળી તો સળંગ છે. અહીં કાંઈ સાંધો છે ? વેઢે વેઢે કાંઈ સાંધો છે ? આંકો પાડ્યો છે પણ સાંધો છે કાંઈ ? સાંધો નથી કાંઈ. સળંગ છે ચીજ.

એમ આત્મા સળંગ પિંડ છે એક દ્રવ્ય છે આત્મા. એને નિશ્ચયથી એક પ્રદેશી કહ્યો છે. વ્યવહારથી અસંખ્ય પ્રદેશી કહ્યો છે. એટલે માપ કરો તો પરમાણુના ગજથી માપો તો અસંખ્ય પરમાણુથી માપી શકાય એવો છે અને એને નિશ્ચયથી જુઓ તો એક પ્રદેશી આત્મા છે. અખંડ સળંગ એક પ્રદેશી આત્મા છે. એમાં કોઈ ખંડ છે નહિ. પ્રદેશમાં પણ ખંડ નથી એમ કહેવું છે. પ્રદેશ પ્રદેશના ખંડ એમ ખંડ નથી એની અંદર.

મુમુક્ષુ :- ઉપયોગ જ્યારે અંતર્મુખ થાય છે ત્યારે સળંગપણે...?

પૂજ્ય ભાઈશ્રી :- સળંગ ફરી વળે છે. સળંગ આખા પિંડમાં ઉપયોગ ફરી જાય છે એમ કહેવું છે. વ્યાપી જાય છે. આખો જે સળંગ ચૈતન્ય પિંડ છે એમાં ઉપયોગ

વ્યાપ-વ્યાપક ભાવે પોતાના ચૈતન્ય પિંડમાં હયાતીનો, એના અનંત સામર્થ્યની હયાતીનો, પોતાના સ્વક્ષેત્રની હયાતીનો એમ પોતાના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી પોતાની હયાતીનો સ્વાનુભવ કરે છે, અનુભવ કરે છે. એમ છે.

**'ઓહો ! આ તો ભગવાન આત્મા ! સર્વાંગે સહજાનંદની મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં...'** કોઈપણ ક્ષેત્રથી જુઓ. જ્યાંથી જુઓ ત્યાં. એમ કેમ (કહે) છે ? કે વેદાંતની અંદર એક પ્રકારની એવી માન્યતા ચાલે છે કે આત્માનંદ અથવા બ્રહ્માનંદ જેને કહેવામાં આવે છે, આત્માનો આનંદ કહેવામાં આવે છે એ ક્યાં આવે ? તો કે સમાધિમાં બેસે ત્યારે અહીં આત્માનો આનંદ આવે-માથે. બ્રહ્મરંધ્ર કહે છે એને. તાળવું, તાળવું. ત્યાં આત્માના આનંદનો અનુભવ થાય. ખોટી વાત છે. એ બધી કલ્પના કરેલી છે. સર્વાંગે **'જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ.'** ભરચક આનંદ, છલોછલ આનંદ છલકતો આનંદ લ્યો. બહાર નીકળી જાય એટલો આનંદ. 'ઘટ અંતર ન સમાયે'. 'ભાગચંદજી'નું પદ છે ને ? અમારા ઘટરૂપી, પરિણામરૂપી ઘડામાં અંદરમાં જે અંતર્મુખ પરિણામરૂપી જે પરિણામ છે એનો ઘડો છે એમાં આનંદ માતો નથી, છલકાઈને બહાર આવે છે. સમાતો નથી અંદર. તેથી બીજાને પણ ખબર પડે છે કે નક્કી આને આનંદ છે, આનંદ વર્તે છે. પ્રસન્નતા-ચિત્તની પ્રસન્નતા જોઈને એને પણ આનંદ છે એમ કહેવામાં (આવે છે). આનંદ છે એમ બીજાને ખબર પડે છે. એ શાંત છે, સુખી છે, એને આનંદ છે એમ ખબર પડે છે.

મુમુક્ષુ :– અંદર જવાનું સ્થળ તો એક જ છે. જ્યાં જુઓ ત્યાં...

પૂજ્ય ભાઈશ્રી :– જ્યાં જુઓ ત્યાં આનંદ આનંદ છે. પ્રવેશદ્વાર એટલે ક્ષેત્રથી નથી કોઈ. જ્ઞાન લક્ષણથી લક્ષિત થાય છે. એટલો એને અજ્ઞાનદશામાં એક Point આપ્યો છે. પગ મૂકવા માટેનું એક સ્થાન આપ્યું છે. Footing step સમજ્યા ! Footing step. ભાઈ ! એક જગ્યાએ પગ તો મૂકવા દ્યો પછી આગળ વધીએ અમે. આ જ્ઞાન લક્ષણથી અહીંયાંથી આગળ વધી જા. એમાંથી અંતર્મુખ થઈ જા, અંદર ભોંયરામાં જા. તને ભગવાનના દર્શન થશે. આમાં એક બોલ છે-ભોંયરામાં ભગવાનના દર્શન થાય છે. અંતર્મુખ થાય છે, ઊંડો ઊંડો ઊતરે છે. ચૈતન્યમૂર્તિ ભગવાન મૂર્તિ જે આત્મા છે. એ આનંદનો અનુભવ કરે છે.

**'સર્વાંગે સહજાનંદની મૂર્તિ ! જ્યાંથી જુઓ ત્યાં આનંદ, આનંદ ને આનંદ.'**

બધી જગ્યાએ આનંદ, આનંદ ને આનંદ જ છે. ક્યાંય આત્મામાં દુઃખ નથી, ક્યાંય આકુળતા નથી, ક્યાંય આનંદનો અભાવ નથી એમ કહે છે. આહ્‌લાદ સ્વરૂપ છે, આનંદ છે એ આહ્‌લાદ સ્વરૂપ છે. આનંદ આવે છે ત્યારે માણસ એમ કહે ને બહુ મીઠાશ લાગે છે, મીઠું લાગે છે. આત્માને મીઠો મહેરામણ કીધો છે, મીઠો મહેરામણ કીધો છે. મહેરામણ એટલે દરિયો. આનંદનો દરિયો છે આત્મા !

**'જેમ સાકરમાં સર્વાંગે ગળપણ તેમ આત્મામાં સર્વાંગે આનંદ.'** એકલી આનંદની મૂર્તિ છે. જેમ શેરડીની કાતળીમાં એકલો મીઠો રસ ભર્યો છે. એમ આત્માને 'ગુરુદેવ' આનંદની કાતળી કહેતા હતા. કેવી છે ? આ સોટી જેવો છે ને.. આત્મા તો આનંદની કાતળી છે એકલી, એમાંથી આનંદ ચૂસ તારે ચૂસવો હોય એટલો આનંદ જ ભરેલો છે. એ રીતે આનંદ સ્વરૂપમાં તન્મય કરતા આનંદ આનંદ થઈ જાય છે એ રીતે મહિમા કરીને સ્વરૂપ દર્શાવ્યું છે. અહીં સુધી રાખીએ...

**વિભાવથી / રાગથી જ્ઞાનની ભિન્નતાના પ્રયોગ દ્વારા ભેદજ્ઞાન પ્રથમ અંતરંગમાં થવું ઘટે છે; કે જેમાં જ્ઞાનની મુખ્યતા દ્વારા જ્ઞાનથી જ્ઞાનનું એકત્વ થાય છે. એક સમયની પ્રગટ શુદ્ધ પર્યાય - ત્રિકાળી સ્વભાવથી ભિન્ન હોવા છતાં, સ્વયં સ્વભાવને અવલંબે છે. વિભાવની જેમ તે ભાવનો પણ ક્ષય કરવાનું પ્રયોજન નથી. માત્ર અવલંબનનું (આશ્રયનું) સ્થાન તે શુદ્ધ પર્યાય નથી - તેટલું જ પ્રયોજન છે. તેથી રાગનું અવલંબન (સ્વભાવના અવલંબને) છૂટવાનું પ્રથમ કર્તવ્ય છે.–આ વિધિ ક્રમ છે. વિધિ-ક્રમમાં ફરક થતાં માર્ગ બદલાઈ જાય છે અથવા મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. મિથ્યાદષ્ટિને શુદ્ધ પર્યાય પ્રગટેલી ન હોવાથી, તેને તેથી ભિન્ન પડવાની વિધિનો પ્રારંભ કરવાનો પ્રશ્ન નથી.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૧૫)**

**ચૈતન્યદેવની ઓથ લે, તેના શરણે જા; તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે. ચક્રવર્તી રસ્તેથી નીકળે તો અપરાધી જીવો ધ્રૂજી ઊઠે છે, તો આ તો ત્રણ લોકનો બાદશાહ – ચૈતન્યચક્રવર્તી ! તેની પાસે જડ કર્મ ઊભાં જ ક્યાંથી રહે ? ૨૪૨.**

## તા. ૯-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૪૨
## પ્રવચન નં. ૧૯૩

'બહેનશ્રીનાં વચનામૃત' બોલ-૨૪૨. **'ચૈતન્યદેવની ઓથ લે. તેના શરણે જા; તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે.'** નિજ કલ્યાણનો ઉપાય છે. નિજ ચૈતન્યદેવની ઓથ લે. પોતાનું સ્વરૂપ, પોતાનું સ્વરૂપ એને ચૈતન્યદેવ કહ્યું છે. અનંત અનંત દિવ્ય શક્તિનો ધારક મહાન નિજ પરમાત્મા પોતે (છે), એનો આધાર લે. ઓથ લે એટલે એનો આધાર લે. બહુ પ્રચલિત શબ્દ છે. ઓથ શબ્દ તો બહુ પ્રચલિત શબ્દ છે. ગુજરાતી, હિન્દી, સીંધી, પંજાબી બધામાં આ શબ્દ છે. આ લોકો તો (એમ કહે), 'સદ્‌ગુરુ તેરી ઓથ' સીંધી લોકો તો ખાસ. 'સદ્‌ગુરુ તેરી ઓથ'. તારો આધાર છે અમને.

આધાર શબ્દ છે અને ઓથ શબ્દ છે એમાં થોડો ભાવ ફેર પડે છે. ઓથ એટલે કોઈપણ પ્રકારની જેની ઓથે મૂંઝવણ ન થાય. જેની ઓથ લેવાથી કોઈપણ પ્રકારની મુશ્કેલી ન આવે, કોઈપણ પ્રકારની મૂંઝવણ ન થાય. માણસ નથી કહેતા ? કે એને મોટા માણસની ઓથ છે. મોટાની ઓથ છે એટલે એને ક્યાંય તકલીફ પડે એવું નથી. એમ અહીંયાં સર્વજ્ઞ સ્વભાવી નિજ પરમ પદાર્થ, પરમ તત્ત્વ પરમાત્મ તત્ત્વ એની ઓથ છે.

**'ચૈતન્યદેવની ઓથ લે. તેના શરણે જા;...'** સમ્યક્‌દર્શન થતાં આ ઓથ લેવાય

છે. એટલે સમ્યક્દૃષ્ટિને જગતમાં બીજા કોઈની પરવા રહેતી નથી.

'શ્રીમદ્જી'એ કહ્યું ને ? કે હે પરમાત્મા ! તું અમને શું દેવાનો હતો ! જેને કેવળજ્ઞાન પણ જોઈતું નથી એને તું બીજું શું દેવાનો હતો. ઠીક ! મસ્તીમાં કહ્યું છે, ઓથ આવી છે પોતાની. અંદરમાં નિજ પરમાત્માની ઓથ આવી છે. 'ગુરુદેવ'ની ભાષામાં કહેલી વાત છે કે જેના પેટમાં અનંત સિદ્ધ પર્યાયો પડી છે, જેના પેટમાં અનંત સિદ્ધ પર્યાયો પડી છે એવો અનંત સિદ્ધોનો સિદ્ધ પોતે છે. અનંત સિદ્ધ પર્યાયોનો સિદ્ધ પણ પોતે જ છે. એની ઓથ લે. એના શરણે જા.

**'તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે.'** તને સારા સારા કર્મોનો ઉદય આવશે એમ નથી કહેતા. તારી મુશ્કેલી ટળી જશે, તારો રોગ ટળીને નિરોગતા આવશે, નિર્ધનતા મટીને શ્રીમંતપણું આવશે અથવા તારા બધા પ્રતિકૂળ પ્રસંગો ફરી જઈને બધા અનુકૂળ થઈ જશે, દુશ્મનો પણ મિત્ર થઈ જશે, બધા તારી જગતમાં વાહ વાહ પોકારશે અને તને જગતમાં સૌથી વધારે સન્માન મળશે, એવું કાંઈ કહેતા નથી. સૌથી વધારે સત્તા મળશે આ આખા જગતની... આમ તારી નીચે આખું જગત આવી જશે. એવું કાંઈ કહેતા નથી. એ બધો કર્મનો ઉદય છે. અહીંયાં તો કર્મનો નાશ થશે, એમ કહે છે. ઉદય થશે એમ નથી કહેતા પણ કર્મ તૂટી જશે, એમ કહે છે. નાશ થશે એટલે તૂટી જશે એમ કહેવું છે.

**'તારાં બધાં કર્મો તૂટીને નાશ થઈ જશે.'** શુભ અને અશુભ બધા લેવા. શુભનો ઉદય રહેશે અને અશુભનો નાશ થઈ જશે. કેમકે માગે છે ઇ ને. જરાક પ્રતિકૂળતા આવે ત્યાં ગભરાઈ જાય. અરે..રે..! શું થાશે ? પણ આત્માને શું થાય છે એ જોતો નથી. આત્માને કાંઈ થઈ શકે છે ? કોઈ તારા આત્માને જોઈ શકતું નથી. કોઈ તારા આત્માને કાંઈ પણ સ્પર્શી શકતું નથી, ઇજા પહોંચાડી શકતું નથી, બાધા પહોંચાડી શકતું નથી, નાશ કરી શકતું નથી. અનંત અવ્યાબાધ સ્વરૂપ છે પોતાનું એનો વિશ્વાસ, એનો પ્રતીતિ, એની ખાતરી આવી જાય તો એને ક્યાંય ભય થવાનો પ્રશ્ન રહેતો નથી.

('સમયસાર'માં) 'નિર્જરા અધિકાર'માં તો એના કળશ લીધા છે. સાત સાત કળશ લીધા છે એકસાથે. સમ્યક્દૃષ્ટિ જ્ઞાયકપણાને લીધે-એક જ્ઞાયકપણાને લીધે પોતાના સ્વરૂપમાં નિઃશંક છે અને તેથી તે નિર્ભય છે. નિર્ભયતા નિશંઃકતા હોવાને લીધે હોય છે. એટલે પહેલું પદ એ નાખ્યું છે કારણ-કાર્યનું. નિઃશંક હોવાને લીધે.

નિઃશંકમ્ એમ કરીને નિઃશંક શબ્દ પહેલા લીધો છે. સતતમ્.

એવા નિજ ચૈતન્યદેવની ઓથ લે. ઓથ લે એમાં એટલું જ છે કે તું તારા ભાનમાં આવ. જેવો છો તેવા જ સ્વરૂપના ભાનમાં તું આવ કે હું આવો છું. બસ ! એની ઓથ મળી ગઈ એને. કેમકે ઇ પોતે જ છે. પોતે બીજો છે અને કોઈ બીજાની ઓથ લેવી છે એવું નથી. બીજાની ઓથ તો રખે ખસી જાય. એક વખત ટેકો આપે ઇ બીજી વખત કદાચ એને ઓથ કે ટેકો ન આપે પણ અહીં તો પોતે જ છે એટલે ખસવાનો પ્રશ્ન રહેતો નથી.

**'ચૈતન્યદેવની ઓથ લે, તેના શરણે જા;...'** પરિણામને સંબોધન કરે છે કે, હે ! પરિણામ ! તું તારી દીનતા ને પામરતાથી તારા નિજ પરમાત્મ તત્ત્વને છોડીને બધે દીનતા ને પામરતા કરી રહ્યો છો, હવે એના શરણમાં જા. બીજાનું શરણ શોધે છે પણ એના જ શરણમાં જા ને. બીજા પરમાત્માનું શરણ પણ તને લેવાની વાત અહીંયાં નથી. અન્યમતમાં તો એ બધું આવે છે કે પરમાત્મા એમ કહે કે મારા શરણમાં આવ પછી તું નિર્ભય છો. અહીંયાં એ વાત નથી. 'ગીતા'માં એ વિષય આવે છે 'શ્રીકૃષ્ણ'ના મુખેથી એવી ભાષા લીધી છે. ગ્રંથમાં એમણે કરી છે, મામ એકમ શરણમ્... મારા એકના શરણે તું આવી જા, બસ. મામ એકમ્ મારા એકના શરણે આવ... તું મોક્ષની પણ ચિંતા કરીશ નહીં. મોક્ષની ઇચ્છા માસૂચઃ શોચના કરવાની–ચિંતા કરવાની તારે જરૂર નથી. મારા શરણે આવી જા પછી મોક્ષની પણ ચિંતા કરવાની તારે જરૂર નથી. એટલે ભક્તિથી પછી એ રીતે પરમાત્માના શરણની માંગણી કરે છે. અહીંયાં એ પણ પ્રશ્ન નથી.

અહીંયાં તો કહે છે કે તારા સર્વ કર્મો તૂટીને જેને સર્વ કર્મનો ક્ષય થયો છે એવો મોક્ષ પ્રાપ્ત થશે. 'રાજમલજી'એ મોક્ષની જે પરિભાષા કરી છે કે સર્વ કર્મ ક્ષય લક્ષણ મોક્ષ. સર્વ કર્મનો ક્ષય જેનું લક્ષણ એટલે સ્વરૂપ છે એને મોક્ષ કહેવામાં આવે છે. મોક્ષ એટલે હીંડોળા ખાટે ખાઈ-પીને ઓહિયા કરીને આરામ કરે એને કાંઈ મોક્ષ કીધો નથી. ફલાણા સ્વર્ગમાં વાસ થાય પછી કોઈ ત્યાં દુઃખ નથી, પ્રતિકૂળતાઓ નથી એ મોક્ષની કલ્પના છે. સર્વ કર્મ ક્ષય લક્ષણ મોક્ષ.

મુમુક્ષુ :– મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા...

પૂજ્ય ભાઈશ્રી :– 'મોક્ષ કહ્યો નિજ શુદ્ધતા'. પોતાની પરિપૂર્ણ શુદ્ધતાને મોક્ષ

કહ્યો છે. 'તે પામે તે પંથ'. એને જે પહોંચાડે ક્રમશઃ એ દિશામાં આગળ વધતા જે પરિણામ હોય શુદ્ધિ વિશેષના એને એનો માર્ગ, ઉપાય અથવા પંથ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :- અત્યાર સુધી આ પૈસાવાળાની ઓથ લીધી એ બધું ખોટું હતું ને ?

પૂજ્ય ભાઈશ્રી :- દીનતા કરી. ભીખ માગી. બીજા પાસે એણે ભીખ માગી કે મને કોઈ મદદ કરો, મને કોઈ ઓથ આપો. મને કોઈ આગળ લાવો. મને કાંઈક માન-સન્માન આપો, મને કાંઈક આર્થિક મદદ કરો. જ્યાં જ્યાં જરૂર પડી ત્યાં એણે દીનતા કરી.

**'ચક્રવર્તી રસ્તેથી નીકળે તો અપરાધી જીવો ધ્રૂજી ઊઠે છે,...'** જે સામાજીક અપરાધ કરનારા હોય છે ચોર વગેરે, ચોર, લૂંટારા એ ચક્રવર્તીનું સૈન્ય (ચક્રવર્તી) પોતાના સૈન્ય સાથે નીકળે છે એકલો અટૂલો નથી નીકળતો. જે રસ્તેથી નીકળવાનો હોય ત્યાંથી આઘા રહે છે કે અહીંથી રાજા પસાર થવાના છે, આપણે અહીંયાં આટલામાં રહેવું જોઈએ નહીં. નકામું કોઈની નજરે ચડી જશું. શંકા પડશે તોપણ અંદર કરી દેશે. દૂર રહે છે ત્યાંથી.

ચક્રવર્તી જે રસ્તેથી નીકળે તે રસ્તે પણ ઇ ન રહે. **'અપરાધી જીવો ધ્રૂજી ઊઠે છે, તો આ તો ત્રણ લોકનો બાદશાહ-ચૈતન્યચક્રવર્તી ! તેની પાસે જડ કર્મો ઊભાં જ ક્યાંથી રહે ?'** અપરાધના નિમિત્તે જેનો સંયોગ થયો છે. જડ કર્મો કેવા છે ? કે અપરાધના નિમિત્તે જેનો સંયોગ થયો છે. અપરાધની સાક્ષી પૂરનારા છે, અપરાધનો એ પુરાવો છે. કર્મ બાંધ્યા છે, બંધાયા છે એ જીવના અપરાધનો પુરાવો છે. પછી શુભ હોય કે અશુભ હોય. પણ એ જીવનો અપરાધ છે, એ દોષ છે. ચૈતન્ય ચક્રવર્તી નિર્દોષ પરમાત્મા જાગે, એ સૂતો છે ત્યાં સુધી ભલે ગમે તેટલા આવે પણ એ જાગે પછી ક્યાંથી ઊભા રહે ? કે ઊભા રહી શકતા નથી.

સામાન્ય રીતે લોકો એવું વિચારે છે કે પાપ છે તે અપરાધ છે, પુણ્ય છે એ કાંઈ અપરાધ નથી. અને તેથી પુણ્ય દ્વારા પાપ ટાળવા માંગે છે. બીજું, આ વિષયના ઊંડાણની, આ વિષયના વિજ્ઞાનની ખબર નથી એટલે પુણ્યે પાપ ઠેલવ્યું. પુણ્યથી પાપને ટાળવું. પણ મૂળમાંથી કદી પાપનો નાશ એ રીતે નથી થતો. કેટલાક તીવ્ર શુભરસના પરિણામને લીધે કેટલાક પાપ કર્મોની પ્રકૃતિનું સંક્રમણ થાય (અર્થાત્) પુણ્ય પ્રકૃતિમાં આવે. એવા મંદરસથી બાંધેલા હોય તો. પણ મૂળમાંથી પાપનો નાશ

એ રીતે થતો નથી.

'પરમાગમસાર'માં એક બોલ આવે છે. ભેદજ્ઞાનનો બોલ છે કે પાપની જડ, જડ એટલે મૂળ, ભેદજ્ઞાન વિના પાપની જડ કપાતી નથી. આવું એક વચન છે 'પરમાગમસાર'માં. આખા વચનામૃતમાં કોઈ કોઈ તો સૂત્ર જેવા ટુકડા હોય છે. પાપની જડ. ભેદજ્ઞાન વિના પાપની જડ કપાતી નથી. મૂળમાંથી પાપને કાપવું હોય તો એનો ઉપાય એકમાત્ર ભેદજ્ઞાન છે. એ સિવાય બીજો કોઈ ઉપાય નથી.

અહીંયાં કહે છે કે, **'આ તો ત્રણ લોકનો બાદશાહ - ચૈતન્યચક્રવર્તી !'** પોતે આત્મા, હોં ! ત્રણ લોકનો બાદશાહ પોતે. કોઈ સમ્યક્દૃષ્ટિ બહારમાં હીન પુણ્યના ઉદયને લઈને જગતની દૃષ્ટિમાં એકદમ સાધારણ જીવ તરીકે, સામાન્ય મનુષ્ય તરીકે એની ગણના થતી હોય. પ્રવૃત્તિ પણ એવી (હોય). આર્થિક પ્રયોજન માટે સાધારણ પ્રવૃત્તિ મજૂરી, નોકરી, ચાકરી એવી કોઈ પ્રવૃત્તિ હોય. દેખાવની અંદર પણ એવો દેખાવ હોય કે કાંઈ એના દેદાર ઉપર, દરહણ ઉપર ક્યાંય પુણ્ય ન દેખાતું હોય. અંદરમાં એની માન્યતા એમ હોય છે કે હું ચૈતન્ય ચક્રવર્તી ત્રણ લોકનો બાદશાહ છું ! બહારનું ખોખું-દેખાવ જુદો, અંદરનો એનો ભાવ જુદો. જબરદસ્ત ભાવ છે. ખ્યાલ છે એને કે હું જે છું એને લોકો ઓળખતા નથી. ખરેખર જે હું છું એને લોકો ઓળખતા નથી. લોકો આ શરીરને ઓળખે છે, શરીરને આશ્રિત જેટલા પુણ્ય છે એને ઓળખે છે. શરીર દૂબળું હોય, પાતળું હોય, કૂબડું હોય, કાણું હોય, કૂબડુ હોય, ગમે ઇ હોય પણ હું જે છું એને લોકો ઓળખતા નથી. તો એને કાંઈ એનો અફસોસ નથી. ઠીક છે. ઓળખાવીને કામ પણ મારે નથી. મારે મારી ઓળખાણ આપીને કોઈ કામ નથી, કોઈ પ્રયોજન નથી, એવી કોઈ જરૂરત પણ નથી. હું જે છું તે છું. ત્રણ લોકનો બાદશાહ છું, ત્રણ લોકનો નાથ હું છું.

મુમુક્ષુ :– લોકો ના પાડે તો ?

પૂજ્ય ભાઈશ્રી :– લોકોને કહેવડાવવાની ક્યાં જરૂર છે. લોકોના Certificate ની કાંઈ જરૂર નથી. લોકો માને તો સાચું અને નહીંતર ખોટું એવું તો કાંઈ છે જ નહીં.

મુમુક્ષુ :– 'સોગાનીજી' કહે છે, ફૂલ જંગલમાં હોય કે બાગમાં હોય.

પૂજ્ય ભાઈશ્રી :– બહુ સરસ બોલ આવ્યો છે. ફૂલ જંગલમેં હો યા બાગમેં. એ ફૂલની સુંદરતા પોતાને લઈને છે, એની સુગંધ પોતાને લઈને છે. ઇસકો કોઈ

સુંઘે યા નહીં સુંઘે. તેથી કાંઈ કિંમત એની વધી-ઘટી જાય છે એવું કાંઈ નથી. એવા સબળ પરિણામ હોય છે. પોતાના આત્માનો આધાર લેનાર સાધકજીવના પરિણામ- ધર્મીજીવના પરિણામ એવા બળવાન પરિણામ હોય છે કે જગતમાં એને કોઈની પરવા કરવાનો પ્રશ્ન રહેતો નથી. એવા જબરદસ્ત પરિણામ હોય છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– ચક્રવર્તી રાજા છે ને એટલે .. ચક્રવર્તી તો મિથ્યાદૃષ્ટિ પણ હોય. ચક્રવર્તી પોતે મિથ્યાદૃષ્ટિ હોય. બધા ચક્રવર્તી સમ્યક્દૃષ્ટિ હોય છે એ નિયમ નથી. છે ત્રેસઠ શલાકા પુરુષ. ત્રેસઠ શલાકા પુરુષ એટલે એક ચોવીસીની અંદર એવા ત્રેસઠ પુણ્યવંત પુરુષો થાય છે કે જે મોક્ષગામી હોય છે. ભાવિમાં એનો મોક્ષ નિશ્ચિત હોય છે. એવા ત્રેસઠ પુરુષો હોય છે. એમાં ચક્રવર્તી, વાસુદેવ, પ્રતિવાસુદેવ, નારદ એ બધા એમાં આવી જાય છે. નવ નારદ આવે છે. કોઈ ચક્રવર્તી સમ્યક્દૃષ્ટિ હોય છે તો કોઈ મિથ્યાદૃષ્ટિ પણ હોય છે. આમેય ચક્રવર્તી એટલો પુણ્યવંત છે કે પેલા જે અપરાધ કરનારા જીવો છે એ તો પાપી જીવો છે. એનો ઉદય પણ પાપનો છે, એના પરિણામ પણ પાપના છે. એ ધ્રૂજે, એના હાંજા ગગડી જાય કે અહીંથી આઘા રહો આપણે. અહીંથી ચક્રવર્તી નીકળવાના છે. આ અત્યારે 'રાજીવ ગાંધી' ચક્રવર્તી આગળ તો કાંઈ નથી.

મુમુક્ષુ :– રાજા નીકળે તોપણ...

પૂજ્ય ભાઈશ્રી :– એની Security કેટલી છે ? કે માઈલ-બેમાઈલમાં બધે ક્યાંય કોઈ અપરાધીને રહેવા દેવામાં આવે નહીં કે પ્રવેશ કરવા દેવામાં આવે નહીં. એનું નિવાસસ્થાન હોય ત્યાં બે માઇલ આસપાસના રસ્તા બંધ કરેલા હોય. છે કે નહીં ?

મુમુક્ષુ :– ચક્રવર્તી હોય તો...

પૂજ્ય ભાઈશ્રી :– ઇ તો બધો દેશકાળ અનુસાર છે. એની ક્યાં ચર્ચા કરવી. એ બધું વર્તમાન દેશકાળ અનુસાર છે. ચક્રવર્તીને એવા હીનપુણ્ય હોતા નથી કે કોઈ આતંક ફેલાવી શકે. આ તો એવા હીનપુણ્યશાળી જીવો સત્તા ઉપર છે. જેની કોઈ સલામતી નથી, એની પોતાની સલામતી નથી. એના ઘરમાં છે કે કેમ એ સવાલ છે. એના ઘરમાં... ઇ જ પદ ઉપર એની માતા હતી. જે વડાપ્રધાનનું પદ છે એના ઉપર, એ જ પદ ઉપર એની માતા હતી. એના જ ઘરમાં એને મારી છે. એના ઘરમાં

એની સલામતી નથી. એવું હીન પુણ્ય ચક્રવર્તીનું નથી હોતું. ઇ પુણ્ય તો અત્યારે કોઈનું જોવા મળે એવું નથી. એ પુણ્યનો પ્રકાર અહીંયાં જોવા મળે એવો નથી. એટલું બધું ઉત્કૃષ્ટ પુણ્ય છે. મનુષ્ય ગતિમાં મનુષ્યને જે પ્રકારના પુણ્ય હોય એમાં સર્વોત્કૃષ્ટ પુણ્ય ચક્રવર્તીના છે અને દેવમાં સર્વોત્કૃષ્ટ પુણ્ય ઇન્દ્રનું છે.

આ તો સંપ્રદાયની અંદર કર્મથી બહુ ડરાવ્યા છે. બરાબર છે ? કર્મથી એટલા બધા ડરાવ્યા છે, એટલા બધા ડરાવ્યા છે કે છેવટે હાથ જોડીને એની પૂજા કરાવી છે કે આની પૂજા કરો, નડે નહીં આપણને. આઠ કર્મની પૂજા કરો, અંતરાય કર્મની પૂજા કરો, ફલાણા કર્મની પૂજા કરો. એ બધો ખોટો રસ્તો છે.

તું ચૈતન્ય ચક્રવર્તી બાદશાહ છો એની પૂજા કર. જડ કર્મો ઊભા નહીં રહે એમ કહે છે. બલવાન કો સબ સાથ દેતે હૈં. બળવાનને બધા સાથ આપે. પોતે બળવાન જોઈએ તો આપોઆપ એની પાછળ બધા ચાલ્યા આવે.

'ગાંધીજી' માટે એમ કહેવાય છે કે કોઈનો ટેકો માગવા નહોતા જતા. તમે મને મત આપજો, મને તમે ટેકો આપજો, મારા ટેકેદાર તરીકે તમે રહેજો. એને ટેકો આપનારા હોય તોપણ ઇ એની મસ્તીમાં ચાલે, સામું પણ ન જોવે, વાત કરતા હોય તો. એટલી એને પોતાને પોતાની પ્રતીતિ હતી. પોતાની શક્તિની એને પ્રતીતિ હતી. અહીંયાં તો અનંત શક્તિનો ધણી આત્મા છે. એની પ્રતીતિ આવે એનું ભવન ફરી જાય છે-એનું પરિણમન ફરી જાય છે.

**'જડ કર્મ** તો **ઊભાં જ ક્યાંથી રહે ?'** એમ કહે છે. ઇ તો ચાલવા જ માંડે છે, આપોઆપ ચાલવા માંડે છે. જેમ આપોઆપ આવ્યા હતા, પોતે નબળો થયો પરિણામમાં ત્યારે આપોઆપ આવ્યા હતા. પોતે પરિણામમાં સબળો થતા, પોતાના સબળ સ્વરૂપને આધારે સબળો થતા આપોઆપ ચાલવા માંડ્યા. એને કાઢવા માટે કોઈ કાર્ય કે કોઈ નવો પ્રયત્ન, કોઈ પૂજા કે ભક્તિ કાંઈ કરવું પડતું નથી. એમ કહીને એ કહેવી છે વાત કે કર્મથી ભયભીત થવાની કોઈ જરૂરિયાત નથી. તું નાહકનો, મફતનો કર્મથી ભયભીત થઈ રહ્યો છે પણ કર્મથી ભયભીત થવાની કોઈ જરૂરિયાત નથી.

'યોગસાર'માં ગાથા આવે છે કે સમ્યક્દૃષ્ટિ જીવ દુર્ગતિ પામતો નથી. એટલે નવી ગતિ તિર્યંચની કે નરકની બંધાતી નથી. જો કદાચ પૂર્વકર્મને લઈને દુર્ગતિમાં

જાય, આયુષ્ય બંધાઈ ગયું હોય અને એ જો જાય તો પૂર્વકર્મ ક્ષય થાય. સમ્યક્દૃષ્ટિ જીવ કદી દુર્ગતિ એ ન જાય. કદાચ પૂર્વકર્મના ઉદયથી દુર્ગતિ થઈ હોય તો એ પૂર્વકર્મ ક્ષય થાય. દુર્ગતિ થાય ને ત્યાં દુઃખી થાય એમ નથી લીધું પણ એનું પૂર્વકર્મ ક્ષય થઈ જાય છે. એ ગતિ અપેક્ષાએ વાત છે. પણ તમામ પ્રકારના અશુભકર્મો છે કે જે અશુભકર્મના ઉદયથી જીવને સંસારમાં દુઃખ થાય છે તેવા તમામ પ્રકારના જે અશુભકર્મ છે એ અશુભકર્મની પ્રકૃતિ નવી બંધાતી એને બંધ થાય છે. કેમકે મૂળમાં મિથ્યાત્વની જે અશુભ પ્રકૃતિ છે એ મૂળ પ્રકૃતિનો નાશ થયો. એટલે ઉત્તર પ્રકૃતિમાં પણ બધે ફેર પડે છે. ત્યાં સુધી કે પ્રમાદ, કષાય અને યોગ એ ચાર જે બંધના હેતુ રહ્યા, મિથ્યાત્વ ગયું પછી પ્રમાદ, કષાય ને યોગ જે ચાર.. એ ચારે ચારમાં ફેર પડે છે.

મિથ્યાત્વ સહિતના પ્રમાદ, કષાયને યોગના નિમિત્તે કર્મ બંધાય અને મિથ્યાત્વનો નાશ થયા પછી જે પ્રમાદ, કષાય ને યોગના નિમિત્તે કર્મ બંધાય એ બધામાં ફેર છે. મોટો ફેર છે. એટલે એને તીવ્ર અશુભ થતું નથી. અથવા કોઈ પૂર્વ જે તીવ્ર અશુભ કર્યું હોય એ ઉદયમાં આવે તો સમ્યક્દૃષ્ટિ દુઃખી થતા નથી. એ કર્મોનો એને ક્ષય થાય છે. એમ સમુચ્ચય સિદ્ધાંત એમ છે. ત્યાં માત્ર ગતિ નામકર્મથી વાત કરી છે પણ સર્વ કર્મની પ્રકૃતિથી લઈ લેવું. ગતિ લેવાનું કારણ એ છે કે ગતિ નથી બદલાતી. એકવાર જો ગતિ પડી ગઈ હોય એ ગતિ નથી બદલાતી. ('શ્રેણિકરાજા'ને નરકગતિનું) આયુષ્ય પડ્યું હતું પણ હજી ઉદય નહોતો આવ્યો એટલે આયુષ્યમાં ફેર પડ્યો પણ ગતિમાં ફેર ન પડે. એ નિદ્ધત નિકાચિત્ છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– હા, બરાબર છે. ઉપસર્ગ કરેલો તો ગતિ ન ફરી, નરક ગતિ એમનેમ રહી. આયુષ્ય ફર્યું, ક્ષેત્ર ફર્યું એ બધું ફર્યું, ગતિ ન ફરી. એટલે ગતિનું ઉત્કૃષ્ટ દૃષ્ટાંત આપ્યું છે. ગાથાની અંદર ઉત્કૃષ્ટ સિદ્ધાંત આપ્યો છે. પણ એ અનુસાર સમજી જવું. કે સમ્યક્દૃષ્ટિને કોઈ પૂર્વ અશુભભાવે બાંધેલા કર્મનો ઉદય આવે તો એ ક્ષય થવા અર્થે છે. એમાં એ કર્મનો ઉદય એને દુઃખ પહોંચાડે છે કે દુઃખી કરે છે એવો વિચાર કરવા યોગ્ય નથી કે એવું સમજવા યોગ્ય નથી. એમ છે.

મુમુક્ષુ :– સમ્યક્દૃષ્ટિ દુર્ગતિએ જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– એમણે એમ જ લીધું છે કે સમ્યક્દૃષ્ટિ જીવ કદી દુર્ગતિએ ન જાય. કદાચ પૂર્વકર્મને લઈને જાય તો એનો એને દોષ નથી. પૂર્વકર્મને લઈને દુર્ગતિમાં જાય તો એનો એને દોષ નથી. તેમ કોઈ પાપ કર્મનો ઉદય સમ્યક્દૃષ્ટિ જીવને આવે તો એનો એને દોષ નથી એ ક્ષય થવા માટે આવ્યો છે એમ કીધું. એ ગતિમાં ફરીને એવી ગતિ બંધાય એવા માઠા પરિણામ એને નહીં થાય. એટલે એ તો હિસાબ ચોખ્ખો થયો-પહેલાનો હિસાબકિતાબ સાફ થયો.

મુમુક્ષુ :- સુગતિના રસ્તે છે.

પૂજ્ય ભાઈશ્રી :- સુગતિના રસ્તે છે, એ તો પંચમ ગતિના રસ્તે છે. જગતની અંદર તો બે દુર્ગતિ ને બે સુગતિ કહેવાય છે. દેવ-મનુષ્ય છે એને સુગતિ કીધી છે અને પેલી દુર્ગતિ કીધી છે. પરમાર્થે તો ચારેય દુર્ગતિ છે. એક પંચમગતિ છે એ જ સુગતિ છે. આવે છે ને માર્ગણામાં ? ગતિ માર્ગણા આવે છે. ચૌદ માર્ગણાસ્થાન છે ને ? એમાં જ્ઞાન માર્ગણા, સમ્યક્ત્વ માર્ગણા, ગતિ માર્ગણા એ બધી માર્ગણા આવે છે. ચૌદ ગુણસ્થાન, ચૌદ માર્ગણાસ્થાન, ને ચૌદ જીવસ્થાન (એમ) બેંતાલીસ સ્થાન લીધા છે. તે એકપણ જીવને નથી.

'સમયસાર'માં ગાથા આવે છે કે એકપણ જીવને નથી. પચાસથી પંચાવન ગાથામાં ઓગણત્રીસ બોલમાં આ ત્રણ બોલ છે. એક એક બોલના ચૌદ ભેદ છે. ગતિમાર્ગણાના બોલમાં 'ગુરુદેવ' જ્યારે પ્રવચન કરતા હતા એકવાર ત્યાં એમ કહેતા હતા કે ચાર ગતિ તો જીવને નથી પણ અહીં તો એવા જીવ તત્ત્વની વાત ચાલે છે કે જેને પંચમગતિ પણ લાગુ પડતી નથી. પંચમગતિ તો સુગતિ છે ને ! મોક્ષગતિ છે ને ! આ જીવને લાગુ નથી પડતી. એવો ચૈતન્ય ચક્રવર્તી બાદશાહ છે. પંચમગતિની પરવા કરે એવો નથી. ચાર ગતિના કર્મની ભીખ માગે કે મને દેવપદ મળજો, મને રાજપદ મળજો, મને ફલાણી સત્તા મળજો... એ તો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– શ્રીમદ્જીએ કીધું ને મને મોક્ષ પણ જોઈતો નથી...

પૂજ્ય ભાઈશ્રી :– પહેલા જ કહ્યું હતું. 'શ્રીમદ્જી'ને પહેલા જ યાદ કર્યા હતા કે, જેને જૈનનું કેવળજ્ઞાન નથી જોઈતું એને તું શું દેવાનો હતો ? ઈશ્વરને સંબોધીને એમ કહ્યું છે. લોકો જગતકર્તા ઈશ્વર માને છે, ઈશ્વર કલ્યાણ કરી દે એમ માને છે. બીજો ઇશ્વર મારું કલ્યાણ કરે એવો (હું નથી).

એવા ચૈતન્યની મહિમાની વાતો સર્વજ્ઞ ભગવાને શ્રોતાઓને સંભળાવી છે કે અમે ભગવાન અને તમે અમારા ભક્તો એ વાત મૂળમાં જ નથી. અમે પણ ભગવાન અને તમે પણ ભગવાન. 'સમયસાર'ની પહેલી ગાથામાં 'અમૃતચંદ્રાચાર્યે' એ રીતે ટીકાની પદ્ધતિ લીધી છે. હું પણ સિદ્ધ અને તું પણ સિદ્ધ. મારા આત્મામાં સિદ્ધપદની હું સ્થાપના કરું છું, એ જ રીતે તારા આત્મામાં પણ હું સિદ્ધપદની સ્થાપના કરું છું. હું પોતે પોતાને બાદશાહ જોઉં છું અને બીજાને હું હલકા જોઉં છું, એ દૃષ્ટિ મારી નથી એમ કહે છે. બધાને એ સિદ્ધપદે જોવે છે. અમે તો બધાને સિદ્ધપણે જ દેખીએ છીએ. કેટલી વિશાળ દૃષ્ટિ છે અને કેટલી ઉદાર દૃષ્ટિ છે ! દૃષ્ટિની ઉદારતા કેટલી છે !!

મુમુક્ષુ :– એવું જોવાવાળા સિદ્ધ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– એવું જોવાવાળા સિદ્ધ થાય છે. એની દૃષ્ટિમાં એ સિદ્ધપદ જ રહ્યું, બીજું કાંઈ ન રહ્યું. બીજું જાણે છે એ ગૌણ કરી નાખે છે. જે મુખ્ય છે એને મુખ્ય રાખે છે, ગૌણ છે એને ગૌણ રાખે છે અને તે યથાર્થ જ છે. એ 'આનંદઘનજી'એ ગાયું છે એ એ જ પ્રકારે છે. 'ગુરુદેવ' બહુ કહેતા હતા એ વાત કે, 'પ્રભુ તુમ જાણગ રીતિ'. આ ભગવાનની જાણવાની આ રીતી નીતિ છે. 'પ્રભુ તુમ જાણ જ રીતી, સૌ જગ દેખતા હો લાલ..'. આખા જગતના તમામ જીવોને આપ તો પરમેશ્વર તરીકે જુઓ છો, આપ જ પરમેશ્વર છો અને આપ બધાને પણ પરમેશ્વર તરીકે જુઓ છો. આ તમારી જે જાણવાની રીતી છે..

મુમુક્ષુ :– ભવ્ય-અભવ્ય કાંઈ ન જોવે ?

પૂજ્ય ભાઈશ્રી :– ભવ્ય અભવ્ય કાંઈ જોતા નથી. ભવ્ય અભવ્ય તો અશુદ્ધ પારિણામિક છે. ૩૨૦ ગાથામાં લીધું ને ? ભવ્ય–અભવ્યપણું તો અશુદ્ધ પારિણામિક છે અને ભગવાન તો શુદ્ધ પારિણામિકને જુએ છે. અશુદ્ધ પારિણામિકને, અશુદ્ધતાને જોતા નથી. શુદ્ધ–પરમશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય જે જીવદ્રવ્ય છે એને જુએ છે. આ અશુદ્ધ દ્રવ્યાર્થિકનયનો વિષય છે. એટલે કે ખરેખર તો પર્યાયાર્થિકનયનો વિષય છે. અશુદ્ધ દ્રવ્યાર્થિક કહો પર્યાયાર્થિક કહો કે વ્યવહાર કહો. કેમકે ભવ્ય અને અભવ્ય મુખ્યપણું શેનું બતાવે છે ? પર્યાયની મુખ્યતા બતાવે છે. ભવ્યત્વ અને અભવ્યત્વ પર્યાયની મુખ્યતાથી વાત છે. એને પારિણામિક એટલો કીધો છે કે કોઈ એની સામે

કર્મની પ્રકૃતિ નથી. એટલે એને પારિણામિક કીધો છે. બાકી એ કાંઈ શુદ્ધ પારિણામિક નથી, જીવનું સ્વરૂપ નથી, ભવ્ય અભવ્યપણું એ જીવનું સ્વરૂપ જ નથી.

મુમુક્ષુ :– 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ...'

પૂજ્ય ભાઈશ્રી :– હા, 'નિજ સત્તાએ શુદ્ધ સૌને પેખતા હો લાલ..' 'આનંદઘનજી'નું પદ છે. તમે જે રીતે જુઓ છો, પરખો છો, પેંખો છો એટલે પરખો છો, તે બધાની શુદ્ધ સત્તા જુઓ છો. આ આપનું જે જ્ઞાન છે, આ જોવાનું આપનું જે જ્ઞાન છે એ જ્ઞાનની મહત્તા છે, એ જ્ઞાનની વિશેષતા છે. ભગવાનની સ્તુતિ કરે છે ને. 'આનંદઘનજી' પ્રસિદ્ધપણે થયા શ્વેતાંબર મતમાં. પણ આજે શ્વેતાંબર સંપ્રદાયમાં 'આનંદઘનજી'ને લોકો ભૂલી ગયા છે. છે 'આનંદઘનજી'ની વાત ક્યાંય ? સંભારે છે કોઈ ? સંભારતા નથી.

મુમુક્ષુ :– 'ગુરુદેવશ્રી' ઘણું સંભારતા.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તત્ત્વ છે ને. તત્ત્વ ગૂંથ્યું છે. મૂળ તત્ત્વ છે. 'આનંદઘનજી'ની વાત લઈએ તો બધું છોડી દેવું પડે એવું છે, એમણે બહુ પ્રહાર કર્યા છે. 'બાહ્ય ક્રિયા રુચિ જીવડા, ધર્મ ક્રિયા રુચિ હીન'. એમ ઘણી વાતોમાં પ્રહાર કર્યા છે. અત્યારે તો બાહ્ય ક્રિયાને આત્મા માનીને એટલા વળગ્યા છે કે એ જ સર્વસ્વ થઈ પડ્યું છે. એમણે પ્રહાર કર્યો છે એ વિષયમાં. એને તો એમ કહ્યું કે તું બાહ્ય ક્રિયા ઘણી કરે છો પણ ધર્મની રુચિ ? તો કહે છે, બિલકુલ નથી તારામાં. સીધો એને Minus આપી દીધો. Mark નથી આપ્યા કે થોડા તો Mark આપો. એવી બધી વાતો (કરી છે).

મુમુક્ષુ :– 'ઉપદેશક પણ એહવા...'

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઉપદેશક પણ એવા. ઉપદેશકને ફટકાર્યા છે. બહુ આકરું લાગે. એવો ઉપદેશ કરનારા, બાહ્ય ક્રિયાનો ઉપદેશ કરનારા એને ફટકાર્યા છે. જીવ ક્યાંથી નવીન એટલે સમ્યક્‌દર્શન જ્ઞાન ચારિત્ર ક્યાંથી પ્રગટ કરે ? શું કરે જીવ નવીન ?

મુમુક્ષુ :– આતમધ્યાન ધ્યાવે તે સાધુ, બાકી બધા લબાડ.

પૂજ્ય ભાઈશ્રી :– આકરું પડે. આત્મજ્ઞાનની મુખ્યતા કરીને બીજા બધાને લબાડ કહી દીધા છે. વેશધારી કહી દીધા છે. કઠણ પડે એવું છે. આત્મજ્ઞાનનો તો એક આંકો સૂઝે એવું નથી ત્યાં. સંપ્રદાયમાં આત્મજ્ઞાનનો વિષય તો લોપાઈ ગયો છે.

ત્રણેય સંપ્રદાયમાં આત્મજ્ઞાનનો વિષય ક્યાં ચાલે છે. આ તો 'ગુરુદેવ'ની દેન છે કે આપણે એ વિષય ઉપર રોજ સ્વાધ્યાય કરીએ છીએ, એનું અધ્યયન કરીએ છીએ. બાકી સંપ્રદાયમાં આ આત્મજ્ઞાનનો વિષય ચાલે છે ક્યાં ? જન્મ-મરણ છોડાવનાર તો આત્મજ્ઞાન છે. આત્મજ્ઞાન વિના કોઈના જન્મ-મરણ મટે એ તો ત્રણકાળ ત્રણલોકમાં સંભવિત નથી. એ વિષય જ નહીં ક્યાંય.

મુમુક્ષુ :- મહાપુણ્ય હોય ત્યારે 'ગુરુદેવ' મળ્યા નહિતર 'ગુરુદેવ' આ કાળમાં મળે ક્યાંથી ?

પૂજ્ય ભાઈશ્રી :- ખરી વાત છે. ૨૪૨ થયો.

**જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ-આત્મા છે. તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. ૨૪૩.**

૨૪૩. દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. દ્રવ્યદૃષ્ટિ કહો કે સમ્યક્દૃષ્ટિ કહો. જ્ઞાયક આત્મા જેનો વિષય '**જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહીં.**' શું કહે છે ? દ્રવ્યદૃષ્ટિનો વિષયભૂત આત્મા કેવો છે ? કે એક જ્ઞાયકભાવ છે. છઠ્ઠી ગાથામાં જે કહ્યો-એક જ્ઞાયકભાવ છે. શુભ-અશુભ પર્યાયો નથી લીધી. શુદ્ધ-અશુદ્ધ પર્યાય એનો વિષય નથી. અશુદ્ધપર્યાય તો એનો વિષય નથી પણ શુદ્ધ પર્યાય પણ એનો વિષય નથી. કેમકે એ કાંઈ દ્રવ્ય નથી. પર્યાય છે એ કાંઈ દ્રવ્ય નથી.

એક પદાર્થને વિશે દ્રવ્ય પર્યાયના સામાન્ય વિશેષના ભેદ પાડો તો સામાન્ય છે તે વિશેષ નથી, વિશેષ છે તે સામાન્ય નથી. ત્રિકાળ દ્રવ્ય સ્વભાવે છે તે એક પર્યાયરૂપે નથી, એક પર્યાય ત્રિકાળ દ્રવ્ય સ્વભાવે નથી. પછી તે પર્યાય શુદ્ધ હો કે અશુદ્ધ હો.

છઠ્ઠી ગાથામાં એ વાત લીધી છે. પ્રમત્ત-અપ્રમત્ત શબ્દ લીધો છે. શુભ અશુભ

નથી લીધો. પ્રમત્ત છે એ અશુદ્ધ પર્યાય છે, અપ્રમત્ત છે એ શુદ્ધ પર્યાય છે. છઠ્ઠા ગુણસ્થાન અને સાતમા ગુણસ્થાનની વાત લીધી. કેમકે આચાર્ય મહારાજ પોતે છઠ્ઠા સાતમા ગુણસ્થાને બિરાજમાન છે. વ્યવહાર અપેક્ષાએ, હોં ! નિશ્ચય અપેક્ષાએ તો ચૌદ ગુણસ્થાનથી પાર છે ત્યાં બિરાજમાન છે. પણ લોકો એમ જાણે છે કે આ અમારા આચાર્ય છે. આ અમારા દિગંબરના આચાર્ય છે. છઠ્ઠે સાતમે ગુણસ્થાને ઝુલી રહ્યા છે. ઝુલતા મુનિરાજ છે. તો આચાર્યદેવ ના પાડે છે કે નહીં, નહીં, નહીં. અમે કાંઈક બીજા છીએ. તમે માનો છો એવા અમે નથી.

એક બોલ આવી ગયો ને ? કોઈ પર્યાયવેશ આત્માને નથી. આત્માને ગૃહસ્થપણું નથી, આત્માને પંડિતપણું નથી, આત્માને મુનિપણું નથી, ત્યાગીપણું નથી. અરે...! આત્માને સિદ્ધપર્યાયનો વેશ પણ નથી. કેમકે એ પણ એક પર્યાય છે, શુદ્ધ પર્યાય છે. એનો વેશ નથી. વેશ વિનાની ચીજ છે.

**'જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે;...'** આ જ્ઞાયક છઠ્ઠી ગાથામાં જે શબ્દ નાખ્યો છે એ જ્ઞાયક શબ્દ પછી આખા 'સમયસાર'માં બધે આચાર્ય મહારાજે ટીકામાં એનો પ્રયોગ કર્યો છે. જ્ઞાયકનો પ્રયોગ કર્યો છે. 'નિર્જરા અધિકાર'માં પણ જ્ઞાયકપણાને લીધે, જ્ઞાયકપણાને લીધે, જ્ઞાયકપણાને લીધે (એમ કહ્યું છે).

આ ગ્રંથમાં પણ ભેદજ્ઞાનનો વિષય ચાલ્યો છે ત્યાં પાછળ લીધું છે કે આત્માનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો. જ્ઞાયક આત્માનો જ્ઞાયકપણે અભ્યાસ કરવો. હું જ્ઞાયક છું, એમ. જ્ઞાયકપણે એટલે જ્ઞાયકપણું મારામાં છે એમ અભ્યાસ એટલે એમ અનુભવવાનો પ્રયત્ન વારંવાર કરવો એને અભ્યાસ કહેવામાં આવે છે.

મુમુક્ષુ :– પારિણામિક ભાવ તો છએ દ્રદવ્યને છે માટે જ્ઞાયક આત્માને જ્ઞાયક જ કહેવો.

પૂજ્ય ભાઈશ્રી :– પારિણામિકભાવ તો છએ દ્રવ્યને છે. પણ આત્મા જ્ઞાયક છે એટલે પરમપારિણામિક છે. ૪૨૬ (બોલ) છે.

**'જ્ઞાયક સ્વરૂપ જ છે. જ્ઞાયક આત્માને બધાંથી જુદો - પરદ્રવ્યથી જુદો, પરભાવોથી જુદો-જાણવાનો પ્રયત્ન કરવો.'** આ તો પહેલો જ બોલ છે. ૪૧૫ કે એમ કાંઈક છે. ૪૧૯ છે.

**'હું જ્ઞાયક છું, હું જ્ઞાયક છું, વિભાવથી જુદો હું જ્ઞાયક છું...'** એમાં નીચે છે.

**'...ઊંડાણથી કર, શુભાશુભ ભાવથી જુદા જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ દઢ કરવી,...'** અથવા જ્ઞાયકની પ્રતીતિ કરવી હોય તોપણ જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને જ્ઞાયકની પ્રતીતિ કરવી. કેવી રીતે સમ્યક્દર્શન કરવું ? પ્રતીતિ એટલે દૃષ્ટિ-સમ્યક્દર્શન. જ્ઞાયકનો જ્ઞાયકપણે અભ્યાસ કરીને-પુરુષાર્થ કરીને. હું જ્ઞાયક છું એવો પુરુષાર્થ. જ્ઞાનદોરાથી સીધું જ્ઞાયક ઉપર જવાય છે. કેમકે એને સમાંતર છે એ. કાંઈ આડુંઅવળું જાવું પડતું નથી. જે જ્ઞાનમાં જ્ઞાન સ્વભાવ છે ત્યાંથી સીધો ત્રિકાળ જ્ઞાયક સ્વરૂપ, જ્ઞાયકપણે છું એમ પોતાનું હુંપણું, પોતાની હયાતી છે તેને ગ્રહણ કરવાની વાત છે. નથી ને લાવવાની વાત નથી. એ અભ્યાસ કરતાં એની પ્રતીતિ થાય છે. પ્રતીતિ થતાં તે જ કાળે જ્ઞાન અને ચારિત્ર પ્રગટ થાય છે.

પછી ૪૧૪ માં છે. ૪૧૪માં નીચેથી થોડું આગળ છે. **'ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે...'** એટલે હું જ્ઞાયક છું એમ ઊંડાણથી અભ્યાસ કરવામાં આવે. ઊંડાણમાં જ્યાં જ્ઞાયક છે ત્યાં. ત્યાંથી એને પકડવામાં આવે, ગ્રહણ કરવામાં આવે, એમ લેવું છે. **'ઊંડાણથી જ્ઞાયકપણાનો અભ્યાસ કરવામાં આવે તો અંદરથી બધું મળે છે. જેમ ભોંયરામાં જઈ યોગ્ય ચાવી વડે પટારાનું તાળું ખોલવામાં આવે તો નિધાન મળે અને દારિદ્ર ફીટે, તેમ ઊંડાણમાં જઈ જ્ઞાયકના અભ્યાસરૂપ ચાવીથી ભ્રાંતિરૂપ તાળું ખોલી નાખવામાં આવે તો અનંત ગુણરૂપ નિધાન પ્રાપ્ત થાય અને માગણવૃત્તિ મટે.'** પામરતા છૂટે. આ માગણવૃત્તિ છે. આ ચાવી બતાવી. જ્ઞાયકનો અભ્યાસ એ ચાવી છે. 'હું જ્ઞાયક છું' એમ જ્ઞાયકપણે ઊંડાણથી અભ્યાસ કરવો એ એક Master key છે. 'સમયસાર'માં એને જ્ઞાનમાત્ર, જ્ઞાયક કહીને જ્ઞાનમાત્ર લીધું. સાવધાની કરવી છે ને એકદમ. એટલે.

પ્રશ્ન :– ભ્રાંતિ એટલે મિથ્યાદર્શન ?

સમાધાન :– ભ્રાંતિ એટલે મિથ્યાદર્શન. જ્ઞાન અપેક્ષાએ ભ્રાંતિ કહે છે. ભ્રાંતિનો અર્થ શું છે ? કે પોતાને અનેક રીતે અન્યથા માન્યો છે. અનેક રીતે અન્યથા માન્યો છે, એક રીતે નહીં. હું ગૃહસ્થ છું, હું મનુષ્ય છું, હું પુરુષ છું, ફલાણો છું, ફલાણો ફલાણો એવા એણે પોતાના મૂળ સ્વરૂપને આડે એટલા બધા ભ્રાંતિના જાળાં ઊભા કર્યા છે કે એ જાળાં આગળ ચૈતન્યસૂર્ય દેખાતો નથી, જ્ઞાયકસૂર્ય દેખાતો નથી. ભ્રાંતિના જાળા છે એ બધા. ઇ જાળાંમાં ગૂંચવાણો છે. આમ કરું, આમ કરું, આનું આમ કરું,

આનું આમ કરું, આનું આ રીતે (કરું). એ ઉદયની અંદર જેટલા જેટલા ઉદય થયા એવા ઉદયવાળો હું. આમ ભ્રાંતિથી એને થઈ જાય છે. ભ્રાંતિ હોવાને લીધે જેવો જેવો ઉદય આવે એ ઉદયવાળો હું. અને એ ઉદયવાળો એ જાળાંમાંથી બહાર નીકળી શકતો નથી.

પ્રશ્ન :– પરમ પારિણામિક ભાવરૂપ...

સમાધાન :– હા, એમાંથી જ વાત ચાલી. આત્માનું જે મૂળ સ્વરૂપ છે-જ્ઞાયક સ્વરૂપ છે એ પરમ પારિણામિકભાવ સ્વરૂપ છે આત્મા. ભવ્ય–અભવ્યનો પ્રશ્ન ચાલ્યો ને એમાં પરમ પારિણામિકભાવ.. મૂળ સ્વરૂપ. અનાદિઅનંત એકરૂપ રહેતું ધ્રુવ સ્વરૂપ. અનંત ગુણનું નિધાન એકરૂપ એને પરમ પારિણામિકભાવ કહેવામાં આવે છે. સ્વભાવભાવની અપેક્ષાએ એને પરમ પારિણામિકભાવ કહે છે. જે દ્રવ્યદૃષ્ટિનો વિષય છે, સમ્યક્દૃષ્ટિનો એ વિષય છે. એ પરમપારિણામિકભાવ, પરમાર્થ આત્મા, પ્રયોજનભૂત આત્મા એ છે.

મુમુક્ષુ :– વિષયોને પણ હેય જાણીને છોડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિષયોને પણ હેય જાણીને છોડે છે. હેય એટલે ત્યાગવા યોગ્ય. ઉયાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય.

પ્રશ્ન :– નિરર્થક એટલે ?

સમાધાન :– નિરર્થક એટલે નકામા. અર્થ વિનાના, પ્રયોજન વિનાના. જે નકામું છે તે છોડવા જેવું છે. નકામું છે એ તો ગ્રહણ કરવા જેવું નથી એટલે હેય છે. હેય એટલે ત્યાગવા યોગ્ય. હેય, જ્ઞેય અને ઉપાદેય ત્રણ બોલ છે. જ્ઞેય એટલે જાણવાયોગ્ય, ઉપાદેય એટલે ગ્રહણ કરવા યોગ્ય અને હેય એટલે છાંડવા યોગ્ય, છોડવા યોગ્ય. એને હેય કહે છે.

પ્રશ્ન :– ભાવશ્રુતજ્ઞાન એટલે ?

સમાધાન :– ભાવશ્રુતજ્ઞાન એટલે આત્માના સ્વભાવભાવનું શ્રુતજ્ઞાન (થાય) તેને ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. જ્ઞાનના પાંચ ભેદ છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યયજ્ઞાન અને કેવળજ્ઞાન. એમાં જે શ્રુતજ્ઞાન છે એ શ્રુતજ્ઞાન જ્યારે પોતાના નિજ જ્ઞાયક ભાવનું જ્ઞાન કરે છે ત્યારે એને ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. શાસ્ત્રજ્ઞાનને દ્રવ્યશ્રુત કહેવામાં આવે છે. શાસ્ત્રને પણ દ્રવ્યશ્રુત કહેવામાં આવે

છે. આત્માના જ્ઞાનને ભાવશ્રુતજ્ઞાન કહેવામાં આવે છે. આત્મજ્ઞાન કહો, ભાવશ્રુતજ્ઞાન કહો, જૈનશાસન કહો બધું એક જ છે.

પ્રશ્ન :– અનેકાંત એટલે ?

સમાધાન :– અનેકાંત એટલે અનેક. અંત એટલે ધર્મ. અનેક... અંત એટલે ધર્મ, અનેકાંત એટલે અનેક ધર્મ. આત્મા અનેકાંતસ્વરૂપ છે. એટલે આત્મા અનેક ધર્મસ્વરૂપ છે. એક ધર્મ આત્મામાં નથી. જ્ઞાન એક ધર્મ છે, દર્શન એક ધર્મ છે, ચારિત્ર એક ધર્મ છે, આનંદ એક ધર્મ છે તો એવા કેવા ? કે એવા અનંત ધર્મ સ્વરૂપ આત્મા છે. એને આત્મા અનેકાંતમય અનેક ધર્મ સ્વરૂપ છે એમ કહેવાય છે. આપણે અહીંયાં એક 'જૈન સિદ્ધાંત પ્રવેશિકા' નામનું પુસ્તક છે. એની અંદર બધા અર્થની પરિભાષા છે.

મુમુક્ષુ :– કોઈક ન નીકળે.

પૂજ્ય ભાઈશ્રી :– બાકી લગભગ મળી જાય. અને ન નીકળે એ પૂછી લેવું.

મુમુક્ષુ :– જાણન પર્યાય ?

પૂજ્ય ભાઈશ્રી :– જાણન પર્યાય એટલે માત્ર જ્ઞાતાદૃષ્ટાપણે રહેનારી જ્ઞાનની પર્યાય તેને જાણન પર્યાય કહે છે. જાણન એટલે માત્ર જાણવું. જાણીને ઇષ્ટ–અનિષ્ટ કરે તે જાણન પર્યાય નહીં.

પ્રશ્ન :– જાણનગુણ એટલે ?

સમાધાન :– જાણનગુણ એટલે જ્ઞાનગુણ. જ્ઞાનગુણ.... બાવીસમો બોલ છે ને ? બાવીસ નંબરનો બોલ છે ને ? જાણનગુણ અને જાણનપર્યાય બાવીસમો બોલ છે ને ? આત્માને ઓળખવા માટેની વિધિ છે એની અંદર. જાણનપર્યાય અને જાણનગુણ બાવીસમો બોલ ત્યાં નહીં, 'પરમાગમસાર'માં. 'પરમાગમસાર'નો બાવીસમો બોલ છે. જાણનપર્યાય અને જાણનગુણ ત્યાં અનંત ગુણ છે અને અનંત ગુણોની પર્યાય પણ છે. જ્યાં જાણનપર્યાય છે ત્યાં અનંત ગુણની પર્યાય છે જ્યાં જ્ઞાનગુણ છે ત્યાં અનંત ગુણ છે. એ રીતે જાણનપર્યાય અને જાણનગુણથી અનંત ગુણ અને અનંત પર્યાયવાળો આત્મા કેવો છે એને ઓળખવો. એ વાત ચાલે છે. જાણન એટલે જાણનાર.

પ્રશ્ન :– અનેકાંતમાં હું મારાપણે છું અને પરપણે નથી...

સમાધાન :– હા, એ તો એના ફળ સ્વરૂપે ભેદજ્ઞાન કરવામાં આવે છે. ભેદજ્ઞાન કરવામાં આવે છે. અનેકાંતનો શબ્દાર્થ એવો છે-અંત એટલે ધર્મ, અનેક એટલે એક

નહીં તે. અનેક ધર્મસ્વરૂપ વસ્તુ છે. અનેક ધર્મસ્વરૂપ. દરેક વસ્તુ અનેકાંત છે. પુદ્ગલ પણ અનેકાંત સ્વરૂપ છે, જીવ પણ અનેકાંત (સ્વરૂપ) છે. અંત એટલે ધર્મ.

પ્રશ્ન :– નિજ સ્વરૂપનો ઉપયોગ એટલે ?

સમાધાન :– નિજ સ્વરૂપનો ઉપયોગ એટલે આત્મસ્વરૂપ. એનો ઉપયોગ એટલે એને અવલંબીને થતો જ્ઞાનનો વેપાર, એને ઉપયોગ કહે છે. જ્ઞાનના વ્યાપારને ઉપયોગ કહે છે. નિજ સ્વરૂપને અવલંબીને જે ઉપયોગ થાય એમાં નિરાકુળ સુખની ઉત્પત્તિ થતી હોવાથી એને જ સુખ કહ્યું છે. એ નિરુપાધિકભાવ છે. નિરુપાધિક સ્વરૂપ એવું જે નિજ સ્વરૂપ, એનો ઉપયોગ એટલે તદાકાર જ્ઞાનનો પરિણામ. એમાં નિરુપાધિકભાવ હોવાથી એને સુખ કહ્યું છે. એ જ સુખ છે અને તે બધા જીવો કરી શકે છે. આબાળગોપાળ એટલે બધા જીવો કરી શકે છે. કોઈને માટે એનો નિષેધ કરી શકાય નહીં. તમે અન્યમતમાંથી આવો છો માટે તમને જૈનધર્મના નહીં ગણીએ એવો સંપ્રદાયબુદ્ધિનો આ વિષય નથી.

મુમુક્ષુ :– આબાળગોપાળ એટલે સર્વ જીવો.

પૂજ્ય ભાઈશ્રી :– સર્વ જીવો. આબાળગોપાળ એટલે નાના-મોટા બધા. આપણે એમ કહીએને કે આબાળગોપાળ બધા આવો, બેસો અહીંયાં. નાના-મોટા બધા સર્વ જીવ કરી શકે છે. વ્યાપક અર્થ એનો એ છે કે સર્વ જીવ તે કરી શકે છે.

પ્રશ્ન :– એક આત્માને જાણતા સર્વ જણાય છે. કેમકે આત્માનો સર્વને જાણવાનો સ્વભાવ છે. આત્માનો સ્વપરપ્રકાશક સ્વભાવ છે. સ્વને જાણતા બધા જણાય જાય છે.

સમાધાન :– બરાબર.

પ્રશ્ન :– સ્વ એટલે ?

સમાધાન :– પોતે.

પ્રશ્ન :– એ પરને એટલે સર્વને.

સમાધાન :– સર્વને જાણી શકે છે. પરનો આધાર નથી લેવાનો. આધાર સ્વનો લેવાનો છે.

પ્રશ્ન :– આધાર સ્વ છે.

સમાધાન :– એ પોતાનો આધારભૂત વિષય છે. સ્વના આધારે સ્વને જાણતા પર આપોઆપ જણાય જાય છે, પરનો આધાર લેવાની જરૂર નથી પડતી.

પ્રશ્ન :- જાણી જાય છે એટલે...

સમાધાન :- જાણી જાય છે એટલે બધા જ્ઞેયોનું પ્રતિબિંબ પડે છે. જડ-ચેતનનું પ્રતિબિંબ બધું પડે છે આત્મામાં.

પ્રશ્ન :- જડને એ જાણી લ્યે છે ?

સમાધાન :- ના, જડને પણ જાણી શકે છે. કારણ કે પ્રતિબિંબ પડે છે ને. એટલે એને જાણે છે એમ કહ્યું. પ્રતિબિંબ પડે એનું નામ જાણવું. ચૈતન્યમાં પ્રતિબિંબ પડે ત્યારે એને જાણ્યું એમ કહેવાય. કેમ ? કે જેવું છે એવું એ જ્ઞાનને પ્રસિદ્ધ કરે છે.

પ્રશ્ન :- સ્વ પોતે પોતાને જાણે ને ?

સમાધાન :- હા, પોતે પોતાને જાણે છે.

પ્રશ્ન :- તો એ રીતે પોતાપણે જડને જાણે ?

સમાધાન :- નહીં, નહીં. જડમાં પોતાપણું ... પોતે ચૈતન્ય છે. જડ છે એ વિજાતીય પદાર્થ છે. ચૈતન્યથી જડ છે એ વિજાતીય પદાર્થ છે. જેમાં જાણવું નથી. આ લાકડું જડ છે તો આમાં જ્ઞાન નથી. જડ-ચેતનમાં ફેર શું ? કે ચેતનમાં જ્ઞાન છે અને જડમાં જ્ઞાન નથી. આ બે વચ્ચે ફેર છે. જેમાં જ્ઞાન નથી. બીજા અનંત ગુણ છે પણ જ્ઞાન નથી. આત્મામાં પણ બીજા અનંત ગુણ છે પણ જ્ઞાન છે. આ જ્ઞાનથી જુદું પડે છે. જડ ચેતન છે એ જ્ઞાન વિશેષતાથી જુદું પડે છે.

પ્રશ્ન :- આત્માનું બળ એટલે કે વીર્ય એમાં એવી તાકાત છે કે તે આત્મસ્વરૂપની રચના કરે છે.

સમાધાન :- આત્મસ્વરૂપની રચના કરે છે. બરાબર છે.

પ્રશ્ન :- અને તે જ તેનો સ્વભાવ છે. તે વિકારને રચે કે પરને રચે...

સમાધાન :- એ એનો સ્વભાવ નથી.

પ્રશ્ન :- ન રચે તેવું વીર્યનું સ્વરૂપ... આત્મસ્વરૂપની રચના અંગે બીજા પદાર્થ.

સમાધાન :- ના પાડી ને. ઇ તો ના પાડી. જડને ન રચે કે વિકારને ન રચે એવું આત્મસ્વરૂપનું વીર્ય છે. પણ પોતાના સ્વરૂપને રચે, રચે એટલે આત્માને નવો બનાવે એમ નહીં, આત્મા તો અનાદિઅનંત છે પણ પર્યાયમાં જેવો આત્મા છે એવી જ પર્યાય થાય એને આત્માને રચે એમ કહ્યું ત્યાં.

મુમુક્ષુ :- એટલે આત્માને જાણે.

પૂજ્ય ભાઈશ્રી :– આત્માને જાણે અથવા જેવા અનંત ગુણ છે એવા જ આત્માની પર્યાયમાં અનંત ગુણની પર્યાય પ્રસિદ્ધ થાય. દ્રવ્ય જેવી જ પર્યાય પ્રસિદ્ધ થાય એવું બળવાનપણું જે ગુણમાં છે તેને આત્મવીર્ય, ચૈતન્યવીર્ય કહેવામાં આવે છે.

પ્રશ્ન :– એ એક જ ગુણ લાગુ પડે.

સમાધાન :– આત્મામાં અનંત ગુણ છે પણ આ ગુણનું શું કામ છે એમ લીધું.

મુમુક્ષુ :– વીર્યગુણ કીધો ને...

પૂજ્ય ભાઈશ્રી :– વીર્યગુણ એની ઉત્પત્તિ કરે છે, શુદ્ધ પર્યાયની ઉત્પત્તિ કરે છે. ટૂંકામાં કહીએ તો આત્માને રચે એટલે જેવો શુદ્ધાત્મા છે એવી શુદ્ધ પર્યાયની ઉત્પત્તિ વીર્ય નામ પુરુષાર્થથી થાય છે. એને બીજી ભાષામાં પુરુષાર્થ કહે છે. આત્માના પુરુષાર્થથી આત્માની શુદ્ધિ પ્રગટ થાય છે એમ લેવું. પણ આત્માના પુરુષાર્થથી વિકારની ઉત્પત્તિ થાય છે કે આત્માના પુરુષાર્થથી જડના કાર્યોની ઉત્પત્તિ થાય છે એવો આત્મામાં પુરુષાર્થ નથી એમ કહેવું છે. એમ કહેવું છે પુરુષાર્થ કહેવું છે. ટાઈમ થયો છે.

**વર્તમાન આખા ભવ પ્રત્યે (તીવ્ર મુમુક્ષુ) જ્ઞાની ઉદાસ છે. એક આત્માની જ અપેક્ષિત વૃત્તિ થઈ ગઈ હોવાથી અન્ય સર્વ ઉપેક્ષાનો વિષય સહજપણે થઈ જાય છે. તેથી જ્ઞાની ભવ-ઉદાસી છે. ઉદય પ્રસંગો તો ભવના પેટાભેદ છે, તેથી તેમાં તન્મયતા થતી નથી. 'મનુષ્યપણું તે મારૂં સ્વરૂપ નથી, પરવસ્તુ છે; તેથી હેય છે.' ત્યાં ઉદયની ઉપાધિ ઉત્પન્ન થતી નથી. ઉપાધિ સહિતપણામાં દુઃખ છે અને ઉપાધિ રહિતપણામાં સુખ છે. તેથી જ્ઞાની સુખી છે. તેમને પોતાનો સુખસ્વભાવ પણ 'અનુભવ પ્રત્યક્ષ' છે. તેથી બહારના ખેંચાણરૂપ આકુળતા નથી.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૧૮)**

**જ્ઞાયક આત્મા નિત્ય અને અભેદ છે; દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ. પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ-આત્મા છે. તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. ૨૪૩.**

**તા. ૧૧-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૪૩,૨૪૪**
**પ્રવચન નં. ૧૯૪**

શ્રદ્ધાનમાં આવતો આત્મા-પોતાનું સ્વરૂપ અભેદ છે. જ્ઞાયક આત્મા અભેદ છે. અને નિત્ય છે એટલે શાશ્વત છે અનાદિઅનંત છે. નિત્યપણાનો, અભેદપણાનો કોઈપણ ભેદ પડ્યા વિના (મૂળ સ્વરૂપ એવું છે). નિત્ય પણ એક ભેદ છે, અનિત્ય પણ એક ભેદ છે. સમજાવવા જતા ભેદથી કહેવાય છે તોપણ દૃષ્ટિ એવો ભેદ પાડતી નથી. જ્ઞાન પણ જે વસ્તુની અભેદતા છે એને અભેદપણે જાણે છે. એ ઉપરાંત ભેદપણે પણ જાણે છે. અહીંયાં જ્ઞાનનો વિષય નથી. અહીંયાં માત્ર શ્રદ્ધાનનો વિષય છે. શ્રદ્ધાનનો વિષય હોવા છતાં તેને જ્ઞાનપ્રધાનતાથી કહેવું પડે છે અથવા સમજાવવું પડે છે. શ્રદ્ધાની પર્યાય પોતે, શ્રદ્ધાની પર્યાય પોતે વચન અગોચર છે. શ્રદ્ધાનો વિષય પણ વચન અગોચર છે. બંને વચન અગોચર છે. એટલે એને કહેવા માટે જ્ઞાનથી જે સમજાય છે તે કહેવું પડે છે.

શ્રદ્ધાનનો વિષય જ્ઞાયક આત્મા છે. જે નિત્ય છે એટલે અનાદિઅનંત છે. શાશ્વત છે અને જે અભેદ છે, જેમાં દ્રવ્ય, ગુણ, પર્યાયના ભેદ નથી. જેમાં વિષય-વિષયીના ભેદ નથી. અભેદપણે શ્રદ્ધાતો આત્મા અને અભેદપણે જે શ્રદ્ધા કરે છે એવી શ્રદ્ધા,

શ્રદ્ધાનો વિષય અને આ વિષય કરનારી વિષયી શ્રદ્ધા, એમ પણ જેમાં ભેદ પડતા નથી. જે પોતારૂપે જણાય છે. અભેદ એટલે પોતારૂપે પણ જણાય છે અને અભેદ એટલે નિર્ભેદપણે પણ જણાય છે. કોઈપણ પ્રકારના જેમાં ભેદ નથી. એવા અભેદપણે જે શ્રદ્ધાય છે... અહીં તો શ્રદ્ધાનો વિષય લેવો છે.

**'દૃષ્ટિના વિષયભૂત એવા તેના સ્વરૂપમાં...'** તેના એટલે આત્માના સ્વરૂપમાં-પોતાના સ્વરૂપમાં **'અનિત્ય શુદ્ધાશુદ્ધ પર્યાયો કે ગુણભેદ કાંઈ છે જ નહિ.'** પોતે નિત્ય છે તો એમાં અનિત્ય પર્યાય ક્યાંથી હોય ? નિત્યમાં અનિત્ય પર્યાય હોવાનો પ્રશ્ન રહેતો નથી. આત્મસ્વરૂપમાં અનિત્ય પર્યાયો નથી પછી એ અનિત્ય પર્યાય અશુદ્ધ હોય કે શુદ્ધ હોય એની ચર્ચાની કોઈ આવશ્યક્તા નથી. પર્યાય જ જેમાં નથી પછી તે પર્યાય શુદ્ધ હોય કે તે પર્યાય અશુદ્ધ હોય એની સાથે કાંઈ પ્રશ્ન રહેતો નથી. કેમકે વસ્તુ શાશ્વત છે, ત્રિકાળ ધ્રુવ છે, નિત્ય છે અને એમાં અનિત્ય અંશ નથી. અનિત્ય અંશ એનાથી બહાર છે. બાજુમાં છે એનાથી દૂર છે એમ પણ કહેવાય છે. આશ્રય નથી કરવો એટલે એનાથી દૂર છે એમ કહેવાય છે.

એમાં જે અપેક્ષાએ ગુણભેદ છે, જે જ્ઞાન દ્વારા જણાય છે એ પણ શ્રદ્ધાના વિષયમાં નથી. શ્રદ્ધા ગુણભેદને વિષય કરતી નથી. એકાંતે ગુણભેદ છે જ નહિ એમ કોઈ જ્ઞાનથી સમજીને કહે તો તે જ્ઞાન બરાબર નથી. તે જ્ઞાનમાં ભૂલ છે. અને એની જે અભેદતા છે-વસ્તુની જે અભેદતા છે એ અભેદતાથી જોતા જ્ઞાનમાં પણ ભેદ નથી જણાતો અને શ્રદ્ધાનો તો ભેદ પાડવાનો વિષય જ નથી. શ્રદ્ધા અભેદને અભેદપણે એકાંતે વિષય કરે છે અને તે એકાંત એ સમ્યક્ એકાંત છે. તે મિથ્યા એકાંત નથી પણ તે સમ્યક્ એકાંત છે.

ત્રિકાળી વસ્તુ ભેદાભેદ સ્વરૂપ હોવા છતાં ગુણભેદ એ આશ્રયનો વિષય નથી પણ ગુણભેદ જેમાં નથી એવો અભેદભાવ તે આશ્રયનો વિષય છે. વસ્તુનું અભેદત્વ છે તે આશ્રયનો વિષય છે. અભેદપણું છે તે આશ્રયનો વિષય છે. ગુણભેદ છે એ આશ્રયનો વિષય નથી. એથી એમ પણ કહેવાય છે કે વાસ્તવિકપણે તો વસ્તુ અભેદ છે. અભેદ વસ્તુને સમજાવવા માટે ગુણભેદથી સમજાવવું પડે છે. વસ્તુને સમજાવવા માટે ગુણભેદથી સમજાવવાનો પ્રયોગ છે. વાસ્તવિકપણે તો વસ્તુ અભેદ છે. આશ્રયમાં આવનારી વસ્તુ તો અભેદ છે, એમ કહેવું છે.

શ્રદ્ધા અને જ્ઞાનથી જ્યારે અભેદ તત્ત્વનો, નિજ અભેદ તત્ત્વનો આશ્રય થાય છે ત્યારે લબ્ધજ્ઞાનમાંથી ગુણભેદનું જ્ઞાન ક્યાંય ચાલ્યું જતું નથી. બીજી રીતે વિચારીએ તો. જ્યારે શ્રદ્ધા અભેદ તત્ત્વને અભેદપણે વિષય કરે છે અને જ્ઞાનપણ વસ્તુની અભેદતાને અભેદભાવે વિષય કરે છે અને એ રીતે શ્રદ્ધા, જ્ઞાન ને સ્થિરતાપૂર્વક પોતાની અભેદતાને સાધવામાં આવે છે, આશ્રય કરવામાં આવે છે ત્યારે પણ જે ગુણભેદ અને પર્યાયભેદ છે, જ્ઞાનમાં જે જણાયેલા છે, વસ્તુને સમજતી વખતે જે જ્ઞાનમાં જ્ઞાનગોચર થયેલા છે તે લબ્ધજ્ઞાન કાંઈ ચાલ્યું જતું નથી. અથવા તેવા જ્ઞાનનો નાશ થઈને કોઈ અભેદનો અનુભવ થાય છે એમ સમજવાનું નથી.

મુમુક્ષુ :- ગૌણ છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા ! ગૌણ છે એટલે તિરોભૂત છે. કાલે રાત્રે એ વિષય ચાલ્યો હતો-આવિર્ભૂત અને તિરોભૂત. તિરોભૂત થાય છે, ગૌણ થાય છે એટલે તિરોભૂત થાય છે, ઢંકાય જાય છે. ભેદો ઢંકાય જાય છે. ગુણો અને પર્યાયો બંનેના ભેદો જે જ્ઞાનમાં ઢંકાય જાય છે, જે જ્ઞાનમાં નિરસ્ત થઈ જાય છે એવું અભેદજ્ઞાન અભેદ સ્વરૂપને સાધે છે. શ્રદ્ધાન પણ એવા જ અભેદભાવે અભેદ સ્વરૂપને સાધે છે અને ચારિત્ર આદિમાં પણ કાંઈ ભેદ પડતો નથી.

ભેદ પાડનાર તો અમસ્તો પણ એક જ્ઞાનગુણ હોય છે. પણ એ એકાંતે ભેદ જ પાડે છે એવું નથી. ભેદથી પણ જાણે છે અને અભેદથી આશ્રય પણ કરે છે. ભેદથી માત્ર જાણે છે. જાણીને તેને તિરોભૂત કરે છે. અભેદથી જાણે છે તે આશ્રય કરીને જાણે છે. તેમાં આશ્રય કરવાનો ભાવ સાથે છે.

એવો પ્રશ્ન થાય છે અને થવા યોગ્ય છે અને થાય છે કે, આ ભેદજ્ઞાન, અભેદજ્ઞાન, અભેદશ્રદ્ધાન આ કેવી રીતે ?

દેહમાં આત્મબુદ્ધિ છે એમાં તેં ક્યારે કેટલા ભેદ પાડ્યા ? તારા શ્રદ્ધા અને જ્ઞાનને તપાસી લે. ઊંધાઈમાં ઊંધી શ્રદ્ધા છે દેહાત્મબુદ્ધિ અને રાગમાં અહંપણાની જે બુદ્ધિ છે એમાં તેં કેવી રીતે ભેદ પાડ્યા ? તારી શ્રદ્ધા ક્યાંય ભેદ પાડે છે ? નહિતર જ્ઞાનમાં તો જણાય છે કે જેમ બીજાના દેહ અને આત્મા જુદાં પડી ગયા, જેને લોકો મૃત્યુ કહે છે, એમ આ દેહ અને આત્મા પણ કોઈ એક કાળ એવો છે કે જ્યારે જુદાં પડવાનો એનો કાળ છે. જુદાં નહિ જ પડે એ પરિસ્થિતિ છે જ નહિ.

એને સંમત હોય-પોતાને એ સંમત હોય કે અનેકને સંમત ન હોય, એકને સંમત ન હોય કે અનેકને સંમત ન હોય પણ એ તો વસ્તુ પોતાનું કામ સ્વતંત્રપણે કરે છે. કોઈની ઇચ્છાને આધિન કરતું નથી.

એવું જણાવા છતાં શ્રદ્ધા, જ્ઞાન એમાં હુંપણું કરે છે ત્યારે ભેદ પાડે છે ? કે આ હુંપણું કરનારો અને આ હુંપણાનો વિષય. એવો ભેદ પડતો નથી. એ નથી પડતો એવા પોતાના પરિણમનને તપાસે તો ઊલટા પરિણમનથી, પરિણમન તો અનુભવ સ્વરૂપ છે એટલે ઊલટા અનુભવથી સૂલટો અનુભવ આવો હોય એમ સમજી શકાય છે. એ અનુભવ પદ્ધતિથી સમજવાની લાઇન છે કે તરીકો છે. એટલે એ પ્રશ્ન થાય કે કેવી રીતે અભેદતા થાય છે ? આ જેવી રીતે અત્યારે થાય છે એવી રીતે થાય છે.

અભેદતાનું વર્ણન કરવા જાયે અભેદતા નહિ પકડાય. કેમકે અભેદતાનું વર્ણન કરવા જતાં અભેદનો ભેદ પકડવો પડે છે. ભેદ અને અભેદ એકબીજાને સાપેક્ષ છે. એકબીજાથી જુદા જુદા ભેદો છે. એટલે એ ભેદ-અભેદનો દ્વંદ્વ છે. નિત્ય-અનિત્ય, શુદ્ધ-અશુદ્ધ, એક-અનેક, ભેદ-અભેદ આ બધા દ્વંદ્વ છે. એક બીજાના સાપેક્ષ છે એટલે એનો ભેદ પડે છે. એ રીતે સમજવા જતા પણ ભેદ મુખ્ય થઈ જાય છે અને ભેદપૂર્વક સમજવું કે સમજાવવું પડે છે તો અભેદથી સમજવું કેવી રીતે ? કે જેવી રીતે પરિણમન થઈ રહ્યું છે એવી રીતે. પરિણમનને પકડીને. એમ લેવું છે. એ સમજવાની સાચી પદ્ધતિ છે.

મુમુક્ષુ :– ગમે ત્યારે પરિણમનને પકડ્યા સિવાય છૂટકો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ખરેખર તો એ જ સમજવાની સાચી પદ્ધતિ છે. વિચારભેદથી સમજવાની પદ્ધતિ સાચી નથી. ખાસ કરીને આ અધ્યાત્મના વિષયમાં તો વિચારથી અધ્યાત્મનો વિષય જ કોઈ પર હોવાથી, એનાથી પર હોવાથી એ વિષયને વિચારમાં મર્યાદિતપણે જ પકડવામાં આવે છે, સમજવામાં આવે છે. એટલે વિચારથી બહુ સમજાતું નથી, જેટલું અનુભવથી સમજાય છે.

મુમુક્ષુ :– ખરેખર તો વિચારથી સમજાતું નથી, ખરેખર તો અનુભવથી જ સમજાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સાચું અનુભવથી સમજાય છે. વિચારથી સમજાય છે ત્યાં સુધી ઓઘસંજ્ઞા કહી છે. વિચારથી સમજાયું... ઓઘસંજ્ઞાના બે પ્રકાર : એક

તો કાંઈ વિચાર્યા વગર માની લ્યે એને ઓઘસંજ્ઞા કહે છે. કે ચાલો ! ઉપવાસ કરો ધર્મ થાશે, દાન દ્યો ધર્મ થાશે, જાત્રા કરો ધર્મ થાશે, પૂજા કરો ધર્મ થાશે, શાસ્ત્રનું વાંચન કરો એટલે ધર્મ થશે. એમાં કેવી રીતે ધર્મ થાય છે કે નથી થતો એ જેણે વિચાર્યું જ નથી અને જે તે પરિણામ અને ક્રિયા કરે છે એ તો ઓઘસંજ્ઞા છે જ. પણ જ્યાં સુધી અનુભવપદ્ધતિને પકડીને સાચું સમજતો નથી ત્યાં સુધી વિચારવાળું જ્ઞાન પણ એક ન્યાયે ઓઘસંજ્ઞામાં જાય છે. કેમકે ત્યાં સુધી એને ઓળખાણ થતી નથી. વસ્તુનું જે ભાવભાસન થવું જોઈએ એ ભાવભાસન થયા પહેલાના જેટલા વિચારપૂર્વકના સમજણના ભાવો છે એ બધા ઓઘસંજ્ઞામાં જાય છે, બધી સમજણ ઓઘસંજ્ઞામાં જાય છે. ભાવભાસન થતાં ઓઘસંજ્ઞા મટે છે એમ લેવું.

**'પ્રયોજનની સિદ્ધિ...'** અહીંયાં પ્રયોજન સિદ્ધિ શબ્દ આવ્યો છે. પ્રયોજન સિદ્ધિમાં ષષ્ટિ સમાસ છે. પ્રયોજન સિદ્ધિ કહો કે પ્રયોજનની સિદ્ધિ કહો, બેય એક વાત છે. પ્રયોજન સિદ્ધિનો Article છપાય છે ને. **'પ્રયોજનની સિદ્ધિ...'** આ શબ્દ અહીંયાં આવ્યો છે. **'પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ–આત્મા છે.'** દર્શનમોહનો નાશ થવો તે પ્રથમમાં પ્રથમ પ્રયોજનની સિદ્ધિ છે. ત્યાંથી સંસારનો નાશ થાય છે. જેમાં દર્શનમોહનો અભાવ છે એવો જે પારમાર્થિક આત્મા, આત્માનું જે પરમાર્થ સ્વરૂપ તેનો આશ્રય કરવો શ્રદ્ધાએ કરીને. શ્રદ્ધા વડે, જ્ઞાન વડે, આચરણ વડે. એ પરમાર્થ આત્મા એક જ એનું સ્થાન છે. પ્રયોજનની સિદ્ધિ માટે પરમાર્થ આત્મા એ એક જ સ્થાન છે, એ એક જ વિષય છે, એ સિવાય બીજું કોઈ આધારભૂત તત્ત્વ નથી.

તેથી, સીધો એમ પ્રશ્ન પૂછવામાં આવે કે આ આત્માને પ્રયોજનભૂત શું ? એવો પ્રશ્ન કરવામાં આવે કે આ આત્માને પોતાને ખરેખર પ્રયોજનભૂત શું ?

કહે છે, પોતાનું પારમાર્થિક આત્મસ્વરૂપ એક જ એને પ્રયોજનભૂત છે. બીજું કોઈ એને પ્રયોજનભૂત છે નહિ. પછી એ આત્માનો આશ્રય લેનારા પરિણામ છે એ ઉત્પન્ન નથી થયા તો એને ઉત્પન્ન થવા માટે એનું પ્રયોજન છે એમ કહેવામાં આવે છે. પણ એ ઉત્પન્ન ક્યારે થાય છે ? કે આ આત્માનો-પારમાર્થિક આત્માનો આધાર લેવામાં આવે ત્યારે. આધાર લેવાનું કામ પરિણામનું છે. તેથી ખરેખર પ્રયોજનભૂત તો પરમાર્થ આત્મા છે. એના ઉપરથી પર્યાયને–શુદ્ધ પર્યાયને, સમ્યક્દર્શન આદિને, કેવળજ્ઞાન આદિને, મોક્ષમાર્ગને, ભેદજ્ઞાનને એ બધાને પ્રયોજનભૂત

કહેવામાં આવે છે; પણ પહેલું પ્રયોજભૂત તો પરમાર્થ આત્મા જ છે.

હવે બીજા એક દૃષ્ટિકોણથી વિચારીએ કે એ પ્રકારે સર્વોત્કૃષ્ટ પ્રયોજનભૂત અથવા એક માત્ર પ્રયોજનભૂત પોતાનો પરમાર્થ આત્મા જ હોવાથી 'ગુરુદેવશ્રી'ના (પ્રવચનના) વિષયનો, 'ગુરુદેવશ્રી'ના પ્રવચનનો આ એક ખાસ વિષય બની રહેતો. ગમે ત્યારે ગમે તે શાસ્ત્રનું વાંચન કે વ્યાખ્યાન ચાલતું હોય તો (એમ કહે), એક સેકન્ડના અસંખ્યભાગમાં આ આત્મા છે એ જ્ઞાયક છે એ ધ્રુવ છે એ ચિદાનંદ છે, જ્ઞાનાનંદ છે, નિત્યાનંદ છે, નિર્મળાનંદ છે. એ પ્રયોજનભૂત હોવાથી એ વાત પહેલી આવતી હતી. પહેલી આવતી હતી, આદિ મધ્ય અને અંત (બધામાં એ આવતી હતી). વચમાં પણ આવતી હતી અને છેલ્લે પણ આવતી હતી. આ એક દૃષ્ટિકોણથી વિચારવા જેવો વિષય છે. કેમ એમ થતું હતું ? કે એ જ પ્રયોજનભૂત છે માટે. દિવ્યધ્વનિનો પણ મુખ્ય વિષય એ રહ્યો છે. અને શ્રીગુરુના પ્રવચનનો, વ્યાખ્યાનનો વિષય પણ એ જ રહ્યો છે. પછી 'કુંદકુંદાચાર્ય' હોય તો એમના વ્યાખ્યાનનો વિષય પણ એ છે. એ તો પોતે સ્પષ્ટ કર્યું છે.

'સમયસાર'ની પાંચમી ગાથામાં તો એ વાત પોતે સ્પષ્ટ કરી છે કે હું એકત્વ વિભક્ત આત્માને કહીશ. આ શાસ્ત્રમાં મારે જે કાંઈ કહેવાનું પ્રયોજન છે એ આ એકત્વ વિભક્ત આત્માને કહેવાનું પ્રયોજન છે. તમે એને સંમત કરજો, તમે એને પ્રમાણથી હા પાડજો. અદ્ધરથી હા પાડશો નહિ, અનુભવ કરીને પ્રમાણ કરજો. એ શાસ્ત્ર રચનાના પ્રતિજ્ઞાકાળમાં એ વિષય સ્પષ્ટ કરેલો છે. આ એક વાક્ય આ બોલમાં બહુ ધ્યાન ખેંચવા જેવું છે.

**'પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ–આત્મા છે.'** આ ટંકોત્કીર્ણ વચન છે. સૂત્ર જેવું વચન છે. આ પ્રયોજનની સિદ્ધિ માટે પારમાર્થિક આત્મા આ એક જ ચીજ છે. બીજી કોઈ ચીજથી પ્રયોજન સધાતું નથી અથવા પ્રયોજનની સિદ્ધિ માટે પારમાર્થિક આત્મા સિવાય બીજું બધું નકામું છે. એમ કહીએ તો જરાય ખોટું નથી. એટલું વજન આવે ત્યારે એ પોતાના પારમાર્થિક આત્મા ઉપર આવે. નહિતર એને અપેક્ષાએ આ પ્રયોજન છે અને અપેક્ષાએ આ પ્રયોજન છે ને આ અપેક્ષાએ આ પ્રયોજન છે એમ આવ્યા વિના રહેશે નહિ, એ અટવાયા વિના રહેશે નહિ, એ ભૂલો પડી જશે. આ બહુ સૂત્ર જેવું વચન છે. આખા બોલમાં આ વચન છે એ સૂત્ર જેવું છે.

મુમુક્ષુ :- કરોળિયાની જાળમાં ગૂંચવાય જાય, પેલો સડસડાટ ચાલ્યો જાય.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો એક જ વાત રહી. ધ્રુવ તારો જેમ એક જ ઉત્તર દિશા પકડે તો બીજી કોઈ દિશામાં ભૂલ પડે નહિ. કેમકે એક દિશા જણાતા જ બીજી ત્રણ-ચારેય દિશાનો, ચારેય ખૂણાનો બધો જ ખ્યાલ થઈ ગયો. એક દિશા પાકી થઈ તો બાકીની સાતે સાત દિશા પાકી થઈ ગઈ. આઠ દિશા છે. ચાર દિશા અને ચાર વિદિશા એ પાકી થઈ ગઈ. એમ એક ધ્રુવ આત્મા પ્રયોજનનો વિષય થઈ ગયો. એ બધો વિવેક આવી ગયો. વ્યવહારનો પણ વિવેક આવી ગયો અને નિશ્ચયનો પણ વિવેક આવી ગયો. એને દેવ-ગુરુ-શાસ્ત્રમાં ભૂલ નહિ પડે, એને બીજા કોઈ ન્યાયમાં ભૂલ નહિ પડે, કોઈ ન્યાયમાં ભૂલ નહિ પડે.

મુમુક્ષુ :- આત્મા જાણ્યો તેણે સર્વ જાણ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- સર્વ જાણ્યું. 'ગુરુદેવ' 'પરમાગમસાર'માં ત્યાં સુધી કહે છે કે બાર અંગના પાઠી, ભણતરવાળા ગણધરદેવ જે ન્યાય કાઢે એ ન્યાય સમ્યક્દૃષ્ટિ કાઢે. ક્યાંથી કાઢે ? આ ધ્રુવ આત્મા પ્રયોજનભૂત છે એનો આશ્રય કર્યો છે તેથી કાઢે. એમ છે. અથવા તમામ આગમવચનોની મર્યાદા, કથનોની મર્યાદા એક ધ્રુવ આત્માનો આશ્રય કર્યા પછી સમજાય છે. ત્યાં સુધી ખરેખર આગમવચનોની મર્યાદા ક્યા કથનની ક્યાં કેટલી મર્યાદા છે એ ખરેખર બધાને સમજાતું નથી. જેને આશ્રય થયો છે એને જ સમજાય છે. એટલે શું લીધું ? 'શ્રીમદ્જી'એ એ વાત નાખી. 'સબ આગમ ભેદ સુઉર બસે' જ્યાં એને પોતાનું આત્મતત્ત્વ હાથમાં આવ્યું તો કહે 'સબ આગમ ભેદ સુઉર બસે.' એના હૃદયમાં બધા આગમના ભેદ વસે છે. એને સમજાવવાની ખરેખર જરૂર નથી. સમજાય જાય છે એને. છતાં વિશેષ ગુણવાન હોય, વિશેષ જ્ઞાની હોય એની પાસે સાંભળવા જાય છે, બીજા જ્ઞાની પણ સાંભળવા જાય છે અથવા જેનાથી જ્ઞાન પ્રાપ્ત થયું છે એવા ગુરુને પણ સાંભળવા જાય છે. પણ એને ભૂલ પડી છે અને સમજવા જાય છે એમ નથી. ભૂલ રહી નથી અને સમજવા જાય છે. એટલો ઉપયોગ બહાર જાય છે તો શું કરે ? એની પ્રવૃતિ તો એને અનુકૂળ હોય. એને પુષ્ટી મળે, પોતાના પરિણમનને પુષ્ટી મળે એવું શ્રવણ, એવું વાંચન, એવું અધ્યયન, એવું ચિંતવન, એવું ઘોલન એ જ પ્રકાર એને રહે.

**પ્રયોજનની સિદ્ધિ માટે એ જ પરમાર્થ-આત્મા છે. તેના જ આશ્રયે ધર્મ પ્રગટ**

**થાય છે.'** આ સમ્યક્એકાંત છે કે તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે. એ સિવાય ગુણભેદના આશ્રયે કે કેવળજ્ઞાન પર્યાયના આશ્રયે, પરમાનંદના આશ્રયે પણ ધર્મ પ્રગટ થતો નથી. પછી બીજા દેવ-ગુરુ-શાસ્ત્રનો તો આશ્રય કરવાનો, અન્ય દ્રવ્યનો તો પ્રશ્ન જ રહેતો નથી. ગુણભેદને અને પર્યાયભેદને અન્ય તત્ત્વ ને અન્ય દ્રવ્યમાં નાખ્યા છે. ત્યાં બીજા જે ખરેખર અન્ય દ્રવ્ય છે એને તો પકડવાનો પ્રશ્ન પણ રહેતો નથી. **'તેના જ આશ્રયે ધર્મ પ્રગટ થાય છે.'** આમ દ્રવ્યદૃષ્ટિ થતાં બધું ચોખ્ખું થાય છે. દ્રવ્યદૃષ્ટિ થયા વિના કાંઈ ચોખ્ખું થતું નથી.

મુમુક્ષુ :– ગુણ-પર્યાય પણ લબ્ધમાં રહી જાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન બધું (જાણે છે), જાણવાનું રહી જાય છે. જાણે છે બધું જ્ઞાન. જ્ઞાન ગુણભેદને જાણે, પર્યાયભેદને જાણે, પર્યાયમાં કેટલી શુદ્ધિ પોતાને થઈ એને જાણે. કેટલી અશુદ્ધિ રહી એને જાણે. અશુદ્ધિનું સામે નિમિત્ત કોણ છે ? એ પણ જાણે. કર્મ પ્રકૃતિનો ઉદય એને પણ જાણે. એના ભેદ-પ્રભેદો એના અનુભાગ, તીવ્ર–મંદતા આદિને પણ જાણે અને એનું નિમિત્ત જે નોકર્મ છે એને પણ જાણે. જ્ઞાન શું ન જાણે ? જ્ઞાન બધું જાણે. તોપણ કોઈનો આશ્રય ન કરે. જાણવા છતાં કોઈનો આશ્રય ન કરે. અથવા જાણતા એમ જાણે કે આ જણાય છે તોપણ એમાં એકેય વાત પ્રયોજનભૂત વિષય તરીકે મારે માટે નથી એમ જાણે. અને એમ જાણતા બધું ગૌણ કરે. એને એ જાણવું બરાબર સમ્યક્ છે એમ કહેવામાં આવે છે. અથવા ભિન્નને ભિન્ન જાણે. જે તે સ્થાનમાં જે તે સ્થાન છે તેને તે રીતે જાણે. અને ગૌણ કરવા યોગ્ય, એક અભેદ આત્મા સિવાય બધું જ ગૌણ કરવા યોગ્ય હોવાથી બધાને ગૌણ પણ જાણીને કરે એ જ્ઞાનની યથાર્થ ચાલ છે. એ જ્ઞાતાની યથાર્થ ચાલ છે.

લીધું છે ને ? હેય-ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલ. પાછળ 'પરમાર્થ વચનિકા'માં (લીધું છે. હેય, જ્ઞેય, ઉપાદેયરૂપ જ્ઞાતાની ચાલ. ૨૪૩ (બોલ પૂરો) થયો.

**ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ચારે તરફ ગુણો જ ભરેલા છે. અવગુણ એક પણ નથી. ઓહો ! આ હું ? આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી. ૨૪૪.**

૨૪૪. ૨૪૪ બોલમાં આત્મસ્વરૂપનો મહિમા કર્યો છે. જે પ્રયોજભૂત તત્ત્વ છે, પ્રયોજનની સિદ્ધિ માટે જે પરમાર્થ આત્મા છે તે સ્વ સ્વરૂપ છે, નિજ સ્વરૂપ છે, મહિમાવંત સ્વરૂપ છે એમાં શું શું ભર્યું છે ? તે કેવો છે ? એની વિશેષતાઓ દર્શાવીને મહિમા કરવામાં આવે છે. વિચારમાં ભેદના કાળે એ બધી વિશેષતાઓને જુદી જુદી પાડીને કહેવાય છે, સમજાવાય છે, લક્ષમાં લેવાય છે. પણ જ્યારે મહિમા વધી જાય છે અને એ વિચારની અંદર આવેલો જે મહિમા, એ મહિમા એની કોઈ ચરમસિમાએ પહોંચે છે ત્યારે ભેદ બધા નિરસ્ત થઈ જાય છે, પછી કોઈ ભેદ રહેતા નથી. **'ઓહો !'**

મુમુક્ષુ :- અનુભૂતિનું કારણ મહિમા છે ?

પૂજ્ય ભાઈશ્રી :- અનુભૂતિનું કારણ (મહિમા છે). મહિમાના ફળસ્વરૂપે જ અનુભૂતિ છે. અથવા અનુભૂતિ, અભેદ અનુભૂતિ એ એક મહિમાનો જ, ઉત્કૃષ્ટ મહિમાનો જ તબક્કો છે. ખરેખર તો એ અભેદ મહિમાના પરિણમનસ્વરૂપ છે. અનુભૂતિ પોતે આત્માના અભેદ મહિમાના પરિણમનસ્વરૂપ જ પોતે છે. એટલે એક નામ એનું અનુભૂતિ છે તો બીજું નામ એનું સ્વરૂપનો મહિમા છે. બેય એકાર્થ જ છે. જે એ રીતે નથી સમજતા એને એમ લાગે છે કે આ જુદાં જુદાં ગુણોથી, જુદી જુદી વિશિષ્ટતાઓથી એની વિશિષ્ટતાઓ બતાવી બતાવીને એની જે મોટાઈ કહેવામાં આવે છે એ એનો મહિમા છે. તો કહે છે, એ ખરો મહિમા નથી. એ તો વ્યવહારે મહિમા કરવામાં આવે છે. નિશ્ચય મહિમા તો નિશ્ચય પરિણામસ્વરૂપ છે. નિશ્ચય મહિમાની અંદર કોઈ પછી વિકલ્પ, ભેદ, વિચાર કાંઈ રહેતો નથી. એ ખરો મહિમા છે, વાસ્તવિક

મહિમા છે.

**'ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો, અનંતા ગુણોનો રાશિ, અનંતા ગુણોનો મોટો પર્વત છે !'** મેરુ પર્વત જેની પાસે નાનો છે એવો મોટો પર્વત છે. કેમકે અનંતા ગુણો છે. કેટલા અનંતા ? કે આકાશના પ્રદેશો અનંતા છે એનાથી પણ અનંતા ! આકાશના પ્રદેશો દશે દિશાની અંદર અનંત અનંત છે. ચાર દિશા, વિદિશા અને ઉપર-નીચે સર્વત્ર અનંતા છે. એનાથી એક આત્મામાં અનંતા ગુણ છે. 'ગુરુદેવશ્રી' પ્રવચનમાં એ પ્રમાણ આપતા હતા. એવો મોટો પર્વત છે. એવો મોટો રાશિ એટલે ઢગલો છે. અને એ એનો ગુણ વૈભવ છે, એ એનો શક્તિઓનો વૈભવ છે. એકએક ગુણ અનંત શક્તિવાળો છે. એકે એક ગુણ એટલે એની અનંત શક્તિ. એક ગુણની અનંત શક્તિ, એક ગુણની અનંત શક્તિ. અનંત...અનંત...અનંત...અનંત... ગુણની અનંત શક્તિ.

**'ઓહો ! આત્મા તો અનંતી વિભૂતિથી ભરેલો,...'** શક્તિ છે એ એની વિભૂતિ છે. વિભૂતિ કહો એનો વૈભવ કહો. **'અનંતા ગુણોનો રાશિ** છે. **અનંતા ગુણોનો મોટો પર્વત છે ! ચારે તરફ...'** એટલે આખા ચૈતન્યપિંડમાં. ચારે તરફ એટલે જેટલો આ શરીર પ્રમાણ ચૈતન્યપિંડ છે, બહાર ચારે તરફ નહીં, પોતાના આત્મામાં જ્યાં જુઓ ત્યાં ચારે તરફ આખા ચૈતન્યપિંડમાં ગુણો જ ભરેલા છે. શક્તિઓ જ ભરેલી છે. અમાપ શક્તિઓ ભરેલી છે. ઠાંસી ઠાંસીને જાણે શક્તિઓ ભરેલી છે. કોઈ જગ્યા બાકી નથી. એકલું શક્તિથી ભરેલું તત્ત્વ છે.

જ્ઞાનીઓને નજરમાં આવે એવો આત્મા આવો છે. જ્ઞાનીઓને નજરમાં આવેલો આત્મા આવો છે. બીજા લોકો આત્મા આત્મા કરે છે પણ આત્મા એટલે જાણે કાંઈ નહિ એને. 'બહેનશ્રી' ચર્ચામાં કહે છે કે જ્ઞાયક એટલે જાણે કાંઈ નહિ. એમ નથી જ્ઞાયક એટલે અનંત... અનંત.... અનંત.... સામર્થ્યથી ભરેલું મહા ચૈતન્યસત્તાધારી પદાર્થ છે, મહા ચૈતન્યસત્તાધારી તત્ત્વ છે. એ કોઈ સાધારણ (નથી). જ્ઞાયક એટલે કાંઈ (નહિ), એમ સાધારણ કરીને કાઢવા જેવું નથી.

એટલા માટે તો એક જગ્યાએ પોતે આગળ કહ્યું છે કે સ્વભાવ શબ્દ સાંભળતા કાળજે સોંસરવટ ઘા પડે. એનો અર્થ શું ? કે એટલો રસ આવે, એટલું વજન આવે. એમ. એવો સ્વભાવ ! ઓ..હો..! બહુ મહિમાવંત !! સ્વભાવ, આત્મસ્વભાવ એટલે

જેનો મહિમાનો પાર નથી. એવું મહાન છે. એટલી જ એની મહાનતા છે એમ સીધું લક્ષમાં આવે છે.

જેમ સોનું શબ્દ સાંભળતા સોનાની કિંમત કાંઈ વિચારવી પડે છે ? વગર વિચાર્યે એ કિંમતી પદાર્થ છે એમ ખ્યાલમાં આવે છે. એમ નકામી ચીજ હોય. આ ધૂળ છે, આ ધૂળ છે. આ રસ્તામાં ધૂળ ઘણી છે. તો એને કાંઈ કિંમત નથી એમ વિચારવું પડતું નથી.

એમ સ્વભાવ એટલે જેવો સ્વભાવ છે 'ગુરુદેવશ્રી' કહેતા કે, જેવો કેવળજ્ઞાનમાં આત્મા જણાય છે, આત્મા એટલે સ્વભાવ જણાય છે, એવો સમ્યગ્દર્શનમાં શ્રદ્ધાય છે અને એવો સમ્યક્જ્ઞાનમાં અનુભવગોચર થાય છે. એવો જ આત્મા. એનાથી જરાય ઓછો નહિ. પણ એવો જ પ્રત્યક્ષ, અતીન્દ્રિય પ્રત્યક્ષ.

આંધળો માણસ ગોળ ખાય અને દેખતો માણસ ગોળ ખાય તો આંધળાને કાંઈ ઓછો ગળ્યો લાગે, દેખતાને કાંઈ ગોળ દેખાણો એનો રંગ દેખાણો તો કહે એ સોનાની વીંટી જેવો ગોળ છે. બહુ સારો હોય તો કહે સોના જેવો ગોળ છે. સોનેરી કલરનો. તો એને કાંઈ વધારે ગળ્યો લાગે ? ગળ્યો તો બંનેને સરખો લાગે.

(એમ) કેવળજ્ઞાનમાં અનુભવાય આત્મા અને નીચે ભાવશ્રુતજ્ઞાનમાં આત્માનો અનુભવ થાય ત્યારે અનંત ભવનો પહેલોવહેલો છેદ થાય છે. ત્યારે જેવો આત્મા ત્યાં અનુભવમાં આવે છે એવો જ અહીંયાં અનુભવમાં આવે છે. અનુભવની તારતમ્ય ભેદ છે, જાતિ ભેદ જરાય નથી.

મુમુક્ષુ :– આત્મા નજરે તરવરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા નજરે તરવરે છે. બરાબર છે. મુખ્ય રહે છે ને એટલે. આત્મા ક્યારેય ગૌણ થતો નથી. એટલે આત્મા તરવરે છે. આત્મા તરવેરે છે, ક્યારેય આત્મા છૂટતો નથી. દૃષ્ટિમાંથી એક સમય આત્મા ખસે (તો) દશા પડી જાય. એટલે આત્મા તરવરે જ છે એને.

જ્ઞાનની તો બહુ વિશિષ્ટતા છે. એક દૃષ્ટાંત લઈએ. માણસ જમવા બેસે છે અનેક જાતની વાનગી જમે છે. એમાં ખાસ કરીને જેમાં નીમક-મીઠું વપરાય છે. દાળ, શાક અનેક જાતના અથાણા કે પાપડ, ચટણી જે કાંઈ બને છે એમાં એકમાં પણ મીઠું ન હોય એટલે તરત જ્ઞાનમાં Light થાય છે કે નહિ ? આમાં મીઠું નથી. હવે

એને તો કાંઈ વિચારમાં મીઠાને શોધતો નથી. તોપણ જેનાથી જ્ઞાન ટેવાઈ ગયું છે. એની ગેરહાજરી તરત જ્ઞાનની અંદર પકડાઈ જાય છે. આમાં મીઠું નથી. ચા રોજ પીતો હોય. ખાંડ નાખી ન હોય. એક દિવસ ખાંડ નાખવી રહી ગઈ હોય (તો) તરત જ ખબર પડે. ખાંડ નાખી છે કે નહિ એવા ભાવથી નથી પીતો. એવા તપાસવાના પરિણામથી એને નથી ગ્રહણ કરતો તોપણ તરત જ ખબર પડે છે.

જે આત્માના અપૂર્વરસથી જેને અનુભવ થયો. એમનેમ મફત થયો નથી. જેને આત્માનો અપૂર્વ મહિમા આવ્યો, અપૂર્વ રસ પ્રગટ થયો અને અપૂર્વ રસથી જેને અનુભવ થયો એનું જ્ઞાન એટલે અનુભવન, એનું પરિણમન એવું ટેવાઈ જાય છે કે એની ગેરહાજરીની એને તરત ખબર પડે. પણ એ પોતે જ હોવાથી, હાજરમાં હાજરી લેનાર પણ પોતે પોતે જ છે. પેલામાં તો બે ચીજ છે. બીજી ચીજની હાજરી જોવી છે. આમાં તો પોતે જ છે. એટલે એ પોતે પોતાને સદાય હાજરાહજૂર રહે છે. એટલે 'ગુરુદેવ' કહેતા કે બીજા દેવને તો સહાય માટે બોલાવવા પડે. કોઈ દેવ સહાય કરતો હોય તો એનું સ્મરણ કરવું પડે, એનું આહ્‌વાન કરવું પડે, એને બોલાવા પડે અને એ આવે એટલી વાર લાગે. એટલી સેકન્ડ પણ લાગે. અહીંયાં એ પ્રશ્ન નથી. આત્મદેવ છે, ચૈતન્યદેવ છે એ સદાય હાજરાહજૂર છે. ક્યારેય પણ એ ગેરહાજર નથી. એટલે એ તરવરે છે. સદાય નજરે તરવરે છે. આત્મા સદાય નજરે તરવરે છે. આમ છે.

મુમુક્ષુ :– બધાને સદાય અનુભવમાં આવી રહ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ત્યાં એમ લેવું છે કે મિથ્યાદૃષ્ટિ જીવને પણ કારણપરમાત્મા ચૈતન્યગુણ વડે (અનુભવમાં આવી જ રહ્યો છે). એને કહે છે કે તારું મિથ્યાત્વનું બારણું ખોલી નાખ. તારું ભ્રાંતિ અને ભ્રમણાનું અને અધ્યાસનો તારો દરવાજો તું તોડી નાખી. હું તો ઊભો જ છું. હાજરાહજૂર જ ઊભો છું. કારણપરમાત્મા ખડા પગે ક્યારેય થાક્યા વગર, બીજા તો બેસી જાય, આ બેસતા નથી, હાજર જ રહે છે. એટલે એને કારણપરમાત્મા નામ આપ્યું. 'નિયમસાર'માં એને કારણપરમાત્મા નામ આપ્યું. આત્મા પોતે જ એવા કારણસ્વરૂપ છે.

ચોર ચોરી કરે છે તો એને પણ અંદરથી Concious bite કરે છે. એમ નથી કહેતા ? કોઈપણ માણસને. Concious bite કરે છે એનો અર્થ શું ? કે અંદરથી

શુદ્ધાત્મા છે એ ખખડાવે છે. એને Alarm આપે છે કે તું મારી વિરુદ્ધ બહુ જામાં. હું નિર્દોષ પરમાત્મા છું. હું પોતે નિર્દોષ પરમાત્મા છું, નિષ્કલંક પરમાત્મા છું. તું મારી વિરુદ્ધ જામાં. હે પરિણામ ! તું મારી જોડે રહે. મારી પડોશમાં રહે. મારું અંગ કહેવાય અને તું મારી વિરુદ્ધ જા છો ? એ અંદરથી ઠપકો આપે છે એને. Alarm આપે છે કે નહિ, તું મારી વિરુદ્ધ નહિ જા. એમ છે. એનું કારણ પોતે શુદ્ધ છે, નિર્મળ છે, નિર્દોષ છે. નિર્દોષ છે એમ નહિ. પરિણામમાં નિર્દોષતા થવી એવી જ એની શક્તિ છે. સદોષતા થવી એવી એની શક્તિ નથી. અનંત શક્તિમાં પણ એ શક્તિ છે પાછી. જે અનંત શક્તિનો રાશિ લીધો, અનંત ગુણોનો રાશિ લીધો એમાં એક એ શક્તિ છે કે શુદ્ધપણે પરિણવું, પરિણામમાં શુદ્ધપણે થવું, પરિણમવું એ જ એનો સ્વભાવ છે, એ એનો ગુણ છે.

**'ચારે તરફ ગુણો જ ભરેલા છે.'** અનંતા અનંતા ગુણો ભરેલા છે. એક પણ અવગુણ નથી. લ્યો, ઠીક ! ગુણ અનંતા ભરેલા છે અને અવગુણ ? તો કહે છે, એકેય અવગુણ નથી. ગુણથી પરિપૂર્ણ પરમાત્મા છે. એકપણ અવગુણ એને નથી. હોય તો બતાવો, કહે છે. એકેય અવગુણ એને નથી. જે ત્રિકાળ શુદ્ધ પરમાત્મ તત્ત્વ છે એનામાં ક્યો અવગુણ છે ? એનામાં એકપણ અવગુણ નથી. એક એક ગુણ વચનાતિત છે, એક એક ગુણ વચનાતિત છે.

આપણે કોઈવાર લઈએ છીએ. લોકોમાં કોઈ ક્રોધ કરે એની સામે ક્રોધ ન કરે એને ક્ષમા રાખે તો એને ક્ષમા નામનો ગુણ કહે છે. પેલાએ હિંસા કરી, ક્રોધ કર્યો પણ એની સામે એણે ક્ષમા રાખી, અહિંસા પાળી. તો એ મોટો ગુણ ગણવામાં આવે છે. બહુ સારો ગુણ છે. અવગુણ કરનારની સામે પણ પોતે શાંતિ રાખે છે. તો (અહીંયાં) કહે છે, એ અવગુણ, નિશ્ચય ક્ષમાગુણ પાસે છે એ ગુણ પણ અવગુણ છે. બીજી રીતે તો એનું વર્ણન થઈ શકે એવું નથી. વચનાતિત છે. આત્માનો જે ક્ષમા નામનો ગુણ છે એ કેવો છે ? વચનાતિત છે. જેની સામે લૌકિક ક્ષમા, શુભભાવરૂપ ક્ષમા ગુણના સ્થાનમાં નહિ રહેતા અવગુણના ખાતામાં એને ખતવવો પડે છે, તો ગુણ કેવો ? કે ગુણ વચનાતિત છે. એવા એક એક ગુણ વચનાતિત છે. પ્રત્યેક ગુણ એવા વચનાતિત છે. ત્યાં એને વચનમાં કોઈને પૂરો કહી શકાતો નથી.

મુમુક્ષુ :- એને વિભાવમાં લીધો ?

પૂજ્ય ભાઈશ્રી :- એ અવગુણ છે. ગુણ નથી પણ અવગુણ છે. પોતાના પરિણામમાં આવા ગુણવંતને ભૂલી જવો એ મોટામાં મોટો અવગુણ છે. પણ એ પરિણામમાં છે એની મર્યાદા, ત્રિકાળીમાં એ નથી.

અહીંયાં વિષય ત્રિકાળીનો ચાલે છે. મૂળ જે પરમાર્થ આત્મા, પ્રયોજનની સિદ્ધિના કારણભૂત આશ્રયભૂત જે આત્મા, એ આત્માની અંદર એકેય અવગુણ નથી એમ કહેવું છે. ત્રિકાળી આત્મામાં અવગુણ નથી. જીવ ભૂલ કરે છે પર્યાયમાં, છતાં ધ્રુવ આત્મા જોડે હોવાથી, બાજુમાં હોવાથી એ ભૂલને એ સંમત કરતો નથી. એનો એ નિષેધ કરે છે. સંમત કરતો નથી પણ એનો એ નિષેધ કરે છે.

**'અવગુણ એક પણ નથી.'** આ તો આત્મતત્ત્વના વખાણ અને પ્રશંસા ચાલે છે. નિજ આત્મતત્ત્વની પ્રશંસા અને મહિમા ચાલે છે. શું કરવા કરે છે ? આ વિચારવા જેવો વિષય છે. અનાદિથી આ જીવને જડની અને પુણ્યની મહિમા આવી છે પણ એને પોતાના આત્માની મહિમા આવી નથી. આ આત્માને જડની મહિમા અનંત વાર આવી છે અને એની પાછળ એને દોડ રહી છે. પુણ્યની મહિમા આવી છે ને એની પાછળ એની દોડ અનંતકાળથી રહી છે. પણ એને પોતાના ચૈતન્યની મહિમા પોતાના સ્વરૂપની મહિમા આવી નથી. ઓળખાણ થઈ નથી. ઓળખાણ થઈ નથી તેથી મહિમા આવી (નથી). ઓઘે ઓઘે મહિમા કર્યો છે. ઓઘેઓઘે મહિમા કર્યો છે. જ્ઞાનીઓ મહિમા કરે છે તેથી કર્યો છે. પોતે પણ યથાશક્તિ વિચાર કરીને મહિમા કર્યો છે. (પણ) કૃત્રિમ મહિમા. પણ ઓળખીને એકવાર મહિમા કર્યો નથી. જો ઓળખીને મહિમા આવે તો સન્મુખ થાય, અનુભવ કરે, એનો છૂટકો થઈ જાય.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'એ આવી વાત ન બતાવી હોત, ન પોતે અહીંયાં પધાર્યા હોત, તો ક્યાં હોત આપણે ?

પૂજ્ય ભાઈશ્રી :- અત્યાર સુધી રખડ્યા એમ જ હોત, બીજું શું ? આ જ ભવનો ભૂતકાળ જોઈ લ્યો ને ! મળ્યા પહેલાનો ભૂતકાળ જોઈ લ્યો. ક્યાં હતા ? બસ ત્યાં હોત. જાણે-અજાણ્યે વિરોધ કર્યો હોત. ભાઈ વિરોધમાં હતા. એવું થઈ જાય. ભૂલ થઈ જાય. જાણે-અજાણ્યે પણ એવું થઈ જાય. એ સ્થાને હોત. જે સ્થાને હતા એ સ્થાનમાં હોત. એવું થઈ જાય.

મુમુક્ષુ :- 'ગુરુદેવશ્રી'નો કેટલો મહાન ઉપકાર !

પૂજ્ય ભાઈશ્રી :- એ કાંઈ પૂરું પડે એવું નથી.

અહીંયાં કહે છે કે સ્વરૂપનો જે મહિમા છે એમાં એક પણ અવગુણ નથી. ક્યાંય અવગુણ (નથી), ખૂણે-ખાંચરે ક્યાંય અવગુણ નથી. એકલો ગુણનો પીંડ છે. અનંત મહિમાધારી છે. 'દીપચંદજી' 'અનુભવપ્રકાશ'માં લખે છે કે અનંત મહિમાધારી સદા ઉપયોગવંત ઉપયોગસ્વભાવી અને ઉપયોગવંત આનંદમૂર્તિ આત્મા છે. એને મહિમાપૂર્વક લક્ષમાં લેવો જોઈએ. એટલું કામ થાય (એટલે) બધું સવળું થવા માંડે.

**'અવગુણ એક પણ નથી. ઓહો ! આ હું ?'** અરે ! આવો હું ? એમ કહે છે. જેના વખાણ તીર્થંકર પરમાત્મા જૈન પરમેશ્વર દિવ્યધ્વનિમાં સદાય કરે છે. અનંત તીર્થંકરોએ દિવ્યધ્વનિની અંદર આ જ વાત કરી. આત્માનો જ મહિમા ગાયો. એવો હું ? એમ. કો'કની વાત નથી કરી. એવો હું ? એમ લે છે. આહા ! આવો હું ? એમ એને પોતાને પોતાના સ્વરૂપનું આશ્ચર્ય (થાય). મહિમાથી, આશ્ચર્યકારી મહિમા હોવાથી એના આશ્ચર્યથી મહિમાનું આશ્ચર્ય પણ થવું જોઈએ.

એના માટે બે બીજા પણ દૃષ્ટાંત સ્પષ્ટ છે કે પ્રથમમાં પ્રથમ એવા આત્માનું અપરોક્ષ નામ પ્રત્યક્ષ દર્શન થાય છે ત્યારે ઉપયોગ ત્યાં થંભી જાય છે. પ્રથમ પણ ઉપયોગ ત્યાં થંભી જાય છે. એ ઉપયોગ થંભી જાય છે એવા પ્રકારે થંભી જાય છે કે એ વખતે એના દેહ ઉપર કોઈ ઘા કરે, કાપે, તરવારને ઝાટકો મારે તો એને ખબર પડે નહિ. એવો થંભી જાય છે. ઉપયોગ લીન થયો હોય ત્યારે કોઈ શિરચ્છેદ કરે એને ખબર ન પડે. કેમકે દેહમાં એનો ઉપયોગ નથી. એને ખબર ન પડે. કોઈ સ્પર્શની ખબર ન પડે. આ તો સ્પર્શનો વિષય છે ને ! મારે એ તો સ્પર્શનો વિષય છે. ખબર ન પડે એને. એવો આત્મા છે. કેવો મહા આશ્ચર્યકારી છે ? કે એવો મહા આશ્ચર્યકારી છે કે જ્યાં ઉપયોગ થંભી જાય તો મરણતૂલ્ય વેદના હોય તોપણ એ વેદનાની એને ખબર પડે નહિ. પ્રાણ છૂટે એટલી વેદનાનો પ્રસંગ (હોય તોપણ) એને ન ખબર પડે.

મુમુક્ષુ :- કેવો રસ અંદર પડતો હશે !

પૂજ્ય ભાઈશ્રી :- આત્મા એવો આશ્ચર્યકારી છે એમ કહેવું છે. જે આત્માના પ્રદેશમાં ઉપયોગ લીન થઈને, તન્મય થઈને પ્રસરી ગયો. એ એવું આશ્ચર્યકારી તત્ત્વ છે કે પછી એને કાંઈ ખબર પડે નહિ. એક દૃષ્ટાંત એનું એ છે.

બીજું દૃષ્ટાંત એનું એ છે કે સિદ્ધાલયમાંથી સિદ્ધ પરમાત્મા એક સમય પણ લોકાલોક ઝળકે છે તેની સન્મુખ થતા નથી. તેમ અનંત જ્ઞાન છે, કેવળજ્ઞાન જે અનંત જ્ઞાન છે એ અનંત જ્ઞાનમાંથી જ્ઞાનના કોઈ અંશને પણ એની સન્મુખ કરતા નથી. અનંતમાં ભાગના અંશને પણ, એક સમય માટે પણ લોકાલોકની સન્મુખ કરતા નથી.

પૂરેપૂરું જ્ઞાન નિરવશેષ અંતર્મુખ થઈને જે આત્મસ્વરૂપમાં ચોંટેલું રહી જાય છે એનું કારણ શું ? કે એનું કારણ આત્મા એવો આશ્ચર્યકારી છે તે. તે એનું કારણ છે. બીજું કોઈ કારણ નથી. તત્ત્વ જ એવું છે-આત્મતત્ત્વ જ એવું છે કે ત્યાંથી સિદ્ધ પરમાત્માની પર્યાય ખસી શકતી નથી. આમ નહિતર લોકાલોક ઝળકે છે. બીજી બાજુથી જુઓ તો એમના કેવળજ્ઞાનમાં લોકાલોક ઝળકે છે તોપણ પર્યાય ત્યાંથી (ખસતી નથી), જ્ઞાનની પર્યાય ત્યાંથી ઊખડી શકતી નથી. જેમ અહીંયાં પેલા મકોડા થાય છે. સાકરના ગાંગડાને વળગ્યા હોય કે લોહીનો ચટકો ભરવા માટે વળગ્યા હોય તો એ તૂટી જાય પણ મૂકે નહિ પછી.

મુમુક્ષુ :- અંકોડો તૂટી જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એનો આંકડો તૂટી જાય પણ એ મૂકે નહિ. એટલી મીઠાશ એને લાગી છે. તો કહે છે આત્મા કેટલો મીઠો છે ? મીઠો મહેરામણ આત્મા કેટલો મીઠો છે ? કે પર્યાય ત્યાંથી ઊખડી ન શકે એટલો મીઠો છે. પર્યાયની શક્તિ નથી કે ત્યાંથી ફરી શકે, પાછી ફરી શકે. એવું બનતું નથી.

મુમુક્ષુ :- નિજાનંદ રસ લીન.

પૂજ્ય ભાઈશ્રી :- નિજાનંદ રસ લીન. એવો નિજાનંદનાં રસમાં લીન છે. અનંત જ્ઞાનના રસનો કંદ છે, અનંત આનંદના રસનો કંદ છે એવા એવા અનંત ગુણના રસનો એ કંદ છે કે જેની કોઈ સીમા નથી, જેની કોઈ હદ નથી, જેનો કોઈ પાર નથી.

એવો હું ?! એમ લેવું છે. **'ઓહો ! આ હું ?'** એમ કહે છે. **'આવા આત્માનાં દર્શન માટે જીવે કદી ખરું કુતૂહલ જ કર્યું નથી.'** શું કહે છે ? કુતૂહલ કર્યું નથી એમ નહિ. ખરું કુતૂહલ કર્યું નથી. શબ્દ કેવો વાપર્યો છે ? સાચું કુતૂહલ કર્યું નથી. સાચું કુતૂહલ કરે તો એ એને પકડ્યા વિના, શોધ્યા વિના, ખોજ્યા વિના એને સ્પર્શ્યા વિના રહે નહિ. પણ એણે ખરું કુતૂહલ કર્યું નથી. ઉપર ઉપરથી જિજ્ઞાસા કરી છે.

પાછો ભૂલી ગયો છે એ વાત ને. ફરી ઉદયમાં તલ્લીન થઈ ગયો. વળી જરાક પાછી જિજ્ઞાસા કરી વળી (ભૂલી ગયો). ખરું કુતૂહલ કર્યું નથી. ખરું કુતૂહલ કરે તો પાછો પડી જાય. પત્તો ન લાગે ત્યાં સુધી છોડે નહિ. એને ખરું કુતૂહલ કહે છે.

મુમુક્ષુ :– દરેક બોલમાં આત્માની જ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– એકલું અહીંયાં તો અધ્યાત્મ જ ભર્યું છે. આખો અધ્યાત્મનો ગ્રંથ છે ને ! એટલે તો 'ગુરુદેવે' ખૂબ પ્રશંસા કરી છે એનું કારણ છે. (અહીં સુધી રાખીએ...)

**પરલક્ષી શાસ્ત્રનું ક્ષયોપશમ જ્ઞાન પણ પ્રાયઃ બાધક થાય છે. આ પ્રકારના જ્ઞાનના વિકાસમાં, આત્માની શુદ્ધતાનો વિકાસ માનવો કે આત્મજ્ઞાનનો વિકાસ માનવો, તે ભ્રમ છે. સ્વલક્ષે થયેલ શાસ્ત્ર અધ્યયન યથાર્થ જ્ઞાનનું કારણ થાય છે. પરલક્ષી જ્ઞાનમાં, શુષ્કતા અથવા અભિમાન અથવા સ્વચ્છંદ આદિ દોષની સંભાવના રહે છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૧૬)**

**લૌકિક સમાજની તો નહિ, પરંતુ 'ધાર્મિક સમાજમાં પ્રતિષ્ઠા, કીર્તિ મળે તો ઠીક' - તેવી અપેક્ષા રાખે તેવો આત્માર્થી નથી. પ્રતિષ્ઠા - કીર્તિની અપેક્ષા થતાં આત્માર્થીપણું ન રહે. તેવો 'આત્મા' નથી–ખરેખર તો વિકાસ પામતી અવસ્થાની પણ સ્વરૂપમાં (ને) અપેક્ષા નથી. જ્યાં સર્વોત્કૃષ્ટ દ્રવ્ય ઉપર દૃષ્ટિ છે ત્યાં શુદ્ધ પર્યાય ઉપર પણ દૃષ્ટિ નથી - તેને બીજી કોઈ (બીજા કોઈની) અપેક્ષા કેમ હોઈ શકે !!**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૧૭)**

**આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે. અનંત કાળમાં ન થયું હોય એવું, ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન, તે જ અલૌકિક દર્શન છે. સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે. ૨૪૭.**

## તા. ૧૪-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૪૭
## પ્રવચન નં. ૧૯૫

સ્વાનુભવનો મહિમા વ્યક્ત કર્યો છે. સ્વાનુભવને આત્મસાક્ષાત્કાર શબ્દથી લખ્યું છે અહીંયાં. નિજ પરમાત્મસ્વરૂપનું સાક્ષાત્ દર્શન-સાક્ષાત્ અનુભવન એને આત્મસાક્ષાત્કાર કહે છે. એવો જે **'આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે.' 'આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન છે.'** પોતે સિદ્ધસ્વરૂપે છે એવો સાક્ષાત્ અનુભવ અનંત કાળમાં જીવને કદી થયો નથી. અનાદિથી જીવનું પોતાનું અસ્તિત્વ છે. પોતાની હયાતીમાં પોતાના મૂળ સ્વરૂપનો-સાક્ષાત્ સિદ્ધપદનો સાક્ષાત્ અનુભવ થવો તે એક અપૂર્વ ઘટના છે. પૂર્વે કદી નહીં થયેલી એવી પરિસ્થિતિ છે, જે જીવના પરિણામની પરિસ્થિતિને મૂળમાંથી પલટો લાવનારી ચીજ છે. ત્યારથી જીવના પરિણામમાં કોઈ એવો પલટો આવે છે કે એ પરિણામની અંતિમ સ્થિતિ સંપૂર્ણ સિદ્ધ દશારૂપ, જેવું સ્વરૂપનું દર્શન કર્યું છે એવી જ સ્થિતિએ પહોંચવારૂપ થઈને ત્યાં સુધી એ ક્યાંય અટકતું નથી.

એવું જે મોક્ષના મૂળસ્વરૂપ-મોક્ષના એ મૂળ સ્વરૂપ છે. એ દર્શન છે, દર્શન એટલે અહીંયાં સમ્યગ્દર્શન, સાક્ષાત્કારમાં સ્વાનુભવ અને ત્યાં સ્વરૂપની સ્થિરતા, ઉપયોગ સ્થિર થતો હોવાથી સ્થિરતા-અસ્થિરતા એ આચરણનું કાર્ય છે. આચરણને એ પ્રદર્શિત

કરે છે. જોકે સમ્યગ્દર્શન એ પણ એક આત્માનું આચરણ છે. સમ્યક્જ્ઞાન પણ એક આત્માનું આચરણ છે. અને સ્વરૂપમાં ઉપયોગ થંભી જાય છે એ પણ આત્માનું આચરણ છે. એ તો ચોખ્ખું જ આચરણ છે. એ અપૂર્વ છે. દર્શનમાં બધી વાત લઈ લેવી.

અનંત કાળમાં ન થયું હોય એવું. અપૂર્વ કહેવામાં એક વાત તો (એ છે કે) અનંત કાળમાં પૂર્વે થયું નથી એવું અને અપૂર્વ એટલે અપૂર્વ એનો મહિમા પણ કોઈ અપૂર્વ છે. એક ક્ષણનો આત્મસાક્ષાત્કાર અનંત ભવના બીજને બાળી દે છે. અને પરિણામની પરિસ્થિતિ મોક્ષ પર્યંત પહોંચી જાય એવી મૂળની શક્તિ જેમાંથી ઊભી થાય છે. મૂળ શક્તિ, મૂળ તાકાત એમાં ઊભી જાય છે. એવો જેનો મહિમા છે. અથવા અનંત ભવના અનંત દુઃખો ટાળવાની એની અંદર શક્તિ છે અને સાદી અનંત અનંત સમાધિસુખ ઉત્પન્ન કરવાની એનામાં મૂળભૂત શક્તિ રહેલી છે. એવું એ આત્મસાક્ષાત્કાર પોતે અપૂર્વ દર્શન છે.

મુમુક્ષુ :- શરૂઆતમાં જ...?

પૂજ્ય ભાઈશ્રી :- પહેલે જ તબક્કે એ સ્થિતિ છે. ભલે એ મોક્ષમાર્ગની જઘન્ય દશા છે. સમ્યક્દૃષ્ટિને પોતાને ખ્યાલ છે કે આ જઘન્ય દશા છે તોપણ એની મૂળની શક્તિ કેટલી ઉત્પન્ન થઈ છે એ પણ ખબર છે. એક ગોટલીમાં આખો આંબો થાય એવી શક્તિ છે. વડના ટેટામાં રહેલા એક બીજમાં, ટેટામાં તો ઘણા બીજ છે, એના ફળસ્વરૂપે ટેટુ છે. જેમ પપૈયું છે એ ફળ છે અને અંદર બીજ ઘણા છે. એક બીજની અંદર મોટો વડલો-ગંજાવર વડલો થાય એવી શક્તિ રહેલી છે. એમ પ્રથમ આત્મસાક્ષાત્કારમાં આખું સિદ્ધપદ ઉત્પન્ન થાય, પરમાત્મપદ પ્રગટ થઈ જાય એવી શક્તિ રહેલી છે. એટલે એનો મહિમા અપૂર્વ છે. બેય કોરનો ખ્યાલ છે. એની મૂળની શક્તિનો ખ્યાલ છે અને જઘન્ય ભાવે છે તેથી કેટલું અશક્ત છે પોતે પરિણમનમાં કેટલી હજી શક્તિ પ્રગટાવવાની બાકી છે અને પહેલા પગથિયે પગ મૂક્યો છે એ પણ ખબર છે.

'શ્રીમદ્જી' લખે છે,.. 'મુંબઈ'ના વ્યવસાયમાં વ્યસ્ત હતા, કે અમારો ઉદય એવો છે કે ધડ ઉપર માથું ન રહે. એનો અર્થ શું ? કે આ ગૃહસ્થ અવસ્થામાં અને આ ઉદયમાં પરિણતિને ટકાવવી-મોક્ષમાર્ગની સમ્યગ્દર્શન આદિ ભાવને ટકાવવા ઘણું દુષ્કર છે. જેમ ધડ ઉપરથી માથું જાય અને મૃત્યુ થઈ જાય એવું નબળું પરિણમન છે કે

જો ચ્યુત થઈ જવાય તો આ ધડ ઉપરથી માથું વયું ગયા જેવી વાત છે. ધડ ઉપર માથું ન રહે એવી કપરી પરિસ્થિતિમાં અમે ચાલીએ છીએ, એમ કહેવું છે. એકાવતારી છે. હવે દેવલોકનો એક જ ભવ બાકી રહ્યો છે. પછી તો ચરમશરીર છે. એટલી નિર્મળતા છે. વિચારશક્તિ ઘણી છે. બહુ વિચારના (અંતે), ચારેય પડખાના વિચારના ફળ સ્વરૂપે દશા પ્રગટ થઈ છે. ઓચિંતી આવી ગઈ છે એવું નથી. ભલે પૂર્વ સંસ્કાર છે તોપણ ઘણી વિચાર દશા બળવાન છે. આટલું એનું Background છે. પંદરમેં વર્ષે એટલા પીઢ વિચાર છે. ચોવીસમેં વર્ષે સમ્યગ્દર્શન થયું છે. ૧૦-૧૦ વર્ષની સતત વિચારધારામાંથી ઉત્પન્ન થયેલી તત્ત્વની દશા છે. તોય એમ લખે છે કે માથા ઉપર ધડ રહેવું મુશ્કેલ પડે એવી સ્થિતિમાં ચાલીએ છીએ. બહુ સંભાળી સંભાળીને ચાલીએ છીએ. ઉદયના પરિણામમાં કેટલો Control કરતા હશે એના પુરુષાર્થથી, એ વિચાર માગી લે એવો વિષય છે.

૨૪માં વર્ષમાં એ જ એક પત્ર લખ્યો છે. ૪૦૮ નંબર છે. બે ધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે. એવો ઉદય છે કે બે ધારી તરવાર ઉપર (ચાલવા જેવું છે). આની કોર ચાલીએ તોય ધાર વાગે. આની કોર ચાલીએ તોપણ ધાર ગરી (વાગી) જાય એવી અમારી દશા છે. એમ કહે છે કે, બીજાને-બધા સમ્યગ્દૃષ્ટિને એવી દશા નથી હોતી પણ અમને એવી કપરી દશા છે એમ કરીને લખ્યું છે.

**'હાલ તો તે પ્રારબ્ધ સ્વાભાવિક ઉદય પ્રમાણે વેદન કર્યા સિવાય અન્ય ઇચ્છા ઉત્પન્ન થતી નથી,...'** ક્યાંય કરવું, કરાવવું, કોઈ અન્ય ઇચ્છા નથી. પ્રારબ્ધ પ્રમાણે ભલે બધા ઉદય આવી હિસાબ-કિતાબ સાફ કરી જાય. એ ઉદયમાં બીજા કોઈને સુખ-દુઃખનું કારણપણે ભાસીએ છીએ, રાગ-દ્વેષના કારણપણે ભાસીએ છે, લાભ-નુકસાનના કારણપણે બીજાને ભાસીએ છીએ. **'તે ભાસવાને વિષે લોક પ્રસંગની વિચિત્ર ભ્રાંતિ જોઈ ખેદ થાય છે.'** એ લોકોની ભ્રાંતિ છે. કોઈના રાગનું કારણ થઈએ એની ભ્રાંતિ છે, કોઈના દ્વેષનું કારણ થઈએ એ ભ્રાંતિ છે. લાભનું કારણ છીએ એમ માને તો ભ્રાંતિ છે. નુકસાનનું કારણ માને તો એમ માનનારની ભ્રાંતિ છે. લોકપ્રસંગની એવી વિચિત્ર ભ્રાંતિ જોઈને ખેદ થાય છે.

**'જે સંસારને વિષે સાક્ષી કર્તા તરીકે મનાય છે,...'** પોતે સાક્ષી થઈ ગયા છે જ્ઞાતા-દૃષ્ટાભાવે. **'તે સંસારમાં તે સાક્ષીએ સાક્ષીરૂપે રહેવું, અને કર્તા તરીકે ભાસ્યમાન**

**થવું તે બેધારી તરવાર ઉપર ચાલવા બરાબર છે.'** અંદરમાં જ્ઞાતા-દૃષ્ટાપણાના ભાવને પુરુષાર્થથી ટકાવવો એ તો તરવારની ધાર જેવો પુરુષાર્થ છે જ પણ બહારમાં ઉદયમાં પણ જ્ઞાતા-દૃષ્ટા રહીને બીજાને લાભ-અલાભનું, રાગ-દ્વેષનું, લાભ-નુકસાનના કારણપણે ભાસીએ છીએ એ પણ એક વિકટ પરિસ્થિતિ છે.

**'એમ છતાં પણ કોઈને...'** એટલે કોઈ જ્ઞાનીપુરુષને, કોઈ સત્પુરુષને. બીજાને ખેદ, દુઃખ અને અલાભનું કારણ ભ્રાંતિગત લોકોને તે સાક્ષીપુરુષ ન ભાસે તો તે પ્રસંગમાં તે સાક્ષીપુરુષનું અત્યંત વિકટપણું નથી. કોઈને એવો ઉદય ન હોય કે બીજા એને રાગ-દ્વેષનું નિમિત્ત બનાવે. તો એને બહુ વિકટપણું નથી. **'અમને તો અત્યંત અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે'**. ૨૫ વર્ષે (આ લખે છે). એક વર્ષ થઈ ગયું છે. ૨૫ મા (વર્ષમાં) પણ આસો (મહિનો ચાલે છે). લગભગ બે વર્ષ થવા આવ્યા છે દશા પ્રગટ થયાને. મુંબઈથી લખે છે.

**'અમને તો અત્યંત અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે. એમાં પણ ઉદાસીનપણું...'** ઠીક ! આ પુરુષાર્થ છે એમનો. **'એમાં પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે.'** ત્રણે કાળના જ્ઞાનનું એ આચરણ છે. અમને પણ એવી જ દશા વર્તે છે. તેથી આ બધો ખ્યાલ છે. બધું પરિણમન છે. ઉદાસીનપણાનું પણ પરિણમન છે, આવી વિકટ પરિસ્થિતિ છે એનો પણ ખ્યાલ છે, દશાને ટકાવી રાખવાનો આમાં પુરુષાર્થ જોઈએ એ પણ ખ્યાલ છે. ચારેય બાજુની વાત લીધી છે. બહુ તાત્ત્વિક પત્ર છે. 'સોગાનીજી'ના પત્ર વંચાવ્યો હતો. ગૃહસ્થ દશામાં છે ને એ પોતે ! ગુજરાતી વાંચી શકતા હતા બરાબર. ક્યા તત્ત્વ રખા હૈ ઇસમેં ! કેવું તત્ત્વ ભર્યું છે ! એક પત્રની અંદર કેવું તત્ત્વ ભર્યું છે !! ૪૦૮ સંદર્ભ આપ્યો-૬૪૫ (દ્રવ્યદૃષ્ટિ પ્રકાશના) બોલમાં. દેહાંત સમયે 'શ્રીમદ્જી'ના પત્રોનું અધ્યયન કર્યું છે.

અહીંયાં સ્વાનુભૂતિનો મહિમા કરતા એમ કહે છે કે, **'અનંત કાળમાં ન થયું હોય એવું, ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન, તે જ અલૌકિક દર્શન છે.'** ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન વ્યાપ્ય-વ્યાપકભાવે (થાય છે). ચૈતન્યતત્ત્વમાં જેણે ચૈતન્ય-નિજ ચૈતન્યતત્ત્વનો અનુભવ કર્યો તે જ અલૌકિક દર્શન છે. લૌકિકમાં ક્યાંય એ વિષય નથી એવું અલૌકિક દર્શન છે. બસ, આટલું કહીને અટકી જવું પડે છે. લોકમાં નજરમાં કરતા ક્યાંય એની ઉપમા એને સમજાવી શકીએ, એને કહી શકીએ

એવું કાંઈ જોવામાં મળતું નથી. અલૌકિક સ્વાદ છે, અલૌકિક દર્શન છે, અલૌકિક ઘટના છે એમ કહીને મૂકી દ્યે છે. કોની સાથે બતાવે ? જગતમાં એની ઉપમાને લાયક કોઈ પદાર્થ નથી, કોઈ ઘટના નથી, કોઈ પરિસ્થિતિ નથી.

મુમુક્ષુ :– આ દર્શનનો અર્થ શું ?

પૂજ્ય ભાઈશ્રી :– અનુભવ. દર્શનનો અર્થ અહીંયાં અનુભવ લેવો. આપણે નથી કહેતા ? ભગવાનના દર્શન કર્યા. એ તો નજરથી ચોખ્ખા જોયા પણ એ પણ હજી સંવ્યવહારિક પ્રત્યક્ષ છે. નજરોનજર જોયું એટલે પ્રત્યક્ષ જોયું. પણ ઇન્દ્રિયનું માધ્યમ હોવાથી, ચક્ષુ ઇન્દ્રિયનું માધ્યમ હોવાથી એને શાસ્ત્રમાં વ્યવહારપ્રત્યક્ષ, સંવ્યવહારીક પ્રત્યક્ષના ખાતામાં ખતવે છે. અતીન્દ્રિય પ્રત્યક્ષને જ પ્રત્યક્ષપણાનું ખાતું મળે છે. અહીંયાં પ્રત્યક્ષ, અતીન્દ્રિય પ્રત્યક્ષ અનુભવ છે એટલે એને આત્મદર્શન અથવા આત્મસાક્ષાત્કાર કહેવામાં આવે છે.

સિદ્ધપદનો સાક્ષાત્કાર ! નિજ સિદ્ધપદનો સાક્ષાત્કાર. પરમેશ્વરપદ ! પોતે જ સાક્ષાત્ પરમેશ્વર છે અંદરમાં. પરમેશ્વરની મૂર્તિ અંદરમાં બિરાજમાન છે પોતે, બસ ! એનો સાક્ષાત્ અનુભવ. પોતાને એ સ્વરૂપે છે એવો અનુભવ. અને એ અપરોક્ષ, પ્રત્યક્ષ અનુભવ શું બાકી રહ્યું એમાં ? એટલે 'રાજમલજી'એ કહ્યું કે બાર અંગમાં અનુભૂતિ એ બાર અંગનો સાર છે. બાર અંગનો વિસ્તાર તો એક વિકલ્પ છે એની પાસે. આ અનુભૂતિ પાસે બાર અંગનો વિસ્તાર તો એક વિકલ્પ છે. એટલી વિકલ્પની કોઈ કિંમત નથી. બાર અંગના વિસ્તારની કોઈ કિંમત નથી. એક સ્વાનુભૂતિની કિંમત છે. એને અહીંયાં અપૂર્વદર્શન કહ્યું છે.

મુમુક્ષુ :– આ જે દર્શન કરીએ એ પરોક્ષ દર્શન છે ?

પૂજ્ય ભાઈશ્રી :– પરોક્ષ દર્શન છે. આ પ્રત્યક્ષ (છે). અતીન્દ્રિય પ્રત્યક્ષ એ પ્રત્યક્ષ છે.

**'ચૈતન્યતત્ત્વમાં જઈને જે દિવ્ય દર્શન...'** જુઓ ! કેવા શબ્દો આવ્યા છે ! પોતાના ચૈતન્યતત્ત્વમાં જઈને. ક્યાંય દૂરથી જોયા છે ભગવાનને, આઘેથી જોયા છે, એમની સુરત હવે વિસરાઈ જશે અને ભૂલાઈ જશે એવી રીતે જોયા છે (એમ નથી). માણસ ઘણા વખતે જોવે તો એમ કહે ને કે કોઈવાર તમને જોયા છે પણ અત્યારે ઘણો વખત થયો એટલે ભૂલી ગયા છે. એવી રીતે કોઈ દૂરથી જોયેલી ચીજ નથી આ.

અંદરમાં જઈને વ્યાપ્ય-વ્યાપકભાવે પ્રસરીને અભેદભાવે પોતે જ છે એવો અનુભવ કર્યો છે. એ અલૌકિક દર્શન છે કોઈ. એ દર્શન જગતની અંદર એનું મૂલ્ય કરવા માટે કોઈ ચીજ મળતી નથી. એટલે એને અનુપમ છે એમ પણ કહેવાય છે. કેમકે ઉપમા મળતી નથી. મૂલ્ય કરી શકાતું નથી એટલે અમૂલ્ય વાત છે એમ કહેવું પડે છે.

**'સિદ્ધદશા સુધીની...'** હવે આ છેલ્લા વચનમાં એક બહુ સુંદર વાત કરી છે. **'સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે.' 'સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ...'** આ લોકો બહારમાં જે રિદ્ધિ-સિદ્ધિની લબ્ધિમાં મૂર્છાઈ જાય છે. કોઈને રિદ્ધિ-સિદ્ધિ (હોય છે), અન્યમતિને કોઈને રિદ્ધિ-સિદ્ધિ પ્રગટે છે. પાણી છાંટે ત્યાં પત્થર સોનું થઈ જાય. આખા પથ્થરના પર્વત હોય એ સોનાના થઈ જાય. પાણી છાંટે ત્યાં શીલા પડી હોય તો સોનું થઈ જાય. થૂંક ચોપડે ત્યાં કોઢ જેવો કોઢ મટી જાય.

મુમુક્ષુ :– આ ચોસઠ ઋદ્ધિ છે જ ને આપણે.

પૂજ્ય ભાઈશ્રી :– ચોસઠ ઋદ્ધિધારી મુનિઓ હોય છે ને ! બધા પુણ્યના પ્રકાર છે. એ બધી પુદ્‌ગલની ઋદ્ધિ તો કાંઈ નથી, એની સરખામણી થઈ શકે એવું નથી. એની ઉપમા કોઈ લાગુ કરી શકાય એવું નથી.

શું કહે છે ? કે **'સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ'** લ્યો, આ એને લબ્ધિ પ્રગટી. સ્વાનુભવ થયો, લબ્ધિ પ્રગટી. કેટલી લબ્ધિ પ્રગટી ? સિદ્ધદશા પર્યંતની બધી લબ્ધિઓ એમાં સમાણી છે. એમાં આવી ગઈ છે એમ કહે છે. સમ્યક્‌દૃષ્ટિનો બહુ અત્યંત મહિમા કરવામાં આવે છે. એ કોઈ એમનેમ અદ્ધરથી વાત નથી.

એટલે તો 'શ્રીમદ્‌જી'એ ૨૨૫માં લીધું ને ! પરાભક્તિ ! પરાભક્તિ કરવી. પ્રગટ સત્પુરુષની પરાભક્તિ એટલે છેવટની હદ સુધીની જેટલી ભક્તિ થઈ શકે તેટલી કરવી, એમ લીધું છે. એને પરાભક્તિ કહે છે. પરા એટલે અંત. આખર. એ વાત અહીંયાં લીધી છે. **'સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ શુદ્ધાત્માનુભૂતિમાં જઈને મળે છે.'** શુદ્ધાત્માનુભૂતિ પ્રગટ થઈ એટલે સિદ્ધદશા સુધીની પૂરેપૂરી લબ્ધિ, બધી લબ્ધિઓ એમાં આવી ગઈ છે અત્યારે. ભલે પ્રગટ ન હોય, જરૂર નથી, એની અપેક્ષા નથી. પણ લબ્ધિ અહીંયાં આવીને મળેલી છે. એવો કોઈ આત્મસાક્ષાત્કારનો મહિમા પણ કોઈ અચિંત્ય મહિમા છે. જેમ દ્રવ્ય સ્વભાવનો, સિદ્ધપદનો મહિમા અચિંત્ય છે એમ એના સાક્ષાત્કારનો મહિમા પણ કોઈ અચિંત્ય છે.

મુમુક્ષુ :– ૬૦૮ જીવોમાં...

પૂજ્ય ભાઈશ્રી :– ૬૦૮માં એનું Registration થઈ ગયું, Advance booking થઈ ગયું. ચાર ગતિના ભાવભ્રમણનો છેદ બોલાવ્યો અને અનંત કાળનું અનંત સમાધિ સુખ, અનંત દર્શન, અનંત જ્ઞાન, અનંત સુખ પરમાનંદની દશા Secure થઈ ગઈ. ચૌદ બ્રહ્માંડ ફરે (તોપણ) આમાં કાંઈ ફેર પડવાનો હવે નથી. લહી ભવ્યતા મોટું માન. કેવળજ્ઞાનમાં એ આવી ગયું. આ જીવની Line બદલાઈ ગઈ. ગાડીનો પાટો ફરી ગયો. હવે એની ગાડી સિદ્ધાલયમાં જઈને પહોંચશે. ત્યાં સુધી રસ્તામાં હવે ક્યાંય અટકવાની નથી.

એક થોડોક અહીંયાં લૌકિક ઉપકાર કરે અને એની લાચારી બંધ થાય એવું કાંઈ કરી દે તો માણસને એમ થાય કે, ભાઈ ! જિંદગીભર એનો ઉપકાર ન ભુલાય. ખરે વખતે એણે મદદ કરી છે. આ તો સત્પુરુષ, જે અનંત જન્મ-મરણથી બચાવે એવી એકેએક વાત એની છે. કોઈ રીતે કિંમત આવે એમ નથી. એની જેવી કિંમત છે એવી કિંમત જો એને સમજણમાં ભાસે તો પુરુષાર્થ ઊપડે. તો એનો પુરુષાર્થ ઊપડે અને એટલી કિંમત ભાસે તો અન્ય ભાવને અને અન્ય ભાવના ફળસ્વરૂપ જે સંયોગ-વિયોગ ઉદયના છે એ બધા તુચ્છ ભાસે. કે આમાં શું છે ? આ બધું તુચ્છ છે. એની કોઈ કિંમત નથી. આત્માને એમાં રોકી લેવા જેવો નથી. સરવાળે જે કાંઈ પુરુષાર્થને અપૂર્વ માર્ગમાં લઈ જવો છે, અપૂર્વ દર્શનમાં લઈ જવો છે એની અંદર ક્યાંય પણ મને ક્ષતિ ન પહોંચે એની સાવધાની એને જો કિંમત ભાસે તો આવી જાય છે.

સ્વાનુભૂતિ એ કોઈ બુદ્ધિથી પારની દશા છે. બુદ્ધિથી પારની, વિકલ્પથી પારની દશા છે. વિકલ્પાતિત મનાતિત દશા છે. જ્યાં મન પહોંચતું નથી, મન વિરામ પામે છે એવી એ દશા એ ઉત્પન્ન થાય છે. અને જે આ સ્વાધ્યાય આદિ કરવામાં આવે છે એમાં મનની પ્રવૃત્તિ, મન સહિતની જીવના ઉપયોગની પ્રવૃત્તિ રહે છે. મન સહિતની પ્રવૃત્તિ અને મનાતિત દશા વચ્ચે તો બહુ મોટું આંતરું છે. મન સહિત કેટલી પણ પ્રવૃત્તિ કરવામાં આવે, ગમે તેટલી પણ પ્રવૃત્તિ કરવામાં આવે તોપણ મનાતિત દશાનો એમાં કોઈ અંશ નથી આવતો. કેમકે આખો તબક્કો જુદો છે.

ત્યારે એક પ્રશ્ન થવા યોગ્ય છે કે, તો પછી રોજ ઊઠીને આ વિષયનો સ્વાધ્યાય

કરીએ (છીએ), એને આને કાંઈ લાગેવળગે છે કે કાંઈ લાગતું વળગતું નથી ? અને આ રોજ ઊઠીને સ્વાધ્યાય કરવાનો મંડો ? આ એક પ્રશ્ન થવા યોગ્ય છે.

(સમાધાન એમ છે કે,) લાગતુંવળગતું હોય તો એટલું કે મનના વિચારકાળે કાંઈ મૂલ્યાંકન કરી શકે છો આ વિષયનું ? જો તને વિચારદશામાં યથાર્થ રીતે એની કિંમત આંકતા આવડ્યું તો એને સત્પુરુષોએ સુવિચારણા કહી છે. 'જ્યાં પ્રગટે સુવિચારણા ત્યાં પ્રગટે નિજજ્ઞાન' એવું જે નિજજ્ઞાન છે વિકલ્પાતિત દશા છે એ પ્રગટવાનું કાંઈ અનુસંધાન હોય તો તે સુવિચારણા છે કે જેમાં કોઈ આ વિષયની, આ વાતની આત્મસ્વરૂપનું, આત્મભાવનું કાંઈ મૂલ્ય ભાસે. મૂલ્ય ભાસે તો એનો પુણ્ય-પાપમાં જે પુરુષાર્થ મુર્છાઈ ગયો છે, પુણ્ય-પાપના ઉદયભાવોમાં જે એનો પુરુષાર્થ મુર્છાઈ ગયો છે, મૂંઢાઈ ગયો છે, ફસાઈ ગયો છે એ પુરુષાર્થનો પર્યાય ત્યાંથી છટકીને, છૂટીને કાંઈ એને પોતાને ઓળખવા અને પોતાને અનુભવ કરવાની દિશા પકડી શકે એવો અવકાશ થાય-એટલી જગ્યા થાય. નહિતર પહેલી તો જગ્યા થવી મુશ્કેલ છે. એવો ફસાયેલો છે અનાદિથી, એવો મુર્છાઈ ગયેલો છે અનાદિથી કે બહાર નીકળવું એને મુશ્કેલ છે. એ એક સ્વાધ્યાયનું કોઈ કાર્ય થાય છે તો એની આટલી મર્યાદા છે. બહુ મર્યાદિત આ કાર્ય છે. કેમકે પેલી દશા તો એકદમ આ મર્યાદાને ઉલ્લંઘન કરીને, ઓળંગીને અતિક્રાંત થઈને કોઈ નિર્વિકલ્પ દશાનો વિષય છે.

આત્મસાક્ષાત્કાર તો પોતે નિર્વિકલ્પ દશા છે. વિકલ્પથી નિર્વિકલ્પતા સધાય એ તો ના પાડે છે. ભગવાન કહે છે, એ તો વિકલ્પ જુદી ચીજ છે, નિર્વિકલ્પ જુદી ચીજ છે. વિરુદ્ધ છે એકબીજાની. પણ વિકલ્પ સાથે કોઈ તારું જ્ઞાન કામ કરે છે. તારી મતિ કામ કરે છે. એ જો કાંઈ વ્યવસ્થિત થઈ હોય તો એની અંદર એનું મૂલ્યાંકન તને એક વખત આવી જાય તો તને જગતનું મૂલ્ય છૂટી જશે. જગત, જગતની વસ્તુઓ, જગતના પ્રસંગો એનું મૂલ્ય છૂટી જશે. તો તારો જે ફસાયેલો પુરુષાર્થ છે, પુરુષાર્થ તો છે, સંજ્ઞી પંચેન્દ્રિય છે એટલે પ્રયોજનનો પુરુષાર્થ નથી એમ નથી. પ્રયોજનભૂત વિષયનો પર્યાપ્ત પુરુષાર્થ લઈને આવ્યો છે. એ સાચી દિશા પકડશે, એ સ્થાન સાચું પકડશે. તો પછી એ સરળ છે. સત્ સરળ છે, સત્ સુગમ છે અને સત્ સર્વત્ર પ્રાપ્ત થઈ શકે એવું છે એ બધા બોલ પછી લાગુ પડે છે.

મુમુક્ષુ :– ઉપયોગ મનજનિત કે આત્મજનિત ?

પૂજ્ય ભાઈશ્રી :- ક્યા વખતનો ? કયા વખતનો ? કયા કાળનો ઉપયોગ ?

મુમુક્ષુ :- આ શાસ્ત્ર ચિંતન કરતી વખતે.

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતવન વખતે મનજનિત છે અને અનુભવ વખતે આત્મજનિત છે. એ જ ઉપયોગ.

મુમુક્ષુ :- મનનો લેવો કે આ....

પૂજ્ય ભાઈશ્રી :- ચિંતવન કરે છે ત્યારે મન સાથે એનો સંબંધ છે એ ચાલુ હોવાથી તેને મનજનિત કહીએ. નિમિત્ત અપેક્ષાએ. જેમ કર્મ સાથે જોડાયેલી અવસ્થાને કર્મજનિત કહીએ. કેમકે કર્મને અવલંબન લઈને નિમિત્ત બનાવ્યું માટે. એમ મનનું અવલંબન લઈને નિમિત્ત બનાવ્યું મનને ત્યારે એ ઉપયોગ મનજનિત કહેવાય છે. અને નિર્વિકલ્પદશામાં તે મન રહિત છે, આત્મઉપયોગ છે, આત્મજનિત. આત્માની સાથે સીધો સંબંધ છે.

ઉપયોગને લક્ષણ બનાવે ત્યારે આત્મજનિત. વિષય થોડો સૂક્ષ્મ છે. જો ઉપયોગને લક્ષણ બનાવીને લક્ષને ઓળખી લે ત્યારે એ ઉપયોગ આત્મજનિત ગણવો. આ વિષય સ્પષ્ટ કરવો હોય તો કળશ ટીકાનો ૧૧૬ નંબરનો કળશ છે. એ દૃષ્ટાંત લેવો છે અહીંયાં, સિદ્ધાંત એના ઉપરથી પકડવો. આસ્રવ અધિકાર છે. એમાં આચાર્ય મહારાજે એમ કહ્યું છે કે બુદ્ધિપૂર્વકનો અને અબુદ્ધિપૂર્વકનો સમગ્ર રાગ છે એને મટાડવા માટે, એનો નાશ કરવા માટે, એનો ત્યાગ કરવા માટે વારંવાર જે સ્વશક્તિ છે એને અંદરમાં સ્પર્શે, એને ફરસે તો બુદ્ધિપૂર્વકનો (રાગ) પણ મટે અને અબુદ્ધિપૂર્વકનો (રાગ) પણ મટે.

બુદ્ધિપૂર્વકના રાગની વ્યાખ્યા કરતા પોતે 'રાજમલજી' ટીકા કરતા એમ કહે છે કે બુદ્ધિપૂર્વક કહેતા જે બધા પરિણામ મન દ્વારા પ્રવર્તે. બાહ્ય વિષયના આધારે પ્રવર્તે. પ્રવર્તતા થકા તે જીવ પોતે પણ જાણે કે મારા પરિણામ આવા થાય છે, આવા રૂપે પરિણમે છે. તથા બીજા અન્ય જીવ પણ અનુમાન કરી જાણે કે આ જીવના આવા પરિણામ છે. બહારની મન-વચન-કાયાની ચેષ્ટા આદિથી. આવા પરિણામને બુદ્ધિપૂર્વકના પરિણામ કહે છે. ત્યાં આવા પરિણામને સમ્યક્દૃષ્ટિ જીવ મટાડી શકે છે. કેમકે આવા પરિણામ તે જીવની જાણમાં છે. એને જાણમાં છે કે મને આમાં રાગ-દ્વેષ-મોહ થાય છે. ચારિત્રમોહ ભલે થાય, તો એને મટાડવાનો પ્રયત્ન કરે છે. જો જાણે જ નહિ

તો મટાડે કેવી રીતે ? પોતાનો દોષ આવો થાય છે એમ ખબર પડે એટલે એને મટાડવાનો અભિપ્રાય છે, એનો પુરુષાર્થ કામ કરે છે. તેથી સમ્યક્દષ્ટિ જીવ પહેલા જ આવા પરિણામ મટાડે છે. નંબર એક.

હવે અબુદ્ધિપૂર્વકની વાત કરે છે. અબુદ્ધિપૂર્વક પરિણામ કહેતા પાંચ ઇન્દ્રિય અને મનના વ્યાપાર વિના જ. જુઓ ! અહીંયાં ધ્યાન દેજો જરા. પાંચ ઇન્દ્રિય અને મનના વ્યાપાર વિના જ મોહકર્મના ઉદયનું સીધું નિમિત્ત પામીને. અવલંબન કોનું છે અંદરમાં ? કાર્મણવર્ગણામાં જે વિપાક આવ્યો એમાં મોહનીયનો સતત વિપાક છે, નિરંતર વિપાક છે. એક સમય પણ મોહનો વિપાક ન હોય એવું ન બને. આઠેય કર્મનો વિપાક નિરંતર છે. એક વિગ્રહ ગતિમાં આયુષ્યકર્મનો વિપાક નથી. અહીંયાં પૂરું કર્યું છે. દેહ છોડ્યો ત્યારે અહીંયાં આયુષ્ય કર્મ પૂરું કર્યું છે અને ત્યાં નવો જે સ્થાનમાં ઉપજે ત્યારે એને અપર્યાપ્તિ કાળમાં પહેલો આયુષ્યનો પહેલો સમય શરૂ થાય છે. પછી પર્યાપ્તિ કાળ અને પછી સ્થૂળ આવે છે. પણ વચ્ચે જે એક સમય, બે સમય કે એક કે બે સમય કોઈને રહે છે કે ત્રણ સમય વધુમાં વધુ રહે. વધારે કાટખૂણો પકડે તો. વિગ્રહગતિમાં આઠમો આયુકર્મનો ઉદયનો હોય. બાકી આઠેય કર્મનો ઉદય તમામ સંસારી જીવને નિરંતર હોય છે. અહીંયાં મોહકર્મની વાત લીધી છે.

મોહકર્મનું સીધું નિમિત્ત પામીને મોહ-રાગ-દ્વેષરૂપ અશુદ્ધ વિભાવ પરિણામરૂપ પોતે સ્વયં જીવદ્રવ્ય અસંખ્યાત પ્રદેશે પરિણમે છે. અસંખ્યાત પ્રદેશે મોહભાવનું પરિણામ (થાય છે) એનું અવલંબન સીધું દ્રવ્યકર્મ, મોહનીના દ્રવ્યકર્મનું અવલંબન-નિમિત્ત. વચ્ચે કોઈ પાંચ ઇન્દ્રિય અને છઠ્ઠા મનનું એ પરિણામને નિમિત્ત નહિ. એવા પરિણામને અબુદ્ધિપૂર્વકના પરિણામ કહેવામાં આવે છે. આ પરિણામ ઇન્દ્રિયજનિત નથી. હવે એમ લેવું છે. મનજનિત નથી અને ઇન્દ્રિયજનિત નથી. કેમકે અબુદ્ધિપૂર્વકના કહેવા છે ને ! એમ.

આવું પરિણમન જીવની જાણમાં નથી. સમ્યક્દષ્ટિને પણ અબુદ્ધિપૂર્વકના પરિણામ છે એ જણાતા નથી. કેવળજ્ઞાનનો વિષય છે, એટલા સૂક્ષ્મ છે. તેથી જે-તે પ્રકારે બુદ્ધિમાં પકડીને એને મટાડી શકાતો નથી. પરંતુ આવા પરિણામને મટાડવા અર્થે નિરંતરપણે શુદ્ધ સ્વરૂપને અનુભવે છે અને શુદ્ધ સ્વરૂપનો અનુભવ કરતાં તે સહજ જ મટશે. બીજો કોઈ ઉપાય નથી. હવે, અહીંયાં વિકારી પરિણામનું દૃષ્ટાંત છે. રાગાદિના

મોહના જે પરિણામ છે એમાં પણ બુદ્ધિપૂર્વકનો રાગ અને અબુદ્ધિપૂર્વકનો રાગ, બુદ્ધિપૂર્વકનો મોહ અને અબુદ્ધિપૂર્વકનો મોહ. બુદ્ધિપૂર્વકના છે એને ઇન્દ્રિયોનું નિમિત્ત ગણીને ઇન્દ્રિયજનિત કહીએ, મનજનિત કહીએ. અને જે મનમાં પકડાતા નથી, ઉપયોગમાં પકડાતા નથી અને સીધા જ પરદ્રવ્યના અવલંબને થાય. આ વિચાર થયો રાગનો.

હવે જ્ઞાનનો વિચાર કરીએ. એક તો જે જ્ઞાનનો ઉપયોગ પાંચ ઇન્દ્રિયનું અવલંબન લઈને અથવા મનનું અવલંબન લઈને ઉત્પન્ન થાય છે તેને ઇન્દ્રિયજનિત જ્ઞાન, ઇન્દ્રિયજ્ઞાન કહેવામાં આવે છે અથવા એને શાસ્ત્રની અંદર ભાવેન્દ્રિય પણ કહે છે. ભાવેન્દ્રિય, દ્રવ્યઇન્દ્રિયના નિમિત્તે, દ્રવ્ય ઇન્દ્રિયના દ્વારા પ્રવર્તતું જ્ઞાન તેને ભાવેન્દ્રિય કહેવામાં આવે છે. એક તો જાણે એવું છે. એક તો જાણે જ્ઞાન એવું છે.

હવે એ જ્ઞાનની બીજી પ્રક્રિયા છે કે, જે જ્ઞાન ઊપજ્યું એ તો જ્ઞાનગુણમાંથી ઊપજ્યું. એક પ્રશ્ન અહીંયાં વિચારવા માટે કરું છું કે, જો જ્ઞાન પોતે સ્વયં પરિણમનશીલ છે, જ્ઞાનની શક્તિ, જ્ઞાન સ્વયં પરિણમનશીલ છે અને પરિણમવું એ એની શક્તિ અને સામર્થ્ય છે, એને કોઈ રોકી શકે પણ નહિ. રોકવા ધારે તોપણ રોકી શકાય નહિ. તો મન ને ઇન્દ્રિયો હોય તો જ એ ઉત્પન્ન થાય અને નહિતર ન ઉત્પન્ન થાય એવી વાત ક્યાંથી લાવવી ? એટલી જ માત્ર વાત કેમ પકડવી ? હવે તમારા પ્રશ્નનો જવાબ આવે છે કે જ્ઞાનગુણ છે એ સ્વયં જ પરિણમે છે. જો એને ઇન્દ્રિયોનું અવલંબન મળે તો પરિણમે અને નહિતર એ પરિણમી ન શકે એમ ન બને. અહીંથી લક્ષણ પકડવું છે. ક્યાંથી લક્ષણ પકડવું છે ?

મુમુક્ષુ :– ઉપયોગ લક્ષણ

પૂજ્ય ભાઈશ્રી :– ઉપયોગ લક્ષણ ખરો પણ ઉપયોગ ક્યાંથી ઉત્પન્ન થયો ? શક્તિમાંથી ઉત્પન્ન થયો, જ્ઞાનગુણમાંથી ઉત્પન્ન થયો. ઇન્દ્રિયના નિમિત્તે તો સ્થૂળ ઉપયોગ પ્રવર્તે છે. સામાન્યને શેનું અવલંબન છે ? આ તો વિશેષ જ્ઞેયાકાર જ્ઞાન છે. સામાન્યને શેનું અવલંબન છે ? જે જ્ઞાનમાં આકૃતિ ઊઠી એને તો તમે કહો કે સામે અવલંબન છે એની આકૃતિ ઊઠી અને મનનો વિચાર હોય તો એ પ્રમાણે. એ તો વિશેષ જ્ઞાનનો પર્યાય થયો. પણ વિશેષજ્ઞાન એ સામાન્યજ્ઞાનની હયાતીને બતાવ્યા વગર તો વિશેષજ્ઞાન કહેવાતું નથી.

જ્ઞાનવિશેષ એને કહીએ તો જ્ઞાનસામાન્ય વિના તો જ્ઞાનવિશેષ છે નહિ. જ્ઞાનસામાન્યનો વિચાર કે' દી' કર્યો ? જ્ઞાનસામાન્ય શું છે એનો વિચાર કરવા જેવો વિષય છે.

પંદરમી ગાથામાં આચાર્ય મહારાજે એક બહુ રહસ્યભૂત વાત કરી હોય તો એ છે કે, સામાન્યનો અનુભવ કરતા જ્ઞાન પ્રગટપણે અનુભવમાં આવે છે. એ તો પકડાવવા માટે લીધું છે. ખરેખર તો સામાન્યનો અનુભવ કરતા, આવિર્ભાવ કરતા આત્મા પ્રગટ અનુભવમાં આવે છે ખરેખર તો. કેમકે ત્યાં જ્ઞાન તે જ આત્મા છે. અને આવી જે જ્ઞાનાનુભૂતિ અથવા આત્માનુભૂતિ એને ત્યાં સમસ્ત જૈનશાસન કહી દીધું. ત્યાં જિનેન્દ્રની જે મહોર છે, રાજની જેમ મહોર હોય છે ને ? કે આ રાષ્ટ્રપતિની મહોર છે. એમ જિનેન્દ્રની મહોર ત્યાં લાગી. સામાન્યનો આવિર્ભાવ થયો તો કહે એ સમસ્ત જિનશાસન છે, જાવ ! અહીંયાં અમારું આખું જિનશાસન આવી ગયું.

એ સામાન્યજ્ઞાનની જ વાત લીધી છે ત્યાં. વિશેષજ્ઞાનનો તિરોભાવ, જ્ઞેયાકારજ્ઞાનનો તિરોભાવ, ઇન્દ્રિયજ્ઞાનનો તિરોભાવ. ઇન્દ્રિયોમાં લુબ્ધ થયેલું, જ્ઞેય વિષયોમાં લુબ્ધ થયેલા જ્ઞાનનો તિરોભાવ કરીને જે સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ કરે છે. 'ગુરુદેવ'ને આ વિષય ઉપર સીધો પ્રશ્ન થયો હતો. સારું થયું છે બધા પ્રશ્ન પહેલેથી નીકળી ગયા છે ('ગુરુદેવશ્રી' સમક્ષ), સાહેબ ! અહીંયાં સામાન્ય ત્રિકાળી લેવું કે પર્યાય લેવી ? તો કહ્યું, શુદ્ધ પર્યાયની વાત છે અહીંયાં ! શુદ્ધ પર્યાયની વાત છે. સામાન્યનો આવિર્ભાવ કર્યો. કેમકે વસ્તુને તિરોભૂત આવિર્ભૂતપણે લાગુ પડતું નથી. વસ્તુ તો જે ધ્રુવ ત્રિકાળ છે એ ધ્રુવ કહેતા જ એને કોઈ આવિર્ભૂત-તિરોભૂતનું વિશેષણ લાગુ પડતું નથી. પ્રગટ-અપ્રગટનું વિશેષણ લાગુ પડતું નથી. એટલે અહીંયાં એ અપેક્ષા લેવાનો કાંઈ પ્રશ્ન રહેતો નથી. અહીંયાં આ શુદ્ધપર્યાયની વાત છે.

મુમુક્ષુ :– ઉપયોગ જ્ઞાનનું લક્ષણ છે. એ જ ઉપયોગ મન સાથે જોડાય જાય એટલે એને મનજનિત કહ્યું. હવે એ મનજનિત ઉપયોગથી આત્મચિંતન કરે તો એ જ ઉપયોગનો હવાલો જ્ઞાન પાછું લઈ લ્યે. એમાં જોડાય જાય.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે, ચિંતન કરે છે ત્યાં સુધી મન સાથે ચિંતવના ચાલે છે, મન સહિત. જ્યાં જ્ઞાન લક્ષણથી આત્માને ઓળખવો છે ત્યાં જ્ઞાનલક્ષણથી સ્વભાવને ઓળખવો છે. સ્વભાવ છે એ સામાન્ય સ્વરૂપે છે. સ્વભાવનું એક બીજું

નામ સામાન્ય તત્ત્વ છે. ધ્રુવ તત્ત્વ કહો, એકરૂપ તત્ત્વ કહો, સામાન્ય તત્ત્વ કહો, અભેદ તત્ત્વ કહો, બધું એકાર્થ છે.

જ્ઞાનસામાન્ય છે એ જ્ઞાનસામાન્ય છે એ સ્વભાવ અંશરૂપે પ્રગટ છે. તમામ સંસારી જીવોને જ્ઞાનસામાન્ય છે એ સ્વભાવ અંશરૂપે પ્રગટ છે. ત્યાં સ્વભાવ અંશ ખુલ્લો છે. ત્યાંથી ઓળખાય છે. ઇન્દ્રિયજ્ઞાનથી નથી ઓળખાતું. અલ્પજ્ઞતાથી નથી ઓળખાતું. મતિ-શ્રુત જ્ઞાનના ભેદથી નથી ઓળખાતું. અરે..! કેવળજ્ઞાનના ભેદથી નથી ઓળખાતું. સ્વભાવને ભેદ લાગુ પડતો નથી. સ્વભાવ નિર્ભેદ છે. મતિ, શ્રુત, અવધિ, મનઃપર્યય, કેવળ એ બધા જ્ઞાનના ભેદ છે.

તમામ જ્ઞાનના ભેદો એક અભેદ સ્વભાવને અભિનંદે છે. 'સમયસાર'માં એવી એક ગાથા છે. એને અભિનંદે છે. અભિનંદે છે એટલે એને મોઢા આગળ કરે છે. જેને અભિનંદન આપવું એને મુખ્ય કરવા પડે ને ? કે એને ગૌણ કરીને અભિનંદન અપાય ? એ શું કહે છે ? કે પાંચેય જ્ઞાનની પર્યાયો એક સામાન્ય તત્ત્વને, સામાન્યજ્ઞાનને, સામાન્ય સ્વભાવને, સ્વભાવને મુખ્ય કરે છે, પ્રસિદ્ધ કરે છે, પ્રગટ કરે છે, દેખાડે છે. તને એ જોવાની દૃષ્ટિ હોય તો જોવા મળે એમ છે. છે જ્ઞાનમાં જ આત્મા. જ્ઞાન તે આત્મા. માત્ર જ્ઞાન, જ્ઞાનમાત્ર આત્મા. આ આખો 'સમયસાર'નો મંત્ર છે. ૪૧૫ ગાથા એની ટીકા અને એના પરિશિષ્ટને એક ગાથામાં નહિ એક શબ્દમાં જો 'સમયસાર' કહ્યો હોય 'અમૃતચંદ્રાચાર્યદેવે' તો જ્ઞાનમાત્રમાં કહી દીધો છે. જ્ઞાનમાત્ર કહો, જ્ઞાયક માત્ર કહો, જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર... જ્ઞાનમાત્ર કહેવામાં આવે છે.

એટલે તો પોતે ચર્ચા કરી છે. જ્ઞાનમાત્ર કહીને અમારે આત્માને ઓળખાવવો છે. તો જ્ઞાનમાત્રમાં રાગાદિ તો લેવા નથી, ઇન્દ્રિયો તો લેવી નથી, દેહ લેવો નથી, ઉદય લેવો નથી. પણ જ્ઞાનમાત્રમાં જ્ઞેયાકાર વિશેષજ્ઞાન પણ લેવું નથી. જ્ઞેયાકાર વિશેષજ્ઞાન લ્યે તો એ જ્ઞેય પ્રત્યે આકર્ષિત છે. જ્ઞેયનો સંબંધ એનો Disconnect ક્યાંથી થશે ? અંતર્લીન થાય, જ્યારે કોઈપણ પોતાનો ઉપયોગ શુદ્ધોપયોગ અંતર્લીન ત્યારે કોઈ જ્ઞેય સાથે એને સંપર્ક નથી. તો એ સંબંધ એણે કેવી રીતે તોડ્યો ? બુદ્ધિપૂર્વકનો વિચાર કરતા કોઈ જ્ઞેયો સાથેનો સંબંધ તોડવો સહેલો નથી.

એક તો વસ્તુસ્થિતિ એવી છે કે જ્ઞાન સ્વપરપ્રકાશક છે એટલે પરજ્ઞેયો જ્ઞાનમાં

પ્રતિબિંબિત થયા વિના નહિ રહે. અનિવાર્ય પરિસ્થિતિ તો એક ઊભી છે. સ્વપરપ્રકાશપણાને લીધે. હવે પર પ્રકાશપણું રહે, પરજ્ઞેયો જ્ઞાનમાં પ્રતિબિંબ થતા અટકાવી શકાય નહિ અને જ્ઞેયો સાથેનો સંબંધ તોડી નાખવો એ કેવી રીતે કર્યું હશે ? કે એ સામાન્યમાં જ્યાં પ્રતિબિંબ નથી, વિશેષમાં પ્રતિબિંબ છે. સામાન્યજ્ઞાનનો આવિર્ભાવ કર્યો, એમાં તન્મય થયો ત્યારે ઉપયોગ પણ વિશેષપણું છોડીને સામાન્ય રૂપ થઈ ગયો. જે વિશેષ જ્ઞેયાકાર જ્ઞાન હતું એ તિરોભૂત થઈ ગયું, ત્યાં તિરોભૂત થઈ ગયું.

મુમુક્ષુ :– સામાન્યનો આવિર્ભાવ થયો.

પૂજ્ય ભાઈશ્રી :– સામાન્યનો આવિર્ભાવ થયો. એ જ્ઞાનને જ્ઞાનાનુભૂતિ થઈ, એ આત્માનુભૂતિ થઈ, ત્યાં જિનશાસન ઊભું થયું.

મુમુક્ષુ :– ત્યાં દિશા ફરી ગઈને...

પૂજ્ય ભાઈશ્રી :– ફરી જ જાયને. એની દિશા ફરી ગઈ ને ! દિશા ફરી ગઈ. એટલે સ્વસન્મુખપણું શું ? અંતર્મુખપણું શું ? આ એક અંતર્મુખી ચિત્તની વિચારણાનો વિષય છે.

મુમુક્ષુ :– જ્ઞાનનો ઉપયોગ જે મન સાથે સંગ કરે છે ત્યાંથી છૂટીને પાછો જ્ઞાનમાં ભળે એ અનુભવ ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. જ્ઞાનમાં ભળે છે ત્યારે એક ચમત્કાર બીજો શું થાય છે ? કે ઉપયોગ વ્યાપ્ય-વ્યાપકભાવે પ્રસરી જાય છે. એટલો કોઈ ઇન્દ્રિય સાથે એનું અવલંબન (રહેતું નથી).

મુમુક્ષુ :– કોઈ જ્ઞેય સાથે ન રહે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞેયો સાથે ન રહે. ઇન્દ્રિય સાથે ન રહે પછી જ્ઞેયો સાથે રહેવાનો પ્રશ્ન નથી. કેમકે જ્ઞેયો સાથે તો ઇન્દ્રિયોના માધ્યમથી હતો. પણ ઇન્દ્રિયોનું જ અવલંબન છૂટી ગયું. ઇન્દ્રિય દ્વારા જે બહાર પ્રવર્તતુ હતું. આંખથી, કાનથી આમ બહાર જતો હતો ઉપયોગ, એ સમેટાઈ ગયો. સમેટાઈ ગયો અને ઇન્દ્રિયો સાથેની એની પ્રવૃત્તિ છૂટી ગઈ. જે અસંખ્ય પ્રદેશ છે એ અસંખ્ય પ્રદેશમાં અથવા એક અભેદ અખંડ ચૈતન્યપીંડમાં, સળંગ ચૈતન્યપિંડમાં વ્યાપ્ય-વ્યાપકભાવે ઉપયોગ પ્રસરી ગયો. તો એને એમ કહ્યું કે આ હવે અતીન્દ્રિય ઉપયોગ છે. આને આત્મસાક્ષાત્કાર કહીએ,

એને સિદ્ધપદનો અનુભવ કહીએ એને જૈનશાસન કહીએ. એને જેટલો મહિમા કહીએ...

મુમુક્ષુ :– દિવ્ય દર્શન, અલૌકિક દર્શન.

પૂજ્ય ભાઈશ્રી :– એને દિવ્યદર્શન કહ્યું, અલૌકિક દર્શન કહ્યું. આ બોલ જ સ્વાનુભૂતિની મહિમાનો છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– સામાન્યનો આવિર્ભાવ. આપણે શાસ્ત્ર... વ્યાખ્યાનમાં ઉપસ્થિત હતો એ વખતે પ્રશ્ન ચાલ્યો હતો. એટલે સીધી સાંભળેલી વાત છે.

અન્ય જ્ઞેયાકારના સંયોગ રહિતપણાથી ઊપજેલ. ૧૫ ગાથાની ટીકા છે. **'અન્ય જ્ઞેયાકારના સંયોગરહિતપણાથી ઉપજેલ સામાન્યના આવિર્ભાવ અને વિશેષના તિરોભાવથી અનુભવમાં આવતું જે એકાકાર અભેદરૂપ જ્ઞાન તે સ્વાદમાં આવતું નથી;...'** ક્યારે ? કે જ્યારે જ્ઞાનવિશેષનો આવિર્ભાવ કરે છે ત્યારે. **'તે જ જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે.'** ત્યાં પ્રશ્ન થયો કે તે જ્ઞાન સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે, **'અલુબ્ધ જ્ઞાનીઓને તો...'** જે લુબ્ધાયમાન નથી પરવિષયમાં સુખબુદ્ધિ છૂટી ગઈ છે, એવા જ્ઞાનીઓને તો તે સામાન્યના આવિર્ભાવથી અનુભવમાં આવે છે. તો પ્રશ્ન કોઈએ કર્યો કે સાહેબ ! આ સામાન્યનો આવિર્ભાવ એટલે અહીંયાં ત્રિકાળી કે પર્યાય ? તો કહ્યું, અહીંયાં શુદ્ધ પર્યાયની વાત છે. કેમકે આવિર્ભાવ તો પર્યાયનો થાય છે. ત્રિકાળીને આવિર્ભાવ-તિરોભાવ લાગુ પડતો નથી.

**'જેમ સૈંધવની ગાંગડી, અન્યદ્રવ્યના સંયોગનો વ્યવચ્છેદ કરીને કેવળ સૈંધવનો જ અનુભવ કરવામાં આવતાં, સર્વતઃ એક ક્ષારરસપણાને લીધે ક્ષારપણે સ્વાદમાં આવે છે...'** રીંગણાના શાકમાં નાખેલું મીઠું કે કઢીમાં નાખેલું મીઠું કે ફરસાણમાં ભજિયામાં નાખેલું મીઠું, ગાંઠિયામાં નાખેલુ મીઠું એમ જુદું જુદું મીઠું નહિ. એકલું મીઠું સામાન્ય ખારું જુઓ. સામાન્ય ખારું સામાન્ય જુઓ. **'તેમ આત્મા પણ, પરદ્રવ્યના સંયોગનો વ્યયછેદ કરીને...'** આ Disconnection છે. પર સંયોગનો વ્યવછેદ કરીને. તિરોભૂત કરી નાખ્યો. વ્યવછેદ કર્યો એટલે તિરોભૂત કર્યો. તિરોભૂત કર્યો એટલે વ્યવછેદ કરીને.

**'કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતાં...'** અહીંયાં જ્ઞાન શબ્દ પલટીને આત્મા કરી નાખ્યો. હવે મને જ્ઞાનનો અનુભવ આવે છે એમ કહે છે. કેવળ આત્માનો જ અનુભવ કરવામાં આવતા. કેમકે અહીંયાં પદાર્થ આખો લીધો છે. **'સર્વતઃ એક**

**વિજ્ઞાનઘનપણાને લીધે...**' આત્મામાં પ્રદેશે પ્રદેશે જ્ઞાનનું ઘનિષ્ટપણું છે. પ્રદેશે પ્રદેશેથી વિજ્ઞાનઘન આત્મા છે. '**સર્વતઃ એક વિજ્ઞાનઘનપણાને લીધે જ્ઞાનપણે સ્વાદમાં આવે છે.**' આત્મા સ્વાદમાં આવે છે, આત્મા અનુભવમાં આવે છે કે જ્ઞાનપણે આત્મા અનુભવમાં આવે છે. કેવી રીતે જ્ઞાનપણે આત્મા અનુભવમાં આવે છે ? કે સામાન્યનો આવિર્ભાવ કરતાં જ્ઞાનપણે અનુભવમાં આવે છે. બીજી કોઈ પદ્ધતિ (નથી), કાર્યપદ્ધતિ બીજી નથી. આ વિધિ છે. પંદરમી ગાથા એ વિધિ માટેની બહુ સ્પષ્ટ ગાથા છે.

વિધિનો વિષય તો અનેક જગ્યાએ આચાર્ય મહારાજે લીધો છે પણ વિધિનો વિષય બહુ ગંભીર છે. જે રીતે કહે છે એ રીતે અનેક જગ્યાએ ત્યાં એની ગંભીરાત પકડાય તો જ સમજાય એવું છે. અહીંયાં તો વિષયને ખુલ્લું કરીને મૂકી દીધો છે. વિધિના વિષયનું એકદમ જેને કહીએ પૃથ્થકરણ કરીને, Analysis કરીને (કહ્યું છે). એ જ્ઞાનમાંથી જ્ઞાન-લક્ષણમાંથી આત્મા પકડાવે છે, એમાં ઇન્દ્રિયજ્ઞાનવાળો ઉપયોગ લક્ષમાં લેવાનો નથી, અલ્પજ્ઞતાવાળો ઉપયોગ લેવાનો નથી, મતિ-શ્રુતનો ઉપયોગ લેવાનો નથી. સામાન્ય. સામાન્યમાંથી સામાન્ય પકડાશે. કારણ કે સ્વભાવ સામાન્ય છે. સામાન્યજ્ઞાનમાંથી સદશ સામાન્ય લક્ષણ એના સ્વરૂપે છે. જેવું આત્મસ્વરૂપ છે એવું જ એનું લક્ષણ છે એટલે એ ઓળખાય છે. તર્ક વિતર્કનો સવાલ નથી અહીંયાં. Practical side છે. જેવું છે, જેવું પ્રગટ છે એવો જ આત્મા છે એમ પકડવું છે ત્યાંથી. અનુમાન કરવું નથી. તર્ક-વિતર્ક કરવો નથી. સીધું જ પકડવું છે. તો એ સામાન્યથી પકડાશે. એ જ્ઞાનસામાન્ય લેવું. લક્ષણ છે એ જ્ઞાનસામાન્ય છે. છે ઉપયોગમાં પણ જ્ઞાન સામાન્યસ્વરૂપે છે. જ્ઞાન વિશેષરૂપે છે એ તો જ્ઞેયાકારની આકૃતિ છે. એને પર સાથે સંબંધ છે. ત્યાંથી આત્મા ક્યાંથી ઓળખવાનો હતો ? એને ઇન્દ્રિય સાથે સંબંધ છે. ત્યાંથી આત્મા નહિ ઓળખાય. એવો આત્મા છે પણ નહિ. એમ છે.

મુમુક્ષુ :– ૧૫માં છે, ૧૪૪માં છે, ૬માં છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી જગ્યાએ છે. 'સમયસાર'માં તો કેટલીયે જગ્યાએ છે. આ તો પ્રસિદ્ધ ગાથાઓ છે. ૬ઠ્ઠી ગાથા, ૧૫મી ગાથા, ૧૧મી ગાથા, ૧૪૪મી ગાથા, ૧૪૩, ૧૪૪માં બેયમાં વિષય છે. ૧૪૪માં વધારે સ્પષ્ટ છે. બીજી પણ ઘણી ગાથા. બીજા અધિકારોમાં પણ ઘણી ગાથાઓ છે. ૬૯, ૭૦ છે. બધી ઘણી ગાથાઓ છે, કેટલીય ગાથાઓ છે.

અહીંયાં તો એની કિંમત આવે એટલે એક વિશેષ વાત કરી છે અને બહુ સુંદર વાત કરી છે કે **'સિદ્ધદશા સુધીની સર્વ લબ્ધિ...'** કેવળજ્ઞાન પર્યંતની લબ્ધિ, પરમાનંદની લબ્ધિ અને નીચેની બધી લબ્ધિ એમાં આવી ગઈ. સમાઈ ગઈ. ૧૦૦માં ૯૯ આવી ગયા, ૯૮ આવી ગયા, ૯૭ આવી ગયા, ૯૯ આવી ગયા. બધું આવી ગયું. એક કરોડ કહો એટલે ૯૯ લાખ ૯૯ હજાર ૯૯૯ પણ આવી જ ગયા. ત્યારે એને એક કરોડ કહીએ.

એમ અહીંયાં એમ કહે છે કે એક શુદ્ધાત્માનુભૂતિ થઈ, આત્મસાક્ષાત્કાર થયો, (એટલે) સિદ્ધદશા સુધીની બધી લબ્ધિ એમાં આવીને મળે છે. એને મળી ગઈ. આટલું મૂલ્યાંકન છે એનું. જો કોઈ રીતે એની કિંમત આવે તો એનો પુરુષાર્થ જાગ્યા વિના રહે નહિ. પુરુષાર્થ નથી જાગતો એ એમ બતાવે છે કે ઓઘસંજ્ઞાએ હજી કિંમત આવતી નથી. ઓઘસંજ્ઞાએ કિંમત ન આવે. કિંમત આવે તો ઓઘસંજ્ઞા મટે અને પુરુષાર્થ ઊપડ્યા વિના રહે નહિ.

પુરુષાર્થ ફસાયેલો છે. પુણ્ય-પાપમાં અધિકાઈ માનીને, એની વિશેષતા આપીને આત્માથી એને અધિક નક્કી કર્યો છે. આત્માથી અધિક એને મૂલ્ય આપી દીધું છે. એટલે પુરુષાર્થ ત્યાં ચોંટેલો ને ચોંટેલો રહે છે. ઉખાડ્યો ઊખડતો નથી. આ એક વચન એવું છે. સિદ્ધદશા સુધીની જો બધી લબ્ધિ એક સ્વાનુભૂતિમાં આવીને મળતી હોય તો શું જોઈએ બીજું ? એક ચકલું, દેડકું કરી શકે. તું આવો બુદ્ધિનો ખાં. લોકો એમ કહે મોટો ખાનખાના છે બુદ્ધિનો અને મીંડું મૂકાઈ જાય તારું. કાંઈક ચાનક ચડવું જોઈએ. કહે છે, આ બધી લબ્ધિઓ તો એની અંદર સમાઈ ગઈ છે. કોઈ લબ્ધિની કિંમત નથી. એક સ્વાનુભૂતિની જે કિંમત છે એમાં તો સિદ્ધદશા પ્રગટ થઈ જવાની છે. એ તો પ્રગટ થાય ત્યારે થાય, અત્યારે તો પોતાના સાક્ષાત્ સિદ્ધપદનો સાક્ષાત્કાર છે સ્વાનુભૂતિમાં. પછી અપેક્ષા કઈ રહી બીજી એને ? જેને અભેદભાવે પોતાનું સિદ્ધપદ અનુભવગોચર વર્તે એને બીજી અપેક્ષા રહી કઈ ? એને કોઈ અપેક્ષા પછી રહેતી નથી. કેમ અપેક્ષા નથી રહેતી ? કેમ જગત આખાથી તે ઉદાસ થઈ શકે છે ? કે સાક્ષાત્ સિદ્ધપદ એના હથેળીમાં છે. આખું સિદ્ધપદ જ એની હથેળીમાં એટલે એની અનુભૂતિમાં છે. પછી કોની અપેક્ષા રહે અને કેવી રીતે રહે ? પ્રશ્ન રહેતો નથી. એ અનુભવનો બહુ સુંદર મહિમા છે. અહીં સુધી રાખીએ...

નોંધ :- પ્રવચન-૧૯૬ માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.

**વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ તું જ છો. તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે. ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે; ત્યાં જ વિહાર કર. અનંત કાળનો વિસામો ત્યાં જ છે. ૨૪૮.**

## તા. ૧૫-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૪૮,૨૪૯
## પ્રવચન નં. ૧૯૭

૨૪૮, પાનું ૮૫. શુદ્ધાત્મ સ્વરૂપનો મહિમા છે (અર્થાત્) પોતાના સ્વરૂપનો મહિમા છે. વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ તું જ છો. તું પોતે જ આ વિશ્વમાં આવી ગયેલો અદ્‌ભુત તત્ત્વ છો. પોતાના અદ્‌ભુતથી અદ્‌ભુત સ્વરૂપની મહિમા આવવી જોઈએ. ઓળખાણથી મહિમા આવે છે એ વાત અપેક્ષિત છે. અહીંયાં તો એકલો મહિમા જ કરેલો છે. શું કારણ છે ? શેનું કાર્ય છે ? એ ચર્ચા નથી કરી.

**'વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ તું જ છો.'** અથવા સ્વગતપણે, સ્વલક્ષપણે વિશ્વનું અદ્‌ભુત તત્ત્વ હું પોતે જ છું. તું છો એમ કહીને એમ કહેવું છે. પોતે પોતાને કહે છે કે આખા વિશ્વમાં કોઈ અદ્‌ભુતથી અદ્‌ભુત તત્ત્વ છે તો પોતે જ છે. પોતાની તોલે કોઈ નથી એમ લેવું છે. 'સોગાનીજી'એ સ્વરૂપ મહિમાનો એક બોલ લીધો છે. એક પલ્લામાં મારો આત્મા, એક પલ્લામાં હું અને એક પલ્લામાં આખું જગત. આખા જગતમાં

અનંતા સિદ્ધો આવી ગયા, અસંખ્ય જે સાધકો વિદ્યમાન છે એ આવી જાય છે. અનંતા સિદ્ધો આવી જાય છે. અને જગતનો તમામ વૈભવ આવી જાય છે. એક પલ્લામાં આખું જગત અને એક પલ્લામાં હું. મારું પલ્લું બેસી જાય છે. જગત જે પલ્લામાં છે એ પલ્લું ઉલળી જાય છે. ઊંચું થઈ જાય છે એમ નહિ. ઉલળી જાય છે. એટલું બધું લીધું છે. પોતાનો સ્વરૂપ મહિમા કરતાં એટલું બધું લીધું છે કે પોતાની તોલે જગતમાં કોઈ નથી. આ જગતમાં પોતાના શુદ્ધાત્મ સ્વરૂપની તોલે જગતમાં કોઈ નથી. એવું પોતે વિશ્વનું અદ્ભુત તત્ત્વ છે.

**'તેની અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે.'** અદ્ભુત તત્ત્વની અંદર તન્મય થઈ-લીન થઈ સ્વરૂપલીનતા થતાં એ અંદર જવાની વાત છે. સ્વરૂપલીનતા એ અંદર ગયો-તત્ત્વમાં ગયો, લીન થયો. એની **'અંદરમાં જતાં તારા અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે'** બગીચાની અંદર હજારો ફૂલ ખીલી ઊઠે છે. એટલે બધી જ વનસ્પતિ પાંગરી ઊઠે છે એમ અનંત ગુણ છે એનો વિકાસ થવા લાગે છે. શુદ્ધપણે પરિણમવા લાગે છે. તે અનંત ગુણનો બગીચો છે આત્મા, ખીલવા માંડશે.

જ્યાં સ્વરૂપમાં લીનતા થઈ કે અનંત ગુણોનો બગીચો ખીલી ઊઠશે. કોઈ એક ગુણ બાકી રહેશે એમ નહિ. અનંત ગુણમાંથી અપવાદ ખાતર એક પણ ગુણ ખીલવાનો બાકી રહેશે એવું નહિ બને. બધા જ ગુણો ખીલી ઊઠશે, ખીલવા લાગશે. અનંતા ગુણોના નામ એટલે સંજ્ઞા નથી. માત્ર કેવળજ્ઞાન ગોચર છે. છદ્મસ્થને તો તે ગુણો જુદાં સ્પષ્ટ પ્રતિભાસતા, ભિન્ન ભિન્ન જુદાં પ્રતિભાસતા નથી. ફક્ત મતિ-શ્રુતિજ્ઞાનની અંદર અનંત ગુણો છે એનો વિશ્વાસ સહિતનું જ્ઞાન હોય છે. પ્રતિતિ સહિતનું જ્ઞાન હોય છે.

મુખ્યપણે જે જ્ઞાન છે અને આનંદ છે એ મુખ્ય છે. જ્ઞાન હોય તો જીવને જાણવાનું કુતૂહલ રહે છે અને આનંદ ન હોય તો એને ચેન પડતું નથી. આ બે ગુણ છે એટલે તને મુખ્યપણે એ સમજાય એ રીતે બુદ્ધિગોચર થાય છે રીતે અનુભવમાં આવશે. ખ્યાલમાં આવે. ત્યાં જ જ્ઞાન મળશે અને ત્યાં જ આનંદ મળશે. તારા જ્ઞાનનો અનુભવ પણ તને તારા તત્ત્વમાં થશે-તારામાં થશે અને તારામાંથી જ તને તારો આનંદ ઉત્પન્ન થતો, પ્રાપ્ત થતો અનુભવાશે.

જ્ઞાન અને આનંદ તને તારા તત્ત્વમાંથી જ મળશે. જ્ઞાન અને આનંદ માટે ક્યાંય બહાર જવું પડે એ આવશ્યક્તા નહિ રહે. જ્ઞાન માટે ક્યાંય બહાર જવાની જરૂર નથી. જ્ઞાન માટેના પુસ્તક વાંચવાની જરૂર નથી, એમ છે. બહાર જવાની તો કોઈ જરૂર નથી પણ પુસ્તક વાંચવાની એને જરૂર નથી. કેમકે જ્ઞાન અંદરથી આવે છે. પુસ્તકમાંથી જ્ઞાન આવતું નથી. અનંત અનંત જ્ઞાનનો ભંડાર, અસીમ જ્ઞાનનો ભંડાર જ્યાં ભર્યો છે ત્યાંથી જ્ઞાનનો પ્રવાહ ઉત્પન્ન થાય છે. એ જ્ઞાન ક્યાંય બહારથી આવવાનો પ્રશ્ન નથી. પોતે જ જ્ઞાનતત્ત્વ છે, પોતે જ અનંત અનંત બેહદ આનંદનું સ્વરૂપ પોતે જ છે. 'ગુરુદેવ' એને રસકંદ કહેતા. જ્ઞાનનો રસકંદ છે, આનંદનો રસકંદ છે. કંદમાંથી શું છે કે કંદ એક એવી વનસ્પતિ છે કે જેમાંથી કોટા ફૂટ્યા જ કરે. જેમાંથી અંકુરા આવ્યા જ કરે. કંદ છે એ જાતનું હોય છે. જેમ શેરડીની ગાંઠમાંથી સાંઠા નીકળ્યા જ કરે. એમ આત્મા જ્ઞાનનો રસકંદ છે, આનંદરસનો કંદ છે. અનંત કાળ પર્યંત અનંત જ્ઞાન અને અનંત આનંદ એમાંથી પ્રવાહરૂપે વહે તોપણ એટલું ને એટલું એમનેમ અકબંધ તત્ત્વ રહે છે. જરાપણ ફેરફાર થયા વિના એવું ને એવું, એટલી ને એટલી શક્તિની ધારે છે. એવો કોઈ અચિંત્ય મહિમા છે ! આટલો બધો જ્ઞાન અને આનંદનો વપરાશ થયા પછી, ખાણમાંથી આટલું બધું નીકળ્યા પછી ખાણમાં શું ફેર પડ્યો ? એમ ને એમ જ છે. અનંત કાળે પણ એમનેમ છે. એવો કોઈ વસ્તુનો અચિંત્ય મહિમા છે.

મુમુક્ષુ :- એ જ જ્ઞાનનો અભ્યાસ કરવો ?

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનનો અભ્યાસ કરવો. આ જ્ઞાનનો નહિ. પુસ્તકના જ્ઞાનનો, શાસ્ત્રના જ્ઞાનનો અભ્યાસ કરવો એ વાત નથી. અંદરમાં જે જ્ઞાનશક્તિમાંથી સીધો જ્ઞાનનો પ્રવાહ આવે છે ત્યાં ઉપયોગને લઈ જાય એટલે એ અનુભવગોચર થાય, વેદનગોચર થાય. જેમ છે તેમ. ભેદથી અને અભેદથી બધું એમાં આવી જાય છે. બધું અનુભવગોચર થાય. અને અનુભવગોચર થાય એટલે એને સ્વાનુભવની તૃપ્તિ પણ આવે. એ લીધું ને ? નીચે લેશે. **'અનંત કાળનો વિસામો ત્યાં જ છે.'**

મુમુક્ષુ :- ગુરુનો પણ મહિમા તો બહુ કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એ છતાં આની હેઠે છે. ભગવાનનો મહિમા કર્યો છે. દેવ-ગુરુ-શાસ્ત્રનો ત્રણેયનો મહિમા કર્યો છે. સર્વજ્ઞદેવ, નિર્ગ્રંથ ગુરુ, વીતરાગી

ગુરુ અને જિનવાણીરૂપ શાસ્ત્રનો મહિમા કર્યો છે. પણ એ પોતાના આત્માથી હેઠ વાત છે. એની ઉપર જઈને કોઈ મહિમા કર્યો છે એમ નથી. એટલે દેવ-ગુરુ-શાસ્ત્ર એમ કહે છે કે તું તારો મહિમા કર. ત્યારે અમારો મહિમા તેં કર્યો તે સાચો. તારો મહિમા (ખોલ, ખોલી નાખ.) તારો મહિમા ખોઈ બેઠો છો એટલે અમારો મહિમા કરે છો. અમને સંમત નથી. આ વાત અમારા મહિમાની વાત પણ અમને સંમત નથી એમ કહે છે.

મુમુક્ષુ :– અમારો ખરો મહિમા જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા. અમારો ખરો મહિમા નથી. એટલે તો પ્રશ્ન ઊઠ્યો છે, 'સમયસાર'ની ૩૧-૩૨-૩૩ ગાથામાં કે તીર્થંકર ભગવાનની સ્તુતિ કેવી ? 'જીતી ઇન્દ્રિયો જ્ઞાન સ્વભાવે અધિક જાણે આત્માને' જેણે આત્માને નજીક જાણ્યો, સર્વોત્કૃષ્ટ મહિમાવંત જાણ્યો એણે તીર્થંકર પરમાત્માની સ્તુતિ કરી છે. એ જ તીર્થંકર પરમાત્માની સ્તુતિ છે. ભગવાન એમ કહે છે કે તું અમારું નામ લઈને સ્તુતિ ન કર તો અમને કોઈ વાંધો નથી. કેમકે નામ અમારે છે નહિ. અમે સ્વરૂપે જ અનામી છીએ. વ્યવહારે હજારો નામ લાગુ પડતા હોવા છતાં ખરેખર અમારે કોઈ નામ નથી.

મુમુક્ષુ :– જિનવાણીનો મહિમા કરે છે પણ લખ્યું છે એ વાંચતો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– હા ! તમે મારા ધણી પણ હું તમારું માનું નહિ. એના જેવી વાત છે. એ વાત બરાબર નથી. ન્યાય વિરુદ્ધ છે. એવો જવાબ દીધો. 'કુંદકુંદાચાર્યદેવે' એવો જવાબ દીધો કે તીર્થંકર ભગવાનની સ્તુતિ, નિશ્ચય સ્તુતિ કોને કહીએ ? 'જીતી ઇન્દ્રિયો જ્ઞાન સ્વભાવે, અધિક જાણે આત્માને'. પોતાના આત્માને અધિક જાણે એણે તીર્થંકર કેવળીની સાચી સ્તુતિ કરી. એનો અર્થ જ એમ થયો કે ભગવાને એમ કહ્યું કે તારા આત્માની અધિકતા તને આવે તો અમારી અધિકતા એમાં સમાઈ ગઈ છે. જો તને તારા આત્માની અધિકતા ન આવી તો અમારી અધિકતા તેં કરી (એ) ન કર્યા બરાબર છે. ખરેખર તેં અમારી અધિકતા કરી છે એવું અમે સ્વીકારશું નહિ.

**'ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે; ત્યાં જ વિહાર કર.'** એમાં જ વિચર. જ્યાં જ્ઞાન અને આનંદ અનંતા અનંતા ભર્યા છે. અનંત ગુણનો બાગ જ્યાં છે એ બાગમાં તું વિહાર કર. આ તો જીવને આનંદ અને સુખ થાય અને શાંતિ થાય એની સીધી વાત છે. સર્વ પ્રકારનો ક્લેશ મટે. કલેશોદધિનો કિનારો છે, એમ કહ્યું છે.

'નિયમસાર'ની અંદર એ શબ્દનો પ્રયોગ કર્યો છે. જગતમાં આ આત્માને છોડીને જે કાંઈ પરિણમન થાય, જેટલા કોઈ જગત વિશેના પરિણામ થાય છે એ બધો ક્લેશનો દરિયો છે. ઉદધિ એટલે દરિયો-સમુદ્ર. એકલો ક્લેશ જ છે. એમાં ક્લેશ સિવાય બીજું કાંઈ નથી. એકલો ક્લેશ છે. અને આત્મા (કેવો છે) ? તો કહે છે, એની નજીક ગયો (કે) આ ક્લેશનો દરિયો છૂટ્યો. એ દરિયાના કિનારે આવ્યો. આની સમીપ (આવ્યો).

**'ત્યાં જ જ્ઞાન મળશે, ત્યાં જ આનંદ મળશે; ત્યાં જ વિહાર કર. અનંત કાળનો વિસામો ત્યાં જ છે.'** અનંત કાળનો થાક ઊતરી જાય એવો વિસામો છે. જેને થાક સમજાય છે એ ત્યાંથી ખસે છે. એ આત્મામાં લીન થઈને અંદરમાં વિહાર કરે છે, અંતરમાં લીન થાય છે. જેને હજી હોંશું છે, જગતના કાર્યોની જેને હોંશ છે, ઉત્સાહ છે, જગતના કાર્યો કરવામાં જે ઉત્સાહિત છે એને હજી થાક લાગ્યો નથી. એને આ વિસામો છે એ વાત સમજાવવી પડી છે. આત્મા પોતે અનંત કાળનો થાકનો વિસામો છે એ વાત એને સમજાય એવું નથી.

'સોગાનીજી' એવું કહેતા કે થાક લાગ્યો હોય તો અંદરમાં બેસી જા. થાક લાગ્યો હોય તો અંદરમાં બેસી જા. ન થાક લાગ્યો હોય એ ચાલતો જ રહે. ચાલતા ચાલતા થાક લાગે એ કહે, કે મારે વિસામો જોશે. હું થાક્યો છું. મારે વિસામો જોશે. હું હવે નહીં ચાલી શકું. એ બેસી જશે. થાક નથી લાગ્યો એ ચાલ્યા કરે છે.

આ જગતમાં દુઃખ ભાવે, ક્લેશિત ભાવે, અશાંત ભાવે પરિણમતા પરિણમતા અનંત કાળ તારો ગયો. હવે તારા આત્માની અંદર તપાસ કરીને જો. વિચાર કે આ પરિણમનથી મને થાક લાગ્યો છે કે નથી થાક લાગ્યો ? જો થાક હજી લાગ્યો નથી તો પરિણમન અંદર ઠરશે નહીં. તો પરિણામ નહિ ઠરે અંદર. ઠરવાની ઇચ્છા આમાં કામ નથી આવતી. આમાં તો ખરેખર થાક લાગ્યો હોય તો ઠરે અને થાક ન લાગ્યો હોય તો એનું જોર હજી બહારથી પાછું વળે નહિ. સીધે સીધી વૈજ્ઞાનિક વાત છે.

જેને વિસામો મળ્યો એણે એમ કહ્યું કે ભાઈ ! અનંત કાળનો વિસામો તારા સ્વરૂપમાં-શાંત સ્વરૂપમાં છે. શાંત સ્વરૂપમાં ઠરવું એ તારો સ્વભાવ છે. એમાં બસ ! તું ઠર, એમાં શાંતપણે રહે, એમાં જ વિહાર કર, એમાં વિચર. બસ ! પછી તને કોઈપણ પ્રકારના ઉપદ્રવનો કે ક્લેશનો અનુભવ નહિ થાય. જગતના સર્વ જીવો જગતમાં રહી ગયા, અંદર ઠર્યો એ જુદો પડી ગયો. એને કાંઈ લેવા કે દેવા.

મુમુક્ષુ :- આ જે જ્ઞાનગુણ અને આનંદગુણની વાત માતાજીએ લીધી. છાપા વાંચવાનું મન થઈ જાય, આ બહારનું સુખ લેવાનું મન થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એની સામે જ (વાત) છે. એ બધી બહિર્‌રુચિ ભ્રમણાને લઈને છે, ક્યાંય બહારમાંથી ન તો જ્ઞાન મળે એવું છે કે ન તો સુખ મળે એવું છે. પહેલા જ કળશમાં 'રાજમલજી'એ એ વાત કરી છે કે પાંચ દ્રવ્ય અને છઠ્ઠા સંસારી જીવોને જાણતા જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. માંગલિક છે એટલે સિદ્ધોને નથી લીધા. આ જગતના જીવોમાં બે વિભાગ પાડ્યા-સંસારી અને સિદ્ધ. અરિહંત, સિદ્ધને નથી લીધા કેમકે કળશ માંગલિકનો છે. હવે વાત તો ... એ તો વ્યવહાર છે. શાસ્ત્રનું માંગળિક કરવું. ઉદ્‌ઘાટન કરતાં એ તો માંગળિક છે. વ્યવહાર છે. વ્યવહારમાં વ્યવહારનો નિષેધ ન હોય. વ્યવહારે વ્યવહારનો નિષેધ ન હોય, નિશ્ચયે વ્યવહારનો નિષેધ હોય. વાત નિશ્ચયપ્રધાન લખી છે તો એટલી મર્યાદા પોતે જાળવી લીધી.

પાંચ દ્રવ્ય અને છઠ્ઠા સંસારી જીવને જાણતા જ્ઞાન પણ નથી અને સુખ પણ નથી. એનાથી જ્ઞાન પણ નહિ થાય, એનાથી સુખ પણ નહિ થાય. જાણનારને તો જ્ઞાન થાય છે. તો કહે છે, એ જ્ઞાન, એની મહત્તા થાય છે એમ નથી. જ્ઞાન અંદરથી આવે છે. એને ખબર નથી. તપાસ કરે તો સમજાય એવું છે. પોતાના જ્ઞાનનો ઉત્પાદ થયો, જે જ્ઞાનના પર્યાયનું આંદોલન જણાય છે એ આંદોલન ક્યાંથી આવે છે ? અંદરથી આવે છે કે ક્યાંય બહારથી આવે છે ? ક્યાંય બહારથી આવે છે એનું જ્ઞાન ? ક્યા તત્ત્વમાંથી ? ક્યા પદાર્થમાંથી આવે છે ? આ અક્ષરમાંથી જ્ઞાન આવે છે. આ શબ્દો સંભળાયા એમાંથી જ્ઞાન આવે છે ? એ તો જ્ઞાન રહિત છે, પોતે જ જ્ઞાન રહિત છે. એમાંથી જ્ઞાન આવવાનો પ્રશ્ન નથી, એમાંથી જ્ઞાન ઊઠવાનો પ્રશ્ન નથી. જ્ઞાન તો એનો સ્વભાવ છે.

અવિરતપણે જ્ઞાનપણે પરિણમવું એ વસ્તુનું અનિવાર્ય સામર્થ્ય છે-નિવારી ન શકાય એવું સામર્થ્ય છે. એથી સર્વ આત્માઓનું જ્ઞાન પરિણમ્યા જ કરે છે. ભ્રાંતિ થઈ છે કે બહાર જોવાથી જ્ઞાન થાય. એ એને દુઃખનું કારણ છે. તપાસ કરે કે જ્ઞાન મારામાંથી આવે છે (તો) એને વિશ્વાસ આવે (અને) તો એને સુખનું કારણ થાય.

મુમુક્ષુ :- મુઠ્ઠીમાં સુવર્ણનો દાખલો છે.

પૂજ્ય ભાઈશ્રી :- છે જ ને. મુઠ્ઠીમાં રહેલો સુવર્ણનો દાખલો. જેમ ખોવાઈ ગયું

હતું એમ માન્યું હતું. છે તો એના કબજામાં. જ્ઞાન લેવા માટે શાસ્ત્ર પાસે જાય, ગુરુ પાસે જાય, સાંભળવા જાય, વાંચવા જાય. (એ) જ્ઞાન લેવાની સાચી પદ્ધતિ નથી. 'અનુભવ પ્રકાશ'માં દાખલો આપ્યો. એક મહાત્મા પાસે જાય છે (અને કહે છે કે,) મારે જ્ઞાન પ્રાપ્તિ કરવી છે. તો કહે છે, જા ફલાણા દરિયાના કાંઠે ત્યાં એક માછલું છે એ તને જ્ઞાન કરાવશે. માછલાએ તો પહેલા વખાણ કર્યા કે ભાઈ ! તમે સજ્જન જ લાગો છે. સારા માણસ છો, અહીંયાં આવ્યા છો. લાગો છો તો સારા માણસ. તમારું કામ જરૂર કરશું. જરૂર તમને જ્ઞાન આપશું બોલો ! પછી કાંઈ ? પણ તમારું કામ કરું એ પહેલા તમે મારું કામ કરો. થોડુંક પાણી લાવી દ્યો. એક થોડુંક પાણી જોઈએ છે મારે. બાકી મારે કાંઈ જોઈતું નથી. જ્ઞાન લેવા માટે વાત છે. (તો આ કહે છે), તમે પાણી તો ડૂબેલા છો, પાણીના દરિયામાં તમે છો. પાણી લાવવાનું કહો છો. ક્યાંથી લાવવાની વાત છે ? બસ ! આટલી જ વાત છે. જ્ઞાનના દરિયામાં તમે છો. સ્વયં જ્ઞાનસમુદ્ર સ્વરૂપે છે. ક્યાંથી જ્ઞાન લાવવું છે તમારે ? 'દિપચંદજી'એ દૃષ્ટાંત લીધો છે.

મુમુક્ષુ :– એણે વખાણ કર્યા એમ 'ગુરુદેવશ્રી' ભગવાન ભગવાન કહેતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– એ રીતે એ દૃષ્ટાંત 'ગુરુદેવ' કસ્તૂરી મૃગનું આપતા હતા. કસ્તૂરી મૃગને કસ્તૂરીની સુગંધ આવે છે. એને એમ થયું કે ક્યાંથી સુગંધ આવે છે ? ચારેય દિશામાં દોડાદોડ કરે છે. એને સુગંધ આવે છે એ પદાર્થ સામે જડતો નથી. એને કહે છે પણ સુગંધ તારામાંથી આવે છે. સુગંધ ક્યાંય બહારથી આવતી નથી પણ તને ખ્યાલ એવો જાય છે કે બહારથી આવે છે.

એમ તને ખ્યાલ એમ જાય છે કે પુસ્તક વાંચવાથી જ્ઞાન આવે, સાંભળવાથી જ્ઞાન આવે છે. બિલકુલ ખોટી વાત છે. જ્ઞાન તારામાંથી આવે છે. અને તને એમ કહેવામાં આવે છે કે તારામાંથી જ્ઞાન આવે છે, તો તું તપાસીને તો નક્કી કર. તપાસ્યા પછી તને એમ ન લાગે તો પ્રશ્ન પૂછ કે અંદરમાંથી જ્ઞાન આવે છે એ કાંઈ લાગતું તો નથી. પણ તપાસ તો તને તરત જ ખબર પડે એવી વાત છે કે બરાબર છે, જ્ઞાન અંદરથી આવે છે. જ્ઞાન ક્યાંય બહારથી આવતું નથી.

જ્ઞાનશક્તિમાંથી, જ્ઞાનકંદમાંથી, જ્ઞાનવસ્તુમાંથી જ્ઞાન થયા જ કરે છે. જ્ઞાન થયા જ કરે. થતું હોય તો બંધ ન કરી શકાય એવી રીતે થયા કરે. એ તો એનું સ્વરૂપ

છે. ફક્ત એને ભ્રમણા મટે. એ ભ્રમણામાં ઊભો છે ને એને એમ કહે છે કે તારી ભ્રમણા છે એને સમજ અને વાસ્તવિકતાને સમજ તો ભ્રમણા મટતા વાર નહીં લાગે.

મુમુક્ષુ :– જ્યાં જુએ ત્યાં ખરેખર જ્ઞાન જ ઝળકે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જ્ઞાન જ છે. એમાં-જ્ઞાનમાં ઊર્ધ્વતા નામનો ગુણધર્મ છે. જ્ઞાનમાં ઊર્ધ્વતા નામનો ધર્મ છે. ઊર્ધ્વ એટલે આગળ રહેવું. મોઢા આગળ જ્ઞાન (રહે). એને હયાતીમાં બીજું છે કે નથી એ નક્કી થાય પણ એની હયાતી હોય તો. જ્ઞાનની હયાતીમાં રાગ નક્કી થાય, ક્રોધ નક્કી થાય, અન્ય દ્રવ્ય, અન્ય ભાવ જે (કંઈ હોય તે) એની હયાતીમાં (નક્કી થાય). પહેલું જ્ઞાન છે. મોઢા આગળ જ્ઞાન છે. હવે જે મોઢા આગળ છે એને સદંતર ચૂકી જાય છે. એ કોઈ નાનીસૂની ભૂલ નથી. એ એને દુઃખી થવાનું કારણ છે, એ જ એને ક્લેશ ઊપજવાનું કારણ છે. બીજું કોઈ કારણ એને નથી. અને એવો સ્વભાવથી નિર્લેપ છે પોતે કે ગમે તેને જાણે પણ કોઈથી લેપાય નહિ. જાણે બધાને, લેપાય કોઈની સાથે નહિ. આવો એનો નિર્લેપ સ્વભાવ છે. એવું હોવા છતાં સર્વની હયાતીની પકડતું હોવા છતાં પોતાની હયાતીને નહિ ચૂકતું એવું જ્ઞાન ક્યાંય લેપાતું નથી. જો પોતાની હયાતીને ચૂકે તો એને લેપાયમાન થયો છે એવી ભ્રાંતિ થાય. તોપણ લેપાતું તો નથી જ. પણ એને ભ્રાંતિ થાય કે મને ઠંડું લાગ્યું, મને ગરમ લાગ્યું, મને આમ થયું, મને તીખું લાગ્યું, મને ગળ્યું લાગ્યું, મને સારું લાગ્યું, મને ખરાબ લાગ્યું. એ સારું-ખરાબ લાગે, પણ ખરેખર લેપાતું નથી.

એ એક વસ્તુની સુંદરતા છે કે ભ્રમણા થઈ છે ત્યારે એમ કહે છે કે જો, ભલે ભ્રમણા થઈ પણ જ્ઞાન લેપાણું નથી, તારું સ્વરૂપ ક્યાંય ભળ્યું નથી. નિર્લેપ છો તું. મૂળ તારે તને તપાસવાની જરૂર છે. તપાસ્યા વિના કાંઈ નક્કી થશે નહિ. તપાસનાર પોતે, જેને તપાસવું છે એ પણ પોતે. આ સ્થિતિ ઊભી થાય છે. અને ત્યારે એને પોતાની અભેદતા પણ સમજાય છે કે અરે..! આ તો હું મને તપાસું છું. તપાસનાર પણ હું છું અને તપાસનાર પણ હું છું. કારણ કે મારાથી હું અભેદ છું. મારી વચ્ચે મારામાં ને મારામાં કાંઈ આંતરો (હોય) એ પ્રશ્ન અહીંયાં નથી.

મુમુક્ષુ :– આખા 'સમયસાર'માં જ્ઞાનમાત્ર કહ્યો. એ આપે કાલે કીધું જ્ઞાનની ખાણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનની ખાણ છે. ઓળખાણ છે એટલે આખી ખાણ-આખું પૂરું સામર્થ્ય લક્ષમાં આવી જાય છે. લક્ષણથી લક્ષ પકડાય છે ત્યારે પૂરેપૂરું સામર્થ્ય છે એ ગ્રહણ થઈ જાય છે. એટલે ઊંડે સુધી જ્ઞાન પહોંચે છે. જેટલું અનંત છે સ્વરૂપે કરીને, સામર્થ્યે કરીને એટલું એને સ્વ-રૂપે ગ્રહણ થાય છે, સ્વ-રૂપે એનું અસ્તિત્વ પકડાય છે. અહીંયાં ઓળખાણમાં તો અસ્તિત્વ ગ્રહણ છે. એની હયાતી (ગ્રહણ થાય છે), માત્ર અનુમાન નથી. એની હયાતી એને પકડાય છે કે આટલું અનંત સામર્થ્ય મારામાં છે. જ્ઞાનનું અનંત સામર્થ્ય મારામાં છે અને એ સર્વ જ્ઞાન સુખસ્વરૂપે છે. સુખ જ એનું રૂપ છે. સુખરૂપે આત્મજ્ઞાન છે. બસ ! એને પોતામાંથી પોતાનું જ્ઞાન પણ મળી ગયું અને સુખ પણ મળી ગયું. કેટલું ? કે પૂરેપૂરું. એટલે આખા જગતનો મહિમા એ વખતે ઊડ્યો. એક જ કાળે સ્વરૂપનો મહિમા આવ્યો અને જગતનો મહિમા ગયો.

મુમુક્ષુ :- 'સોગાનીજી'એ કીધું, પલ્લુ ઉલળી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- આખું પલ્લું ઉલાળ્યું. એ વખતે એણે ઉલાળી દીધું. આખા જગતમાં મારી તોલે હવે કોઈ નથી.

મુમુક્ષુ :- અનંત સિદ્ધો...

પૂજ્ય ભાઈશ્રી :- બધું આવી ગયું એની અંદર. કોઈ નહિ. એટલો મહાન પોતે છે. એટલી મહાનતા છે કે એ મહાનતાને જોતા જોનાર ડૂબી જાય એટલી મહાનતા છે. જોનાર એની અંદર ડૂબી જાય. બહાર નીકળી ન શકે. નીકળવું હોય તો નીકળી શકે નહિ. માખી ચોંટી હોય તો પાંખ તૂટે પણ ત્યાંથી-ગળપણ ઉપરથી ઊઠે નહિ. મકોડો કટકા થઈ જાય તોપણ ગળપણને છોડે નહિ. એનો સ્વાદ એને એટલો લાગે છે. એમ અંદરથી શાંતિનો, સુખનો અને આનંદનો મધુરો સ્વાદ એટલો છે કે ઉખાડવા માગે તો ઊખડે નહિ.

એટલે તો મુનિદશાના ઉપસર્ગ, પરિષહનું વર્ણન આવે છે. મુનિરાજ બહાર નીકળતા નથી. એ અંદરનો સ્વાદ લેવામાં પડ્યા છે. આનંદને છોડીને કેવી રીતે બહાર આવે ? પણ આ બધો ઉપસર્ગ, પરિષહનો ઉપદ્રવ બહાર થયો. તો કહે કોઈકને થયો છે. મને ક્યાં કરી શકે છે કોઈ ? કોઈની પહોંચ મારા સ્વરૂપમાં નથી. એવો કોઈ અભેદ કિલ્લો છે, ભેદી ન શકાય એવો ગઢ છે આત્મા. અભેદ અછેદ્યો અહમ્,

અભેદ્યો અહમ્. 'ગીતા'માં એટલી તો વાત કરે છે. ભેદી શકાય નહિ, છેદી શકાય નહિ. કોઈની પહોંચ નથી ત્યાં. પરિણામ સન્મુખ થાય. અંદર તો ઘન છે ને. સ્વભાવનો ઘન છે. એમાં કોઈ અવકાશ નથી.

મુમુક્ષુ :– ઉપયોગ લક્ષણ જ્ઞાન...

પૂજ્ય ભાઈશ્રી :– જ્યારે ઉપયોગ લક્ષણ છે, એ ઉપયોગમાં સ્વભાવ લક્ષ થાય છે. ત્યારે એનો ઉપયોગ લક્ષણ બને છે એમ છે. જ્યારે લક્ષ ઓળખાય છે, લક્ષભૂત એવો જે સ્વભાવ, જ્ઞાનસ્વભાવ લક્ષમાં આવે છે, જેને જ્યારે લક્ષમાં આવે છે તે ઉપયોગ છે, તે જ્ઞાનનો વ્યાપાર છે, જ્ઞાનનું પરિણામ છે, જ્ઞાનનો ઉત્પાદ છે. જ્યાં ખુલ્લો થયેલો સ્વભાવ છે-વ્યક્ત થયેલો સ્વભાવ છે. લક્ષ આવ્યું ત્યારે આને લક્ષણ કહીએ. જે લક્ષસ્વરૂપ આત્મા લક્ષમાં ન આવે, લક્ષમાં લેવા યોગ્ય એવો આત્મા લક્ષમાં ન આવે તો એને લક્ષણ કહેવું કઈ રીતે ? એને લક્ષણ કહેવાનો પ્રશ્ન રહેતો નથી. બેય લક્ષ-લક્ષણ તો સમ કાળે છે. આ લક્ષણ છે એમ જે આવ્યું તો. લક્ષ એને નજરમાં આવ્યું તો. લક્ષ નજરમાં ન આવ્યું ને એકલું જ્ઞાનને લક્ષણ...લક્ષણ...લક્ષણ... કરે તો એમાં એને લક્ષણ ક્યાં સમજાણું છે ? એને લક્ષણ સમજાતું નથી. જ્ઞાન-લક્ષણ એને સમજાતું નથી. કોનું લક્ષણ પણ ? લક્ષણ કોનું ? લક્ષમાં લેવા યોગ્ય. લક્ષમાં લીધા વિના લક્ષણ કોનું ? એ લક્ષણ એને લક્ષણ તરીકે સમજાયું નથી.

મુમુક્ષુ :– ... તો પ્રગટ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ભલે એ તો અપ્રગટ છે. દ્રવ્ય દ્રવ્ય તરીકે, ગુણ ગુણ તરીકે, સ્વભાવ સ્વભાવ તરીકે પ્રત્યક્ષ છે. સહજ પ્રત્યક્ષ એનું સ્વરૂપ છે. દ્રવ્ય-ગુણનું સ્વરૂપ કેવું છે ? આત્માના દ્રવ્ય-ગુણનું, હોં ! સહજ પ્રત્યક્ષ તો એનું સ્વરૂપ છે. પર્યાયમાં પ્રત્યક્ષતા ક્યાંથી આવી ? જ્ઞાન કોઈપણ ઇન્દ્રિય અને મન વગર સીધું ઉત્પન્ન થયું. કાલે વાત કરી ને ? કે શક્તિમાંથી પ્રવાહ આવ્યો. કોઈ મદદની જરૂર હતી અને પ્રવાહ આવ્યો ? નહિ. વચ્ચે કોઈ નિમિત્ત હોય તો એમાં પરોક્ષપણું લાગુ પડે. પર + અક્ષ. એને પરોક્ષ કહીએ અને પ્રતિ + અક્ષ એને પ્રત્યક્ષ કહીએ. એ તો બેય જ્ઞાનના ઉપસર્ગ છે. અક્ષ એટલે જ્ઞાન. વચ્ચે કોઈ પર નથી. એની પ્રત્યક્ષતા તો છે. જે સ્વભાવની પ્રત્યક્ષતા છે એ વ્યક્ત પણ પ્રત્યક્ષ છે. ક્યાંથી વ્યકત પ્રત્યક્ષ છે ? એવું સહજ પ્રત્યક્ષ એનું સ્વરૂપ છે.

જે પોતાને સહજ પ્રત્યક્ષપણે, અનંત પ્રત્યક્ષપણે સ્વીકારે એને જે પરોક્ષપણું બાકીનું રહ્યું હોય એ ચાલ્યું જાય, એ રહી ન શકે. કેમકે એનું જોર છે એ એને તોડી નાખશે. પરોક્ષપણાને પ્રત્યક્ષપણાનું જોર છે એ તોડી નાખશે. હું પણ આ પ્રત્યક્ષ છું જ ને ! જ્ઞાનસ્વરૂપી એવો હું પ્રત્યક્ષ જ છું ને ! બસ ! પતી ગઈ વાત. હું પ્રત્યક્ષ (જ છું ને એમ) પરિણમન થઈને, પ્રત્યક્ષ સ્વરૂપે પ્રત્યક્ષ પરિણમન પ્રત્યક્ષ સ્વરૂપે પોતાના પ્રત્યક્ષને જુએ છે તો એમાં પરોક્ષપણું ચાલ્યું જાય તો એ તો સીધી સાદી સમજાય એવી વાત છે. પરોક્ષપણું ઊભું રહી શકે નહિ. પોતે પોતાની પ્રત્યક્ષતાનું વિસ્મરણ કરીને, ચૂકીને પરોક્ષપણું આવ્યું છે, ચૂકતા આવ્યું છે. (બાકી) છે તો પોતે સહજ પ્રત્યક્ષ.

જ્ઞાન સન્મુખ થાય, આ બાજુ છે પર સન્મુખ જે જ્ઞાનનો પર્યાય છે એ ગુણ દિશા બદલે, એનું મોઢું બદલે (તો) સન્મુખતા થાય. તો એને પોતાને સહજ પ્રત્યક્ષતા, દ્રવ્ય-ગુણની પ્રત્યક્ષતા, પ્રગટતા, પ્રસિદ્ધતા બધુંય બરાબર જેમ છે એમ જણાય છે. વસ્તુ તો છે જ, જેમ છે એમ છે. પરોક્ષપણામાં એને એમ લાગે છે કે દ્રવ્ય-ગુણ તો પ્રગટ નથી ને. એનો ઉત્પાદ થતો નથી. પ્રગટ નથી એમ શાસ્ત્રમાં ક્યાંક કહ્યું હોય તો એનો ઉત્પાદ થતો નથી એમ કહેવું. એ તો અનાદિસિદ્ધ છે. છઠ્ઠી ગાથાની ટીકા જ એવી રીતે શરૂ કરી છે કે જ્ઞાયક તત્ત્વ તો અનાદિસિદ્ધ છે. અનાદિસિદ્ધ છે, અનાદિ પ્રસિદ્ધ છે, અનાદિ પ્રત્યક્ષ છે, અનાદિ પ્રગટ છે. પોતાનો પરમાત્મા અનાદિથી પ્રગટ અને પ્રસિદ્ધ જ છે. સિદ્ધ ભગવાનની પૂજામાં આવે છે ને પ્રસિદ્ધ, સુસિદ્ધ..

મુમુક્ષુ :– પ્રસિદ્ધ, સુસિદ્ધ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ પ્રસિદ્ધ શબ્દ પોતાને લાગુ પડે છે.

મુમુક્ષુ :– એ શું છે એ 'ગુરુદેવ'શ્રી એ વખતે કહેતા હતા.

પૂજ્ય ભાઈશ્રી :– અનંત સિદ્ધની પર્યાય એ અનંત સિદ્ધનો સમૂહ છે અને પ્રસિદ્ધ જ છે. પોતાનું સ્વરૂપ જુએ ત્યારે અનંત સિદ્ધની પર્યાય એમાં પડી છે એ જુએ છે. પ્રસિદ્ધ વિશુદ્ધ સુશુદ્ધ સમૂહ.

મુમુક્ષુ :– પ્રસિદ્ધ વિશુદ્ધ સુશુદ્ધ સમૂહ.

પૂજ્ય ભાઈશ્રી :– પોતાનું જ (એ સ્વરૂપ) છે. પોતાની જ વાત છે. વ્યવહારે

એ સિદ્ધ પરમાત્માને લાગુ પડે છે પણ નિશ્ચયથી વાત પોતાની જ છે.

આ ઘરમાં દાટેલા ધનને કોઈ દેખાડે તો રાજી રાજીનો રેડ થઈ જાય. ભાઈ ! તમારા ઓરડામાં એક ચાર-છ Inchનો પોપડો ઉખેડો એટલે અંદર નીચે ચરુ દેખાવા માંડશે. સોનાના ચરુ અને રત્નોથી છલોછલ ભરેલા. એને દેખાડે તો રાજી રાજી થઈ જાય. કેમકે એની ગરીબાઈ ચાલી જાય છે. આ ઇ દેખાડે છે. પેલા તો પુદ્ગલ ધૂડ રજકણના છે, વિનાશીક છે. એમાંથી કાંઈ એને સુખ આવે એવું નથી. તોપણ કલ્પનાથી ઓથ લે છે અને આધાર લે છે કે મારી પાસે આટલું છે, મારી પાસે આટલું છે. ઇ પોરો ખાઈ જાય છે.

અહીં કહે છે કે તારી પાસે કેટલું છે ? કે ગણ્યું ગણાય નહિ અને વીણ્યું વિણાય નહિ. એની કોઈ સંખ્યા નક્કી થાય નહિ એટલો વૈભવ ! અનંત વૈભવ તારામાં પડ્યો છે. કોઈપણ રીતે એનો વિશ્વાસ લાવ, એની પ્રતીતિ લાવ, એની ઓળખાણ લાવ. આટલું એક કામ કરી લે, તારામાં જ છે. વિકલ્પની આડ પાછળ જ છે. પર્યાયની પાછળ જ પ્રભુ બિરાજમાન છે. ક્યાંય આઘે નથી. 'ચતુરાંગુલ હૈ દગ સે મિલ હે...' ચાર આંગળ એ તો કહેવા ખાતર કહ્યું. ચાર આંગળનો અર્થ કે દૂર નથી એનું નામ ચાર આંગળ. એ જરા Idiomatic language છે કે ચાર આંગળ છે. ચાર આંગળ એટલે ચાર આંગળી દૂર છે એમ નથી કહેવું. પણ દૂર નથી એમ કહેવા માટે એમ કહેવું પડે છે કે ચાર આંગળ છે. કેમકે તે નજરથી ચાર આંગળ હોય તો નહિ દેખાવાનો શું પ્રશ્ન છે ? નહિ દેખાવાનો પ્રશ્ન નથી. તું પોતે જ છો તને નહિ દેખાવાનો પ્રશ્ન નથી.

મુમુક્ષુ :– રત્નના કળશની જે વાત કરી એમ અહીંયાં જો દેખાય તો કામ થઈ જાય,

પૂજ્ય ભાઈશ્રી :– વિશ્વાસ આવે તો પ્રયત્ન કરે. કહેનાર ઉપર વિશ્વાસ આવે. એટલે કહેનારનો એટલો ઉપકાર છે. કે મને ધ્યાન નહોતું કે મારામાં મારો ગુણ વૈભવ પડ્યો છે. આપે એ વાત ચીંધી એટલો આપનો ઉપકાર. જોવાનું પોતે છે, ઓળખવાનું પોતે છે, વિશ્વાસ લાવવાનો પોતે છે.

**'અનંત કાળનો વિસામો ત્યાં જ છે.'** આત્માને અનાદિનો થાક ઊતરી જાય અને ખરેખર વિસામો મળે. જ્યાં પ્રથમ જ લીન થાય છે ત્યારે એને વિસામાનો અનુભવ

થાય છે. આ માણસ કહે છે ને ? ઘરને ઘણા નામ આપે છે-વિસામો. કેમકે અહીંયાં ઘરે આવીએ છીએ ત્યારે વિસામો મળે છે. પણ એ કલ્પના છે. એ ભ્રમણા છે અને એક ભ્રાંતિ છે. પોતાના સ્વરૂપને છોડીને ક્યાંય વિસામો મળે એવું બનતું નથી. ત્યાં તે વિસામો લીધો એ આકુળતામાં વિસામાની ભ્રાંતિ થઈ છે. બાકી અંદરમાં ઠરે ત્યારે જ એને વિસામો મળે એવું છે. ત્યાંથી પછી એને બહાર નીકળવાનું મન થતું નથી. અને પેલો જે વિસામો કલ્પ્યો છે એનાથી તો એને બહાર નીકળવાનું મન થશે કે હવે બહાર નીકળું. અહીંયાં ને અહીંયાં ઘણા વખતથી છું, હવે બહાર જાઉં. એમ એને થયા કરશે. વળી પાછો બહાર જશે તો ત્યાં નહિ ફાવે તો કહેશે, હવે ઘરે જઉં. વળી ઘરેથી કહેશે, વળી બહાર જાવ. ક્યાંય એને હખ પડતું નથી. કેમકે અનંત કાળનો વિસામો તો પોતાની અંદરમાં પોતાનું સ્વરૂપ છે. એ જ સાચો વિસામો છે અને એ સાચો વિસામો એ જ પરમસત્ય છે, એ જ સત્ય છે. ૨૪૮ (બોલ પૂરો થયો).

**તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા, તને નિજ પરમાત્માનાં દર્શન થશે. ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ. ૨૪૯.**

૨૪૯માં કહે છે કે **'તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા,...'** શૈલી બહુ કરી છે. એ કેવી પણ વાત હોય તો પણ શૈલી ઘણી કરી છે. અનેક શૈલીથી, અનેકવિધ શૈલીથી. એક જ વિષયની રોચક શૈલી છે. રુચે એવી. **'તું અંદરમાં ઊંડો ઊંડો ઊતરી જા, તને નિજ પરમાત્માનાં દર્શન થશે.'** તું અંતર્મુખ થઈને જેટલો અંદર જવાય એટલે જેટલી લીનતા ઉગ્ર થાય. ઊંડો ઊતરવામાં શું છે કે જેટલી લીનતા ઉગ્ર થાય, જેટલું સ્વસંવેદન પ્રચુર થાય, સ્વસંવેદન તે આત્મવેદન છે. સ્વનું વેદન તે આત્મવેદન છે. જેટલું તારતમ્યતાથી તીવ્ર થાય, તને અંદર પરમાત્માના દર્શન થશે. સાક્ષાત્ તું પોતે પરમાત્મા છો. એ પરમાત્માના તને દર્શન થશે. આ પરમાત્માનો સાક્ષાત્કાર છે. સાક્ષાત્કાર શબ્દ આમાં વાપર્યો ને-૨૪૭માં. **'આત્મસાક્ષાત્કાર તે જ અપૂર્વ દર્શન**

**છે.'** એ આત્મસાક્ષાત્કાર કહો કે પોતાના પરમાત્મસ્વરૂપનો-પરમાત્માનો સાક્ષાત્કાર કહો, બંને એક વાત છે. પોતાના સ્વરૂપના સાક્ષાત્કારથી સમજાય છે કે પોતાથી અધિક કોઈ નથી. સાક્ષાત્કારથી એ વાત નક્કી થાય છે, પોતાને સિદ્ધ થાય છે કે પોતાથી કોઈ અધિક નથી.

**'તને નિજ પરમાત્માનાં દર્શન થશે. ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ.'** ત્યાંથી પછી બહાર આવવું તને ગમશે નહિ. કેમકે તારા પરમાત્મસ્વરૂપથી જગતમાં કોઈ ઉત્કૃષ્ટ પદાર્થ નથી. જે પદાર્થ જગતની અંદર સુખના સ્થાન ગણાય છે, શાતાના, સાનુકૂળતાના, વૈભવના અને સુખના જે જે પદાર્થો, જે જે પદ, જે જે સ્થાન ગણાય છે તેના ઉપર ઉપયોગ જતાં, પરિણામ તે બાજુ આકર્ષિત થતાં આકુળતાની ઉત્પત્તિ થવાનો અનુભવ તને થશે. તેથી તે દુઃખના નિમિત્ત છે પણ સુખના નિમિત્ત નથી એમ તને પ્રત્યક્ષ અનુભવ થશે. એવા અનુભવને લઈને અંદરમાં ગયેલા પરિણામને બહાર આવવું ગમશે નહિ. અને એટલા માટે અરિહંત અને સિદ્ધ પરમાત્માના પરિણામ કોઈ અંશે બહાર આવતા નથી. એક સમય માટે પણ કોઈ અંશે પરિણામ બહાર આવતા નથી.

એ દશાએ, એ પદે પહોંચવાનો પ્રયત્ન સર્વ સાધકો કરે છે. જે-તે ગુણસ્થાનમાં રહેલા સાધકો એ જ પ્રયત્નમાં લાગે છે. એવી પ્રયત્ન અને એવો સમય ક્યારે આવે કે જ્યારે પરિણામ અંદર જાય તે બહાર જ આવે નહિ. એક બોલ આવે છે. ધન્ય તે ઘડી ને ધન્ય તે દિવસ કે જે પરિણામ અંદર ગયા પછી બહાર જ નીકળે નહિ, બહાર જ આવે નહિ. એવી સ્થિતિ થઈ જાય અને એવી સ્થિતિ રહી જાય-આ તમામ સાધકોનો આ પ્રયાસ છે. કેમકે તેમને બહાર આવવું ગમતું નથી અને બહાર આવી જવાય છે, છતાંય બહાર આવી જવાય છે ત્યારે દુઃખ સિવાય બીજો અનુભવ થતો નથી.

વિકલ્પમાત્રમાં દુઃખનો અનુભવ થાય છે. એકે એક સૂક્ષ્મ વિકલ્પ હોય તોપણ એમાં દુઃખનો અનુભવ થાય છે તો સ્થૂળ વિકલ્પમાં તો દુઃખનો અનુભવ થાય એ કાંઈ કહેવાની જરૂર રહેતી નથી.

મુમુક્ષુ :- અહીં તો રાગ-દ્વેષમાં દુઃખનો અનુભવ નથી થતો.

પૂજ્ય ભાઈશ્રી :- કેટલું દૂરવર્તીપણું છે ! નજીક જનારને, દેહાતીત સ્વભાવની

નજીક જનારને, સમીપ પહોંચનારને હળવાશ થાય છે. પરિણામ-જીવ જરા હળવો થાય છે તો એને દુઃખ લાગવા માંડે છે. વિકલ્પમાત્રમાં એને દુઃખ લાગવા લાગે છે. બોજો લાગે છે, ત્રાસ લાગે છે અને દુઃખ લાગે છે. એ દુઃખ લાગવાની શરૂઆત થાય ત્યારે સમજવું કે હવે કાંઈક આ દુઃખથી છુટાશે.

દુઃખ હોય અને દુઃખ ન લાગે તો એ દુઃખથી છૂટવાનો સહજ પ્રયત્ન થાય કેવી રીતે ? અને દુઃખ નથી લાગતું તો સુખ લાગે છે. સુખ લાગે છે એટલે સુખ લાગે છે ત્યાં રહેવાનો એને ભાવ થયા કરે છે, અભિપ્રાય રહે છે કે અહીંયાં જ રહું. એટલે એથી વિરુદ્ધ પ્રયત્ન ઉત્પન્ન થવાનો પ્રશ્ન જ નથી. એથી વિરુદ્ધ પ્રયત્ન ઉત્પન્ન થતો નથી, થઈ શકતો નથી. દુઃખ લાગે તો જ ખસે. એ દુઃખ છે એને દુઃખ લાગવાની વાત છે. નથી ને લાગવાની વાત નથી. છે પણ લાગતું નથી તો આ તે કેવી વાત ? તારું જ્ઞાન છે એ એવું મેલું થયું છે. વિભાવરસથી રંજિત થયેલું, વિભાવ પરિણતિએ રંગાઈ ગયેલું તારું જ્ઞાન (છે). જ્ઞાનદર્પણ એટલું મેલું થયું છે કે તને દુઃખ દુઃખ તરીકે જણાતું નથી. આ એક બહુ કફોડી પરિસ્થિત છે કે દુઃખ છે અને દુઃખ તરીકે જણાતું નથી.

જરાક ભૂમિકાની નિર્મળતા થાય, દર્શનમોહ મંદ થાય અને ભૂમિકાની નિર્મળતા થાય તો પહેલી અહીંથી શરૂઆત થાય છે. કેમકે દુઃખ છે એ જાડું છે અને સ્વભાવ છે એ સૂક્ષ્મ છે. સ્વભાવ તો પછી જણાશે. શાસ્ત્રનો અભ્યાસ કરીને આ વિષયનો વિચાર કરનારા ખોટો પ્રયત્ન શું કરે છે ? કે દુઃખ તો દુઃખ તરીકે લાગે નહિ. જાડું છે, સ્થૂળ પરિણમન છે એ દુઃખ તે દુઃખ તરીકે એને લાગે નહિ અને સ્વભાવની મહેનત કર્યા કરે કે આ સ્વભાવ કેવો છે ? સ્વભાવ જાણવો છે, સ્વભાવ ઓળખવો છે, સ્વભાવ પકડવો છે. પણ સ્વભાવ તો સૂક્ષ્મ છે. હજી જાડું તને પકડાતું નથી, મોટા અક્ષર વંચાતા નથી અને તું ઝીણા અક્ષર વાંચવાની મહેનત કરે છે, ક્યાંથી વંચાવાના હતા ? એ તો બની નહિ શકે. અમે અસ્તિનો પ્રયત્ન કરીએ છીએ. પાછું શું કે થોડાક શાસ્ત્રો ભણ્યા હોય ને (એટલે એમ કહે), અમે તો અસ્તિનો પ્રયત્ન કરીએ છીએ. પણ બાપુ ! નાસ્તિમાં ઊભો છો એની તને ખબર નથી. જ્યાં ઊભો છો ત્યાં આડું આવ્યું છે. આડું શું છે એ તને ખબર નથી. ક્યાંથી અસ્તિનો પ્રયત્ન થશે ? અસ્તિનો પ્રયત્ન છે જ નહિ.

એકવાર 'પૂજ્ય બહેનશ્રી'ને કોઈએ પ્રશ્ન કર્યો. 'રાજકોટ'વાળાએ. ભેદજ્ઞાન 'રાગ તે હું નહિ' એમ નિષેધ કરે છે પણ પ્રયત્ન તો અસ્તિનો કરવો ને ? એમ પ્રશ્ન કર્યો. નાસ્તિ વચ્ચે આવ્યા વિના રહેતી નથી. શૈલીથી (જવાબ આપ્યો). નાસ્તિ વચ્ચે આવ્યા રહેતી નથી. અસ્તિના પ્રયત્ન કરનારને પણ નાસ્તિ વચ્ચે આવ્યા વિના રહેતી નથી. કેમકે જ્યાં ઊભો છે ત્યાંથી આગળ ચાલવું છે કે નથી ઊભો ત્યાંથી ક્યાંકથી આગળ ચાલવું છે ?

મુમુક્ષુ :– નાસ્તિમાં ઊભો છે.

પૂજ્ય ભાઈશ્રી :– નાસ્તિમાં ઊભો છે. ત્યાં અસ્તિત્વ સ્થાપ્યું છે. ત્યાં દુઃખ થઈ રહ્યું છે, દુઃખ થઈ રહ્યું છે એ દુઃખની ખબર નથી. દુઃખથી છૂટવાની (સૂઝ) એને કેવી રીતે આવે ? ઉત્સાહિત કેવી રીતે થાય ? પુરુષાર્થની સ્ફૂરણા ક્યાંથી આવે કે અહીંથી ખસી જાઉં. જ્યાંથી ઝાટકો મારીને છૂટવું છે ત્યાં તો સુખ લાગે છે. જ્યાં દુઃખ છે ત્યાં સુખ લાગે છે તો ત્યાં તો ઠરીને ઠામ પડ્યો છે. શુભ વિકલ્પમાં, કષાયની મંદતામાં એને શાંતિ લાગે છે, શાતા લાગે છે અને શાતામાં એને સુખ લાગે છે.

૨૫૪ નંબરના પત્રમાં 'શ્રીમદ્જી'એ મુમુક્ષુની યોગ્યતા રોકાવાના ત્રણ કારણમાં એક આ કારણ લીધું છે કે, મુમુક્ષુજીવને પણ શાતામાં સુખ લાગે છે. ત્યાં એની યોગ્યતા રોકાઈ જાય છે. પછી આગળ નથી વધી શકતો. પછી શાસ્ત્ર વાંચ્યા કરે, પૂજા-ભક્તિ કર્યા કરે, દયા-દાન, તીર્થયાત્રા કર્યા કરે. એની યોગ્યતા છે એને દોષ લાગી ગયું. શાતામાં સુખ લાગ્યું કે એની યોગ્યતાને દોષ લાગી ગયો.

એ ત્રણ કારણમાં એક કારણ એ લીધું છે. વસ્તુના સ્વરૂપનો નિર્ણય (નથી), સત્પુરુષ પ્રત્યે પરમદીનપણું-પરમ વિનયપણું (એનો અભાવ) અને શાતામાં પણ ક્યાંક મુમુક્ષુને સુખનો અનુભવ થવો-સુખ લાગવું. દુઃખ છે ત્યાં સુખ લાગવું. (એ) વિપરીત થઈ ગયું ને ! છે દુઃખ. દુઃખ લાગે તો તો ખસે. પણ દુઃખ જ સુખ લાગે (તો) ખસે કેવી રીતે ? વિપરીત થઈ ગયું એ. જગતના કોઈ ને કોઈ પદાર્થમાં શાતાનું સુખ જ્યાં એને (લાગે) છે ત્યાં એને આત્માનું સુખ-આત્મિક સુખની અધિકાઈ એને આવશે નહિ. બીજો પદાર્થ અધિક .. રહી ગયો. ત્રણ કારણ લીધા. ૨૫૪માં.

અહીંયાં તો જે પરમાત્માના તને દર્શન થશે, એ પરમાત્મામાં તને શાંતિનો દરિયો ઊછળતો દેખાશે, આનંદનો દરિયો ઊછળતો તને દેખાશે અને તને એમ થશે કે

હવે તો અહીંથી બહાર નીકળવાનો કોઈ મને પ્રશ્ન છે નહિ. નીકળી જવાય તો સાધકને એનો ખેદ થાય છે. બાકી ત્યાંથી બહાર નીકળવું એને ગમતું નથી.

**'ત્યાંથી બહાર આવવું તને ગમશે જ નહિ.'** આવી જવાશે તોપણ તને ગમશે જ નહિ, એમ કહે છે. એ તારા અભિપ્રાય વિરુદ્ધનો વિષય થઈ ગયો. સમવસરણમાં ભગવાનની દિવ્યધ્વનિ છૂટતી હોય છે. સાંભળવા જવાનું ગમે કે ન ગમે ? મધુર વાણી છે. જગતના સર્વ માધુર્યની પરાકાષ્ઠા ત્યાં છે. અવાજની મધુરતા કાનને કર્ણપ્રિય લાગે છે ને ! કાનને પ્રિય લાગે. એ જાતનો પુણ્યયોગનો એ પ્રકાર છે કે એના અવાજમાં એવી મીઠાશ હોય. તીર્થંકર ભગવાનની દિવ્યધ્વનિમાં એ પુણ્યની પરાકાષ્ઠા છે. (એટલી મીઠાશ) એ વિષયમાં પણ કોઈને બીજાને હોઈ નહિ. જેમ કાનમાં કોઈ અમૃતની ધાર કરતું હોય એવું કર્ણપ્રિય હોય. સારું લાગે કે ન લાગે ? આત્માની મધુરતા, આનંદની મધુરતા પાસે એના ઉપર લક્ષ જાય તો એટલી આકુળતા થાય એ એને પોતાને ખબર પડે. દરેક સાધકને, સમવસરણમાં રહેલા દરેક સાધકને પોતાને એમ ખબર પડે કે અહીંથી બહાર નીકળવું નથી. મારા પરમાત્માને છોડીને બહાર જવાનો પ્રશ્ન નથી. છતાં બહાર જતાં આ સાંભળવાનું થાય છે એમાં આકુળતા ઉત્પન્ન થાય છે.

તાત્ત્વિક રીતે આકુળતાનું સ્વરૂપ શું છે ? દુઃખનું સ્વરૂપ શું છે ? એક કણ પણ આકુળતાનો તે આકુળતાનો જ કણ છે, દુઃખનો જ છે. એમાં હરગીજ સુખ નથી. અને નિરાકુળ અંતર્મુખ પરિણમનમાં સુખ છે. બેની જાત જુદી જુદી છે. કષાયની-ક્લેશની જાતમાં શાંતિ નથી અને શાંતિમાં કષાયની–ક્લેશની કોઈ જાત નથી. આ વસ્તુ જ્ઞાનમાં જ્યાં સુધી તાત્ત્વિક રીતે ઓળખાય નહિ ત્યાં સુધી એને સ્વભાવ-વિભાવ વચ્ચેનો ભેદ સમજાય નહિ. અને ત્યાં સુધી એને વિભાવ છે એ જ સ્વભાવ થઈ પડે છે અને એ વિભાવને સાચે સાચો જાણે, મારું કલ્યાણ થઈ જશે એમ એને લાગે છે. સાધે છે વિભાવને. વિભાવને જ સ્વભાવ માને પછી તો એને જ સાધે, બીજું શું કરે ? આ વસ્તુ એને ત્યારે જુદી પડે છે કે એને ક્યાંય પોતાના સ્વરૂપમાંથી બહાર આવવું ગમતું નથી. અભેદ અનુભવમાં પછી શંકા રહેતી નથી. આ આમ હશે કે તેમ હશે ? અતિ શાંત, અતિ શાંત ચિંતવનવાળા પરિણમનમાં દુઃખ હશે કે નહિ હોય ? એ પ્રશ્ન એને માટે નથી. સર્વોત્કૃષ્ટ બાહ્ય શાતા, બાહ્ય શાતાનો સર્વોત્કૃષ્ટ

પ્રકાર એ પણ દુઃખનો પ્રકાર છે અને એમાં સુખની ગંધ નથી, એ વાત સુખના પિંડમાં પ્રવેશ કર્યા વિના પત્તો લાગે એવું નથી. અનાદિની ભ્રમણા નથી છૂટતી એનું પણ કોઈ કારણ છે. એનું પણ કોઈ એટલું વજન છે.

એટલે એમ કહે છે તું ઊંડો ઊંડો અંદર ઊતરી જા. નિજ પરમાત્માના તને દર્શન થશે. તારા પરમાત્માનો વિયોગ છે. એ વિયોગનું દુઃખ જો તને લાગતું હોય તો અંદર ઊંડો ઊંડો ઊતરી જા. બહારમાં એક સ્વજનનનો વિયોગ છે એ પોસાતો નથી. આ થોડો કાંઈ વિયોગ થાય, આ દીકરી સાસરે જાય છે ત્યારે પછી આવવાની નથી એવું તો કાંઈ નથી. ગામમાં ને ગામમાં હોય તોપણ રડે છે કે નહિ ? એ તો હાલતા ને ચાલતા આવી શકે છે. પણ થોડો પણ વિયોગ પોસાતો નથી. અને અનાદિનો પરમાત્માનો વિયોગ છે તો કાંઈ જાણે ખબર નથી, લેવાદેવા નથી. એને લાગવું જોઈએ, ત્યાં માઠું લાગી જાય છે, રડી લ્યે છે. અહીંયાં એને માઠું લાગતું નથી. તો એમ ને એમ મફતમાં કાંઈ પરમાત્મા પર્યાયમાં પધારશે ? એમ તો બનતું નથી. એટલે પહેલો બોલ લીધો છે કે, ક્યાંય ન ગમે તો આત્મામાં ગમાડ. આત્મામાં તને ગમે એવું છે. ગમે એવું છે તો કેટલું ગમે એવું છે ? કે ત્યાંથી બહાર આવવું ગમે નહિ, એટલું ગમે એવું છે. આવી સ્વાનુભવની સ્થિતિ છે અને એ કોઈ અતિશયોક્તિ નથી પણ એ વાસ્તવિક પરિસ્થિતિ છે અને એ પણ પૂરેપૂરી કહેવાતી નથી એટલે અલ્પઉક્તિ છે. અતિશયોક્તિ નથી પણ અલ્પઉક્તિ છે. અહીં સુધી રાખીએ...

**વિધિ : અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી જોતાં, જીવને માત્ર જ્ઞાનનો - સામાન્યનો–જ અનુભવ છે. ત્યાં જોરથી સ્વપણું થતાં અનેક જ્ઞેયાકારો અને પર્યાયત્વ ગૌણ થાય છે; ને 'સ્વભાવનો આશ્રય' લક્ષના કારણથી થઈ જાય છે. સ્વભાવના આશ્રયમાં દ્રવ્ય પર્યાયના ભેદ સહજ નિરસ્ત થઈ જાય છે. કારણકે સ્વભાવ દ્રવ્ય-પર્યાયના ભેદથી નિરપેક્ષ છે. સ્વભાવે અનઉભય સ્વરૂપ છે.**

**('અનુભવસંજીવની' બોલ નં.૧૧૪)**

**મુનિઓને અંતરમાં પગલે પગલે–પુરુષાર્થની પર્યાયે પર્યાયે – પવિત્રતા ઝરે છે. ૨૫૦.**

તા. ૧૬-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૫૦,૨૫૧
પ્રવચન નં. ૧૯૮

'બહેનશ્રીનાં વચનામૃત' ૨૫૦મો બોલ. પાનું ૮૬. મુનિદશાનું વર્ણન છે. **'મુનિઓને અંતરમાં પગલે પગલે—પુરુષાર્થની પર્યાયે પર્યાયે–પવિત્રતા ઝરે છે.'** સાધકદશામાં સારી રીતે આગળ વધેલા આત્મા, સારી રીતે સ્વરૂપને સાધતા એવા આત્મા તે સાધુ અથવા મુનિ (છે). મોક્ષનો એ રાજમાર્ગ છે. મુનિદશા એટલે મોક્ષનો રાજમાર્ગ. જેમ કોઈ દેશમાં કહે છે ને ? નાના મોટા માર્ગ છે પણ આ National highway છે. રાષ્ટ્રીય માર્ગ-રાજમાર્ગ. મોક્ષ પાટણમાં મોક્ષનું રાજ રાજવાનો. મુનિદશા એ રાજમાર્ગ છે. સમકિતી તો પોતાની દશાને કાંઈ ગણતા જ નથી એની પાસે. મુનિદશાનું જ્યાં લક્ષ થાય તો આ જ માર્ગ છે. આ તો હજી કાંઈ માર્ગ કહેવાય નહિ. એમ લાગે તોપણ એટલી જઘન્ય દશાને ગૌણ કરવા માટે (એમ લ્યે છે).

કહે છે કે અહીં અંદરમાં પગલે પગલે... એનો અર્થ કર્યો છે કે પુરુષાર્થની પર્યાયે પર્યાયે કે પ્રતિસમયનું જે પરિણમન છે, મુનિદશામાં સમય સમયના પરિણમનમાં અંદરમાં પુરુષાર્થની રમઝટ ચાલે છે. પુરુષાર્થનો પ્રવાહ ધોધબંધ વહે છે. કેવળજ્ઞાન લેવા માટે જેનો ફાટફાટ પુરુષાર્થ છે એવી જે મુનિદશા એની પવિત્રતા ઝરે છે. સમયે સમયે ગુણશ્રેણી નિર્જરા છે. નિર્જરા એટલે પવિત્રતાની વૃદ્ધિ થવી. શુદ્ધિની વૃદ્ધિ કહો, પવિત્રતાની વૃદ્ધિ કહો. એને નિર્જરા થાય છે. ઘણી નિર્જરા છે.

ગણિતનો હિસાબ મૂકીએ આપણે. મિથ્યાત્વ અવસ્થામાં કર્મ ખરે છે એના કરતાં બંધાય છે ઝાઝા અને સમ્યક્ત્વ અવસ્થામાં કર્મો બંધાય છે એના કરતા ખરે છે ઝાઝા. 'શ્રીમદ્જી'ના શબ્દ એવા છે-આવૃત્તિ અને નિવૃત્તિ. સંસાર અવસ્થામાં, મિથ્યાત્વ અવસ્થામાં કર્મના ઉદયમાં જેટલા ઉદયમાન થાય છે એટલી નિવૃત્તિ થાય છે. જીવ મિથ્યાત્વના ચીકણા પરિણામ કરે છે એટલે આવૃત્તિ વિશેષ થાય છે. સાધકજીવને કર્મની નિવૃત્તિ વિશેષ થાય છે અને આવૃત્તિ ઓછી થાય છે. અશુદ્ધિ ઓછી હોવાને લીધે.

હવે એક ગણિતનો હિસાબ મૂકવો છે આપણે કે અનંતકાળથી ઓછા ખરે અને વધુ બંધાય, સમયે સમયે ઓછા ખરે. એક સમયનો ત્યાં હિસાબ છે, ત્યાં મિનિટનો Unit નથી. પરિણામ એક સમયનું. પર્યાય એક સમયની, બીજા સમયે બીજી, ત્રીજા સમયે ત્રીજી. ભલે પકડાય અસંખ્ય સમયમાં, પણ છતાં સમય સમયની પર્યાય છે. પ્રત્યેક સમયે જાય ઓછા અને આવે ઘણા, જાય ઓછા અને આવે ઘણા. હવે એનો સરવાળો મારો અનંતકાળનો. એક મહિનાનો મારો, એક વર્ષનો મારો, સો વર્ષનો મારો, હજાર, લાખ, કરોડ, અબજ વર્ષનો, અનંતકાળનો સરવાળો મારો. કેટલા બંધાય છે ? ત્યાં કોઈ ગિરદી થતી નથી, અવગાહન છે ને એટલે.

મુમુક્ષુ :– તો કાર્મણવર્ગણા બધી એક ઠેકાણે જ...

પૂજ્ય ભાઈશ્રી :– .. એટલી બધી ઓછી છે ને ? કાર્મણવર્ગણા. એ સ્થિતિ ઓછી છે. દરેકની સ્થિતિ પાછી મર્યાદિત છે. મર્યાદિત સમયમાં ખરીને પાછા ચાલ્યા જાય છે. પણ સામાન્યપણે અવગાહનત્વ વિશેષ હોવાને લીધે અને સંખ્યાનો તોટો નહિ હોવાને લીધે કાર્મણવર્ગણામાં કોઈ કર્મનો તૂટો પડતો નથી. અનંતા જીવો પ્રતિ સમયે અનંતા કર્મને બાંધે છે. (છતાં) કાર્મણવર્ગણામાં ક્યારેય shortage ઊભી નથી થતી. ક્યારેય અછત ઊભી નથી થતી. એવો કોઈ કાળ નથી જેમાં કાર્મણવર્ગણામાં અછત ઊભી થઈ હોય. એવું નથી બનતું. ઊલટાના ૬૦૮ જીવ છ મહિના અને આઠ સમયમાં ઓછા થાય છે, એટલાનું નહીં બંધાવું. એટલાને કર્મ આવવાની પ્રવૃત્તિ ઘટતી જાય છે અને એ અનંતકાળમાં અનંતા ઘટ્યા. એવા અનંતકાળમાં અનંતા ઘટ્યા. આપણે તો અહીંયાં નિર્જરાનો વિષય લઈએ છીએ. આમ પવિત્રતા સમજાવી મુશ્કેલ છે.

અહીંયાં એમ કહ્યું કે મુનિને સમયે સમયે પવિત્રતા ઝરે છે. એ પવિત્રતા સમજવા

માટે નિમિત્તથી વાત લઈએ છીએ, ઉપાદાનથી ન સમજાય એટલે. અનંત કાળથી બંધાતા કર્મો અને અનંતા કર્મો જે બંધાયેલા છે, સંયોગ પામેલા છે એને મુનિદશાનો અંતર્મુહૂર્તનો પુરુષાર્થ અરિહંતદશા પ્રાપ્ત થતા ખતમ કરે તો એ અસંખ્ય સમયની અંદર કેટલા પરમાણુની નિર્જરા થાય છે ! તો સામે પવિત્રતા કેટલી વધે છે !

જેમ કોઈને પોતાનો દોષિતભાવ ન સમજાય તો એને એમ કહે કે ભાઈ ! આકરા કર્મ બંધાય છે, હોં ! તો ભડકે. કેમકે એને ભાવની-ચાલતા ભાવની નથી સમજ પડતી. તો એને કર્મથી સમજાવવું પડે છે. એમ અહીંયાં મુનિઓની પવિત્રતા ન સમજાય તો એની નિર્જરા કેટલી ? કે ગુણશ્રેણી નિર્જરા છે. ગુણશ્રેણી એટલે હજાર ને હજાર ગુણો. તો હજારને હજાર ગુણતા કરોડ થાય. કરોડ થાય છે ને ? સોએ ગુણતા તો લાખ થાય. તો હજારો ગુણતા કરોડ થાય તો પછી કરોડને કરોડે ગુણો એટલી નિર્જરા થાય પાછી. એનું નામ ગુણશ્રેણી છે. એને એટલાને એટલાને એટલાને એટલાથી ગુણવા એવી જે વધતી શ્રેણી એને ગુણશ્રેણી કહેવામાં આવે છે.

મુનિદશામાં એટલા કર્મ ઢગલાબંધ જે ખરે છે-નિર્જરે છે કે અહીંયાં એમની શુદ્ધિવિશેષને-પવિત્રતાને જાહેર કરે છે, પ્રસિદ્ધ કરે છે. એમ લેવું છે. એની પાસે પોતાની જે નિર્જરા છે એ સાધારણ લાગે છે. સમ્યક્દશામાં સાધકને મુનિદશાનું જ્ઞાન થાય છે, મુનિદશાનો ખ્યાલ આવે છે. બીજાને તો એટલો મુનિદશાનો ખ્યાલ આવતો નથી. તો પોતાની સરખામણી થાય છે કે આ તો કાંઈ નથી. ક્યાં મુનિદશાનો પુરુષાર્થ, ક્યાં એની સમયે સમયે વધતી પવિત્રતા, સમયે સમયે થતી ગુણશ્રેણી નિર્જરા, મોક્ષને પામવાનો એ રાજમાર્ગ ! આ તો હજી હળવે હળવે ગાડી ચાલે છે, ખડી પડવાની બીક લાગે છે. 'શ્રીમદ્જી'એ કહ્યુંને ? માથા ઉપર ધડ રહેવું મુશ્કેલ છે. અત્યંત અત્યંત વિકટતાનો અમને પ્રસંગ છે. ૪૦૮. વાંચ્યો હતો ને ? અત્યંત અત્યંત વિકટતાનો પ્રસંગ છે. એટલી નબળી શક્તિ છે પોતાની. એની સામે મહિમા કરેલો છે કે ધન્ય છે આવી મુનિદશા ! જેની ભાવના ભાવવામાં આવે છે. દેવની દશા તો એથી પરમ છે. આ ગુરુતત્ત્વ છે. મુનિ તો ગુરુ છે અને દેવ તો ગુરુના ગુરુ છે-પરમગુરુ છે. પરમગુરુ છે. જો આ દશાની અભિલાષા પણ થાય તો પેલી દશાની કેટલી અભિલાષા થાય ? પૂર્ણતાની કેટલી અભિલાષા હોય છે ! એમ લેવું છે.

મુમુક્ષુ :– પવિત્રતા અને પુરુષાર્થ ...

પૂજ્ય ભાઈશ્રી :– પુરુષાર્થની પર્યાયે પર્યાયે પવિત્રતા (અર્થાત્) પુરુષાર્થને કારણે-પુરુષાર્થને લીધે. એમ લેવું છે. પુરુષાર્થની પવિત્રતા એટલે પુરુષાર્થને લીધે પવિત્રતા છે. મુનિને અંતરમાં પર્યાયે પર્યાયે પવિત્રતા વધતી જાય, ઘણી પવિત્રતા વધે છે, અલ્પ સમયમાં કેવળજ્ઞાન લેનારા છે. પૂર્ણ પવિત્ર થનારા છે. પુરુષાર્થ એનો એવો છે. એ પુરુષાર્થ ઉપર ધ્યાન જાય છે. કેવો પુરુષાર્થ છે ! જેને કોઈ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ નડતો નથી. કોઈ બાહ્ય-દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એમની દશાને રોકી શકે, એમના પુરુષાર્થને ક્ષતિ પહોંચાડી શકે, હાનિ પહોંચાડી શકે એવું બનતું નથી.

સાધકદશામાં ગુણસ્થાન અનુસાર વ્યવહારનયના વિષયભૂત જે રાગની દશા લીધી છે એટલે કે સાધકનો જે વ્યવહાર ગણ્યો છે એ વ્યવહાર નિશ્ચય પરિણતિને હાનિ પહોંચાડી શકતો નથી. વ્યવહારનો રાગ જેટલો થાય તેટલો મર્યાદામાં, શુભ અને અશુભ, આર્તધ્યાન અને રૌદ્રધ્યાન, એ એની દશાને મર્યાદિત હોવાથી ત્યાં એની નિશ્ચય પરિણતિને નુકસાન કરી શકતો નથી. છે બેય સાથે. બળવાનપણું નિશ્ચય પરિણતિનું હોવાને લીધે વ્યવહાર પરિણતિ ઘસાતી જાય છે, એનો હ્રાસ થાય છે, એનું બળ તૂટતું જાય છે, એ પરિણમન ઘટતું જાય છે અને નિશ્ચય પરિણમન વધતું જાય છે. પણ એ રાગ નિશ્ચય પરિણતિને નુકસાન પહોંચાડી શકે એવી શક્તિ નથી એટલો એ નિર્બળ રાગ છે અને નિશ્ચય પરિણતિની એટલી શક્તિ છે કે વ્યવહાર પરિણતિને એ નુકસાન પહોંચાડે છે. એટલે મુનિદશામાં બાહ્ય પ્રવૃત્તિમાં હાલતા-ચાલતા મુનિરાજ હોય તો ઈર્યા સમિતિથી ચાલે છે એ જાણવાનો વિષય છે. એમનો જે પુરુષાર્થ છે એ જોઈને એમ કહેવાય છે કે હાલતા-ચાલતા સિદ્ધ જુઓ !! સિદ્ધ સ્થિર છે, કદી હાલતા-ચાલતા નથી પણ સિદ્ધના દર્શન કરવા હોય તો હાલતા-ચાલતા સિદ્ધ છે આ !

મુમુક્ષુ :– સિદ્ધ થવા યોગ્ય પુરુષાર્થ...

પૂજ્ય ભાઈશ્રી :– અલ્પ કાળમાં સિદ્ધ થવાના છે અને એ સિદ્ધ થવાનો પુરુષાર્થ માંડ્યો છે બરાબર. દીક્ષા લીધી. ગૃહાદિ આરંભ પરિગ્રહનો ત્યાગ કરીને નીકળી પડ્યા જંગલમાં. સર્વ સાવદ્યયોગનો ત્યાગ કરીને નીકળી પડ્યા. સિદ્ધ દશા લેવા માટે નીકળ્યા છે, એમ ને એમ નીકળ્યા નથી.

મુમુક્ષુ :– અમારે કેટલું છેટું છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. ઘણું...ઘણું...ઘણું... ઘણું છેટું છે એમ વિચારવું.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એવો વિષય તો ચાલે ત્યારે વાત. અહીં તો કહે છે સમ્યક્‌દૃષ્ટિ એમ જોવે છે. સમ્યક્‌દૃષ્ટિના વચનો છે ને ! ઓ..હો..હો...! શું મુનિદશાનો પુરુષાર્થ છે કોઈ !! આનું નામ પુરુષાર્થ અને આનું નામ સાધકપણું અને આનું નામ મોક્ષને લેવાનો પ્રયત્ન અને પુરુષાર્થ કહેવામાં આવે છે. એમ લાગે છે.

જ્યાં પહોંચવું જ હોય, નિર્ધારિત સ્થળે પહોંચવું હોય, ધારેલા સ્થળે પહોંચવું જ હોય, પહોંચવા માટે જો પ્રયાણ શરૂ કર્યું હોય, પ્રારંભ કર્યો હોય અને છેટું ઘણું છે એમ લાગતું હોય તો ઉતાવળ કરવી પડે. આપણે શું વિચારીએ છીએ ? વાહન આજે મળે એવું નથી. બધા વાહનોની હડતાલ છે અને સ્ટેશન પહોંચવું છે અને ગાડીનો ટાઈમ થઈ ગયો છે. અને ઘરથી ત્રણ-ચાર કીલોમીટર દૂર છે. ટાઇમ હવે ભરાઈ ગયો છે. ખબર પડે તો શું કરે ? ટાઈમ થઈ ગયો છે અને અંતર ઝાઝું છે તો ઉતાવળ થયા સિવાય બીજું શું થાય એને ? એની Practical side એ છે કે ઉતાવળ થવા માટે હાથ-પગને હુકમ કરવો પડે નહિ. જ્ઞાન થાય કે મોડું થયું છે એટલે ઝપાટો થયા વગર રહે નહિ. એ એનો સીધો હિસાબ છે.

કેટલો વિવેક કર્યો છે મુનિની દશામાં ! સમ્યક્‌દર્શન છે, કોઈ કોઈ સાધકને તો પાંચમું ગુણસ્થાન છે. વધતી દશા છે, ગુણસ્થાનમાં પણ વધતી દશા છે તોપણ કોઈપણ સાંસારિક કાર્યનો નિમિત્ત અને વિકલ્પ ન રહે એનો વિવેક કર્યો છે. કોઈ લપ જોઈએ નહિ. જગતની જંજાળની કોઈ લપ જોઈએ નહિ. એક જ કામ કરવું છે. ફક્ત એક કામ કરવું છે. અને એના માટે પૂરી અંતર-બાહ્ય તૈયારી કરી નાખી છે. એકલી અંદરની તૈયારી તો અભિપ્રાયમાં ચોથા ગુણસ્થાને થઈ ગઈ છે અને થઈ જાય છે પણ બહારમાં પણ એ જ રીતે (તૈયારી થઈ ગઈ છે) એનું નામ મુનિદશા છે.

ત્યારે જે પુરુષાર્થ ચાલે છે એ એક જ લક્ષે પુરુષાર્થ ચાલે છે, એક જ ધ્યેયે પુરુષાર્થ ચાલે છે. એને સમયે સમયે ઘણી પવિત્રતા પ્રગટ થાય છે. ઘણી પવિત્રતા પ્રગટ થતાં અલ્પ કાળમાં પૂર્ણતા સધાય જાય છે. એવી દશાની ભાવના કરવામાં આવે છે. વાત એટલા માટે લે છે કે પોતાની જે ભાવના છે એ ભાવનાને પોતાને જેની મહત્તા છે એની વાત આવ્યા વિના રહે નહિ. એવી મુનિદશાનો કોઈ અલૌકિક

વિષય છે અને તમામ સમ્યક્દૃષ્ટિ સાધકની ભાવનાનો એ વિષય છે.

'શ્રીમદ્જી'એ અપૂર્વ અવસર એના ઉપર ગાયું છે. સો વર્ષ પહેલાં દિગંબર મુનિઓ નજરે ચડતા નહોતા. અત્યારે વધી ગયા છે. શિથિલતા વધી ગઈ છે. એટલે ચાલે છે બધું. એ જમાનામાં ફેરફાર થાય તો ચલાવનારા ઓછા હતા. ૧૦૦ વર્ષ પહેલા દિગંબર મુનિ કેવા હોય ? તો ગોતવા જાવું પડે. ક્યાંક જ હોય. અત્યારે ગમે ત્યાં જોવા મળે છે એવી ૧૦૦ વર્ષ પહેલા સ્થિતિ નહોતી. 'શ્રીમદ્જી'ને છતાં જે મુનિદશાની ભાવના આવી છે એમાં બિલકુલ Exact દિગંબર મુનિપણું કેવું હોય એનો ચિતાર છે. આખે આખો ચિતાર એનો લીધો છે. 'નગ્ન ભાવ, મૂંડ ભાવ સહ અસ્નાનતા, અદંતધોવન આદિ પરમપ્રસિદ્ધ જો.' કેવી ભાવના લીધી છે ! કેવી ભાવના ભાવી છે ! દિગંબરમાં તો જન્મ નહોતો, કુળધર્મ તો દિગંબર હતો નહિ કે બીજી કાંઈ ખબર હોય આગળ પાછળ. પણ કેટલાક જે દિગંબર શાસ્ત્રો હાથમાં આવ્યા અને પોતાની જે દશા (હતી), એમાંથી વ્યવહાર નિશ્ચયનું પડખું બધું ખૂલી ગયું. નહિતરલબ્ધિ તો થઈ જાય છે.

મુમુક્ષુ :- અંતરથી તો પૂરેપૂરા...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો બહારથી તો લોકોને ખ્યાલ ન આવે. શૈલી એવી કરી છે. બહારમાં તો શું છે કે બધા એવી યોગ્યતાવાળા જીવો પરિચયમાં આવ્યા, સંગમાં આવ્યા એટલે શૈલી કરી છે એવી. અભ્યંતર પરિણામ અવલોકન પાછળમાં જે છે એમાંથી એક વાત નીકળે છે, એમાંથી એ વાત નીકળે છે. શૈલી કરી છે. આગમ, સૂત્ર અને સિદ્ધાંત અને શૈલી એના ઉપર એમનું પોતાનું વિવેચન છે. એમાંથી બહુ પ્રકાશ પડે એવો વિષય છે. કોઈપણ જ્ઞાનીના વચનોમાં... એટલો એ વિષયનો અભ્યાસ જો બરાબર કરે તો કોઈપણ જ્ઞાનીના વચનમાં શંકા થવાનો દોષ ઉત્પન્ન ન થાય. જ્ઞાનીના વચનમાં શંકા પડે એ દોષ છે જીવનો. અને અહીંયાંથી સ્વચ્છંદ પાંગરતા વાર લાગતી નથી. કોઈ વચનમાં શંકા ન પડે એવા ખુલાસા એક જગ્યાએ છે. બહુ પાનું યાદ નથી પણ અમે 'અગાસ' ગયા ત્યારે એ સ્વાધ્યાયમાં એ વિષય કુદરતી આવી ગયો.

એમાં સૂત્રની શૈલી, કથનની શૈલી ગમે તેટલી વિભિન્ન પ્રકારે આવે તોપણ ક્યાંય જ્ઞાની સિદ્ધાંતનું ખંડન કરતા નથી. સિદ્ધાંતનું ખંડન કરીને કોઈ વાતનું નિરૂપણ

હોતું નથી. એ વાત જળવાયેલી રહે છે. જેમ ગણિત કોઈપણ ભાષામાં ગણો.... બીજી રીતે કાંઈ ગણિત ગણાતું હોય એ બતાવી દો. ગણિત એ ગણિત જ રહે છે. એના મૂળભૂત સિદ્ધાંતોમાં ક્યાંય ફેર પડતો નથી. ગણિતમાં સરવાળો, બાદબાકી, ગુણાકાર અને ભાગાકાર એમાં ક્યાંય ફેર પડે ? ગમે એ ભાષામાં જાય તો ? એમાં કાંઈ ફેર ન પડે. વળી અક્ષર કોઈના ખરાબ હોય તો ઉકેલવામાં મહેનત પડે. ત્રણ-ચાર દૃષ્ટાંતો લીધા છે. ખરાબ અક્ષર હોય તો વાંચવામાં મહેનત પડે. પણ જે વસ્તુની અંદર જે વાચ્ય છે એ વાચ્ય કાંઈ ફરી જાય છે ? વાચ્ય ન ફરે. એમ ભાષા, કથન શૈલી, સૂત્ર શૈલી ભિન્ન ભિન્ન મુનિઓની, ભિન્ન ભિન્ન જ્ઞાનીઓની અનેકવિધ પ્રકારે જોવામાં આવે તોપણ જે સિદ્ધાંતનો જ્ઞાતા છે, સિદ્ધાંતનો જાણનાર છે એમાં એને શંકા પડતી નથી, ભૂલ પડતી નથી અને એમાં કાંઈ ગડબડ થતી નથી. એ પોતે ખુલાસો કર્યો છે.

મુમુક્ષુ :– ગૂઢ ભાષા વાપરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે કે સહજ ગૂઢતા આવી જાય. ખોલીને મૂકે તોપણ સામા પકડે એવું ન હોય તો ગૂઢતા કુદરતી કેમ ઊભી થાય છે ? કે જો કોઈ પાત્રવિશેષ હોય તો એને જિજ્ઞાસા ઊભી થાય કે આ ગૂઢતા, વાતમાં કાંઈક ગૂઢ વાત આવે છે અને અંદરથી એમના હૃદયમાંથી ખોલાવીએ. એ જિજ્ઞાસા જો ઉત્પન્ન થાય અને એ વિષયની જિજ્ઞાસામાં આવીને જો સમાગમ કરે, પ્રશ્ન-ઉત્તર કરે, ચર્ચા કરે, સમજવાનો પ્રયત્ન કરે તો એ કાળમાં એને વિશેષ લાભ થાય છે. વગર જિજ્ઞાસાએ ગમે તેટલું આપે, ઉપરથી જીવ ચાલ્યો છે અને આપનારનો પરિશ્રમ એમ જ ચાલ્યો જાય છે, વ્યર્થ જાય છે. એટલે બહુભાગ તો જ્ઞાનીઓમાં ઓછા-વત્તા પ્રમાણમાં એ શૈલી રહે જ છે, આવે જ છે. કોઈ વિચક્ષણ હોય, પાત્ર હોય તો એને એ વિષયની ગંભીરતા અને ગૂઢતા ઉપર લક્ષ જાય છે અને ત્યારે એને એનું મૂલ્યાંકન થાય છે કે અહો...! ટૂંકી વાતમાં, ટૂંકા શબ્દોમાં આટલું બધું કહી દેવાની, આવી ઊંડી વાત મૂકી દેવાનું કહેનારમાં સામર્થ્ય છે !! એમ કરીને એને વાતનો, વિષયનો, કહેનારનો બધાનો મહિમા આવે છે. એટલે એ રીતે કહેવું એ પણ કહેનારનું એક ગૌરવ છે, એની ગરીમા છે એ જાતની. એ ગૂઢતાથી વિષયને પ્રતિપાદન કરે છે. અભિવ્યક્તિ ઓછી છે એમ લેવાની જરૂર નથી. ગૂઢતામાં અભિવ્યક્તિ ઓછી થાય છે એમ લેવાની જરૂર નથી.

આમ ગુણથી લેવાની જરૂર છે. ક્ષતિ ગણવાની જરૂર નથી.

'પૂજ્ય બહેનશ્રી'નો આપણે દૃષ્ટાંત લઈએ. બહુ સાદી ભાષામાં વાત આવે છે. સાદા શબ્દોમાં, શબ્દોના કોઈ શાસ્ત્રીય ભાષાના આડંબર વિના એકદમ સાદી ભાષામાં મૂળભૂત જે વાત આવે છે એ એક વિશેષતા છે. વિદ્વાન હોય અને વિદ્વત્તાનો પારો ચડ્યો હોય તો એને એમ લાગે કે આમાં કાંઈ નથી. આમાં શું છે ? આ બધી સાદી-સાદી, સાધારણ વાત. બધા સાધારણ શબ્દ અને સાધારણ વાતો લાગે. એવું થઈ જાય. વિષય એવો નથી.

જે ગંભીર વિષય એકલું તત્ત્વનું માખણ જેને કહીએ એવો વિષય આખા ગ્રંથની અંદર આડીઅવળી વાત નથી કોઈ. ખરેખર તો સ્વાધ્યાયમાં આવા જ ગ્રંથો રાખવા જોઈએ કે જેમાં કોઈ આડીઅવળી વાત ન આવે અને આડોઅવળો ઉપયોગ અને સમય ચાલ્યો ન જાય. બધી જ વાતો કામની આવે. અધ્યાત્મની અને પ્રયોજનની જ બધી વાતો આવે. કેમકે એક તો મુમુક્ષુ છે નબળો. મુમુક્ષુનું દૃષ્ટાંત દીધું હતું, તમે થોડા દિવસ પહેલા નહોતા. પાપા પગલી પાડે. બાળક કોઈ જન્મ્યા પછી માંડ માંડ બેસતા શીખ્યું હોય. એ ઊભા રહેતા પડી જાય અને પગલું ભરતા પડી જાય એવી સ્થિતિ મુમુક્ષુની છે. એટલી બધી નબળાઈ (હોય છે). એવી એક કમજોર પરિસ્થિતિમાં ચાલે છે. એનો સમય અને એની શક્તિ અને એનો ઉપયોગ બીજા વાંચનમાં કે બીજા વિષયમાં ચાલ્યો જાય તો નબળાઈ વધે, બીજું કાંઈ ન થાય.

શું કહે છે ? સમય વ્યર્થ જાય છે એમ નહિ, શક્તિ વ્યર્થ જાય છે એમ નહિ, અશક્તિ વધે. એટલો અવગુણ થાય. એણે તો બહુ જોખી જોખીને ચાલવું પડે એવી પરિસ્થિતિ છે. એટલી ગંભીરતા આવે ત્યારે એને આત્મહિત સૂઝ્યું છે, એને આત્મહિતની કાંઈક ખેવના થઈ છે, કાંઈક દરકાર થઈ છે. એ પરિસ્થિતિ આવે છે અને ત્યારે એને ક્યાંય બીજે સમય દેવો પડે ત્યારે એને ખટક ઊભી થાય છે. એ એનું લક્ષણ છે. એ 'પૂજ્ય બહેનશ્રી'એ લીધું છે, એને ખટક ઊભી થાય. જેમ આંખમાં કણું ખટકે એમ એને પોતાને સમય અને શક્તિનું નુકસાન થાય તો એની ખટક ઊભી થઈ જાય અંદરમાં. તો એને મુમુક્ષુની ભૂમિકામાં હિત સૂઝ્યું છે.

અહીંયાં તો પોતાની ભાવનાની મુનિદશાની વાત લીધી છે. અને એ ભાવના છે એ વીતરાગતાની ભાવના છે. કોઈ પદની ભાવના છે એમ નથી, કોઈ ગુણસ્થાનની

ભાવના છે એમ નથી પણ પદની ભાવના છે. ધ્યાનના વિષયની ચર્ચા કરતા પણ 'ગુરુદેવ' લ્યે છે. પદસ્થધ્યાન છે ને ચાર ધ્યાનમાં ? પિંડસ્થ, પદસ્થ, રૂપસ્થ, રૂપાતીત. એમાં પદસ્થ ધ્યાનમાં પંચ પરમેષ્ઠીના પદ લીધા છે. સાધકજીવ વિકલ્પના કાળે અરિહંત પરમાત્માનું સ્મરણ કરે. નમસ્કાર મંત્ર બોલે. અરિહંત પરમાત્માનું સ્મરણ કરે એ નિમિત્તે ત્યારે એમાં ઉત્પન્ન જે વીતરાગતા, અરિહંત દશામાં ઉત્પન્ન જે વીતરાગતા (છે) એનું ધ્યાન કરે છે, એ ગુણસ્થાનનું નહિ કે એમના દેહનું નહિ. અત્યારે તો તીર્થંકર પરમાત્મા કે કોઈ કેવળીના દર્શન સુલભ નથી અહીંયાં. પણ સમવસરણમાં ભગવાન બિરાજમાન હોય છે એમનો દેહ એવો હોય છે. આત્માની તો વાત ક્યાં કરવી પણ એમનો દેહ એવો હોય છે કે જોનાર ઉપયોગને ફેરવી ન શકે. પરમાણુઓની તેજસ્વીતા, પરમાણુની સૌમ્યતા અને શાંતતા, દુનિયાભરના શાંત પરમાણુઓ જાણે એક ઠેકાણે આવીને ભેગા થઈ ગયા છે ! જગતના શાંત પરમાણુ.

મુમુક્ષુ :- ભક્તામર સ્ત્રોત્રમાં આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા ! ભક્તામર સ્ત્રોત્ર, માનતુંગ આચાર્યનું છે તેમાં આવે છે. એ પાંચેય પદમાં રહેલી વીતરાગતાને લક્ષમાં લઈને એનું ધ્યાન કરે છે. પણ મુનિદશાની વાત આવે એનો અર્થ કે છઠ્ઠા-સાતમા ગુણસ્થાન પૂરતી વાત મર્યાદિત છે એમ નહિ. વીતરાગ સ્વભાવ પોતાનો છે. સ્વભાવની જેને ભાવના છે એ ભાવનાની વૃદ્ધિ કરવાના બધા બહાના છે. નિમિત્ત છે. બહાના કહો, નિમિત્ત કહો. શાસ્ત્ર સ્વાધ્યાય, મુનિદશા, અરિહંત ભક્તિ, શ્રુતભક્તિ એ બધું વીતરાગતાને જ ઘૂંટવાની વાત છે, ખરેખર તો. રૂઢિગતપણે ભલે સ્થૂળ રાગ થાય છે. વિશેષપણે સાધકજીવને એ બધા વીતરાગતાના નિમિત્તો છે. વીતરાગતાને લક્ષમાં લે છે, વીતરાગતાને સંભારે છે અને એ સંભારતા એનો ઉપયોગ પોતાના સ્વભાવ ઉપર જવા માટે તૈયારી કરે છે અને તૈયાર થાય છે એ પૂર્વ તૈયારી છે.

બાર પ્રકારના વ્રત અને બાવીશ પ્રકારના પરિષહજય અથવા બાવીશ પ્રકારના તપ કીધા, તપ કીધા છે ને. બાર પ્રકારના વ્રત અને તપ કેટલા કીધા છે ? યાદ નથી. પણ ટૂંકામાં આપણે સિદ્ધાંત લેવો છે કે એ બધા વિકલ્પો એને વીતરાગતામાં આવતા પહેલા, શુદ્ધોપયોગમાં આવતા પહેલાના વિકલ્પમાત્ર છે. એ બધા બાહ્ય પ્રયોગ છે કે જેમાંથી એ અંદર જવાની મહેનત કરે છે-પુરુષાર્થ કરે છે. એવી રીતે એનું

નિમિત્તપણું લીધું છે.

મુમુક્ષુ :– ... ચોથા-પાંચમાં ગુણસ્થાનમાં આપણે બહુમાનનો ભાવ થાય એની વીતરાગતાને...

પૂજ્ય ભાઈશ્રી :– વીતરાગતા, બધી જગ્યાએ વીતરાગતા જ પકડે છે. વીતરાગતા સામાન્ય. અરે...! સમ્યગ્દષ્ટિનો મહિમા કરે તોપણ એ વીતરાગતામાં આવી ગયો ઇ જોવામાં આવે છે. ચોથું ગુણસ્થાન જોવાની વાત નથી. ગુણસ્થાન જોખવા જાય તો થઈ રહ્યું. તો પછી એને કાંઈ બહુમાન આવે નહિ. કેમકે એ તો જઘન્ય દશા છે, મોક્ષમાર્ગની એ જઘન્યદશા છે.

મુમુક્ષુ :– માર્ગ જ વીતરાગમાર્ગ છે.

પૂજ્ય ભાઈશ્રી :– વીતરાગમાર્ગ છે એટલે સળંગ વીતરાગતા એક જાતિની છે. એ વીતરાગતાને અવલંબવાનું છે, વીતરાગતાને મુખ્ય કરવાની છે, વીતરાગતાનો આધાર લેવો છે અને વીતરાગરસ વધારવો છે એટલે વીતરાગતાને જ જોવાય છે. બધે એ રીતે લેવાનું છે. એવો એ મુનિદશાનો વિષય એ રીતે સમજવો.

અહીંયાં પુરુષાર્થના એક પડખાથી વાત કરી છે. ભિન્ન ભિન્ન જગ્યાએ મુનિદશાના અનેક પડખાથી વાત કરી છે પણ એ બધામાં પુરુષાર્થ, વીતરાગી પુરુષાર્થ, વીતરાગી દશા, વીતરાગભાવ એ જ મહિમાનો અને ભાવનાનો વિષય રહે છે.

મુમુક્ષુ :– ગૂઢ રહસ્ય...

પૂજ્ય ભાઈશ્રી :– રહસ્ય એટલે Secret જેને આપણે કહીએ છીએ-ખાનગી. પ્રસિદ્ધ ન હોય અને ગૂઢ એટલે ખુલ્લું ન હોય, ઢંકાયેલું દેખાતું હોય, છુપાયેલું દેખાતું હોય, ઉપર ઉપર જમીન સરખી કરી હોય અને નીચે ખાડો હોય. ચાલવા જાય તો પડી જાય ને. એવું છે. ઉપર ઉપરથી ખ્યાલમાં ન આવે. ઊંડો ઊતરે ત્યારે એને ખ્યાલમાં આવે. વાંચી જાય તો ઉપર ઉપરથી સાદી ભાષા અને સાદું લાગે, ખ્યાલમાં ન આવે. ઊંડો ઉતરે ત્યારે એને ખબર પડે. અરે...! આમાં તો કેટલું ઊંડાણ છે ! પગ મૂકીએ તો કાંઈ હજી તળિયું હાથમાં આવતું નથી. ઊંડે જઈએ તો તળિયું હાથમાં આવતું નથી. આ તો ઊંડાણ કેટલું છે ! પોતાની શક્તિનું માપ નીકળી જાય છે. (૨૫૦ બોલ પૂરો) થયો.

**દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે. ૨૫૧.**

૨૫૧. **'દ્રવ્ય તેને કહેવાય'** જુઓ ! એક સૂત્ર જેવો ટુકડો આવ્યો છે. **'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.'** આગમ અધ્યાત્મ એકમાં લીધું છે. દ્રવ્યાનુયોગનો સિદ્ધાંત લીધો છે અને અધ્યાત્મની ગૂઢ વાત કરી છે. આ ગૂઢતા કહેવાય આને. શું ગૂઢતા ? આ એક નમૂનો આવ્યો સીધો. ગૂઢતા શું ચીજ છે !

**'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે..'** આત્મા એક દ્રવ્ય છે એનું પ્રયોજનભૂત કાર્ય-પોતાનું જેવું સ્વરૂપ છે એવી જ દશા પ્રગટ થવી એ એનું પ્રયોજનભૂત કાર્ય છે. કાર્ય એટલે પ્રયોજનભૂત કાર્ય. વિકારી કાર્ય અહીં ન લેવું. એના **'માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.'** પોતાનું સ્વરૂપ જેવું છે એવું જ પ્રગટ કરવા માટે બીજા સાધનોની અપેક્ષા હોય તો એ દ્રવ્ય નથી. તો એ દ્રવ્ય નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- દ્રવ્ય તો...

પૂજ્ય ભાઈશ્રી :- અને પાછું જેવું પોતે છે એવું એમ. એવું એનું પ્રયોજનભૂત કાર્ય કરવા માટે એને બીજાની રાહ જોવી ન પડે. તમે એમ કહો કે રાજા છે અને ભીખ માગે છે. બે વાતને મેળ ખાય નહિ. તો એ રાજા નહિ. ભીખ માગે તો એ રાજા નહીં. રાજા હોય એ ભીખ માગે નહીં. એ તો ભીખ માગતા હોય એને દે. એનો હાથ આમ હોય કે એનો હાથ આમ હોય ? એ તો દેનાર છે હંમેશા, લેનાર નથી. દ્રવ્ય એને કહીએ કે કો'કની અપેક્ષા રાખે ? માગણવૃત્તિ અને ભીખારા(વૃત્તિ હોય) ? જીવ તો રાજા છે. કોઈની અપેક્ષા રાખે એ વસ્તુના સ્વરૂપમાં નથી. એ દ્રવ્યના સ્વરૂપમાં જ નથી. પણ જીવે કદી પોતાને ઓળખ્યો નથી. પોતાનું જેટલું અપરિમિત સામર્થ્ય છે એટલું એના જ્ઞાનમાં ભાસે અને એનો એને વિશ્વાસ જામે તો એમાંથી ચૈતન્યની કોઈ, પુરુષાર્થની અપૂર્વ શક્તિ, અસાધારણ પુરુષાર્થની શક્તિ ઉત્પન્ન થાય.

મુમુક્ષુ :- બીજાને ઓળખવામાંથી નવરો થાય તો અહીંયાં ઓળખે ને !

પૂજ્ય ભાઈશ્રી :– બીજે પણ એને પ્રયોજન ભાસ્યું છે. સ્વાધ્યાયનો તો એટલો જ વિષય છે કે તું નક્કી કર. વિવેક કર, તું નક્કી કર કે તારું પ્રયોજન ક્યાં છે ? તારું હિત ક્યાં છે ? તારું અહિત ક્યાં છે ? આ વિષય સત્સંગ અને સ્વાધ્યાયનો વિષય છે. પુસ્તકમાં તો જે વિષય ચાલતો હોય એ વિષય આવે. તોય વળી આ કાળ ઘણો સારો છે કે કેટલાક આવા સંકલનો બહાર પડ્યા છે.

જેમકે 'પૂજ્ય બહેનશ્રી'એ સભાની અંદર અનેક શાસ્ત્રો વાંચ્યા હશે. બહેનોની સભામાં વાંચતા હતા. એ અનેક શાસ્ત્રોમાં તો જ્યારે જે શાસ્ત્ર વંચાતું હોય ત્યારે એ ગાથાને અડીને વિવેચન આવે. શાસ્ત્ર વાંચનની આ એક મર્યાદા છે. અને શાસ્ત્ર સામે રાખવાનું કારણ એ છે કે એક તો જ્ઞાની હોવા છતાં એને પોતાના ઘરનું કહેવું નથી. પૂર્વાચાર્ય કે પૂર્વના જ્ઞાની કહેતા હોય એ કહેવું છે એને. હું કહું છું એ વાત નથી. અને એને અડીને કહે છે. કરી છે પોતાની ઘરની વાત. છતાં પણ એ રીતે વિવેક છે વ્યવહારનો. પ્રસંગ વ્યવહારનો છે ને ! વ્યવહારના પ્રસંગમાં તો વિવેકથી વાત હોય. અનેક શાસ્ત્રો સાંભળવા માટે અનેક વખત હાજરી ન હોય એને એક વખતની હાજરીમાં એક પુસ્તકમાંથી બધી વાત મળી જાય. નહિતર તો આચાર્ય પોતે કોઈ શાસ્ત્ર રચના કરે તો એક વિષય હાથમાં લે એ વિષયને અડીને વાત ચાલે. એક અધિકાર હાથમાં લે એ અધિકારને વિષય બનાવીને વાત ચાલે. એના પછી બધા પડખા ચારે બાજુના છણે. પણ ત્યારે બીજી વાત ન આવે. ત્યારે બીજી વાતની ક્ષતિ હોય એની પૂરતી કરવી હોય તો એ વખતે એ શાસ્ત્ર કામમાં ન આવે.

આ 'પ્રત્યક્ષ સદ્‌ગુરૂ સમ નહિ, પરોક્ષ જિન ઉપકાર' કહ્યો છે એમાં અનુભવ છે એમનો. જે જિન ઉપકાર પરોક્ષ છે જે શાસ્ત્રની અંદર. ગૌતમગુરુથી માંડીને બધા આચાર્યોએ એને ગ્રંથમાં નિબદ્ધ કર્યો છે તોપણ એની શૈલી અને પદ્ધતિ હોય છે, એના-ગ્રંથના નિયમો હોય છે. એ પ્રકારે એ બધું ચાલે છે. બાર અંગ કર્યા તો બારેયનો વિષય નક્કી કર્યો છે. સત્ પ્રરૂપણા (અધિકાર હોય) તો ત્યાં અસ્તિત્વ લેવું છે. તો જ્યાં જે જે વાત ચાલી હોય ત્યાં તે તે પ્રકાર ચાલે અને બીજો પ્રકાર ન ચાલે. બીજા પ્રકારની ક્ષતિ ગોતવી હોય તો ક્યાં જાવું ? જ્યારે સ્વાધ્યાય અને સત્સંગની અંદર એ વિશેષતા છે કે ગમે તે વિષય ગમે ત્યાંથી ઉપાડો. એને પોતાને શંકા હોય, પોતાની ક્ષતિ હોય પોતાને એ વિષયની અંદર સમજવું હોય, માર્ગદર્શન જોઈતું

હોય તો એને બધું મળે છે. એક જ્ગ્યાએથી મળી જાય છે.

આપણે હમણા એક વીતરાગ ટ્રસ્ટમાં એક નવું Volume બહાર પાડીએ છીએ- 'માર્ગદર્શન'. ગુરુદેવશ્રીના, બહેનશ્રીના, સોગાનીજીના અને શ્રીમદ્જીના ચારેયના વચનોમાં માર્ગદર્શનનો (વિષય), વિભિન્ન પડખેથી માર્ગદર્શન. મુમુક્ષુજીવને વિભિન્ન પડખેથી માર્ગદર્શન મળે એકલો એક જ વિષય લીધો છે. માર્ગદર્શન પૂરતો. 'પથ પ્રદર્શક' કરીને નામ આપ્યું છે. Press માં છે. પછી જો બધાને સ્વાધ્યાયમાં અનુકૂળ પડે તો વર્ગીકરણ તો કરી રાખ્યા છે બધાયના. 'પરમાગમસાર'નું વર્ગીકરણ કરી નાખ્યું. આનું કરેલું છે. 'દ્રવ્યદષ્ટિપ્રકાશ'નું તો ગુજરાતી કર્યું ત્યારે જ કરેલું. 'શ્રીમદ્જી'નું હમણાં આ પર્યુષણના દિવસોમાં કર્યું.

મુમુક્ષુ :–'શ્રીમદ્જી'ના મોટા પુસ્તકમાંથી ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. મોટા પુસ્તકમાંથી બધું તારવી લીધું. જેટલું તત્ત્વનું Cream છે એ બધું તારવી લીધું. તારવીને એ બધું સળંગ લખાણ તૈયાર કર્યું. પત્રની અંદર જે વધારાની વાતો, પ્રયોજનની વગરની જે વાતો, પ્રાસંગિક વાતો એને અડવાની જરૂર નહિ. એકલું જે તત્ત્વ, તાત્ત્વિક અને સિદ્ધાંતિક ને જે કામની વાતો છે એટલી જ જુદી તારવી પછી એનું વર્ગીકરણ કરી નાખ્યું. ત્યાં તો બે વખત વાંચન પછી નિવૃત્તિ હોય એટલે એમાંથી એક વિભાગ લીધો છે. પછી સ્વરૂપ પ્રાપ્તિની વિધી, સ્વરૂપ મહિમા, સ્વાનુભૂતિનો મહિમા એવા અધ્યાત્મ વિષયો છે એનું એક જુદું Volume. ભેદજ્ઞાનનું એક જુદું Volume. ચારેય મહાત્માઓના વચનોમાં આવેલા ખાસ વિષયો. વિષય એકનો એક પણ કેટલી શૈલીથી અને કેટલા પડખેથી અને કેટલા સામર્થ્યથી એનું નિરૂપણ છે અને એ કેટલું ઉપકારી છે ! નિમિત્ત તત્ત્વ કેટલું બહાર આવે એ એક જ્ગ્યાએથી સમજાય જાય. એક પ્રયોગ કર્યો છે. જોઈએ કેમ ચાલે છે !

અહીંયાં એક સિદ્ધાંત મૂક્યો છે કે એને દ્રવ્ય કહેવાય. એવા દ્રવ્યના સામર્થ્યનો તું સ્વીકાર કર. તારા સ્વદ્રવ્યના સામર્થ્યનો તું સ્વીકાર કર. મને અનુકૂળતાઓ રહે અને પ્રતિકૂળતાના કોઈ વિકલ્પો ન રહે તો હું સાધન કરી શકું. કોઈ પુદ્ગલના આધારે તારો પુરુષાર્થ જાગશે એ વાત ઉપર પહેલા ચોકડી મૂકી દે. કોઈ પુદ્ગલ સંયોગના, અનુકૂળતા કે પ્રતિકૂળતાના આધારે તારો પુરુષાર્થ જાગશે એ વાત ભૂલી

જવા જેવી છે. કેમકે દ્રવ્ય એવું છે કે એને કોઈ સાધનની જરૂર પડતી નથી. અંતકૃત કેવળી થાય છે. આગમને વિષે એ વાત પ્રસિદ્ધ છે.

મુમુક્ષુ :– ચોવીસ તીર્થંકરના (સમયમાં) દસ થાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, હા ઠીક ! આખા ચોથા આરામાં. ઠીક છે. એની અંદર શું છે કે એટલો પરિષહ કોઈ આપનાર હોય છે. મુનિદશામાં એના પ્રાણ જાય ત્યાં સુધી એનો ઉપસર્ગ ચાલુ રહે. તો આ બાજુ પ્રાણ છૂટવાની ઘડી અને આ બાજુ કેવળજ્ઞાનની ઘડી, બેય એક થઈ જાય. એને અંતકૃત કેવળી કહે છે. છેલ્લી ઘડીએ કેવળજ્ઞાન થાય. આ બાજુ આયુષ્ય છૂટવાની તૈયારી થાય તો આ બાજુ કેવળજ્ઞાનની તૈયારી. કેમકે એ તો ઉપસર્ગ, પરિષહ ચાલે છે ત્યારે પુરુષાર્થમાં ધ્યાનમાં પડ્યા છે. એટલા ધ્યાનમાં પડ્યા છે પણ શરીર શરીરનું કામ કરે, આયુષ્ય આયુષ્યનું કામ કરે. તો સામે જે પરિસ્થિતિ ઊભી થઈ છે એમાં શરીર અને આયુ છૂટવાની તૈયારી થાય છે તો અહીંયાં પુરુષાર્થમાં પૂરો થવાની તૈયારી થઈ જાય છે. તો કયું સાધન છે ? અહીંયાં આપણે ચાલતો વિષય લેવો છે. ક્યુ સાધન છે કે જેને લઈને પૂર્ણતા ત્યાં પ્રાપ્ત કરી ? કે દ્રવ્ય જ એનું સાધન છે. જોકે પ્રસિદ્ધપણે તો દ્રવ્યમાં સાધન નામનો, કરણ નામનો એક ગુણ છે અને શક્તિ છે. ૪૭ શક્તિમાં એ વિષય 'ગુરુદેવે' બહુ પ્રસિદ્ધ કર્યો. એટલે કોઈ સાધનાંતરની તો અપેક્ષા છે જ નહિ. એ તો વસ્તુને એક એક શક્તિથી ઓળખવા જાવ તો વસ્તુમાં સાધન નામની-કરણ નામની શક્તિ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન અને અધિકરણ. એ છએ છ શક્તિ. છ કારકોરૂપ છએ છ શક્તિ છે વસ્તુમાં એટલે એના પ્રયોજનભૂત કાર્ય માટે જે છ કારકો જોઈએ એ છએ કારકોનું પરિણમન શક્તિરૂપે એને અંદરથી મળે છે અને એ બધી શક્તિઓનું અભેદ સ્વરૂપ એનું નામ અહીંયાં દ્રવ્ય (છે). દ્રવ્ય એટલે બીજી કોઈ વાત નથી.

જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે-જ્ઞાનશક્તિ છે, એમ આત્મા સાધનસ્વરૂપ જ છે. કેમકે એ પણ એક ગુણ છે અને આ પણ એક ગુણ છે. જો આત્માને જ્ઞાનસ્વરૂપ કહી શકાય તો આત્માને સાધનસ્વરૂપ પણ કહી શકાય. કેમકે બંને એક એક શક્તિ જ છે એ તો. અને વસ્તુની જે વિશિષ્ટતા છે, જ્ઞાન જેમ આત્માની વિશિષ્ટતા છે એમ વસ્તુનું સાધન પોતામાં છે એ એની એક વિશિષ્ટતા ગુણરૂપે છે. બંને ગુણરૂપે

જ છે.

મુમુક્ષુ :- છ કારકની મર્યાદાની બહાર જાય તો તત્ત્વ ખોટું પડી જાય ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. સિદ્ધાંત તૂટી ગયો, સિદ્ધાંત તૂટી ગયો. નિમિત્તથી કાર્ય થાય કે રાગથી જીવનું કાર્ય થાય તો એ અશક્ય અને અસંભવિત છે. સિદ્ધાંત તૂટી ગયો. ત્યાં એને બુદ્ધિપૂર્વકનું ગૃહીતમિથ્યાત્વ લાગુ થયું

મુમુક્ષુ :- તો પછી છ કારક એ તો જૈનદર્શનના પ્રાણ જેવું થઈ ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- છ કારક છે એ તો વસ્તુનું સ્વરૂપ જ છે, એ તો પછી ક્યાં સવાલ છે. એ દ્રવ્યનું સ્વરૂપ છે. જેમ આત્મા જ્ઞાનસ્વરૂપ છે એ વસ્તુનું (સ્વરૂપ છે). આત્મામાં જ્ઞાન ન હોય તો ? આવો કોઈ તર્ક કરે તો ? જો આત્મામાં જ્ઞાન ન હોય તો ? એ પ્રશ્ન જ અસ્થાને છે. આત્મામાં જ્ઞાન ન હોય એમ કેમ બને ? એમ આત્મામાં એના છ કારક ન હોય એ બનવાનો પ્રશ્ન જ નથી. એ તો વસ્તુનું સ્વરૂપ જ છે. એક દ્રવ્ય કહીને એ બધી વાત મૂકી દીધી એની અંદર. દ્રવ્ય એને કહેવાય, એમ કહીને બધી વાત મૂકી દીધી એની અંદર. આખો સિદ્ધાંત મૂકી દીધો. હવે અહીંયાં અભિવ્યક્તિનો સવાલ છે કે કહેનારના સામર્થ્યનો સવાલ છે ? એક સૂત્રની જેમ ઘણી વાતો મૂકી દીધી છે. જેના કાર્ય માટે... આ વચન ઉપર તો 'ગુરુદેવ'ને બહુ પ્રમોદ આવ્યો હતો. કહે, જુઓ તો ખરા, કેવી વાત નીકળી છે !

મુમુક્ષુ :- પરમાગમમાં ગોતીએ તો જડે નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- ગોતવા જાવ તો ન જડે. મોટા મોટા આચાર્યોના આગમ છે, ગોતી કાઢો વાત. માથું આખું ખરાબ થાય, એ વાત ગોતવી મુશ્કેલ પડે એવી વાત મૂકી છે બહાર. એટલે એમ કહેવાય છે, 'ગુરુદેવ' તો કહેતા કે આ તો જિનવાણી છે, આ જિનશાસ્ત્ર છે, બાર અંગનો સાર છે. એ બધું કહેતા હતા એની પાછળ કારણ છે કે નહિ ? એની પાછળ પોતાને અનુભવથી એમ લાગ્યું છે અને કહ્યું છે. કોઈ વધાર કરવાની વાત કે અતિશયોક્તિની વાત નથી. ખરેખર એમ છે.

મુમુક્ષુ :- ન જીરવી શકયા એના ફૂટેલા ભાગ્ય.

પૂજ્ય ભાઈશ્રી :- જગતમાં બધી જાતની યોગ્યતાઓ હોય છે. એનો કોઈ ઉપાય નથી. સ્વતંત્ર વસ્તુ છે. જેને હિત કરી લેવું છે એને વસ્તુ છે, એને હાજર વસ્તુ છે, પ્રસિદ્ધ વસ્તુ છે. હિત કરવું હોય તો.

મુમુક્ષુ :– જાગતો જીવ ઊભો છે...

પૂજ્ય ભાઈશ્રી :– ઘણી વાતો એવી છે-સૂત્ર જેવી ઘણી વાતો છે. કુદરતી આવી જાય છે એ બધી. કોઈ ગોઠવવું પડતું નથી. કુદરતી નીકળી પડે છે. કેમકે શબ્દ રચનાનો અધિકાર જ પોતાનો નથી. શબ્દ રચનાનો અધિકાર પોતાનો છે ? એ સ્વયં પરિણમી જાય છે. શબ્દો સ્વયં પરિણમી જાય છે. અહીંયાં ભાવ ચાલતો રહે છે. શબ્દ સ્વયં પરિણમી જાય છે, બસ ! એટલું આમ બે વચ્ચે છેટું છે કે ભાવ દ્રવ્યશબ્દનો કર્તા નહીં તોપણ નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે તો એમાંથી એક બીજો નિમિત્ત નૈમિતિક સંબંધ ઊભો થાય છે કે કોઈને જાગવું હોય તો આ શબ્દ નિમિત્ત છે. ઠીક ! ભાવના નિમિત્તે શબ્દ અને શબ્દના નિમિત્તે ભાવ. આમ છે. આમ બે Line સામેસામે સંધાઈ જાય છે.

મુમુક્ષુ :– વાચક-વાચ્ય નિયોગ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. વાચક-વાચ્ય નિયોગ. ગાયું છે ને ? 'પંડિત જયચંદજી'એ. 'સમયસાર'નું મંગળિક કરતા. વાચક-વાચ્ય નિયોગ. આ તો વાચક-વાચ્યનો નિયોગ છે. એનું વાચ્ય છે એ આત્મતત્ત્વ છે, શુદ્ધાત્મ સ્વભાવ છે. વાચક એના શબ્દો છે. કહેનારનો ભાવ ચાલે છે. શબ્દો સરી પડ્યા છે, એ શબ્દોમાંથી કોઈનો ભાવ જાગી જાશે પાછો. વાચક-વાચ્ય નિયોગ.

મુમુક્ષુ :– 'સમયસાર'નો પહેલો અનુવાદ કરનાર 'જયચંદ પંડિત' ?

પૂજ્ય ભાઈશ્રી :– હિન્દી. હિન્દીમાં.

મુમુક્ષુ :– હા. સંસ્કૃત ઉપરથી હિન્દી.

પૂજ્ય ભાઈશ્રી :– હા. સંસ્કૃતમાંથી હિન્દીમાં... એ પણ ઢુંઢારીમાં કરેલો છે. દેશભાષા ચાલતી ઢુંઢારી ભાષા.

મુમુક્ષુ :– જયપુરમાં 'જયચંદજી'.

પૂજ્ય ભાઈશ્રી :– હા 'જયપુર'માં 'જયચંદજી પંડિત' થઈ ગયા. એમણે ઢુંઢારીમાં અનુવાદ કર્યો. એનું પછી હિન્દી બીજાએ કર્યું છે-'બ્ર. શીતલપ્રસાદજી'. પહેલું હિન્દી કર્યું. આપણે તો એ 'જયચંદજી'ના ઢુંઢારીને અડીને જ કર્યું છે.

મુમુક્ષુ :– આમાં પરની આધારબુદ્ધિ તોડી.

પૂજ્ય ભાઈશ્રી :– આધારબુદ્ધિ, અપેક્ષાબુદ્ધિ તોડી નાખી અને આધારભૂત જે

વિષય છે, આધારનો જે વિષય છે એ પુરુષાર્થની જાગૃતિનું બહુ મોટું સાધન છે. કોનો આધાર તમે લીધો છે એના ઉપર આખા પરિણમનનો આધાર છે. હવે તપાસજો, જ્યાં જ્યાં તપાસવું હોય ત્યાં. તમે કોનો આધાર લીધો ? રાગનો લીધો, સંયોગનો લીધો, જડનો લીધો. કેવી રીતે લીધો ? કઈ કઈ પર્યાયનો લીધો ? કે ત્રિકાળી ધ્રુવનો લીધો ?

એટલા માટે જ્ઞાયકથી ઊપડનારને હું...હું...હું...હુંપણાની 'હું' પરિણતિ છે એ સ્વપદનું સાધન થાય છે. આ એક 'દીપચંદજી'એ બહુ સારી વાત કરી છે. હું...હું...હું...હું... હુંપણાની પરિણતિ એ સ્વપદનું સાધન થાય છે. તો એ શ્રદ્ધા છે એનું કાર્ય એકલું સત્તાનું અવલંબન લેવું એટલું જ કાર્ય છે. શ્રદ્ધાને વિકલ્પ નથી કોઈ. શ્રદ્ધા પોતે નિર્વિકલ્પ ભાવે પરિણમતો ભાવ શ્રદ્ધાનો માત્ર નિજ સત્તાને અવલંબનમાં લેવું, આધારમાં લેવું એટલું જ એનું કાર્ય છે અને એટલું નિજ સત્તાનું જો શ્રદ્ધામાં અવલંબન લેવાયું કે પુરુષાર્થ છલાંગ મારીને ઊભો થાય છે. આ આધાર આવે એને ખબર પડે કે આ તે શું થયું ? ચમત્કાર થયો કોઈ. કેમકે ચૈતન્યવીર્ય છે એ એક સ્ફુરણાત્મક ચીજ છે. જેમ કોઈ માણસને શરીરની સ્ફૂર્તિ હોય તો એને એમ લાગે કે હાશ બહુ શાતા અને સ્ફૂર્તિ બહુ વર્તે છે. બહુ મજા આવે છે. આહ્‌લાદક છે બધું. સારું લાગે છે, આમ છે તેમ છે એમ કેમ કર્યા કરે. જાણે એ મોજમાં આવી જાય એવી રીતે. એમ ચૈતન્યવીર્ય સ્ફુરણા છે. વીર્યની જે સ્ફુરણા છે એ એક ચમત્કારિક વસ્તુ છે.

જ્યાં સત્તાનું શ્રદ્ધાથી ગ્રહણ છે (ત્યાં) પુરુષાર્થનું તેજ અંદરથી પ્રગટે છે. નવી સ્ફુરણા પ્રગટે છે. એ આધારનો વિષય શું છે એના ઉપર આખો આધાર છે. એનું મુખ્ય કાર્ય શ્રદ્ધા કરે છે. પછી તો જ્ઞાન પણ અવલંબન લે છે, ચારિત્ર પણ અવલંબન લે છે, પુરુષાર્થ પણ સ્વદ્રવ્યનું અવલંબન લે છે. બધા ગુણની પરિણતિ સ્વદ્રવ્યને જ સેવે છે અને તેથી બધા ગુણનો વિકાસ થાય છે. પણ મુખ્ય કામ એ શ્રદ્ધાનું છે અને આધાર છે એ એની અંદર મુખ્ય વાત છે અને એ આધાર આ જીવે ઊંધો લીધો છે અને બદલવાની આમાં વાત છે.

દ્રવ્ય એને કહેવાય એમ કહીને આધાર બદલાવવો છે. દ્રવ્ય એને કહેવાય એમ કહીને પુરુષાર્થ જગાડવો છે. એમ વાત છે. એટલું બધું ગૂઢ છે, એની અંદર ભરેલું

છે. એટલે એને ક્યાંય પણ અન્ય સાધનની રાહ જોવી પડે. અન્ય સાધન માટેની એની અપેક્ષાવૃત્તિ રહે એ પ્રશ્ન રહેતો નથી. રાહ ન જોવી પડે એટલે શું છે ? આમ થાય ત્યારે મારું આમ થાય. છોકરો મોટો થાય, કમાતો થાય પછી હું નિવૃત્તિ લઉં. પછી મારા કાર્યનો આરંભ કરું. અહીંયાં એમ કહે છે, નહિ. દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવમાં (કોઈનું આલંબન નથી).

જેમ અંતકૃત કેવળી થયા. એક વાત રહી ગઈ એમાં કહેવાની. એ એટલા માટે વાત કાઢેલી કે કોઈ કોઈ સાધકજીવ એવા થાય છે કે જેને છેલ્લી ઘડીએ નાડી તૂટતી હોય ને ત્યારે વાત સાંધી લે. મુમુક્ષુતામાં હોય, ઘોલનમાં ચડેલો હોય, રુચિમાં આવેલો હોય, લગનીમાં આવેલો હોય પણ એવી કોઈ શરીરની પરિસ્થિતિ કથળે અને એને ખબર પડે હવે આ નાડ તૂટે છે. તૂટતી નાડ છે. આ ધબકારા છે ને Drop થતા જાય એના, ઘટી જાય. એ તૂટતી નાડે એને ખબર પડે કે આ હવે દેહ નથી. ભલે દેહ ન હોય, હું છું (એમ) અંદરમાં આધાર લઈ લે. ક્યુ સાધન છે એને ? શરીર પૂરી માંદગીથી ભર્યું છે કે જેની અંદર દેહ છૂટવાની તૈયારી છે. બહારના કોઈ સાધનનો તો પછી પ્રશ્ન રહેતો નથી. કેમકે શરીર જ પથારીમાં પડેલું છે તો એને બીજું સાધન આવવાનો અને જવાનો, સાંભળવાનો, વિચારવાનો અને કહેવાનો એ તો કાંઈ પ્રશ્ન ચર્ચાનો રહેતો નથી. એ વખતે પણ સાંધનારા હોય છે. કારણ શું ? કે એ દ્રવ્ય એને કહેવાય છે એમ કહેવું છે. દ્રવ્ય છે એની પાસે.

જેનો આધાર લેવો છે, જેના સામર્થ્યનો કોઈ પાર નથી અને એ સામર્થ્ય માટે જેને કોઈની જરૂર નથી એમ કહે છે. એનું નામ દ્રવ્ય. કોઈની રાહ જોવી પડે કે ફલાણું આવે ત્યારે કામ થાય. ફલાણી અનુકૂળતા (થાય) ત્યારે કામ થાય. (એવું) વસ્તુના સ્વરૂપમાં નથી. એમ કહીને એમ કહેવું છે કે તારા કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હોય, તું પુરુષાર્થ ચાલુ કરી દે. એમાં તને કોઈ નડવાનો પ્રશ્ન નથી. કોઈ તને અટકાવે એ પ્રશ્ન રહેતો નથી. એ વાત એમણે કરી છે. (અહીં સુધી રાખીએ...)

## તા. ૧૭-૧૨-૧૯૮૭, વચનામૃત–૨૫૧, ૨૫૨
## પ્રવચન નં. ૧૯૯

૨૫૧મો ફરીથી, પાનું ૮૬. **'દ્રવ્ય તેને કહેવાય કે જેના કાર્ય માટે બીજાં સાધનોની રાહ જોવી ન પડે.'** પોતે પણ એક આત્મદ્રવ્ય છે. જો આવું જ વસ્તુનું સ્વરૂપ હોય તો મારે મારા કાર્ય માટે કોઈ સાધન મેળવવા પડે તો મારું કાર્ય થાય એ પરિસ્થિતિ નથી, એ વસ્તુસ્થિતિ નથી. એટલે કે કોઈપણ પ્રકારના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ હો, મારું પ્રયોજનભૂત કાર્ય કરવા માટે કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવનો પ્રતિબંધ મને નથી. અને એ વાત આગમથી પ્રસિદ્ધ છે કે સાતમી નારકીમાં પણ સમ્યક્‌દર્શન અને શુદ્ધોપયોગ જીવ પ્રગટ કરી શકે છે. એ આગમથી પ્રસિદ્ધ વિષય છે એટલે કહેવાય છે કે એને બીજા સાધનની રાહ જોવી પડે એટલે પ્રતિકૂળતાઓ દૂર કરવી પડે તો એને શુદ્ધોપયોગ પ્રગટ થાય એ વસ્તુસ્થિતિ નથી.

સામાન્ય રીતે એવું વિચારવામાં આવે છે કે અમને વિકલ્પ રહે છે, વિકલ્પ રહે છે, અમને. માટે એ વિકલ્પ ન રહે એવું થઈ જાય, એવું કરવામાં આવે પછી આત્માનું સાધન કરીએ. અને જેથી આત્માનું સાધન કરતી વખતે વિકલ્પ ઊઠે નહિ. માટે વિકલ્પ ન ઊઠે એવું પહેલા કરી લેવું જોઈએ.

વસ્તુસ્થિતિ એ છે કે પરદ્રવ્યમાં તું કાંઈ કરી શકે છો એ વસ્તુના સ્વરૂપમાં નથી. જો વસ્તુના સ્વરૂપમાં એમ નથી એમ જાણવામાં આવે તો પછી એના વિકલ્પનો પ્રશ્ન રહેતો નથી. વળી કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની પહોંચ તારા સ્વરૂપને વિષે નથી. આત્મસ્વરૂપમાં કોઈપણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવની પહોંચ નથી. જો એની પહોંચ નથી, એની સ્પર્શના નથી તો તારું કાર્ય કરવા માટે એનો કોઈ પ્રતિબંધ છે-રુકાવટ છે એ વાત પણ રહેતી નથી.

અહીંયાં તો સામર્થ્ય લેવું છે. દ્રવ્ય એટલે દ્રવ્યમાં રહેલું સામર્થ્ય એવું છે કે એ સામર્થ્ય પોતે જ પોતાની શક્તિ વડે કાર્ય કરી રહ્યું છે પણ જીવને એની પ્રતીતિ

નથી એટલે એ સામર્થ્યનો એ ઉપયોગ કરતો નથી. જેમ પોપટને ઊડવાનું સામર્થ્ય છે પણ ભુંગળીમાં ઊંધો થઈ ગયા પછી એ સામર્થ્યની પ્રતીતિ ખોઈ બેઠો છે તો એ પીંજરામાં આવે છે-પકડાય છે. નહીંતર જીવતો પોપટ કેવી રીતે મળે ? એને પકડવા જાવ ને ઊડી જાય. એટલે યુક્ત છે કે એનું સામર્થ્ય ભૂલે ત્યારે એ પકડાય. એનું સામર્થ્ય જો એ ન ભૂલે તો એને પકડવા કોઈ સમર્થ નથી.

એમ જીવ પોતાનું સામર્થ્ય ભૂલ્યો છે. દ્રવ્ય એટલે અહીંયાં એમ કહેવું છે. જીવ પોતાનું સામર્થ્ય ભૂલ્યો છે. પછી બીજા બીજા સાધનોની અપેક્ષા રાખીને સાધનાંતરની અપેક્ષા રાખીને એ પોતાનું કાર્ય કરવા માગે છે. એટલે એને આધાર લેવો છે બીજાનો. બીજા સાધનોના આધારે એને કામ કરવું છે. વસ્તુનું વિજ્ઞાન એવું છે કે જીવ પોતાની નિજ સત્તાનો આધાર લે તો એનું સામર્થ્ય અને શક્તિ ખીલે. જો જીવ અન્ય સત્તાનો આધાર લે-પરસત્તાનો આધાર લે તો એની અશક્તિ વધે. એની શક્તિ ઘટે પરિણમનમાં. એ પરિસ્થિતિ ઊભી થાય. એટલે એના સામર્થ્યની એને પ્રતીતિ આવવી જોઈએ.

જોકે સામર્થ્યરૂપ ભાવ છે એ પર્યાયની જેમ વ્યક્ત અને પ્રગટ નહિ હોવાને લીધે. સામર્થ્યરૂપ ભાવ છે એ શક્તિરૂપ છે-સામર્થ્યરૂપ છે, દીવાસળીની અગ્નિની પેઠે. અગ્નિની શીખા છે એ તો વ્યક્ત પર્યાય છે અને દીવાસળીના ટોપકામાં રહેલી અગ્નિ છે એ સામર્થ્યરૂપ અગ્નિ છે. જીવને પોતાના સામર્થ્યની પ્રતીતિ આવવી એટલા માટે થોડી કઠિન છે. એને કઠણ પડે છે. વ્યક્ત પર્યાયની જેમ જો સામર્થ્ય હોત તો તરત જ પકડત. જેમ પર્યાયને સમજે છે એમ. પણ સામર્થ્યરૂપ ભાવ હોવાથી, દ્રવ્ય સામર્થ્યરૂપ ભાવે હોવાથી એની પ્રતીતિ આવવી એને કઠણ છે અને જ્ઞાનને એની પકડ આવવી એને કઠણ પડે છે. કઠણ છે એટલે પર્યાયની જેટલી સુગમ નથી. પર્યાયનું ગ્રહણ થાય એટલું સુગમ નથી. તોપણ એ અસંભવિત છે અને અશક્ય છે એમ નથી પાછું. સંભવિત છે, શક્ય છે, અનંતાએ એ સામર્થ્યને ગ્રહણ કરીને પોતાની સાધના કરી છે.

મુમુક્ષુ :– સામર્થ્ય છે એ વ્યક્ત નથી પણ પર્યાયની પાછળ તો રહેલું જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ચોક્કસ રહેલું છે. એટલે પકડવું કાંઈ એટલું અઘરું નથી. પર્યાય જેટલું સુગમ નથી. એટલે કઠણ કહીએ અપેક્ષાએ. પણ અશક્ય છે કે

અસંભવિત નથી. અહીંયાં એક બીજી વાત કરવી છે. વિધિનો વિષય એવો છે કે અવ્યક્ત સામર્થ્યને વ્યક્તપણે ભાવવાથી તે વ્યક્ત થાય. આવું એક વિધિનું વિજ્ઞાન છે.

મુમુક્ષુ :– વ્યક્તપણે ભાવવાથી...

પૂજ્ય ભાઈશ્રી :– એ વ્યક્ત થાય, પરિણમનરૂપ થાય. એ વિધિ છે. એટલે શું ? કે સામર્થ્યમાં પણ એવું સામર્થ્ય છે કે જેવું સ્વરૂપ છે એવું જ પરિણમન થવું એ પણ એનું સામર્થ્ય જ છે. જેમ જ્ઞાનનું સામર્થ્ય છે, આનંદનું સામર્થ્ય છે, ત્રિકાળ શાશ્વત રહેવાનું સામર્થ્ય છે, તેને અસ્તિપણે સામર્થ્ય કહીએ. એવું પ્રભુત્વ છે. પરમેશ્વર પરમ ઐશ્વર્ય છે. અનેક ગુણનું સામર્થ્ય છે એમ શુદ્ધપણે પરિણમવું એ પણ એનું સામર્થ્ય છે. આ બધા અંગમાં આ પણ એક અંગ છે. અને એ રીતે જો જોવામાં આવે-દ્રવ્યને એ રીતે જોવામાં આવે કે અરે...! શુદ્ધપણે પરિણમવું એ તો મારું સામર્થ્ય છે. સ્વસંવેદનરૂપે થવું એ તો મારો સ્વભાવ છે. કરવાનો ક્યાં પ્રશ્ન છે ? અને જો વ્યક્તપણે થવું એવું એનું સામર્થ્ય છે એવો વ્યક્તપણાનો ભાવ ભાવવામાં આવે, વાત તો ભાવની છે-ભાવનાની છે, તો વ્યક્ત પરિણમન થઈ જાય છે.

આખા 'સમયસાર'નો આ Under tone છે. અને એ ધ્વનિ 'ગુરુદેવે' ૪૭ શક્તિઓમાં એક એક શકિતના વર્ણન વખતે આ ધ્વનિથી પ્રવચન આપેલું છે. એ ધ્વનિથી પ્રવચન આપવાનું કારણ પણ એ છે કે એક એક શક્તિનું વર્ણન સામર્થ્યરૂપે નથી કર્યું પણ ખુદ 'અમૃતચંદ્રાચાર્યદેવે' પણ જે 'સમયસાર'ની ટીકા કરી એ અનુસાર એકે એક શક્તિનું વર્ણન, એનું વ્યક્ત પરિણમન થવાના સામર્થ્યની અપેક્ષા લઈને કર્યું છે. તે તે શકિતમાં પણ એ રૂપ છે. પ્રત્યેક શક્તિમાં તે શક્તિરૂપ શુદ્ધ પરિણમન થવું એવું એનું રૂપ છે. કેમકે દ્રવ્યમાં એ રૂપ છે. શુદ્ધ પરિણમવાનું, દ્રવ્યસ્વરૂપે પરિણમવાનું દ્રવ્યનું સામર્થ્ય છે. એટલે એક એક શક્તિમાં પણ એ શક્તિનું-એ સામર્થ્યનું રૂપ છે.

જેમકે પ્રકાશશક્તિ લીધી. સ્વસંવેદનમયી પ્રકાશશક્તિ એમ લીધું. સ્વસંવેદનના પરિણમનની અપેક્ષા લીધી કે જો પ્રકાશશક્તિ વ્યક્ત થાય તો એમાં સ્વસંવેદન હોય. તો પ્રકાશશક્તિ છે એની વ્યાખ્યા, એની સમજણ જ એ રીતે આપી, શૈલી જ એવી કરી કે જેથી શક્તિને વ્યક્તપણે ભાવી શકે. જો શક્તિને વ્યક્તપણે ભાવવામાં આવે તો શક્તિ વ્યક્ત થાય છે. આ શક્તિની વ્યક્ત કરવાની વિધિ છે અને આમ હોવાને

લીધે એને બીજા સાધનની કોઈ જરૂર રહેતી નથી. આ વિષયની ગંભીરતા છે.

મુમુક્ષુ :– આવી શકિત છે એનો વિશ્વાસ લાવવો...

પૂજ્ય ભાઈશ્રી :– વિશ્વાસ લાવવો અથવા એવો હું છું એમ લેવું. હુંપણાથી-પોતાપણાથી એની સત્તા-નિજસત્તાનું ગ્રહણ (થવું). નિજસત્તાનું અવલંબન, નિજસત્તાનો આધાર. હું... હું... હું... કરીને ભાવવાની વાત છે. બધે મોઢાઆગળ હું.. હું.. કરે છે કે નહિ ? એમ અહીંયાં હુંપણું (કરવું). એ પણ શૈલી કરી છે. હું... હું.. પરિણામથી સ્વપદની સાધના થાય છે-આરાધના થાય છે. હું છું... હું છું...

એટલે અહીંયાં (કહ્યું), બીજા સાધનોની રાહ ન જોવી પડે એમ કહેવા પાછળ વસ્તુનું સ્વરૂપ પ્રસિદ્ધ કરવું છે કે આવો જ વસ્તુનો સ્વભાવ છે-દ્રવ્યનો આવો જ સ્વભાવ છે. અને એવો દ્રવ્યનો સ્વભાવ, તું જો. થવાનો, દ્રવ્યસ્વરૂપે જ વ્યક્ત થવાના એના સ્વભાવને જો. તારું પરિણમન દ્રવ્યસ્વરૂપે ચાલુ થઈ જશે. અને એમ થશે તો ક્યા સાધનની તારે રાહ જોવાની ? ક્યુ સાધન મેળવવાનું રહ્યું ? કે કોઈ સાધન જુટાવવાનો, શોધવાનો, મેળવવાનો કોઈ પ્રકાર કોઈ આમાં જરૂર રહેતી નથી. કોઈ આવશ્યક્તા નથી.

એટલે જીવને પરાધીનપણે પુરુષાર્થ કરવાનો અભિપ્રાય અહીંયાં ખલાસ કરે છે કે મને મારું કાર્ય કરવામાં કોઈની પરાધીનતા નથી. સ્વાધીનપણે હું મારું કાર્ય કોઈપણ ક્ષણે કરી શકું છું. તો એને નિજ કાર્યનો ઉત્સાહ આવે. નિજકાર્ય કરવામાં ઉમંગ આવે અને ઉલ્લાસિત વીર્યવાન તત્ત્વ પામવાનો અધિકારી છે. 'શ્રીમદ્જી' એ પાત્રતાના લક્ષણમાં એ વાત લીધી છે કે ઉલ્લાસિત વીર્યવાન જીવ તત્ત્વ પામવાનો અધિકારી છે. એ આમાંથી નીકળે. આ બધી ગંભીરતા પડી છે એક વચનમાં.

જો એને અન્ય સાધનની, સાધનાંતરની અપેક્ષા નથી એમ પોતાનું સ્વરૂપ સમજાય તો એનો ઉલ્લાસ ઉત્પન્ન થાય કે અરે...! ગમે તે ક્ષણે હું મારું કામ કરી શકું છું. શરીરમાં વ્યાધિ હોય ત્યારે, પીડા થતી હોય ત્યારે કે કોઈપણ ક્ષણે. પહેલા વ્યાધિ મટે તો પછી કાંઈક ઉપયોગ નવરો થાય ને ! નહિતર ઉપયોગ ત્યાં ચોંટેલો રહે છે. ઉપયોગ ચોંટેલો રહે છે એ તો એમાં અહંપણું કર્યું છે, દેહમાં અહંપણું કર્યું છે તેથી રહે છે. દેહાત્મબુદ્ધિ હોવાને લીધે શરીરમાં હું પણાને લીધે ઉપયોગ રહે છે. આત્મામાં હુંપણું કર તો એ વ્યાધિ એટલી ને એટલી હોય, અરે...! એથી વધતી

હોય તોપણ ઉપયોગ ફરી શકે છે. ઉપયોગને બંધન નથી. (જીવ) પહેલેથી આડ મારે છે, આપણું કામ નહિ. આપણે એવું ન કરી શકીએ. કોઈ કરી શકતા હોય મહાત્માઓ, યોગીઓ બીજાની વાત જુદી છે, આપણે ન કરી શકીએ. આપણે સાધારણ છીએ.

એક નહોતા આવતા ? એ એમ કહેતા, તમે વેપાર કરતા કરતા આ બધું કરો છો, અમે ન કરી (શકીએ). અમે તો નિવૃત્તિ લઈએ તો કાંઈક કરીએ. બાકી નિવૃત્તિ વગર આ બધું વાંચવું, વિચારવું અમે ન કરી શકીએ. વેપાર-ધંધો કરવો અને આ કરવું બે કરી નથી શકાતું. અમારું કામ નહિ એમ લાગ્યા કરે છે. પોતાને પહેલેથી જ આડ મારી દે. એમ નથી કરવાનું.

તારી શક્તિ, જે વ્યક્તિ શક્તિની જે હદ છે એ હદબહાર જો પગલું ભરવા જઈશ તો પાછો પડીશ. વિવેક કરવો પડે છે. જેટલી શક્તિ વ્યક્ત છે એમાં કોઈપણ ક્ષણે તારા કાર્યનો પ્રારંભ કરવા માટે તું સ્વતંત્ર છો અને તું કરી શકે છો. ન કરી શકે એ પ્રશ્ન નથી. એ વાત સ્વાનુભવથી જ્ઞાનીઓએ પ્રસિદ્ધ કરેલી છે. કોઈ સાધનની અપેક્ષા વગર તું તારું કાર્ય બરાબર કરી શકે છો. અને એ તારું સ્વરૂપ છે.

મુમુક્ષુ :– આ વાત બીજે ક્યાંય નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ના. અન્ય દર્શનમાં તો દ્રવ્ય-ગુણ-પર્યાય જ ક્યાં છે ? સૌથી વધારે તત્ત્વજ્ઞાન અને Philosophy નો વિસ્તાર વેદાંતમાં છે. વિદ્યમાન જેટલા સંપ્રદાય અને ધર્મ છે એ તમામ સંપ્રદાયમાં વિસ્તારવાળું કોઈ તત્ત્વજ્ઞાનનું ક્ષેત્ર હોય તો એ વેદાંતમાં છે. (બાકી) બધા એનાથી હેઠ છે. એમાં પણ દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયથી વસ્તુના સ્વરૂપની વ્યવસ્થિત વાત એક જગ્યાએ નથી. ક્યાંય નથી. ગુણની વાત કરે તો સત્વ, રજસ અને તમસ. એ તો પર્યાય છે, એ કંઈ ગુણ નથી. તમોગુણ એટલે એકદમ કષાયવાળો. રજોગુણમાં કર્તૃત્વ લીધું. આ કરું, તે કરું એમ. સત્વગુણની શાંતિ, ઉપશમપણું, કષાયનું મંદપણું થાય એ બધી વાત લીધી.

આત્મદ્રવ્ય એટલે વસ્તુ, એની શક્તિઓ અને એની પર્યાયો અને એ વિજ્ઞાન ક્યાંય નથી. એટલે તો 'શ્રીમદ્જી'એ ૨૦માં વર્ષમાં ૧૯-૨૦માં વર્ષમાં 'મનસુખરામ સૂરીરામ ત્રિપાઠી' વેદાંતના પ્રખર વિદ્વાન હતા એણે પ્રશ્ન કર્યો છે કે કોઈપણ પદાર્થનું પ્રજ્ઞાપ્નિયતા તેના દ્રવ્ય-ક્ષેત્ર-કાળભાવથી થઈ શકે છે. તો આત્મા પણ એક હયાતી ધરાવતું તત્ત્વ છે એટલે પદાર્થ છે. એમ એના દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી તે વિષયની

અંદરના નિરૂપણની તમારા તરફથી અપેક્ષા રાખું છું. શું કહે ? જવાબ ખાઈ જાય. એના શાસ્ત્રમાં નથી, એ વિષયથી એ તદ્દન અજાણ્યા છે. આબરૂ બહુ ઊંચી. પ્રખર વેદાંતી. પહેલે જ તબક્કે ઠપ થઈ ગયા. દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્માની વાત ક્યાંથી લાવવી ? એ કોઈ વાત ત્યાં છે જ નહિ. ક્ષેત્રની વાત એટલી આવે છે કે પરમબ્રહ્મ છે અને સર્વવ્યાપક છે.

મુમુક્ષુ :– જેટલી વ્યક્તતા છે એટલું જ વેદાંતમાં છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમ છે કે બુદ્ધિની પહોંચ સુધીની વાત છે. ઇન્દ્રિયો મારફત તો કહે, અનિત્ય છે. માણસ મરી જાય છે. જન્મે છે. શાશ્વતપણું નથી તો અનિત્યતાને લઈને વૈરાગ્યની વાત કરે છે. એ બધી જ્યાં બુદ્ધિ પહોંચી છે, જે વિષય બુદ્ધિગોચર થાય છે ત્યાં સુધીની બધી વાત છે. દ્રવ્ય-ગુણ-પર્યાય આમ તો બુદ્ધિગોચર થવાનો વિષય છે પણ એ તો કેવળજ્ઞાન અનુસાર નિરૂપણ છે એટલે. એ વગર કોઈની તાકાત નથી. દ્રવ્ય, ગુણ, પર્યાયમાં અનુભવ વગર કોઈ એમ કહે કે સમજે છે તો એને એક પ્રશ્નમાં ઊભા રહી જવું પડે એવું છે કે વસ્તુ ત્રિકાળ ધ્રુવ છે એ અપરિણમનશીલ છે અને વસ્તુ પર્યાયથી પરિણમનશીલ છે. તો ધ્રુવમાંથી ઉત્પાદ કેવી રીતે ? થઈ રહ્યું ! કેમકે એ વિષય છે એ બુદ્ધિનો વિષય નથી. એ અનુભવમાં જાય ત્યારે ધ્રુવના આધારે અવલંબન લે ત્યારે એને અનુભવ થાય કે આ ધ્રુવ, પર્યાય છે એના બે કટકા નથી, પદાર્થ એક છે. ધ્રુવ ધ્રુવ છે. પરિણામ પરિણમનશીલ છે છતાં બે કટકા નથી. વસ્તુ એક છે. અને વસ્તુ પરિણમી રહી છે. જેમ વૃક્ષ છે એ એની ડાળા, પાંદડા, ફળ-ફૂલમાં પાંગરેલી ચીજ છે એમ પદાર્થ એના ગુણ-પર્યાયમાં પાંગરેલી ચીજ છે.

પૂજ્ય બહેનશ્રીનાં વચનામૃતમાં એ વિષય સારી રીતે આવે છે. એ વસ્તુ બુદ્ધિથી લેવા જાય તો કહી શકે એવું નથી. એટલે દ્રવ્ય–ગુણ–પર્યાયનું વિજ્ઞાન ત્યાં નથી. કેમકે સિદ્ધાંત શાસ્ત્રનો નિયમ એવો છે કે તમે જે સિદ્ધાંતનું નિરૂપણ કરો એની પાછળનું Logic આપવું પડે. એ કેવી રીતે Logic આપે ? એને બુદ્ધિમાં જ ગ્રહણ ન થાય ત્યાં એનું Logic ક્યાંથી આપે પાછું ? જે સિદ્ધાંત સિદ્ધાંતરૂપે અફર છે એ વાતને ટેકો આપવા માટે એનું supporting Logic તો જોઈએ ને. એ ક્યાંથી કાઢે ? બુદ્ધિમાં જ ન આવે તો. એટલે એ વાત ક્યાંય નથી. દ્રવ્ય-ગુણ-પર્યાયનો વિષય જૈનદર્શન સિવાય ક્યાંય નથી.

મુમુક્ષુ :- આ તો 'ગુરુદેવ'શ્રી કહે છે એટલે નહિતર દ્રવ્ય-ગુણ-પર્યાય

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ. એ વિષય જે બંધ થઈ ગયો હતો. લોપાઈ ગયું હતું બધું. હજી સંપ્રદાયમાં ક્યાં પૂજા-ભક્તિ સિવાય યાત્રા, દયા-દાન સિવાય બીજું શું ચાલે છે ? દ્રવ્ય-ગુણ-પર્યાયનો એ વિષય ચાલતો નથી.

મુમુક્ષુ :- દ્રવ્ય-ગુણ-પર્યાય એમાં હોય તો ઈશ્વર કર્તૃત્વ બંધ થઈ જાય...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઈશ્વર કર્તૃત્વ ખલાસ થાય છે. પણ એમાં શું છે કે ભિન્ન ભિન્ન અભિપ્રાય છે. એક મત એવો છે કે જે ઈશ્વર કર્તૃત્વમાં નથી પાછો. એવો એક મત છે. સાંખ્ય તમે લ્યો તો સાંખ્યની કેટલીક વાતો એવી છે કે જે જૈનદર્શનને કેટલીક વાતોનો મેળ ખાય છે. જેમકે એ વસ્તુને કૂટસ્થ કહે છે, અપરિણામી કહે છે. અને જગતકર્તા ઈશ્વરમાં ઈશ્વરની વાત સાંખ્યમાં ક્યાંય નથી આવતી. એમાં શું છે કે વેદાંત છે એ ભિન્ન ભિન્ન અભિપ્રાયથી વહેંચાયેલો એક સંપ્રદાય છે અને એમાં પરસ્પર અભિપ્રાયમાં કોને ક્યાં વિરુદ્ધતા છે અને એનો કોઈ તોડ કાઢનાર છે જ નહિ. એમાં કોઈની ચાંચ ડૂબે એમ નથી એટલે એ માથાકૂટમાં કોઈ ઉતરતું નથી. જેને જે વાત રૂચે એ ચાલ્યો જાય છે એ બાજુ. બસ, બીજું કાંઈ નથી. કાળક્રમે શું છે કે અનેક ઋષિઓ, મુનિઓ થયા એનામાં પણ. વિશેષ ક્ષયોપશમવાળા થયા. શંકરાચાર્ય આદ્ય શંકરાચાર્ય એ બધાં બહુ ક્ષયોપશમવાળા હતા. જેને જે ઠીક લાગ્યું એ નિરૂપણ કર્યું. એથી વધારે બુદ્ધિવાળા હોય તો બેની તુલના કરીને એમ કહે ને કે આમાં આ તોડફોડ થાય છે સામેસામી. એનું શું ? આ વાત આની તોડે છે, આ આની તોડે છે. એ તો કોઈને એટલી દરકાર નથી, એટલો અભ્યાસ નથી, એ જાતની તુલનાત્મક પદ્ધતિથી વિચારસરણી નથી. એ કાંઈ ત્યાં વાત નથી.

મુમુક્ષુ :- બુદ્ધિમાં અને ક્ષયોપશમમાં જેને વિકાસ વધુ હોય તે છેતરાય જાય અને જ્ઞાનીની વાત જ જુદી છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. બુદ્ધિગોચર વાત કરે છે. ખરી વાત છે, એમ જ છે. પણ એવા બધાં ક્ષયોપશમવાળા થયા. કે જે જૈનાચાર્યો સાથે.. જૈન વિદ્વાનો સાથે શાસ્ત્રાર્થનો મોટો સ્ટેજ આખો સમાજની વચ્ચે એની પરીક્ષાઓ થતી હતી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે તો બધા ટાઢા પડી ગયા છે. કાશીની અંદર બહુ

મોટા વિદ્વાન હતા.

મુમુક્ષુ :– એમાં પ્રયોજનભૂત.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો યુક્તિ–પ્રયુક્તિ કરે છે એ લોકો. ઈશ્વરને અર્પણ કરી દે તો અભિમાન ન થાય. જે કાંઈ સારું નરસું છે તે ઈશ્વર અર્પણ કરો, કૃષ્ણાર્પણ કરો. યુક્તિ–પ્રયુક્તિ તો ઘણી ગોઠવે છે. એનાથી માન નહીં ચડે કાંઈ, માનનો બોજો મટાડવો હોય તો 'મેં કર્યું છે' એ ભૂલી જાવ. તારું-મારું (કરીએ તો) રાગ-દ્વેષ થાય. તો કહે, સર્વવ્યાપકપણું લઈ લ્યો. બધું એક જ દ્રવ્ય છે, એક જ પદાર્થ છે, એક પરમબ્રહ્મમાં બધું જ આવી જાય છે. કોણ મારું અને કોણ તારું ? ભૂલી જાવ મારું-તારું તો રાગ-દ્વેષ મટી જશે એમ યુક્તિ ગોઠવે.

મુમુક્ષુ :– પેલામાં તો મોટામાં મોટી ભૂલ થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ વિષય, બીજી સાઈડની કોઈ ચર્ચા, કોઈ વિચારણા એવું કાંઈ નથી. જૈનદર્શન એક એવું દર્શન છે કે જે જગતના તમામ અભિપ્રાયની મીમાંસા કરે છે-ઊંડી વિચારણા કરે છે. જગતના જેટલા અન્યધર્મના સિદ્ધાંતો છે, પાયાના સિદ્ધાંતો એની ચર્ચા-વિચારણા અને ઊંડી મીમાંસા જૈનદર્શનના આગમોની અંદર છે, જૈનાગમોની અંદર છે. જ્યારે એવું એકેય દર્શન નથી કે જેણે જૈનસિદ્ધાંતોની મીમાંસા કરી હોય. કેમકે એની બુદ્ધિ પહોંચે તો કરે ને ! કોઈ નથી કરી શક્યું એ વિશેષતા છે.

મુમુક્ષુ :– અહીંયાં આ વેદાંતમાં જે ઈશ્વરને આધિન કહી દીધું. એમાં ઈશ્વરની ઉપાધિ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– પરના આધારથી રાગ ઉત્પન્ન થાય છે એ વિજ્ઞાન ત્યાં નથી. ઈશ્વરમાં લીન થઈ જાવ અને તન્મય થઈ જાવ એટલે તમને ઈશ્વરનો સાક્ષાત્કાર થઈ જાય. બસ ! તમારો મોક્ષ થઈ ગયો જાવ. થઈ જશે તમારો મોક્ષ. એ જાતનું ત્યાં નિરૂપણ ચાલે છે. કોઈ પરપદાર્થમાં લીન થઈ શકે ?

મુમુક્ષુ :– આધાર વગર શેમાં લીન થાય ?

પૂજ્ય ભાઈશ્રી :– ભાવમાં શું છે કે એક ભ્રમ ઉત્પન્ન થાય છે. જેમ માણસ ગળ્યું ખાય છે ત્યારે ગળપણમાં લીન થાય કે નહિ ? એમ. એટલે પોતે એક થઈ ગયો હોવાનું માને છે, થઈ શકતો નથી. એને એમ થાય છે કે ગળ્યો રસ મારામાં

ઊતરી ગયો. દેહની પીડા થઈ તો જાણે હું દેહમય થઈ ગયો. એ પરમાં લીનપણું આવે છે ને ?

મુમુક્ષુ :- ક્યાંથી આવ્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- એ એમ જ કહે છે કે જો તમારું મન પરમાત્મામાં એક સેકન્ડમાં ઓછા ભાગમાં એટલે એ લોકો એનું એક પરિમાણ આપે કે ગાયના શીંગડા ઉપર રાયનો દાણો સ્થિર રહે એટલી વાર. ગાયનું શીંગડું ફ્લેટ હોય નહિ. ગોળાઈમાં હોય. રાયનો દાણો સાવ ગોળ હોય. ગોળ ગોળ. ગોળ ઉપર ગોળ કેવી રીતે રહે ? છતાં જો જેટલી વાર રહે એટલી વાર પણ જો તમારું મન પરમાત્મામાં સ્થિર રહે તો તમારો મોક્ષ થઈ જાય, જાવ. આવી બધી વાતો આવે છે.

બુદ્ધિ ખૂબ લડાવી છે. એ લોકોએ બુદ્ધિ ખૂબ લડાવી છે. જેને અસાધારણ બુદ્ધિવાન કહીએ એવા માણસો એમાં થયેલા છે, ઉઘાડવાળા. બાહ્ય ઉઘાડ છે. છતાં પણ જૈનદર્શનની તોલે કોઈ આવે એવું નથી. 'શ્રીમદ્ રાજચંદ્રજી'એ એ વિષય ઉપર બહુ સારી વાત કરી. કેમકે એમનો ઉઘાડ ઘણો હતો. અન્ય દર્શનોના શાસ્ત્રોનું અધ્યયન પણ એમણે કરેલું, અવલોકન કરેલું. અને એના ઉપરથી એમણે એમ કહ્યું કે જેમ એક મ્યાનમાં બે તલવાર ન સમાય એમ આ વિશ્વમાં બે જૈન નથી. જૈનની તોલે કોઈ નથી. જૈનદર્શન એ કોઈ અદ્વિતીય દર્શન છે. આ વાત હું કોઈ પક્ષપાતથી કરતો નથી. પણ સૌથી વધારે જેમાં તત્ત્વજ્ઞાનનું નિરૂપણ છે તેનાથી અનંતગણું નિરૂપણ જૈનશાસનમાં જૈનાગમને વિષે છે. બહુ શરૂઆતમાં આ બધી વાતો કરી છે. મોક્ષમાળાને એ બધું લખતા લખતા એ વાતો સ્પષ્ટ કરી છે.

મુમુક્ષુ :- સૌ પહેલા વેદાંતમાં જ હતા ને ?

પૂજ્ય ભાઈશ્રી :- એટલે બધું એમની નજર નીચેથી નીકળી ગયું છે. એમનેમ વાંચ્યા વગર કોઈને કહી દે છે એમ નથી. બહુ શરૂઆતમાં એ વાંચ્યું ત્યારે (મને) નકાર આવ્યો હતો કે આ વેદાંતની વાત કરે છે ? (કે વેદાંતથી) અનંતગણું નિરૂપણ છે. વેદાંતમાં તો અગાધ જ્ઞાન ભર્યું છે. એ તો ઓઘસંજ્ઞાએ સંપ્રદાયમાં માન્યતા હોય છે. એવી માન્યતા હતી. વેદાંત માટે આમ લખે છે ?

મુમુક્ષુ :- એમાં યોગવસિષ્ઠ આવે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- યોગવસિષ્ઠ એક તત્ત્વજ્ઞાનનો, વૈરાગ્યનો ગ્રંથ છે. મુખ્યપણે

વૈરાગ્યનો ગ્રંથ છે. વૈરાગ્યનો વિષય અનેકવિધ રીતે દૃષ્ટાંતો વગેરે મેં નથી વાંચેલો. પણ વૈરાગ્યવિશેષ....

મુમુક્ષુ :-

પૂજ્ય ભાઈશ્રી :- 'દેવકરણજી'એ લખેલો છે. એમાં શું છે કે ક્રિયામાં સારી રીતે જોડાયેલા હતા, વૈરાગી હતા. એમને પોતાને ક્ષયોપશમ હતો. વ્યાખ્યાતા હતા. સંપ્રદાયમાં વ્યાખ્યાન કરતા હતા. અને થોડું અહંપણું થઈ ગયેલું. વૈરાગ્ય અને ક્ષયોપશમનું અહંપણું થઈ ગયું હતું. એટલે એને એમ કહ્યું કે યોગવસિષ્ઠ વાંચજો. એમ કહીને એમને એમ કહેવું હતું કે તમારો વૈરાગ્ય અને તમારો ક્ષયોપશમ તો અન્યમતિથી હેઠ છે. હવે ! પાણી ઊતરી જાય. એમને વેદાંતી બનાવવા માટે નહોતું કહ્યું. પોતે એક પત્રમાં ખુલાસો કર્યો છે. યોગવસિષ્ઠનું વાંચન તો આટલા માટે કરવાનું કીધું હતું. વેદાંતમાં લઈ જવા માટે નહોતું કહ્યું. એટલે તમારે એમ સમજવું કે અમે જ્યારે વેદાંતનું વાંચન કરવાનું કહીએ ત્યારે વેદાંતી બનાવવા કરતા નથી. એની પાછળ જે હેતુ હોય છે એ તો છુપાયેલો હોય છે. એ એમને જ ખબર હોય છે. એમ ને એમ બીજા એનું અર્થઘટન કરે છે, જુઓ ! આ યોગવસિષ્ઠ વાંચવાની ભલામણ કરી માટે એ પણ સત્‌શાસ્ત્ર ગણવું જોઈએ. એમ નથી. વાત.

**ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે. વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે; તે સત્‌-માર્ગને સુગમ કરે છે. ૨૫૨.**

૨૫૨. **'ભેદજ્ઞાનના લક્ષે વિકલ્પાત્મક ભૂમિકામાં આગમનું ચિંતવન મુખ્ય રાખજે.'** ભેદજ્ઞાનના લક્ષે. સવિકલ્પ દશા તારી ચાલતી હોય ત્યારે ભેદજ્ઞાનના લક્ષે તું આગમનું અવગાહન, ચિંતવન રાખજે. ક્યા પ્રકારે શાસ્ત્ર વાંચવું એનું આ માર્ગદર્શન છે. આગમનું ચિંતવન, આગમનું અધ્યયન કઈ રીતે કરવું ? કઈ વિધિએ કરવું ? એનો યથાર્થ પ્રકાર શું છે ? એ વાત છે. ભેદજ્ઞાનના લક્ષે કરજે.

પણ ભેદજ્ઞાન કેવી રીતે કરવું ? ભેદજ્ઞાન કરવું છે. ભેદજ્ઞાન કરવા માટે આ શાસ્ત્ર વાંચવું છે. ભિન્ન આત્માનું જ્ઞાન, જ્ઞાનમય એવો જે ભિન્ન આત્મા રાગાદિથી

એનું જ્ઞાન કરવા માટે, એનું જુદું જ્ઞાન કરવા માટે, એનું ભિન્નજ્ઞાન કરવા માટે શાસ્ત્રનું અધ્યયન કરવું છે. ચિંતવન કરવું છે, વાંચન કરવું છે, શ્રવણ કરવું છે, બધું આવી જાય છે. ચિંતવનની અંદર સ્વાધ્યાયના જેટલા પડખા છે, વાંચના, પૃચ્છના, શ્રુત એટલે સાંભળવું, ચિંતવન, મનન, ઘોલન બધું એમાં આવી ગયું. એ ભેદજ્ઞાનના લક્ષે રાખજે.

આ પ્રકારે થયેલું વિશેષ શાસ્ત્રજ્ઞાન. **'વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે; તે સત્-માર્ગને સુગમ કરે છે.'** અહીંયાં કોઈ-કોઈ અર્થ કરવામાં ભૂલ કરે છે. જે જીવો શાસ્ત્રમાં અટક્યા છે અને જે જીવો શાસ્ત્રનું ઘણું વાંચન કરવા પાછળ પડી ગયા છે એ આવી વાતનો આધાર લઈ લે છે કે જુઓ ! 'પૂજ્ય બહેનશ્રી' એમ કહે છે કે વિશેષ શાસ્ત્રજ્ઞાન માર્ગની ચૌદિશા સૂઝવાનું કારણ બને છે. એટલે અમે વિશેષ શાસ્ત્રજ્ઞાન પ્રાપ્ત થાય માટે ઘણા શાસ્ત્રો વાંચીએ છીએ. વિશેષ એટલે ઘણું. સામાન્ય એટલે ઓછું. એટલે તો કહે છે, અહીંયાં એક પૂર્વશરત છે. કઈ ? કે ભેદજ્ઞાનના લક્ષે જો આગમનું અધ્યયન હોય તો એ પ્રકારે તું વિશેષ શાસ્ત્રજ્ઞાન કરીશ તો તને માર્ગની ચારે દિશા સૂઝવાનું કારણ થશે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– નહિતર તારું શાસ્ત્રજ્ઞાન એ માત્ર કોરી ધારણાનો વિષય થઈ જશે. અને તારો અંતર્મુખ થવાનો જે પુરુષાર્થ છે, ભેદજ્ઞાનનો જે પુરુષાર્થ છે એ એક બાજુ રહી જશે. એ બાજુનો દરવાજો કદાચ બંધ થઈ જશે. પણ પછી અંદર જવાતું નથી એટલે બહારને બહાર શાસ્ત્ર વાંચ્યા કરે. કારણ કે તત્ત્વજ્ઞાન સિવાય તો બીજું કોઈ નિમિત્ત નથી. એમ સમજે.

મુમુક્ષુની ભૂમિકામાં જે અટકવાના પ્રકારો છે એનું એક મુખ્ય કારણ એવું છે કે જ્યારે જીવ અંતર્મુખ ન થઈ શકે એવી સ્થિતિના પરિણમનમાં હોય અને એમ લાગ્યા કરે કે હવે અંદરમાં જવાતું નથી અને એ બાજુનું જાણ્યે–અજાણ્યે માંડી વાળે. ત્યારે એ બાહ્ય પ્રવૃત્તિની અંદર અગ્રેસર થાય છે. પછી કોઈ તત્ત્વના પ્રચાર-પ્રસારના બહાને તત્ત્વજ્ઞાનના વિષયની અંદર અગ્રેસર થાય છે તો કોઈ પોતે બહારના ક્ષેત્રમાં ન જાય તો ઘણા શાસ્ત્રો વાંચવાં (એમ થઈ જાય છે). ખૂબ શાસ્ત્રો વાંચવા. કોઈ લેખક થઈ જાય, કોઈ વક્તા થઈ જાય, કોઈ લેખક અને વક્તા ન થાય તો માત્ર શાસ્ત્રો વાંચવા. એમ બહારને બહાર અટકેલા રહે છે. એવું જે બહાર અટકવાનું થઈ

ગયું, એ એણે એને સાધન માની લીધું કે આમ કરતા કરતા ક્યારેક મને લાભ થઈ જશે. આ બહુ મોટી ગડબડી છે, ઘણી મોટી ગડબડ છે. એમાંથી ગુણ પ્રગટવાને બદલે અવગુણ પ્રગટવાનું શરૂ થઈ જાય છે. કેમકે અટક્યોને ! એટલે. એમ સૂક્ષ્મપણે અટકે ત્યારે પોતાને ખબર ન હોય. સ્થૂળપણે અટકે ત્યારે પોતાને કે બીજાને પણ ખ્યાલ આવે. એમ ન થાય એના ઉપર આ બહુ સુંદર વાત છે.

જે તત્ત્વજ્ઞાનની પ્રવૃત્તિ કરવી છે એણે ભેદજ્ઞાનના લક્ષે કરવી જોઈએ. જો એમ કરવામાં ન આવે તો માર્ગ નહિ સૂઝે. અને એમ કરવામાં આવશે તો માર્ગની ચારેય પડખેથી દિશા(સૂઝ) આવશે. દિશાસૂઝ આવશે. દિગ્દર્શન મળશે, માર્ગદર્શન મળશે તને અંદરથી અને અંદરથી અને આગમમાંથી અને આગમમાંથી. ખરેખર તો એને ભેદજ્ઞાનનું લક્ષ છે એટલે આગમમાંથી મળે છે. કેમકે આગમ લખનારે ભેદજ્ઞાનને લક્ષે આગમ લખ્યા છે. એ મુદ્દો તો ચૂકાઈ ગયો. એ મુદ્દો છૂટી ગયો. એ મુદ્દો છૂટી ગયો એટલે તું કલ્પનાએ ચડી જઈશ. મિથ્યાત્વ દઢ થશે, તને ખબર પડશે નહિ. અને એટલે જ અવગુણ પ્રગટવાનું કારણ થાય છે.

મુમુક્ષુ :- જ્યારે આ વિષયમાં જ્યારે આવ્યો ત્યારે પ્રાથમિક લક્ષને તો પૂરેપુરો સજાગ જઈને ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. પણ લક્ષને જો સજાગ ન રાખે તો કરવું છે શું ? શેના માટે ? ક્યા લક્ષે કરવું છે ? આ તો સવાલ છે. કાં તો યાંત્રિક ઢબથી એ કર્યા કરે, રૂઢિગતપણે. જેમ કોઈ રોજ પૂજા કરે, રોજ ભક્તિ કરે, રોજ મનન કરે, એમ શાસ્ત્રસ્વાધ્યાય કરી લ્યે એક કલાક. એ પદ્ધતિ નથી. જેટલું થોડું કે વધારે, ઓછું કે વધારે, જેટલું કરવું છે એ લક્ષ સહિત કરવું છે. લક્ષ વિનાનું બાણ જેમ વ્યર્થ જાય છે એમ લક્ષ વિનાની પ્રવૃત્તિ નિરર્થક જશે અથવા અવગુણની ઉત્પાદક થશે.

મુમુક્ષુ :- અહીંયાં આવીયે એટલે લક્ષ...

પૂજ્ય ભાઈશ્રી :- અંદરમાં લક્ષની વાત છે, ભેદજ્ઞાનના લક્ષની વાત છે. બહુ ઊંડી ઊંડી વાતો, ઊંચી ઊંચી વાતો કરેલી છે.

મુમુક્ષુ :- વિકલ્પમાં ચોવીસ કલાક...

પૂજ્ય ભાઈશ્રી :- એમ કહેવું છે કેટલાક એમ કહે છે કે દલીલનો વિષય છે કે અમારી તો કોઈ નિર્વિકલ્પ દશા છે નહીં ને અમે તો વિકલ્પમાં પડ્યા છે. તો

અહીં તો કહે છે કે તું અજ્ઞાની હો કે જ્ઞાની હો, તારી સવિકલ્પ દશા છે અમનેય ખબર છે. એ સવિકલ્પ ભૂમિકામાં ભેદજ્ઞાનના લક્ષે આગમનું ચિંતવન મુખ્ય રાખજે. એટલે મુખ્ય પ્રવૃત્તિ આ કરજે તું. બાહ્ય સાધનોમાં બીજા પ્રશસ્ત રાગની પ્રવૃત્તિ અનેક છે પણ મુખ્ય પ્રવૃત્તિ આ આગમની કરવા જેવી છે. પણ મુખ્ય પ્રવૃત્તિ આગમની કરવા જેવી છે એમ કહેતા કોઈ આગમમાં અટકે એને અહીંયાં એક અસાધારણ માર્ગદર્શન આપ્યું છે કે ભેદજ્ઞાનના લક્ષે તું એ આગમનું ચિંતવન રાખજે. જો ભેદજ્ઞાનના લક્ષે આગમનું ચિંતવન ન રાખ્યું તો તું ભૂલો પડી જઈશ. આગમમાં જ ભૂલો પડી જઈશ. વિકલ્પવૃદ્ધિનું કારણ થશે. ક્યાંક તને સમાધાન નહિ થાય તો સંદેહનું કારણ થશે. સંદેહ ઉત્પન્ન થશે તો તને અવિશ્વાસની ઉત્પત્તિ થઈ જશે, શંકાની ઉત્પત્તિ થઈ જશે. કાં તો તારો ઉઘાડ વધશે તો તને એમ થઈ જશે કે મને જ્ઞાન ઘણું થયું છે, હું ઘણો જ્ઞાની છું. આમ કાંઈકને કાંઈ ગડબડ આવ્યા વિના રહેશે નહિ. કાં તો બહુ વાંચે અને એને બહુ વિચારો આવ્યા કરે તો વિકલ્પ વધી જાય. પણ થવાનું છે નિર્વિકલ્પ. વિકલ્પ વધવાનો ધંધો કર્યો, વેપાર કર્યો. એ માર્ગ નથી. વિકલ્પ ક્રમશઃ શાંત થાય એ આ માર્ગ છે એના બદલે વિકલ્પ વધી ગયા એમાં કાં તારું ધ્યાન જાતું નથી ? કે આ ક્યાં ઊલટી ગાડી ચાલી ? એમ પણ થવું જોઈએ નહિ.

બીજી એક ગંભીર વાત આની અંદર એ છે કે આ રીતે ભેદજ્ઞાનના લક્ષે વિશેષ શાસ્ત્રજ્ઞાન જેણે કર્યું હોય,... આગમ-અધ્યાત્મના સિદ્ધાંતો અને એ સિદ્ધાંતોનો પ્રયોગાત્મક વિચાર, વિકલ્પદશામાં પ્રયોગાત્મક વિચાર. તો માર્ગમાં આવવું એના ચારેય પડખા એટલા ચોખ્ખા અને સુદઢ થઈને એ માર્ગમાં આવે તો માર્ગમાં આવ્યા પછી ચ્યુત થવાનો પ્રશ્ન રહે નહિ. એ પણ અહીંયાં વિશેષ વાત છે. નહીંતર કોઈ માર્ગમાં આવી જાય છે. માર્ગથી ચ્યુત થઈ જાય છે એવું પણ બને છે. એનું કારણ એ છે કે આગમ અધ્યાત્મના વિષયમાં જે ચારે પડખેથી વિષય સ્પષ્ટ થઈ અને દઢ થઈને જે રીતે આવવું જોઈએ એ રીતે આવવાનું બન્યું નથી. એમ છે.

મુમુક્ષુ :- ભેદજ્ઞાનની સ્પષ્ટતા..

પૂજ્ય ભાઈશ્રી :- ભેદજ્ઞાનની સ્પષ્ટતા એ છે કે પોતે જ્ઞાયક આત્મા જ્ઞાનમયપણાને લીધે રાગથી અને સર્વ પ્રકારના જડ પદાર્થોથી ભિન્ન છે. એવું જે પોતાનું જ્ઞાન, બીજાથી રાગથી અને પરથી જુદાંપણાનું જે પોતાનું અને પોતાનું

અનન્યપણાનું જ્ઞાન, અભિન્નપણાનું જ્ઞાન (થવું) એને ભેદજ્ઞાન કહે છે.

મુમુક્ષુ :- એટલે ભેદજ્ઞાનના લક્ષે આ શાસ્ત્ર સ્વાધ્યાય કરવો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા. શાસ્ત્ર વાંચવા તો આ ભિન્ન પડવાના લક્ષે શાસ્ત્ર વાંચવા. જેમકે માલ ખરીદ કરવો તો કમાણી થાય એવા લક્ષે માલ ખરીદ કરવો. માલ વેચવાની પ્રવૃત્તિ કરવી પડે, ખરીદેલો માલ દુકાનમાં રાખીને, તો કમાણી થાય એ લક્ષે, વધુમાં વધુ કમાણી થાય એ લક્ષે એને વેંચવો. પ્રવૃત્તિ બેય જુદી જુદી છે, ખરીદતી વખતે પૈસા દેવાના છે અને વેચાણ કરતી વખતે પૈસા લેવાના છે. એક વખતે માલ લેવાનો છે, બીજી વખતે માલ દેવાનો છે. વિરુદ્ધ પ્રવૃત્તિમાં લક્ષની પ્રવૃત્તિ અવિરુદ્ધ છે. વિરુદ્ધ પ્રવૃત્તિમાં લક્ષની પ્રવૃત્તિ અવિરુદ્ધ છે.

એમ (શાસ્ત્ર સ્વાધ્યાયમાં) વ્યવહારનયનો ઉપયોગ ચાલે, નિશ્ચયનયનો વિષય ચાલે, બધો વિષય ચાલશે. આગમની અંદર તો વ્યવહારનયનો વિષય આવશે, નિશ્ચયનયનો વિષય આવશે, અનેક નયથી વિષય ચાલશે. પણ એની અંદર બંને નયમાં વિષય વિરુદ્ધતા જરૂર છે પણ વાંચનારના લક્ષની અવિરુદ્ધતા છે. તો એ બરાબર વાંચે છે. નહિતર એને પક્ષ થશે. કાં તો નિશ્ચયના પક્ષે ચડી જશે. કાં તો વ્યવહારના પક્ષે ચડી જશે અને વસ્તુ હાથમાં આવશે નહિ. એ ગડબડ થાય જ છે. અજ્ઞાની જીવને વ્યવહારની રુચિ હોવાથી મોટા ભાગે જીવો વ્યવહારાભાસી હોય છે. કોઈ જીવને એ બુદ્ધિ પહોંચે છે, બુદ્ધિ પહોંચે છે હોં ! કે માલ તો નિશ્ચય સ્વરૂપમાં ભરેલો છે. અનંત ગુણનું ગોદામ તો નિશ્ચય આત્મા છે અને એનો આધાર લેવાનો છે અને એને વજન આપવાનું છે એમ ચોખ્ખી વાત આવે છે. માટે આપણે એના ઉપર જોર આપો. એ કૃત્રિમતાથી એના ઉપર જોર કરે છે. વસ્તુ અનંત ગુણમય ભાસે નહિ. દર્શનમોહને લીધે એ ભાસે નહિ. દર્શનમોહના વિકારથી પોતાનું સ્વરૂપ સૂઝતું નથી. પણ પેલી બુદ્ધિ પહોંચી છે કે આની પકડ કરવા જેવી છે, આનો આશ્રય લેવાનો છે, અહીંયાં વજન દેવાનું છે. તો એનો પક્ષ ખોટો કરે. એને વ્યવહારનયનો વિષય આવે ત્યારે એને આનો રાગ અને એનો દ્વેષ વર્તે. આના રાગમાં એનો દ્વેષ વર્તે.

મુમુક્ષુ :- નિશ્ચયાભાસી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ નિશ્ચયાભાસી થાય. એવું ચાર અનુયોગમાં થાય છે કે કોઈને કોઈ અનુયોગની અંદર જીવનો ક્ષયોપશમ કામ કરતો થાય એ અનુયોગનું

અધ્યયન વિશેષ કરે. એનો પક્ષ એને થઈ ગયો. પછી એને બીજા અનુયોગ પ્રત્યે દ્વેષ થઈ જાય છે અથવા અનાદર થઈ જાય છે. દર્શનમોહ મટવાનો એ ઉપાય નથી. એ દર્શનમોહ વધવાનો ઉપાય છે.

જેને યથાર્થ અધ્યાત્મ ઉત્પન્ન થયું છે. એને તો ચારે અનુયોગની અંદર રહેલું અધ્યાત્મ સમજાય છે, ખ્યાલમાં આવે છે અને ચારેય અનુયોગ એના યથાસ્થાને બરાબર છે એમ લાગે છે. એ યથાયોગ્ય સ્થાને એનું નિરૂપણ છે. એમાં ક્યાંય રાગ-દ્વેષ કરવાનો પ્રશ્ન રહેતો નથી.

મુમુક્ષુ :– ભાવનાની ખામી છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ભાવનાની તો મૂળમાં ખામી છે પણ યથાર્થતાની ખામી છે. ભાવનાપૂર્વક યથાર્થતા આવવી જોઈએ એ યથાર્થતા નથી આવી એટલે જો દ્રવ્યાનુયોગનો અભ્યાસ વધારે કરે છે તો કરણાનુયોગ ઉપર અને કથાનુયોગ ઉપર દ્વેષ કરે છે. હવે એ બધું નકામું, ન્યાં કાંઈ નથી, એમાં કાંઈ માલ નથી. દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરો. બસ ! દ્રવ્યાનુયોગનો અભ્યાસ કરો. વળી કોઈ કરણાનુયોગમાં ચડી જાય તો કહે પણ કરણાનુયોગના અભ્યાસ વિના તમે દ્રવ્યાનુયોગ વાંચો છો ઇ જ ખોટું છે. તમને ખબર જ નહિ પડે દ્રવ્યાનુયોગની (એમ) પક્ષ કરે. એવું નથી.

મુમુક્ષુ :– આમાં પણ આવે છે ....

પૂજ્ય ભાઈશ્રી :– હા. ભાવનાથી બધું સીધું થઈ જાય, યથાર્થતા આવી જાય છે.

મુમુક્ષુ :– મૂળ તો ભાવના જ...

પૂજ્ય ભાઈશ્રી :– ભાવના તો પાયાનો જ વિષય છે, એકદમ પાયાનો વિષય છે. કાંઈ સમજણ ન પડે તો તું ભાવનામાં તો રહેજે. એ તો બહુ મુદ્દાની વાત છે. તો તને બધું સવળું થઈને આવશે. બધું છોડીને આવશે. જેટલું આગળ વધવાનું થશે એ યથાર્થ પ્રકારે થશે.

મમુક્ષુ :– વચનામૃત-૧૦૭ જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ૧૦૭ વચનામૃત લઈએ. 'શ્રીમદ્ રાજચંદ્ર'. પદ છે. લોકપુરુષ સંસ્થાને કહ્યો એનો ભેદ તમે કાંઈ લહ્યો. એ પ્રશ્ન છે.

**શરીર પરથી એ ઉપદેશ, જ્ઞાન દર્શને કે ઉદ્દેશ;**
**શું કરવાથી પોતે સુખી ? શું કરવાથી પોતે દુઃખી ?**

**પોતે શું ? ક્યાંથી છે આપ ? એનો માગો શીઘ્ર જવાપ. ૨.**

**જ્યાં શંકા ત્યાં ગણ સંતાપ, જ્ઞાન તહાં શંકા નહિ સ્થાપ;**
**પ્રભુભકિત ત્યાં ઉત્તમ જ્ઞાન, પ્રભુ મેળવવા ગુરુ ભગવાન. ૧**
**ગુરુ ઓળખવા ઘટ વૈરાગ્ય, તે ઉપજવા પૂર્વિત ભાગ્ય;**
**તેમ નહીં તો કંઈ સત્સંગ, તેમ નહીં તો કંઈ દુઃખરંગ. ૨.**
**જે ગાયો તે સઘળે એક, સકળ દર્શને એ જ વિવેક;**

અહીંયાં છે પ્રશ્ન ?

સમજાવ્યાની શૈલી કરી, સ્યાદ્વાદ સમજણ પણ ખરી. ૧.
મૂળ સ્થિતિ જો પૂછો મને, તો સોંપી દઉં યોગી કને,
પ્રથમ અંત ને મધ્યે એક, લોકરૂપ અલોકે દેખ. ૨.
જીવાજીવ સ્થિતિને જોઈ, ટળ્યો ઓરતો શંકા ખોઈ;
એમ જ સ્થિતિ ત્યાં નહીં ઉપાય; ઉપાય કાં નહીં ? શંકા જાય. ૩
એ આશ્ચર્ય જાણે તે જાણ, જાણે જ્યારે પ્રગટે ભાણ,
સમજે બંધમુક્તિયુત જીવ, નીરખી ટાળે શોક સદીવ. ૪.
બંધયુક્ત જીવ કર્મ સહિત, પુદ્ગલ રચના કર્મ ખચીત;
પુદ્ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન. ૫.

'પ્રથમ' શબ્દ ત્યાં આવ્યો છે.

બંધયુક્ત જીવ કર્મ સહિત, પુદ્ગલ રચના કર્મ ખચીત;
પુદ્ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન. ૫.
જો કે પુદ્ગલનો એ દેહ, તોપણ ઓર સ્થિતિ ત્યાં છેહ;
સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ. ૬.

છેલ્લું પદ છે. 'સમજણ બીજી પછી કહીશ, જ્યારે ચિત્તે સ્થિર થઈશ.' એમાં શું કહે છે ? છેલ્લે જે બે પદ છે એને વિષયનું અનુસંધાન છે. પાંચમી અને છઠ્ઠી કડી છે. 'બંધયુક્ત જીવ કર્મ સહિત,..' આ સંસારની અંદર જીવ છે એ કર્મબંધન સહિત છે. 'પુદ્ગલ રચના કર્મ ખચીત,..' ખચીત એટલે અવશ્યપણે. પુદ્ગલની જે રચના છે, કર્મ છે એ પુદ્ગલની રચના છે અને જીવ એની સાથે અનાદિથી સંયોગરૂપે

બંધાયેલો છે એ વાત એને સમજવી જોઈએ. જો એમ ન સમજે કે મારે સંસારથી કર્મબંધનથી છૂટવું છે એ વાત ઊભી થતી નથી. કર્મબંધનને સ્વીકારવામાં ન આવે તો મોક્ષને સ્વીકારવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એટલે 'પુદ્‌ગલજ્ઞાન પ્રથમ લે જાણ, નર દેહે પછી પામે ધ્યાન.' પહેલા પુદ્‌ગલનું જ્ઞાન કર. એ પુદ્‌ગલની સમજણ કરતાં પુદ્‌ગલથી જીવ ભિન્ન છે, જડથી જીવ ભિન્ન છે એ જો તને ભિન્નપણાનું જ્ઞાન થશે તો તને નર દેહે એટલે દેહ હશે, પુદ્‌ગલાત્મક દેહનો સંયોગ હશે, જડ દેહનો સંયોગ હોવો છતાં એ નર દેહમાં તું ધ્યાનને પ્રાપ્ત કરી શકીશ. ધ્યાનની પ્રાપ્તિ થશે. કેવા ધ્યાનની પ્રાપ્તિ થશે ? કે જેમાં દેહથી આત્મા ભિન્ન છે એવા આત્માના ધ્યાનની પ્રાપ્તિ થશે. એમ લેવું છે.

'જો કે પુદ્‌ગલનો એ દેહ, તોપણ ઓર સ્થિતિ ત્યાં છેહ' તોપણ ઓર સ્થિતિ એટલે એનાથી ભિન્નપણાની સ્થિતિ છે. 'સમજણ બીજી પછી કહીશ' આત્મસ્વભાવની વાત પછી હું કરીશ. અત્યારે આ તો પુદ્‌ગલની વાત ચાલે છે. 'જ્યારે ચિત્તે સ્થિર થઈશ.' જ્યારે તારા ચિત્તની સ્થિરતા હું જોઈશ ત્યારે બીજી આગળની વાત પણ હું કરીશ. આગળની એટલે આત્માના સ્વભાવની સૂક્ષ્મ વાતો છે એ પછી કરીશ.

'શ્રીમદ્‌જી'એ ખાસ કરીને પાત્રતા અને સત્પુરુષનો અને સત્સંગનો વિષય મુખ્યપણે સમાગમમાં આવનાર મુમુક્ષુઓને બોધ્યો. પછી એમ લાગ્યું કે આ પાત્ર છે તો એને આત્માનો ઉપદેશ આપ્યો. એમને વ્યક્તિગત સંપર્ક હોવાને લીધે એવો એક ક્રમ રાખ્યો છે, એમ જોવામાં આવે છે. એટલે 'સોભાગભાઈ'ને એમણે શુદ્ધાત્માનો બોધ કર્યો. અને તેઓ પામ્યા. એમ જોયું કે હવે આ બરાબર પાકી ગયું છે, વાંધો નથી. દર્શનમોહ એટલો ગળી ગયો છે, એટલો ગળી ગયો છે અને જીવ પામવા માટે એટલો તલપાપડ થઈ ગયો છે કે હવે એને આત્મપ્રાપ્તિ એટલે પરમાત્માના વિયોગે જીવવું મુશ્કેલ છે. એવી વેદના ઊપડી છે અંદરથી. તો કહે, આ પરમાત્મા તારી હથેળીમાં છે. પરમાત્મા કાંઈ દૂર નથી, પરમાત્મા તારી હથેળીમાં છે. બસ ! પછી અનુભવ થતાં વાર લાગતી નથી. એ વાત પછી કહીશ. જે મૂળ સ્વરૂપનો બોધ કરવાનો છે એ વાત હું તને પછી કહીશ. પહેલા તું આ બધું તારી નજીકમાં દેહ શું ? દેહાર્થ શું ? દેહ તે હું એ શું ? દેહથી ભિન્નપણું શું ? કર્મ શું ? નોકર્મ શું ? આ બધી સામાન્ય વાત સમજી લે. આગળની વાત પછી કરીશ. એટલી વાત છે.

મુમુક્ષુ :– જ્યારે ચિત્તે સ્થિર થઈશ એ.

પૂજ્ય ભાઈશ્રી :– એ સાંભળનારને કહ્યું છે. જ્યારે ચિત્તે સ્થિર થઈશ.

મુમુક્ષુ :– કોને લાગુ પડે ?

પૂજ્ય ભાઈશ્રી :– કોઈને પણ લાગુ પડે.

મુમુક્ષુ :– આગળ આત્મ સ્વભાવની...

પૂજ્ય ભાઈશ્રી :– જાય ઉપરથી અને જાય જ છે. શુદ્ધ. પરમશુદ્ધ. નિશ્ચયનયના વિષયભૂત જે પરમશુદ્ધાત્મ દ્રવ્ય છે એનો વિષય પણ આગમમાં સ્પષ્ટ છે, જ્ઞાનીઓએ સ્પષ્ટ કર્યો છે. પણ જીવની ચિત્તની સ્થિરતા નહીં હોવાને લીધે જાય ઉપરથી. ઉપરથી ચાલ્યું જાય છે.

મુમુક્ષુ :– સ્થિરતા માટેના સાધનો શું ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. સ્થિરતા માટેના સાધનો છે. પહેલા એને ચારે પડખેથી સિદ્ધાંતને સમજવો જોઈએ. ભેદજ્ઞાનના લક્ષે એણે આગમનું અધ્યયન કરવું જોઈએ. અને મારે એક આત્મા જ જોઈએ છે, બીજું કાંઈ જોઈતું નથી એવી વિશિષ્ટ પાત્રતામાં એને આવવું જોઈએ. તો એની ચિત્ત સ્થિરતા થાય. બીજું પણ જોઈએ છે, આ પણ જોઈએ છે અને તે પણ જોઈએ છે અને આત્મા પણ જોઈએ છે એમાં ચિત્તની સ્થિરતા રહેતી નથી. એટલે તો પહેલા પૂર્ણતાને લક્ષે ધ્યેય બાંધવાની વાત છે.

મુમુક્ષુ :– Practicalમાં જાવું પડે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– Practicalમાં જાય ત્યારે જ એને ઓઘસંજ્ઞા મટે છે. નહિતર આ બધી Theoritical વાતોનું જ્ઞાન ઓઘસંજ્ઞાએ હોય છે. એમાં કાંઈ વાતમાં માલ હોતો નથી. એને તો એમ લાગે છે કે હું સમજ્યો છું. પહેલા મારી બુદ્ધિમાં આ વાત નહોતી, હવે મારી બુદ્ધિમાં આ વાત આવી છે. મને બુદ્ધિપૂર્વક સંમત થાય છે. મને એનો નિષેધ ને નકાર આવતો નથી. તોપણ ત્યાં Practical શરૂ કર્યા વિના એ ઓઘસંજ્ઞાએ હોય છે. એટલે એ સ્મૃતિ-ધારણાનો વિષય રહે છે અને એ સ્મૃતિને એક ન્યાયે જ્ઞાનીઓએ વિસ્મૃતિ કહી છે. સ્મૃતિને જ વિસ્મૃતિ કહી છે. કેમકે એ જોવે છે. એની વિસ્મૃતિને તેઓ નજીકમાં જુએ છે કે આને સ્મૃતિ થઈ છે. કાં તો આ ભવમાં ભૂલી જશે કાં તો ભવાતંર થતા ભૂલી જવાનો છે. એને કેટલો ક્ષયોપશમ હતો અને કેટલું શાસ્ત્રની ધારણા હતી. એ થઈ જવાનું. એટલે–સ્મૃતિ વિસ્મૃતિ

બરાબર છે.

મુમુક્ષુ :– Practical સાધન ... હાથનોંધ-૨

પૂજ્ય ભાઈશ્રી :– ધ્યાન ધ્યાન ... ધ્યાન છે પ્રતિસમય અને ધ્યાનનો ઢગલો કર્યો છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બીજો વિષય છે આખો. એ તો એમનું પોતાનું અભ્યંતર પરિણામ અવલોકનની અંદર પોતાના ઘોલન માટે, પોતાના પરિણમન માટે કેટલુંક લખાણ Dairyમાં કરી રાખ્યું છે. એ તો બહુ ગૂઢ વિષય છે. એને ને એને બહુ છેટું છે. ચાલતો પ્રશ્ન છે (એને છેટું છે).

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા કોઈને એટલે એ કક્ષાએ પહોંચેલાની વાત છે. ધ્યાનની કક્ષાએ પહોંચેલાની વાત છે.

મુમુક્ષુ :– આપણે બધાએ ત્યાં જ પહોંચવાનું છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. પહોંચવાનું છે પણ એના યથાર્થ રસ્તે. અધ્ધરથી તો જવાતું નથી.

મુમુક્ષુ :– વાંચવું હોય તો...

પૂજ્ય ભાઈશ્રી :– વાંચન નહિ પણ એની વિધિ છે, વિધિએ કામ થાય છે. એની કાર્યપદ્ધતિ છે એ પદ્ધતિસર કામ થાય છે. એમનેમ કોઈ ધ્યાન લગાવવાથી ધ્યાન થઈ જતું નથી કે ધ્યાનની Practice કરવાથી ધ્યાન થઈ જતું નથી. વસ્તુની ઓળખાણ થયા પછી પરમ પદાર્થની, આત્મામાં રહેલું જે પરમાત્મતત્ત્વ છે એની ઓળખાણ થયા પછી ધ્યાનની સ્થિતિ આવે છે.

મુમુક્ષુ :– ધ્યાનમાં ... ... એમાં ક્યા તત્ત્વમાં જાય છે ?

પૂજ્ય ભાઈશ્રી :– ઓળખાણ પછી. સ્થિરતા તો પોતે જ ધ્યાન છે. પણ ઓળખાણ થયા પછી ધ્યાનની ઉત્પત્તિ થવાનો સંભવ છે.

મુમુક્ષુ :– ધ્યાન ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ ધ્યાન જ નથી પણ બાહ્ય પ્રક્રિયા ધ્યાનની ગણાય છે ને ? એ દૃષ્ટિથી... (અહીં સુધી રાખીએ)

## વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ–૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર (શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦, ૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ–૧) | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ–૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ–૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |
| ૮૪ | રાજહૃદય (ભાગ–૫) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૫ | રાજહૃદય (ભાગ–૬) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૬ | રાજહૃદય (ભાગ–૭) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૮૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૬) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |
| ૮૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૭) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |

| | | |
|---|---|---|
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलश टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३ | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |

| | | |
|---|---|---|
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९ | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |
| ५४. | प्रवचनसुधा (भाग-६) | ३०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमागमसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |

| | | |
|---|---|---|
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | १५०० |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मसुधा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-५) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती( | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |

| | | | |
|---|---|---|---|
| ११७ छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० | १२७ धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| ११८ छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० | १२८ धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| ११९ छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० | १२९ छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १२० जिन प्रतिमा जीनि सारखी | ५०० | १३० राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |
| १२१ स्मरण संचिका | १५०० | १३१ राज हृदय (भाग-५) (गुजराती) | ५०० |
| १२२ दंसण मूलो धम्मो | ३५०० | १३२ राज हृदय (भाग-६) (गुजराती) | ५०० |
| १२३ प्रवचन सुधा (भाग-१) हिन्दी) | १००० | १३३ राज हृदय (भाग-७) (गुजराती) | १५० |
| १२४ प्रवचन सुधा (भाग-२) हिन्दी) | १००० | १३४ राज हृदय (भाग-८) (गुजराती) | १५० |
| १२५ प्रवचन सुधा (भाग-३) हिन्दी) | १००० | १३५ राज हृदय (भाग-९) (गुजराती) | १५० |
| १२६ प्रवचन सुधा (भाग-४) हिन्दी) | १००० | १३६ राज हृदय (भाग-१०) (गुजराती) | १५० |
| १२७ प्रवचन सुधा (भाग-५) हिन्दी) | १००० | १३७ अध्यात्म सुधा (भाग-६) (गुजराती) | १५० |
| १२८ प्रवचन सुधा (भाग-६) हिन्दी) | १००० | १३८ अध्यात्म सुधा (भाग-७) (गुजराती) | १५० |

## વાચકોની નોંધ માટે

ॐ

શ્રી વીતરાગાય નમઃ

# અધ્યાત્મ સુધા

(ભાગ-૭)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'બહેનશ્રીનાં વચનામૃત'
ગ્રંથ ઉપરના પ્રવચનો
(વચનામૃત ૨૧૬ થી ૨૫૨)

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

❇ **પ્રકાશક અને પ્રાપ્તિ સ્થાન :**
❇ **વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭/ ૨૫૧૫૦૦૫
❇ **ગુરુ ગૌરવ**
**શ્રી કુંદકુંદકહાન જૈન સાહિત્ય કેન્દ્ર,**
પૂજ્ય સોગાનીજી માર્ગ, સોનગઢ.
❇ શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) :
(૦૨૨) ૨૬૧૬૧૫૯૧, મો. ૦૯૮૨૦૩૬૫૬૮૩
❇ શ્રી ડોલરભાઈ હેમાણી (કોલકાટા) :
(૦૩૩) ૨૪૭૫૨૬૯૭, મો. ૦૯૭૪૮૭૧૨૩૬૦

❇ **પ્રથમાવૃત્તિ : ૦૯-૧૨-૨૦૧૩ (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૮૧મી જન્મજયંતિ)**
❇ **પ્રત : ૧૫૦**
❇ **પૃષ્ઠ સંખ્યા : ૮ + ૪૪૮ = ૪૫૬**
❇ **વેચાણ મૂલ્ય : ૨૦/-**

**લેસર ટાઈપ સેટિંગ :**
**પૂજા ઇમ્પ્રેશન્સ**
પ્લોટ નં. ૧૯૨૪/બી, ૬/ શાંતિનાથ બંગ્લોઝ,
શશીપ્રભુ ચોક, શશીપ્રભુ માર્ગ,
રૂપાણી સર્કલની પાસે,
ભાવનગર-૩૬૪૦૦૧
મો. ૯૭૨૫૨૫૧૧૩૧

**મુદ્રક :**
**ભગવતી ઑફસેટ**
૧૫/સી, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અહમદાવાદ–૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

# પ્રસ્તાવના

પરમ આપ્ત સર્વજ્ઞ વીતરાગદેવ પ્રણીત પૂર્ણ નિર્દોષ થઈ સંપૂર્ણ સુખી થવાનો માર્ગ, પરંપરા આચાર્ય ભગવંતો દ્વારા તથા સત્પુરુષો દ્વારા વર્તમાનમાં જીવંત રહ્યો છે તે આપણા સૌનું મહાન સદ્ભાગ્ય છે. વર્તમાનકાળમાં **'સીમંધર'** ભગવાનની સાક્ષાત્ દિવ્યદેશના સાંભળીને આપણને સૌને તેનું રસપાન કરાવ્યું એવા સદ્ધર્મપ્રવર્તક શાસન શિરોમણિ અધ્યાત્મદિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો આપણા સૌ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તી રહ્યો છે. તેઓશ્રીના પુનિત પ્રભાવનાના મંગલકારી યોગે માર્ગપ્રાપ્તિની દિવ્ય શિખા પ્રજ્વલિત રહેવા પામી છે. એ દિવ્ય દિપકની જ્યોતથી જેમના હૃદયસિંહાસનમાં જ્ઞાયકદેવના મંગલ પધરામણા થયા અને અપૂર્વ ભવાંતકારી સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થઈ, એવા પ્રશમમૂર્તિ ધન્યાવતાર ભગવતી માતા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**નો વર્તમાન મુમુક્ષુસમાજ ઉપર ન ભૂલી શકાય એવો ઉપકાર વર્તી રહ્યો છે. ભાવિ તીર્થાધિનાથના ભેટા કરાવનાર તથા અજોડ જ્ઞાનવૈભવધારી પૂજ્ય 'બહેનશ્રી'નો શું મહિમા કરવો !

લઘુવયથી જ પ્રખર વૈરાગ્યધારી, આ ભવમાં જ આત્મહિત કરી લેવા જેવું છે એવી તીખી તમન્ના જેમને સહેજે પ્રગટી અને અપૂર્વ પુરુષાર્થના પરાક્રમ દ્વારા પૂજ્ય 'ગુરુદેવશ્રી'ની દિવ્ય દેશનાને સફળ કરી એવા પૂજ્ય 'બહેનશ્રી'ના અંતર ગુણોનું વર્ણન પામર જીવોથી કઈ રીતે થઈ શકે ? પ્રતિપળ જ્ઞાયક તરફ દોડતી નિર્મળ પરિણતિ દ્વારા સાધનાની અપ્રતિહત અખંડ ધારા જાણે કે ઝટ કેવળજ્ઞાનને બોલાવી રહી છે ! પૂર્ણ શુદ્ધિ તરફની મીટ માંડી એક ક્ષણ પણ જાણે કે અપૂર્ણતામાં રહેવા ન માગતી હોય એવી અખંડ ધારા, સતત જ્ઞાયકદેવથી અભેદ રહેતી ધારા વારંવાર ઉપયોગને નિર્વિકલ્પ કરી અતીન્દ્રિય આનંદમાં રમણતા કરાવી રહી છે. હું ભરતમાં છું કે વિદેહમાં છું તેની પણ જેમને સ્મૃતિ રહેતી નથી એવી અવગાઢ ચિદ્પરિણતિના ધારક પૂજ્ય 'બહેનશ્રી'નો મહિમા વચનોમાં કરવો અસંભવ છે.

જૈનની ગીતા એટલે **'બહેનશ્રીનાં વચનામૃત'** ! મુમુક્ષુ માટે અમૃતની વેલડી ! જ્ઞાનીપુરુષોની અંતર પરિણતિ તો નિરંતર અમૃતનું પાન કરી જ રહી છે સાથે સાથે નિષ્કારણ કરુણાથી સંસારમાં પરિભ્રમણ કરતા જીવો પણ આ અમૃતનું પાન કરે એવી વિશાળ ભાવનાથી તેમના શ્રીમુખેથી મુખરિત થયેલા વચનોને પણ 'અમૃત'ની ઉપમા અપાય છે કેમકે આ વચનરૂપી અમૃતનું પાન કરી મુમુક્ષુ જીવ પણ મુક્તિરમાના અમૃતસુખનો ભોગી થાય છે. એક બાજુ દિવ્ય દેશનાનો ધોધ વહેવડાવનાર તીર્થંકરનું દ્રવ્ય હોય અને બીજી બાજુ દિવ્યદેશનાને ગ્રહણ કરનાર ગણધરનું દ્રવ્ય ! પછી તો પૂછવું જ શું !! એવા ગણધરદેવ દ્વારા ઝીલાયેલી દિવ્ય દેશનાનું મૂલ્ય કઈ

રીતે થાય ?

એવા પૂજ્ય બહેનશ્રી **'ચંપાબહેન'**ના વચનામૃતો ઉપર નિષ્કારણ કરુણાશીલ, અધ્યાત્મ સુધાનું પાન કરાવનાર, અધ્યાત્મનું રહસ્ય પ્રગટ કરનાર, મુમુક્ષુઓના પરમ તારણહાર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**ના આ પ્રવચનોનું પુસ્તક **'અધ્યાત્મ સુધા' ભાગ–૭** પાઠકના હસ્તકમળમાં મૂકતાં અમને અત્યંત હર્ષોલ્લાસ થાય છે. જ્ઞાનીપુરુષનું હૃદયગાંભીર્ય, તેમના વચનોમાં નિહિત માર્ગપ્રાપ્તિનું રહસ્ય, અખંડ મોક્ષમાર્ગ ઇત્યાદિક અનેક વિષયોની છણાવટ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે અમૃતરસની લહાણ છે.

ભાવના, મુમુક્ષુની યથાર્થ ભૂમિકા, પ્રેરણા, પુરુષાર્થ, કર્તવ્ય, ગુરુ મહિમા, દ્રવ્યદૃષ્ટિ, જ્ઞાનીપુરુષની અંતર્‌બાહ્ય દશા, ભેદજ્ઞાન, દેવ-ગુરુ-શાસ્ત્રનું સ્વરૂપ, મુનિદશા આદિ અનેકાનેક પ્રયોજનભૂત વિષયોનું સ્પષ્ટીકરણ કરતા પૂજ્ય 'ભાઈશ્રી'ના આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે એક 'પ્રવચનઉદધિ' સમાન છે. અનેક રત્નોનો સંગ્રહ જેમાં હિલોળા લઈ રહ્યો છે, જે પ્રવચનોમાં અતીન્દ્રિય આનંદની છોળો ઊછળી રહી છે, પરિપૂર્ણ આત્મહિતની ભાવનાના મોજાઓનો ગુંજારવ થઈ રહ્યો છે, પ્રવચનોના ધવલ–શ્વેત મોજાઓનો સમૂહ સંસારની કાલિમાને ધોઈ નાખવા તત્પર થઈ રહ્યો છે, મિથ્યાત્વરૂપી અંધકારને ભેદવા આ પ્રવચનઉદધિના ઘુઘવાટા થનગનાટ કરી રહ્યા છે, એવા પ્રવચનસમુદ્રમાં ડૂબકી લગાવી મુમુક્ષુ જીવ આત્મહિત સાધે અને અધ્યાત્મસુધાનું પાન કરે એવી ભાવના સાથે આ ગ્રંથનું પ્રકાશન કરતાં અમો કૃતકૃત્યતા અનુભવીએ છીએ.

પૂજ્ય 'બહેનશ્રી'ના એક એક વચનામૃતમાં રહેલ અર્થગાંભીર્ય, વિષયનું ઊંડાણ, તળસ્પર્શી અનુભવપૂર્ણ માર્ગદર્શન, તેઓશ્રીની નિષ્કારણ કરુણા, પૂર્ણતાની ભાવના ઇત્યાદિક અંતરંગ વૈભવયુક્ત અનેકાનેક ગુણોના દર્શન કરાવતા આ પ્રવચનો મુમુક્ષુ જીવને અવશ્ય અવશ્ય આત્મહિતમાં નિમિત્તભૂત થાય તેમ છે.

અંતતઃ પૂર્ણ શુદ્ધિની ભાવનાના ઉમંગોલ્લાસ સહિત, સંસારની કાલિમાને પ્રવચનઉદધિના શ્વેત મોજાઓના સમૂહમાં ધોઈ, અતીન્દ્રિય આનંદની છોળમાં આનંદરસનું રસાસ્વાદન કરતાં કરતાં અપૂર્વ રત્નત્રયરૂપી રત્નોને અંગીકાર કરી મુક્તિરમાને વરીએ એ જ ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

ઇતિ શીવમ્

# પ્રકાશકીય

પ્રસ્તુત ગ્રંથ **'અધ્યાત્મ સુધા'** ભાગ–૭ પ્રકાશિત કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. આ ગ્રંથમાં **'બહેનશ્રીનાં વચનામૃત'** ગ્રંથ ઉપર કરુણાસાગર પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'** દ્વારા થયેલ પ્રવચનોનો સમાવેશ કરવામાં આવ્યો છે. આ ગ્રંથમાં ૩૫ વચનામૃત ઉપર થયેલા કુલ ૨૫ પ્રવચનો છે.

શ્રી સીમંધર સ્વામી દિગંબર જિન મંદિર, ભાવનગરમાં ૧૯૮૬માં આ પ્રવચનો થયેલા છે. કુલ ૩૫૫ જેટલા પ્રવચનોને ૧૧ ભાગમાં પ્રકાશિત કરવાની ભાવનાના ફળસ્વરૂપે આ છઠ્ઠા ભાગનું પ્રકાશન કરવામાં આવી રહ્યું છે. ભાવનગર સ્થિત **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતપણે ચાલતા રોજના સી.ડી. પ્રવચનોમાં 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપરના બધા જ પ્રવચનો સાંભળતાં એમ લાગ્યું કે જો આ પ્રવચનો પુસ્તકાકારરૂપે પ્રકાશિત કરવામાં આવે તો સમસ્ત મુમુક્ષુ સમાજને લાભનું કારણ થાય. તેથી પૂજ્ય બહેનશ્રીની ૧૦૦મી જન્મજયંતિ પ્રસંગે છઠ્ઠા ભાગનું પ્રકાશન કરતાં અત્યંત હર્ષોલ્લાસ થાય છે.

પૂજ્ય 'બહેનશ્રી'ના સાદી ભાષામાં લખાયેલા આ વચનામૃતોની અંદર રહેલો ઊંડો મર્મ, આશય અને રહસ્યને પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**એ સ્વયંની મૌલિક રોચક અને રસપ્રદ શૈલીમાં ખોલ્યા છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથની મુક્તકંઠે જે પ્રશંસા ગાઈ છે તે સૌને સુવિદિત છે. તેનું કારણ ખોલતાં પૂજ્ય ભાઈશ્રી ફરમાવે છે કે, આ ગ્રંથમાં મુમુક્ષુજીવને ઉપયોગી એવું માર્ગદર્શન ભરપૂર માત્રામાં છે જે મુમુક્ષુજીવને મોક્ષમાર્ગ પર્યંત પહોંચવામાં પ્રકાશસ્તંભરૂપ છે. અનેક વિષયોને આવરી લેતા એવા એકેએક બોલમાં કેટલું ઊંડાણ રહેલું છે તે પ્રવચનો વાંચતાં પાઠકવર્ગને અવશ્ય પ્રતીતિમાં આવી શકશે. મુમુક્ષુજીવની જઘન્યભૂમિકાથી માંડીને મધ્યમ અને ઉત્કૃષ્ટ ભૂમિકા પર્યંતમાં મુમુક્ષુજીવે કેવી રીતે આગળ વધવું અને ક્યા પ્રકારે અટકી ન જવાય તેની સાવધાની અને જાગૃતિ રાખવી, તે સંબંધિત અનુભવપૂર્ણ સ્પષ્ટ માર્ગદર્શન પૂજ્ય 'બહેનશ્રીનાં વચનામૃત'ના આધારે આપેલ છે.

પ્રસ્તુત ગ્રંથના પ્રવચનોને સૌ પ્રથમ સી.ડી.માંથી સાંભળીને અક્ષરશઃ લખી લઈ તેનું સંપાદન કરવામાં આવેલ છે. પ્રવચનોમાં જ્યાં વ્યક્તિગત નામ બોલાયા હોય તે લેવામાં નથી આવેલ. શ્રોતાગણમાંથી આવેલ પ્રશ્ન જ્યાં સ્પષ્ટપણે સંભળાતા નથી ત્યાં ડોટ ડોટ કરીને ખાલી જગ્યા છોડવામાં આવી છે તથા વાક્યરચના પૂર્ણ કરવા અર્થે જરૂર લાગી ત્યાં કૌંસ

ભરવામાં આવ્યા છે. આ જ પ્રવચનોને મુદ્રણકાર્ય માટે મોકલતાં પહેલાં ફરીથી એક વાર સી.ડી.માંથી સાંભળીને તપાસી લેવામાં આવે છે જેથી કોઈ ત્રુટી રહી જવા પામી હોય તો તે નીકળી જાય. તેમ છતાં પ્રસ્તુત ગ્રંથના સંપાદનકાર્યમાં કોઈ ક્ષતિ રહી જવા પામી હોય તો તેની જિનવાણીમાતા પ્રત્યે ક્ષમાયાચના કરવામાં આવે છે. પાઠકવર્ગને કોઈ ક્ષતિ જાણમાં આવે તો અવશ્ય જાણ કરે. અનુક્રમણિકામાં ક્યા બોલમાં ક્યો વિષય છે તે પાઠકોની સુવિધા અર્થે આપવામાં આવેલ છે. આ વર્ગીકરણ પૂજ્ય 'ભાઈશ્રી' દ્વારા કરવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયો છે તેમનો અત્ર હૃદયપૂર્વક આભાર માનવામાં આવે છે. ગ્રંથના પ્રકાશન અર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ અન્યત્ર આપેલ છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટીંગ માટે પૂજા ઇમ્પ્રેશન્સનો તથા સુંદર મુદ્રણકાર્ય માટે ભગવતી ઑફસેટનો આભાર માનવામાં આવે છે.

અંતતઃ વીતરાગ જિનવાણીના પ્રકાશન કાર્યમાં મન, વચન, કાયાથી અજાગૃતિપૂર્વક પ્રમાદવશ જે કોઈ ભૂલ રહી ગઈ હોય તો જન્મ-મરણના ભયસહિત વીતરાગ દેવ-ગુરુ-શાસ્ત્ર પ્રત્યે ક્ષમા યાચીએ છીએ અને આ અધ્યાત્મ સુધારસનું પાન કરી શીઘ્ર સૌ આત્મહિતને પામે એવી ભાવના સાથે અત્ર વિરામ પામીએ છીએ.

આસો વદ અમાસ, તા. ૦૩-૧૧-૨૦૧૩
(વીર નિર્વાણકલ્યાણક દિન)

ટ્રસ્ટીગણ
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

## 'અધ્યાત્મ સુધા' ભાગ–૭ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિનું સાભાર વિવરણ

| | |
|---|---|
| હૈદ્રાબાદ મુમુક્ષુ ગ્રુપ, હ. કમલ દેવચંદભાઈ શાહ | ૩૫,૦૦૦/- |
| શ્રીમતી પૂર્વીબહેન ટોકરશી સાવલા, મુંબઈ | ૩૦,૦૦૦/- |
| શાંતિલાલ છગનલાલ શાહ, ચેન્નાઈ | ૫,૦૦૦/- |
| શારદાબહેન શાંતિલાલ શાહ, ચેન્નાઈ | ૫,૦૦૦/- |
| વીણાબહેન વીરેન્દ્રભાઈ શાહ, ચેન્નાઈ | ૫,૦૦૦/- |
| પૂનમ ભાવેશ શાહ, ચેન્નાઈ | ૫,૦૦૦/- |
| પૂજા પારસ શાહ, ચેન્નાઈ | ૫,૦૦૦/- |
| જયાબહેન ચેન્નાઈ | ૫,૦૦૦/- |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૫,૦૦૦/- |
| શ્રી નગીનદાસ ચુનીલાલ ભાયાણી, કોલકાટા | ૫,૦૦૦/- |
| શ્રી ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| સાકરબહેન મેઘજી રાંભીયા મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતી વંદનાબહેન ઘોષાલ, કોલકાટા | ૫૦૦/- |
| શ્રીમતી અવનીબહેન મીતેષભાઈ શાહ | ૫૦૦/- |
| શ્રીમતી સ્નેહલતાબહેન જયેન્દ્રભાઈ શાહ, ભાવનગર | ૨૫૧/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |

## અનુક્રમણિકા



| પ્ર. ક્રમાંક | તારીખ | બોલ | પૃષ્ઠ સંખ્યા |
|---|---|---|---|
| ૧૭૪ | ૧૩-૧૧-૮૭ | ૨૧૬ | ૦૦૧ |
| ૧૭૫ | ૧૪-૧૧-૮૭ | ૨૧૬ | ૦૧૮ |
| ૧૭૬ | ૧૫-૧૧-૮૭ | ૨૧૭, ૨૧૮ | ૦૩૫ |
| ૧૭૭ | ૧૭-૧૧-૮૭ | ૨૧૯, ૨૨૦ | ૦૫૩ |
| ૧૭૮ | ૧૮-૧૧-૮૭ | ૨૨૧, ૨૨૨ | ૦૬૯ |
| ૧૭૯ | ૨૦-૧૧-૮૭ | ૨૨૨, ૨૨૩ | ૦૮૬ |
| ૧૮૦ | ૨૧-૧૧-૮૭ | ૨૨૩, ૨૨૪ | ૧૦૪ |
| ૧૮૧ | ૨૨-૧૧-૮૭ | ૨૨૫, ૨૨૬ | ૧૨૪ |
| ૧૮૨ | ૨૩-૧૧-૮૭ | ૨૨૭ | ૧૪૧ |
| ૧૮૩ | ૨૪-૧૧-૮૭ | ૨૨૮, ૨૨૯ | ૧૫૮ |
| ૧૮૪ | ૨૫-૧૧-૮૭ | ૨૨૯ | ૧૭૬ |
| ૧૮૫ | ૨૮-૧૧-૮૭ | ૨૩૦ | ૧૯૩ |
| ૧૮૬ | ૨૯-૧૧-૮૭ | ૨૩૨, ૨૩૩ | ૨૧૧ |
| ૧૮૭ | ૩૦-૧૧-૮૭ | ૨૩૩, ૨૩૪ | ૨૨૮ |
| ૧૮૮ | ૦૧-૧૨-૮૭ | ૨૩૫ | ૨૪૫ |
| ૧૮૯ | ૦૨-૧૨-૮૭ | ૨૩૭ | ૨૬૩ |
| ૧૯૦ | ૦૫-૧૨-૮૭ | ૨૩૭, ૨૩૮ | ૨૮૦ |
| ૧૯૧ | ૦૭-૧૨-૮૭ | ૨૩૯, ૨૪૦ | ૨૯૮ |
| ૧૯૨ | ૦૮-૧૨-૮૭ | ૨૪૦, ૨૪૧ | ૩૧૩ |
| ૧૯૩ | ૦૯-૧૨-૮૭ | ૨૪૨ | ૩૩૨ |
| ૧૯૪ | ૧૧-૧૨-૮૭ | ૨૪૩, ૨૪૪ | ૩૫૧ |
| ૧૯૫ | ૧૪-૧૨-૮૭ | ૨૪૭ | ૩૬૮ |
| ૧૯૭ | ૧૫-૧૨-૮૭ | ૨૪૮, ૨૪૯ | ૩૮૫ |
| ૧૯૮ | ૧૬-૧૨-૮૭ | ૨૫૦–૨૫૧ | ૪૦૩ |
| ૧૯૯ | ૧૭-૧૨-૮૭ | ૨૫૧-૨૫૨ | ૪૨૧ |



નોંધ :– પ્રવચન નંબર ૧૯૬માં અવાજ ખરાબ હોવાથી લેવામાં આવેલ નથી.